





બ્લ્યૂ બુક



કાજલ ઓઝા વૈદ્ય

VISIT…

LANZAROTE Caliente.COM


બ્લ્યૂ બુક
૧
કાજલ ઓઝા વૈદ્ય

બ્લ્યૂ બુક
૧

કાજલ ઓઝા વૈદ્ય



NAVAJIVAN
SĀMPRAT

BLUE BOOK 1:
Articles written by Kaajal Oza Vaidya
exploring the male perspective in life and relations

Kaajalozavaidya@gmail.com

ISBN:

eBook by

પ્રિય શીતલને...

તૂ ઇસ તરહ સે મેરી જિંદગી મેં શામિલ હૈ!

અનુક્રમણિકા

પ્રસ્તાવના

૩... ૧૩... ૩૩... ૪૩... કે ૭૩... કોઈ પણ ઉંમરના પુરુષ વિશે વાત થાય ત્યારે મોટા ભાગની સ્ત્રીઓનો અભિપ્રાય એકસરખો હોય છે? પુરુષનો સ્વભાવ, પ્રકૃતિ અને પ્યાસ કોઈ પણ ઉંમરે એકસરખી રહે છે? પુરુષની 'દૃષ્ટિ' અને 'નજર' અલગ હોય છે? એને શરીરથી આગળ કંઈ સમજાતું કે દેખાતું નથી?

માન્યતાઓ ઘણી છે, અભિપ્રાયો પણ ઘણા છે... પરંતુ 'મૅન'ના મનને સમજવાની કોઈ માસ્ટર કી હજી સુધી સ્ત્રીને મળી નથી! આમ તો કહેવાય છે કે સ્ત્રીનું મન અકળ છે, સ્ત્રીને સમજવી અઘરી છે, પણ મજાની વાત એ છે કે પુરુષ પણ એટલો જ અકળ અને ન સમજી શકાય એવો હોય છે, ક્યારેક.

પુરુષને જોવાની સ્ત્રીની દૃષ્ટિ એના રોલ સાથે બદલાય છે. મા જે રીતે દીકરાને જુએ, બહેન જે રીતે ભાઈને જુઓ, પ્રેમિકા એના પ્રેમીને, પત્ની એના પતિને, ગર્લફ્રેન્ડ એના બૉયફ્રેન્ડને કે દીકરી એના પિતાને... આ દરેક રોલ સાથે પુરુષનું મહોરું નહીં, એ આખેઆખો બદલાય છે.

પુરુષ સમોવડી થવા નીકળેલી સ્ત્રીઓ માટે પુરુષ એનો દુશ્મન છે, તો પુરુષ પર આધારિત સ્ત્રી માટે પુરુષ એનો ભગવાન!

આપણા દેશમાં સ્ત્રીઓ પ્રમાણમાં ઓછું લખે છે, એમાંય પ્રામાણિક લખનારી સ્ત્રીઓ એથીયે ઓછી છે અને સ્પષ્ટવક્તા—સત્ય જોઈ શકનારી ને એ જ સત્યને પોતાની કલમથી કાગળ પર ઉતારનારી તો વળી જવલ્લે જ જડે છે. સ્ત્રીનાં લખાણમાં કાં તો પુરુષ પરત્વેનો અગાધ પ્રેમ હોય છે અથવા એના પરત્વેનો ભયાનક આક્રોશ.

સ્ત્રીએ ભાગ્યે જ ન્યૂટ્રલ થઈને, પુરુષના જોડામાં પગ નાખીને વિચારવાનો પ્રયાસ કર્યો છે. સવારે નવ વાગ્યે બૂટ પહેરીને ઘરેથી બહાર જતો પતિ રાત્રે નવ વાગ્યે બૂટ ઉતારે ત્યારે એની માનસિક અને શારીરિક હાલત ફાલતુ ફરિયાદો સાંભળવા જેવી નથી હોતી... આ વાત કેટલી પત્નીઓ સમજે છે?

સતત પરિવારનો વિચાર કરતો પુરુષ પોતાના હાથમાં એનું અમુક ગ્રામનું બાળક ઊંચકે ત્યારથી એની જવાબદારીનો અહેસાસ એને બીજું કંઈ પણ વિચારતો અટકાવીને ફક્ત પોતાના સંતાન વિશે વિચારતા શીખવી દે છે.

ગાડીમાંથી પગ બહાર નહીં મૂકતો પુરુષ દીકરાની સાઇકલ પકડીને પાછળ દોડે છે, સામાન્ય રીતે કોઈનું એક વાક્ય પણ સાંભળી ન લે એવો ભડભાદર હોય તો પણ સામાન્ય રીતે સંતાન માટે એના ટીચર સામે નમ્ર થઈ જતો જોયો છે આપણે!

ઘરમાં છ એ.સી. હોય તો પણ છ કલાક માટે એનો ઉપયોગ ઘરનો પુરુષ નથી કરી શકતો, કારણ કે એણે એ બધાં જ એ.સી.નાં બિલ ભરવાની જોગવાઈ કરવાની છે... પોતાનું ગંજી ફાટેલું હોય તો પણ પત્ની માટે નવી સાડી લાવે, છતાં આખી જિંદગી 'આઈ લવ યુ' ન બોલે ને પત્નીની બધી ફરિયાદો મૂંગે મોઢે સાંભળ્યા કરે.

પુરુષ હોવું એટલે ટફ હોવું, એની આંખમાંથી આંસુ ન પડવું જોઈએ? ઇમોશનલ હોવું એટલે વેવલાવેડા—પુરુષને એવું બધું ના શોભે. 'આઈ લવ યુ' કહીએ તો બૈરાં માથે ચડી જાય... કમાઈએ કે 'લવ-લવ'ની લવરી કરતાં બેસી રહીએ?—આવું બધું અનેક વાર કહેવાયું છે ને સાંભળ્યું પણ છે. ટફ દેખાતા ને તોછડાઈથી

વરતતા પુરુષની ભીતર, એના હૃદયના નારિયેળના કોચલાંમાં ભરેલાં મીઠા પાણી સુધી પહોંચવાની ઇચ્છા, અવેરનેસ અને આવડત ભાગ્યે જ કોઈ સ્ત્રી કેળવી શકી છે. હું જેન્ડર બાયસ વગર લખતી રહી છું. મને હંમેશાં લાગ્યું છે કે અન્યાય સ્ત્રી કરતાં વધારે પુરુષને થયો છે. લાગણીની બાબતે, ઇમોશનની બાબતે અને સ્નેહની બાબતે પુરુષને ખોટો અને અઘરો ચીતરવામાં આવ્યો છે.

પુરુષ પણ એટલો જ ઇમોશનલ છે, પરંતુ એના ઉછેરને કારણે, એને શીખવવામાં આવેલા 'પુરુષત્વ'ની વ્યાખ્યાઓને કારણે એને પોતાની ફરિયાદ કરવામાં નાનપ લાગે છે. જે ફરિયાદ ન કરે એને દુ:ખ નથી જ એવું માની લેવાની આપણને સૌને ટેવ પડી ગઈ છે. કદાચ એટલે જ આપણે સૌએ પુરુષને સાવ સ્વાભાવિક રીતે 'જડ', 'ઇમોશન વગરનો' અને 'દાદાગીરી' કરતી જેન્ડર તરીકે જોયો છે. સ્ત્રી રડી નાખે છે, બોલી નાખે છે, કહી નાખે છે, શૅર કરી શકે છે.

પુરુષ આવું કશું પણ કરતાં અચકાય છે, કેમ? એનું પુરુષત્વ એના બંધ હોવામાં—એના મજબૂત હોવામાં—એના સ્ટ્રેસમાં—એની નહીં કહેવાયેલી વાતોમાં છે? સ્ત્રી કરતાં વધુ પુરુષોને હાર્ટઅટેક આવે છે, સ્ત્રી કરતાં વધુ પુરુષોને ટાલ પડે છે... સ્ત્રી કરતાં પુરુષ ઓછું જીવે છે. શું હશે આનાં કારણો?

આ કૉલમ 'મુંબઈ સમાચાર'માં શરૂ થઈ ત્યારે પુરુષ જે નથી કહી શક્યો, જે નથી કહેતો એ વાતો એના હૃદયની સિક્યૉરિટી તોડીને, ભીતર દાખલ થઈને જોવાનું નક્કી કર્યું હતું. આ દેશના વડાપ્રધાનની સિક્યૉરિટી માટે કેટલાક નિયમો છે... એ નિયમો એક પુસ્તકમાં છે, ઑફિસરે આ પુસ્તક પોતાની હાઈ સિક્યૉરિટીમાં રાખવાનું હોય છે.

પુસ્તક 'ધ બ્લ્યૂ બુક' તરીકે ઓળખાય છે.

અમે પણ કૉલમને 'બ્લ્યૂ બુક' નામ આપ્યું. પુરુષ બ્લ્યૂ રંગથી ઓળખાય છે... દીકરો આવે તો બ્લ્યૂ કાર્ડ, બ્લ્યૂ ગિફ્ટ આપવામાં આવે છે. બ્લ્યૂ ફિલ્મો પણ આમ તો પુરુષ જ જોઈ શકે એવું માનવામાં આવે છે.

ખુલ્લા દિલે હસતો, શરાબ પીતો, પૉર્ન જોક્સ શૅર કરતો, સ્ત્રીને જોઈને પીગળી જતો, લફરાં કરતો, પૈસા આપીને સ્ત્રીનું શરીર ખરીદી શકતો, કરોડોનો બિઝનેસ કરતો કે ટાર્ગેટ્સ અચિવ કરતો, બાળકોને 'સ્પૉઈલ' કરતો, ને એ જ સંતાન જ્યારે ધાર્યું કરે—પસંદગીનાં લગ્ન કરી લે ત્યારે એની સાથે સંબંધ તોડીને મનોમન પીડાતો પુરુષ, પત્ની ઉપર નિયંત્રણ રાખતો અને દીકરીને પૂરી છૂટ આપતો, બીજાની પત્ની સાથે શિવલરીથી વર્તતો અને પોતાની પત્નીને ખખડાવી નાખતો, પોતાને માટે પૈસા વાપરતાં અચકાતો, પણ પરિવાર માટે પૈસા ઉડાડતો... નાની નાની વાતમાં જુઠ્ઠું બોલતો અને ભીતરથી ભયાનક ઇનસિક્યૉર હોવા છતાં સતત બહાદુર હોવાનું મહોરું પહેરી રાખતો હિન્દુસ્તાની પુરુષ ખરેખર કેટલો બંધ અને કેટલો એકલો હોય છે એની ચર્ચા ક્યારેય થઈ જ નથી... આપણે કરીશું એ ચર્ચા, પુરુષની બ્લ્યૂ બુકની સિક્યૉરિટીના બધા જ નિયમો તોડીને!

દાખલ થઈશું એક એવી દુનિયામાં જેમાં ભાગ્યે જ પ્રવેશ મળે છે, ખાસ કરીને સ્ત્રીને પોતાની દુનિયામાં પ્રવેશ આપતી વખતે પુરુષ હજાર જાતની ચકાસણી કરે છે. પત્ની, પ્રેમિકા, મા કે દીકરીને તો એ દેખાડે એટલું જ જોવા અને જાણવા મળે છે, પરંતુ એની દોસ્ત માટે પુરુષની દુનિયા ખુલ્લી હોય છે. સ્ત્રી તરીકે એક પુરુષની દોસ્ત બનવા માટે એના જેવા થવું પડે છે... એની ભાષા બોલવી પડે છે... એને ઓળખવો પડે છે, ઓળખ્યા પછી જેવો છે તેવો સ્વીકારવો પડે છે! મોટા ભાગની સ્ત્રીઓ આ કરી શકતી નથી, કારણ કે સ્ત્રીનો સ્વભાવ જજમૅન્ટલ થવાનો છે. શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ એ વિશે સ્ત્રી પાસે નિશ્ચિત નિયમો અને કાયદા

છે. જે પુરુષ આ કાયદા નથી પાળતો એણે પ્રશ્નો, સમસ્યાઓ, કકળાટ અને આંસુઓનો સામનો કરવો પડે છે!

પોતાની જાતને ટફ કહેવડાવતા પુરુષની સૌથી મોટી નબળાઈ એની પ્રિય સ્ત્રીનાં આંસુ છે... ને એ જ એને સૌથી વધારે ઇરિટેટ પણ કરે છે! રડીને પોતાની વાત મનાવડાવતી સ્ત્રી પોતાના પતિને, પ્રેમીને, ભાઈને, પિતાને કે પુત્રને દર વખતે એક હળવો ધક્કો મારીને પોતાનાથી દૂર કરે છે... કકળાટ કરતી પત્ની પોતાના પતિના લગ્નેતર સંબંધની ફરિયાદનો અધિકાર ખોઈ બેસે છે...

આ પુસ્તક 'બ્લ્યૂ બુક' કદાચ ગુજરાતી ભાષામાં થયેલો પહેલો પ્રયાસ છે. પ્રેમ અને ધિક્કાર સિવાય પણ પુરુષને એક નવા ચશ્માથી જોઈ શકાય છે એવું મારા વાચક સુધી પહોંચાડવાનો મારો નમ્ર પ્રયત્ન છે, આ!

હું સ્ત્રી છું, સ્ત્રી હોવાનું ગૌરવ છે, પરંતુ મારા અનેક પુરુષ મિત્રો છે. અમે ગાળો બોલીએ છીએ, ધબ્બા મારીએ છીએ, ઝઘડીએ છીએ, એકબીજાની સાથે સાવ અંગત વાતો શૅર કરી શકીએ છીએ... એનું કારણ કદાચ એ છે કે એમણે મને એમનામાંની એક તરીકે સ્વીકારી લીધી છે. હું હવે એમને માટે 'સ્ત્રી' નથી, દોસ્ત છું.

કાજલ ઓઝા વૈદ્ય
૩૦૮, સુપર પ્લાઝા,
'સંદેશ' પ્રેસ રોડ,
વસ્ત્રાપુર, અમદાવાદ—૩૮૦ ૦૧૫
Email: kaajalozavaidya@gmail.com
Web: www.kaajalozavaidya.in
Facebook: kaajalozavaidya



આપણે માણસ હોઈએ તો આપણને લાગણી હોય જ...

લાગણી હોય તો એ ક્યારેક આંખમાંથી વહી નીકળે... એને વહેવા દેવી જોઈએ. આંસુ એ પુરુષની નબળાઈ નથી, બલ્કે કોઈનીયે નબળાઈ નથી.

"**ચૂઉઉઉપ** !" મમ્મીની બૂમ સાંભળીને મોહિત ધ્રૂજી ગયો.

ત્રણ વર્ષના મોહિતને એ સમજણ ના પડી કે મમ્મી આટલી ચિડાઈ કેમ ગઈ? મોહિત સહેજ પડી ગયો હતો. ઘૂંટણમાં અને કોણીમાં સહેજ છોલાયું હતું. એને લાગ્યું એને રડવાનો હક છે. એ મોટા અવાજે રડવા લાગ્યો. મમ્મીએ પહેલાં જરા સમજાવવાનો પ્રયત્ન કર્યો. જમીનને 'હત્તા' કરી જોયું, પણ મોહિત તો લોહી જોઈને રડવાના મૂડમાં આવી ગયો હતો. થોડી વાર મનાવ્યા પછી મમ્મીએ બૂમ પાડી, "ચૂઉઉઉપ! છોકરી છે તે રડે છે? ગર્લ્સ રડે, બૉયઝ ના રડે." આ સાંભળીને મોહિતે નવાઈથી મમ્મી સામે જોયું.

"કેમ?" એનું રડવાનું ભુલાઈ ગયું. એને આ નવા વિચારમાં રસ પડી ગયો.

"કારણ કે બૉયઝ સ્ટ્રૉન્ગ હોય. સ્ટ્રૉન્ગ લોકોથી રડાય નહીં. તારે તો સુપરમૅન બનવાનું છે. ખરું કે નહીં?" મોહિત અહોભાવથી મમ્મી સામે જોઈ રહ્યો, "પપ્પા રડે છે? દાદાજી રડે છે? આપણા ડ્રાઇવર મેઘજીભાઈ રડે છે? કેવા સ્ટ્રૉન્ગ છે? જે રડે એ સ્ટ્રૉન્ગ ના થાય, પોચકા રહી જાય." મોહિત ધ્યાનથી સાંભળી રહ્યો...

•

થોડાં વર્ષો વીત્યાં, છ વર્ષનો મોહિત એની બહેન પૂજાને જોઈને રસોડામાં દોડી આવતો. એને પુરી વણવાનું, રોટલી વણવાનું ગમતું. આવી રીતે નાનકડા લૂઆમાંથી ફેલાતો લોટ જુદા-જુદા આકારોમાં ઢાળી શકાય એ રમતમાં એને મજા આવતી, પણ એ જ્યારે પાટલો-વેલણ લઈને રસોડામાં બેસે કે તરત દાદી બૂમ પાડતા, "એ બાયા! બહાર જા." મોહિત નવાઈથી મમ્મીને પૂછતો, "બાયા? એટલે શું?"

"કંઈ નહીં." મમ્મી હસી પડતી, "છોકરાઓથી રોટલી ના વણાય, જા, ક્રિકેટ રમ. જો પીન્ટુ બોલાવવા આવ્યો

છે.”

•

એ પછીનાં થોડાં વર્ષોમાં મોહિત ટીનએજર થઈ ગયો. એને પોતાની સ્કીનનું બહુ ઑબ્સેશન હતું. જાતજાતના ક્રીમ લઈ આવતો, ફેસવૉશ વાપરતો... એક દિવસ પપ્પાએ કહ્યું, “આ શું છોકરીઓની જેમ રૂપાળા થવાનો પ્રયત્ન કરે છે? આવું બધું છોકરીઓને સારું લાગે, આપણને નહીં.”

“કેમ? બૉયૂઝની સ્કીન પણ સારી તો હોવી જ જોઈએ ને?” મોહિતે દલીલ કરી.

“એના કરતાં જિમ જા, મસલ બનાવ. ચૉકલેટ જેવા છોકરાઓ ના ગમે છોકરીઓને... સ્ટ્રૉન્ગ થવાનું.” પપ્પાએ કહ્યું.

વીતતાં વર્ષો સાથે મોહિતે પોતાની જાતને સ્ટ્રૉન્ગ બનાવવાનો બહુ પ્રયત્ન કર્યો. છ ફૂટની ઊંચાઈ અને ફૉર્ટીફોરના શર્ટ પહેરતો મોહિત કૉલેજમાં છોકરીઓનો હાર્ટથ્રૉબ હતો. મોહિત ઓછું બોલતો, ઇમોશન શૅર કરવામાં એને શરમ આવતી. મોટરસાઇકલ સિવાયનું ટુ-વ્હીલર ચલાવવું એને શરમજનક લાગતું. કોઈ છોકરીની પાછળ ક્યારેય ના બેસતો. રોઝ ડે કે ફ્રૅન્ડશીપ ડેના દિવસે ‘ફૂલ-બૂલ’ આપવાનું એના સ્વભાવમાં નહોતું! જો કે એને બહુ રોઝ મળતાં, પણ એ કચરામાં ફેંકી દેતો. એને લાગતું કે ‘પુરુષ’ હોવું એટલે આ બધા ‘વેવલાવેડા’થી દૂર રહેવાનું. એની સાથે દોસ્તી કરવા બહુ છોકરીઓ પ્રયાસ કરતી, પણ રૂચિકા એ ‘બધી’ છોકરીઓ કરતાં જુદી હતી. મોહિતને ગમતી, પણ મોહિત એને ક્યારેય કહી શક્યો નહીં.

રૂચિકાએ સામેથી દોસ્તી કરી, પણ મોહિત ખૂલી શક્યો નહીં... કૉલેજનાં બે વર્ષ સાથે ફર્યા પછી રૂચિકાએ એક દિવસ કંટાળીને પૂછી નાખ્યું, “ડુ યુ લવ મી?” મોહિત જવાબ ન આપી શક્યો. એને શીખવવામાં આવેલું કે ઍક્સપ્રેશન કરે—ખૂલીને અભિવ્યક્ત થાય એ સ્ટ્રૉન્ગ ના હોય! આ ‘સ્ટ્રૉન્ગ’ હોવાના ખ્યાલમાં મોહિતે રૂચિકાને હાથમાંથી જવા દીધી. એનું દિલ તૂટી ગયું. ભીતર કંઈક ખાલી થઈ ગયું... પણ એ રડ્યો નહીં, કોઈને કશું કહ્યું પણ નહીં!

સત્યાવીસ વર્ષનો મોહિત મમ્મી-પપ્પાની મરજીથી અંકિતાને મળ્યો. ઍન્ગેજમૅન્ટ અને પછી લગ્ન થયાં... અંકિતા એકદમ ઇમોશનલ, પ્રેમાળ, ચુલબુલી અને ઍક્સપ્રેસિવ છોકરી હતી, પણ મોહિત એની સાથે ખૂલ્યો નહીં. વહાલ કરવું કે પોતાની લાગણી દેખાડવી એ એના સ્વભાવમાં જ નહોતું, સ્ટ્રૉન્ગ હતો ને?

અંકિતા અને મોહિત વચ્ચે ક્યારેય એ ઇમોશનનો, લાગણીનો, અભિવ્યક્તિનો, સ્નેહનો પુલ બની શક્યો જ નહીં. બંને જણાં પોતપોતાની દુનિયામાં જીવતાં રહ્યાં. અંકિતા નોકરી કરતી હતી. ક્યારેક ઘરે આવતાં મોડું થઈ જાય કે તબિયત સારી ન હોય ત્યારે પણ મોહિત રસોડામાં જતો નહીં. પોતાની ચા પણ ન બનાવી શકતો મોહિત સંપૂર્ણપણે અંકિતા પર આધારિત હતો. ઘરમાં બાઈ હતી પણ અંકિતા ક્યારેક ઇચ્છતી કે મોહિત રસોડામાં એની સાથે બેસે, વાતો કરે, સૅલડ સમારે, શોખથી રસોઈ બનાવે... મોહિત માટે આ બધું ‘બાયાવેડા’ હતું!

અંકિતાએ બે સંતાનોને જન્મ આપ્યો. બંને બાળકો માની ખૂબ નજીક હતા, પિતા સાથે ક્યારેય સંવાદનો સંબંધ થયો જ નહીં! ખૂલીને વહાલ કરવું, બાળકો સાથે બાળક બની જવું કે તોફાન-મસ્તી કરીને સ્વયંને ‘સ્ટ્રૉન્ગ હોવાની’ કેદમાંથી મુક્ત કરવાનું મોહિતને કદી ફાવ્યું જ નહીં...



આજે મોહિત એકલો છે. પિસ્તાલીસ વર્ષના મોહિતને બહુ મિત્રો નથી, એના પુરુષમિત્રો સાથે એ પૉર્ન જોક શૅર કરી શકે છે. ગાડીની, ગૅજેટ્સની વાતો કરી શકે છે, બિઝનેસની ડીલ ક્લોઝ કરી શકે છે. મોહિત ખૂબ પૈસા કમાય છે, દુનિયાની નજરે સફળ છે, પણ એને પોતાને એકલા અને અધૂરા હોવાની લાગણી કોરી ખાય છે. એની પાસે એવી કોઈ વ્યક્તિ નથી જેને એ પોતાના મનની વાત કહી શકે. એ એવું કહેતાં શીખ્યો જ નહીં અથવા એને શીખવા દીધું નહીં.

સ્ટ્રેન્થના કે સ્ટ્રૉન્ગ હોવાના, પુરુષ હોવાના કે પુરુષત્વના જૂના દકિયાનુસી પુરાણા ખ્યાલો હજી પણ ઘણાં કુટુંબોમાં અસ્તિત્વ ધરાવે છે. પુરુષથી રડાય નહીં, રસોડામાં કામ કરાય નહીં, પત્નીને 'આઈ લવ યુ' કહેવું કે વહાલ કરવું એ 'વેવલાવેડા' છે એવું માનનારા પુરુષોની સંખ્યા ઓછી નથી. એમના આ અપબ્રિંગિંગમાં—ઉછેરમાં માતા-પિતાનો ફાળો ઘણો મહત્ત્વનો છે. પુરુષત્વનો ખ્યાલ માત્ર શારીરિક શા માટે છે એ સવાલ આપણે આપણા સમાજને પૂછવો જોઈએ. મહેનતનું કામ કરવું, વજન ઉપાડવું કે શારીરિક બળ સાથે જોડાયેલી બાબતોનો જ્યાં સુધી સવાલ છે ત્યાં સુધી કદાચ આ સ્ટ્રેન્થનો—શક્તિનો ખ્યાલ સાચો હોઈ શકે, પરંતુ એનો અર્થ એવો નથી કે જેની પાસે શક્તિ હોય એણે લાગણીવિહીન હોવું પડે! મન અને શરીર બે જુદાં તત્ત્વો છે... સ્ત્રી અને પુરુષના મનમાં આવો ભેદ શા માટે પાડવામાં આવે છે?

માણસ તરીકે આપણે બધા જ સ્નેહ, સ્પર્શ અને શબ્દ સાથે જોડાયેલા છીએ. અભિવ્યક્તિ આપણાં સૌની અનિવાર્ય જરૂરિયાત છે. આપણે જાણે-અજાણે એવું માની બેઠા છીએ કે પુરુષ હોય એણે પોતાની અભિવ્યક્તિને દબાવી દેવી જોઈએ. રડતા કે વહાલ કરતા, પોતાની વાતને ઋજુતાથી શબ્દોમાં મૂકી શકતા કે રસોઈમાં રસ લેતા પુરુષ, રંગોળી કરતા પુરુષ કે મહેંદી મૂકી શકતા પુરુષને કદાચ બહુ સ્વાભાવિકતાથી સ્વીકારવામાં નથી આવતા. પોતાની ત્વચા વિશે કે વાળ વિશે બહુ કાળજી લેતા પુરુષોને પણ ક્યાંક-ક્યાંક મજાકનું કારણ બનાવવામાં આવે છે!

એક વ્યાપક ખ્યાલ એવો છે કે 'પુરુષ હોવું' એટલે બેફિકર, રફ-ટફ હોવું. આ કદાચ સાચું હોય તો પણ એનો અર્થ શારીરિક હોઈ શકે.

રસિકતા એ પુરુષનો મુખ્ય ગુણ હોવો જોઈએ. વાત્સ્યાયનનું 'કામસૂત્ર' પુરુષના રસિક હોવા પર ભાર મૂકે છે. સંસ્કૃત નાટકોના નાયકમાં જે ગુણ હોવા જોઈએ એમાં ધીર, ઉદાત્તની સાથે-સાથે વીર અને રસિક હોવાનો પણ ઉલ્લેખ છે. સાહિત્ય, સંગીત અને કલામાં રસ-રુચિ ધરાવતો માણસ અભિવ્યક્તિથી શા માટે ભાગે અથવા ભાગવું જોઈએ એ પ્રશ્ન પુરુષે પોતાની જાતને પૂછવાનો સમય થઈ ગયો છે. બાળકનું ડાઇપર બદલવું કે ઑફિસથી મોડી આવેલી પત્નીને એક કપ ચા કરી આપવી, અચાનક રજા લઈને પત્ની કે પ્રેમિકાને સરપ્રાઇઝ કરવી કે સૅક્સની બહાર નીકળીને 'વહાલ' અને 'સ્નેહ'ની દુનિયા પણ અસ્તિત્વ ધરાવે છે એ વાતને સમજવી અને સ્વીકારવી, અભિવ્યક્ત કરવી એમાં ક્યાંય 'પુરુષત્વ'ને ઘસારો પહોંચતો નથી! આપણે માણસ હોઈએ તો આપણને લાગણી હોય જ... લાગણી હોય તો એ ક્યારેક આંખમાંથી વહી નીકળે... એને વહેવા દેવી જોઈએ. આંસુ એ પુરુષની નબળાઈ નથી, બલ્કે કોઈનીયે નબળાઈ નથી એવું આપણે સહુએ સમજવું જોઈએ. જે પુરુષને સુંદર સ્ત્રી ગમતી હોય, જે પુરુષ એવું ઇચ્છતો હોય કે એની પત્નીની ત્વચા સુંદર હોય, ફિગર સારું હોય અને એ પોતાની જાતને લાંબા સમય સુધી જાળવે તો પુરુષે એવું પણ સમજવું જોઈએ કે એની પત્નીને પણ એવા 'ફિટ અને ગુડ લૂકિંગ' પુરુષની અપેક્ષા પોતાની પતિ કે પ્રેમી પાસે હોય જ...

પૉર્ન ફિલ્મો જોવી, સ્ત્રીઓની તસવીરો જોઈને એના પર કમૅન્ટ કરવી, મબલખ કમાવું કે પોતાના કુટુંબની તમામ લક્ઝરી પૂરી પાડવી... કુટુંબને પ્રોટેક્ટ કરવું અને કુટુંબના વડા તરીકે નિર્ણયો લેવા, એ બધું તો જાણે કે બરાબર છે, પણ આ બધું ફરજના ભાગરૂપે કરવાને બદલે લાગણીના ઊભરા સાથે કરવું વધુ યોગ્ય નથી?

પુરુષ હોવું એટલે 'મજબૂત હોવું' અથવા 'મક્કમ હોવું'... સાચું! પરંતુ સાથે જ ભીતરની મુલાયમતાને મારી નાખીને શું મળશે? આપણી આસપાસની દુનિયા બદલાતી જાય છે. કોઈ એક જમાનામાં જે વ્યાખ્યાઓ સાચી હતી એ આજે સાવ નકામી પુરવાર થઈ છે. બૅલબૉટમ પૅન્ટ અને બો-ટાઈની ફૅશન આજે નથી, આજે શાહરૂખથી શરૂ કરીને રણબીર કપૂર સુધી 'હીરો' રડે છે, રડાવે છે! 'આઈ હેટ ટિયર્સ, પુષ્પા!' કહેતા રાજેશ ખન્નાનો સમય વીતી ગયો છે. જિમમાં જઈને મસલ બનાવવા કે શરીરને સુદૃઢ બનાવીને ગ્રીક ગૉડ જેવા દેખાવામાં કંઈ ખોટું નથી, પણ એ સ્કલ્પ્ટેડ બૉડીની અંદર એક ધબકતું, હૂંફાળું, પ્રેમાળ, લાગણીભર્યું હૃદય છે એની પુરુષ તરીકે આપણને અને આપણી આસપાસના તમામને ખબર પડે, ખાતરી થાય તો એમાં કંઈ ખોટું નથી.

• • •



દો બદન પ્યાર કી આગમેં જલ ગયે...

પુરુષ વિશે કેટલીક મિથ (માન્યતા) છે. એમાંની એક મિથ એ છે કે પથારીમાં પુરુષ બળવાન અને શક્તિશાળી પુરવાર થવો જોઈએ. સુહાગરાત વિશે કેટલાક ભ્રામક અને મૂર્ખ ખ્યાલો હજી પણ આપણા સમાજમાં જીવે છે.

“**શું** વાત છે? આજે તો તારા ઉપવાસ તૂટવાના.” મીતના દોસ્તો એની મજાક કરી રહ્યા હતા... મીતનાં લગ્ન હજી હમણાં જ પૂરાં થયાં હતાં. પ્રાચીની વિદાય થોડી વારમાં થવાની હતી. ફાઇવસ્ટાર હોટૅલના બૅન્ક્વેમાં લગ્ન અને રિસેપ્શન પૂરાં થયા પછી હવે ફક્ત નજીકનાં સગાં અને ઘરના લોકો બેઠાં હતાં.

“સોપો પાડી દેજે હં દોસ્ત! જરાક પણ પાછો નહીં પડતો. જે થશે એ બધું આજે થશે...” એક દોસ્તે કહ્યું અને આંખ મારી. બધા હસી પડ્યા.

“આજે મોળો પડ્યો તો આખી જિંદગી સાંભળવું પડશે એટલું યાદ રાખજે.” બીજા દોસ્તે કહ્યું.

ત્રીજાએ મીતની મુઠ્ઠીમાં કૉન્ડોમનું આખું પૅકેટ પકડાવ્યું. મીતે નવાઈથી એની સામે જોયું. “એક વારમાં થોડું પતે?” ત્રીજા દોસ્તે વળી જરા ઑબ્સિન રીતે કહ્યું. બધા વળી હસી પડ્યા.

“કંઈ જોઈએ છે? બુક-વુક? વાયગ્રા? કે પછી ફિલ્મ?” પહેલા દોસ્તે મજાક લંબાવી, “કૉન્ફિડન્સ છે ને?” એણે કહ્યું. બધા વારંવાર હસતા રહ્યા. જાતજાતની મજાકો ચાલતી રહી, વિચિત્ર પ્રકારની ટિપ્સ અપાતી રહી. મીત થોડી શરમ અનુભવી રહ્યો હતો. એને સમજાતું નહોતું કે આ બધી ચર્ચાનો શું મતલબ છે? એ ત્યાંથી છૂટવા માગતો હતો. આખરે વિદાય થઈ. મીત અને પ્રાચી ત્યાં જ, હોટૅલમાં જ ઉપરના રૂમમાં રાત રોકાવાનાં હતાં. પૅકેજ ડીલમાં બે રાતનું સ્યૂટનું બુકિંગ પણ હતું જ.

બંને જણાં ઉપર પહોંચ્યા ત્યારે પ્રાચી થાકીને ચૂર થઈ ગઈ હતી. ચાંદલા કરીને લાલ થઈ ગયેલું કપાળ, વજનદાર કપડાં, એસી હૉલમાં થયેલા લગ્નને કારણે ગળામાં ગયેલો ધુમાડો, આટલા દિવસની દોડાદોડી– મહેમાનો અને ઍક્સાઇટમૅન્ટ બધું માંડ પૂરું થયું હતું. મીતના મનમાં વિચિત્ર પ્રકારનો સળવળાટ હતો, કેમ

કરવું, કેવી રીતે કરવું, શું કરવુંના સવાલોનો એને જવાબ મળે એ પહેલાં જ પ્રાચીએ કહ્યું, "હું કપડાં બદલીને આવું."

પ્રાચી બાજૂના ડ્રેસરમાં ગઈ. એણે કપડાં બદલી નાખ્યાં, ક્લિન્ઝીંગ મિલ્કથી ચહેરો સાફ કર્યો, સ્ક્રબ કર્યું, હૅરસ્ટાઇલ ખોલી નાખી ને ગૂંચવાયેલા વાળને બ્રશ કરતી બહાર આવી. એને જોતાં જ મીત એની નજીક આવ્યો, "બહુ વાર લાગી?" પ્રાચી આરામથી બેસવા જતી હતી, પણ મીત બેચેન હતો. પોતાને આપવામાં આવેલી ટિપ્સ કામે લગાડવાનો સમય આવી ગયો હતો. પ્રાચી સોફામાં બેસવા ગઈ, પણ મીત કશું સાંભળવા કે કહેવામાં સમય વેડફવા ન માગતો હોય એમ એણે પ્રાચીને કમરમાંથી પકડી, નજીક ખેંચીને ચુંબન કરવા માંડ્યું. પ્રાચીના ઊંહકારા કે છૂટવાના પ્રયત્ન મીતને 'ફિલ્મી' લાગ્યા હોય એમ એણે કશું સમજવાનો પ્રયત્ન કર્યા વિના પોતાની જાતને પ્રાચી ઉપર થોપી દીધી. એ રાત્રે એક વાર નહીં, મીતે ત્રણ વખત પ્રાચી સાથે સૅક્સ માણ્યું... પણ બેમાંથી કોઈનેય એ સ્પર્શના સુખનો, એ આહ્લાદનો, એકમેકની લાગણીઓનો કે સ્નેહનો અનુભવ થયો નહીં, થઈ શક્યો નહીં!

સુંદર સજાવેલા બેડ અને ફૂલોની પથારી ચૂંથાઈ ગઈ હતી. મીતની વિચિત્ર પ્રકારની ઉતાવળને કારણે પ્રાચીની અંદર કશુંક મરી ગયું—ઠરી ગયું. એ મીતના ઉન્માદનો પ્રતિસાદ આપી શકી નહીં. પ્રાચીએ ઘણું વિચાર્યું હતું... પોતાની પહેલી રાત વિશે! મીત મુંબઈમાં રહેતો હતો અને પ્રાચી અમદાવાદમાં એટલે કોર્ટશીપનો પિરિયડ બહુ લાંબો નહોતો. વાતો કરવાનો કે એકબીજા સાથે સમય ગાળવાનો બહુ અવકાશ નહોતો મળ્યો બંનેને. પ્રાચીએ વિચાર્યું હતું કે એ વાતો કરશે, વહાલ કરશે, પોતાની લાગણી શૅર કરશે અને પછી ક્યાંક...

સામે મીતને જે પ્રકારના પ્રતિસાદની આશા હતી એવું કંઈ જ પ્રાચીએ કર્યું નહીં. પહેલી વાર તો એ સહી ગઈ, પણ બીજી અને ત્રીજી વારના સંભોગ વખતે તો જાણે બળાત્કાર કરતો હોય એવી લાગણી થઈ મીતને, ને પ્રાચી માટે પણ એ પહેલી રાત કરતાં વધારે પીડાની રાત હતી. બંનેએ ધાર્યું હતું એના કરતાં સાવ જુદી અને વિચિત્ર હતી આ 'સુહાગરાત'!

એ પછી પ્રાચી અને મીત વચ્ચે કંઈ અજબ જેવો સંબંધ થવા લાગ્યો. મીત બેડરૂમમાં આવે કે પ્રાચી ડરી જતી. એ સંકોચાઈ જતી. જાતને બંધ કરી લેતી. પ્રાચીનો ઇન્કાર કે એનો સંકોચ કાં તો મીતને સમજાતો નહીં અને કાં તો એ આ સંકોચ દૂર કરવા માટે મરણિયો થઈને ફરી એકવાર તૂટી પડતો. રોજ રાત્રે આ જ પરિસ્થિતિ... જેમ મીત વધારે મરણિયો થતો એમ પ્રાચી વધારે સંકોચાઈ જતી, જેમ પ્રાચી ના પાડતી, સંકોચાતી કે દૂર જતી એમ મીત એને પામવા કે એને નજીક લાવવા માટે વધુ શારીરિક બળનો ઉપયોગ કરતો.

એક સમય એવો આવ્યો કે પ્રાચી સાવ ફ્રિજિડ થઈ ગઈ. મીત કોઈ પૂતળા સાથે સંભોગ કરતો હોય એમ પ્રાચી પડી રહેતી. મીતને આ સંબંધ મંજૂર નહોતો ને પ્રાચીને હવે આ સંબંધ ડરાવતો હતો.

પ્રતીક જન્મ્યો એના ત્રણ વર્ષ સુધી પ્રાચી આ સહેતી રહી. સાચું પૂછો તો એકલી પ્રાચી જ સહેતી હતી એવું નહોતું, મીત માટે પણ ઠંડી પડી ગયેલી, રબરના પૂતળા જેવી આ પત્ની કોઈ કામની નહોતી! બંને વચ્ચે ધીમેધીમે એક એવી સ્થિતિ આવી ગઈ કે બંને જણાં એકબીજાની સાથે તો રહેતાં હતાં પણ સાથે જીવતાં નહોતાં. ટિફિન ભરવું, કપડાં કબાટમાં ગોઠવવાં, પ્રતીકની સ્કૂલની વાત કરવી કે સગાં-વહાલાંના સમાચાર આપવા... આવી સાવ 'જરૂરી' હોય એવી બાબતોને છોડીને મીત અને પ્રાચી વચ્ચે ભાગ્યે જ કોઈ 'સંબંધ' બચ્યો હતો. હૂંફાળા-ગરમ સ્ત્રીશરીરની શોધમાં મીત એક લગ્નેતર સંબંધમાં ઘસડાયો. ઘરમાં ખબર પડી ગઈ,

બહુ હોબાળો થયો... પ્રાચીએ એક અક્ષર કહ્યા વિના આખીયે પરિસ્થિતિને એવી રીતે સ્વીકારી લીધી કે જાણે એને કોઈ લેવાદેવા જ ના હોય! આજે મીત ખુલ્લેઆમ એની સૅક્રેટરી સ્ટેલા સાથે સંબંધ ધરાવે છે. બધા જ જાણે છે... લોકો પ્રાચીની દયા ખાય છે તો કોઈક એનો વાંક કાઢે છે.

સવાલ એ છે કે પ્રેમ, લાગણી, સ્વપ્નો અને વચનો સાથે શરૂ થયેલો કોઈ એક ખૂબસૂરત સંબંધ અહીં સુધી કેવી રીતે પહોંચી જાય છે? મીત અને પ્રાચીની વાત બહુ અજાણી કે બહુ જુદી નથી... કેટલાંય કુટુંબોમાં પતિ-પત્ની વચ્ચે શારીરિક આકર્ષણ કે હૂંફનો અભાવ હોય છે. માત્ર સંતાન પેદા કરવા પૂરતું કે પતિને સંતોષ આપવા પૂરતું પોતાના શરીરને ધરી દેવાનું આ વિચિત્ર પ્રકારનું વર્તન સામાન્યતઃ પુરુષને દૂર કરે છે. શરૂઆતમાં આક્રમક થઈને પત્નીની ભીતર રહેલી સ્ત્રીને જગાડવાનો પ્રયત્ન કરનાર પુરુષ પણ અંતે હારીને એમાંથી નીકળી જાય છે. સૅક્સ માટેનું રિજેક્શન પુરુષને ખૂબ જ તકલીફ આપે છે. એના ઇગો પર, એની લાગણી પર અને એના પુરુષત્વની સાથે-સાથે એની બેઝિક જરૂરિયાત પર આ સૅક્સને નકારવાની વૃત્તિ સીધો આઘાત કરે છે, પરંતુ આ પરિસ્થિતિ જ્યારે ઊભી થાય છે ત્યારે સામાન્યતઃ એકલી પત્ની કે સ્ત્રી જવાબદાર હોતી નથી.

પુરુષ વિશે કેટલીક મિથ (માન્યતા) છે. એમાંની એક મિથ એ છે કે પથારીમાં પુરુષ બળવાન અને શક્તિશાળી પુરવાર થવો જોઈએ. સુહાગરાત વિશે કેટલાક ભ્રામક અને મૂર્ખ ખ્યાલો હજી પણ આપણા સમાજમાં જીવે છે. એમાંનો એક ખ્યાલ એ છે કે સુહાગરાતનો સંભોગ કોઈ મૅરેથોનની દોડ કે વેઇટલિફ્ટિંગની રમત જેવો હોવો જોઈએ. 'કેટલી વાર'ના આંકડા સાથે સુહાગરાતના સુખને ખરેખર કોઈ સંબંધ નથી હોતો. સાચું જોવા જઈએ તો મોટા ભાગના લોકોની સુહાગરાત ભાગ્યે જ પરફેક્ટ હોય છે. એકબીજાને ઓળખતાં ઓળખતાં અને ગમા-અણગમા સમજતાં સમજતાં સમય લાગે છે. એ દરમિયાનમાં બે શરીરો જ નહીં, બે મન, બે મગજ, બે સ્વભાવ, બે પ્રકૃતિ અને બે આત્મા જોડાય છે... આ સાચા અર્થમાં સંભોગ—સમભોગ બને છે. બંને જણાં માણી શકે એવો સંબંધ.

પથારીમાં પત્નીને ચૂંથી નાખવી કે શારીરિક ક્ષમતા પુરવાર કરવા માટે એક રાતમાં બે-ત્રણ વાર સંભોગ કરી નાખવો એ 'પુરુષત્વ' પુરવાર કરવાની કોઈ રીત નથી. મોટા ભાગના પુરુષો આ સમજી શકતા નથી, એટલું જ નહીં, પત્નીના શરીરને ઓળખવાનો પ્રયાસ સુધ્ધાં કરતા નથી. પુરુષ માત્ર પથારીમાં જ 'પુરુષ' હોય એટલું પૂરતું નથી. સ્ત્રી-પુરુષના સંબંધનાં પરિમાણો—આયામો—ડાયમૅન્શન ઘણાં છે. સામાન્ય રીતે સમવયસ્ક અને મોટી ઉંમરના મિત્રો, કે પછી કઝીન્સ લગ્નની રાત્રે આવી બધી નકામી વાતો વરરાજાના મગજમાં નાખતા હોય છે. ખરેખર તો પહેલી રાતના નામે હિન્દી ફિલ્મોએ અને સેમિપૉર્ન, પૉર્ન ફિલ્મોએ દાટ વાળ્યો છે. એમાં દેખાતા ઊંહકારા અને ઍક્સપ્રેશન ભારતીય સ્ત્રી ભાગ્યે જ આપી શકે છે... સંકોચ, સમજદારીનો અભાવ અને પોતાના જ શરીર વિશે અજાણ હોવાની ભારતીય સ્ત્રીની મજબૂરી એને પથારીમાં પૂર્ણપણે પ્રગટ થતી અટકાવે છે. પતિની જવાબદારી એ છે કે એને ધીમે ધીમે ઊઘડવા દે, એને સમજે, એને પોતાને એના ગમા-અણગમાની સમજ આપે અને ઉતાવળ કરવાને બદલે જે સંબંધ જિંદગીભર ચાલવાનો છે એમાં લાગણીઓનું ઇન્વેસ્ટમૅન્ટ કરે.

આની સાથે જ એક બીજી વાત એવી છે કે પત્નીની શારીરિક જરૂરિયાતને સમજ્યા વગર શરીરસંબંધ બાંધીને પોતાના સંતોષ પછી તરત મુક્ત થઈ જનારા પતિઓ સાથે ધીમે ધીમે પત્ની એક નકારાત્મક વલણ અપનાવે છે. જાતજાતનાં બહાનાં—જેવાં કે, માથું દુઃખે છે, થાકી ગઈ છું, પીરિયડ્સ છે કે છોકરાંઓ જાગી જશે... એક એવું રિજેક્શન છે, જે સમય જતાં વધુ ને વધુ તીવ્ર બનતું જાય છે. એવું નથી કે પત્નીને શારીરિક

જરૂરિયાત નથી, પરંતુ એના શરીરને સમજ્યા વિના એના શરીરને 'વસ્તુ'ની જેમ વાપરનારો પતિ એને નથી જોઈતો. પત્ની પોતાની ફરજો પૂરી કરે છે, પરંતુ ઉશ્કેરાટ, આનંદ કે ઉત્સાહ નથી રહેતો.

પુરુષ હોવું એટલે કડક હોવું, મજબૂત હોવું, પ્રેમની અભિવ્યક્તિ ન કરવી એવી કારણ વગરની માન્યતાઓ અને મિથ 'પુરુષત્વ'ની સાવ મૂર્ખ જેવી વ્યાખ્યાઓ કરે છે. મોટા ભાગના પુરુષો આમાં અટવાય છે અને એક સાચા સંબંધમાંથી, એક અદ્ભુત સુખથી વંચિત રહી જાય છે.

ફરિયાદ બંને પક્ષે હોય છે, અસંતોષ બંને પક્ષે હોય છે, અધૂરપ બંનેને લાગે છે... વાંક કોઈનો ન હોય તેમ છતાં એનું દુઃખદ પરિણામ બંને શા માટે ભોગવે?

• • •



અંત:વસ્ત્ર: ઉતારવાં ગમે, તો પહેરાવવાં પણ જોઈએ

એવા કેટલા પતિ કે પુરુષ, પ્રેમી હશે જેને પોતાની પત્નીની બ્રાની સાઇઝ કે પૅન્ટીની સાઇઝ ખબર હોય? આકર્ષક અંત:વસ્ત્રો પહેરેલી સ્ત્રીઓના ફોટોગ્રાફ્સ કે બ્લ્યૂ ફિલ્મોમાં એમણે બીજી સ્ત્રીઓને પહેરેલાં જોયાં હોય એવાં અંત:વસ્ત્રો પોતાની પત્ની માટે ખરીદીને પત્નીનું પણ એવું જ આકર્ષણ અનુભવી શકાય એવી ઝંખના કેટલા પુરુષોને થઈ હશે?

"**મૂરખો** છે! આવા બાયલાવેડા ના કરીશ. અમે તારી સાથે નહીં આવીએ ને હું તને આવું બધું લેવા માટે જવા પણ નહીં દઉં." નિશિથનો દોસ્ત પરાગ જોરજોરથી બૂમો પાડી રહ્યો હતો. સામે બેઠેલો નિશિથ આરામથી પોતાના ગ્લાસમાંથી વ્હિસ્કી સીપ કરી રહ્યો હતો. નિશિથના ચહેરા પર એક વિચિત્ર પ્રકારનું સ્માઇલ હતું. પોતાની સામે આશ્ચર્યમિશ્રિત આઘાતથી જોઈ રહેલા એના ત્રણેય દોસ્તોને એ નિરાંતે નિહાળી રહ્યો હતો. પરાગની સાથે સાથે નિશિથના બીજા બે મિત્રો ઉજ્જ્વલ અને મનીષની આંખોમાં પણ આઘાત હતો.

"હવે ભઈ... અમારે ય બૈરાં છે, પણ અમે આવા ગાંડા નથી કાઢતા. સ્ટૂપિડ જેવું લાગે. શું કહીશ ત્યાં જઈને?"

"શું એટલે?" નિશિથે ખભા ઉલાળીને સાવ સ્વાભાવિકતાથી કહ્યું, "પ્રિયાની સાઇઝ કહીશ, વેરાઇટી જોઈશ... મને જે ગમશે તે..."

"ગધેડા જેવી વાત નહીં કર." પરાગે ફરીથી ઉશ્કેરાટ સાથે કહ્યું, "આમ ઊંચી કરીને બ્રા જોઈશ એમ? ત્યાં એકલા બૈરાં હશે. હાવ બાયા જેવો લાગીશ..."

"જો યાર, સમજવાનો ટ્રાય કર..." ઉજ્જ્વલે જરા મૃદુતાથી સમજાવવાનો પ્રયત્ન કર્યો, "એવું સારું ન લાગે."

"કોને?" નિશિથે પૂછ્યું.

"અરે યાર!" મનીષે કંટાળાથી કહ્યું, "આ નહીં સમજે. કોણ જાણે બૈરાના અંદરનાં કપડાં હાથમાં પકડીને એને કો'ક જાતની મજા આવતી હશે." નિશિથ સિવાયના ત્રણેય ભાઈબંધો ખડખડાટ હસી પડ્યા.

"એના કરતાં એ કપડાં ઉતારીને અંદરનું જે હાથમાં લેવાનું છે એ..." પરાગે ગંદી મજાક કરી. એ લોકો ત્રણેય જણા ફરી હસ્યા, પણ નિશિથ નહીં.

"આપણને પત્નીનાં કપડાં ઉતારવાનું તો સારું લાગે છે, પણ એને માટે કંઈ ખરીદવાનું હોય તો શરમ આવે?" નિશિથે ગંભીર રહીને પૂછ્યું. "પત્ની આપણા અંડરવૅર લાવે તો આપણે ગર્વથી કહી શકીએ કે, હું તો મારાં અંડરવૅર પણ જાતે નથી ખરીદતો, પણ પત્નીનાં અંદરનાં કપડાં ખરીદવા જતાં આપણને આપણું 'પુરુષત્વ' નડી જાય?" એના ત્રણેય મિત્રો સાંભળી રહ્યા. હવે એમની પાસે જવાબ નહોતો, "જો પરાગ, એક સાચી વાત કહું? પ્રિયા અને મારી વચ્ચે કોઈ પરદો નથી. અમે એવું માનીએ છીએ કે બંનેમાંથી કોઈ પણ કામ, કોઈ પણ કરી શકે ને મને સહેજ પણ શરમ નહીં આવે. મારી પત્નીએ મને એકલો બૅંગકૉક આવવા દીધો છે, સહેજ પણ કકળાટ કર્યા વિના... એ ઓછું છે?"

આટલું સાંભળીને બાકીના ત્રણેય મિત્રોનાં મોઢાં વિલાઈ ગયાં. છેક નીકળતાં સુધી ઘરમાં ચાલેલા ઝઘડા અને કકળાટ ત્રણેય જણાને યાદ આવી ગયા. પરાગ, મનીષ અને ઉજ્જ્વલ ત્રણમાંથી કોઈ, હવે કશું બોલી શકે એવી સ્થિતિમાં નહોતા. ત્રણેયની પત્નીઓએ 'બૅંગકૉક' શબ્દ સાંભળતાં જ જાતજાતની અને ભાતભાતની વિકૃત કલ્પનાઓ કરી હતી એ બધી જ પત્નીઓએ અધકચરી માહિતી સાથે અસલામતી અનુભવીને જે પ્રકારની ભાષા અને શબ્દોનો પ્રયોગ કર્યો હતો એ બધું જ સાચા અર્થમાં અસહ્ય હતું, તેમ છતાં આ ચારેય મિત્રો પોતાની મિત્રતાનાં દસ વર્ષ પૂરાં થયા એ નિમિત્તે 'એકલા' બૅંગકૉક આવ્યા હતા. નિશિથ સિવાયના ત્રણેય જણા તો ઊતર્યા એ પળથી 'મસાજ પાર્લર' અને 'ચિન્કીઓ' શોધતા થઈ ગયા હતા. નિશિથને પૅગોડાઝમાં અને બીજા ઐતિહાસિક કે કલાનાં સ્થળોમાં રસ હતો... બધા એની મજાક ઉડાવતા રહ્યા, પણ નિશિથે એવું કશું જ ન કર્યું, જે એના મિત્રોના હિસાબે 'પુરુષત્વ' પુરવાર કરે એવી પ્રવૃત્તિ હતી. પછી શૉપિંગની વાત આવી, ત્યારે નિશિથે પોતાની પત્ની પ્રિયાનાં અંતઃવસ્ત્રો ખરીદવા માટે ગૂગલ પર સારી દુકાનો સર્ચ કરવા માંડી... આ બધી ચર્ચા ત્યાંથી શરૂ થઈ!

આપણા સમાજમાં પત્ની પોતાના પતિનાં અંતઃવસ્ત્રો ખરીદે એ વિશે કોઈ સમસ્યા હોતી નથી. બલ્કે, એને એક ગૌરવ અથવા 'પતિપણાના મૅડલ' તરીકે જોવામાં આવે છે. પુરુષ ગર્વથી કહે છે, "મારા તો રૂમાલ અને અંડી પણ પત્ની ખરીદે છે. મને કંઈ ખબર હોતી જ નથી." સાથે એવી મજાક પણ થતી હોય છે કે "એણે ઉતારવાના એટલે એ જ લાવે એ બેટર..." પરંતુ, આ જ બાબત સ્ત્રી વિશે કહેવાતી નથી, સ્વીકારાતી નથી એટલું ઓછું હોય એમ અંતઃવસ્ત્રો ધોઈને બહાર સુકવાય કે રૂમમાં આમતેમ રખડતાં હોય તો એ વિશે તરત જ પતિની કે સાસુની, માની કે બીજાની ચીડ સ્વાભાવિકતાથી વ્યક્ત થઈ જાય છે. પોતાના અંતઃવસ્ત્ર ગોપિત રાખવાં, સંતાડીને રાખવાં, જાહેરમાં ન સૂકવવાં એવું શિક્ષણ દીકરીને સાવ બાળપણથી અપાય છે. હવે તો સહેજ જમાનો બદલાયો છે અને યુવાન છોકરીઓ રંગીન અંતઃવસ્ત્રો દેખાય એવી રીતે પહેરતી થઈ છે, પરંતુ આજથી થોડા સમય પહેલાં 'બ્રાની પટ્ટી' દેખાય તો એ વિશે સ્ત્રી પણ બેચેની અનુભવે અને જોનારા પણ એ વિશે જરાક વિચિત્ર પ્રતિભાવ આપે, એવું થતું. આજે પણ ચાલીસની ઉપર ગયેલી સ્ત્રી સામાન્યતઃ પોતાના અંતઃવસ્ત્રોને અમુક જ રીતે પહેરવાનું પસંદ કરે છે, આવું શા માટે છે એના વિશે હજી સુધી કોઈ એક્સપ્લેનેશન આપવામાં આવ્યું નથી.

સ્ત્રી-પુરુષના—પતિ-પત્નીના કે પ્રેમી-પ્રેમિકાના સંબંધમાં અંતઃવસ્ત્રો ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. આકર્ષક અંતઃવસ્ત્રોથી સંભોગની ક્ષણો વધુ રોમૅન્ટિક અને વધુ ખૂબસૂરત બનાવી શકાય છે એવો ખ્યાલ લગભગ તમામ લોકોને છે જ, તેમ છતાં આવાં વસ્ત્રોની ચર્ચા ખુલ્લેઆમ થાય કે કોઈ પુરુષ પોતાની પત્નીના કે

પ્રેમિકાનાં અંતઃવસ્ત્રો ખરીદે એ વાત ૨૧મી સદીમાં પણ બહુ સ્વાભાવિકતાથી સ્વીકારાતી નથી. પુરુષનું 'પુરુષપણું' પત્નીનાં અંતઃવસ્ત્રોને કલાત્મકતાથી ઉતારવામાં હોઈ શકે, પરંતુ ખરીદવામાં નહીં...!! એવા કેટલા પતિ કે પુરુષ, પ્રેમી હશે જેને પોતાની પત્નીની બ્રાની સાઇઝ કે પૅન્ટીની સાઇઝ ખબર હોય? રંગની પસંદગી કે બ્રામાં મળતાં વૈવિધ્ય વિશે કેટલા પુરુષો જાણે છે? એમને કદાચ અંડરવાયર, ફ્રિંડિંગ, ઍર કે નૅટ, પૅડેડ કે અનપૅડેડ બ્રા વિશે ખબર નહીં હોય... સ્ટ્રિંગ બિકિની, બિકિની, મીડિયમ કે રેગ્યુલર પૅન્ટિઝ—થૉંગ જેવી વરાઈટીઝના ફોટોગ્રાફ્સ એમણે પૉર્ન ચિત્રોમાં બીજી સ્ત્રીઓને પહેરેલા જોયા હોય તો પણ પોતાની પત્ની માટે આવું ખરીદીને પત્નીનું આકર્ષણ પણ અનુભવી શકાય એવી ઝંખના કેટલા પુરુષોને થઈ હશે? પુરુષ પ્રકૃતિએ પૉલિગેમસ છે એવું બાયોલૉજી સ્વીકારે છે. એનો અર્થ એ થયો કે પુરુષ માટે શારીરિક આકર્ષણ અનિવાર્યપણે જરૂરી તત્ત્વ છે. કેટલાય પુરુષો એવી ફરિયાદ કરે છે કે એમની પત્ની લગ્નનાં અમુક વર્ષો પછી એમને 'આકર્ષતી' નથી! પરંતુ એવા કેટલા પતિ છે જેમણે એવું શોધવાનો પ્રયત્ન કર્યો હોય કે એમને 'પથારીમાં' કયા પ્રકારનાં અંતઃવસ્ત્રો આકર્ષે છે? એમની કલ્પનામાં જે પ્રકારની સ્ત્રીઓ આવે છે એવી એમની પત્નીને બનાવવાનો પ્રયત્ન એ કેમ નથી કરતા?

આપણે બધા જ જાણીએ છીએ કે હોઝિયરીની સારામાં સારી દુકાનોમાં પુરુષો કામ કરે છે. સ્ત્રીઓ સ્વાભાવિક રીતે જ્યાં અંતઃવસ્ત્રો ખરીદવા જાય છે ત્યાં પોતાની સાઇઝ કે પસંદગી કાઉન્ટર પર ઊભેલા પુરુષને સંકોચ વિના જણાવતી હોય છે. એ કાઉન્ટર પર ઊભેલા પુરુષો પણ લાંબો વિચાર કર્યા વગર, કે સામે ઊભેલી સ્ત્રી વિશે રંગીન ચિત્ર-વિચિત્ર કલ્પનાઓ કર્યા વગર એક પ્રૉફેશનલ હોવાના પૂરા ખ્યાલ સાથે એને જે જોઈતું હોય તે શોધી આપે છે... ટ્રાયલ રૂમમાં અંતઃવસ્ત્રો ટ્રાય કરવા ગયેલી સ્ત્રી વિશે પણ આ પુરુષો ભાગ્યે જ કશુંક વિચારતા હશે! આ ઉપરાંત ઘણી વાર કોઈ સ્ત્રી ખોટો નંબર કે સાઇઝ આપે તો અંતઃવસ્ત્ર વેચીને 'અનુભવી' બની ગયેલા પુરુષો સાવ સ્વાભાવિકપણે કહે છે, "બહેન, તમારી સાઇઝ 'આ' નહીં, પરંતુ 'આ' હોવી જોઈએ." ત્યારે સંકોચ અનુભવવાનો અર્થ નથી એ વાતની સ્ત્રીને ખબર છે, પરંતુ જાણીતા—પિતા, પ્રેમી, પતિ કે દીકરાની સામે એ અંતઃવસ્ત્રોની વાત નીકળે કે કપડાં રખડતાં હોય તો એ વિષે સંકોચ થવો જોઈએ એમ આ સમાજ માને છે. સાડી કે સલવાર—કમીઝ રખડતાં હોય તો—વાળીને ખુલ્લાં ગોઠવ્યાં હોય તો વાંધો નથી, પણ અંતઃવસ્ત્રો 'એમ' ન મુકાય!! નજરે ચડે તો 'ખરાબ લાગે'! આ વસ્ત્રો જોઈને પુરુષ—(પતિ—પ્રેમી તો ઠીક પણ પિતા કે દીકરો પણ સ્ત્રીના શરીરની કલ્પના કરશે એવો આ સમાજને વહેમ હશે?)

સ્ત્રી-પુરુષની બાબતમાં સમાજ કેટલાક બિનજરૂરી અને અર્થહીન નિયમો ધરાવે છે. 'આમ થાય' અને 'આમ ન થાય' જેવા કાયદાઓ કોણે બનાવ્યા, ક્યારે બનાવ્યા અને એનું પાલન શા માટે કરવું પડે—એવી કોઈ વિગતો, ક્યાંય ઉપલબ્ધ નથી! મમ્મીએ કહ્યું માટે, અથવા એ તો એમ જ હોય...નાં વાક્યો વારંવાર કાને અથડાતાં અથડાતાં અંતે એ 'નિયમ' બની જાય છે... આપણને ખબર પણ ન હોય એવા, આપણી જાણ બહાર આવા કેટલાય નિયમો આપણે પાળતા રહ્યા છીએ!

સવાલ એ નથી કે અંતઃવસ્ત્રો કોણ ખરીદે છે અને કોણ ઉતારે છે... સવાલ એ છે કે જો પત્ની કે સ્ત્રી પોતાના પતિ માટે અમુક પ્રકારની ખરીદી કરી શકે તો પુરુષ કેમ નહીં? શયનખંડ કે બેડરૂમ જ અંતઃવસ્ત્રોની 'જરૂરિયાત' નથી. એક પુરુષ માટે પોતાની પત્નીની કમ્ફર્ટ કે બજારમાં આવતી નવી વરાઈટીઝ વિશે જાણવામાં કશું ખોટું નથી. પોતાના બાળકને ધવડાવતી મા માટે 'ફ્રિડિંગ બ્રા' કે પિસ્તાલીસ વટાવી ગયેલી પત્ની માટે 'અંડર વાયર' બ્રા લાવીને પતિ એને નાનકડી સરપ્રાઇઝની સાથે સાથે થોડું 'એડ્યુકેટ' પણ કરી જ શકે! નવા જમાનાની છોકરીઓ કે સ્ત્રીઓ જુદી છે, પરંતુ ફક્ત શહેરમાં જ. આપણે અર્બન સોસાયટીની

બહાર સ્મૉલ ટાઉન અને મધ્યમવર્ગના લોકોની પણ વાત કરીએ છીએ. એક પિતા પોતાની પુત્રી માટે નવી ફેશનના અંત:વસ્ત્રો લાવે તો એમાં કઈ મર્યાદાભંગ થાય છે એ હજી સુધી સમજવાનું બાકી છે. પિતા માટે તો પુત્રી હંમેશા 'બાળકી' જ રહે છે, રહેવી જોઈએ... એવું આ સમાજ માને છે, તેમ છતાં બાર-તેર-ચૌદની દીકરીમાં પિતાને 'સ્ત્રી' જોવાની ફરજ પણ આ સમાજ જ પાડે છે!

• • •



વી.આર.એસ.: વૅન્ચર—રિવૉલ્ટ—સૉલિટ્યુડ

બાવીસ-પચીસ વર્ષની છોકરી જો ન કમાતી હોય તો માતાપિતા એને ભાગ્યે જ કશું કહે છે, પણ બાવીસ-પચીસ વર્ષનો છોકરો જો કમાતો ન હોય તો ઘરમાં એ વિશે ઊહાપોહ મચી જતો જોવા મળે છે! કમાવું એ સ્ત્રી માટે ઑપ્શન છે, પુરુષ માટે કમ્પલ્ઝન...

"**મને** લાગે છે, હું આ જૉબ છોડી દઉં." સુનીલે કહ્યું. એ પોતાના લૅપટૉપ પર ઍવરેસ્ટ બેઝ કૅમ્પના ટ્રૅકની તપાસ કરી રહ્યો હતો, "આ લોકો મને એક મહિનાની રજા તો નહીં જ આપે."

"પણ જરૂર શું છે આવી રજા લેવાની?" નિકિતાએ જરા ચીડથી કહ્યું, "આટલી સારી જૉબ છે. છોડવાની જરૂર શું છે?"

"અરે! મારે ઍવરેસ્ટ બેઝ કૅમ્પનું ટ્રૅકિંગ કરવું છે. છેલ્લા બે મહિનાથી હું તૈયારી કરું છું. હવે છેલ્લી ઘડીએ એ લોકો રજા આપવાની ના પાડે એ કેમ ચાલે?" સુનીલે જરા ઉશ્કેરાટથી કહ્યું, "હું કાલે જ રાજીનામું આપી દઈશ."

"મને તો તમારી આ વાત સમજાતી જ નથી. એક ફાલતુ ટ્રૅકિંગ માટે દોઢ લાખ રૂપિયાની નોકરી છોડી દેવાની? કેટલી સ્ટૂપિડ વાત છે! બીજા કોઈનો વિચાર નહીં કરવાનો ને માત્ર તમારા મગજમાં જે ધૂનકી ભરાઈ એ જ સાચી?" નિકિતાએ છણકો કરીને પ્લૅટફૉર્મ પર વાસણ પછાડ્યું.

સુનીલ અને નિકિતા મુંબઈમાં 'લક્ઝુરિયસ' કહી શકાય એવી જિંદગી જીવતાં હતાં. સુનીલ પાસે સારી જૉબ હતી. માતાપિતાનો સારો એવો વારસો પણ મળ્યો હતો. પૈસાની કોઈ તકલીફ નહોતી. વરલીમાં ફ્લૅટ, બંનેની પોતાની ગાડી, સંતાનોનું ઉત્તમ સ્કૂલમાં શિક્ષણ... બધું બરાબર ચાલતું હતું.

લગભગ પાંચ વર્ષ પહેલાં નિકિતાએ અચાનક એક દિવસ કહ્યું, "મારે જૉબ છોડી દેવી છે. હું થાકી જાઉં છું."

"છોડી દે." સુનીલે આરામથી કહ્યું હતું, "તું પૈસાની જરૂર છે માટે નોકરી કરતી નથી. તને ન મજા આવતી હોય તો તારે કામ કરવાની જરૂર નથી."

ચાળીસ વર્ષની નિકિતાએ જૉબ છોડી દીધી. એ પાંચ વર્ષથી ઘરમાં છે. સુનીલે એને કોઈ તકલીફ આપી નથી. આખા દિવસની બાઈ આવતી હતી એ ચાલુ રહી. એક પાર્ટટાઇમ કૂક પણ ચાલુ જ રહ્યો... લાઇફ સ્ટાઇલમાં નિકિતાના નોકરી છોડવાથી કોઈ ફેર ના પડ્યો.

આજે સુનીલ ૪૫ વર્ષનો છે. એના આખા જીવનની એક જ મહેચ્છા હતી—હિમાલયમાં ટ્રૅકિંગ કરવાની. અત્યાર સુધી ફેમિલીની જવાબદારીને કારણે એણે કોઈ દિવસ પોતાની ઇચ્છાઓને પ્રાધાન્ય ન આપ્યું. હંમેશાં પહેલાં માતાપિતા, પછી નિકિતા અને એ પછી સંતાનોની ઇચ્છાઓ પૂરી કરવામાં સુનીલે કોઈ દિવસ પોતાનો વિચાર કર્યો જ નહીં. હવે પૂરતું ઇન્વેસ્ટમૅન્ટ અને સંતાનોનાં એડ્મિશનની વ્યવસ્થા થઈ ચૂકી એટલે સુનીલે પહેલાં એક નાનકડા ટ્રૅક માટે પૈસા ભર્યા. આઠ દિવસના એ ટ્રૅકમાં એ એકલો ગયો, નિકિતાએ સાથે જવાની ચોખ્ખી ના પાડી દીધી. બાવીસ વર્ષના લગ્નજીવનમાં પહેલી વાર સુનીલને સાચા અર્થમાં 'વૅકેશન'નો અહેસાસ થયો. ટ્રૅક પરથી પાછા આવીને સુનીલે ઍવરેસ્ટ બેઝ કૅમ્પની તૈયારી કરવા માંડી. પોતાની કંપનીમાં રજા માટે અપ્લાય કરી દીધું, પણ જવાના આઠ દિવસ પહેલાં કોઈક કારણસર એની રજા કૅન્સલ કરવામાં આવી. સુનીલ માટે આ અસહ્ય હતું. એણે નક્કી કરી લીધું કે એ નોકરી છોડી દેશે...

આજે ઘરમાં એ બાબતે મોટું રમખાણ થઈ ગયું. નિકિતાનો આગ્રહ હતો કે સુનીલે નોકરી ન છોડવી જોઈએ. સુનીલને શ્રદ્ધા હતી કે એ પાછો આવીને નવી નોકરી શોધી લેશે. હવે જ્યારે એની દુનિયામાં બધું જ ગોઠવાઈ ગયું છે ત્યારે કદાચ બે-ત્રણ મહિના નોકરી ન પણ મળે તો શું ફેર પડે? એવું સુનીલ માનતો હતો, પરંતુ નિકિતા આ વાત સાથે કોઈ રીતે સહમત નહોતી. એણે તો ધમાચકડી મચાવી દીધી...

સુનીલે માત્ર એક જ સવાલ પૂછ્યો, "તને જ્યારે નોકરી છોડવી હતી ત્યારે મેં તને એ સગવડ ઊભી કરી આપી... કોઈ દિવસ તારા પૈસાની આશા મેં રાખી નથી. તેમ છતાં તને અને સંતાનોને એ બધું જ આપવાનો પ્રયત્ન કર્યો, જે હું આપી શકતો હતો. હવે જ્યારે મારે મારા માટે કંઈ કરવું છે ત્યારે પણ મારે તમારો જ વિચાર કરવાનો?"

આ સવાલ બહુ અગત્યનો છે. આજથી વીસ વર્ષ પહેલાં કદાચ આ સવાલનું એટલું મહત્ત્વ નહોતું, જેટલું આજે છે. સ્ત્રી-પુરુષ સંબંધનાં પરિમાણ બદલાયાં છે. સ્ત્રીને લગભગ દરેક બાબતમાં સમકક્ષ અથવા સમોવડિયા અધિકારો જોઈએ છે, પરંતુ જ્યારે કુટુંબની આર્થિક જવાબદારી લેવાની વાત આવે ત્યારે એ કામ પુરુષે જ કરવું જોઈએ એવો એક વ્યાપક ખ્યાલ આ સમાજમાં છે. બાકી કેટલીયે બાબતો એવી છે, જેમાં સ્ત્રી પોતાના 'એમ્પાવરમૅન્ટ' વિશે સજાગ છે. ઘરનાં કામ પુરુષ કેમ ન કરે એવો સવાલ બહુ સ્વાભાવિક રીતે પૂછવામાં આવે છે. કમાતી પત્નીને પુરુષે ઘરકામમાં મદદ કરવી જોઈએ એવું ગાઈ-વગાડીને કહેવામાં આવે છે, પરંતુ જ્યારે ઘરનો કમાતો પુરુષ અચાનક નોકરી છોડવાની વાત કરે ત્યારે ફાઇનાન્સિયલી સૅટલ્ડ ફેમિલીમાં પણ નાનકડો ધરતીકંપ આવે છે.

કુટુંબની આર્થિક જવાબદારી પુરુષની છે એ ખ્યાલ આજથી સો વર્ષ પહેલાં પણ હતો... ને આજે પણ છે! એમ્પાવરમૅન્ટના નામે સ્ત્રીને સ્વતંત્રતા જોઈએ છે, પરંતુ એવી પત્નીઓ ખરેખર કેટલી છે કે જે એના પતિને એમ કહે કે, "તમે તમારો શોખ પૂરો કરો, હું તમારી જવાબદારી લઈશ!" પરણેલા પુરુષે ભણતાં ભણતાં પણ નોકરી કરવી પડે... કુટુંબના ભરણપોષણની જવાબદારી એણે લેવી જ પડે, ત્યાં સ્ત્રીના એમ્પાવરમૅન્ટની ચર્ચા કોઈ નથી કરતું. સ્ત્રી-પુરુષ લગ્નજીવનના રથનાં બે પૈડાં છે, જ્યારે આવું કહેવામાં આવે છે ત્યારે આ બંને પૈડાંને પોતપોતાની જિંદગી જીવવાનો અધિકાર મળવો જોઈએ એવી દલીલ કરવામાં આવે છે. જ્યારે સ્ત્રી

પોતાના કોઈ શોખ મારે કે મન મારીને પોતાના કુટુંબ માટે કોઈ સમર્પણ કરે ત્યારે એને 'દેવી' કહીને નવાજવામાં આવે છે, પરંતુ લગભગ દરેક પુરુષ પોતાની જરૂરિયાતોને હંમેશાં પ્રાયોરિટી લિસ્ટમાં સૌથી છેલ્લે મૂકે છે. આ વાતની નોંધ ભાગ્યે જ કોઈએ લીધી છે.

આપણે એવા કેટલા પુરુષોને ઓળખીએ છીએ કે જેમણે નાદુરસ્ત તબિયતના બહાને કે 'કંટાળો આવે છે' એવા બહાના હેઠળ નોકરીમાં રજા પાડી હોય? (અહીં કામચોર અને આળસુ લોકોની વાત નથી થતી. અપવાદ દરેક જગ્યાએ હોય જ છે.) સ્ત્રીઓને આવી લક્ઝરી સાવ આરામથી મળી જતી હોય છે. બાળકની માંદગી માટે માએ રજા લેવી પડે છે એવી ફરિયાદ તો બહુ સ્વાભાવિક રીતે કરવામાં આવે છે—કેટલા પિતા પોતાના બાળકની માંદગી દરમિયાન રજા લેતા હશે એવો સવાલ પણ નારીવાદી સંસ્થાની સ્ત્રીઓ પૂછે છે, પરંતુ એમને ખબર છે ખરી કે બીમારીમાં બાળકને પિતા હાજર હોય તો પણ માની જરૂર હોય છે. કોઈ પુરુષ પોતાના બાળક ખાતર નોકરી છોડવાની વાત કરે—બાળકની સંભાળ લેવા ઘેર રહેવાનું નક્કી કરે તો આ સમાજ એને એવું કરવા દે ખરો? દલીલ કરવા ખાતર વાત રસપ્રદ છે કે બાળકની માંદગીમાં પુરુષ રજા નથી લેતો, પરંતુ મા સાથે બાળકનું બૉન્ડ સાવ જુદું જ છે... અને આ કોઈ સ્ત્રી ઉપરનો અત્યાચાર નથી, બલકે કુદરતે સ્ત્રીને આપેલી ખાસ ભેટ છે! મોટા ભાગના પુરુષો બહારગામ જાય ત્યારે પત્ની અને સંતાનો માટે ખરીદી કરે છે. રવિવાર કે રજાના દિવસે પત્ની અને સંતાનોની પસંદગી પ્રમાણે બહાર ખાવાનો પ્રોગ્રામ બને છે. આખું અઠવાડિયું નોકરી કર્યા પછી રવિવારના દિવસે બહાર ન જવાની ચોઇસ પુરુષને સામાન્ય રીતે મળતી નથી, પણ એ વિશે ભાગ્યે જ કોઈ પુરુષને ફરિયાદ કરતા સાંભળ્યા છે.

પોતાના શોખ માટે કે આખી જિંદગી સેવેલાં સ્વપ્ન માટે, આગળ ભણવા માટે કે કોઈ નવી કલા શીખવા માટે જો પુરુષ પોતાની 'સારી' કહેવાતી નોકરી છોડી દે તો એ મૂર્ખ છે, બેજવાબદાર છે, પરંતુ જો કોઈ સ્ત્રી આવું કરે તો એણે પોતાની ઝળહળતી કારકિર્દીને પોતાના પૅશન ખાતર છોડી દીધાના ગૌરવ પુરસ્કારો એને આપવામાં આવે છે. મા પોતાનાં સંતાનોને સાચવવા માટે નોકરી છોડે તો એ ત્યાગ છે, પણ જો પિતા પોતાના સંતાનનું ધ્યાન રાખવા માટે નોકરી છોડે તો વેવલાવેડા છે. પુરુષને કમાવાનો કંટાળો આવી શકે જ નહીં—આવવો જોઈએ નહીં એવું નક્કી જ છે.

કમાવું એ સ્ત્રી માટે ઑપ્શન છે, પુરુષ માટે કમ્પલઝન... એક વાર લગ્ન કર્યા પછી કુટુંબ સૅટલ ન થઈ જાય, સંતાન કમાતું ન થાય ત્યાં સુધી પુરુષને રિટાયર થવાનો અધિકાર આ સમાજ નથી આપતો. એમાં કોઈ ડિસ્કાઉન્ટ નથી મળતું... સમોવડા થવાની દલીલો છે તો રસપ્રદ, સ્ત્રી કમાય છે અને એણે પોતાની કમાણી પુરુષને સોંપી દેવી પડે છે એવી દલીલો કરનાર લોકોને ખબર છે ખરી કે એવા કેટલાય પુરુષો છે, જે પોતાનો આખો પગાર પત્નીના હાથમાં મૂકે છે!

બાવીસ-પચીસ વર્ષની છોકરી જો ન કમાતી હોય તો માતાપિતા એને ભાગ્યે જ કશું કહે છે, પણ બાવીસ-પચીસ વર્ષનો છોકરો જો કમાતો ન હોય તો ઘરમાં એ વિશે ઊહાપોહ મચી જતો જોવા મળે છે! આર્થિક જવાબદારી જો પુરુષની હોય તો નિર્ણયની સત્તા એને મળે એમાં ખોટું શું છે એવો સવાલ સ્વાભાવિક રીતે જ ઊભો થાય...

જે જવાબદારી લે એને સ્વતંત્રતા અને અધિકારો મળે એવો સીધો હિસાબ જો આ સમાજમાં ચાલતો હોય તો યુવાન થાય ત્યાંથી શરૂ કરીને સાવ ઘરડો થઈ જાય ત્યાં સુધી પોતાના કુટુંબની જવાબદારી પૂરી કરતો પુરુષ જો અધિકારોની માગણી કરે તો એમાં ખોટું શું છે?

• • •



કવર ધ ફેસ... પુરુષને ફક્ત સૅક્સમાં જ રસ છે?

છેલ્લી કેટલીયે સદીઓથી લગ્નને સૅક્સ સાથે જોડીને વફાદારીની વ્યાખ્યાઓ બદલી નાખવામાં આવી છે. પતિ-પત્ની વચ્ચે માલિકીભાવ એ જ સ્થાયી ભાવ બની જાય છે, એટલે શરીરોની વફાદારી સાથે જોડાયેલા પુરુષના પઝેશનને એની શારીરિક જરૂરિયાતો સાથે જોડી દેવાય છે. પૈતૃક અને પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીને 'ના' કહેવાનો અધિકાર નથી. પુરુષ કદાચ શારીરિક રીતે વધુ હંગર, ઍપિટાઇટ કે જરૂરિયાત ધરાવતું પ્રાણી છે એમ માનવામાં આવે છે, પરંતુ વૈજ્ઞાનિક સંશોધનોએ સાબિત કર્યું છે કે સ્ત્રીના શરીરની રચના એને મલ્ટિપલ ઑર્ગેઝમનું સુખ આપે છે. સ્ત્રી વારંવાર સંભોગ કરી શકે છે, જ્યારે દરેક પુરુષ માટે એ શક્ય નથી...

"**સ્ત્રીને** ખુશ કરવી હોય તો એને ફૂલ અપાય, ભેટ અપાય, એક સારી ડેટ પર લઈ જવાય, હૉલિડે પર લઈ જવાય, પ્રેમનો એકરાર કરાય... વગેરે વગેરે વગેરે... અને પુરુષને ખુશ કરવો હોય તો એને ફક્ત સૅક્સથી જ પતી જાય." એક પુસ્તકમાં વાંચેલું. હજી હમણાં જ એક ચિત્ર જોયું, સ્ત્રીનું હૃદય એના હૃદયની જગ્યાએ છે, જ્યારે પુરુષના બે પગની વચ્ચે હૃદયનું ચિત્ર બનાવેલું હતું. રજનીશ કહે છે કે, "સ્ત્રી પ્રેમ માટે સૅક્સ આપે છે ને પુરુષ સૅક્સ માટે પ્રેમનો દાવો કરે છે..." આ બધાં વાક્યોનો કુલ મળીને અર્થ એ થાય છે કે પુરુષનું મન, મગજ અને હૃદય ફક્ત એના સૅક્સના અવયવો સાથે જોડાયેલા છે. આ વાત કેટલી સાચી અને કેટલી ખોટી એ તો કોઈ પ્રામાણિક પુરુષ જ કહી શકે, પરંતુ આની સામેની સૌથી મોટી દલીલ એ છે કે સ્ત્રીઓ દેવદાસ નથી બનતી, પણ પુરુષ દેવદાસ બની જાય છે. પોતાની જાતને શરાબમાં, ડ્રગ્સમાં કે બીજી નુકસાન કરતી ચીજોમાં ડુબાડીને પ્રેમભગ્ન પુરુષ સ્વયંને બરબાદ કરી નાખતો હોય એવા ઘણા દાખલા આપણે જોયા છે...

આ દેશમાં ધર્મ, સૅક્સ, ઈશ્વર અને રાજનીતિ વિશે કોઈને પણ બોલવાનો અધિકાર છે અને દરેક માણસ જ્યારે બોલે છે ત્યારે એના અભિપ્રાયને અંતિમ સત્યની જેમ ઉચ્ચારે છે. હાથમાં શરાબનો ગ્લાસ હોય અને બે-ચાર સાંભળનારા હોય ત્યારે મોટા ભાગના લોકો પોતાની વાતને વ્યાસપીઠ પરથી બોલતા હોય એટલી ઑથોરિટી અને ઇન્ટલેક્ચ્યુલ હોવાના મુખવટા સાથે ઉચ્ચારે છે. આ ચાર બાબતો વિશે જેટલું લખાય છે એટલું કદાચ વિશ્વની બીજી કોઈ બાબતો વિશે નહીં લખાતું હોય. કૉલમ, કવિતા, ટૂંકી વાર્તાના વિષયો આ

ચાર બાબતોની આસપાસ ફરતા રહે છે. સચ્ચાઈ એ છે કે આપણે બધા જ—એઝ અ ગ્રૂપ ઑફ પીપલ આ તમામ બાબતો વિશે અંધારામાં રહીને પોતાની બારીમાંથી દેખાતા આકાશના ટુકડાને આખું આકાશ માનીને પોતાના જ અભિપ્રાયને વારંવાર ઉચ્ચારીને એના શિલાલેખ કોતરવાના પ્રયાસો કરતા હોઈએ છીએ.

પુરુષો જ્યારે ભેગા થાય ત્યારે એ પૉર્ન જોક શૅર કરે છે, જાતીયતા સાથે જોડાયેલી ગાળો બોલે છે, અમુક-તમુક પ્રકારના વૉટ્સઍપ મૅસેજ અને એસએમએસ એકબીજાને શૅર કરે છે, પરંતુ એનો અર્થ એવો ન જ કાઢી શકાય કે પુરુષને ફક્ત આ જ બાબતમાં રસ છે. સ્ત્રી સાથેના સંબંધો દરેક પુરુષ માટે દરેક વખતે ફક્ત અને ફક્ત શારીરિક વર્તુળમાં ઘેરાયેલા- ગૂંગળાયેલા સંબંધો નથી જ હોતા.

જોકે, આ દેશમાં સૅક્સને એન્ટરટેઇન્મૅન્ટ (મનોરંજન) તરીકે પણ જોવામાં આવે છે. ઝૂંપડપટ્ટીમાં રહેતા નીચલા મધ્યમ વર્ગના કે ગરીબી રેખા નીચે જીવતા લોકો સૅક્સ માણીને પોતાની મનોરંજનની જરૂરિયાતને પૂરી કરે છે. અડધાં કપડાં સાથે પોસ્ટર્સમાં દેખાતી કે સિનેમામાં આઇટમ સોન્ગ કરતી સ્ત્રી આજે પણ આ દેશમાં રસપ્રદ 'વસ્તુ' તરીકે જોવામાં આવે છે. સિનેમાની નટીનાં સ્તન ભરાવદાર ન હોય તો એ હીરોઇન તરીકે લોકોને ગમતી નથી. 'ઝીરો' ફિગર આ દેશની ફૅશન ન હોઈ શકે. નવાઈની વાત એ છે કે જે પ્રવૃત્તિ માનવના વંશ સાથે એના પુન:જન્મ સાથે સંકળાયેલી છે એને આપણે મનોરંજન તરીકે કેવી રીતે જોઈ શકીએ? એવી જ રીતે આપણે એને ધિક્કારી પણ ન જ શકીએ. સૅક્સ અથવા સંભોગ એ પ્રાણીમાત્રની જરૂરિયાત છે. સૌથી નવાઈની વાત એ છે કે મનુષ્યની તમામ સંસ્કૃતિઓએ, તમામ ધર્મોએ, તમામ સદીઓમાં સૅક્સનો, કામનો, વાસનાનો, શારીરિક જરૂરિયાતનો વિરોધ કર્યો છે. કામ અથવા સૅક્સ એ પાપ છે... ગંદી વસ્તુ છે. એનાથી માણસ ભ્રષ્ટ થાય છે એવો વિચાર ધર્મોએ જ માણસના મનમાં ઘુસાડ્યો છે. ખરેખર તો કામ અથવા સૅક્સ એ પ્રાણીમાત્રના જીવનની ઉત્તમ અભિવ્યક્તિ છે. સર્જન માટેનું જે સાધન છે તે ગંદુ કે ખરાબ કેવી રીતે હોઈ શકે? સંસ્કૃતિ અને ધર્મ માણસના મનમાં બ્રહ્મચર્ય વિશે ઉદાત્ત ખ્યાલો જન્માવે છે. ગુણવંત શાહે લખ્યું છે કે, "માણસ જેમ કૂતરો પાળે એવી રીતે તો બ્રહ્મચર્ય ન જ પાળી શકાય!"

બ્રહ્મચર્યની વાત કરીએ ત્યારે જે બ્રહ્માંડ છે એની સાથે જોડાયેલી શક્તિની ચર્ચા થાય છે. ભારતીય તત્ત્વજ્ઞાન બ્રહ્મ, બ્રહ્માંડ અને આત્માના સંયોજનની વાત કરે છે. કૉસ્મોસમાં નવસર્જનનું મહત્ત્વ છે અને નવસર્જન માટેની આવશ્યક ઊર્જા એ શરીરમાંથી જન્મે છે. ફક્ત સૅક્સથી મુક્ત રહેવું અથવા દૂર રહેવું એટલે જ બ્રહ્મચર્ય નથી. જાતીય વૃત્તિને દબાવીને, જરૂરિયાતોને અવગણીને, સ્વાદ અને સૅક્સને પરાણે ભૂલવાનો પ્રયાસ કરતો માણસ 'બ્રહ્મચારી' ન હોઈ શકે.

માણસના જીવનમાં સૅક્સનું મહત્ત્વ આગવું છે. સીતાથી શરૂ કરીને આજ સુધીની સ્ત્રી પાસે વફાદારીના નામે ગુલામીની અપેક્ષા રખાય છે. રાવણને ત્યાં રહી આવેલી સીતાને સ્વીકારવાની ના પાડીને એની વફાદારી પર આક્ષેપ કર્યો હતો. "જનવાદ—ભયાદ રાજ્ઞા બભૂવ—હૃદયં દ્વિધા". પતિની રાહ જોઈને પોતાની જાતને સાચવીને અશોકવાટિકામાં રહીને ફક્ત પતિપ્રેમને ઝંખતી પત્નીને કહે છે, "એષાદશિ નિર્જિતાભદ્રે...!" લે હવે તું જિતાઈ ગઈ... તુલસીદાસજી લખે છે કે, "આ વાત સાંભળીને રાક્ષસીઓ પણ દુ:ખી થઈ જાય છે." ટૂંકમાં, સ્ત્રી એ શારીરિક રીતે જીતી અને મેળવી શકાય એવી વસ્તુ તરીકે જોવામાં આવતી હતી. એનું કારણ કદાચ સ્ત્રીનો સંબંધ ફક્ત શારીરિક સુખ સાથે જોડાયેલો હોય એવું બની શકે.

ગરુડ મહાપુરાણમાં ૯૫મા અધ્યાયમાં કહેવાયું છે કે, "દરેક સ્ત્રીએ પતિવ્રતા ધર્મનું પૂરા હૃદયથી પાલન કરવું જોઈએ, પતિને પરમેશ્વર માનવો જોઈએ, પતિની પૂજા કરવી જોઈએ. સ્ત્રીથી પરપુરુષનું ચિંતન કે પરપુરુષને

સ્પર્શ થઈ શકે નહીં. સૌભાગ્યવતી સ્ત્રીનો ધર્મ છે કે એને પતિનો પડ્યો બોલ ઝીલી એની આજ્ઞામાં રહેવું જોઈએ."

આ બધી વાતો શરીર અને શરીરની આસપાસ ગૂંથાયેલી વાતો છે. આમાં પ્રેમ, લાગણી કે પતિ પરત્વેની માનસિક વફાદારીની કોઈ ચર્ચા નથી. આનો અર્થ એવો કરી શકાય કે પુરુષને સ્ત્રીના શરીરને પોતાના વફાદાર બનાવીને બાંધી રાખવામાં રસ છે. પોતાની પત્ની કે પ્રેમિકા શારીરિક રીતે પોતાની માલિકીમાં કે પોતાના હકમાં રહે એ પુરુષ માટે ઇનફ છે? હરમ અને અંતઃપુરના કૉન્સેપ્ટમાં એકથી વધુ સ્ત્રીઓ બહુ સ્વાભાવિક રીતે સ્વીકારવામાં આવી છે, પરંતુ દ્રૌપદીને ભરસભામાં કર્ણ 'વેશ્યા' કહે છે... છેલ્લી કેટલીયે સદીઓથી લગ્નને સૅક્સ સાથે જોડીને વફાદારીની વ્યાખ્યાઓ બદલી નાખવામાં આવી છે. પતિ-પત્ની વચ્ચે માલિકીભાવ એ જ સ્થાયી ભાવ બની જાય છે, એટલે શરીરોની વફાદારી સાથે જોડાયેલા પુરુષના પઝેશનને એની શારીરિક જરૂરિયાતો સાથે જોડી દેવાય છે. પૈતૃક અને પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીને 'ના' કહેવાનો અધિકાર નથી. પુરુષ કદાચ શારીરિક રીતે વધુ હંગર, ઍપિટાઇટ કે જરૂરિયાત ધરાવતું પ્રાણી છે એમ માનવામાં આવે છે, પરંતુ વૈજ્ઞાનિક સંશોધનોએ સાબિત કર્યું છે કે સ્ત્રીના શરીરની રચના એને મલ્ટિપલ ઑર્ગેઝમનું સુખ આપે છે. સ્ત્રી વારંવાર સંભોગ કરી શકે છે, જ્યારે દરેક પુરુષ માટે એ શક્ય નથી...

ગરમ અને ઠંડા લોહી વચ્ચે જે ફરક છે એ જ સંબંધ શરીર અને અશરીર વચ્ચે છે. ધર્મો અહીંથી ત્યાગીને પરલોકમાં ભોગવવાની વાત કરે છે, પરંતુ જે ભોગવ્યાનો સંતોષ જ નથી થયો એ કઈ રીતે ત્યાગી શકાય એ પ્રશ્ન ક્યારેક મહત્ત્વનો બની જાય છે. ગૌતમ બુદ્ધના એક અનુયાયીને ચિત્રલેખા નામની નગરવધૂએ પ્રશ્ન પૂછ્યો હતો કે, "બાળવયે સાધુ બની જનાર હે મહાત્મન્, તમે જે સુખ વિશે જાણતા નથી, તમે જે સુખ ભોગવ્યું નથી એ સુખ નશ્વર છે, નકામું છે એવું તમે કઈ રીતે કહી શકો?"

મોટા ભાગની સ્ત્રીઓને સંકોચ અથવા સામાજિક બંધનોને કારણે પોતાના શરીર વિશે પૂરતી માહિતી નથી હોતી. પોતાની શારીરિક જરૂરિયાતો કે સૅક્સ્યુઅલ ઍપિટાઇટ વિશે એમને કદી તપાસ કરવાનો ચાન્સ જ મળતો નથી. (આપણે હાયર મિડલ ક્લાસની પચીસથી નીચેની છોકરીઓ વિશે વાત નથી કરી રહ્યા. આપણે એવી છોકરીઓ કે સ્ત્રીઓ વિશે વાત કરી રહ્યા છીએ, જેમણે પોતાના શરીરને નિર્વસ્ત્ર કદી જોયું પણ ન હોય!) આવી સ્ત્રીઓ પોતાના પતિની સાથે શારીરિક સંબંધ—સંભોગ કે સૅક્સ વખતે ફક્ત 'સમર્પણ' કરીને સંતોષ મેળવે છે. એમને પોતાના ઑર્ગેઝમ વિશે આખી જિંદગી ખબર પણ ન પડે એવું બની શકે! આવા સંજોગોમાં એવો આક્ષેપ કરવામાં આવે છે કે પુરુષને ફક્ત સ્ત્રીના શરીરમાં જ રસ છે...

શક્ય છે કે પુરુષ માટે સ્ત્રીનું શરીર એક રસપ્રદ અને મનોરંજક બાબત હોય. પૉર્ન જોક કે ફોટા શૅર કરવા, બ્લ્યૂ ફિલ્મ જોવી, ડાન્સબારમાં જવું કે સૅક્સ વર્કર પાસે જવું એ કદાચ એના સો કૉલ્ડ પૌરુષને ઉશ્કેરતી, આનંદ આપતી બાબત હોઈ શકે, પણ આ વાત આઇસ્ક્રીમ ખાવા જેવી, શરાબ પીવા જેવી કે સિગરેટ પીવા જેવી બાબતો છે. આનાથી સતત અને સખત આનંદ મળતો નથી એ વાત દરેક પુરુષ સમજે છે અને કેટલાક સ્વીકારે છે! માણસમાત્ર માટે પ્રેમ અગત્યની બાબત છે. જે મનથી જોડાય છે એ જ તનની કૅમેસ્ટ્રીને પૂરેપૂરી માણી શકે છે. જમી લેવાને જે લોકો 'એક કામ પત્યું' માનીને કરે છે એમનામાં અને જે પોતાના ભોજનનો કોળિયે કોળિયો સંપૂર્ણ સ્વાદ સાથે માણે છે એમાં ફેર છે...

બે વ્યક્તિઓ જ્યારે એકબીજા સાથે તન અને મનથી જોડાય ત્યારે પોતાના સંબંધની સંપૂર્ણ અભિવ્યક્તિ કરી શકે છે. શારીરિક સંબંધને 'સમભોગ' કહેવાયો છે. બે પુખ્ત વ્યક્તિઓ એકબીજાની સાથે સંપૂર્ણપણે તન્મય

થઈને એકબીજાને પૂરા પ્રેમથી સ્વીકારી લે, એકબીજાને પૂરેપૂરું સુખ આપવાના હેતુથી જે સંબંધમાં પ્રવેશે એનું નામ સમભોગ

• • •



ઔર ભી ગમ હૈ, ઝમાનેમેં મહોબ્બત કે સિવા...

થોડાં વર્ષો પહેલાં 'આઇ લવ યુ'ના ત્રણ શબ્દોનો અર્થ 'વિલ યુ મેરી મી?' થતો હતો, હવે એવું નથી. આકર્ષણ હોય, લાગણી હોય, સાથે સમય વિતાવવો ગમતો હોય કે શારીરિક સંબંધો હોય ત્યાં સુધી નવી પેઢી એને 'પ્રેમ' તરીકે ન સ્વીકારે એવું પણ બને! હજી દસકા પહેલાં પુરુષ કે સ્ત્રી શારીરિક નિકટતાને સ્વાભાવિકપણે પ્રેમનું નામ આપી દેતા હતા, પરંતુ હવે સંબંધોમાં સ્પષ્ટતા દાખલ થઈ છે. આ સારું છે કે ખોટું એવા લેબલ લગાડવાને બદલે આને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ.

"**ઍક્સક્યુઝ** મી... આ પ્રેમ શબ્દ સાથે મારે દૂર દૂર સુધી કોઈ સંબંધ નથી." અમોઘે આળસ મરડીને પગ લાંબા કર્યા. ત્રણ મિત્રો બેસીને બિયર પી રહ્યા હતા. રઘુ, અમોઘ અને વિનીત. ભારતના ત્રણ જુદા સ્ટેટમાંથી આવીને મુંબઈમાં નોકરી કરતા આ છોકરાઓ અપાર્ટમૅન્ટ શૅર કરતા હતા. રઘુ એક ક્રિશ્ચિયન છોકરીના પ્રેમમાં હતો. તામિલ બ્રાહ્મણ કુટુંબનો છોકરો ઘેર કહી શકતો નહોતો. છેલ્લાં ત્રણ વર્ષથી એ સેન્ડ્રાને ડેટ કરતો હતો, પણ લગ્નની વાત આવે કે પાણીમાં બેસી જતો. બે-ચાર બિયર ગળા નીચે ઊતરે કે રઘુ ઇમોશનલ થઈ જતો... આજે પણ એવું જ થયું હતું.

રઘુ પોતાના પ્રેમનાં દુઃખડાં રડી રહ્યો હતો ત્યારે દર વખતની જેમ અમોઘે ફરી એક વાર કહ્યું, "આ બધાં પ્રેમ-ફ્રેમનાં લફરાં ઊભાં કરવાનાં જ નહીં. પ્રેમથી વધુ વાહિયાત બાબત આ જગતમાં બીજી કોઈ નથી. પ્રેમ શબ્દ સાથે મારે દૂરદૂર સુધી કોઈ લેવાદેવા નથી." અમોઘની વાત સાચી હતી. એણે ક્યારેય કોઈ છોકરી સાથે એક સાંજ પણ વિતાવી હોય એવું છેલ્લાં ત્રણ વર્ષમાં બન્યું નહોતું. અમોઘ દેખાવડો હતો. છ ફૂટની હાઈટ અને રેગ્યુલર જિમિંગને કારણે બનેલું સુદૃઢ શરીર, નમણો ચહેરો... કોઈ પણ છોકરી શરૂઆતના પરિચયમાં જ અમોઘ તરફ આકર્ષાતી, પરંતુ અમોઘ એને પહેલી કે બીજી મુલાકાતમાં જ કહી દેતો, "નો ડેટિંગ, નો વુમન ઍન્ડ નો લવ-શવ ફોર મી."

આ માત્ર અમોઘની જ વાત નથી, આવું ઘણા પુરુષોમાં જોવા મળે છે. એમને લાગે છે કે પ્રેમ એમની કારકિર્દીમાં કે એમના ફોકસમાં ક્યાંક વચ્ચે આવશે—નડશે અથવા એમને માટે સમસ્યા ઊભી કરશે એટલે આવા પુરુષો પ્રેમના નામથી જ ભાગતા હોય છે. એમને માટે આવા સંબંધો વીકનેસ હોય છે. એમને લાગે છે કે

આ 'સ્ત્રી' શબ્દ એમની જિંદગીમાં કોઈ કારણ વગરની સમસ્યાઓ ઊભી કરશે. સામાન્ય રીતે પુરુષની પ્રકૃતિ કેર ફ્રી અથવા ટેગ લેસ જીવવાની છે. બંધનમુક્ત રહેવું એ પુરુષ માત્રની બેઝિક જરૂરિયાત છે. મોટા ભાગના પુરુષો માટે લગ્ન એ સામાજિક જરૂરિયાત અથવા એક સગવડનો ભાગ હોય છે. લગ્ન કરી લેવાથી 'એક કામ પૂરું થયું' માનનારા પુરુષોની સંખ્યા ઓછી નથી. પ્રેમમાં પડીને લગ્ન કરનારા પુરુષો પણ જીવનભર એ મુગ્ધતા કે સ્નેહમાં એટલી જ ઇન્ટેન્સિટીથી ટકી શકતા નથી. એનું કારણ કદાચ એવું હોઈ શકે કે પુરુષ માટે પ્રેમ એની જિંદગીનો એક ભાગ છે—એના માટે પ્રેમમાં હોવાની ફિલિંગ થોડા મહિના, થોડાં વર્ષો કે થોડા સમય માટે હોઈ શકે, જ્યારે સ્ત્રી માટે પ્રેમ એની જિંદગીનો પર્યાય છે. સ્ત્રી માટે જીવનભર પ્રેમમાં તરબતર રહેવું એ એની જરૂરિયાત છે. એક સ્વભાવે પ્રેક્ટિકલ છે અને બીજું સ્વભાવે રોમૅન્ટિક છે. અભિવ્યક્તિ એ એક માટે પ્રયત્નપૂર્વક કરવામાં આવેલી—કદાચ બીજાને ખુશ કરવામાં આવેલી એક પ્રવૃત્તિ માત્ર હોઈ શકે, જ્યારે બીજા માટે અભિવ્યક્તિ એ એના અસ્તિત્વનો એક ભાગ છે. દરેક પુરુષમાં થોડા ઘણા પ્રમાણમાં સ્ત્રી હોય છે અને દરેક સ્ત્રીમાં થોડા ઘણા પ્રમાણમાં એક પુરુષ હોય છે... સ્ત્રી અને પુરુષનું આ કૉમ્બિનેશન—અર્ધનારી નરેશ્વરનું આ સાયુજ્ય માણસ માત્રને સંપૂર્ણ બનાવે છે. આ પુરુષમાં સ્ત્રી, કે સ્ત્રીમાં પુરુષનું પ્રમાણ—પર્સન્ટેજ કેટલા છે એના પ્રમાણ ઉપર આ સ્ત્રી-પુરુષના વ્યક્તિત્વનો આધાર રહેલો છે.

કોઈ પણ વાત કોઈ પણ વ્યક્તિત્વ માટે લાગુ પડે જ, એવું જરૂરી નથી. માણસ માત્રના વ્યક્તિત્વનો આધાર એના ઇકો સોશિયો બેકગ્રાઉન્ડ, ઉછેર, એને થયેલા જિંદગીના અનુભવ અને અનુભવમાંથી એણે તારવેલાં તારણો પર આધારિત છે. કોઈ જનરલ સ્ટેટમૅન્ટ 'માણસ' વિશે ન થઈ શકે, તેમ છતાં મહત્ત્વની વાત એ છે કે, જ્યારે આપણે જેન્ડરની વાત કરતા હોઈએ—કોઈ એક પર્ટિક્યુલર જાતિ (જ્ઞાતિ નહીં) કે સૅક્સની વાત કરતા હોઈએ, ત્યારે અમુક બાબતો સામાન્ય અથવા પ્રકૃતિગત જોવા મળે છે. પુરુષની પ્રકૃતિ સાથે કેટલીક વાતો વણાયેલી છે. એને આંસુ સાથે બહુ કમ્ફર્ટ નથી હોતી. દલીલ કરવામાં સામાન્ય રીતે પુરુષ બહુ ઊંચી આવડત ધરાવતો નથી. મહેણાં મારવા, સંભળાવવું, ચોપડાવી દેવું કે યાદ રાખીને હિસાબ કરવાની વૃત્તિ સામાન્ય રીતે પુરુષમાં નથી હોતી, હોય તો એમ માની શકાય કે એના સ્ત્રૈણ પર્સન્ટેજ થોડા વધારે છે! પ્રેમ એ પુરુષ માટે—સામાન્ય રીતે—એક એવી પ્રવૃત્તિ છે જેની સાથે એનું માનસિક સંતુલન, રિલેક્સેશન, ઇમોશન જોડાયેલું છે, પરંતુ જ્યાં સુધી એની બાકીની પ્રવૃત્તિ ખોરવાઈ નહીં ત્યાં સુધી જ!

પ્રેમિકા કે પત્ની જો એના ઑફિસના સમયમાં વારંવાર ફોન કરીને એને 'ડિસ્ટર્બ' કરવા માંડે, એની પાસે વધુ પડતા સમય કે અટેન્શનની માગણી કરે, વધારે પડતા પઝેસિવ થઈને બિન જરૂરી પૂછપરછ કે તપાસ કરે તો પુરુષની પ્રકૃતિ ઊંધા જવાબ આપવાની, જૂઠું બોલવાની કે એથી યે આગળ વધીને—અકળાઈને રિઍક્ટ થવા માટે એને ધકેલે છે. આ એક એવો ગૂંચવાયેલો મામલો છે જેનો હલ આજ સુધી ભલભલા લોકો શોધી શક્યા નથી. માનસિક મુક્તિની ઝંખના પુરુષને કોઈ કારણ વગર પ્રેમથી અથવા સંબંધથી દૂર લઈ જાય છે. આમાં મહદંશે સંબંધમાં રાખવામાં આવતી વધુ પડતી અપેક્ષાઓ જવાબદાર પુરવાર થાય છે. દુનિયાનો કોઈ પણ જીવ મુક્તિ ઝંખે છે. વૃક્ષને પણ ખુલ્લી હવા અને સૂર્યપ્રકાશ જોઈએ છે, પંખીને આકાશ જોઈએ છે. પ્રાણીઓ જંગલમાં જ વધુ સારી રીતે જીવી શકે છે, એનો અર્થ એ થાય છે કે જીવ માત્ર બંધનમુક્ત જીવવાની ઝંખના સાથે જન્મે છે. 'લગ્ન' એ જરૂરિયાત નથી, વ્યવસ્થા છે. સામાજિક સંતુલન જાળવી રાખવા માટે ગોઠવાયેલી આ વ્યવસ્થા ખરેખર સ્ત્રી-પુરુષ સંબંધની જરૂરિયાત નથી. કદાચ બહુ ક્રૂડ લાગે અથવા અણગમતું લાગે તો પણ સત્ય એ છે કે બે વિજાતીય વ્યક્તિઓ એકબીજાની સાથે શારીરિક રીતે અથવા ઇમોશનલી આકર્ષાય છે. સમાજે આપેલી સમજ અને ઉછેરમાં શીખવાડવામાં આવતી કેટલીક બાબતોને કારણે મોટા ભાગના લોકો એમ માને છે કે પ્રેમ વગરનો શારીરિક સંબંધ ગુનો છે અથવા ખોટો છે. કોઈ વિજાતીય વ્યક્તિ પ્રત્યેના

આકર્ષણને પ્રેમ માની લેવાની ભૂલ મોટા ભાગના લોકો કરતા હોય છે. ગુણવંત શાહે લખ્યું છે, 'એક માણસ બે ભૂરી આંખોના પ્રેમમાં પડ્યો અને આખા શરીરને પરણવાની ભૂલ કરી બેઠો.' પુરુષ માટે આકર્ષણ એ પ્રકૃતિગત સહજ બાબત છે. સ્ત્રીને ટીકી ટીકીને જોતો પુરુષ એ આપણા સમાજનું સ્વાભાવિક દશ્ય છે. આને માટે માત્ર આકર્ષણ જવાબદાર છે... જે પુરુષ પોતાની જાતને સમજી શકે છે, ઓળખી શકે છે એને ખબર છે કે એને જિંદગીમાં ખરેખર શું જોઈએ છે.

જો ઇમોશનલ જરૂરિયાત મુક્તિની જરૂરિયાત કરતાં વધારે હોય તો નાના-મોટા સમાધાન કરવા પુરુષ તૈયાર થાય છે, પરંતુ જો એને માટે લગ્ન એ એના માતા-પિતાની ઇચ્છા, સંતાનની ઝંખના કે સગવડની અપેક્ષા હોય તો એની જરૂરિયાત એને આ સમાધાન કરવા માટે મજબૂર કરે છે, પરંતુ આ બધાની બહાર જો એની મુક્તિની ઝંખના પ્રબળ હોય અને દુનિયાના કોઈ પણ કારણ માટે એને પોતાનું સ્વાતંત્ર્ય અથવા ઇમોશનલ ઇન્ડિપેન્ડન્સ છોડવાની ઇચ્છા ન હોય એવા પુરુષો 'પ્રેમ' નામના શબ્દથી દૂર ભાગે છે. મિત્રોના પ્રણયસંબંધોમાંથી કે આસપાસના લગ્નોમાંથી એ એટલું શીખી ગયા હોય છે કે સ્ત્રી સાથેનો ઇમોશનલ સંબંધ રિસ્પોન્સિબિલિટીથી વધીને લાયેબિલિટી સુધી વધી જશે. પોતે ક્યાં છે એ કહેવું પડશે, ફરિયાદો સાંભળવી પડશે, અભાવનું લિસ્ટ સતત લાંબુ થતું જશે અથવા પોતે શું કર્યું છે—કરી રહી છે એ જણાવીને પત્ની કે પ્રેમિકા સતત પોતાનું ધાર્યું કરાવવાનો પ્રયત્ન કરશે... આ જો એક પુરુષનું કન્ડિશન લર્નિંગ હોય તો સમય સાથે એ સ્ત્રીથી દૂર રહેવાનું પસંદ કરે છે. 'ટુ સ્ટેટ્સ' નામની ફિલ્મમાં અર્જુન કપૂર કહે છે, 'થક ગયા હૂં પાપા કી કમી પૂરી કરતે કરતે...' અથવા હમણા દેખાતી એક મૅક્ડૉનાલ્ડની ઍડમાં નાનકડો છોકરો કહે છે, 'ગર્લફ્રૅન્ડ બહોત ડિમાન્ડિંગ હોતી હૈ...' આ નવી પેઢીના સંવાદો છે.

જસ્ટ ફ્રૅન્ડ્સ, સૅક્સ બડીઝ કે બૉયફ્રૅન્ડ-ગર્લફ્રૅન્ડ, કમ્પૅનિયન કે રિલેશનશીપ જેવા શબ્દોને હવે નવી પેઢીમાં 'પ્રેમ'ના પર્યાય સ્વરૂપે વાપરવામાં આવે છે. વધુ ફોકસ્ડ, વધુ પ્રામાણિક અને વધુ સ્પષ્ટવક્તા આ નવી પેઢી સમજી શકે છે કે એને શું જોઈએ છે અને બદલામાં એ શું આપવા તૈયાર છે એની પણ એમની પાસે પ્રમાણમાં સ્પષ્ટ સમજ છે. થોડાં વર્ષો પહેલાં 'આઇ લવ યુ'ના ત્રણ શબ્દોનો અર્થ 'વિલ યુ મેરી મી?' થતો હતો, હવે એવું નથી. આકર્ષણ હોય, લાગણી હોય, સાથે સમય વિતાવવો ગમતો હોય કે શારીરિક સંબંધો હોય ત્યાં સુધી નવી પેઢી એને 'પ્રેમ' તરીકે ન સ્વીકારે એવું પણ બને! હજી દસકા પહેલાં પુરુષ કે સ્ત્રી શારીરિક નિકટતાને સ્વાભાવિકપણે પ્રેમનું નામ આપી દેતા હતા, પરંતુ હવે સંબંધોમાં સ્પષ્ટતા દાખલ થઈ છે. આ સારું છે કે ખોટું એવા લેબલ લગાડવાને બદલે આને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. પુરુષની પ્રકૃતિને ઓળખીને એની સાથે સંબંધ બાંધનાર સ્ત્રીએ સામાન્ય: પસ્તાવું પડતું નથી. દરિયાનાં મોજાંની જેમ ધસમસતો આવેલો અને પાકા ફળની જેમ ગુરુત્વાકર્ષણથી ખોળામાં પડેલો પુરુષ પ્રેમના શરૂઆતના તબક્કામાં અને 'આઇ લવ યુ'ની કબૂલાત થઈ ગયા પછી, કેટલાક સંબંધોમાં શારીરિક નિકટતા પછી બદલાય છે... અથવા બદલાઈ જવું એની પ્રકૃતિ છે... આ વાતને સ્વીકારીને સંબંધમાં દાખલ થનારી સ્ત્રીઓ પ્રમાણમાં ઓછી દુ:ખી થાય છે. એવું નથી કે આવી સ્ત્રીઓ નથી હોતી, પરંતુ સ્ત્રીની પ્રકૃતિ ઋજુતા અને સંવેદન સાથે જોડાયેલી છે, એટલે સ્ત્રી માટે પ્રેમમાં પડવું અથવા ઇમોશનલી કોઈના પર આધારિત—ડિપેન્ડન્ટ હોવું એ પ્રિવિલેજ અથવા સુખની બાબત છે, જ્યારે પુરુષ માટે 'પ્રેમ' ઘણી વાર સ્કૅરી અથવા હોરિફાઈંગલી બાંધનારી બાબત છે. પછીથી પસ્તાવા કરતાં પ્રેમમાં નહીં પડવું—કારકિર્દી પર ફોકસ રાખવું—પૈસા કમાવવા અને સમજદારીભર્યા શારીરિક સંબંધો રાખવા એ વાત કેટલાક પુરુષોને માફક આવી જાય છે...

ચલો એક બાર ફિર સે અજનબી બન જાયે... એવું કહેવા કરતાં ઔર ભી ગમ હૈ જમાને મેં મોહબ્બત કે

સિવા... માનનારા પુરુષોની સંખ્યા વધતી જાય છે.

• • •



ઈલાસ્ટિક ઈમોશન્સ: સ્થિતિસ્થાપકતા કાયમી ગુણ નથી

પોતાના મનમાં ઊગેલી મહોબ્બતને સમજી શકે—સમજીને ઓળખી શકે—ઓળખીને જીવી શકે—જીવીને સ્વીકારી શકે—સ્વીકારીને એની સામે સમર્પિત થઈ જાય એવા પુરુષો પ્રમાણમાં ઓછા હોય છે... કોઈપણ પુરુષ જ્યારે પ્રગાઢ પ્રણયના સંબંધમાંથી પણ કારણ વગર વિડ્રો થવા માંડે, પાછાં પગલાં ભરવા માંડે ત્યારે એને પકડવાનો કે બાંધી રાખવાનો પ્રયત્ન પારાને હાથમાં પકડવા જેવો હોય છે!

'**મને** લાગે છે કે આપણે થોડા દિવસ ના મળવું જોઈએ.' નિશીથની આંખોમાં કંઈક એવું હતું જે પ્રાચીને સમજાયું નહીં.

'કેમ?' પ્રાચીને આઘાત લાગ્યો.

'બસ એમ જ મને લાગે છે કે હું બહુ સમય તારી સાથે વિતાવું છું.' નિશીથે કહ્યું. પ્રાચીને ખૂબ નવાઈ લાગી. પ્રાચી અને નિશીથ છેલ્લા એક વર્ષથી એકબીજાને મળતાં હતાં. એક ઑફિસમાં સાથે કામ કરતાં કરતાં પહેલાં મિત્રતા અને હવે પ્રણયનો સંબંધ હતો.

'પણ...' શું કહેવું એ પ્રાચીને સમજાયું નહીં. એ થોડીવાર નિશીથની આંખોમાં જોતી રહી.

એ પછીના દિવસો પ્રાચી માટે ભયાનક હતા. એ જ નિશીથ, જે દિવસમાં દસ-દસ ફોન કરતો હતો એણે ધીમે ધીમે સાંજે એક જ ફોન કરવાનું શરૂ કર્યું. પ્રાચી જેટલી મળવાની વાત કરે એટલીવાર નિશીથ કોઈ ને કોઈ કારણસર પ્રાચીની વાત ટાળતો. ધીરે ધીરે પ્રાચીની અકળામણ વધી ગઈ. એને લાગ્યું કે એનાથી કોઈ ભૂલ થઈ છે.

'નિશીથ, આઈ એમ સૉરી!' પ્રાચીએ એક નવો પ્રયત્ન કરી જોયો, 'મારી કોઈ ભૂલ થઈ હોય, હું ક્યાંય ખોટી હોઉં, એવું કંઈ પણ હોય તો મને કહે... તું કહીશ એમ કરીશ. આઈ ડોન્ટ વૉન્ટ ટુ લુઝ યુ...'

'અરે! આ વળી નવું શું છે?' નિશીથ ચિડાયો.

'કેટલાય વખતથી તું મારી સાથે વિચિત્ર રીતે વર્તે છે.' પ્રાચી રડી પડી, 'શું થયું છે તને? તું કોઈ બીજી છોકરીની સાથે...'

'નૉનસૅન્સ' નિશીથે વચ્ચેથી જ પ્રાચીની વાત કાપી નાખી, 'આ બધું શું છે?'

'નિશીથ... આઈ લવ યુ' પ્રાચીએ કહ્યું.

'હા! આઈ લવ યુ ટુ' નિશીથે કહ્યું તો ખરું પણ પ્રાચીને એ વાક્યમાં પહેલાં જેવો રણકો સંભળાયો નહીં. પ્રાચીએ રડતાં રડતાં આખી વાત એની દોસ્ત પ્રિયંકાને કરી.

પ્રિયંકાએ નિશીથને ફોન કરીને સીધું જ પૂછી નાખ્યું, 'શું વાત છે નિશીથ? હવે તને પ્રાચીમાં રસ નથી રહ્યો?'

'એવું મેં કહ્યું?' નિશીથ સહેજ અકળાયો, 'શું પ્રૉબ્લેમ છે? શેને માટે મારું લોહી પીઓ છો?'

'વૉટ ડુ યુ મીન?' પ્રિયંકાએ વળી વાતનું વતેસર કરી નાંખ્યું, 'તમને પુરુષોને બસ આ જ આવડે છે. કોઈના ઈમોશન સાથે રમવાનું, લફરાબાજી કરવાની અને પછી મન ભરાઈ જાય એટલે માણસને પડતા મૂકી દેવાના. એક વાત યાદ રાખજે. પ્રાચીને દુઃખ થશે તો હું તને છોડીશ નહીં. '

'સારું.' કહીને નિશીથે ફોન ડિસકનેક્ટ કરી નાખ્યો. એક પછી એક લોકોને પ્રાચી વાત કરતી રહી. બધા નિશીથને સમજાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા. નિશીથને સમજાયું નહીં કે પ્રાચી આટલા બધા લોકોને એમની બે જણાની અંગત બાબતમાં કેમ ઘસડી રહી છે.

પ્રાચી જેમ વધારે લોકોને ઇન્વૉલ્વ કરતી ગઈ એમ નિશીથ વધુ ને વધુ વિડ્રો થતો ગયો. જેમ નિશીથ વધુ વિડ્રો થતો ગયો એમ પ્રાચીએ વધુ મરણિયા થઈને ફોન કરવા માંડ્યા, લોકોને ઇન્વૉલ્વ કરવા માંડ્યા... ને જેમ વધુ લોકો પ્રશ્નો પૂછવા લાગ્યા તેમ તેમ નિશીથે પોતાની જાતને વધુ ને વધુ બંધ કરવા માંડી.

ઘણા બધા પ્રણયસંબંધોમાં આવું થાય છે, થતું રહે છે. સ્ત્રી અને પુરુષની પ્રકૃતિ જુદી છે—શરીરથી શરૂ કરીને મન સુધી. પ્રણયથી શરૂ કરીને પથારી સુધી! તદ્દન જુદા વિચાર ધરાવતા, જુદી માનસિકતા ધરાવતા અને સંબંધમાંથી જુદી જ અપેક્ષા રાખતા બે જણા જ્યારે ભેગા થાય ત્યારે કેટલાંક ઘર્ષણો ઊભાં થાય છે. આ ઘર્ષણો માનસિક સ્તરનાં અને એકબીજાની ઈમોશનલ જરૂરીયાતનાં ઘર્ષણો છે. સામાન્ય રીતે પ્રેમમાં પડેલો પુરુષ શરૂઆતમાં દરિયાનાં મોજાંની જેમ ધસમસતો આવે છે. થોડોક સમય એ ઉન્માદની સ્થિતિ ઍન્જૉય કર્યા પછી દરિયાની મોજાંની જેમ જ થોડાંક વળતાં પાણી થાય છે.

સામાન્ય પરિસ્થિતિમાં પુરુષને પોતાના ઈમોશન્સનું બૅલેન્સ ખોવાનું પોસાય એમ નથી હોતું. જે પુરુષ પ્રેમમાં પડે છે, પહેલીવાર કે ગમે તેટલીવાર પણ પુરુષ માટે પ્રેમમાં પડવાની સ્થિતિ સ્વયં પરથી નિયંત્રણ ખોવાની સ્થિતિ છે. વ્યવસાયને કે શિક્ષણને કેન્દ્રસ્થાને મૂકીને જીવવાનું પુરુષને શીખવવામાં આવ્યું છે. સાવ નાનકડો હોય ત્યારથી એને એવું કહેવામાં આવે છે કે, એણે પોતાનું ફોકસ ખોવાનું નથી. પુરુષ જ્યારે પ્રેમમાં પડે છે ત્યારે એનો અનુભવ જરા નવતર હોય છે. પ્રેમ ગમે તેટલામી વારનો હોય, પરંતુ અનુભવના લેવલ પર એ દરેક વખતે એક ફ્રેશ અનુભવ બનીને પુરુષની જિંદગીમાં આવે છે.

સતત ફોકસ રહીને પોતાની કારકિર્દી કે પોતાના વ્યવસાય પર હન્ડ્રેડ પરસેન્ટ ઍનર્જી ખર્ચી રહેલા પુરુષ માટે પ્રેમમાં પડવાનો અનુભવ, 'આજ મૈ ઉપર, આસમાં નીચે...' જેવો હોય છે. (આ બધી એક જનરલ

ઑબ્ઝર્વેશન સાથે જોડાયેલી સામાન્ય બાબતો છે. દરેક નિયમને અપવાદ હોઈ શકે એવી જ રીતે જુદા પ્રકારના પુરુષો—જુદી માનસિકતા કે જુદી મૅન્ટલફ્રેમ હોઈ જ શકે!) પ્રેમમાં પડેલો પુરુષ સામાન્યત: ટીનએજના છોકરા જેવું વર્તે છે. એને બીજું કશું સૂઝતું નથી. એના મનમાં સતત એક જ ખ્યાલ છવાયેલો રહે છે. દરેક પ્રેમ સાથે સૅક્સ હોય જ, એવું જરૂરી નથી પરંતુ મોટાભાગના પુરુષોનો પ્રેમ સ્ત્રીના શરીર અને સૌંદર્ય સાથે પણ જોડાયેલો હોય છે. જ્યાં સુધી એ સ્ત્રીને 'પામી લેવાનો' એનો ખ્યાલ પુરો નથી થતો ત્યાં સુધી સામાન્ય પુરુષ માટે બીજું કંઈ પણ ફોકસ કરવું પ્રમાણમાં અઘરું હોય છે. આવા સમયે જો ગંભીર અને વ્યવસાયિક રીતે ફોકસ્ડ પુરુષ હોય તો એને અચાનક એવું સમજાય છે કે એ ક્યાંક અટવાયો છે.

સ્ત્રી જ્યારે પ્રેમમાં પડે છે ત્યારે 'હેડ ઓવર હિલ્સ' પડે છે. એને માટે જગતનાં તમામ સત્યો (સામાન્ય રીતે) એના 'પ્રેમ' સુધી આવીને પૂરાં થઈ જાય છે. સ્ત્રી માટે પ્રેમ એના સંબંધનો પ્રાણવાયુ છે, કદાચ! રોમૅન્ટિક કલ્પનાઓ અને સંબંધમાં રહેલો 'રોમાન્સ' પૂરતો થઈ પડે છે... પરંતુ એ સતત ચાલવો જોઈએ એવી સ્ત્રીની 'જરૂરિયાત' છે. પુરુષની જિંદગીમાં સ્ત્રીની જગ્યા થાળીમાં રહેલા મિષ્ટાન જેવી હોય છે, એનું મહત્ત્વ આગવું છે પણ એના વગરની થાળી 'અધૂરી' ન હોઈ શકે! ડીપેન્ડન્સ અથવા આધારિત રહેવું એ સ્ત્રી માટે કદાચ 'જરૂરિયાત' છે પરંતુ પુરુષ માટે આધારિત રહેવાની લાગણી ભય પ્રેરતી એક એવી બાબત છે જે એને સમજાય—રીયલાઈઝ થાય કે તરત જ પુરુષને આવા ડીપેન્ડન્સમાંથી બહાર નીકળી જવાની જરૂરિયાત લાગે છે. કોઈપણ એક સ્ત્રી-પુરુષના સંબંધમાં આધારિત રહેવું અને આધારિત હોવાનું સ્વીકારવું, આવી બે જુદી બાબતો છે. પ્રેમિકા કે પત્નીને, મા ને કે પુત્રીને... પોતાના જીવનનો મહત્ત્વનો પુરુષ પોતાના પર આધારિત હોય એમાં જ જીવનનું સાર્થક્ય લાગે છે, જ્યારે પુરુષને પોતાના જીવનની સ્ત્રી પોતાના પર આધારિત હોય એમાં પોતાનું પુરુષત્વ સફળ થતું લાગે છે ખરું, પરંતુ જ્યારે સ્ત્રીનું ડીપેન્ડન્સ ઈમોશનલ થઈ જાય—નાની વાતમાં સ્ત્રી પુરુષની મદદ માંગે, સલાહ માંગે કે જાતે કશું જ ન કરી શકે ત્યારે પાછું એને 'સફોકેશન' કે 'બોજ' લાગવા માંડે છે! દુનિયાનો સૌથી નાજુક અને સૌથી કૉમ્પ્લિકેટેડ, ન સમજાય તેવો, તેમ છતાં એના વિના જીવવું અઘરું પડે એવો સંબંધ—મૅન-વુમન રીલેશનશિપ છે!

સંતો, પંડિતો, સરમુખત્યારો અને ભલભલા સફળ સ્ટાર્સ પણ જ્યારે પ્રેમમાં પડે છે ત્યારે થોડો સમય માટે બુદ્ધિને કોરે મૂકી દે છે—એવો માણસ અને મીડિયા બંનેનો અનુભવ છે. આ પરિસ્થિતિમાં જ્યારે પુરુષને લાગે છે કે એ ઈમોશનલી વધુ ને વધુ 'વીક' થતો જાય છે ત્યારે એને માટે સ્વયંને જગાડીને, 'આ બધા'માંથી બહાર નીકળવું એ જ પહેલો ઉપાય જણાય છે. દરેક પુરુષ આમાંથી જ નીકળી જાય છે, નીકળી જ શકે છે અથવા નીકળવા માંગે છે એવું માની લેવું નકામું છે. પોતાના મનમાં ઊગેલી મહોબ્બતને સમજી શકે—સમજીને ઓળખી શકે—ઓળખીને જીવી શકે—જીવીને સ્વીકારી શકે—સ્વીકારીને એની સામે સમર્પિત થઈ જાય એવા પુરુષો પ્રમાણમાં ઓછા હોય છે... કોઈપણ પુરુષ જ્યારે પ્રગાઢ પ્રણયના સંબંધમાંથી પણ કારણ વગર વિડ્રો થવા માંડે, પાછાં પગલાં ભરવા માંડે ત્યારે એને પકડવાનો કે બાંધી રાખવાનો પ્રયત્ન પારાને હાથમાં પકડવા જેવો હોય છે!

ખરેખર તો આવા સમયે એને એની સ્પેસ આપીને રબ્બર બૅન્ડની જેમ છોડી દેવો એ જ ઉત્તમ રસ્તો છે. એ પોતાની સેન્સ ઑફ બિલોંગીગને ઓળખીને, સમજીને પાછો ફરે ત્યાં સુધી કરેલી પ્રતીક્ષા મોટેભાગે પ્રણયમાંથી પરિણય સુધી પહોંચે છે... પરિણય પરિણામ સુધી પહોંચે છે... અને સંબંધ શ્વાસ જેટલો શાશ્વત બનાવી શકાય છે. પાંજરું તૈયાર કરીને એમાં પુરુષને પુરી દેવાનો પ્રયાસ પ્રણયસંબંધ પર કુહાડો મારવા જેટલો ઘાતક પુરવાર થઈ શકે જેની પત્ની, પ્રેમિકા-પ્રેયસીએ નોંધ લેવી અનિવાર્ય છે.



'વફાદારી' નારીવાચક શબ્દ નથી!

બુદ્ધિશાળી સ્ત્રીઓ એમની ચાળીસીમાં પહોંચતાં સુધીમાં જિંદગી જોઈ ચૂકી હોય છે. એને 'પશુ' અને 'પુરુષ'નો ભેદ પારખતાં આવડી ગયો હોય છે. પોતાની સફળતાને કારણે કેટલાં ફુદાં આકર્ષાઈને આવ્યાં છે અથવા કેટલા લોકોને એના શરીરમાં રસ છે એટલું આવી સ્ત્રીઓની એક ઊડતી નજર જ વાંચી લે છે.

"**વ્હાય** ?" નીલિમા સહેજ નશાર્ત આંખો સાથે અજયની બાંહોમાં ઝૂલી ગઈ, "હું નથી ગમતી તને?" નીલિમાના અવાજમાં સહેજ ઘસરકો પડ્યાની પીડા હતી.

"સુંદર છે તું." અજયે એને સીધી ઊભી રાખવાનો પ્રયાસ કર્યો, "ઇન્ટેલિજન્ટ પણ છે."

"તો?" નીલિમાએ અજયની છાતી પર આધાર લેવાનો પ્રયત્ન કર્યો.

"તો શું?" અજય સ્વસ્થ હતો. બંને જણાંએ સારો એવો શરાબ પીધો હતો. સાંજની પાર્ટી પૂરી થયા પછી નીલિમા પોતાના રૂમમાં જતી વખતે અજયના રૂમમાં દાખલ થઈ ગઈ. અજય સમજતો હતો, પણ એ આ પરિસ્થિતિને ટાળવાના પૂરા પ્રયાસમાં હતો. નીલિમા પહેલાં તો અજયની બાજુમાં પલંગ પર આડી પડી ગઈ. પછી ખાસ્સી વારે ઊઠીને પોતાના રૂમ તરફ જતાં જતાં એણે અજયને આલિંગન આપ્યું. અજયે બહુ જ સ્વાભાવિકતાથી એને 'ગુડનાઇટ' હગ આપીને આવજો કહેવાનો પ્રયત્ન કર્યો, પણ નીલિમા હજી વધુ—થોડું વધુ કંઈક ઇચ્છતી હતી.

"અજય..." પાંચ ફૂટ સાત ઇંચની નીલિમાની પરફેક્ટ કાયા એના વળાંકો સાથે અજયની આસપાસ વીંટળાઈ.

અજયે બહુ જ સ્નેહથી નીલિમાનો ચહેરો પોતાના બે હાથની વચ્ચે પકડીને એના કપાળ પર હળવું ચુંબન કર્યું, "કહેવાય છે કે ફોરહેડ પર ચુંબન કરવાથી માણસની જિંદગીની મિઝરી ઘટી જાય છે." એણે કહ્યું અને આરામથી એને દરવાજા તરફ વાળી. નીલિમા અનિચ્છાએ બહાર નીકળી, પણ એની અંદર અજયે નકારેલી એની ઝંખનાનો શોષ એની સાથે જ આખી રાત તરફડતો રહ્યો.

એ પછીના કેટલાય દિવસો એમ જ વીતી ગયા, પરંતુ એક દિવસ રાત્રે નીલિમાએ વૉટ્સએપ પર અજયને

પૂછી નાખ્યું, "તું કદીય મારા તરફ આકર્ષાયો હતો ખરો? એક પળ માટે પણ?"

અજયે વૉટ્સઍપ પર જવાબ આપ્યો, "હા. જુઠ્ઠું નહીં બોલું, પણ મારા હૃદય અને આત્માથી હું કોઈકને પ્રેમ કરું છું. આ જન્મ માટે મારી જિંદગી એના નામે લખાઈ ચૂકી છે."

"હું પ્રેમની વાત જ નથી કરતી." નીલિમાએ છંછેડાઈને લખ્યું.

"પ્રેમ સિવાય હું કોઈ સ્ત્રીના શરીરને સ્પર્શી પણ ના શકું." અજયે જવાબ આપ્યો...

•

એક સામાન્ય માન્યતા એવી છે કે આવેલી તક અને મળેલો હક પુરુષ છોડતો નથી. સામેથી આ રીતે પોતાના પર ઢોળાઈ જતી સ્ત્રીને કદી કોઈ પુરુષ નકારે જ નહીં એવું સમાજ માને છે. ફિલ્મ સ્ટાર્સ કે ક્રિકેટરના રૂમમાં જતી ઘેલી ફૅન્સને અમુક-તમુક રીતે 'વાપરી' લેતા હશે એવી લોકવાયકાઓ સાંભળવા મળે છે, પરંતુ આપણે કશુંયે નજરે જોયા કે જાણ્યા વગર સાંભળેલી વાતોને આગળ વહેતી કરવામાં પાવરધા છીએ. પુરુષને સંયમ ન હોય અથવા પુરુષને ફક્ત શરીરમાં જ રસ છે એવું માનનારા કે કહેનારા લોકોમાં સ્ત્રી અને પુરુષો બંને છે. પરણેલા પુરુષો વધુ ભ્રમરવૃત્તિ ધરાવે છે અથવા એમને 'વેરાઇટી'માં રસ છે એવી વાતો કરીને સમગ્ર પુરુષજાતિને એક જ ચશ્મામાંથી જોનારા લોકો આ સમાજમાં ઓછા નથી.

આપણે પત્નીને મૂકીને બૅંગકૉક જતા કરોડપતિઓની ચર્ચા નથી કરતા... લખલૂંટ પૈસા ખર્ચીને 'બી' ગ્રેડની સ્ટાર કે આઇટમ ગર્લ્સને પોતાના ફાર્મહાઉસ પર બોલાવીને ઇંગો મસાજ કરતા નબીરાઓની પણ આ વાત નથી. સ્ત્રીને ઉપભોગ કે ઉપયોગની વસ્તુ સમજતા હોય એવા પુરુષોની ખોટ નથી એ વાત સાચી છે. પોતાના તાબામાં ન રહેતી સ્ત્રી પર હાથ ઉપાડનારા કે પોતાને ન મળે એવી સ્ત્રી પર બળાત્કાર કરનારા પુરુષોના સમાચાર આપણે વાંચતા રહીએ છીએ. લગ્નજીવનમાં બેવફાઈ કરનારા, સાળીથી શરૂ કરીને મિત્રની પત્ની સુધીની સ્ત્રી સાથે 'લફરાં' કરનારા પુરુષો પણ છે જ, હોય જ! કેટલાક લોકોને પોતાનું પુરુષત્વ ફક્ત પથારીમાં પ્રસ્થાપિત કરતાં આવડે છે. કેટલી સ્ત્રીઓ સાથે પોતાનો સંબંધ છે અથવા પોતે કેટલી આસાનીથી સ્ત્રીને 'પટાવી' શકે છે એ વાત કહીને કેટલાક પુરુષોને પોતાના અહંકારને પંપાળવામાં એક અજબ જેવો નશો મળતો હશે. એમણે કહેલી બધી જ વાતો અને એમનાં બધાં જ લફરાંપુરાણ તદ્દન સાચાં કે જેન્યુઇન છે એવું માનવાનું આપણી પાસે કોઈ કારણ હોતું નથી... બસ, ચટપટી ચટણીની દરેક વાનગીને એમાં ડબોળીને ચટકારા બોલાવવાની શ્રોતાઓને મજા આવે એટલું જ! કેટલાક પરણેલા પુરુષો એમ માને છે કે એની પત્ની એનાં મા-બાપની સેવા કરવા આવી છે, અથવા એને માટે સંતાન જણવા સિવાય એની પત્નીની કોઈ 'જૉબ' નથી... આ બધું જ આપણી આસપાસ રોજેરોજ બને જ છે, તેમ છતાં દરેક નિયમને અપવાદ હોય એવી વાતને પણ આપણે સમજવી અને સ્વીકારવી પડે.

દરેક પરણેલો પુરુષ પોતાની પત્નીથી કંટાળી જ જાય છે અથવા દરેક પરણેલા પુરુષને પોતાની પત્ની જૂની—વાસી—નકામી લાગે છે એવું ન જ હોઈ શકે. આપણા સમાજમાં એવા ઘણા પુરુષો છે, જે પોતાની પત્નીને પૂરા હૃદયથી ચાહે છે, એને સન્માન આપે છે અને એને પૂરેપૂરા વફાદાર છે. કેટલાક પુરુષો માટે આવી તકો આપોઆપ ઊભી થતી હોય છે, પણ મળેલી દરેક તકને પોતાનો અધિકાર સમજીને ભોગવી લેવાની પ્રકૃતિ દરેક પુરુષની ન પણ હોય. 'શાલીનતા' એ આપણી સંસ્કૃતિની આગવી પરંપરા છે. અંગ્રેજીમાં જેને શિવલરી કહેવાય એ ગુણ દરેક પુરુષમાં નથી હોતો, એવું ખરું, પણ જે પુરુષમાં એ ગુણ હોય છે એને ઘૂંટણિયે પડનારી

સ્ત્રીઓની કમી નથી હોતી! મજા એ છે કે આવા પુરુષો બહુ દેખાવડા હોય, સ્માર્ટ હોય, પૈસાવાળા હોય કે એમનામાં સ્ત્રીઓને આકર્ષવાની આગવી છટા હોય એવું જરૂરી નથી... ફક્ત એમની સજ્જનતા, સભ્યતા, સ્ત્રીને સન્માન આપવાની એમની વર્તણૂક જ સ્ત્રી માટે ભયાનક આકર્ષણ પુરવાર થાય છે.

આપણે જ્યારે નીલિમા જેવી સફળ, બુદ્ધિશાળી અને ઍવરેજથી સુંદર કહી શકાય એવી સ્ત્રીની ચર્ચા કરીએ ત્યારે આવી સ્ત્રીઓ એમની ચાળીસીમાં પહોંચતાં સુધીમાં જિંદગી જોઈ ચૂકી હોય છે. એને 'પશુ' અને 'પુરુષ'નો ભેદ પારખતાં આવડી ગયો હોય છે. પોતાની સફળતાને કારણે કેટલાં ફુદાં આકર્ષાઈને આવ્યાં છે અથવા કેટલા લોકોને એના શરીરમાં રસ છે એટલું આવી સ્ત્રીઓની એક ઊડતી નજર જ વાંચી લે છે. જ્યારે આવું હોય ત્યારે અજય જેવા પુરુષો સામે નીલિમા પ્રકારની સ્ત્રીઓનું હૃદય પૂરા ભાવથી સમર્પિત થઈ જાય છે. જરૂરી નથી કે આવી રીતે સમર્પિત થતી સ્ત્રીનું લગ્નજીવન તૂટેલું કે દુ:ખી જ હોય. સ્ત્રીમાત્રને એવો પુરુષ ગમે છે, જે એને વસ્તુ તરીકે નહીં, પરંતુ વ્યક્તિ તરીકે જુએ. મોટા ભાગનાં ભારતીય લગ્નજીવન તપાસીએ તો સમજાય કે સુખી દેખાતાં યુગલોમાં પણ વાતો કરવાનો સંબંધ નથી... જે લોકો પોતાની સોસાયટીમાં આદર્શ યુગલ તરીકે જોવાય છે એવું દંપતી પણ એકબીજા સાથે—ફક્ત એકબીજા સાથે—એકબીજાની કંપની બનીને સમય પસાર કરતાં શીખ્યાં જ નથી. સ્ત્રીની બુદ્ધિ વિશે ઘણી મજાક કરવામાં આવે છે, પરંતુ જેમ વફાદાર પુરુષ છે—હોય છે એમ બુદ્ધિશાળી સ્ત્રીઓ પણ હોય જ છે...

એક બુદ્ધિશાળી સ્ત્રી માટે એ જેની સાથે વાતો કરી શકે એવો પુરુષ અનિવાર્ય જરૂરિયાત છે... મજાની વાત એ છે કે જો એ સ્ત્રીને આવો પુરુષ 'પ્રેમી' કે 'પતિ' તરીકે ન મળી શકે તેમ હોય તો એ એને 'મિત્ર' બનાવીને પણ એ સંબંધ ટકાવી રાખવા માગે છે. એવું પણ માનવામાં આવે છે કે સ્ત્રી ક્યારેય રિજેક્શન કે રિફ્યુઝલ સહી શકતી નથી, આ વાત મોટા ભાગની બુદ્ધિશાળી સ્ત્રીઓની બાબતમાં ખોટી પુરવાર થાય છે, કારણ કે જ્યારે સ્ત્રી બુદ્ધિશાળી હોય ત્યારે એને એટલું ચોક્કસ સમજાય છે કે મહામુશ્કેલીએ મળેલો આ 'શબ્દો' અને 'મૌન' બંને સમજી શકે એવો પુરુષ ફક્ત શરીર ખાતર જવા તો ન જ દેવાય! પોતાની પત્નીને પ્રેમ કરતો પુરુષ કદાચ આવી લલચામણી પળને બહુ આસાનીથી છોડી શકે છે. એને એટલું ચોક્કસ સમજાય છે કે શરીરના મોહમાં વર્ષોથી સાચવી રાખેલી સભ્યતા, સંસ્કાર અને સુખની હોળી ન કરાય.

• • •



મૂછ વગરનો મર્દ...
સ્ત્રીત્વના ગુણો પુરુષ માટે નથી?

કોઈ વ્યક્તિને જોવાથી થાય એને આકર્ષણ કહેવાય અને જાણવાથી થાય એને પ્રેમ કહેવાય, પરંતુ આ વાત યુવાન હૈયાંઓને સમજાતાં કદાચ સમય લાગતો હશે. દેખાવડો, સ્ટાઇલિશ, મોટર સાઇકલ ચલાવતો, ચાવી ગોળગોળ ઘુમાવતો, ચ્યુઇંગમ ચાવતો કે રેબૅનના ગ્લાસીસ પહેરેલો છોકરો પહેલી નજરે બહુ ગમી જાય તો એને આકર્ષણ કહેવાય. એ છોકરો બીજી કેટલી છોકરીઓને ફેરવે છે—વફાદાર છે કે નહીં ત્યાં સુધી શરૂ કરીને એ જવાબદારી લઈ શકે તેમ છે કે નહીં, સારો પતિ બની શકે એમ છે કે નહીં, સારો પિતા બનશે કે નહીં? આ બધું તો એને જાણ્યા પછી જ કહી શકાય.

"**પણ** તને વાંધો શો છે?" રંજનબહેને ઉશ્કેરાઈને પૂછ્યું. એમનો ઉશ્કેરાટ વાજબી હતો. પ્રણાલીએ લગભગ આઠમા છોકરાને રિજેક્ટ કર્યો હતો. પહેલા સાત છોકરા સુધી તો આખીયે પરિસ્થિતિ ઘરના લોકોએ શાંતિથી સહન કરી, પરંતુ આ વખતે ઘરનાં સૌ ગુસ્સામાં હતાં. મનન ખરેખર સારો છોકરો હતો. અમેરિકામાં એમ.બી.એ. કરતો હતો. પાછો આવીને સીધો ફેમિલી બિઝનેસમાં જોડાવાનો હતો. ખાતા-પીતા-પૈસાવાળા કુટુંબનો એકનો એક દીકરો. એક મોટી બહેન, જે પરણેલી હતી. હવે આવા છોકરામાં ના પાડવા જેવું શું હોય—એવું ઘરના દરેક માણસને થતું હતું. પ્રણાલીને મનાવવાનો દરેકે પોતાની રીતે પ્રયાસ કરી જોયો, પરંતુ એ કંઈ બોલતી જ નહોતી, 'ના' સિવાય...

"એ છોકરામાં શું ખરાબી છે એ તો સમજાવ મને." રંજનબહેને ફરી પૂછ્યું, "દેખાવડો છે, ઊંચો છે, જાડો નથી, ગોરો છે, પૈસાવાળા ઘરનો છે, પોતાનો બિઝનેસ છે. એક જ બહેન છે... હવે આમાં ના પાડવા જેવું શું છે એ તો સમજાવ."

"એ..." પ્રણાલીએ નીચી નજરે કહ્યું, "એને..." એ આગળ ન બોલી શકી.

"બોલ, મોઢામાંથી." રંજનબહેનની ધીરજ ખૂટી ગઈ હતી.

"એને મૂછો નથી." પ્રણાલી હજી આંખ ઉઠાવી શકી નહીં, "બહુ ગોરો છે, છોકરી જેવો." પ્રણાલી આટલું બોલી ત્યાં તો રંજનબહેને એના ગાલ પર તમાચો ઝીંકી દીધો.

“અક્કલ નથી તારામાં. મૂછો નથી એટલે લગન નહીં કરે? તારું તો મગજ ચસકી ગયું છે...” રંજનબહેનનો અવાજ ફાટી ગયો.

“પણ મને ગોરો છોકરો નથી ગમતો.” પ્રણાલીએ સામી બૂમ પાડી, “ચોકલેટ જેવા છોકરા સાથે લગન ન કરાય. મૂછો વગરના છોકરાને કિસ કેવી રીતે કરાય?” પ્રણાલીના ગાલ પર બીજો તમાચો પડ્યો, “તું ગમે તેટલું મારીશ, હું આની સાથે લગ્ન નહીં કરું.”

રંજનબહેનને પ્રણાલીની વાત સમજાઈ કે નહીં, પણ આ એક જુદા પ્રકારનો ફિનોમિનન છે. ઘણી બધી છોકરીઓ માટે ગોરો અને મૂછો વગરનો છોકરો ‘પુરુષ’ની કલ્પના સાકાર નથી કરી શકતો. મિલ્સ ઍન્ડ બૂન નામના એક પ્રકાશક વર્ષોથી એકસરખી પ્રેમકથાઓ છાપે છે. હવે કદાચ ત્રીજી પેઢી એ પ્રેમકથાઓ વાંચી રહી છે... જેમાં હીરો અનિવાર્યપણે ટી.ડી.એચ. (ટૉલ, ડાર્ક ઍન્ડ હૅન્ડસમ) હોવો જ જોઈએ! સામાન્ય રીતે આપણાં શાસ્ત્રોમાં જે દેવોની કલ્પના કરવામાં આવી છે એમાંના કોઈને મૂછ નથી. મોટા ભાગના દેવોનાં ચિત્રો પ્રમાણમાં સ્ત્રૈણ છે. પૂર્ણપુરુષોત્તમ કહેવાતા કૃષ્ણ પણ મૂછ વગરના અને નમણા છે. છેલ્લા થોડા સમયમાં યુવાનોમાં શરીરના વાળ વૅક્સ કરવાનો કે શેવ કરવાને ક્રેઝ ચાલ્યો છે. ફિલ્મના હીરોની છાતી પર એક પણ વાળ ન હોય અને ટ્રાન્સપરન્ટ શર્ટ પહેરીને સિક્સ પૅક્સ દેખાડવાની એક નવી ફૅશન છેલ્લા દાયકામાં આપણી સામે આવી છે. ધર્મેન્દ્ર, સંજીવકુમાર કે શશી કપૂર જેવા હીરો શર્ટનાં બે બટન ખુલ્લાં રાખતાં અને છાતીના વાળ દેખાય એ એમના પુરુષત્વની નિશાની હતી. છેક અનિલ કપૂર સુધી હાથ અને છાતી પર વાળવાળો હીરો સ્ત્રીને ‘ઍક્સાઇટ’ કરતો રહ્યો. પછી અચાનક સમય બદલાયો અને પુરુષો પણ શરીર અને છાતી પર વૅક્સ કરાવતા થયા. મૂછ કાઢી નાખતા થયા...

શાહરુખ ખાનથી શરૂ કરીને આમિર, સલમાન, સુનીલ શેટ્ટી કે અજય દેવગન જેવા માચો હીરો પણ ‘મૂછ’ નથી રાખતા. ‘હાથ નહીં, હથોડા હૈ’ કહેનારા સની દેઓલને પણ મૂછ નથી! મજાની વાત એ છે કે આ બધા હીરો પોતાની જાતને ગમે તેટલા માચોમૅન કહેવડાવે, પરંતુ એમના ચહેરાની અને શરીરની આળપંપાળ કોઈ છોકરી કરતાં પણ વધારે કરતા હોય છે. પુરુષ એટલે રફ, પુરુષ એટલે બરછટ, પુરુષ એટલે તોછડો, પુરુષ એટલે સંદેવનાહીન, અહંકારી? પુરુષ પોતાની લાગણીઓ ન બતાવે, વહાલ ના કરે... એના સ્પર્શમાં ઋજુતા ના હોય, એની આંખમાં પાણી ના આવે... આવું ક્યાંય લખ્યું નથી. આવા કોઈ નિયમો નથી. સામાન્ય રીતે એવું થાય છે કે સ્ત્રીના મનમાં પુરુષ વિશેના જે ખ્યાલો હોય તે એની આસપાસના લોકોને જોઈને બંધાય છે. કાચી ઉંમરે જે ‘હીરો’ હોય એને વિશેની સૅક્સ્યુઆલિટીઝ કોઈ પણ છોકરીમાંથી યુવતી બનતી વ્યક્તિમાં ડેવલપ થાય છે. ઘણી વાર એવું બને કે આ હીરો એના ‘કાકા’ હોય, ‘મામા’ હોય, ‘મોટો ભાઈ’ હોય, ‘બનેવી’ કે પડોશીના પતિ પણ હોય! એ કેવા દેખાય છે, શું પહેરે છે, કઈ રીતે વર્તે છે એ બધા જ ગુણો પોતાના ભાવિ પતિમાં કોઈ પણ છોકરી શોધે છે...

‘ક્યુટ’ છોકરો કદાચ બૉયફ્રેન્ડ તરીકે ગમતો હોય તો પણ પતિ તરીકે પસંદ ન પડે એવું પણ બને. કલ્પનામાં જેને ‘હીરો’ તરીકે જોયો હોય એ પુરુષની છબિ સામાન્યતઃ છોકરી પોતાના પતિમાં જોવા માગે છે. આની પાછળ બહુ સિમ્પલ સૅક્સ્યુઅલ રિઝન્સ છે. કોઈ વ્યક્તિને જોવાથી થાય એને આકર્ષણ કહેવાય અને જાણવાથી થાય એને પ્રેમ કહેવાય, પરંતુ આ વાત યુવાન હૈયાંઓને સમજાતાં કદાચ સમય લાગતો હશે. દેખાવડો, સ્ટાઇલિશ, મોટર સાઇકલ ચલાવતો, ચાવી ગોળગોળ ઘુમાવતો, ચ્યુઇંગમ ચાવતો કે રેબૅનના ગ્લાસીસ પહેરેલો છોકરો પહેલી નજરે બહુ ગમી જાય તો એને આકર્ષણ કહેવાય. એ છોકરો બીજી કેટલી છોકરીઓને ફેરવે છે—વફાદાર છે કે નહીં ત્યાં સુધી શરૂ કરીને એ જવાબદારી લઈ શકે તેમ છે કે નહીં,

સારો પતિ બની શકે એમ છે કે નહીં, સારો પિતા બનશે કે નહીં? આ બધું તો એને જાણ્યા પછી જ કહી શકાય. એક એવી માન્યતા પણ પ્રવર્તે છે કે ઊંચો, સુદૃઢ શરીર ધરાવતો મૂછવાળો પુરુષ પથારીમાં વધુ 'પૌરુષ' પુરવાર કરી શકે છે... ખરેખર પૌરુષ એ કોઈ કુસ્તીની રમત નથી. સ્ત્રીના શરીરને સમજનારો, ઓળખનારો અને એને યોગ્ય રીતે હૅન્ડલ કરી શકે એ પુરુષ જ અંતે સ્ત્રીને 'ગમતો' પુરુષ પુરવાર થાય છે. કોઈ એક કલ્પનાની છબિથી કોઈ એક વ્યક્તિ વિશે ધારી લેવું એ સ્ત્રીની પ્રકૃતિ હોઈ શકે. મનોમન કોઈને શોધતી સ્ત્રી જ્યારે એક પુરુષને ગમા-અણગમાના ત્રાજવામાં તોળે છે ત્યારે પુરુષે એને અંતિમ સત્ય માનવાની જરૂર નથી. જે સ્ત્રી દેખાવ પરથી કોઈ પણ પુરુષ વિશે નિર્ણય કરે છે એ સાચો નિર્ણય નથી કરી રહી એટલું તો નક્કી જ છે...

આ બધા જ 'માચો હીરો'ની વચ્ચે શાહરુખ ખાને પોતાની જગ્યા બનાવી. સુપર સ્ટારડમ સુધી જઈને પુરવાર કર્યું કે બાવડાંના મસલ્સને પુરુષત્વ સાથે કોઈ નિસબત નથી. રાજેશ ખન્ના કે અમિતાભ બચ્ચને પણ ક્યારેય પોતાના મસલ્સના જોરે સ્ત્રીઓને જીતી નથી. આપણી ફિલ્મોના ચાર સુપરસ્ટાર—દિલીપકુમાર, રાજેશ ખન્ના, અમિતાભ બચ્ચન અને શાહરુખ ખાનમાંથી કોઈએ ક્યારેય બાવડાનું જોર બતાવ્યું નથી. આ ચારેય નાયકોએ પોતાની સંવેદનશીલતાના આધારે ઉત્તમ સંબંધોની ઉત્તમ ફિલ્મો આપી છે... જે છોકરીઓ ચામડીનો રંગ, મૂછ કે દાઢી, છાતીના વાળ કે બાવડાના મસલ્સને આધારે પુરુષત્વ શોધે છે એ તમામ છોકરીઓ ખરેખર શરીરને પ્રેમ કરે છે. પુરુષના મનમાં ક્યાંક તો સ્ત્રૈણભાવ હોવો જ જોઈએ. એ વગર એને સ્ત્રીની ઋજુતા, સંવેદનશીલતા, લાગણીશીલ સ્વભાવ કે મમતા કેવી રીતે સમજાય?

પૌરુષ દેખાવનો વિષય જ નથી. એ પ્રકૃતિ છે. 'ફૂડચેઇઝર' અને 'ફૂડમેકર' એવા બે વિભાગ સદીઓથી પાડવામાં આવ્યા છે. પથ્થરની ગુફામાં રહેતા માણસો પણ શિકાર કરી લાવતા અને સ્ત્રી એને પકવીને ખવડાવતી. પુરુષ યુદ્ધ કરતો અને સ્ત્રી સંતાનોને સાચવતી... સમય બદલાયો, સ્ત્રી પણ ફૂડચેઝર બની, પરંતુ પુરુષ એ બદલાયેલા સમય સાથે બદલાવાનો પ્રયાસ કરે એ સ્ત્રીને કેમ મંજૂર નથી? સ્ત્રી ટ્રાઉઝર પહેરી શકે, ગાડી ચલાવી શકે, વિમાન ઉડાડી શકે, કમાઈ શકે, યુદ્ધ કરી શકે... પણ પુરુષ જો મૂછ ન રાખે કે છાતીના વાળ કાઢી નાખે, ગોરો હોય કે જરા સ્ત્રૈણ હોય એ સ્ત્રીને પસંદ નથી... નવાઈની વાત છે ને?

• • •



છૂટાછેડા સિવાય છૂટકો જ ન હોય ત્યારે?

ઝઘડતી પત્ની કે પ્રેમિકા, શંકા કરતી પત્ની કે વાતે વાતે અસલામતી અનુભવતી પ્રેમિકા... પુરુષ માટે સૌથી અઘરો અને મુશ્કેલ વિષય બની જાય છે. વળી આવો કકળાટ કે ઝઘડો સામાન્ય રીતે સ્ત્રી-પુરુષના સંબંધમાં એટલે કે સ્પાઉસ અથવા મૅન-વુમન રિલેશનશિપમાં જ થાય છે. દીકરી બાપ સાથે કે મા દીકરા સાથે આવો કકળાટ કરીને ઝઘડતી નથી (મોટે ભાગે). એનું કારણ કદાચ સ્ટેટસનો ફરક હોઈ શકે.

"**હું** મારી જાતને એકદમ રિલેક્સ્ડ અને સ્વતંત્ર અનુભવું છું. જિંદગીનાં ૨૫ વર્ષ મેં ડરીને વિતાવ્યાં. મને પહેલી વાર લાગે છે કે હું ઇચ્છું તે કરી શકું... આજે અહીં આ પ્રોગ્રામમાં બેઠો છું ત્યારે એવી ચિંતા નથી કે ઘરે પહોંચીશ ને કકળાટ સાંભળવો પડશે." એક ૪૭ વર્ષના પુરુષે એના મિત્રને કહ્યું. પ્રૉફેશનલી ક્વૉલિફાઇડ અને સારું કમાતા એ પુરુષે લગ્નનાં ૨૩ વર્ષ પછી ડિવોર્સ લેવાનું નક્કી કર્યું. એ પોતાનું ઘર છોડીને બીજે રહેવા લાગ્યા. ચાર હજાર સ્ક્વૅર ફીટનું વેલ ડેકોરેટેડ ઘર છોડીને એ ભાડાના ઘરમાં સાવ નવેસરથી શરૂઆત કરવા તૈયાર હતા, પણ એમને હવે એ કકળાટ, અશાંતિ, માનસિક ત્રાસ અને સતત શંકાઓમાં જીવવું મંજૂર નહોતું!

આજના સમયમાં આપણે વારંવાર આવા કિસ્સાઓ સાંભળીએ છીએ. લગ્નનાં ઘણાં વર્ષ પછી સફળ અને સુખી મનાતાં દંપતી છૂટાં પડે છે. અમૃતા સિંગ અને સૈફ અલી, આમિર અને રીના, રિતીક અને સુઝાનથી શરૂ કરીને સેલિબ્રિટી ન હોય, પરંતુ સફળ હોય એવા ઘણા લોકોએ પોતાની જિંદગીનો નિર્ણય બદલવાનું નક્કી કર્યું હોય એવું આપણે જોઈ રહ્યા છીએ. આમ જોવા જઈએ તો સહુને હચમચી રહેલી સંસ્કૃતિના ધ્રૂજતા-કાંપતા પાયા દેખાય છે. સહુ ડરે છે કે આવનારાં વર્ષોમાં કદાચ ઘણાં લગ્નો આવી રીતે તૂટી પડશે. બહારથી સુખી દેખાતાં યુગલો ભીતરથી પીડાતાં હોય અને ફક્ત બાળકોને કારણે કે સમાજના ડરથી સાથે રહેતા હોય એવા કિસ્સાઓ આપણી સામે વધતા જાય છે.

દરેક વખતે લગ્નજીવનમાં સ્ત્રી જ દુ:ખી છે અથવા પીડા સ્ત્રીના જ ભાગે છે એવું હવે કહી શકાય તેમ નથી રહ્યું. આપણી આસપાસ એવા કેટલાય કિસ્સાઓ છે, જેમાં પુરુષ સ્ત્રીના અત્યાચારનો ભોગ બન્યો હોય એવું આપણે સાંભળીએ છીએ. '૪૯૮-એ'ના દુરુપયોગની કથાઓથી શરૂ કરીને સ્ત્રીઓ મગજ ગુમાવીને મારપીટ કરતી હોય એવું પણ બનવા લાગ્યું છે. સ્કિઝોફ્રેનિક થઈ જતી પત્ની વિશે બહાર વાત કરવી એ પુરુષના

અહંકારને ચોટ પહોંચાડતી બાબત છે. પત્ની શંકા કરે અને પોતે મિનિટે મિનિટનો હિસાબ આપવો પડે એ વાત પુરુષના અહંને ચોટ પહોંચાડે છે. બાળકોની સામે જેમ તેમ બોલતી અને ગેરવર્તન કરતી પત્નીને પોતે ચલાવી લે છે એ વાત કદાચ પુરુષ પોતાના મિત્રોની સામે કે અત્યંત નિકટના સ્વજનની સામે પણ બોલી શકતો નથી. પુરુષના આ નબળા પાસાનો લાભ ઘણી પત્નીઓ ઉઠાવે છે. સ્ત્રી સતત અત્યાચાર સહે છે અથવા એને બહુ જ હેરાન કરવામાં આવે છે એવી વાતો હવે થોડીક જૂની થઈ ગઈ છે.

અંતરિયાળ ગામડાંઓમાં કે અમુક જાતિઓમાં કદાચ હજી પણ સ્ત્રીની સ્થિતિ દયનીય છે, એની ના નહીં. હજી વુમન એમ્પાવરમૅન્ટના ઝંડા ગામડે ગામડે ફરફરતા નથી એ સાચું. સ્ત્રી ચપ્પલ પહેર્યા વગર ખેતરમાં કામ કરે છે, ઘર ચલાવે છે એ બધી વાતોને સાવ નકારી શકાય એમ નથી, પરંતુ બદલાઈ રહેલા અર્બન સમાજ અથવા શહેરી જીવનશૈલીમાં સ્ત્રી પ્રમાણમાં ઘણી સ્વતંત્ર મિજાજી અને સ્વચ્છંદ કહી શકાય એ હદે મુક્ત થવા લાગી છે. પોતાની આવક હોવાને કારણે ઘણાં ઘરોમાં સ્ત્રી-પુરુષના સંબંધ તણાવપૂર્ણ રહેવા લાગ્યા છે. ઘણી બધી સ્ત્રીઓ એમ માને છે કે એમની કમાણી એ એમની સ્વતંત્રતાનો પરવાનો છે. એમાંય ઘણી વાર જ્યારે પુરુષ સ્ત્રીથી ઓછું કમાતો હોય અથવા એનાથી ઓછું ભણેલો કે ઓછો દેખાવડો હોય ત્યારે આવા કજોડાનો લાભ ફક્ત પુરુષ જ ઉઠાવે છે એવું હવે નથી રહ્યું.

આજના સમાજમાં પુરુષની સ્થિતિ ધીમે ધીમે બદલાઈ રહી છે. ગમે તેટલું કમાતો અને સમાજમાં છાતી કાઢીને ફરતો પુરુષ ઘણી વાર પોતાની પત્નીની સામે મિયાંની મિંદડી થઈ જતો હોય એવું બને. સામાન્યતઃ સ્ત્રીને ખબર હોય છે કે પુરુષ માટે એની પ્રતિષ્ઠા અથવા એનો સામાજિક મોભો એને માટે બહુ અગત્યની બાબત છે. ઘણી સ્ત્રીઓ આ એક જ મુદ્દાને બરાબર તીર બનાવીને પોતાનું નિશાન સાધે છે. ઝઘડો, કકળાટ, ગમે તેવી ભાષાનો ઉપયોગ કરવાથી શરૂ કરીને પતિ કે પ્રેમી પર હાથ ઉપાડતી સ્ત્રી પણ સાવ અજાણ્યું દૃશ્ય નથી રહ્યું હવે. આનાં કારણોમાં ઊતરીએ તો સમજાય કે પીડા અને અત્યાચાર વિરુદ્ધની ફરિયાદ સ્ત્રીના ડીએનએમાં ભળીને વહે છે. સદીઓ કે હજારો વર્ષોથી પુરુષોના દમનનો ભોગ બનતી રહેલી સ્ત્રીઓ પોતાની મા, માની મા, એની માના ગર્ભમાંથી જ પીડાના ડીએનએ લઈને જન્મે છે. જે સ્ત્રી કમાવા લાગી છે અથવા નહીં કમાતી સ્ત્રી પણ જ્યારે એવું જાણી જાય છે કે એની જિંદગીમાં રહેલો પુરુષ નાથી શકાય એમ છે ત્યારે એના હાથમાં આવેલા રિમોટનો ઉપયોગ કરતા આજની શહેરી સ્ત્રી અચકાતી નથી.

સ્ત્રીનો આ ક્રોધ, વિદ્રોહ કે કકળાટ એની ઇચ્છાથી ન થતો હોય એમ પણ બને. સ્ત્રીની અસલામતી પ્રમાણમાં ઘણી તીવ્ર હોય છે. સામાન્ય રીતે ઘરમાં રહેતી ગૃહિણી એવું અનુભવે છે કે બહાર ફરતો એનો પતિ હવે એનામાં રસ નહીં લે. બાળકોના જન્મ સાથે વધી ગયેલું વજન અથવા પતિના વિકાસમાં પાછળ રહી ગયેલી સ્ત્રી મોટે ભાગે આવી અસલામતીનો ભોગ બને છે. બીજી તરફ કમાતી સ્ત્રી માટે એને મળતા અન્ય પુરુષો એને જીવનની બારી ખોલી આપે છે. પોતે કરેલો નિર્ણય સાચો જ છે એમ માનીને જીવનારી સ્ત્રીઓ કદાચ આવી સમસ્યાઓમાં નથી પડતી, પરંતુ જ્યારે મનોમન સરખામણી શરૂ થાય છે ત્યારે સ્ત્રીને પોતાની આસપાસના પુરુષો વધુ શાલીન, વધુ સમજદાર અને વધુ રસપ્રદ લાગવા માંડે છે. અજાણતાં જ આવી સરખામણીનો ભોગ બનેલી સ્ત્રી પોતાના પતિમાંથી કે પ્રિયજનમાંથી ભૂલો શોધવા માંડે છે. આ બહુ સબ કૉન્શિયસ ઑપરેટિંગ સિસ્ટમ છે. મોટે ભાગે સ્ત્રીને આની ખબર પણ નથી હોતી. ધીમે ધીમે આ અસંતોષ અથવા સરખામણીમાંથી જન્મેલો અભાવ ટોકવા, ભૂલો કાઢવા અને એ પછી કકળાટ કરવા સુધી લંબાય છે. પુરુષ સ્વભાવે ડૉમિનેટિંગ છે. અહંકારી અથવા ઇગોઇસ્ટ છે. એ ઝડપથી હાથ ઉપાડી બેસે છે અથવા સામાન્યતઃ પુરુષ પ્રકૃતિએ શૉર્ટ ટેમ્પર્ડ છે એ બધી વાતોને સ્વીકારી લઈએ તો પણ એક મહત્ત્વની બાબત એ

છે કે સ્ત્રી પાસે આંસુ છે, શબ્દ છે અને કલાકો સુધી બોલી શકવાની, ઝઘડી શકવાની ક્ષમતા છે... પુરુષ મોટે ભાગે આ નથી કરી શકતા.

ઝઘડતી પત્ની કે પ્રેમિકા, શંકા કરતી પત્ની કે વાતે વાતે અસલામતી અનુભવતી પ્રેમિકા... પુરુષ માટે સૌથી અઘરો અને મુશ્કેલ વિષય બની જાય છે. વળી આવો કકળાટ કે ઝઘડો સામાન્ય રીતે સ્ત્રી-પુરુષના સંબંધમાં એટલે કે સ્પાઉસ અથવા મૅન-વુમન રિલેશનશિપમાં જ થાય છે. દીકરી બાપ સાથે કે મા દીકરા સાથે આવો કકળાટ કરીને ઝઘડતી નથી (મોટે ભાગે). એનું કારણ કદાચ સ્ટેટસનો ફરક હોઈ શકે. સ્ત્રી જાણે છે કે પુરુષ માટે એના પરિવારજનો મહત્ત્વના છે, પુરુષના પરિવારને અપશબ્દો કહેવા, એની માનું અપમાન કરવું કે એને સરખી રીતે ન રાખવી, પતિનો ગુસ્સો પતિની હાજરીમાં જ સંતાનો પર ઉતારવો વગેરે બ્લૅકમેઇલિંગનાં હથિયારોનો ઉપયોગ ઘણી સ્ત્રીઓ કહે છે. નાક દબાવીને મોઢું ખોલાવવાની આ આખીયે પ્રક્રિયા પુરુષ માટે બહુ પીડાદાયક પુરવાર થાય છે. પોતાના પૌરુષના મોહરાને સાચવી રાખીને એણે સમાજમાં સુખી લગ્નજીવનનો દંભ કરતા રહેવાનું છે, તો બીજી તરફ ઘરમાં દાખલ થતાં જ ક્યારે બૉમ્બ ફાટશે એના ભય હેઠળ જીવવાનું છે. ક્યારે પ્રિયતમા કે પત્નીનો મિજાજ છટકશે, મૂડ બગડી જશે કે કઈ વાતે ખોટું લાગશે એનો ભાર મગજ પર રાખીને વર્તવાનું છે... આવી રીતે જીવવું સહેલું નથી. ગળાકાપ હરીફાઈના બજારમાં સફળતાને પુરવાર કરતા રહેવાનું અને સુખ માટે ઝંખતા રહેવાનું... ગમે તેટલા પૈસા વાપરવા આપે, ગમે તેટલી સગવડ ઊભી કરે કે મિજાજ સાચવવાનો ગમે તેટલો પ્રયત્ન કરે તેમ છતાં જો પતિ શાંતિ ન પામી શકે તો એને માટે એ લગ્નજીવન અર્થહીન પુરવાર થાય છે. રસોઈ કરી આપવી, સગવડ સાચવવી, સંતાન ઉછેરવા કે ઘર ચોખ્ખું રાખવું એ કદાચ એટલાં મહત્ત્વનાં કાર્યો નથી, જેટલું અગત્યનું કામ પોતાનો મૂડ સારો રાખવાનું અને શાંતિ જાળવવાનું છે. પથારીમાં ગમે તેટલું સુખ આપતી પત્ની પણ જો કર્કશા હોય તો અંતે પુરુષ મુક્તિની દિશા જ શોધે છે...

હાર્ટઅટેક, બ્લડપ્રેશર, ડાયાબિટીસમાંથી બચવા માટે પુરુષ લગ્નેતર સંબંધનો આશરો લેતો હશે?

• • •



હુઈ શામ ઉનકા ખયાલ આ ગયા

દિવસ દરમિયાન બિઝી હોય—જવાબદારી અને હરીફાઈની દુનિયામાં વ્યસ્ત અને ત્રસ્ત માણસને ઘર કે પત્ની યાદ ન આવે એ સ્વાભાવિક નથી? રોજિંદી પળોજણમાં અટવાયેલા માણસને રોમાન્સ ન જ સૂઝે, પરંતુ દિવસ પૂરો થતાં જ, પોતાની જવાબદારીઓ કે ભયાનક વ્યસ્તતાનો અંત આવે ત્યારે ઘર યાદ ન આવે તો બીજું શું યાદ આવે?

“**ફોન** કેમ નથી ઉપાડતી, ઇડિયટ!” રિંકેશે જોરથી કહ્યું.

“બૂમો ના પાડો.” અપર્ણા સામે તાડૂકી.

“બૂમ ના પાડું તો શું કરું? છેલ્લા અડધા કલાકથી ફોન કરું છું.” રિંકેશે વધુ જોરથી રાડ પાડી, “ઇરિસ્પોન્સિબલ છે તું. કાયમ જ ફોન કરું ત્યારે મારે અડધો અડધો કલાક રાહ જોવી પડે છે. શું કરતી હતી?”

“ફૂટબોલ રમતી હતી.” અપર્ણાએ ફોન ડિસકનેક્ટ કરી નાખ્યો. રિંકેશનું મગજ છટક્યું. એણે ફરી ફોન ટ્રાય કર્યો. એક વાર, બે વાર અને ત્રીજી વાર ફુલ રિંગ વગાડી ત્યારે અપર્ણાએ ફોન ઉપાડ્યો, “શું છે?”

“સાંજે આપણે બહાર જવાનું છે.”

“મારે નથી આવવું.”

અપર્ણા ફોન મૂકવા જતી હતી કે રિંકેશે બૂમ પાડી, “ફોન નહીં મૂકતી. મારી વાત સાંભળી લે. મયંકની ટ્વેન્ટી ફિફ્થ મૅરેજ ઍનિવર્સરી છે. સાંજે પાર્ટી છે.”

“તે જજો તમે.” હવે અપર્ણા સાંભળવાના મૂડમાં જ નહોતી, “હું તો ઇડિયટ છું, ઇરિસ્પોન્સિબલ છું, મને શું કામ જોડે લઈ જવી છે?”

"અરે હા ભઈ..." રિંકેશને સમજાઈ ગયું કે નમતું જોખ્યા વિના છૂટકો નથી, "તેં ફોન ના ઉપાડ્યો એટલે હું ગુસ્સામાં હતો."

"એવી કેટલી વાતો છે, જેના પર તમને ગુસ્સો ના આવે?" અપર્ણાને ડૂમો ભરાઈ ગયો, "ધીમેથી, પ્રેમથી, સારી રીતે મારી સાથે બોલો છો કોઈ દિવસ? બસ, એક રાત પડે ત્યારે મારો વિચાર આવે છે. પેટની ને શરીરની ભૂખ ભાંગવાનું કામ છે મારું. એ સિવાય મારી શી જરૂર છે તમારે?" હવે અપર્ણાનો વારો હતો, બેટિંગ કરવાનો. અપર્ણા બોલતી રહી. રિંકેશને સાંભળ્યા વિના છૂટકો નહોતો, "દિવસ દરમિયાન જ્યારે તમને ફોન કરીએ ત્યારે ખાવા જ દોડો છો. વડચકું ભર્યા વિના વાત થાય છે તમારાથી? સાંજ પડે કાલાં કાઢો છો... હું કંઈ મૂરખ નથી. બધી સમજણ પડે છે..."

"પણ દિવસ દરમિયાન હું બિઝી હોઉં છું. કામના ટાઇમે તું ફોન કરીને ફાલતુ સવાલ પૂછે તો ગુસ્સો ના આવે?"

"ફાલતુ સવાલ? તમારા જમવા માટે જ પૂછું છું..." આ દલીલો કલાકો સુધી ચાલી શકે એમ હતી...

લગભગ દરેક ઘરમાં, દરેક પતિ-પત્ની વચ્ચે આ અથવા આવા પ્રકારની દલીલો થાય જ છે. લગભગ દરેક પત્નીને લાગે છે કે દિવસ દરમિયાન એના પતિ એની સાથે જે રીતે વાત કરે છે એ લગભગ અસહ્ય હોય છે. પતિને લાગે છે કે પોતે દિવસ દરમિયાન જે પ્રેશરમાંથી પસાર થાય છે એ એની પત્ની સમજતી નથી. કામના કલાકો દરમિયાન કે ભયાનક પ્રેશરમાં પત્ની, 'શું કરો છો?' પૂછે કે, 'ક્યાં છો?'નો સવાલ ઝીંકાય ત્યારે પુરુષને કંટાળો આવે, ચીડ ચડે એ સ્વાભાવિક છે, કદાચ! ઘણાં બધાં યુગલોમાં આ બાબતની ચર્ચા કે દલીલો થતી હોય છે, થયા કરે છે.

પત્ની માટે કેટલાક પ્રશ્નો સાવ સ્વાભાવિક છે. આવા પ્રશ્નો એની કાળજીનો, એની ચિંતાનો ભાગ છે. માત્ર પતિ-પત્નીની વાત છોડી દઈએ તો, પ્રેમીયુગલમાં પણ આવી સમસ્યાઓ થતી જ હોય છે. સ્ત્રી અને પુરુષમાં કેટલાક બેસિક / તાત્ત્વિક ભેદો છે, જેમાં લાગણી અને અભિવ્યક્તિ બહુ મહત્ત્વનો તફાવત છે. સ્ત્રીનો ઉમળકો કે લાગણી અભિવ્યક્ત કરવાનો સમય એ જ છે, જે સમયે એને વહાલ આવે કે ઉમળકો જાગે. લાંબુ વિચાર્યા વગર ઇમોશનલ કે ફિઝિકલ ઍક્સપ્રેશન કરી દેવું એ સ્ત્રીની પ્રકૃતિ છે. વિચાર આવે કે તરત ફોન કરી દેવો એ પત્ની કે પ્રેમિકા માટે સાવ સ્વાભાવિક બાબત છે. એ વખતે પતિ બિઝી હશે, લોકો વચ્ચે ઘેરાયેલો હશે કે વાત કરવાના મૂડમાં નહીં હોય એવો વિચાર પત્ની કે પ્રેમિકાને ભાગ્યે જ આવે છે. આ એનું બેજવાબદાર હોવું કે ઇગ્નોરન્સ નથી, બલકે પોતાના ઇમોશન કે લાગણીને રોકી નહીં શકવાનો, નહીં રોકવાનો ઉમળકો છે. પુરુષને આ વાત સામાન્ય રીતે સમજાતી નથી. એટલે એનું ઍક્સપ્રેશન સ્ત્રીથી જુદું હોય છે.

આ બંને વચ્ચેના તફાવતમાં કોઈ સાચું કે ખોટું નથી, બસ જુદાં છે. સવારે કામે ગયેલા પતિને કે પ્રેમીને દિવસ પૂરો થતાં જ ઘર યાદ આવે છે. દિવસ દરમિયાન ફોન કરીને પત્નીની ખબર પૂછનારા કે પ્રેમની અભિવ્યક્તિ કરનારા પુરુષો સાવ નથી એવું ન કહી શકાય, પણ ઓછા છે એટલું તો સ્વીકારવું પડે. એક વાર બહાર નીકળેલો પુરુષ 'બ્રેડવિનર' બની જાય છે. એને માટે પોતાનું કામ અથવા દિવસમાં ગોઠવેલી પોતાની પ્રવૃત્તિ વધુ અગત્યની બની જાય છે. સાંજના છેડે અમુક કામો થવાં જોઈએ અથવા પોતાના કુટુંબ માટે સુખ-સગવડનાં સાધનમાં ઉમેરો કરવાની એ પ્રવૃત્તિ દરમિયાન એને પ્રેમ યાદ આવતો નથી. હિન્દી સિનેમાનાં ગીતો, "સુબહ ઔર શામ, કામ હી કામ... ક્યૂં નહીં લેતે પિયા પ્યાર કા નામ..." કે ગુજરાતી ગીત, "ઝીણા ઝરમર વરસે મેહ, ગુલાબી! નહીં રે જવા દઉં ચાકરી..." સ્ત્રીના ઇમોશનનાં ગીતો છે. પુરુષ માટે પોતાનું કામ

એની અંગત લાગણીઓ કે સુખોથી ઉપર હોય છે. ચાળીસ-પિસ્તાળીસ વર્ષની ઉંમરે ઘરકામથી કંટાળી જતી સ્ત્રીઓ આપણે જોઈ છે, પરંતુ ચાળીસ-પિસ્તાળીસ-પચાસની ઉંમરે પોતાની જૉબ કે કામથી કંટાળનારા પુરુષો આપણે ભાગ્યે જ જોયા છે. સવારે ઝઘડો થયો હોય તો રડીને આખો દિવસ વિતાવનારી સ્ત્રી સ્વાભાવિક છે, પરંતુ ઝઘડો કરીને ઘેરથી નીકળેલો પુરુષ કામે ન ચડે એવું ભાગ્યે જ બને છે. સ્ત્રી માટે રજા લેવી, રજા પાડવી પ્રમાણમાં રોમૅન્ટિક બાબત છે, જ્યારે અમથો અમથો પત્ની સાથે દિવસ વિતાવવા માટે રજા પાડનાર પુરુષ બહુ જલદી મળી આવે એવી 'પ્રજાતિ' નથી!

મોટા ભાગની પત્નીઓને એવી ફરિયાદ હોય છે કે દિવસ દરમિયાન ટૂંકી વાત કરનાર, ફોન નહીં ઉપાડનાર પતિ કે પ્રેમી સાંજના છેડે પ્રેમાળ અને રોમૅન્ટિક થઈ જાય છે. એનું કારણ ફક્ત સૅક્સ નથી. ન જ હોઈ શકે, એવો વિચાર કરવો જરૂરી છે. દિવસ દરમિયાન બિઝી હોય—જવાબદારી અને હરીફાઈની દુનિયામાં વ્યસ્ત અને ત્રસ્ત માણસને ઘર કે પત્ની યાદ ન આવે એ સ્વાભાવિક નથી? રોજિંદી પળોજણમાં અટવાયેલા માણસને રોમાન્સ ન જ સૂઝે, પરંતુ દિવસ પૂરો થતાં જ, પોતાની જવાબદારીઓ કે ભયાનક વ્યસ્તતાનો અંત આવે ત્યારે ઘર યાદ ન આવે તો બીજું શું યાદ આવે? આમ જોવા જઈએ તો આ બાબતને સ્વાર્થ કે બેદરકારીની જેમ જોવાને બદલે માણસની જવાબદારી અથવા એની વ્યસ્તતાની દૃષ્ટિએ જોવાવી જોઈએ. ઘણી સ્ત્રીઓ પણ પુરુષો જેવી હોય જ છે, જેમને પોતાની ઑફિસમાં ઘર કે સંતાનોના વિચારો બહુ ઝડપથી કે સતત નથી આવતા. જોકે સ્ત્રીની પ્રકૃતિ જ પોતાના કુટુંબની ચિંતા કરવાની કે કાળજી કરવાની છે એટલે વ્યવસાય કે નોકરી કરતી માને જેટલી સ્વાભાવિકતાથી કે સહજતાથી પતિ, સંતાનો કે કુટુંબનો વિચાર આવે અથવા પ્રેમિકાને ગળાડૂબ કામની વચ્ચે પણ જે રીતે પોતાના પ્રેમીનો વિચાર આવે એટલી સ્વાભાવિકતાથી કે સહજતાથી પુરુષ પોતાના કામની વચ્ચે પ્રેમ કે રોમાન્સનો વિચાર કરી શકતો નથી. આને પુરુષની સ્ટ્રેન્થ ગણવી કે મર્યાદા એનો આધાર એની પત્ની કે પ્રેમિકાની માનસિકતા પર રહેલો છે.

દિવસ દરમિયાન ઘરેથી ફોન આવે ત્યારે વ્યસ્ત અને ત્રસ્ત પતિ કે પ્રેમી માટે એક રાહત એ હોય છે કે સાંજના છેડે ઘરે જ જવાનું છે... ત્યારે વાત થઈ જ જશે. પત્ની એ જ સમયે પોતાનો ઉમળકો કે સ્નેહ, કાળજી કે કંટાળો વ્યક્ત કરવા માગતી હોય છે. સ્ત્રી માટે એક ક્ષણનું મહત્ત્વ હોય છે—હશે એમ માની શકાય. પુરુષને લાગે છે કે એ એટલી અગત્યની બાબત નથી, એટલે એને ટાળી શકાય. સવાલ સ્વાર્થી હોવાનો કે ગરજનો નથી, કદાચ! આ નાનકડી ગેરસમજ છે—બે પ્રકૃતિ વચ્ચેની, બે ઉછેર વચ્ચેની, બે ઉમળકા અથવા બે ઍક્સપ્રેશન વચ્ચેની! પતિ કે પુરુષ ફક્ત શરીર માટે જ સાંજના પત્નીને શોધે છે એવું માનનારી પત્ની બેવકૂફ અને બદનસીબ કહેવાય?

• • •



મશીનને સ્વીચ હોય, માણસને નહીં

ધીમે ધીમે જ્યારે અસલામતી એક રોગ બની જાય કે સતત એ જ વાત સ્ત્રીના મન પર રહેવા લાગે ત્યારે સ્નેહમાં કરાયેલું સમાધાન ગુલામીની હદ સુધી પહોંચી જાય છે. પત્ની કે પ્રેમિકાના સુખ માટે કરાયેલો પ્રયાસ જો જબરદસ્તી કે કમ્પલ્ઝન પુરવાર થાય તો એ સામાન્યતઃ પુરુષને મંજૂર નથી હોતું. સ્ત્રી જ્યારે માલિક બનવા લાગે ત્યારે એ પરિસ્થિતિ દરેક પુરુષ માટે માથું ઊંચકવાનો સમય બની જાય છે.

“**મનોજ** ...” છેલ્લા એક કલાકથી સોનલ એના પતિ મનોજ સાથે વાત કરવાનો પ્રયત્ન કરી રહી હતી. મનોજ સાવ ચૂપચાપ—સૂનમૂન બેઠો હતો, “મનોજ પ્લીઝ, કંઈક તો બોલ.” સોનલએ ફરી એક પ્રયત્ન કરી જોયો, “મેં સૉરી તો કહ્યું તને.”

“હં...” મનોજે કહ્યું.

“શું આટલો મોટો ઇશ્યૂ કરે છે? આઇ નૉ કે મારી ભૂલ થઈ... હવે શું કરું? મરી જાઉં?” સોનલ ફરી ઉશ્કેરાઈ ગઈ.

“મેં મરવાનું કહ્યું નથી.” છેલ્લા કલાકમાં પહેલી વાર મનોજ આખું વાક્ય બોલ્યો.

“તો પછી!” સોનલને લાગ્યું કે વાતચીત શરૂ થઈ, “થઈ જાય છે મારાથી ગુસ્સો. બોલાઈ જાય છે ગમે તેમ... પણ તને ખબર છે કે આઇ ડૉન્ટ મીન ઇટ.”

“ઇફ યુ ડૉન્ટ મીન, તો બોલે છે શું કામ?” મનોજે પૂછ્યું. એના મગજમાં હજી પણ સોનલનાં વાક્યો પડઘાતાં હતાં. થોડીક જ વાર પહેલાં મનોજની મમ્મી અને બહેન વિશે સોનલએ એવાં ભયાનક વાક્યો વાપર્યાં હતાં, જે મનોજના મગજમાં કોઈ ટીવી સીરિયલના સીનની જેમ ફરી ફરીને પડઘાઈ રહ્યાં હતાં. મનોજ બહુ જ દુઃખી અને અપસેટ હતો. એ સોનલ સામે જોઈ રહ્યો. આ એ જ સોનલ હતી, જે બે કલાક પહેલાં કોઈ સ્કીઝોફ્રેનિકની જેમ ચીસો પાડતી હતી. રડતી-કકળતી હતી. મા-બહેનની ગાળો દેતી અને જાત પરનો કાબૂ ખોઈ બેઠેલી કોઈ વિક્ષિપ્ત વ્યક્તિની જેમ વર્તતી હતી. એ જ સોનલ હવે ડાહીડમરી થઈને, નરમ ઘેંસ જેવી

થઈને માફી માગતી હતી. જોકે આ નવું નહોતું. મનોજ અને સોનલ વચ્ચે દર અઠવાડિયે આવા જ ઝઘડા થતા. કારણોમાં મનોજની લેડી કલિગ્સ (સ્ત્રી સહકાર્યકરો), મમ્મી, બહેન કે સ્કૂલ-કૉલેજની મિત્રો... સોનલના મગજમાં એક વિચિત્ર પ્રકારની અસલામતી ઘર કરી ગઈ હતી. મનોજની આસપાસ કોઈ પણ સ્ત્રીને સોનલ સહન કરી શકતી નહીં. એને હંમેશાં એમ જ લાગતું કે મનોજનું ધ્યાન સતત પોતાના ઉપર હોવું જોઈએ. મનોજ કોઈની સાથે હસે-બોલે, ખુલ્લા દિલે વાત કરે કે સ્નેહથી વર્તે, કોઈની મદદ કરે કે કોઈની સાથે ફોન પર વાત કરે—ફેસબુક કે વૉટ્સઍપ પર ચૅટ કરે... આવી કોઈ વાત સોનલથી સહન થતી નહીં. મનોજ સામાન્ય રીતે સોનલની આ અસલામતી સામે હથિયાર નાખી દેતો. એના મનમાં કોઈ ખોટી વાત કે વિચાર નહોતો એટલે સોનલને 'ન ગમતી' હોય એવી કોઈ સ્ત્રી સાથે એ સંબંધ વધારતો નહીં. શરૂઆતનાં વર્ષોમાં તો બરાબર હતું, પણ ધીરે ધીરે આ 'નહીં ગમતી સ્ત્રીઓ'ના લિસ્ટમાં મનોજની મમ્મી અને બહેન પણ ઉમેરાઈ ગયાં. મનોજ કકળાટને ટાળવા સોનલની વાત સ્વીકારી લેતો... ધીરે ધીરે આ વાત એટલી બધી મોટી થઈ ગઈ કે મનોજ પોતાની ઑફિસમાં કોઈ સ્ત્રી એમ્પ્લોઇને રાખી ન શકે, કોઈ સ્ત્રી ક્લાયન્ટ સાથે ડીલ કરતી વખતે એણે સતત ડરતા રહેવું પડે... મનોજ જૂઠું બોલવા લાગ્યો. સોનલ ડિટેક્ટિવ બની ગઈ... બંને વચ્ચે ભયાનક ઝઘડા થતા અને જ્યારે જ્યારે ઝઘડા થાય ત્યારે સોનલ કોઈ માનસિક રોગીની જેમ વર્તવા લાગતી. મનોજ પર હાથ ઉપાડવા સુધીની હદે સોનલ પહોંચી જતી... આજે પણ એમ જ થયું હતું. બધું પતી ગયા પછી, જ્યારે ઊભરો બેસી જાય ત્યારે સોનલ માફી માગતી... શરૂઆતમાં મનોજ માફ કરી દેતો, પણ હવે પરિસ્થિતિ કાબૂ બહાર નીકળી ગઈ હતી. મનોજ માફ કરે કે તરત એણે નોર્મલ વર્તવા માંડવું એવો સોનલનો આગ્રહ રહેતો. સોનલ બોલીને ભૂલી જતી, પણ મનોજ માટે એના ભયાનક શબ્દો ભુલાવવા એ સહેલું કામ નહોતું!

સામાન્ય રીતે પતિ-પત્ની વચ્ચે ઝઘડાની ભયાનકતા આટલી બધી નથી હોતી. તેમ છતાં કેટલીક સ્ત્રીઓ આવી વિક્ષિપ્ત મનોદશા સુધી પહોંચી જાય છે. પોતાના જીવનસાથીને અત્યંત પ્રેમ કરતી હોય એવી સ્ત્રી સામાન્ય રીતે અસલામતીથી પીડાતી હોય છે. જે વ્યક્તિને પોતે આટલું બધું ચાહે છે એ જો પોતાની નહીં રહે તો શું થશે એ વિચાર એમને હચમચાવી મૂકે છે. પુરુષ પણ આવા હોય છે, પરંતુ અસલામતીનું પ્રમાણ સ્ત્રીમાં વધારે જોવા મળે છે. અસલામતી અભિવ્યક્ત કરવાની સૌની પોતાની રીત હોય છે. કેટલાક લોકો પીડાઈને, શાંત રહીને, સ્વયં પર અત્યાચાર કરીને પોતાની અસલામતી અભિવ્યક્ત કરે છે. અટેન્શન સિકિંગ બિહેવિયર—જેમાં પોતાના પ્રિય પાત્રનું ધ્યાન ખેંચવાના તમામ પ્રયત્નો સામેલ હોય છે. આવા પ્રયત્નોમાં ક્યારેક રિસાવું તો ક્યારેક મગજ ગુમાવવું... ગમે તેમ બોલી નાખ્યાની બીજી જ મિનિટે માફી માગવી ને એ માફી તરત ને તરત ન મળે અથવા સામેની વ્યક્તિના વર્તનમાં સહાનુભૂતિ ન દેખાય તો તરત ફરી મગજ ગુમાવીને ઝઘડવા જેવી રોલરકોસ્ટર રાઇડની અનિશ્ચિતતા દેખાય છે. પુરુષનું અટેન્શન અથવા એના તરફથી મળતાં સ્નેહ, પ્રેમ અને પ્રશંસામાં જો ઓટ આવવા માંડે તો સ્ત્રીને પોતાના પતિ કે પ્રેમીના જીવનમાં પોતાનું સ્થાન ડોલતું દેખાય છે... જ્યાં સુધી પતિ પોતાના સૌંદર્યમાં કે શરીરમાં, સ્નેહમાં કે પોતાના હાથના સ્વાદમાં બંધાયેલો રહેશે ત્યાં સુધી કોઈ તકલીફ નહીં પડે એવું કેટલીક સ્ત્રીઓ દઢપણે માનતી હોય છે. પુરુષ ફક્ત સગવડ કે સ્વાદ, શરીર કે બીજી કોઈ બાબત ખાતર બંધાયેલો રહે છે એવું માનનારી સ્ત્રી કદાચ ભૂલ કરે છે. કોઈ એક કારણસર કોઈ વ્યક્તિ આપણી સાથે જોડાયેલી હોય તો એને સ્વાર્થ કહેવાય, પ્રેમ નહીં... આવું નહીં સમજી શકતી સ્ત્રીઓ વધુ અસલામત અને એમનું વર્તન વધુ અનિશ્ચિત હોય છે. જે સલામતી માટે એ આ ઝઘડા કરે છે, ખરાબ બોલે છે, હાથ ઉપાડે છે કે વિક્ષિપ્ત વ્યક્તિની જેમ વર્તે છે એ સલામતી આવા ઝઘડાને કારણે જ એમનાથી વધુ ને વધુ દૂર થતી જાય છે. શરૂઆતમાં આવા ઝઘડાથી ડરતો પુરુષ ધીરે ધીરે એનાથી ટેવાઈ

જાય છે, પછી ઇગ્નોર કરવા લાગે છે.

સામાન્ય રીતે બધા જ પુરુષો સુખી અને શાંત લગ્નજીવન ઇચ્છતા હોય છે. એને માટે જરૂરી હોય અને શક્ય બને ત્યાં સુધીનાં બધાં જ સમાધાન પુરુષ કરતો પણ હોય છે. (આપણે અપવાદની ચર્ચા નથી કરતા) ધીમે ધીમે જ્યારે અસલામતી એક રોગ બની જાય કે સતત એ જ વાત સ્ત્રીના મન પર રહેવા લાગે ત્યારે સ્નેહમાં કરાયેલું સમાધાન ગુલામીની હદ સુધી પહોંચી જાય છે. પત્ની કે પ્રેમિકાના સુખ માટે કરાયેલો પ્રયાસ જો જબરદસ્તી કે કમ્પલ્ઝન પુરવાર થાય તો એ સામાન્યતઃ પુરુષને મંજૂર નથી હોતું. સ્ત્રી જ્યારે માલિક બનવા લાગે ત્યારે એ પરિસ્થિતિ દરેક પુરુષ માટે માથું ઊંચકવાનો સમય બની જાય છે. પુરુષનો ઉછેર એના ઇગોને પંપાળીને, એના અહંકારને પોષીને કરવામાં આવે છે. પોતે 'પુરુષ' છે એ વાતનો દરેક છોકરાને સાવ બાળપણથી અહેસાસ અપાવવામાં આવે છે. આવા પુરુષને જ્યારે એક 'સ્ત્રી'ના વિચિત્ર વર્તનને ચલાવી લેવાની, સહન કરવાની ફરજ પાડવામાં આવે ત્યારે એનો ઇગો છંછેડાય એ બહુ સ્વાભાવિક છે... એથી આગળ વધીને વિચારીએ તો આ દુનિયાની કોઈ પણ વ્યક્તિ બહુ લાંબો સમય પોતાની પ્રકૃતિથી વિરુદ્ધ વર્તી શકતી નથી. કોઈ પણ વ્યક્તિને ઇમોશનલી તાબામાં રાખવી શક્ય નથી. ક્યારેક સહાનુભૂતિને કારણે તો ક્યારેક સમાજના ડરથી થોડો વખત સમાધાન કરી શકે એવી વ્યક્તિઓ પણ અંતે કંટાળીને બળવો પોકારી દેતી હોય છે.

એક વાર દુઃખ પહોંચે, અપમાન લાગે કે તકલીફ થાય પછી માફ કરવું દરેક માટે સહેલું અને સ્વાભાવિક નથી હોતું. પોતાના સ્વમાન, અહંકાર કે અસ્તિત્વ પર વારંવાર થતા આઘાતોને સહેલાઈથી ભૂલી જવા શક્ય નથી હોતા. માફી માગનાર વ્યક્તિ તો કદાચ ભૂલી શકે, પરંતુ જેણે માફી આપવાની છે એવી વ્યક્તિ પોતાની સાથે થયેલા અપમાનની લાગણી બહુ સહજતાથી કોરે મૂકી શકતી નથી. માણસ વિચારે છે મગજથી ને વર્તે છે હૃદયથી. એટલે હૃદય પર પડેલા આઘાતો એના વર્તનમાં દેખાઈ આવે છે. આવા વર્તનમાં ઘણી વાર પત્ની પ્રત્યેનો અણગમો અને તિરસ્કાર પણ સામેલ થઈ જાય છે. જે પુરુષને બાળપણથી એવું શિખવાડવામાં આવ્યું હોય કે એનો જન્મ માત્ર સગવડ અને સુખ ભોગવવા જ થયો છે—એની સાથે જ્યારે ખરાબ વર્તન થાય ત્યારે એને ભૂલવું શક્ય નથી હોતું, તરત ને તરત તો નહીં જ...

• • •



એક મશવરા હૈ જનાબ, કિ થોડી થોડી પિયા કરો...

દુનિયાની કોઈ પણ પરિસ્થિતિમાંથી આલ્કૉહૉલ ઉગારી શકતો નથી, હા શાહમૃગની જેમ થોડા કલાકો માટે રેતીમાં માથું ખોસવાની સવલત ઊભી થાય છે. ખરેખર આપણે જે પરિસ્થિતિથી ભાગીએ એ પરિસ્થિતિ પોતાની જગ્યાએ છોડીને ક્યાંય જતી નથી... એ તો ત્યાં જ ઊભી રહે છે. જેવું મગજ ઠેકાણે આવે ને નશો ઊતરે કે તરત આપણે ફરી પાછા એ જ પરિસ્થિતિની આંખમાં આંખ નાખીને જોવાનું હોય છે. ગર્લફ્રેન્ડ છોડી જાય, પત્ની સાથે મનદુઃખ થાય, પત્ની બેવફા નીકળે કે ધંધામાં ખોટ જાય... તકલીફ થાય એ વાત સાચી, પણ આમાંનું કશુંયે શરાબ પીવાથી બદલી શકાશે નહીં.

"**હું** રાત્રે મોડો આવીશ." હર્ષે વાંકા વળીને શૂઝની દોરી બાંધતાં કહ્યું, "જમવાનો નથી."

"આજે ફરી?" અમીએ ઘડિયાળ સામે જોયું, સાંજના સાત વાગ્યા હતા, "બે દિવસથી રોજ પીઓ છો તમે. આજે પણ..."

"તે?" હર્ષનો સૂર તરત જ બદલાઈ ગયો, "અઠવાડિયામાં કેટલી વાર દારૂ પીવો એ તું નક્કી કરીશ?"

"નક્કી નથી કરતી. તમારી હેલ્થની ચિંતા કરું છું." અમીએ પોતાના ઉપર સંયમ રાખીને નમ્રતા જાળવવાનો પ્રયત્ન કર્યો.

"કેમ? મને મારી તબિયતની નથી પડી? હું મૂર્ખો લાગું છું?" હર્ષે ઊભા થઈને પગ જમીન પર ઠોક્યા. પેન્ટ ખેંચીને સહેજ નીચું કર્યું, "ચાલો, આવજો."

"આ રોજરોજ પીવાનું ઠીક નથી થતું." હવે અમીએ જરાક કડક થવાનો પ્રયત્ન કરી જોયો.

"ક્રિસમસ ચાલે છે. પાર્ટી હોય છે... વરસમાં એક અઠવાડિયું તો માણસ મજા કરે કે નહીં?"

"મજા? શરાબ પીવી એ મજા છે?" અમીએ પૂછ્યું.

"હાસ્તો."

"તો પછી દુઃખી થાવ છો ત્યારે પણ પીઓ છો, એનું શું? જૉબ નહોતી ત્યારે રોજ પીતા, એવું કહીને કે..." અમી આગળ બોલે એ પહેલાં હર્ષે એને તોછડાઈથી તોડી પાડી.

"મને મોડું થાય છે. મારે દારૂબંધી પર ચર્ચા નથી કરવી. ઓ. કે.?" હર્ષ ઘરની બહાર નીકળવા ગયો કે અમીએ દોડીને એનો હાથ પકડ્યો, "શું છે?" હર્ષે હાથ ઝટકાવી દીધો.

"મજા કરવા પીઓ, દુઃખી થાવ ત્યારે પીઓ, સ્ટ્રેસ ઓછું કરવા પીઓ, હૉલિડે પર રિલેક્સ થવા પીઓ..." અમીની આંખોમાં આજીજી હતી ને આંસુ પણ, "તમને ખબર છે ને પીધા પછી તમે સાવ..." અમી આગળ ન બોલી શકી. એની આંખ નીચી થઈ ગઈ. શરાબ પીને ઘરે આવતો હર્ષ એને પશુની જેમ પથારીમાં રગદોળતો અને આનાકાની કરે તો મારતો એ વાત અમી બોલી ના શકી.

"હાથ છોડ અને જવા દે મને." હાથ ઝટકાવીને હર્ષ ચાલી ગયો. અમીથી રડી પડાયું. આ એમના ઘરની રોજિંદી પરિસ્થિતિ હતી. પહેલાં શોખ માટે કે પાર્ટી પૂરતી શરાબ પીતો હર્ષ ધીમે ધીમે આલ્કોહૉલિક થઈ ગયો હતો. એક યા બીજા બહાને એ સાંજે જ ઘરની બહાર નીકળી જતો. બિઝનેસ મિટિંગથી શરૂ કરીને દુઃખ-સુખ, ક્રિસમસ, દિવાળી, હોળી જેવાં નીતનવાં બહાનાં એને જડી જ રહેતાં. ફ્રસ્ટ્રેશનથી શરૂ કરીને ફૅન્ટાસ્ટિક મૂડ જેવાં કારણો હેઠળ હર્ષ રોજ ઘેર પીને આવતો. પીધા પછી એક સ્નેહાળ—પ્રેમાળ પતિ ભયાનક પશુમાં ફેરવાઈ જતો. એની ઊઘડેલી શારીરિક ભૂખ અમીને થકવી દેતી, પીધેલો હર્ષ વિચિત્ર માગણીઓ કરતો. એક પત્નીની ડિગ્નિટીને હાનિ થાય એવું વર્તન કરતો... અમી એને રોકે કે એનો વિરોધ કરે તો હર્ષ હાથ ઉપાડતો... બાળકોની હાજરી કે હર્ષનાં મમ્મીની હાજરી પણ આ પરિસ્થિતિમાં કોઈ ફેરફાર કરી શકતી નહીં.

શરાબ પીવી એ ગુનો નથી. કોઈને મજા આવતી હોય ને ક્યારેક આવો શોખ હોય તો એમાં કંઈ ખોટું પણ નથી. સૂરુર અને નશામાં, નશો અને વ્યસનમાં ફેર છે. એટલું સમજીને જો કોઈ આ શરાબની સાથે પોતાની જાતને જોડે તો બહુ મોટું નુકસાન ન થાય. સામાન્ય રીતે પુરુષો મજા કરવા કે દુઃખ ભુલાવવા—એવાં બે કારણ હેઠળ શરાબ પીવાનું શરૂ કરે છે. ગર્લફ્રેન્ડ દિલ તોડે ત્યાંથી મોટે ભાગે આવો પ્રવાસ શરૂ થાય છે. દિલ તૂટે કે દુઃખ થાય ત્યારે ખરેખર શરાબ પીવાથી કોઈ ફાયદો થતો હશે? આ ફક્ત ફૅશન છે? દેખાદેખી છે? માન્યતા છે કે પછી ભાગી છૂટવાની કોઈ રીત? શરાબ પીને માણસ થોડાક કલાકો માટે નશામાં ધૂત થઈ જાય છે, સાચું. દરેક વખતે દરેક માણસ શરાબ પીવાથી સારા જ મૂડમાં આવી જાય એવું ખરું? કેટલાય લોકોને શરાબ પીને વધુ ગમગીન, વધુ દુઃખી અને વધુ ઉદાસ થતા જોયા છે ને? ખરેખર તો આલ્કોહૉલ આપણી અંદરની સુષુપ્ત પર્સનાલિટીને બહાર લાવવામાં મદદ કરે છે. માણસ ભીતરથી ખુશ અને સારી સેન્સ ઑફ હ્યુમર ધરાવતું ઍક્સ્ટ્રોવર્ટ વ્યક્તિત્વ હોય ત્યારે શરાબ એની અંદરના એક ખુશમિજાજ માણસને બહાર કાઢે છે. ઈર્ષ્યાળુ, ઝઘડાખોર માણસો શરાબ પીને એવું જ વર્તન કરે છે. દુઃખી, ઉદાસ કે ભીતરથી ગમગીન લોકો ગમે તેટલા ખુશમિજાજ હોવાનો દાવો કરતા હોય, પણ શરાબ પીએ ત્યારે સાવ ચૂપ થઈ જતા પણ આપણે જોયા છે.

આલ્કોહૉલ ખરેખર કશાયનો ઉપાય કે ઉકેલ નથી જ. કોઈ પણ બહાના હેઠળ પીવામાં આવે, શરાબ સ્વાસ્થ્ય, સમજદારી અને સંબંધોને નુકસાન તો કરે જ છે. આ પરિણામ તરત ના આવે તો થોડા વખત પછી આવે છે, પ્રમાણ કદાચ ઓછું-વધતું હોય, પણ આલ્કોહૉલથી ફાયદો થાય છે એવું તો કોઈ કહી શકે એમ છે

જ નહીં. સોશિયલ ડ્રિન્કિંગ, બિઝનેસ ડ્રિન્કિંગ, પાર્ટી ડ્રિન્કિંગ, સેલિબ્રેશન ડ્રિન્કિંગના જુદા જુદા લેબલ હેઠળ અંતે તો પેટમાં અને પછી લોહીમાં ને અંતે મગજમાં આલ્કૉહૉલ રેડાય છે. દુનિયાની કોઈ પણ પરિસ્થિતિમાંથી આલ્કૉહૉલ ઉગારી શકતો નથી, હા શાહમૃગની જેમ થોડા કલાકો માટે રેતીમાં માથું ખોસવાની સવલત ઊભી થાય છે. ખરેખર આપણે જે પરિસ્થિતિથી ભાગીએ એ પરિસ્થિતિ પોતાની જગ્યાએ છોડીને ક્યાંય જતી નથી... એ તો ત્યાં જ ઊભી રહે છે. જેવું મગજ ઠેકાણે આવે ને નશો ઊતરે કે તરત આપણે ફરી પાછા એ જ પરિસ્થિતિની આંખમાં આંખ નાખીને જોવાનું હોય છે. ગર્લફ્રેન્ડ છોડી જાય, પત્ની સાથે મનદુઃખ થાય, પત્ની બેવફા નીકળે કે ધંધામાં ખોટ જાય... તકલીફ થાય એ વાત સાચી, પણ આમાંનું કશુંયે શરાબ પીવાથી બદલી શકાશે નહીં એટલું પણ નક્કી જ છે. દુનિયાની કોઈ પણ પાર્ટી કે સેલિબ્રેશન શરાબ વગર અધૂરું રહે એવું આપણે ખરેખર માનીએ છીએ? શરાબ પીવાથી ક્રિયેટિવિટી વધે કે શરાબથી માનસિક તાણ ઘટે એવું ક્યાંય, કોઈ મેડિકલ જર્નલમાં લખ્યું છે?

જો ખરેખર આવું કંઈ હોય તો શરાબ પીવાનો પહેલો અધિકાર સ્ત્રીને નથી? એક દલીલ એવી છે કે માણસ દુઃખ ભૂલવા, ગમ મિટાવવા અને પોતાની પીડાને વિસારે પાડવા માટે શરાબ પીએ છે. દિવસ આખાની મજૂરી પછી થાક ઉતારવા શરાબ પીએ છે. જો ખરેખર એમ જ હોય તો શરાબ પીવાનો પહેલો અને વધુ અધિકાર સ્ત્રી પાસે નથી? જો સ્ત્રીને આટલાં બધાં દુઃખો છે તો ખરેખર એણે શરાબ પીવી જોઈએ! એમ થતું નથી, સ્ત્રીઓ ભાગ્યે જ આવા કોઈ વ્યસનમાં સંડોવાય છે. (આપણે મીનાકુમારી જેવા કિસ્સાઓની ચર્ચા નથી કરતા.) સ્ત્રી મા છે, પત્ની છે, બહેન છે. એને ખબર છે કે એ એના પરિવારનું બૅકબોન (કરોડરજ્જુ) છે. એને એ પણ ખબર છે કે એની પાસે આવી રીતે શરાબ પીને બહેકી જવાની, બેફામ બની જવાની લક્ઝરી નથી. એને ખબર છે કે જો એ પોતાના પરિવારની કાળજી નહીં રાખે તો પરિવાર વિખરાઈ જશે... આ વાત માત્ર માણસો પૂરતી નથી, કદાચ. વિશ્વનાં તમામ સસ્તન પ્રાણીઓમાં માદા જ પોતાના પરિવારની કે સંતાનોની કાળજી લે છે. સંતાનોનું ભવિષ્ય એ માની સૌથી મોટી ચિંતા હોય છે. મહેનતથી કમાયેલા પૈસા એક મા ક્યારેય શરાબમાં કે વ્યસનમાં બરબાદ કરી શકતી નથી...

• • •



પુરુષને સમસ્યા નહીં, સોલ્યુશનમાં રસ છે

સ્ત્રી જ્યારે પ્રૉબ્લેમની ચર્ચા કરે છે ત્યારે ભૂતકાળના પ્રૉબ્લેમ, ભવિષ્યના પ્રૉબ્લેમ, જે આવી શકે તેવા પ્રૉબ્લેમ સહિત એવા પ્રૉબ્લેમ જેનું કોઈ સોલ્યુશન નથી એને વિશે ચર્ચા કરવામાં એને રાહત અનુભવાય છે. આમાં 'સારું' કે 'ખરાબ' નથી, આ પ્રકૃતિ છે. જ્યારે પુરુષ માટે પોતાના પ્રૉબ્લેમની ચર્ચા કરવી એ બહુ કમ્ફર્ટેબલ બાબત નથી હોતી.

'મારે તારી સાથે વાત કરવી છે.' શેફાલીએ કહ્યું, એની આંખો સહેજ ભીની હતી. આટલું સાંભળતાં જ મિહિરના મોતિયા મરી ગયા.

'શું વાત કરવી છે?' મિહિર વૉટ્સઍપ પર ચૅટ કરી રહ્યો હતો, 'બોલ...' એણે કહ્યું, પણ એની આંખો અને ધ્યાન એના ફોનમાં હતું.

'તું ફોન મૂકી દે.'

'અરે!' મિહિરે હજીયે ફોનમાંથી આંખ ખસેડી નહીં, 'ફોનને શું લેવા-દેવા? હું કાનથી સાંભળું છું...' મિહિરે અકળાઈને કહ્યું.

'તને મારી પડી જ નથી.' શેફાલીનો અવાજ ગળગળો થઈ ગયો.

'એવું કંઈ હોય?' મિહિરે કહ્યું, પણ ફોન મૂક્યો નહીં, 'ખોટી ફરિયાદો ના કર. તારો પ્રૉબ્લેમ શું છે?'

'તું મારી વાત સાંભળતો જ નથી.' શેફાલીએ ચિડાઈને કહ્યું.

'વૉટ ડુ યુ મીન?' મિહિરની આંગળીઓ વૉટ્સઍપ પર જવાબ ટાઇપ કરી રહી હતી. 'તું શું બોલે છે એનો એક એક શબ્દ હું રીપીટ કરી શકું એમ છું.'

'એમ?' શેફાલીએ મિહિરનો ફોન ઝૂંટવી લીધો, 'પહેલાં અહીંયાં હાજર થા.'

'ઓહ!' મિહિરે કહ્યું, એણે ફોન પાછો ઝૂંટવી લીધો, 'હું અહીંયાં હાજર છું એ તને દેખાતો નથી?'

'તારે માટે મારું કોઈ મહત્ત્વ જ નથી... જેને પણ જવાબ આપે છે એની જ સાથે વાત કરી લે, મારે કોઈ વાત નથી કરવી.' કહીને શેફાલી રૂમમાંથી રડતી રડતી ચાલી ગઈ.

'શેફાલી...' મિહિરે એકવાર બૂમ પાડી અને પછી શેફાલીનો જવાબ ના મળ્યો એટલે ફરી એકવાર પોતાના ફોનમાં બીઝી થઈ ગયો.

મિહિર અને શેફાલી વચ્ચે આ અવારનવાર બનતી ઘટના હતી. શેફાલીને 'વાતો' કરવાનો શોખ હતો. પોતાના દિવસની ઝીણી ઝીણી ઘટના મિહિરને કહેવામાં એને મઝા આવતી. શેફાલીને અપેક્ષા એવી હતી કે મિહિર પણ એની સાથે આવી બધી વાતો કરે. એટલીસ્ટ એની વાતો ધ્યાનથી સાંભળે એ શેફાલીની જરૂરિયાત હતી પણ એવું થતું નહીં. મિહિરને આ બધી વાતો સાંભળવાનો 'કંટાળો' આવતો. મિહિરને પોતાના આખા દિવસના બીઝી સ્કેડ્યુલ પછી ઘરે આવીને ટીવી જોવામાં, વૉટ્સઍપ પર ચૅટ કરવામાં કે ગેમ્સ રમવામાં મઝા પડતી. શેફાલીને લાગતું કે આખો દિવસ રાહ જોયા પછી મિહિરનો સમય એને જ મળવો જોઈએ.

આ માત્ર મિહિર અને શેફાલીનો પ્રશ્ન નથી. ઘણાં બધાં ઘરોમાં આ સમસ્યા વધુ ને વધુ કૉમ્પ્લિકેટેડ બનતી જાય છે. સ્ત્રી માટે પોતાના પ્રિયજન, પ્રેમી કે પતિ સાથે 'વાતો' કરવી એ એના સંબંધનો અનિવાર્ય ભાગ છે. દિવસની સામાન્ય ઘટનાઓને બહેલાવીને રસપ્રદ બનાવીને કહેવાનું સ્ત્રીને ગમે છે. મોટાભાગના પુરુષોને લાગે છે કે, 'આમાં શું સાંભળવાનું?!'

આખા દિવસનો થાકેલો પતિ કે પુરુષ જ્યારે સાંજના છેડે પોતાની પત્ની કે પ્રેમિકાને મળે છે ત્યારે એને ફક્ત 'મઝા' કે 'શાંતિ'ની અપેક્ષા હોય છે. ઘરની સમસ્યાઓ—સાસુ સાથેના કે સગાંઓ સાથેના પ્રૉબ્લેમ—સંતાન સાથેની ચડભડ વગેરે વિશે પતિ સાથે વાત કરવી એ સ્ત્રીની માનસિક જરૂરિયાત છે. એને લાગે છે કે આ વિશે વાત કરીને એ પોતાનો પ્રૉબ્લેમ્સ શેર કરે છે... સામાન્ય રીતે સ્ત્રીને એવી અપેક્ષી હોય છે કે પુરુષ પણ પોતાના દિવસની વાતો અને પોતાના પ્રૉબ્લેમ્સ શેર કરે. ખાસ કરીને પતિ-પત્નીના સંબંધોમાં પત્નીને એવી અપેક્ષા હોય છે કે પોતે પતિ વિશે—એના દિવસ વિશે—એની સમસ્યાઓ વિશે બધું જાણતી હોવી જોઈએ. પુરુષને લાગે છે કે પ્રૉબ્લેમ્સ શેર કરવાથી કોઈ ફાયદો થતો નથી. સામાન્ય રીતે પુરુષની પ્રકૃતિ એવી છે કે પોતાની સમસ્યાને ઉકેલવામાં ઍનર્જી વાપરવી જોઈએ, એને વિશે ચર્ચા કરવાથી આમ પણ કોઈ ફાયદો થતો નથી એવું સામાન્ય રીતે પુરુષને લાગતું હોય છે. આથી તદ્દન વિરુદ્ધ સ્ત્રી જ્યારે સ્ટ્રેસ્ડ હોય ત્યારે પ્રકૃતિગત રીતે એને પોતાના પ્રૉબ્લેમ્સ કે લાગણીઓ વિશે વાત કરવી હોય છે. એ જ્યારે વાત કરવાનું શરૂ કરે ત્યારે મોટેભાગે પ્રૉબ્લેમને ફોકસ કરી શકતી નથી, કારણ કે સ્ત્રી જ્યારે અપસેટ હોય ત્યારે એ કોઈ એક પર્ટિક્યુલર બાબત વિશે ચર્ચા કરવાને બદલે ઓવરઑલ અપસેટ હોવાની વાત રજૂ કરે છે. સ્ત્રી પોતાની વાત કહી દે પછી એને સોલ્યુશનની બહુ અપેક્ષા હોતી નથી. એને વાત કહેવાથી જ માનસિક રાહત અનુભવાય છે, તરત ને તરત એ પ્રૉબ્લેમનું સોલ્યુશન ન પણ મળે તો એને બહુ ઝાઝો ફેર પડતો નથી.

સ્ત્રી જ્યારે પ્રૉબ્લેમની ચર્ચા કરે છે ત્યારે ભૂતકાળના પ્રૉબ્લેમ, ભવિષ્યના પ્રૉબ્લેમ, જે આવી શકે તેવા પ્રૉબ્લેમ સહિત એવા પ્રૉબ્લેમ જેનું કોઈ સોલ્યુશન નથી એને વિશે ચર્ચા કરવામાં એને રાહત અનુભવાય છે. આમાં 'સારું' કે 'ખરાબ' નથી, આ પ્રકૃતિ છે. જ્યારે પુરુષ માટે પોતાના પ્રૉબ્લેમની ચર્ચા કરવી એ બહુ કમ્ફર્ટેબલ બાબત નથી હોતી. પુરુષ પોતાના પ્રૉબ્લેમ વિશે ફક્ત બે કારણસર વાત કરી શકે છે. એક, કાં તો એ કોઈના ઉપર દોષનો ટોપલો ઢોળવા માંગતા હોય... જેમ કે, મેં તો કહ્યું જ હતું મોડા પડીશું—તું સાંભળતી નથી એટલે

આવું થાય છે—તારે લીધે મારે એ લોકોનું સાંભળવું પડ્યું, વગેરે... એને બીજું કારણ એ છે કે પુરુષ ખરેખર કોઈની સલાહ ઇચ્છતો હોય. આ પરિસ્થિતિમાં જો એને એમ લાગે કે પોતાની વાત ખોટી પાડવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે અથવા તો પોતે જે દોષ સામેની વ્યક્તિ પર ઢોળ્યો છે એ સ્વીકારવાને બદલે પત્ની કે પ્રેમિકા દલીલ કરી રહી છે તો એનો પુરુષસહજ અહંકાર છંછેડાય છે. આનો અર્થ એવો નથી કે જ્યારે પતિ, પ્રેમી, પિતા કે પુત્ર કોઈપણ બાબત માટે સ્ત્રીને જવાબદાર ઠેરવે ત્યારે ચૂપચાપ સાંભળી લેવું. વાંક ન હોય તો પણ સ્વીકારી લેવું... ના! એવું નહીં, પણ એ જ વખતે દલીલ કરીને પોતાની વાત સાબિત કરવાનો પ્રયત્ન હંમેશાં મહાભયંકર ઝઘડો નોતરશે. એ ક્ષણે ચૂપ રહીને જો દલીલ ટાળવામાં આવે તો થોડા જ સમયમાં એને પોતાને પોતાની ભૂલ સમજાતી હોય છે.

સ્ત્રીને જ્યારે પોતાના પ્રૉબ્લેમની ચર્ચા કરવી હોય ત્યારે એણે બે-ત્રણ વાતો ધ્યાનમાં રાખવા જેવી છે. એક, આજના અને હમણાંના પ્રૉબ્લેમની ચર્ચા કરવી. પાંચ વર્ષ પહેલાં શું થયું હતું એના દાખલા આપીને જો આજના પ્રૉબ્લેમની ચર્ચા કરવામાં આવશે તો આજનો પ્રૉબ્લેમ કદી ચર્ચાનો ભાગ બની શકશે નહીં. બીજુ અને બહુ જ અગત્યનું, જે પ્રૉબ્લેમની સોલ્યુશનની અપેક્ષા અને શક્યતા હોય એની જ ચર્ચા કરવી. જે પ્રૉબ્લેમનું સોલ્યુશન નહીં જ આવે એવી ખબર હોય એને વિશે ચર્ચા કરવાથી પુરુષનું ફ્રસ્ટ્રેશન વધારવાનો કોઈ અર્થ નથી. ત્રીજું, જેટલા સોલ્યુશન આપવામાં આવે એ બધા વિશે સામે દલીલો કરીને, આપવામાં આવેલું સોલ્યુશન નકામું છે એવું સાબિત કરવાનો પ્રયત્ન કદી ન કરવો... અને ચોથું, જો ખરેખર એવી ઇચ્છા હોય કે આપણી જિંદગીમાં મહત્ત્વ ધરાવતો પુરુષ, પતિ, પ્રેમી, પિતા, પુત્ર કે મિત્ર... કે બીજું કોઈ, આપણી વાતને પૂરા અટેન્શનથી અને સંપૂર્ણ ફોકસથી સાંભળે તો, ‘મારે વાત કરવી છે’થી શરૂ ન કરવું. સ્ત્રી કોઈ પ્રૉબ્લેમ લઈને આવી છે—હવે બ્લેઇમગેમ શરૂ થશે એવો ભય મોટાભાગના પુરુષોને એસ્કેઈપ કરવા મજબૂર કરી દે છે! આંસુ સાથે ગળગળા અવાજ સાથે કે વિશ્વની મહાન સમસ્યા પોતાના માથે તૂટી પડી છે એવી લાગણી સાથે શરૂ કરવામાં આવેલી કોઈપણ વાત સાંભળવામાં સામાન્ય રીતે પુરુષને રસ હોતો નથી. પુરુષને પ્રૉબ્લેમનું સોલ્યુશન શોધીને રાહત મળે છે, એટલીસ્ટ પ્રૉબ્લેમનું સોલ્યુશન શોધવામાં રાહત મળે છે. જ્યારે સ્ત્રીને એ પ્રૉબ્લેમ વિશે ચર્ચા કરવાથી ‘સારું લાગે છે...’ બે જુદી પ્રકૃતિના—સાવ વિપરીત પ્રકારના માનસ ધરાવતા બે જણાં ખરેખર વાત કરવા માંગતા હોય તો એમણે પહેલાં એ સમજી લેવું પડે કે, ‘વાત’ કેટલી અગત્યની છે.

દરેક ‘વાત’ કરવાનો સમય હોય છે... સવારે ઑફિસ જતા પતિને પ્રૉબ્લેમ સાંભળવામાં રસ ન હોય એ સ્વાભાવિક છે. સાંજે ઘરે આવેલા પતિને ઘરમાં કેટલી મુશ્કેલી છે એ જાણવામાં રસ ન જ હોય! પણ ‘અચ્છા સા કોઈ મૌસમ—તન્હા સા કોઈ આલમ... હર વખ્ત કા રોના તો, બેકાર કા રોના હૈ!’

• • •



જીભ અને ગુસ્સા પરનો કંટ્રોલ ગુમાવીને સંબંધ નહીં ગુમાવતા, પ્લીઝ!

માણસની સહનશક્તિનું પણ આવું જ હોય છે, એ જ્યાં સુધી સહી શકે છે ત્યાં સુધી સહેવાનો પ્રયાસ ચોક્કસ કરે છે. જે ક્ષણે એની ધીરજનો બંધ તૂટી જાય છે એ ક્ષણે દરેક સંબંધ ફગાવીને નીકળી જવાની પુરુષની મનોવૃત્તિ સામાન્ય રીતે બધું જ બરબાદ કરી નાખે છે.

'મેં એક વાર કહ્યું ને, હવે આ લગ્ન ચાલી શકે એમ નથી.' અંકિતે કહ્યું ત્યારે શ્વેતાએ એ વાતને બહુ સિરીયસલી નહોતી લીધી. એને લાગ્યું કે આ હંમેશની જેમ જ અંકિતનો એકાદ ઓડ પ્રકારનો મૂડ છે. આમ તો અંકિત અને શ્વેતા વચ્ચે ખૂબ ઝઘડા થતા હતા, એમને માટે સાથે રહેવું એ જાણે એક સજા બની ગયું હતું, તેમ છતાં અંકિત એવો પ્રયાસ કરતો કે બને ત્યાં સુધી શ્વેતાનો મૂડ બગડે નહીં... શ્વેતાને જે બાબતે અણગમો હતો તે બધી જ બાબતો ધીમે ધીમે અંકિતે પોતાના વર્તન અને વ્યવહારમાં સુધારવાનો પ્રયત્ન કર્યો હતો. તેમ છતાં કોઈ ને કોઈ બાબતે શ્વેતાને વાંકું પડી જ જતું. ક્યારેક શ્વેતા ખૂબ સારા મૂડમાં હોય ત્યારે અંકિતે એમને સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો હતો. તેમ છતાં શ્વેતાનો કંટ્રોલ જ્યારે પણ પોતાની જાત પરથી જતો રહેતો ત્યારે એની જીભ જે પ્રકારની ભાષા ઉચ્ચારતી એ અંકિત માટે અસહ્ય હતું.

શ્વેતા સમજ્યા વગર અથવા કદાચ એના સબકૉન્શિયસ વર્તનમાં અંકિતનાં માતા-પિતાને ઘસેડી લાવતી, અંકિતની બહેનો એની જ્ઞાતિ એનો પરિવાર એના મિત્રો સહિત ક્યારે કોના પર તવાઈ આવશે એ વિશે અંકિત સતત પ્રેશરમાં રહેતો. એથી એ મહત્ત્વની વાત એ હતી કે એકવાર શ્વેતાનું મગજ છટકે ત્યારે એણે જે કંઈ કહ્યું હોય એ બધું જ થોડા કલાકોમાં શ્વેતા પોતે ભૂલી જતી. દૂધનો ઊભરો બેસી જાય અને દૂધ પોતાની યથાવત્ કૉન્ટિટીમાં આવી જાય એવી જ રીતે શ્વેતાનો મિજાજ એકવાર ઠેકાણે આવે પછી એ પોતે બોલેલા શબ્દો પણ ભૂલી જતી... એ માફી માગી લેતી, 'સૉરી' કહેતી, રડતી, ક્યારેક અંકિતના પગે પડતી. જાહેરમાં મિત્રોની સામે કે પોતાની બહેનપણીઓની સામે પણ અંકિતના વર્તનનાં વખાણ કરતી. પોતાની ભૂલ સ્વીકારતી પણ આ બધા પછી જ્યારે એનું મગજ છટકતું ત્યારે ફરી એ જ પરિસ્થિતિ!

આ પરિસ્થિતિને છેલ્લાં પંદર વર્ષથી અંકિત ધીરજથી સહેતો આવ્યો હતો, છેલ્લા એકાદ વર્ષથી એણે અંકિતાને આ અંગે ચેતવણી આપવા માંડી હતી. હજી ગયા અઠવાડિયે જ શ્વેતાએ બોલવાનું શરૂ કર્યું ત્યારે

અંકિત બારણું પછાડીને ચાલી ગયેલો. સાંજના સાડા સાતે બહાર ગયેલો અંકિત રાત્રે બે વાગ્યા સુધી ઘેરે પાછો નહોતો આવ્યો... શ્વેતાએ ચાર-છ જગ્યાએ ફોન કર્યા. અંકિતે પોતાનો ફોન બંધ કરી દીધો હતો. એ દિવસે અંકિત રાત્રે બે વાગે ઘરે આવ્યો. એ પછીના દસ દિવસ સુધી અંકિતે શ્વેતા સાથે વાત ન કરી, ઘરમાં જમ્યો નહીં... એ વખતે એણે માફી માંગી. અંકિતે ત્યારે જ એને કહ્યું હતું કે, 'હવે મારી ધીરજ ખૂટવા માંડી છે.' શ્વેતાએ સમજી જવું જોઈતું હતું, પરંતુ...

આજે ફરી એકવાર સવારના પહોરમાં અંકિતના ફોનની બાબતમાં શ્વેતાએ કચકચ શરૂ કરી. વાત હંમેશની જેમ નાનકડી જ હતી. શ્વેતાએ ઉત્તપમ બનાવીને ટેબલ પર મૂક્યો. અંકિત કોઈની સાથે ફોન પર વાત કરતો હતો. શ્વેતાએ એને બે વાર કહ્યું, પરંતુ અંકિત ડાઇનિંગ ટેબલ પર આવ્યો નહીં. અચાનક જ શ્વેતાનું મગજ જતું રહ્યું... અંકિત ટેબલ પર આવ્યો ત્યારે એનાથી સ્વાભાવિક રીતે કહેવાઈ ગયું, 'ઉત્તપમ ઠંડો થઈ ગયો છે.' શ્વેતાએ મગજ ગુમાવીને બોલવાનું શરૂ કરી દીધું, 'તારા બાપના નોકર નથી. ગરમ ખાવાનો શોખ હોય તો આ સવારના પહોરમાં ફોનના લખારા ઝૂડવાના બંધ કર. આંખ ખૂલે ત્યારથી ફોન પકડીને બેસે છે...' આ ચાલતું રહ્યું. જવાબ આપ્યા વગર અંકિત ઊભો થઈ ગયો અને ખાધા વિના ચાલી ગયો. આખો દિવસ શ્વેતાએ ફોન કરવાના પ્રયત્નો કર્યા પણ અંકિતે એના ફોન ડિસકનેક્ટ કર્યા... એ દિવસે રાત્રે અંકિતે ઘરે આવીને શ્વેતાને કહ્યું, 'આ લગ્ન નહીં ચાલી શકે'

રાત્રે શ્વેતાએ એ વાતને ગંભીરતાથી નહોતી લીધી. પણ સવારે અંકિતે અને કહ્યું, 'તું નક્કી કરી લે તારે આમાંથી શું જોઈએ છે, ઘર જોઈતું હોય તો હું તને આપી દેવા તૈયાર છું. ઘરનો ખર્ચ કેટલો થાય છે એ તારે મને કહેવું પડશે. હું એની વ્યવસ્થા કરી દઈશ. છોકરાંઓની ફીસ હું ભરીશ...' શ્વેતા પહોળી આંખે અને ઉઘાડા મોઢે અંકિત સામે જોઈ રહી.

એના બીજા જ અઠવાડિયે અંકિતે એક પી.જી. ઍકોમોડેશન શોધી લીધું. તેર વર્ષની આર્યા અને અગિયાર વર્ષના શૌર્યને બેસાડીને અંકિતે બહુ જ સ્વાભાવિકતાથી પોતાના ઘર છોડીને જવાના નિર્ણયને જણાવ્યો અને એ અંગેનાં કારણો પણ આપ્યાં... બાળકોને એવો સધિયારો આપ્યો કે પોતે ક્યારેય પોતાની જવાબદારીમાંથી નહીં ભાગે. માનો સ્વભાવ જાણતાં બંને બાળકોએ પિતાની વાત માન્ય રાખી એટલું જ નહીં એમણે અંકિતને જવાની રજા આપી...

આપણાં કેટલાંયે ગુજરાતી ઘરોને આ વાત થોડીક 'પોતીકી' લાગશે. ક્યાંક ને ક્યાંક પોતાનું પ્રતિબિંબ દેખાશે. ગુજરાતના ઘણા બધા પુરુષોને! બહાર મોટી પોસ્ટ ઉપર હોય અથવા બિઝનેસ કરતા હોય પરંતુ ઘરમાં ઘણીવાર એમની સ્થિતિ દયનીય હોય છે. માતા-પિતાને કારણે, બાળકોને કારણે કે બીજી સામાજિક જવાબદારીઓને કારણે ઘણીવાર પુરુષ બોલતો નથી. કકળાટથી કાયર થઈને ઘણીવાર ચર્ચામાં ઊતરવાનું ટાળે છે, પરંતુ એને પતિની નબળાઈ તરીકે લેનારી સ્ત્રીએ એટલું સમજી લેવું જોઈએ કે કોઈ એક દિવસ એની ધીરજનો બંધ તૂટે અને બધું જ રસાતાળ થઈ જાય એ પહેલાં અપાતી ચેતવણીઓને ગંભીરતાથી લેવી. ઘણી સ્ત્રીઓને પોતાના ક્રોધ પર અને પોતાની જીભ પર કાબૂ નથી હતો. ગુસ્સામાં આવીને પોતે શું કહી રહી છે અથવા કઈ હદ સુધી જઈ રહી છે એનો ખ્યાલ નથી રહેતો. જે મુદ્દો હોય એ મુદ્દા પર સ્વસ્થતા અને સભાનતાથી ચર્ચા કરવાને બદલે સ્ત્રી- સ્વભાવ મુજબ કેટલીક સ્ત્રીઓ પતિના સગા, પતિના મિત્રો અને એ જેને ચાહે છે એવા ઘણા બધા લોકોને ઝઘડામાં ઘસડીને પતિને દુઃખ પહોંચાડવાનો પ્રયત્ન કરતી હોય છે. આની પાછળ કદાચ ફક્ત અને ફક્ત 'જીતવાનો' ઉદ્દેશ રહેલો હોય તો પણ આ પ્રકારનું વર્તન કેટલા અંશે યોગ્ય છે? લગ્નજીવન બે વ્યક્તિઓના સુખ અને કુટુંબની શાંતિ ઉપર જ ટકે છે. આખો દિવસ પોતાના કુટુંબ

માટે કામ કરતો અને કુટુંબની સગવડ માટે સંતાનોના ભવિષ્ય માટે સતત મહેનત કરતો પુરુષ સાંજના છેડે ઘેરે પાછો ફર્યો ત્યારે 'શાંતિ' ઝંખે છે. એણે વિતાવેલા દિવસ વિશે પુરુષ ભાગ્યે જ ફરિયાદ કરે છે. ઑફિસના ટેન્શનને પુરુષ સામાન્ય રીતે ઘરના લોકો સાથે ચર્ચવાનું ટાળે છે, એનો અર્થ એ નથી કે એને ટેન્શન નથી. આજના ગળાકાપ હરીફાઈના સમયમાં અને વધતી જતી મોંઘવારી સાથે જવાબદારીઓને પહોંચી વળવાનું સરળ નથી જ. માણસ ગમે તેટલું કમાતો હોય એની અસલામતી એને સતત દોડતો રાખે છે... પોતાના સંતાનોના ભવિષ્ય માટે જે પુરુષ સતત મહેનત કરે છે અથવા પોતાની પત્નીની સગવડો સાચવવાનો સાચા હૃદયથી પ્રયાસ કરે છે એને ઓછામાં ઓછી એટલી અપેક્ષા હોય છે કે એનો પરિવાર એની પત્ની એની આ મહેનતની કદર કરે, એની સાથે સન્માનથી વર્તે અને પરિવારના મોભી તરીકે એને પૂરતું મહત્ત્વ મળે... આ અપેક્ષા વધુ પડતી તો નથી જ. વળી જે પત્ની પોતાના પતિ સાથે ખરાબ રીતે વર્તે છે અથવા સંતાનોની હાજરમાં પતિનું અપમાન કરે છે એ પત્ની પોતાના સંતાનોને પણ આ જ રીતે વર્તવાનો દાખલો બેસાડે છે. જે ઘરમાં પતિ-પત્ની પરસ્પર એકબીજાનું સન્માન નથી કરતાં એ ઘરમાં સંતાનો પણ માતા-પિતાનું સન્માન કરતાં શીખી શકતાં નથી. પતિનું અપમાન કરીને એને નીચો દેખાડીને કે એનાં સગાંવહાલાં વિશે એલફેલ બોલીને જે પત્ની પોતાની જાતને સાચી સાબિત કરે અથવા આર્ગ્યુમૅન્ટમાં જીતે છે એ પત્ની ભૂલી જાય છે કે આ જગતમાં મગજ ધરાવતા માણસ માત્રને સ્વમાન વહાલું છે. એક યા બીજાં કારણોસર થોડોક સમય માટે સમાધાન કરતો માણસ જીવનભર એ જ હ્યુમિલીએશન કે અપમાન સહેતો નથી. પુસ્તકોની થપ્પી આપણે વધારતા જઈએ... અથવા કોઈપણ કબાટમાં એની કેપેસિટી કરતાં વધુ સામાન ભરતા જઈએ ત્યારે એટલો ખ્યાલ રાખવો જોઈએ કે કોઈ એક દિવસ બધું જ બહાર પડશે અથવા પુસ્તકોની આખી થપ્પી ઢળી જશે! માણસની સહનશક્તિનું પણ આવું જ હોય છે, એ જ્યાં સુધી સહી શકે છે ત્યાં સુધી સહેવાનો પ્રયાસ ચોક્કસ કરે છે. જે ક્ષણે એની ધીરજનો બંધ તૂટી જાય છે એ ક્ષણે દરેક સંબંધ ફગાવીને નીકળી જવાની પુરુષની મનોવૃત્તિ સામાન્ય રીતે બધું જ બરબાદ કરી નાખે છે. કેટલાક પુરુષો આ જ કારણોસર લગ્નેતર સંબંધોમાં ઘસડાય છે. (લગ્નેત્તર સંબંધની વકીલાત કરવાનો કોઈ ઇરાદો નથી, ન જ હોઈ શકે પરંતુ માણસ માત્રને સુખ અથવા સ્નેહની જરૂરિયાત છે આ જ્યારે પોતાના ઘરમાંથી પુરું ન થાય ત્યારે માણસ બહાર વલખાં મારતો થઈ જાય છે.)

સામાજિક પ્રતિષ્ઠા માતા-પિતાની હયાતી અથવા સંતાનોના ભવિષ્યનો વિચાર કરીને જો કોઈ પુરુષ પોતાના લગ્નજીવનમાં તિરાડ ઇચ્છતો નથી. 'સ્ટેટસ કો' સિચ્યુએશન પુરુષ માટે આદર્શ સિચ્યુએશન હોય છે. સંતાનો સારી રીતે ઊછરતાં રહે, ઘર બરાબર સચવાતું હોય અને માતા-પિતાની કાળજી લેવાતી હોય તો મોટાભાગના પુરુષોને અંગત કાળજી સુખ કે મહત્ત્વનો બહુ આગ્રહ નથી હોતો. પત્ની અંગ્રેજી બોલતી ન હોય, ફૅન્સી ન હોય પોતાના વિચારો સાથે સહમત ન થતી હોય તો પણ મોટાભાગના પુરુષો પોતાની પત્નીનું સન્માન જળવાય એ રીતે વર્તવાનો પ્રયત્ન તો કરતા જ હોય છે. માએ પત્નીની વચ્ચે પણ 'સાઈડ લેવાની' આવે ત્યારે પુરુષો સમય આવે કે જરૂર પડે પોતાની 'મમ્મી'ને પણ સાચું કહેતા જ હોય છે... આ બધા છતાં જ્યારે પત્ની પોતાના ક્રોધ અને જીભ પરનો કાબૂ ગુમાવે ત્યારે પુરુષ માટે સ્થિતિ અસહ્ય પુરવાર થાય છે.

પુરુષનો ઉછેર સ્વાભાવિક રીતે જ એના અહંકારને પોષે છે. આ અહંકાર કે સ્વમાન ઉપર જ્યારે વારંવાર અને એકસરખા આઘાતો થાય ત્યારે એનો ઉછેર એને નિર્ણય લેવા મજબૂર કરે છે... એક જાણીતી કહેવત કહે છે કે, 'ટાઢો ઘોડો ભડકે નહીં, પણ ભડકે તો આખી વાડ કુદાવે.' જો સમજદાર, પ્રેમાળ, સહનશીલ પતિ સદ્નસીબે મળ્યો હોય તો એનું મૂલ્ય કરીને સંબંધો વણસે તે પહેલાં, બધું જ હાથમાંથી સરકી જાય તે પહેલાં જીભ અને ગુસ્સા પર કંટ્રોલ મેળવી લેવાનો પ્રયત્ન એવી દરેક પત્નીએ કરવો જોઈએ જે પોતાના લગ્નજીવનને

ટકાવી રાખવા માંગતી હોય.

• • •



પત્નીનો બૉયફ્રેન્ડ... વાંધા, વિરોધ અને વ્યથા

પત્નીના સ્ત્રીમિત્રો પતિના મનમાં અસલામતી જગાવે એ સ્વાભાવિક હોય તો પણ એક પતિ માટે પણ એ જરૂરી છે કે એ પત્નીના સ્ત્રીમિત્રોને મળે, એમને મૂલવે અને પછી પોતાનો નિર્ણય જાહેર કરે. પોતે જે વર્તુળમાં જીવે છે અથવા જેટલા પુરુષોને ઓળખે છે એટલા પુરુષોની માનસિકતા, વાણી અને વર્તન પરથી બીજા લોકો માટે નિર્ણય લઈ લેવો યોગ્ય નથી જ.

"**આ** મયંક કેમ રોજ મૂકવા આવે છે?" અખિલ અકળાયેલો હતો. મિતા હજી હમણાં જ ઘરે આવી હતી, રાતના સાડા નવ થવા આવ્યા હતા. મિતાનો એક કલિગ મયંક એને ઑફિસથી ડ્રૉપ કરવા આવ્યો હતો. છઠ્ઠા માળની બાલ્કનીમાં રાહ જોઈને ઊભેલા અખિલે વાતો કરતી મિતાને જોઈ. હજી મિતા ચપ્પલ ઉતારે એ પહેલાં અખિલે સીધો જ સવાલ પૂછી નાખ્યો.

"રોજ?" મિતાએ નવાઈથી પૂછ્યું. મિતા સામાન્ય રીતે ગાડી લઈને જતી હતી. છેલ્લા ચાર દિવસથી એની ગાડી રિપેરિંગમાં હતી એટલે જતી વખતે મિતા ટૅક્સીમાં જતી અને પાછા આવતાં મયંક એને ડ્રૉપ કરતો, "યુ મસ્ટ બી જોકિંગ." મિતા થાકેલી હતી. એ બેડરૂમ તરફ જવા લાગી.

અખિલે એને બાવડેથી પકડી, "આ મયંક સાથે શેની વાતો કરવાની હોય છે?"

"અખિલ!" મિતાએ અત્યંત કંટાળા સાથે કહ્યું, "દોસ્ત છે મારો, કલિગ છે... ને વાતો જ કરું છું, બીજું કંઈ નથી કરતી."

"બીજું કંઈ કરે તો ખરી. ચીરી નાખું ઊભેઊભી." અખિલે મિતાને હચમચાવી નાખી. ઝાટકો મારીને બાવડું છોડાવીને મિતા બેડરૂમમાં જતી રહી. એણે ધડાકા સાથે બેડરૂમનો દરવાજો બંધ કર્યો. માઇક્રોવેવમાં મૂકેલું ખાવાનું અને ટેબલ પર ગોઠવેલી પ્લેટ્સ એમ જ પડી રહ્યાં...

•

"આજે બપોરે રાહુલ આવ્યો હતો?" અશ્વિને ઘરમાં દાખલ થતાંની સાથે જ પૂછ્યું. રાધિકાનો ચહેરો ઊતરી ગયો.

"હા." રાધિકાએ બને એટલા સામાન્ય રહેવાનો પ્રયત્ન કરતાં ડરીને કહ્યું, "અડધો જ કલાક બેઠો."

"મને એ નથી સમજાતું કે દર ત્રીજે દિવસે એનું અહીંયાં શું દાટ્યું છે?" અશ્વિને બરાડો પાડ્યો, "એ રાહુલના બચ્ચાને કહી દેજે કે હવે મારી ગેરહાજરીમાં જો અહીંયાં આવ્યો છે તો હું એની બૈરીને રેપ કરી નાખીશ."

"શું બોલો છો એનું ભાન છે તમને?" રાધિકાએ કહ્યું તો ખરું, પણ અશ્વિનનો ચહેરો જોઈને આજે એ સાચે જ ડરી ગઈ હતી, "રાહુલ મારા બાળપણનો દોસ્ત છે."

"બાળપણ પૂરું થઈ ગયું છે રાધિકા, હવે તું એક પરણેલી સ્ત્રી છે. રાહુલને જો આ ઘરમાં આવવું હોય તો ચોરની જેમ બપોરે કેમ આવે છે? મારી હાજરીમાં કેમ નથી આવતો? સાલો હરામખોર..." કહીને અશ્વિને પોતાનો મોબાઇલ સોફામાં છુટ્ટો ફેંક્યો. રાધિકાના ઘરમાં આ રોજની સ્થિતિ હતી. રાધિકા પોતાના બાળપણના દોસ્ત રાહુલને એવું કહી નહોતી શકતી કે એનો પતિ શંકાશીલ છે ને અશ્વિન માટે રાહુલનું એના ઘેર આવવું વ્યભિચારથી ઓછું નહોતું...

વાત બે જુદા પ્રકારના ઈકો-સોશિયો પરિવારની છે, તેમ છતાં ભારતીય સમાજ-વ્યવસ્થામાં આજની તારીખે પણ સ્ત્રીના પુરુષમિત્રો સાથેના સંબંધોને બહુ હળવાશથી લેવાતા નથી. સામાન્યતઃ એવી અપેક્ષા રહે છે કે સ્ત્રીને વધુ સ્ત્રીમિત્રો હોય...

આ વાત કોઈ ખૂલીને નથી કહેતું. મજાની વાત એ છે કે સૌ પોતાની જાતને મૉડર્ન સાબિત કરવા માગે છે. આ મૉડર્ન દેખાવાના કે મૉડર્ન હોવાના ડોળ હેઠળ મોટા ભાગના પુરુષો એવો દાવો કરે છે કે એમને એમની પત્નીના પુરુષમિત્રો સામે કોઈ વાંધો નથી, પરંતુ હૃદયમાં ઊંડે ભારતીય પુરુષ હજીયે એક ભારતીય પુરુષ છે. એને માટે ખૂબ અઘરું છે કે એ પોતાની પત્નીના પુરુષમિત્રોને સ્વીકારે. પોતાની જાતને મૉડર્ન ગણાવતા—કૉર્પોરેટ ક્ષેત્રમાં કામ કરતા કે મોટું બિઝનેસ વર્તુળ ધરાવતા પુરુષો આ વાત બહુ સ્વાભાવિકતાથી સ્વીકારતા નથી. એમને એવું લાગે છે કે પત્ની વિશે જો એ પોતાનો માલિકીભાવ પ્રગટ કરશે તો બીજાઓની સામે એવું સાબિત થઈ જશે કે એ એક પરંપરાગત અને જુનવાણી માનસ ધરાવતા સંકુચિત મનના પુરુષ છે!

એક હકીકત એ છે કે ભારતીય સમાજ અને ભારતીય ઉછેર સ્ત્રી-પુરુષની મૈત્રીને બહુ હળવાશ કે આસાનીથી લઈ શકતો નથી. આજથી હજારો વર્ષ પહેલાં દ્રૌપદી અને કૃષ્ણની મૈત્રી હતી એવી વાતો થઈ શકે છે. એવું પણ બની શકે કે પાર્ટીમાં કે બીજી જગ્યાએ પુરુષ પોતાની પત્નીની સુંદરતાની, એમાં રસ લેતા પુરુષોની વાત હસતા મોઢે કરી શકે, પરંતુ એ જ પુરુષની પત્ની જો કોઈ પુરુષમિત્ર સાથે એક સાંજ બહાર ગાળવાની વાત કરે તો એ જ પુરુષને / પતિને આ વાત સ્વીકાર્ય હોય એવું ના પણ બને.

લગ્ન ખૂબ જ મહત્ત્વનો સંબંધ છે. સ્વસ્થ લગ્ન માટે બે વ્યક્તિઓ એકબીજાને સમજે અને સ્વીકારે એ તો જરૂરી છે જ, પરંતુ સાથે સાથે એ પણ જરૂરી છે કે બે વ્યક્તિઓ પોતાના ગમા-અણગમા, અસલામતી કે તકલીફો વિશે ખુલ્લા મને સંવાદ કરી શકે. સામાન્યતઃ પ્રેમલગ્નમાં પત્નીના વિજાતીય મિત્રોની સમસ્યા પ્રમાણમાં ઓછી નડે છે. એનું એક કારણ એ છે કે બે જણા પ્રેમમાં હોય એ સમય દરમિયાન એમનું મિત્રવર્તુળ પણ લગભગ એક જ થઈ જતું હોય છે. એટલે પત્નીના મિત્રો હોય એમાંના મોટા ભાગના મિત્રો પતિના પણ મિત્રો હોય એવું બને. આવા કિસ્સામાં કદાચ અમુક પ્રકારના વાંધા કે પ્રશ્નો સર્જાવાની શક્યતા

ઓછી રહે છે. અરેન્જ મૅરેજમાં કે ગોઠવાયેલાં લગ્નમાં જો પહેલેથી અમુક પ્રકારની સ્પષ્ટતા કરી દેવામાં આવે તો સમસ્યાઓ ઘટવાની સંભાવના રહે છે. છોકરીને જો વિજાતીય મિત્રો હોય તો બને ત્યાં સુધી લગ્ન પહેલાં જ પતિ સાથે એની ઓળખાણ કરાવી દેવી એ શ્રેષ્ઠ રસ્તો છે. જોકે દરેક વખતે આ રસ્તો કામ લાગે છે અથવા પતિ આવી ઓળખાણને સ્વીકારીને પત્નીના મિત્રો સાથે સારી રીતે વર્તે છે એવું જરૂરી નથી.

હવે કદાચ પ્રશ્ન થાય કે પતિને પત્નીના વિજાતીય મિત્રો સામે વાંધો શું છે? શું હોઈ શકે? તો એનો જવાબ એ છે કે પુરુષને ક્યારેય હરીફાઈ માફક આવતી નથી. એનો અહંકાર ઘવાય એવી કોઈ પરિસ્થિતિમાં એ મુકાવાનું પસંદ કરતો નથી. એ જે સ્ત્રીને ચાહે છે અથવા જે સ્ત્રી એની પત્ની છે એના જીવનમાં કોઈ બીજો પુરુષ હોય—કોઈ પણ સ્વરૂપે હોય એ વાત મોટા ભાગના પુરુષોને ગમતી નથી.

તેમ છતાં જો પતિ ઉદાર હોય, પોતાની જાતને મૉડર્ન ગણાવતો હોય અને પત્નીના વિજાતીય મિત્રો સામે વિરોધ ન નોંધાવતો હોય તો પત્નીએ ખૂબ જ સાવચેત રહીને વર્તવું જોઈએ. બને ત્યાં સુધી આવા પુરુષમિત્રોને એકલા મળવાનું ટાળવું જોઈએ, એને પતિની કે પોતાના લગ્નજીવનમાં સર્જાતી સમસ્યાઓની ફરિયાદ બને ત્યાં સુધી ન કરવી જોઈએ. પતિની હાજરીમાં કે ગેરહાજરીમાં પોતાના પુરુષમિત્ર સાથે અમુક પ્રકારનું ફ્લર્ટિંગ ટાળવું જોઈએ—એ વાત કદાચ મજાકમાં કહેવાઈ હોય તો પણ એનો અર્થ ગમે ત્યારે ગમે તે નીકળી શકે એ વિશે સજાગ રહેવું જોઈએ. સૌથી અગત્યની વાત એ છે કે પતિને ન ગમતું હોય અથવા એને શંકા થતી હોય તો જુઠ્ઠું બોલીને કે બહાનાં બનાવીને આવા પુરુષમિત્રને ન જ મળવું જોઈએ.

કદાચ સ્વતંત્ર મિજાજ ધરાવતી સ્ત્રીને એવો સવાલ ઉદ્‌ભવે કે આ બધું શા માટે કરવું જોઈએ? પોતે કંઈ ખોટું ન કરતી હોય અને એની મૈત્રી, એક સ્વસ્થ, સ્વચ્છ મૈત્રી હોય તો એણે શા માટે એના પતિથી ડરવું જોઈએ? શું પતિ બધું એને ગમતું કરે છે? જો ના, તો એણે શા માટે પતિને ગમતું વર્તન કરવું જોઈએ?

સિદ્ધાંત તરીકે આ સવાલો સાચા હોઈ શકે, પરંતુ જીવવા માટે આ સવાલોના જવાબો એક જ વાક્યમાં આપી શકાય... સુખી થવા માટે કેટલાંક સમાધાનો કરવાં પડે છે.

જો પતિ પત્નીને પ્રેમ કરતો હોય, એની સાથે સારી રીતે વર્તતો હોય, એને સમય આપતો હોય, એને બીજી કોઈ તકલીફ ન આપતો હોય, એનું સન્માન કરતો હોય તો એક સુખી અને સ્વસ્થ લગ્નજીવન માટે બે-ચાર વિજાતીય મિત્રોથી દૂર રહેવામાં 'સ્ત્રી સ્વતંત્રતા'ને બહુ મોટી હાનિ પહોંચશે એવું માનવાની જરૂર નથી.

ફક્ત સ્વતંત્રતા કે સિદ્ધાંત પુરવાર કરવા ખાતર વિજાતીય મૈત્રીને જાળવી રાખીને પતિને શંકા કરવાનું કારણ આપવાની કોઈ જરૂર હોતી નથી. ઘણી સ્ત્રીઓ ફક્ત ઇગો માટે કે પોતાનો મુદ્દો પુરવાર કરવા પૂરતું થઈને પોતાના લગ્ન પહેલાંના મિત્રો સાથે સંબંધ રાખવાની જીદ કરે છે. પતિની વિરુદ્ધ જઈને પણ પોતાના પુરુષમિત્રો સાથે વાત કરવી, એમને ફોન કરવા કે એસ.એમ.એસ.થી સંપર્ક જાળવી રાખવાનો પ્રયત્ન કરે છે. એમને કદાચ આમાં કશું જ ખોટું નહીં લાગતું હોય, પરંતુ એમનો આ ઇગો કે જીદ એમના જ લગ્નજીવનને નુકસાન કરે છે એ વાત એમણે સમજી લેવી જોઈએ.

ફક્ત સ્ત્રી છે એટલા ખાતર એણે સમાધાન કરવાનું? એની જગ્યાએ પતિ હોત તો એણે સમાધાન કર્યું હોત? સવાલ સાચો છે... આર્થિક રીતે સ્વતંત્ર સ્ત્રીને કે વ્યવસાયિક સ્ત્રીને કદાચ આ સવાલ વધુ તીવ્રતાથી થાય એમ પણ બને, પરંતુ આનો જવાબ એ છે કે બે-ચાર વિજાતીય મિત્રોને છોડી દેવાથી જો લગ્નજીવનમાંથી શંકા નિર્મૂળ થતી હોય અને વિશ્વાસ દૃઢ થતો હોય તો એ પ્રયત્ન કરી જોવા જેવો ખરો.

ઘણી સ્ત્રીઓને એવી પણ ખબર નથી હોતી કે એ પોતાના જે મિત્રો માટે પતિ સાથે ઝઘડે છે કે મિત્રોની વકીલાત કરે છે એ બધા જ ખરેખર મિત્રતાને યોગ્ય છે ખરા? સ્ત્રી સ્વભાવે લાગણીશીલ છે, સંવેદનશીલ છે. ઇમોશનલ સ્ત્રીઓ ઘણી વાર બાળપણના મિત્રો કે સ્કૂલ/કૉલેજના મિત્રો હોવાને કારણે એમની સાથે સંબંધ રાખવા માગે છે, પરંતુ એ સ્કૂલ/કૉલેજની નિર્દોષતા જળવાઈ ન હોય એમ પણ બને... એ જે મિત્રો માટે પોતાના પતિ સાથે મનદુ:ખ કરે છે એ જ મિત્રો પોતાની બહેનપણી માટે / સ્ત્રીમિત્ર માટે પોતાની પત્ની સાથે ઝઘડી શકે ખરા? જો એમ કરતા હોય તો પણ કોઈ મૈત્રી એટલી મહત્ત્વની છે ખરી, જેને માટે જીવનના સૌથી અગત્યના સંબંધને ઉઝરડા પાડવા પડે? મૈત્રી તો એકબીજાનું સુખ અને આનંદ ઝંખે... જો પોતાને કારણે કોઈના ઘરમાં ઝઘડો થતો હોય તો મિત્રની પણ ફરજ છે કે પોતાની મિત્રને સમજાવે અને એના લગ્નજીવનથી દૂર રહે.

પત્નીના સ્ત્રીમિત્રો પતિના મનમાં અસલામતી જગાવે એ સ્વાભાવિક હોય તો પણ એક પતિ માટે પણ એ જરૂરી છે કે એ પત્નીના સ્ત્રીમિત્રોને મળે, એમને મૂલવે અને પછી પોતાનો નિર્ણય જાહેર કરે. પોતે જે વર્તુળમાં જીવે છે અથવા જેટલા પુરુષોને ઓળખે છે એટલા પુરુષોની માનસિકતા, વાણી અને વર્તન પરથી બીજા લોકો માટે નિર્ણય લઈ લેવો યોગ્ય નથી જ.

વિજાતીય મૈત્રી ક્યારેય ખોટી નથી... હોઈ શકે જ નહીં. ક્યારેક તો એક પુરુષમિત્ર પોતાની સ્ત્રીમિત્રને ગૂંચવાયેલા લગ્નજીવનમાં એકાદ એવી સલાહ આપી શકે છે, જે પુરુષનો 'પોઇન્ટ ઑફ વ્યૂ' હોય. આ સલાહને કારણે એનું ખરાબે ચડેલું જીવન બચી શકે એવું પણ બને, પરંતુ જેમ દરેક વ્યક્તિ ખરાબ નથી હોતી, એમ દરેક વ્યક્તિ સારી પણ ન જ હોઈ શકે! જરૂર છે મૂલવવાની, સમજવાની, ઓળખવાની અને ત્યાર પછી નિર્ણય કરવાની.

સ્ત્રી-પુરુષની મૈત્રી આજના સમયમાં બહુ આશ્ચર્યજનક કે ભયજનક બાબત નથી જ. તેમ છતાં જો આવી મૈત્રીને કારણે લગ્નજીવનમાં સમસ્યા ઊભી થતી હોય તો એ માટે સંવાદ કરવો જરૂરી છે. સંવાદ પછી પણ જો પરિસ્થિતિ ન સુધરી શકે તો સમાધાન કરવામાં કોઈ નાનું નથી થઈ જતું. અહંકાર કરતાં સ્નેહ હંમેશાં ઉપર હતો, ઉપર હોય છે અને હોવો જ જોઈએ.

• • •



સાસુ-જમાઈના સંબંધો ક્યારેક બિટર તો ક્યારેક બેટર...

પોતે જિવાયેલી જિંદગીના અનુભવો ઘણી બધી મમ્મીને પોતાની દીકરીની જિંદગીમાં કામે લગાડવા હોય છે. દીકરીને જરાય તકલીફ ન પડે એ માટે એને ઘેર લોટ, અથાણાં, પાપડ, મસાલા અને બીજી વસ્તુઓ સતત મોકલ્યા કરતી મમ્મી જાણે-અજાણે દીકરીના પતિ કે સાસરિયાંને ડિસકમ્ફર્ટ આપી રહી છે એવી એને ખબર નથી હોતી.

“**મયંક** ...” સ્વાતિના અવાજમાં જુદો જ લહેકો હતો, “ગુડ મૉર્નિંગ.” મયંક હજી ઊઠીને બેડરૂમમાંથી બહાર આવતો હતો. એણે ઘડિયાળમાં જોયું, પોણા નવ વાગ્યા હતા. આમ તો એ આટલો મોડો ઊઠે ત્યારે સ્વાતિનો મૂડ ખરાબ જ હોય એવું નક્કી. પણ આજે સ્વાતિએ એને કશું જ કહ્યું નહીં. બલકે મયંકને પ્રેમથી ‘ગુડ મૉર્નિંગ’ વિશ કર્યું. મયંકને નવાઈ તો લાગી, પણ અત્યારે કડવાશ કર્યા વિના મયંકને દિવસ શરૂ કરવાનું વધુ યોગ્ય લાગ્યું, “ચલ, જલદી તૈયાર થઈ જા એટલે ગરમ ગરમ ઢોકળાં ઉતારી આપું.” મયંકની નવાઈમાં એક વધુ ઍલિમૅન્ટ ઉમેરાયું.

“કેમ આજે સવારના પહોરમાં ઢોકળાં?” મયંકથી પૂછ્યા વિના રહેવાયું નહીં, ટેબલ પર મૂકેલા કોલ્ડ કૉફીના ગ્લાસની બહાર પાણીનાં ટીપાં ધીમે ધીમે નીચેની તરફ સરી રહ્યાં હતાં. મયંકે વધુ નવાઈથી પૂછ્યું, “આ મારે માટે છે?” સ્વાતિએ ડોકું ધુણાવીને ‘હા’ પાડી. મયંકે ગ્લાસ ઉઠાવીને પીવા માંડ્યો. બે ઘૂંટડા પીને પૂછ્યું, “કેમ, આજે આટલું બધું?”

“એમ જ.” સ્વાતિએ ખભા ઉલાળ્યા. સામાન્ય રીતે સવારનો ભાગ એકદમ ટેન્સ અને ગરમ રહેતો. સ્વાતિનો મૂડ ભાગ્યે જ સવારના સમયે સારો હોય, પણ આજે તો કંઈ વધુ પડતો જ સારો મૂડ હતો, “તને ભાવે છે ને?”

“હા, ભાવે તો છે, પણ સવારે તને કંઈ પણ બનાવવાનું નથી ગમતું. એમાં આજે ઢોકળાં?” મયંકે પૂછ્યું તો ખરું, પણ એને ડર લાગતો હતો કે હમણાં બૉઇલર ફાટશે.

“ડાર્લિંગ!” સ્વાતિના મોઢે સાંભળીને મયંકની ભ્રમર ઊંચી થઈ ગઈ, “મેં તો રાતના આથેલું એટલે...” પછી

સ્વાતિને લાગ્યું કે હવે કહ્યા વિના છૂટકો નથી એટલે એણે ધીમે રહીને કહી નાખ્યું, "મમ્મી આવે છે. બધી રસોઈ કરવાનો ટાઇમ નથી એટલે મને થયું કે થોડાં ઢોકળાં કરીને મૂકી જાઉં ને થોડી કોલ્ડ કૉફી કરી છે એટલે મમ્મીને તકલીફ ન પડે."

મયંકનો મૂડ બદલાઈ ગયો, "રોકાવાની છે?"

"હા." સ્વાતિના અવાજમાં જાણે ગિલ્ટ—અપરાધભાવ હતો, "બે-ત્રણ દિવસ રહેશે કદાચ. આઇ હોપ, યુ ડૉન્ટ માઇન્ડ."

"ઇવન ઇફ આઇ માઇન્ડ... તારી મા આવશે તો ખરી જ ને?" કહીને મયંક નહાવા જતો રહ્યો. સ્વાતિની આંખમાં પાણી આવી ગયાં. એની મમ્મી અને મયંક વચ્ચેના સંબંધો આવા જ હતા. સ્વાતિની બીજી બહેનપણીઓના ઘરમાં તો સાસુ-જમાઈના સંબંધો મા-દીકરા કરતાંય મીઠા હોય એવું સ્વાતિએ જોયું હતું. સાસુને ત્યાં જમવા જવાનું હોય તો એની બહેનપણીના હસબન્ડ જાણે કોઈ ખાસ પાર્ટી હોય એમ ખુશખુશાલ થઈને જતા ને બહેનપણીની મમ્મી પણ જમાઈ માટે જાતજાતનું ને ભાતભાતનું કરતી. સ્વાતિએ કેટલીયે જગ્યાઓએ વાંચ્યું હતું કે સાસુ-જમાઈના સંબંધો હંમેશાં મીઠા હોય, પણ એના ઘરમાં પરિસ્થિતિ સાવ જુદી હતી. સ્વાતિની મમ્મી ઈલાબહેન અને સ્વાતિના હસબન્ડ મયંક એક રૂમમાં બેસી પણ ન શકતાં. સ્વાતિનાં મમ્મી આવે ત્યારે બે બેડરૂમના ઘરમાં જાણે ગૂંગળામણ અને અકળામણનો માહોલ સર્જાઈ જતો. મયંક પોતાના રૂમમાંથી નીકળતો જ નહીં.

સ્વાતિ ઘણી વાર એવો પ્રયત્ન કરતી કે વાતાવરણ નૉર્મલ થાય, પણ ઈલાબહેન અને મયંક વચ્ચે 'કેમ છો?' અને 'સારું છે'થી વાતચીત શરૂ થતી અને છેલ્લે જતાં હોય ત્યારે 'આવજો'થી વાત પૂરી થઈ જતી.

આના કારણમાં કોણ હતું કે શું હતું એમાં ઊતરવાને બદલે ઘણાં ઘરોમાં આવા સંબંધો હોય છે એવું સમજવું જોઈએ. સામાન્ય રીતે નવલકથાઓમાં, ફિલ્મોમાં કે બીજી બધી પરિસ્થિતિઓમાં સાસુ અને જમાઈના સંબંધો મીઠા અને થોડીક હદે ફ્લર્ટિંગના પણ હોય એવું માનવામાં આવે છે. દરેક વખતે આ નવલકથાઓ કે ફિલ્મોમાં દેખાડવામાં આવતા સંબંધો સાચા નથી હોતા.

ઘણી બધી 'મમ્મી' પોતાની દીકરી માટે એટલી બધી પઝેસિવ અને પ્રોટેક્ટિવ હોય છે કે દીકરીના લગ્નજીવનને પોતે જ નુકસાન કરી રહી છે એ વાતનો આવી 'મમ્મી'ઓને ખ્યાલ પણ આવતો નથી. દુનિયાની કોઈ પણ સ્ત્રી જ્યારે લગ્ન કરે છે ત્યારે એના પતિને કમ-સે-કમ એટલી અપેક્ષા હોય છે કે પોતાની પત્ની સાથેના સંબંધોમાં બીજું કોઈ ઇન્ટરફિયર કે દખલઅંદાજી ન કરે. મોટા ભાગના પુરુષો સ્વભાવે પણ અને પ્રકૃતિએ પણ બેઝિકલી પઝેસિવ હોય છે. ખાસ કરીને એ પુરુષો, જેમનો ઉછેર 'દીકરા' તરીકે થયો હોય એને માટે એમની પત્ની સાથેના એમના સંબંધો બને એટલા વધુ 'અંગત' હોય એવું આ દીકરાઓ ઇચ્છતા હોય છે. આજના જમાનામાં જે માતાપિતા પોતાની દીકરીને 'દીકરા' તરીકે ઉછેરે છે, અથવા ઉછેરવાનો દાવો કરે છે અને ગર્વ પણ લે છે એ માતાપિતા કદાચ એવું ભૂલી જાય છે કે એમના ઘરમાં એમની દીકરી કોઈ પણ રીતે ઊછરે, જો એ પ્રેમમાં પડશે અને લગ્ન કરશે અથવા અરેન્જ મૅરેજ કરશે તો પણ એમની 'દીકરાની જેમ ઊછરેલી' દીકરીએ અંતે તો સ્ત્રી બનીને કોઈ પુરુષ સાથે જ રહેવાનું છે. મજાની વાત એ છે કે જે મમ્મી પોતાની દીકરીને અમુક-તમુક પ્રકારની સ્વતંત્રતા આપીને એમ માને છે કે પોતે જે નથી ભોગવ્યું એ પોતાની દીકરીને આપી રહી છે ત્યારે એને કદાચ એવી સમજ કે ખ્યાલ પણ નથી કે એ પોતે જ પોતાની દીકરીના લગ્નજીવનમાં બહુ મોટી સમસ્યા ઊભી કરવાનું કામ કરી રહી છે.

સવાલ સ્ત્રી-પુરુષના ભેદનો, પુરુષપ્રધાન સમાજનો કે પુરુષસમોવડી સ્ત્રીનો નથી જ! સવાલ છે એક સંબંધની ઋજુતાનો, ગરિમાનો અને એના અંગત હોવાના મહત્ત્વનો. એક સ્ત્રી અને પુરુષ જ્યારે લગ્ન કરીને સાથે રહેવા લાગે ત્યારે સ્ત્રી પાસે રોમૅન્ટિક સપનાં હોય છે અને પુરુષ પાસે જવાબદારીનો અહેસાસ! પ્રેમમાં હોય ત્યારે પુરુષ થોડો જુદો, થોડો બેફિકર અને થોડો વધુ પરમિસિવ હોય છે. આ વાતને આપણે જે રીતે જોવી હોય એ રીતે જોઈ શકાય, પણ લગ્ન થતાં જ મોટા ભાગના પુરુષોમાં થોડોક બદલાવ આવે છે એટલું ચોક્કસ છે. આ બદલાવને સમજદાર સ્ત્રી જો હૅન્ડલ કરી શકે તો એમનું લગ્નજીવન સમય જતાં સંવાદિતા અને સુખ સુધી પહોંચે છે, પરંતુ જ્યારે દીકરીનું લગ્નજીવન 'મમ્મી' હૅન્ડલ કરવા લાગે ત્યારે એક પછી એક અનેક સમસ્યાઓ ઊભી થાય છે.

પોતે જિવાયેલી જિંદગીના અનુભવો ઘણી બધી મમ્મીને પોતાની દીકરીની જિંદગીમાં કામે લગાડવા હોય છે. દીકરીને જરાય તકલીફ ન પડે એ માટે એને ઘેર લોટ, અથાણાં, પાપડ, મસાલા અને બીજી વસ્તુઓ સતત મોકલ્યા કરતી મમ્મી જાણે-અજાણે દીકરીના પતિ કે સાસરિયાંને ડિસકમ્ફર્ટ આપી રહી છે એવી એને ખબર નથી હોતી. એક જમાનો હતો, જ્યારે દીકરીને ઘેર વસ્તુઓ મોકલવી કે એનું ઘર લગભગ ચલાવી આપવું એ ગૌરવની બાબત ગણાતી. ડિલિવરી કરવા ઘેર આવેલી દીકરી કે વૅકેશનમાં પિયર આવેલી દીકરી બાર મહિનાનાં કપડાં લઈ જાય, અનાજ-મસાલા ને રોકડા રૂપિયા લઈ જાય એ સ્વાભાવિક બાબત હતી. હવે પેઢીઓ બદલાઈ છે. માનસિકતા અને સમજ પણ બદલાઈ છે. સ્વમાનની વ્યાખ્યાઓ કદાચ જુદી છે, એટલું જ નહીં, હવે જ્યારે આવું કરવામાં આવે છે ત્યારે નવી પેઢીના યુવાન પતિને એમાં 'ઇન્ટરફિયરન્સ' કે 'દખલઅંદાજી' લાગે છે. પોતાની રીતે જીવવા માગતા યુવાનને આવી 'મમ્મીઓ' ઝેર જેવી લાગે છે.

ઘરની નાની નાની વાત, પતિ સાથેના ઝઘડા કે ફાઇનાન્સની ચર્ચા જ્યારે 'મમ્મી' સાથે કરવામાં આવે ત્યારે દીકરીના પક્ષે તો એ ખોટું છે જ, પરંતુ એથીયે આગળ વધીને પોતે આ વાત જાણે છે એવો દેખાડો કરીને જ્યારે દીકરીની મમ્મી પોતાના જમાઈના જીવનમાં કે એમના અંગત જીવનમાં સલાહ-સૂચન આપવાનો પ્રયત્ન કરે ત્યારે પરિસ્થિતિ વધુ વણસતી હોય છે. કેટલીક 'મમ્મીઓ' દીકરીને સાસુ વિરુદ્ધ ચડાવવાનું છોડતી નથી. દીકરીને ઘેર સાસુ કે નણંદ આવે એ આવી મમ્મીને ગમતું નથી. એવા સમયે એમની વાતચીત કે ટકોર પણ સાસુ-જમાઈના તિરાડ પડેલા સંબંધોમાં વધુ એક હથોડો મારવાનું કામ કરે છે. 'તમારા મમ્મીએ આમ ન કરવું જોઈએ' અથવા 'તમારી બહેન આમ કેમ નથી કરતી?' જેવાં વાક્યો બોલતાં પહેલાં અનેક વાર વિચારી લેવું જોઈએ. આજના સમયમાં 'પ્રાઇવસી' એ દરેક માટે અગત્યનો શબ્દ બનતો જાય છે. ખાસ કરીને નવા પરણેલા યુગલને 'પ્રાઇવસી' બહુ જ મહત્ત્વની લાગે છે. કોઈ પણ પુરુષને જ્યારે એવી ખબર પડે કે એના લગ્નજીવનની અને સંબંધની ઝીણી ઝીણી વાતો કોઈ બીજી વ્યક્તિ સાથે ચર્ચવામાં આવે છે ત્યારે એના ઇગો પર સીધો પ્રહાર થાય છે... સાચા અર્થમાં જે સાસુ પોતાના જમાઈ સાથે સારો સંબંધ ઇચ્છતી હોય એણે એના અંગત જીવનમાં ક્યારેય દખલ ન દેવી જોઈએ. પોતે જાણતી હોય તો પણ જ્યાં સુધી પૂછવામાં ન આવે ત્યાં સુધી સલાહ આપવાનો મોહ જો ટાળી શકાય તો ઉત્તમ!

દીકરીને ઘેર રહેવા આવતી આવી મમ્મીઓ શાક સમારી જાય, કપડાં ધોઈ જાય, બે દિવસની રોટલી કરી જાય અથવા ફ્રીઝ સાફ કરી જાય ત્યારે પતિને લાગે છે કે આ બધું કામ એની પત્ની કેમ નથી કરતી! અથવા તો કદાચ બહાર ખાવું પડે એનો વાંધો ન હોય, પણ સાસુના આગમનને કારણે ઘરમાં ઊભી થતી સંકડાશ આવા પતિઓને એમની પ્રાઇવસી પરની તરાપ લાગતી હોય એવું બને. જમાઈને 'લાડ' કરવા માગતી સાસુ ઘણી વાર ભૂલી જાય છે કે લાડની મર્યાદા હોવી જોઈએ. દીકરીના સુખ માટે પોતે જે કંઈ કરે છે તે જમાઈને

મંજૂર છે કે નહીં, અથવા ગમે છે કે નહીં એ સમજવા માટે પોતાના અનુભવ ને સિક્સ્થ સેન્સને કામે લગાડવી જોઈએ. 'મમ્મી' આવે ત્યારે પતિને ભૂલીને મમ્મીને અટેન્ડ કરતી પત્નીઓ પણ આવી સમસ્યામાં વધારો કરે છે! શક્ય છે કે આજના જમાનામાં દીકરી એ એકમાત્ર સંતાન હોય, દીકરી અને મા બંને માટે એકબીજાનો સહારો બન્યા વિના, મા માટે દીકરીને ઘેર રહ્યા વિના કે દીકરી માટે પોતાની સાથે રાખ્યા વિના બીજો કોઈ રસ્તો ન હોય તો એવા સમયે પણ પોતે 'સાસુ' છે એ વાત અને જેના ઘરમાં રહે છે તે 'જમાઈ' છે એ વાત યાદ રાખવી જરૂરી છે.

લાગણીના સંબંધો, જવાબદારી અને એકબીજા પરત્વેનું સન્માન ઘટાડ્યા વગર પણ કેટલાક સંબંધો સાચવી શકાતા હોય છે. દરેક સંબંધને અલગ માવજત અને અલગ સમજદારીની જરૂરિયાત હોય છે. દીકરી અને જમાઈ બંને પોતાનાં સંતાન નથી. આ વાત જેટલી યાદ રાખવી જરૂરી છે એટલી જ વર્તનમાં મૂકવી પણ અનિવાર્ય છે. દીકરાની મા જ્યારે રહેવા આવે ત્યારે પુત્રવધૂને નથી ગમતું એવું આપણે અવારનવાર જોયું છે, પરંતુ સાસુ રહેવા આવે એ પણ જમાઈને ન ગમે એવા દાખલા હવે સમાજમાં વધુ ને વધુ જોવા મળે છે.

• • •



પિતા અને પુત્ર: હમદર્દ કે હાર-જીતનો હિસાબ!

કંસ અને ઉગ્રસેન હોય કે શિવાજી અને સંભાજી, શાહજહાં અને ઔરંગઝેબ હોય કે ગાંધીજી અને હરિલાલ ... પિતા પુત્રના સંબંધોમાં ક્યાંક કોઈક એવું તત્ત્વ છે જે પિતા પુત્રીના સંબંધ કરતાં જુદું છે. પુત્રીના જન્મ સાથે પિતાની અંદરનો એક ઋજુ, કોમળ અને ભીનો ખૂણો ધબકતો થાય છે. જ્યારે પુત્રના જન્મ સાથે છાતી ચૌડી થાય છે—હૃદય ગર્વથી ઊભરાય છે.

'**પપ્પા** મારી વાત તો સાંભળો...' ૧૭ વરસનો અંશ એના પપ્પા સાથે દલીલ કરી રહ્યો હતો.

'મારે તારી કોઈ વાત નથી સાંભળવી, ઓકે?' નિખીલભાઈએ જોરથી કહ્યું, 'તારી પાસે દરેક વાતનો જવાબ હોય છે. મારી તારી સાથે ચર્ચા નથી કરવી. મેં તને જે કહ્યું તે સાંભળી લે. આજે આપણે તારા એડ્મિશન માટે જવાનું છે.'

'પણ પપ્પા, મારે અમેરિકા નથી જવું.' અંશનો અવાજ પણ ઊંચો થઈ ગયો, 'તમે કહો એ મારે શું કામ કરવું જોઈએ?'

'કારણ કે હું તારો બાપ છું, ઇડિયટ!' નિખીલભાઈ પ્લેટ પછાડીને ઊભા થઈ ગયા. એ રૂમની બહાર નીકળી ગયા. અંશે પણ પ્લેટને ધક્કો માર્યો, એ ડાઈનિંગ ટેબલ પર બેસી રહ્યો પણ એને નિખીલભાઈના વર્તનથી ખૂબ જ ગુસ્સો આવ્યો હતો. અંશની મમ્મી નજીક આવી, એણે અંશના માથે હાથ ફેરવવાનો પ્રયત્ન કર્યો પણ અંશે ઝટકો મારીને એનો હાથ ખસેડી નાખ્યો.

•

'છોકરીઓ સાથે કેમ્પમાં જવાનું કંઈ કામ નથી.' અશ્વિનભાઈએ પૂર્ણવિરામની જેમ કહ્યું.

'અરે!' સુજય ઉશ્કેરાયો, 'હું અને એક છોકરી એકલાં નથી જતાં પપ્પા.'

'ખબર છે મને' અશ્વિનભાઈએ જરા ઊંચા અવાજે કહ્યું, 'મને શિખવાડવાની જરૂર નથી, મેં ના પાડીને

એકવાર?'

'તો?' સુજયે જોરથી પૂછ્યું.

'તો શું? મારે એ વિષય પર આગળ વાત નથી કરવી.' અશ્વિનભાઈ રૂમની બહાર જવા લાગ્યા.

'ટૂંકમાં તમારે પૈસા નથી આપવા ને?' સુજયનો અવાજ વધારે ઊંચો થયો, 'હું મારી રીતે પૈસાની વ્યવસ્થા કરી લઈશ. પણ હું કૅમ્પમાં જવાનો છું.'

'અરે વાહ! ક્યાંથી કરીશ પૈસાની વ્યવસ્થા?' અશ્વિનભાઈએ વ્યંગમાં પૂછ્યું, 'તારી મા પાસેથી? એ જે પૈસા આપશે એ પણ મારા જ છે, સમજ્યો ને? આ ઘરમાં જે કંઈ છે તે બધું અશ્વિન પરીખનું છે. જે એ.સી. તું વાપરે છે, જે ગાડીમાં તું ફરે છે, જે ઘરમાં તું રહે છે, જે કપડાં તું પહેરે છે એ બધાના પૈસાની વ્યવસ્થા કરવી જોઈએ ને? ત્યારે સાચો કહેવાય...'

'ઇનફ...' સુજય રૂમની બહાર નીકળી ગયો.

અશ્વિનભાઈએ બોલવાનું ન છોડ્યું, 'આટલી બધી ટણી હોય તો જાતે કમાવું જોઈએ, બીજાના ભરોસે જિંદગી ચલાવવી અને પાછી ટણી કરવી... હું જે કંઈ કરું છું એ મારા ખભે કરું છું. તારી જેમ બાપનો દલ્લો નથી મળ્યો મને.' સુજયનાં મમ્મી બહાર આવ્યાં, એમણે અશ્વિનભાઈની સામે જોઈને એમને શાંત રહેવાનો ઈશારો કર્યો, 'કેમ?' અશ્વિનભાઈ તાડૂક્યા, 'હું શું કામ ચૂપ રહું? હું એના પર નથી પડ્યો. એ મારા રોટલા તોડે છે' સુજયનાં મમ્મીએ આંસુ લૂછ્યાં.

•

'એ આપણી ન્યાતની નથી એટલો જ પ્રૉબ્લેમ છે તમને?' અતુલ એના પિતાને કરગરી રહ્યો હતો.

'મને ઘણા પ્રૉબ્લેમ છે. ટૂંકમાં એટલું સમજી લે કે આ છોકરી મારી વહુ નહીં બને.' દીપકભાઈએ આટલું કહીને વાત પૂરી કરતા હોય એમ હાથમાં છાપું ઊંચકી લીધું. અતુલનાં લગ્ન વિષે આ ઘરમાં દસમી વાર વાત થઈ રહી હતી. દરેક વખતે એક જ ચર્ચા એક જ રીતે થતી. દીપકભાઈ પોતાની વાત પકડી રાખતા ને અતુલની વિનંતી એની જગ્યાએ ઊભી રહેતી.

'તો પછી એક વાત સમજી લો.' આજે કદાચ અતુલની ધીરજ પણ ખૂટી હતી. 'હું લગ્ન કરીશ તો આની સાથે.'

'તો આ ઘર છોડવું પડશે.' દીપકભાઈએ સાવ નિઃસ્પૃહ રીતે કહી દીધું. અતુલે એક ક્ષણ માટે પપ્પા સામે જોયું. દીપકભાઈ હજીયે છાપું વાચી રહ્યા હતા.

અતુલે ડોકું ધુણાવીને કહ્યું, 'ઓકે. હું આવતા અઠવાડિયા સુધીમાં તમારું ઘર ખાલી કરી દઈશ.' કહીને અતુલ બહાર નીકળી ગયો. ત્યાં ઊભેલાં અતુલનાં મમ્મીની આંખમાં પાણી આવી ગયાં. પણ એ દીપકભાઈને બરાબર ઓળખતા હતા ને અતુલને પણ... હવે આમાં કોઈ ફેરફાર શક્ય નહોતો!

પિતા-પુત્રીના સંબંધ વિશે અનેક લેખો લખાયા છે, અનેક પુસ્તકો, અનેક સંપાદનો થયાં છે. 'દીકરી વ્હાલનો દરિયો છે' કહીને પિતા-પુત્રીના સંબંધને ઘણો ગ્લોરિફાય કરવામાં આવ્યો છે. પિતા-પુત્રના સંબંધ વિશે ખાસ

કશું લખાયું નથી. એ સંબંધને ક્યારેય પ્રકાશમાં લાવવાનો પ્રયત્ન થયો નથી. પિતા-પુત્રના સંબંધો સામાન્ય રીતે ઈગોના હોય છે? ટીનએજમાં આવતાં આવતાં દીકરામાં જાગી રહેલો પુરુષ અને પિતામાં પુખ્ત થયેલો પુરુષ એકબીજાની સાથે ટકરાયા વિના નથી રહી શકતા. સુરેશ દલાલે લખ્યું છે માતા હૃદયવાચક શબ્દ છે, પિતા મનવાચક. માતા ભાવવાચક છે તો પિતા માનવાચક' પહેલાં માતૃદેવો ભવઃ લખાય છે, અને પછી પિતૃદેવો ભવઃ. કહેવાય છે કે માતા સત્ય છે અને પિતા એ માતાએ ઍન્ડોર્સ કરેલું સત્ય! માતા ધરતી છે, પિતા આકાશ છે. માતા હવા છે, પિતા શ્વાસ છે. દરેક સંતાનના જન્મ સાથે એક પિતાનો જન્મ થાય છે. સંતાનની પાસે ભવ છે અને પિતાની પાસે અનુભવ. પિતાના પરસેવામાંથી આવેલા પૈસા પુત્રના પરફ્યૂમમાં વપરાય છે ક્યારેક!

કંસ અને ઉગ્રસેન હોય કે શિવાજી અને સંભાજી, શાહજહાં અને ઔરંગઝેબ હોય કે ગાંધીજી અને હરિલાલ ... પિતા-પુત્રના સંબંધોમાં ક્યાંક કોઈક એવું તત્ત્વ છે જે પિતા-પુત્રીના સંબંધ કરતાં જુદું છે. પુત્રીના જન્મ સાથે પિતાની અંદરનો એક ઋજુ, કોમળ અને ભીનો ખૂણો ધબકતો થાય છે. જ્યારે પુત્રના જન્મ સાથે છાતી ચૌડી થાય છે—હૃદય ગર્વથી ઊભરાય છે. એક લગ્ન કરીને બીજા ઘેર જશે અને બીજું સંતાન કુળને વધારનાર, વંશને આગળ ધપાવનાર, પોતાનું નામ રાખનાર એક નવા જીવને આ કુટુંબમાં ઉમેરશે એ વિચારે પિતા માટે કદાચ ફેર પડતો હશે? ફાધર્સ ડે ના દિવસે દીકરીને જેટલો ઉત્સાહ હોય છે, એટલો દીકરાને કેમ નથી હોતો! દીકરી જેટલી ઍક્સપ્રેસિવ હોય છે એટલો દીકરો કેમ નથી હોતો! દીકરાને પણ લાગણી હોય છે, સ્નેહ હોય જ છે, દીકરો પિતાને સહેજે ઓછો પ્રેમ કરે એવું નથી. દીકરાને પોતાની જવાબદારીનો પૂરો અહેસાસ હોય છે—કદાચ થોડો મોડો આવતો હશે આ અહેસાસ, પણ મોટાભાગના પુત્રોને એટલી ચોક્કસ ખબર છે કે એક દિવસ એના પિતા બુટ્ઠા થઈ જશે, એક દિવસ એમના ઘૂંટણ, કમર જવાબ દઈ જશે... એક દિવસ એમની આંખે ઝાંખપ વળશે ત્યારે એણે કુટુંબનો મુખ્ય થાંભલો બનીને છત ટકાવી રાખવાની છે. શક્ય છે કે અમુક ઉંમર સુધી દીકરાને અમુક બાબતો નથી સમજાતી, એનામાં સમજદારી થોડી મોડી આવે છે... એનું કારણ કદાચ એ છે કે દીકરાએ પોતાની જવાબદારી—આર્થિક, માનસિક, કૌટુંબિક, સામાજિક અને ઈમોશનલ... બધી જ જવાબદારી ઉપાડવાની છે એની સિકસ્થ સેન્સ એનામાં જન્મ સાથે જ આવી જતી હશે! દીકરાએ પરણીને જવાનું નથી બલ્કે એને પરણીને આવનારી વ્યક્તિની જવાબદારી પણ એની જિંદગીમાં ઉમેરાવાની છે એ સમજ સાથે ઊછરી રહેલો ભારતીય પુરુષ કદાચ લાગણીને બદલે સમજદારીને વધુ અગત્ય આપતો થઈ જાય છે. અભિવ્યક્તિ કરવામાં સમય બગાડવા કરતાં એને એ વાતને સમજીને જીવનમાં ઉતારવામાં કદાચ વધારે રસ હોય છે, અથવા ઊભો થતો જાય છે. ત્રણ વર્ષની દીકરી જે રીતે પોતાની ઢીંગલી સાથે રમે છે એમાં મા છે, જ્યારે ત્રણ વર્ષના દીકરાને આપણે ઢીંગલી આપીએ તો એને એના હાથ પગ ક્યાંથી છૂટા પડે છે એ શોધવામાં વધારે રસ હોય છે.

બાળકનો જન્મ થવાનો હોય ત્યારે બૂમો પાડતી કે સિઝેરિયનના ટેબલ પર લઈ જવાતી સ્ત્રી માટે તો સૌને સહાનુભૂતિ હોય છે. હૉસ્પિટલની લૉબીમાં બેચેન થઈને આંટા મારતો પુરુષ ભાગ્યે જ પોતાનું ટૅન્શન કે પોતાની પીડા કોઈની સાથે વહેંચી શકે છે. સંતાન જેમ મોટું થતું જાય એમ એના જીવનમાં માનું મહત્ત્વ વધતું જાય છે. મા એનું ધ્યાન રાખે, ખવડાવે, પીવડાવે, એને લાડ કરે, પરંતુ પિતા એના શિક્ષણની ચિંતા કરે છે, એના ભવિષ્યની ચિંતા કરે છે... એને માટે સંપત્તિનો સંચય કરે છે, ઘર બાંધે છે, પ્રોપર્ટી ઊભી કરે છે.

આજનો સમય કદાચ જુદો છે. મા અને પિતા બંને કમાય છે. બંને પોતાના સંતાન માટે બચત કરે છે. બંને સંતાનના ભવિષ્યના ઘડતરમાં લગભગ ખભેખભા મિલાવીને કામ કરે છે, છતાંય બાળક માટે માનો વિચાર એ આસક્તિ છે, જ્યારે પિતાનો વિચાર એ શક્તિ છે. મા બાળકને આંખ આપે છે તો પિતા દૃષ્ટિ. મા ઘર આપે છે

તો પિતા સૃષ્ટિ. માનો ખોળો અને પિતાનો ખભો જીવનભર પોતાના સંતાન માટે એક શીતળતાનો અનુભવ બની રહે છે. પિતા-પુત્રીનો સંબંધ એક ઋજુ, નાજુક સંબંધ છે, જ્યારે પિતા-પુત્રનો સંબંધ ગુરુ-શિષ્ય પરંપરા, કલિગનો અને ધીરે ધીરે સમવયસ્ક મિત્રમાં ફેરવાઈ જતો સંબંધ બની જાય છે.

• • •



કભી નીમ નીમ, કભી શહદ શહદ...
કભી નર્મ નર્મ, કભી સખ્ત સખ્ત...

ઝઘડો કરીને નીકળેલો પુરુષ ઑફિસમાં જઈને તરત સ્વાભાવિક થઈ શકે છે, પરંતુ સવારે ઘરમાં ઝઘડો થયો હોય એ વાત સ્ત્રીને આખો દિવસ 'ઈમોશનલી બિઝી' રાખી શકે છે. એવી જ રીતે સાંજે પાછો આવેલો પુરુષ કદાચ સવારનો ઝઘડો ભૂલી પણ ગયો હોય પણ સ્ત્રી એ ઝઘડો ભૂલતી નથી, ભૂલી શકતી નથી, કદાચ! ઝઘડો થાય—મન ઊંચાં થાય, મતભેદ થાય, દલીલો થાય એ કોઈપણ યુગલ માટે સામાન્ય પરિસ્થિતિ છે.

'**ક્યાં** છે તું, ક્યારની ફોન નથી ઉપાડતી?' રાજીવે ચિડાઈને કહ્યું, 'ફેંકી દે તારા ફોનનું ડબલું. અભણની જેમ ફોન ક્યાંનો ક્યાંય ખોસી રાખે છે'

'હું રસોડામાં હતી' વૈશાલીએ સામે ચિડાઈને કહ્યું, 'મને શું ખબર તમે ફોન કરવાના છો!'

'બરાબર છે... ફોન તો બેડરૂમમાં મૂકવા માટે છે. તારી બહેનપણીનો ફોન આવે, મમ્મીનો ફોન આવે કે બ્યુટીપાર્લરવાળીનો એપૉઇન્ટમૅન્ટ માટે ફોન આવે તો કૂદકો મારીને ઉપાડે છે' રાજીવ વધુ ચિડાયો, 'બસ એક મારો જ ફોન ઉપાડતી વખતે...'

રાજીવનું વાક્ય પૂરું થાય એ પહેલાં વૈશાલીએ બૂમ પાડી, 'જલદી બોલો, મારું શાક દાઝે છે' આગળ કોઈ વાત કર્યા વિના રાજીવે ફોન ડિસકનેક્ટ કરી નાખ્યો. એ દિવસે રાત્રે રાજીવ સાડા બારે ઘરે આવ્યો. વૈશાલી સાંજે આઠ વાગ્યાથી ફોન કરતી હતી પણ રાજીવે ફોન ઉપાડ્યો જ નહીં...

•

'તો! શ્રીમતીજી... શું પ્લાન છે આજનો?' રાજીવે રૂમમાં દાખલ થતાં પૂછ્યું, 'શું કરવું છે આજે?' એના હાથમાં ચાની ટ્રે હતી. નાનકડા ફ્લાવર વાઝમાં એક ગુલાબ મૂકેલું હતું, 'હેપ્પી સન્ડે' રાજીવે કહ્યું. વૈશાલી જાગીને એની સામે જોતી રહી. એક આખુ અઠવાડિયું અબોલા ચાલ્યા હતા.

ગયા શનિવારથી આજ સુધી... આજે રાજીવે સાવ ન માની શકાય એવી શરૂઆત કરી.

'શું વાત છે? આજે બહુ મહેરબાન થાવ છો?' વૈશાલીએ દાઢમાંથી પૂછ્યું, 'શું જોઈએ છે?'

'કંઈ નહીં...' રાજીવે પરિસ્થિતિ બદલવાનો પ્રયત્ન છોડ્યો નહીં, 'છેલ્લા અઠવાડિયાથી મુડ ખરાબ હતો એટલે મને થયું કે...'

'હવે તમારો મુડ સારો થઈ ગયો એટલે મારે પણ બદલી નાખવાનો?' કહીને વૈશાલી ઊભી થઈ ગઈ, 'બધાએ તમારા મુડ પ્રમાણે ચાલવાનું કેમ?'

રાજીવનો મુડ ખરાબ થઈ ગયો, 'દરેક વખતે દાઢમાંથી બોલવું જરૂરી હોય છે? હું જ્યારે મુડ સારો કરવાની કોશિશ કરું ત્યારે તારે એમાં પથ્થર મારવો જરૂરી હોય છે, કેમ?' કહીને રાજીવે ચાની ટ્રે પટકી દીધી. એ બહાર નીકળી ગયો. વૈશાલીને અફસોસ થયો એક સારી શરૂઆત થતાં થતાં તૂટી ગઈ એ વૈશાલીને સમજાયું. પોતે ન બોલી હોત તો સારું થાત, એવો વિચાર પણ આવ્યો. રાજીવ નહાઈને બહાર નીકળી ગયો—લંચ માટે પણ ન આવ્યો. છેક સાંજે સાડા આઠે ઘરે આવ્યો, ટીવી જોતો બેસી રહ્યો અને અગિયાર વાગ્યે રૂમમાં જઈને ઊંઘી ગયો.

•

'મારે જીમ જવું છે' સવારના બ્રેકફાસ્ટ ટેબલ પર રાજીવે પોતાના સહેજ બહાર આવી ગયેલા પેટ પર હાથ ફેરવીને કહ્યું, 'કાલથી મારી રોટલીમાં ઘી નહીં લગાડતી.'

'એવું કંઈ નથી વધ્યું' કહીને વૈશાલી પ્લેટમાં પડેલો ટોસ્ટ ઉઠાવીને બટર લગાડવા માંડી.

'આ હું નહીં ખાઉં' કહીને રાજીવે ડબ્બામાંથી ખાખરો કાઢ્યો, 'આજથી જ સ્ટ્રિક્ટ ડાયેટ.'

'કેમ? કોઈ નવી બહેનપણી મળી છે?' વૈશાલીએ ટોણો માર્યો, 'રાતોરાત કૉન્શિયસ થઈ ગયા? કોના માટે યંગ દેખાવું છે તમારે?' વૈશાલીનાં આ ત્રણ વાક્યો પૂરાં થાય એ પહેલાં ડાઇનિંગ ટેબલને ધક્કો મારીને રાજીવ ઊભો થઈ ગયો... ખાખરો અને ટોસ્ટ બંને પ્લેટમાં પડી રહ્યા!

સામાન્ય રીતે પુરુષને મ્હેણાં-ટોણા સાંભળવાની આદત નથી હોતી. જો કે આમાં કેટલાક સ્ત્રૈણ પુરુષો અપવાદ છે. એમને મ્હેણાં-ટોણા સાંભળવાની કે મ્હેણાં મારવાની બેઉ પરિસ્થિતિમાં મજા આવતી હોય છે. જો કે, મોટાભાગના પુરુષો આવી શબ્દરમતથી દૂર ભાગે છે. સામાન્ય રીતે પત્ની એમ માને છે કે પતિ એને પોતાના મુડ પ્રમાણે નચાવે છે. વાત કદાચ સાચી હોય તો પણ, ક્યારેક જેને ચાહતા હોઈએ એના મુડને ઍડ્જસ્ટ કરવામાં શું પ્રૉબ્લેમ હોઈ શકે? પરિસ્થિતિ સુધરે એ વધુ અગત્યનું છે, પ્રયત્ન કોણ કરે છે? એ વિશે હુંસાતુંસી કરવાનો શું અર્થ હોય છે? સામાન્ય રીતે પુરુષનો ઉછેર, ખાસ કરીને ગુજરાતી ઘરોમાં એક સ્પેશ્યલ બાળક તરીકે કરવામાં આવે છે. દીકરાને બહુ ધમકાવવામાં નથી આવતો. એના ગમા-અણગમા, ભાવ-અભાવની કે એના મુડઝની કાળજી લેવામાં આવે છે. મોટાભાગનાં માતાપિતા—ખાસ કરીને મા, પોતાના દિવસનું સ્કેડ્યુલ અને દિવસનું મેનુ બંને ઘરના દીકરાના મુડ અનુસાર બનાવે છે. આ ઉછેરને કારણે ધીરે ધીરે બાળકમાંથી પુરુષ બનેલી વ્યક્તિ એમ માનવા માંડે છે કે એના મુડની આસપાસ રચાયેલી દુનિયા એના પરિવારે એ જ રીતે જાળવવી જોઈએ. વ્યવસાય કરતો કે નોકરી કરતો પુરુષ બહુ સ્વાભાવિક રીતે પોતાના

પ્રૉફેશનલ ટેન્શન ઘરમાં કાઢી નાખતો જોવા મળે છે. પત્નીને ગમે ન ગમે તો પણ પતિના ગમા-અણગમાની કાળજી લેવી પડે છે, મોટે ભાગે—મોટાભાગના ઘરોમાં. આ પરિસ્થિતિ માત્ર પત્ની માટે જ હોય છે. જો પતિ ગુસ્સામાં હોય અને એ જ વખતે કોઈ મહેમાન આવે તો મુડ બદલીને દંભ કરતાં પતિને સામાન્ય રીતે વાર લાગતી નથી. એવી જ રીતે પોતાની સહકાર્યકર સ્ત્રીઓ, કઝીન્સ કે પરિવારની સ્ત્રીઓ સાથે પોતાના ગુસ્સા પર પુરુષ સામાન્ય રીતે કાબૂ રાખી શકે છે, કાબૂ રાખતો જોવા મળે છે! પુરુષનો આ સેલ્ફ કંટ્રોલ અથવા પોતાના મુડ સાથે ડીલ કરવાની આવડત પત્ની સાથે કામ પાડતી વખતે સામાન્ય રીતે ક્યાંક ગુમ થઈ જાય છે. મોટાભાગની પત્નીઓની એવી ફરિયાદ હોય છે કે, 'બીજા સાથે હસી હસીને વાત કરે છે પણ મારી સાથે તો છણકા જ કરે છે.'

આ સાચું છે એમ કહેવાનો ઉદ્દેશ નથી પરંતુ આ પરિસ્થિતિ સાથે કામ પાડવુ એ સ્ત્રીની આવડતનો એક પ્રકાર હોવો જોઈએ. પતિના આવા મુડ સ્વિંગ્ઝને કેવી રીતે હેન્ડલ કરવા એ આવડી જાય તો આ મુડ સ્વિંગ્ઝમાંથી પતિને કે જીવનસાથીને બહાર કાઢી શકાય છે એટલું જ નહીં પરિસ્થિતિ પર સંપૂર્ણપણે પોતાનો કંટ્રોલ મેળવવો એક સ્ત્રી માટે અઘરો નથી! આપણે બધા જ એકશન અને રિએકશનના ચેઇન સીકવન્સથી ટેવાયેલા છીએ. કોઈ જોરથી બોલે તો આપણે જોરથી બોલી દેવું, કોઈ ગુસ્સે થાય તો સામો ગુસ્સો કરી દેવો, કોઈ મગજ ગુમાવે એટલે આપણો મગજ પર કાબૂ ન જ રહી શકે આવી આપણી બધાની સામાન્ય પ્રકૃતિ છે. આ પ્રકૃતિ સ્ત્રીને પોતાનો કક્કો ખરો કરતાં અટકાવે છે!! સાચું પૂછો તો પુરુષ બહુ સહજ અને સરળ પ્રકૃતિ ધરાવતું પ્રાણી છે. એને કોઈ કારણ વગર કૉમ્પ્લિકેશન્સ ઊભાં કરવાં ગમતાં નથી. સ્ટેટસ કો સિચ્યુએશન પુરુષ માટે ઉત્તમ સિચ્યુએશન છે. કંઈ જ બદલ્યા વગર જો રોજિંદા પ્રવાહમાં રોજિંદી જિંદગી ચાલ્યા કરે તો સામાન્ય રીતે પુરુષ બહુ નિરાંતે જીવી શકે છે. એની જિંદગીના ઉતાર-ચઢાવ એના ઈમોશનલ નહીં પણ વ્યવસાયિક જીવન સાથે સંકળાયેલા ઉતાર-ચઢાવ હોય છે. ઝઘડો કરીને નીકળેલો પુરુષ ઑફિસમાં જઈને તરત સ્વાભાવિક થઈ શકે છે, પરંતુ સવારે ઘરમાં ઝઘડો થયો હોય એ વાત સ્ત્રીને આખો દિવસ 'ઈમોશનલી બિઝી' રાખી શકે છે. એવી જ રીતે સાંજે પાછો આવેલો પુરુષ કદાચ સવારનો ઝઘડો ભૂલી પણ ગયો હોય પણ સ્ત્રી એ ઝઘડો ભૂલતી નથી, ભૂલી શકતી નથી, કદાચ! ઝઘડો થાય—મન ઊંચાં થાય, મતભેદ થાય, દલીલો થાય એ કોઈપણ યુગલ માટે સામાન્ય પરિસ્થિતિ છે. સ્ત્રી માટે આદર્શ સંબંધ એટલે રોમૅન્ટિક સંબંધ! સતત ચાલ્યા કરતા રોમાન્સમાં સ્ત્રીને ક્યાંય ખાડો કે બમ્પ નથી જોઈતા, જ્યારે પુરુષ માટે રોમાન્સની પરિસ્થિતિ એ ખાડા કે બમ્પ જેવી છે. રોજિંદા જીવનમાં આવા રોજિંદા રોમાન્સ સાથે પુરુષ કમ્ફર્ટેબલ નથી હોતો.

વાતાવરણ ટેન્શન ફ્રી હોય, કે પછી વાતાવરણને ટેન્શન ફ્રી કરવાનો પ્રયાસ હોય—સામાન્ય રીતે પુરુષ એક જ વાર આ પ્રયાસ કરી શકે છે. એ વખતે જો આ પ્રયત્નને તોડી પાડવામાં આવે કે જૂની વાત યાદ કરીને એ પ્રયત્નને કોઈપણ 'સ્વાર્થ' પ્રકારનું લેબલ લગાડવામાં આવે તો પુરુષ પ્રયાસ પડતો મૂકે છે એટલું જ નહીં પણ બીજી વાર પ્રયત્ન કરતાં પહેલાં વિચાર કરે છે!

પતિ અથવા જીવનસાથી અથવા પ્રેમી અથવા બૉયફ્રેન્ડના મુડ સ્વિંગ્ઝને કંટ્રોલ કરવાનો સરળ ઉપાય જાત ઉપર કંટ્રોલ કરવાનો છે. જીભને કાબૂમાં રાખવાનો છે. પરિસ્થિતિ સુધારવાના પ્રયાસમાં સહકાર આપી શકાય તેમ ન હોય તો પણ એને વધુ બગડતી અટકાવવા માટે જીભ ઉપર કાબૂ રાખવો અનિવાર્ય છે આવું દરેક સ્ત્રીએ સમજવું જોઈએ. પુરુષ સાથેના સંબંધને જો સતત રોમૅન્ટિક રાખવો હોય તો એ માટેનો આગ્રહ પડતો મૂકીને પ્રયાસ શરૂ કરવો જોઈએ. જે સ્ત્રી પોતાના પ્રેમી કે પતિ, પુત્ર કે પિતા સાથે ઓછા શબ્દોમાં કામ પાડતાં

શીખી જાય એને માટે મુડ સ્વિંગ્ઝના ઉતાર-ચઢાવ પ્રમાણમાં સરળ બની જાય છે...

• • •



'ડરપોક પુરુષ'... એટલે તદ્દન રિજેક્ટ કરી દેવા જેવી આઇટમ?!

એક બહુવ્યાપી ફરિયાદ છે કે પુરુષો સંવેદનશીલ નથી હોતા, અત્યાચાર પુરુષ કરે છે, ક્રૂરતા પુરુષનો અવગુણ છે, અહંકાર પુરુષમાં કૂટી કૂટીને ભર્યો છે... આની સામે જો પુરુષ થોડું ડરતો હોય, એની અંદર પણ ભયની સંવેદનશીલતા જાગ્રત હોય તો એ ક્રૂરતા કે અત્યાચાર નહીં કરે એવું નથી લાગતું?

'મમ્મા ...' રાહુલે બાજુમાં ઊભેલી મમ્મીની સાડીનો છેડો પકડી લીધો... 'આ શું કરે છે?' રાહુલના પપ્પા મિતેશભાઈએ રાહુલને એની મમ્મી પાસેથી ખેંચી લીધો, 'ડરપોક છે તું?' મિતેશભાઈએ હસીને ત્રણ વર્ષના રાહુલને ઊંચકી લીધો. રાહુલ રડતો, કકળતો, હાથ-પગ પછાડતો રહ્યો. મિતેશભાઈ એને લઈને જાયન્ટવ્હીલમાં બેસી ગયા. જાયન્ટવ્હીલ ફરતું રહ્યું, રાહુલ રડતો રહ્યો ને મિતેશભાઈ હસતા રહ્યા. નીચે ઊભેલાં અલકાબહેનની આંખોમાં વારે વારે પાણી આવી જતાં હતાં પણ એ કશું બોલી શક્યાં નહીં.

•

'મારે નથી જવું' દસ વર્ષનો રાહુલ બિલકુલ તૈયાર ન હતો તેમ છતાં એની બેગ પેક કરી દેવાઈ હતી. રાહુલના પપ્પા મિતેશભાઈ ઇચ્છતા હતા કે એ કૅમ્પમાં જાય ને રાહુલ જવા માગતો નહોતો. એને ઘેરથી ક્યાંય જવું ગમતું નહીં. દસ વર્ષનો થયો હોવા છતાં એને મમ્મીના પડખામાં કે દાદીના પલંગમાં સૂવું ગમતું. રાહુલના પપ્પા આ વાતના વિરોધી હતા. એમણે નક્કી કરી લીધું હતું કે રાહુલે કૅમ્પમાં જવું પડશે. અલકાબહેનનું પણ કંઈ ચાલ્યું નહીં. રડતો, કકળતો, ફરિયાદો કરતો રાહુલ અંતે કૅમ્પમાં ગયો. આઠ દિવસના એ કૅમ્પ દરમિયાન એ ભાગ્યે જ જમ્યો, રોજ રાત્રે રડીને ઊંઘ્યો... કૅમ્પમાં આવેલા કેટલાક જબરા બાળકોએ રાહુલને રાત્રે ડરાવ્યો. ચાદર ઓઢીને, ભૂત બનીને—જાત જાતના અવાજો કાઢીને એ બાળકોએ રાહુલને એટલો પજવ્યો કે રાહુલ લગભગ આઠેય રાત ઊંઘી શક્યો નહીં. એણે ઘેર ફોન કર્યો ને મમ્મીને બધી ફરિયાદ કરી તેમ છતાં એને ઘેર જવાની પરમિશન મળી નહીં કે કોઈ લેવા પણ આવ્યું નહીં. રાહુલની આ મનઃસ્થિતિ કોઈએ સમજવાનો પ્રયત્ન ના કર્યો, પણ રાહુલના મનમાં એ આઠ રાત દરમિયાન એક વિચિત્ર પ્રકારનો ભય બેસી ગયો.



રાહુલ અઠ્ઠાવીસ વર્ષનો થયો ને એક દિવસ સાંજે મિતેશભાઈ હાર્ટઅટેકથી ગુજરી ગયા. કોઈ કશું સમજે એ પહેલાં રાહુલના ઘરમાં શૂન્યાવકાશ થઈ ગયો. હવે રાહુલ ઉપર બધી જ જવાબદારી હતી પણ અચાનક છોકરામાંથી પુરુષ બની ગયેલા રાહુલ માટે હવે 'ડર' જિંદગીની તમામ બાબતો પર છવાયેલો એક એવું અંધારું હતું કે જે હવે રાહુલને સતત લપેટાયેલું રહેતું હતું. મમ્મી ક્યાંક જાય તો રાહુલ ચિંતા કર્યા કરતો. વારંવાર ફોન કરતો. દાદીની તબિયત સહેજ બગડી હોય તો રાહુલ ઉપરતળે થઈ જતો... એ પછીનાં વર્ષોમાં રાહુલના ઍન્ગેજમૅન્ટ ઇશિતા સાથે થયાં. રાહુલની આ ચિંતા અને ડર ઈશિતાને કદી સમજાયો નહીં. રિક્ષામાં એકલા નહીં જવાનું, બહેનપણીઓ સાથે મોડે સુધી બહાર નહીં રહેવાનું, મમ્મી- પપ્પાને ત્યાં ગયેલી ઈશિતા મજામાં છે કે નહીં એવું પૂછવા માટે રાહુલ ચોવીસ કલાકમાં ત્રણ ફોન કરતો! ડ્રાઇવર જો જરાક વધારે ઝડપથી ગાડી ચલાવે તો રાહુલ બૂમાબૂમ કરી મૂકતો. બાથરૂમમાં ગેસ ગીઝર નહીં રાખવાનું, ઘરમાં ચારેતરફ જાળીઓ અને રાત્રે ઊંઘતી વખતે રીતસર ડિસ્ટર્બ કરે એવી લાઇટ ચાલુ રહેવી જોઈએ... ઈશિતા અકળાઈ જતી. એને રાહુલ સમજાતો નહીં. આ જ રાહુલ બિઝનેસના મોટા મોટા રીસ્ક જરાય ડર્યા વિના લેતો... પૈસા ઇન્વેસ્ટ કરતી વખતે એ જરાય ડરતો નહીં પણ ઇશિતાને થોડો તાવ આવે કે શરદી થાય તો પણ રાહુલ આખી રાત જાગતો!

આ માનસિકતા ઘણીવાર નવાઈ પમાડે છે, પરંતુ માણસની જિંદગીમાં એની જેન્ડર કરતાં વધારે અગત્યનો એનો ઉછેર હોય છે. ઘણાં માતાપિતા પોતાના સંતાનને 'પુરુષ' તરીકે ઉછેરવાના ઝનૂનમાં એને ડરપોક અને બીકણ બનાવી દે છે. સિગમંડ ફ્રોઈડના કહેવા પ્રમાણે માણસનો ફિયર સાઈકોસીસ એની જિંદગીનાં પહેલાં પાંચ વર્ષોમાં થઈ જતો હોય છે. પાંચ વર્ષ દરમિયાન અંધારાનો, બાવા, સાધુ, પોલીસ, બુગીમેનનો કે બિલાડી, કૂતરા જેવી વસ્તુઓનો ડર બતાવીને આપણે બાળકને ડરપોક બનાવી દઈએ છીએ. બાળકને ઉછાળવું કે અમુક રીતે પલંગ પરથી, ઘોડિયામાંથી પડી જવાની ઘટનાઓ ઉપરાંત માતા-પિતાના ઝઘડા, એ સિવાયના પ્રસંગોએ મા કે પિતા સાથે બનેલી ડરાવનારી ઘટનાઓ બાળકના માનસમાં ભયને ઊંડે સુધી ધકેલી દે છે. આ ભયને જેન્ડર સાથે કોઈ લેવાદેવા નથી. બાળક તરીકે સ્ત્રી અને પુરુષ લગભગ સરખાં હોય છે. જેમ જેમ ઉંમર વધતી જાય તેમ તેમ આ જેન્ડરનો ભાવ કદાચ વધુ સ્પષ્ટ થતો જાય છે.

ઘણાં માતા-પિતા એવું સમજવા તૈયાર નથી હોતાં કે એ પોતાના બાળકને 'બહાદુર' બનાવવાના ચક્કરમાં એને જીવનભર માટે 'ડરપોક' બનાવી રહ્યા છે. ખાસ કરીને સ્કૂલનો ટ્રોમા બહુ મોટો હોય છે. માતા-પિતા સાથેની સિક્યૉરિટી હજી પૂરી સમજાય અને અનુભવાય એ પહેલાં કેટલાંક બાળકોને ખેંચીને સ્કૂલે મૂકી દેવામાં આવે છે. રડતું-કકળતું બાળક ઇચ્છા વિરુદ્ધ રોજ એવા વાતાવરણમાં જાય છે જ્યાં એને સ્નેહથી સલામતી આપવાને બદલે ધમકાવવામાં આવે છે. રડતું અટકાવવા માટે એક નવો ભય—બાવાનો, પોલીસનો કે ઘરે નહીં જવા દેવાનો... ભય એના મગજમાં ઘુસાડવામાં આવે છે. બાળક સમજી શકતું નથી કે એને શા માટે ડરાવવામાં આવે છે! એ ડર એના મનમાં કાયમ માટે ઘર કરી જાય છે. માણસ તરીકે આપણને બધાને કોઈ ને કોઈ બાબતનો નાનો મોટો ભય હોય છે. આ ભય કેટલીકવાર સપાટી પર આવે છે અને કેટલીકવાર આપણા અજાગૃત મનમાં ઊંડે દટાયેલો પડી રહે છે. ઊંચાઈનો, પાણીનો, અંધારાનો કે ઝડપનો ભય નજીકના ભૂતકાળમાં ઉદ્ભવેલો ભય નથી. બાળપણમાં બનેલી કેટલીક ઘટનાઓ સાથે આવા પ્રકારના ડરને સીધો સંબંધ છે.

બાળપણ કોઈનું પણ હોઈ શકે, એમાં સ્ત્રી કે પુરુષનો ભેદ કઈ રીતે હોઈ શકે? સામાન્ય રીતે એવી માન્યતા

પ્રવર્તે છે કે પુરુષથી ડરાય નહીં. જે પુરુષ ડરે એને માટે ડરપોક, બાયલો, બીકણ જેવા શબ્દો વાપરવામાં આવે છે. સ્ત્રી ડરે તો એ બહુ સામાન્ય અથવા સ્વીકાર્ય બાબત છે, પરંતુ જ્યારે પુરુષ ડરે ત્યારે એ વાત સમાજમાં હાસ્યાસ્પદ પુરવાર થાય છે. આપણે એવું શા માટે વિચારીએ છીએ એ પ્રશ્ન હવે પૂછવાનો સમય થઈ ગયો છે. સ્ત્રીઓ વિમાન ઉડાડી શકે, બૉમ્બ બનાવી શકે, ખૂન કરી શકે, બૅન્ક લૂંટી શકે પણ ડરી શકે! પુરુષ ડરે તો એ ઈમોશનલી વીક કહેવાય... પણ સ્ત્રી ડરે તો એ સંવેદનશીલ હોવાનો પુરાવો છે! કેમ? લાગણીશીલ કે સંવેદનશીલ હોવાનો પ્રિવિલેજ માત્ર સ્ત્રીને કેમ છે? પુરુષ સંવેદનશીલ કે લાગણીશીલ ન હોઈ શકે? પોતે જેને ચાહતા હોય એના વિશે ચિંતા કરવી કે ડર લાગવો સ્વાભાવિક નથી? એમાં વળી સ્ત્રી પુરુષનો ભેદ કઈ રીતે હોઈ શકે?

આ સમાજે કેટલાક નિયમો બનાવી દીધા છે. જ્યારે આ નિયમો બન્યા હશે કે શાસ્ત્રો લખાયાં હશે ત્યારનો સમય જુદો હશે. ત્યારે સ્ત્રી ઘરમાં રહેતી હશે. પુરુષ ખેતીવાડી, વેપાર કે યુદ્ધ કરતો હશે. એ સમયે કદાચ સ્ત્રીને ચિંતા થવી, ડર લાગવો, ભય લાગવો કે અસલામતી અનુભવવી એ બધી સ્વાભાવિક બાબતો હશે. આજના સમયની અર્બન સ્ત્રી પ્રમાણમાં ઘણી બધી સ્વતંત્ર છે. ગામડાની સ્ત્રી પાસે પણ ફ્રેર ઍન્ડ લવલી અને મોબાઈલ પહોંચ્યા છે ત્યારે કાં તો બંને જેન્ડરના માણસોએ ભયને ખંખેરીને જિંદગીનો સામનો કરવાની હિંમત કેળવવી જોઈએ અથવા તો સ્ત્રી અને પુરુષ બંનેને ભયનો અધિકાર હોવો જોઈએ. આમ જોવા જઈએ તો શાસ્ત્રો જ કહે છે કે, આહાર, નિદ્રા, ભય અને મૈથુન જીવ માત્રના તદ્દન સામાન્ય અનુભવ છે. વ્યક્તિ તરીકે જો કોઈ ડરે છે અથવા એને ડર લાગે છે તો એ વાત એના 'સજીવ' હોવાની સાબિતી છે. એમાં સ્ત્રી અને પુરુષ કેવી રીતે હોઈ શકે?

કેટલાંક સામાજિક નિયમો ને માન્યતાઓ જે તે સમયે ઘડાયાં હશે, આજની તારીખે એનું રેલેવન્સ કે રેફરન્સ કદાચ બિલકુલ નથી રહ્યું. આપણે જૂના નિયમોને ફૉલો કરતાં કરતાં એટલા બધા 'જુનવાણી' થઈ ગયા છીએ કે આપણને પોતાને પણ આ નિયમોની સચ્ચાઈ ચકાસવાનો સમય નથી મળ્યો. આપણા સંસ્કૃત નાટકનો નાયક ધીર, વીર, ઉદાત્ત હોવાની સાથે સાથે મૃદુ પણ છે... આમ જોવા જઈએ તો એક બહુવ્યાપી ફરિયાદ છે કે પુરુષો સંવેદનશીલ નથી હોતા, અત્યાચાર પુરુષ કરે છે, ક્રૂરતા પુરુષનો અવગુણ છે, અહંકાર પુરુષમાં કૂટી કૂટીને ભર્યો છે... આની સામે જો પુરુષ થોડું ડરતો હોય, એની અંદર પણ ભયની સંવેદનશીલતા જાગ્રત હોય તો એ ક્રૂરતા કે અત્યાચાર નહીં કરે એવું નથી લાગતું? જે પુરુષ ભય અનુભવે છે એ કમ-સે-કમ બીજાના ભયને સમજી શકશે એટલી આશા તો રાખી જ શકાય!

જે માતા-પિતા પોતાના દીકરાને બહુ બહાદુર બનાવવા નીકળે છે એ એના બાળપણ પર વિચિત્ર પ્રકારનો અત્યાચાર કરે છે. નાનકડા બાળકને એની જેન્ડરનું ભાન કરાવવાનો વધુ સારો રસ્તો શોધાવો જોઈએ... પુરુષ હોવું એટલે પહેલાં 'માણસ' હોવું, જીવતા હોવું, ધબકતા અને સંવેદનશીલ હોવું... ને જો આ બધું હોય તો સામાન્ય ભય હોય જ, હોવો જોઈએ!

• • •



'શયનેષુ' રંભા ઇઝ ધ ઓન્લી વે?

સ્ત્રીએ કેટલીયે સદીઓથી આ વાત કોઈ કારણ વગર પુરુષના મગજમાં નાખી દીધી છે કે પુરુષ સંયમ રાખી શકતો જ નથી! આ બધી જ પરિસ્થિતિનું નિર્માણ એકલા પુરુષે જ કર્યું છે? જે કંઈ થઈ રહ્યું છે, બળાત્કારથી શરૂ કરીને બળજબરી સુધી... એને માટે શું એકલો પુરુષ જ જવાબદાર છે? એને જ સજા થવી જોઈએ?

"**છેલ્લા** ત્રણ મહિનાથી તું મને તારાથી દૂર રાખે છે." પરેશ ઉશ્કેરાયેલો હતો. એણે મેઘાને બાવડામાંથી પકડીને હચમચાવી નાખી, "હું તને રિસ્પેક્ટ કરું છું, તારી ઇચ્છાને માન આપું છું એટલે તેં તો જાણે..."

"દુ:ખે છે પરેશ, હાથ છોડ મારો." મેઘાએ હાથ છોડાવવાની કોશિશ કરી. પરેશે હાથ વધુ જોરથી પકડ્યો. એના નખ મેઘાના બાવડામાં પેસી ગયા.

"તને જેવું અહીંયાં દુ:ખે છે ને એવું મને હૃદયમાં દુ:ખે છે. તું પત્ની છે મારી, બધું બરાબર ચાલતું હતું. હવે અચાનક શું થઈ ગયું છે તને?" પરેશ વધારે ચિડાયો, "ખરું પૂછો તો હું બીજા પુરુષો જેવો નથી. બાકી તારી ઇચ્છા-અનિચ્છા પૂછ્યા વગર ચઢી બેઠો હોત..."

"હા, તો તારે જે કરવું હોય તે કરી લે. હું ઊભી છું તારી સામે, લે..." કહીને મેઘાએ ગાઉનનું બટન ખોલી નાખ્યું. એની આંખોમાં આંસુ હતાં. એણે ખૂબ પીડાથી કહ્યું, "પુરુષને ક્યારેય એટલું ના સમજાય કે પત્નીને મન પણ હોય છે."

•

"તને તો કાયમ જ બહાનું સૂઝે છે." મધુભાઈએ નીતાબહેનને ધક્કો મારી દીધો. નીતાબહેનની આંખમાં પાણી આવી ગયાં. મધુભાઈ ઊભા થઈને લેંઘો પહેરવા લાગ્યા, "રોજ કંઈ ને કંઈ પ્રૉબ્લેમ હોય. એક દિવસ માથું દુ:ખે, એક દિવસ પેટ દુ:ખે... તું પરવારી ગઈ છે, પણ મને શું કામ ભૂખ્યો રાખે છે?"

“હું ક્યાં ના પાડું છું? બસ...” નીતાબહેન આગળ ના બોલી શક્યાં. આ ઘણા દિવસથી ચાલતું હતું. પચાસની ઉંમરે પહોંચેલાં નીતાબહેન અને છપ્પનના મધુભાઈનું લગ્નજીવન એકંદરે સુખી હતું. એ બંને ક્યારેય ઝઘડ્યાં નહોતાં. છેલ્લા છએક મહિનાથી લગભગ દર અઠવાડિયે એક વાર આવી ચણભણ થઈ જતી. નીતાબહેનને અર્લી મેનોપૉઝ શરૂ થયો હતો. ડ્રાયનેસ આવવા લાગી હતી એટલે સંભોગ વખતે બળતરા થતી. ડૉક્ટર પાસે આવા કારણસર જવાની એમની માનસિકતા નહોતી. સંકોચવશ અને ‘આ ઉંમરે’ ક્યાં વળી આવું પૂછવું... એવું વિચારીને એ જતાં નહોતાં. એ મધુભાઈની ઇચ્છાને ટાળી દેતાં, પણ ધીરે ધીરે આ વાત ગંભીર સ્વરૂપ પકડવા લાગી હતી.

“એક વાત સમજી લે. ઘેર ભાણું નહીં મળે તો હું બહાર મોઢું મારી આવીશ.” મધુભાઈએ ગુસ્સાથી ધ્રૂજતાં કહી નાખ્યું, “જે બૈરાં પોતાનું ઘર ના સાચવે એમણે પછી ઘર બળે ત્યારે ફરિયાદ નહીં કરવાની.”

“એટલે? તમને કંઈ થયું હોત ને તમે મને સંતોષ ના આપી શકતા હોત તો મનેય મોઢું મારવાની છૂટ હોત?” ઘણા દિવસથી મધુભાઈનું અપમાન સહી રહેલાં નીતાબહેને આજે કહી નાખ્યું. ગુસ્સામાં મધુભાઈએ એમને તમાચો ચોડી દીધો.

•

“પ્લીઝ! સુજય... આ બધું... મને...” શ્રેયાએ જાતને છોડાવવાનો પ્રયત્ન કરતાં સંકોચાઈને જરા દૂર થતાં કહ્યું. સુજય એને બિલકુલ પડખામાં લઈને સૂતો હતો. સુજયનો એક પગ શ્રેયની ઉપર અને અડધું શરીર શ્રેયાના શરીરની ઉપર હતું. એણે શ્રેયાના શર્ટનાં ત્રણ બટન ખોલી નાખ્યાં હતાં. એનો હાથ શર્ટની અંદરના ઇનરમાં થઈને શ્રેયાની ત્વચા પર ફરી રહ્યો હતો... શ્રેયાએ અચાનક જાતને સંકોચી લીધી, “મને લગ્ન પહેલાં આ બધું...” એણે ફરી કહ્યું અને બટન બંધ કરવા માંડ્યું.

“વ્હોટ ડુ યુ મીન? લગ્ન તો મારી જ સાથે થવાનાં છે. છ મહિના પછી આ બધું કરીએ કે છ મહિના પહેલાં, શું ફેર પડે?” સુજય અકળાઈ ગયો, “આમ તો તું બહુ મૉડર્ન બને છે, એમ્પાવરમૅન્ટની વાતો કરે છે, ઇન્ડિપેન્ડન્ટ હોવાના દાવા કરે છે.”

“તો?” શ્રેયાએ પૂછ્યું. એ બેઠી થઈ ગઈ, “મારી વૅલ્યૂઝ ઇન્ડિયન છે. મને લગ્ન પહેલાં સૅક્સ...”

“કમઑન શ્રેયા.” સુજયે એને નજીક ખેંચી, “કયા જમાનામાં જીવે છે? હવે એક્સપિરિયન્સ્ડ વાઇફ ઇઝ વેલકમ, વર્જિનનો જમાનો...” સુજયે ફરી એના ગળા પર હોઠ ઘસવા માંડ્યા. શ્રેયા ધક્કો મારીને ઊભી થઈ ગઈ.

“નો સુજય, પ્લીઝ...” હવે સુજયનું મગજ ગયું. એણે શ્રેયાને ખેંચીને એનું શર્ટ કૉલરમાંથી પકડીને બે બાજુથી એવો ઝટકો માર્યો કે બધાં જ બટન એક ઝટકામાં તૂટી ગયાં. પછી એણે ઇનરની બંને સ્ટ્રીપ નીચે ઉતારી દીધી. બંને હાથ અંદર નાખીને શ્રેયાનાં... “શું કરે છે? જાનવરની જેમ...” શ્રેયાથી રહેવાયું નહીં, “ના પાડું છું તો સમજ નથી પડતી? સંયમ જેવી કોઈ વસ્તુ છે કે નહીં?” શ્રેયાએ ધક્કો મારીને શર્ટ લપેટી લીધું. ધમધમ કરતી બહાર નીકળી ગઈ... બાજુમાં પડેલું વાઝ ઉપાડીને સુજયે જમીન પર ફેંક્યું.

ત્રણ પેઢીના ત્રણ બેડરૂમ્સનાં આ દૃશ્યો છે. આ ત્રણેયમાં એક વાત કૉમન છે, અને એ છે સ્ત્રીના સૅક્સ રિફ્યુઝલની વાત.

મેનોપૉઝના પીરિયડમાં, લગ્ન પહેલાં, પ્રેગનન્સીના સમય દરમિયાન કે ક્યારેક લગ્નજીવન દરમિયાન સ્ત્રી શરીરસંબંધ નકારે ત્યારે પુરુષ ઉશ્કેરાઈને—ગુસ્સે થઈને રિઍક્ટ થાય છે એવી એક સામાન્ય માન્યતા છે. બેડરૂમમાં થતા બળાત્કારો સામાન્ય રીતે છાપે ચડતા નથી, એની કોઈ પોલીસ ફરિયાદ નોંધાતી નથી, પરંતુ એવી કેટલીયે સ્ત્રીઓ છે કે જે પોતાના પતિને એક યા બીજા કારણે શરીરસંબંધની ના પાડી શકતી નથી. સંકોચવશ કે પતિની બળજબરી તો ખરી જ, પણ ક્યારેક પતિ ફક્ત શરીરસંબંધ માટે બીજે જતો રહેશે એવો ભય અને અસલામતી પણ આમાં કારણભૂત હોય છે. આપણા સમાજમાં વિધવા સ્ત્રી માટે સંયમ, સફેદ-મરૂન-ભૂરાં કપડાં કે બીજા અનેક નિયમો બનાવવામાં આવ્યા છે, પણ વિધુર પતિ જો સ્મશાને ન જાય તો એને માટે તરત માગાં આવવાનાં શરૂ થઈ જાય છે. બળાત્કાર થાય છે ત્યારે સ્ત્રીનાં વસ્ત્રો, હિન્દી ફિલ્મો અને સીરિયલ્સ, શરાબ જેવી કેટલીયે બાબતોને પુરુષના ઉશ્કેરાટ માટે જવાબદાર ઠેરવવામાં આવે છે, ત્યારે એક પ્રશ્ન થાય છે કે ઉશ્કેરાટ ફક્ત પુરુષને જ આવી શકે? શરીરસંબંધની ઇચ્છા કે જરૂરિયાત શા માટે ફક્ત પુરુષના પક્ષે જ હોય? ને જો પુરુષને શરીરસંબંધની ઇચ્છા હોય તો પતિ તરીકે, પ્રેમી તરીકે, પુરુષ તરીકે એ પોતાની ઇચ્છા કોઈ પણ ભોગે—કોઈ પણ રીતે પૂરી કરી શકે... સ્ત્રીની અનિચ્છા કે ઇચ્છા જાણ્યા વગર?

આ બધી જ પરિસ્થિતિનું નિર્માણ એકલા પુરુષે જ કર્યું છે? જે કંઈ થઈ રહ્યું છે, બળાત્કારથી શરૂ કરીને બળજબરી સુધી... એને માટે શું એકલો પુરુષ જ જવાબદાર છે? એને જ સજા થવી જોઈએ?

સ્ત્રીએ કેટલીયે સદીઓથી આ વાત કોઈ કારણ વગર પુરુષના મગજમાં નાખી દીધી છે કે પુરુષ સંયમ રાખી શકતો જ નથી!

સાવ બાળપણમાં છોકરીઓને મોળું ખાવાનાં ગૌરીવ્રતથી શરૂ કરીને જાગરણ અને સોળ સોમવારના ઉપવાસ સુધી 'સંયમ' શીખવવામાં આવે છે. ચૂપ રહેવું—ગમ ખાવું, ઓછું ખાવું—કમ ખાવું જેવા નિયમો સ્ત્રીઓને બાળકી હોય ત્યારથી શીખવવામાં આવે છે. કુંવારી છોકરીને કહેવામાં આવે છે કે એણે અમુક રીતે વર્તવું, અમુક રીતે ચાલવું, બેસવું, પણ આવું દીકરાને શીખવવામાં આવતું નથી—મા જ શીખવતી નથી! આશ્ચર્યની વાત તો એ છે કે મા પોતે જ પોતાના દીકરાની હાજરીમાં કહે છે, "મારો તો દીકરો છે. તાંબાનો લોટો ઘસો એટલે ઊજળો..." ઊછરી રહેલા પુરુષના મનમાં આ વાત દઢતાથી બેસી જાય છે. પુરુષને જાહેરમાં કપડાં બદલવાની, ઉઘાડા ફરવાની કે ટૂંકાં કપડાં પહેરવાની છૂટ હોય છે. માતાપિતા ક્યારેય પોતાના દીકરાને એવું કહેતાં નથી કે, "ઘરમાં જુવાન બહેન છે!" જ્યારે દીકરી માટે "જુવાન ભાઈની હાજરી" અગત્યની હોય છે. યુવાન દીકરાની બહેનપણીઓ ગર્વની બાબત હોય છે, એની પાછળ ફરતી છોકરીઓ વિશે માતાપિતા ખુલ્લેઆમ ચર્ચા કરે છે, પણ દીકરીનો એકાદ મિત્ર હોય તો એણે સો સ્કેનરમાંથી પસાર થવું પડે છે!

આ સમાજ બે જણાંના ચારિત્ર્ય માટે પહેલેથી જ જુદાં કાટલાં ધરાવે છે. પુરુષ અમુક રીતે વર્તે છે એને માટે એ પોતે ઓછો જવાબદાર છે અને એનું વાતાવરણ, એનો ઉછેર, એની તાલીમ વધુ જવાબદાર છે. આજે ગુજરાતની દીકરીઓ સેઇફ છે, રાતના બે વાગ્યે એકલી ફરી શકે છે કે નવરાત્રીમાં સજીધજીને છેક સવારે પાછી ફરે તો પણ માતાપિતાનો જીવ પડીકે બંધાતો નથી એનું કારણ ગુજરાતની સ્ત્રીઓ છે? ના... એનું કારણ ગુજરાતના પુરુષોનું સ્ત્રી-દાક્ષિણ્ય છે, જે એમને ગળથૂથીમાં પીવડાવવામાં આવે છે!

સાચું પૂછો તો પુરુષ જેટલો સંયમ ભાગ્યે જ સ્ત્રી રાખી શકતી હોય છે. ક્રોધથી શરૂ કરીને ભૂખ સુધી, દરેક વસ્તુ પર એનો સંયમ વધારે હોય છે, પણ એ ફક્ત ક્રાઇસિસની સ્થિતિમાં જ! વધુ બળવાન, વધુ શક્તિશાળી અને વધુ શારીરિક રીતે સક્ષમ આ સ્પીશિસ સામાન્ય સંજોગોમાં પોતાની જાત પર વધુ નિયંત્રણ નથી રાખી

શકતી, કારણ કે એમને એવું શીખવાડવામાં જ નથી આવતું. ઍજ્યુકેશન અને ટ્રેનિંગ બે જુદા વિષય છે. ઘણું બધું ભણેલા—એડ્યુકેટેડ લોકો પણ ઘણી વાર વેલ ટ્રેઇન્ડ નથી હોતા, એનું કારણ એમનો ઉછેર છે! એક બાળક અથવા ઊછરી રહેલા દીકરાને જ્યારે પહેલેથી જ એવું શીખવવામાં આવે છે કે એણે જાત પર નિયંત્રણ રાખવાની કોઈ જરૂર નથી, ત્યારે એને સમજાય છે કે એ જે કરશે, જેવી રીતે કરશે, જેમ ફાવે તેમ જીવશે તે ચલાવી લેવામાં આવશે!

ખરેખર કોઈ પણ એક વ્યક્તિ જ્યારે આ સમાજમાં એક એડલ્ટ તરીકે—એક પુખ્ત વ્યક્તિ તરીકે દાખલ થાય છે ત્યારે એની કેટલીક બેસિક જવાબદારીઓ હોય છે. આમાંની એક મુખ્ય જવાબદારી એ છે કે એ એક સમજદાર અને સહનશીલ વ્યક્તિ તરીકે વર્તે. આમાં સ્ત્રી-પુરુષનો ભેદ નથી... સ્વયં પર નિયંત્રણ રાખવાની આવડત જન્મજાત ન હોય એ સ્વાભાવિક છે. બૂમો પાડીને રડતું બાળક કે જીદ કરતું બાળક, મોઢામાં આંગળાં નાખતું કે બાળક કે પોતાના વાળ ખેંચતું બાળક આખી જિંદગી એવું રહેતું નથી. એનું કારણ એ છે કે એને ધીમે ધીમે આવી આદતોમાંથી બહાર કાઢવામાં આવે છે.

સૅક્સની બાબતમાં પુરુષને મોટે ભાગે કોઈ પિતા કે કોઈ મા એવું સમજાવતાં નથી કે આ 'સમભોગ' છે... બંને વ્યક્તિએ સાથે મળીને માણવાની પ્રવૃત્તિ—આની સાથે સર્જન જોડાયેલું છે! ઉપરથી માતાપિતા અને સમાજ એવી માનસિકતાને હવા આપે છે કે, "પુરુષને તો સંયમ હોય જ નહીં."

આ ગર્વની બાબત નથી! વ્યક્તિ તરીકે આપણું પોતાના ઇમોશન્સ, જરૂરિયાત કે ઉશ્કેરાટ પર નિયંત્રણ હોય એ ઇચ્છનીય છે. આહાર, નિદ્રા, ભય અને મૈથુન આ પ્રાણીમાત્રની જરૂરિયાત છે. સમજદારી, સ્નેહ અને સલામતી પૂરી પાડી શકતો પુરુષ પોતાની જાતને જાનવરથી જુદી પાડી શકે છે!

• • •



મમ્માસ બૉય...

મા માટે લાગણી હોવી એ ગુનો નથી... લગ્ન થઈ ગયાં એટલે હવે દીકરાએ પણ મા સાથે અટેચમૅન્ટ ન રાખવું એવો આગ્રહ પત્ની કેમ રાખે અથવા કેમ રાખી શકે?

"**કેમ** આજે આટલો વહેલો ઊઠ્યો?" ટેબલ પર બ્રેકફાસ્ટ ગોઠવતાં અમીએ નવાઈથી પૂછ્યું. નિલેશ શેવ કરીને, નાહીને તૈયાર હતો, "મને તો એમ કે તું ઊઠ્યો જ નથી... આજે તો રવિવાર છે."

"હા, પણ આજે મારે જરા બહાર જવું છે." નિલેશે અચકાઈને કહ્યું, "લંચમાં..." વધુ અચકાઈને ઉમેર્યું, "નથી હું, કદાચ."

"કેમ? ક્યાં જવાનો છે?" અમીએ પૂછ્યું ને પછી જવાબની રાહ જોયા વિના એણે બોલવા માંડ્યું, "આજે રવિવાર છે. આપણે એક જ દિવસ લંચમાં સાથે હોઈએ છીએ. રાહુલ અને પ્રિયાંશી પણ આખું અઠવાડિયું સન્ડેની રાહ જુએ છે..." અમીએ ઉશ્કેરાટથી ઉમેર્યું, "આજે તો મધર્સ ડે છે. છોકરાંઓએ કેટલું બધું પ્લાન કર્યું છે. મારી મમ્મીએ આપણને લંચ પર ઇન્વાઇટ કર્યાં છે."

"હા, પણ..." નિલેશે વધુ સંકોચ સાથે અને ભડકો થવાના ડર સાથે કહ્યું, "મારાથી નહીં અવાય, તારાં મમ્મીને ત્યાં."

"કેમ?" અમીને ગુસ્સો ચડવા માંડ્યો હતો, "મધર્સ ડેના દિવસે તું મારી મમ્મીને નારાજ કરીશ? યુ નૉ હાઉ મચ શી લવ્સ યુ?" અમીએ જરા દબાણપૂર્વક કહ્યું, "આજે મધર્સ ડેના દિવસે તું એને ના પાડીશ? હું શું કહું? તું તારા ભાઈબંધો સાથે રખડવા જાય છે... એટલે આજે મધર્સ ડેના દિવસે તું મારી મમ્મીને ત્યાં નહીં આવે, વાહ!"

"હું રખડવા નથી જતો." આખરે નિલેશે કહ્યું, "હું આજે મમ્મી-પપ્પાને ત્યાં જવાનો છું, ત્યાં જ જમવાનો છું... અને..." નિલેશ પોતાની વાત પૂરી કરે એ પહેલાં અમી તાડૂકી, "શાબાશ! હવે મને ખબર પડી કે આજે રવિવારે સવારે કેમ વહેલો ઊઠ્યો... ફોન કરીને કકળાટ કર્યો હશે એમણે."

"કકળાટ શું કામ કરે?" નિલેશ શાંતિથી વાત કરવા માગતો હતો. રવિવારની સવાર બગડે એવી એની ઇચ્છા

નહોતી, "આજે મધર્સ ડે છે, મારે મારી મા પાસે જવું છે."

"લો બોલો... આખું વરસ તો એમને તારી પડી નથી હોતી. આજે તું ગિફ્ટ લઈ જાય એટલે બોલાવ્યો હશે તને." અમીએ જરા કડવાશથી કહ્યું, "મારી મમ્મી બોલાવે ત્યાં નથી આવવું... ને ત્યાં ખોટેખોટાં લાડ કરાવવા માટે..."

"તારી મમ્મી પાસે તું જા, મધર્સ ડે એટલે પોતાની મમ્મીનો દિવસ, સાસુનો નહીં... મેં તને કહ્યું મારી સાથે આવવાનું?" નિલેશે સહજતાથી કહ્યું.

"ને છોકરાંઓ? એમનું શું?" અમીએ છેલ્લું હથિયાર વાપરવાનો પ્રયત્ન કરી જોયો, "એમને તારી કંપની..."

"આખું અઠવાડિયું હું સાંજે ઘરે જ હોઉં છું." નિલેશે શૂઝ પહેરવાની શરૂઆત કરી હતી, "એક રવિવારે લંચમાં હું નહીં હોઉં તો..."

"મને ખબર જ હતી... તારી મા મારો સારો દિવસ ના બગાડે તો એને મજા જ ન આવે... હું કંઈક પ્લાન કરું એટલે એમણે એમાં પથ્થર મારવો જ પડે." અમીએ મોટા અવાજે બોલવા માંડ્યું, એની આંખમાંથી આંસુ પણ વહેવા માંડ્યાં, "મારી મમ્મી બિચારી..."

"આપણે મહિનામાં બે વાર તારી મમ્મીને ત્યાં જઈએ છીએ. મારાં મા-બાપને હું ત્રણ-ચાર મહિને એકાદ વાર મળતો હોઈશ." નિલેશનો અવાજ ધીમો હતો, પણ એને ખબર હતી કે આ જવાબ પછી શું થવાનું છે, "ને મારી મમ્મીને ક્યાં ખબર છે તારો પ્લાન શું હતો? ખબર હોય તોયે એ શું કામ તારો પ્લાન બગાડે?"

"એ એવાં જ છે. એમને મારું સુખ જોવાતું જ નથી." અમીએ જવાબ આપ્યો. હવે એ ચોધાર આંસુએ રડી રહી હતી, "મને પહેલેથી ખબર છે કે તારી મમ્મી સામે કોઈની તને વૅલ્યૂ જ નથી. તારે માટે તો તારી મમ્મી જ સર્વસ્વ છે. મમ્મી એટલી બધી વહાલી હતી તો લગન શું કામ કર્યાં? એમને પણ ચેન નથી પડતું. છોકરો સુખી થાય એ નથી પોસાતું. જ્યારે ને ત્યારે..." અમી બોલતી રહી ને નિલેશ શૂઝ પહેરીને બહાર નીકળી ગયો.

આ નવું નહોતું.

નિલેશ એની મમ્મીને ખૂબ ચાહતો. નાની ઉંમરે પિતાનું છત્ર ગુમાવ્યા પછી સ્વમાની અને મહેનતુ શીલાબહેને નિલેશને નોકરી કરીને ભણાવ્યો હતો. નિલેશને લાગતું હતું કે એની મમ્મીએ એના માટે ખૂબ કર્યું છે. જેનું ઋણ ચૂકવવા માટે પોતે કશું જ કરી શક્યો નથી. લગ્ન પછી તરત જ અમીને શીલાબહેન સાથે વાંધો પડવા માંડ્યો. નાની નાની વાતમાં કચકચ થવા માંડી એટલે શીલાબહેને જ સામેથી કહ્યું, "તમે લોકો જુદાં રહો." પોતાની મહેનતથી ખરીદેલાં ટુ બેડરૂમ, કિચન હૉલના પાર્લા સ્ટેશન પાસેના ફ્લૅટમાં શીલાબહેન હવે એકલાં રહેતાં હતાં...

નિલેશ એમને મળવા જાય એ અમીને મુદ્દલેય પસંદ નહોતું. અમીના મગજમાં એવું ઘૂસી ગયું હતું કે શીલાબહેન નિલેશને પોતાની વિરુદ્ધ ચડાવે છે. શીલાબહેનના સ્વાભિમાન, નિર્ણયશક્તિ, આત્મવિશ્વાસ અને દઢતાની સામે અમી પોતાની જાતને ઇમ્ફિરિયર અને ઇનસિક્યૉર અનુભવતી હતી. ઘરમાં ઝઘડો ના થાય એટલા ખાતર નિલેશ બને ત્યાં સુધી મમ્મીને ત્યાં જવાનું ટાળતો, જાય તો કહેવાનું ટાળતો. શીલાબહેન તો એમને ઘરે કદી આવતાં જ નહીં... તેમ છતાં અમીને સતત એમ લાગતું કે નિલેશ માતૃભક્ત, માવડિયો,

મમ્મીઝ બૉય, શીલાબહેનનો લાડકો, આખો વખત મમ્મી-મમ્મી કર્યા કરતો એક લાડમાં બગડી ગયેલો છોકરો છે.

કેટલાંય ભારતીય—ગુજરાતી ઘરોમાં 'મમ્મી' શબ્દ કોઈ મૉનસ્ટર કે રાક્ષસની જેમ વપરાય છે. મમ્મીનો વિચાર માત્ર ઘરમાં કોઈ તલવારની જેમ વીંઝાય છે. દીકરો પોતાની માને પ્રેમ કરે એમાં ખોટું શું છે? એવો સવાલ ક્યારેય કોઈ 'પુત્રવધૂ'ને પૂછવામાં આવતો નથી. એ જ પુત્રવધૂ જ્યારે મા બને છે ત્યારે એનો દીકરો એની સાથે ખૂબ 'અટેચ્ડ' છે એ વાત પોતે ગર્વ સાથે કહે છે! આ દેશમાં સાસુ શબ્દને જરા વધારે પડતો જ ભયાનક બનાવી દેવામાં આવ્યો છે. દુનિયાની કોઈ મા એવું ન જ ઇચ્છે કે એના સંતાનનું લગ્નજીવન ખરાબ હોય. વિશ્વની કોઈ મા પોતાના સંતાનના લગ્નજીવનમાં સમસ્યા ઊભી કરવાનો પ્રયત્ન ન જ કરે, તેમ છતાં ક્યારેક કોઈ મા પોતાના દીકરા સાથે જરા વધુ પડતી અટેચ્ડ હોય કે દીકરો પોતાની માનો જરા વધુ પડતો ખ્યાલ રાખતો હોય તો તરત જ પત્ની એવા પતિને 'માવડિયો'નું લેબલ લગાડી દે છે. સાચું પૂછો તો આજનો પુરુષ પણ ઘરમાં થતા કકળાટથી ડરીને માને બદલે પત્નીને પ્રાધાન્ય આપતો થઈ ગયો છે. દરેક વખતે 'મમ્મી' સાચી જ હોય છે અથવા મમ્મી જ સર્વસ્વ છે એવું કહેવાનો કે એ વાતની વકીલાત કરવાનો કોઈ અર્થ નથી. અગત્યનું એ છે કે જે માએ રાતના ઉજાગરા વેઠીને, નવ મહિના પેટમાં રાખીને જે સંતાનને વ્હાલથી ઉછેર્યું એ સંતાન લગ્ન થતાં જ અચાનક પોતાની માને પ્રેમ કરવાનું કે પ્રેમ દેખાડવાનું, કાળજી રાખવાનું કે સ્નેહ કરવાનું બંધ કરી દે એવી અપેક્ષા પત્ની શું કામ રાખે છે? પત્ની એવી અપેક્ષા રાખે છે તો પતિ એ અપેક્ષા પૂરી કેમ કરે છે?

મા માટે લાગણી હોવી એ ગુનો નથી... લગ્ન થઈ ગયાં એટલે હવે દીકરાએ પણ મા સાથે અટેચમૅન્ટ ન રાખવું એવો આગ્રહ પત્ની કેમ રાખે અથવા કેમ રાખી શકે? પુરુષ માત્ર કકળાટથી કંટાળે છે, ઝઘડો—રડારોળ—ચીસાચીસ અને ગમે તેમ બોલવાની આખીયે પ્રવૃત્તિ પુરુષ માટે બહુ અનુકૂળ નથી. એ બીજી કોઈ પણ બાબત સાથે ડીલ કરી શકે છે, પણ શાબ્દિક યુદ્ધમાં સામાન્ય રીતે કાચો પુરવાર થાય છે. એની સામે સ્ત્રી માટે શાબ્દિક યુદ્ધ સાવ સામાન્ય બાબત છે. એને ઝઘડો કરવાની મજા આવે છે એવું નથી, પણ ઝઘડતી વખતે કે પોતાની વાત કહેતી વખતે સ્ત્રીને શબ્દો પ્રમાણમાં સહજ છે. કડવું સાંભળવું અને મનદુઃખ કરવું કોઈને ય ગમતું નથી, ખાસ કરીને પુરુષોને પોતાનાં માતા-પિતાના નામે, ભાઈ-બહેનના નામે સંભળાવવામાં આવતી 'અમુક-તમુક' વાતો સાંભળવા કરતાં પોતાની રીતે શાંતિ શોધી લેવાનું વધુ અનુકૂળ આવે છે.

સવાલ એ નથી કે પતિની મા—સાસુ—મમ્મીજી ઉર્ફે મૉમ ઇન લૉ ઉર્ફે બા... વિશે સ્ત્રીના મનમાં જે માન્યતા હોય તે, પરંતુ એ એના પતિની મા છે એ વાત કેવી રીતે ભૂલી શકાય? સવાલ એ છે કે પોતાના સંતાનને પૂરા સ્નેહથી ઉછેરીને ભણાવી-ગણાવીને જે માએ એવી આશા સેવી હતી કે એ પોતાના સંતાન સાથે પોતાનું ઘડપણ ગાળશે એ માને ફક્ત કચકચને કારણે આસાનીથી પડતી મૂકી શકાય?

પુરુષની દશા આ સાસુ-વહુના ઝઘડામાં બહુ વિચિત્ર થાય છે. એને માટે કોનો પક્ષ લેવો એ હંમેશા નાગની ફેણની જેમ ઊભો જ હોય છે. પત્નીનો પક્ષ લઈને માને કંઈક કહે તો મા રડવા બેસે, દીકરાને વહુઘેલો અને પત્નીનો વકીલ કહેવામાં આવે, જો પત્નીને કંઈ કહેવાનો પ્રયત્ન કરે તો તરત જ માવડિયાનું લેબલ ચોંટાડી દેવામાં આવે! પુરુષ માટે બંને સ્નેહ, બંને પ્રેમ, બંને વ્હાલ, બંને ફરજો લગભગ એકસરખાં છે. બંનેના સ્થાન એના જીવનમાં જુદાં છે, પણ એ વાત મોટા ભાગના પુરુષો સફળતાપૂર્વક એના જીવનની બંને સ્ત્રીઓના ગળે ઉતારી શકતા નથી. પોતાની મમ્મી માટે જો દીકરી કંઈ કરે તો એ હવે 'નવા જમાનાની' અને 'ઍમ્પાવર્ડ વુમન' છે, દીકરો સારું કમાતો થયો હોય અને માતા-પિતાને પરદેશની ટૂર કરાવે કે અમુક-તમુક પ્રકારની

ગિફ્ટસ આપે, એમનું ધ્યાન રાખે તો એ ઘણી પત્નીઓને પસંદ નથી હોતું.... પત્નીની આ નાપસંદગી સામે પુરુષે હથિયાર હેઠાં નાખવા પડે છે, એનાં ઘણાં કારણો છે. સંતાનો, સગવડ, સામાજિક પ્રતિષ્ઠાથી શરૂ કરીને પર્સનલ પીસ સુધી!

જે પુરુષને સામાન્ય રીતે સ્ટ્રૉન્ગ, બેફિકર, બેજવાબદાર, પૉલિગેમસ વગેરે વગેરે લેબલ ચોંટાડવામાં આવે છે અને જે પુરુષના 'અત્યાચાર'ની ફરિયાદ મહિલાઓ કરે છે એ પુરુષ પોતાની માને પોતાની સાથે ન રાખી શકે અથવા એણે પોતાની માને મળવા જતાં જૂઠું બોલવું પડે કે સાચું બોલે તો કકળાટનો સામનો કરવો પડે ત્યારે આપણે ક્યા ઍમ્પાવર્ડની ચર્ચા કરવી જોઈએ? કઈ સ્વતંત્રતા વિશે યુદ્ધ કરવું જોઈએ?

• • •



પપ્પા પાર્ટ ઑફ ધ ફેમિલી ખરા ને?

કમાતી પત્નીની આવક તો પુરુષને ગમે છે, પરંતુ એ જ પત્ની જ્યારે પોતાના વ્યવસાયને આગળ ધરીને વ્યવહારિક કે સામાજિક જવાબદારીઓમાંથી ડિસ્કાઉન્ટ માગે ત્યારે એ વાત મોટા ભાગના પુરુષોને અનુકૂળ હોતી નથી, કારણ કે એમને એમની મમ્મીએ એવું શીખવ્યું છે, ને એણે કોઈ દિવસ 'પપ્પા'ને મમ્મીનાં કામ કરતા જોયા નથી...

"**કેટલો** તાવ છે?" અજિતે પૂછ્યું.

મનીષાએ થર્મોમીટર મૂકીને જોયું. નાનકડો દીપ એક રજાઈ અને એક બ્લૅન્કેટ ઓઢીને સૂતો હતો. એક જ રાતના તાવમાં પાંચ વર્ષના છોકરાનું મોઢું પડી ગયું હતું. આંખો સહેજ ઝીણી થઈ ગઈ હતી. મનીષાએ એના માથે હાથ ફેરવ્યો, "બે પ્લસ છે."

"ડૉક્ટરને ફોન કરું?" અજિતે પૂછ્યું.

"ના, હું હમણાં લઈને જાઉં છું." મનીષાએ કહ્યું. અજિત તૈયાર થવા લાગ્યો. દરમિયાનમાં મનીષાની ઑફિસથી એક-બે ફોન આવ્યા. ઘરમાં બધું કામ બાકી હતું, રાતનો ઉજાગરો અને સાથે જ દીપની તબિયત... મનીષા સહેજ અકળાઈ ગઈ હતી. એણે ફોન પર ખરાબ રીતે વાત કરી, "મેરા બચ્ચા બીમાર હૈ, આપ કહીએ મૈં ક્યા કરું?" મનીષાએ તૈયાર થઈ રહેલા અજિતને જોઈને પૂછ્યું, "તું લઈ જાય છે, ડૉક્ટરને ત્યાં?"

"ના, હું ઑફિસ જાઉં છું." અજિતે સ્વાભાવિકતાથી કહ્યું, "મારાથી રજા નહીં લેવાય. બહુ કામ છે."

"અજિત, હું દર વખતે રજા લઉં છું..." આટલું કહીને મનીષા ચૂપ થઈ ગઈ.

"ઓ.કે." અજિતે તરત જ ટાઇ પાછી કબાટમાં મૂકી દીધી, "હું રહીશ ઘરે, એવો બહુ મોટો ઇશ્યૂ નથી. થોડાં કામ છે એ ઘરે જ પતાવી દઈશ." એ દિવસે અજિત ઘરે રોકાયો, મનીષા ઑફિસ ગઈ. અજિતે એના બૉસને ફોન કર્યો, "સર, માય સન ઇઝ નોટ વેલ. આજે મારાથી ઑફિસ નહીં અવાય."

"વ્હોટ?" અજિતના ગુજરાતી બોસ, હસમુખ શાહે જરા નવાઈથી પૂછ્યું, "તમારી વાઇફ નથી?"

"છે સર, બટ શી ઇઝ વર્કિંગ. કાયમ એ જ રજા લે છે, પણ આજે..." અજિત પોતાની વાત કહી રહ્યો હતો ત્યાં જ એના બોસે વચ્ચેથી જ એની વાત કાપી નાખી.

"તો બરાબર છે ને, બાળક બીમાર હોય તો વાઇફ જ રજા લે. વાઇસ પ્રેસિડેન્ટની પોસ્ટ પર આવા ફાલતુ કારણ માટે રજા ના લેવાય."

"ફાલતુ કારણ?" અજિતનો અવાજ સહેજ ઇરિટેટેડ થઈ ગયો, "મારું બાળક બીમાર છે એ સૌથી ઇમ્પોર્ટન્ટ કારણ છે, સર."

"અરે ભાઈ, મિસ અન્ડરસ્ટેન્ડ કરો છો. બાળક બીમાર હોય ત્યારે એને માની જ વધારે જરૂર હોય. આપણને શું આવડે? આપણે એનું સરખું ધ્યાન ન રાખી શકીએ."

"મને બધું આવડે છે સર, હું મારા બાળકનું પૂરું ધ્યાન રાખી શકું છું અને બાળક માંદું હોય ત્યારે માની જરૂર હોય એવું નથી. બંનેમાંથી એક એની પાસે હોવું જોઈએ." અજિતે પોતાની વાત કહેવાનો પ્રયત્ન કર્યો, પણ એના બોસે એની વાત સાંભળવાને બદલે એની મજાક ઉડાવી.

"બહુ અટેચ્ડ લાગો છો તમારા દીકરા સાથે. તમારું ચાલે તો દૂધ પણ તમે જ પીવડાવો, નહીં?" એના ગુજરાતી બોસ હસમુખ શાહ વ્યંગમાં બોલીને હસ્યા. પોતાના બોસને જવાબ નહીં આપવાની મજબૂરીમાં અજિત કંઈ બોલ્યો નહીં, પણ એને ખૂબ ગુસ્સો આવ્યો. એ દિવસે લંચ ટાઇમમાં હસમુખ શાહે બીજા સહકર્મચારીઓની સાથે મળીને અજિતની ખૂબ મજાક ઉડાવી. એનો દીકરો માંદો હતો અને એણે રજા લીધી એ વાત બીજા પુરુષો માટે કંઈ બહુ ગૌરવપૂર્ણ નહોતી. એટલું ઓછું હોય એમ પોતે કયા કયા પ્રસંગે રજા નથી લીધી એ વિશેની ચર્ચા પણ પોતપોતાના અહંકારને પંપાળવા માટે થઈ ગઈ... આપણા સમાજની આ વિચિત્ર માનસિકતા છે. લોકોને—ખાસ કરીને જે લોકો ટ્રેડિશનલી વિચારે છે એમને હંમેશાં લાગે છે કે બાળકની સંભાળની જવાબદારી માની, પત્નીની છે. બાળકને વસ્તુઓ લાવી આપવી, એના ઍજ્યુકેશનની ફી ચૂકવવી, એને સારી લાઇફસ્ટાઇલ આપવી અને એના માટે સરખો વારસો છોડી જવો એ બધાં પિતાનાં કામ છે. પિતા નોકરી કરે, સમાજમાં પ્રતિષ્ઠા મેળવે, સત્તા મેળવે, એનું નામ હોય, 'પાંચ'માં પુછાય એ ગૌરવની વાત છે, પણ એ જ પિતા બાળકની માંદગી વખતે પોતાનું બધું કામ છોડીને ગમે તેટલો અગત્યનો મુદ્દો હોય એને પણ થોડી વાર માટે પડતો મૂકીને પોતાના કામમાંથી રજા લે એ વાત કદાચ આ સમાજ માટે અજાણી અને નવાઈ પમાડનારી છે.

આ દુનિયામાં કોઈ નિયમો કાયદામાં લખાયેલા નિયમો નથી. ભારતીય સંવિધાનમાં ક્યાંય એવું લખ્યું નથી કે બાળકની માંદગી વખતે કે પરિવારિક જવાબદારીઓ અદા કરતી વખતે ફક્ત સ્ત્રીએ જ પોતાના વ્યવસાય સાથે સમાધાન કરવું પડશે. ઘર ચલાવવાની, રસોઈ કરવાની, મહેમાનો આવે એની આગતા-સ્વાગતા કરવાની કે બીજા વ્યવહારિક પ્રસંગોને સાચવી લેવાની જવાબદારી કદાચ ગૃહિણીની હોય એમ આપણે એક વાર માની લઈએ તો પણ પુરુષની જવાબદારી એમાં સહિયારી અને બિલકુલ સરખા ભાગે હોવી જોઈએ.

એવું થતું નથી. સામાન્ય સંજોગોમાં બાળક બીમાર હોય કે કોઈ વ્યવહારિક પ્રસંગે હાજરી આપવાની હોય, કૌટુંબિક જવાબદારી ઉઠાવવાની હોય, મહેમાન આવવાના હોય તો સ્ત્રી જ રજા લે એવું લગભગ નક્કી હોય છે. પુરુષના વ્યવસાયિક કામને અથવા આર્થિક કૉન્ટ્રિબ્યુશનને કુટુંબમાં વધુ મહત્ત્વ આપવામાં આવે છે. એક

સ્ત્રી કદાચ પુરુષ કરતાં વધારે કમાતી હોય તો પણ કેટલીક જવાબદારીઓ સ્વાભાવિકપણે સ્ત્રીની છે એવો એક વણકહ્યો—વણલખ્યો નિયમ આ સમાજમાં પ્રવર્તે છે.

એની પાછળ ઘણાં કારણો છે, જે સમજવાં જેવાં છે. એક બેસિક માન્યતા એવી છે કે સ્ત્રી વ્યવહારનાં કામોમાં કુશળ હોય છે, એટલે સામાજિક પ્રસંગોએ પુરુષ કરતાં સ્ત્રીની હાજરી વધુ અગત્યની હોય છે. વળી, સામાજિક પ્રસંગો જેવા કે લગ્ન, સીમંત, મૃત્યુ પ્રસંગે સ્ત્રી હાજર રહીને વધુ કામમાં આવે છે. એ સિવાય એક બીજી વાત એ છે કે સ્ત્રી ઘરના કામકાજમાં કે બાળકની સંભાળમાં વધુ કુશળ છે. નાનકડું બાળક જ્યારે બીમાર હોય ત્યારે એને માની જરૂર કદાચ એટલા માટે હોય છે, કારણ કે એનું અટેચમૅન્ટ અથવા ક્લોઝનેસ એની મા સાથે વધારે હોય છે. આના કારણમાં ઊંડા ઊતરીએ તો સમજાય કે બાળકના નાના નાના સુખના, મજાના કે નાની નાની પીડાના પ્રસંગોએ મા જ એની આસપાસ હોય છે. નાળથી શરૂ કરીને ધાવણ સુધીનો સંબંધ સામાન્ય સંજોગોમાં બાળકને પોતાની માની વધુ નજીક રાખે છે. મોટા ભાગની સ્ત્રીઓ પાસે બાળક સાથે ડીલ કરવાની ધીરજ પણ હોય છે. બાળકની માંદગીમાં જે ધીરજ અને સ્નેહની જરૂર પડે એ બધું ફક્ત સ્ત્રી પાસે હોય છે એવું આ સમાજ માને છે. ખરેખર એવું છે નહીં, હોઈ શકે જ નહીં!

પુરુષનો ઉછેર જુદી રીતે કરવામાં આવે છે. દીકરીને નાનાં ભાઈ-બહેનોની સંભાળ લેવાનું કહેવામાં આવે છે, પણ મોટી ઉંમરના દીકરાને ક્યારેય બહેનને નવડાવવાનું કે કપડાં પહેરાવવાનું, એને દવા આપવાનું કે જમાડવાનું કહેવામાં આવતું નથી! “એને ના આવડે” અથવા “આ એનું કામ નથી” એવું મોટા ભાગનાં માતાપિતા જાતે જ નક્કી કરી લે છે. એને કારણે ઘરમાં ઊછરી રહેલો દીકરો ક્યારેય આવાં કામો શીખી શકતો નથી. પછી જ્યારે પિતા બને છે ત્યારે મોટા ભાગની પત્નીઓ પણ પતિને આવાં કામો કરવા દેતી નથી. નાની ઉંમરના ધાવણા બાળકને થોડીક વાર માટે રમાડવા કે લાડ કરવા પૂરતું પિતાને આપવામાં આવે છે. બાળકનાં બાળોતિયાં બદલવાનું, બૉટલ ઉકાળવાનું કે દૂધ બનાવવાનું કામ પિતાને કે પુરુષને સોંપવામાં આવતું નથી.

તાજું જન્મેલું બાળક ઉજાગરા કરાવે તો એની સાથે જાગવાનું સદ્નસીબ ફક્ત માને જ પ્રાપ્ય હોય છે... આ નિયમો કોણે બનાવ્યા, ક્યારે બન્યા એ વિશે કોઈ જાણકારી નથી, પણ ધીમે ધીમે આ નિયમો એટલા દૃઢ થતા ગયા કે હવે આમાં ફેરફારને બહુ ઓછો અવકાશ રહ્યો!

મજાની વાત એ છે કે આની પાછળ કોઈ અહંકાર કે ‘પુરુષત્વ’ જેવી બાબત છે કે નહીં એની ચર્ચા તો પછી આવે છે... મૂળ ચર્ચા એક પુરુષના ઉછેરની છે. મોટા ભાગની ‘બા’ પોતાના દીકરાને ક્યારેય એના બાળક વિશે સજાગ કરી જ શકી નહીં. એક સમય હતો, જ્યારે રડતા બાળકને ઉપાડી લેવું કે એને વહાલ કરવું એ મર્યાદાનો ભંગ ગણાતો. એ પછીના સમયમાં ‘મમ્મી’ પોતાના દીકરાને લાડ લડાવતી, પણ એના દીકરાએ પિતા તરીકે પોતાના સંતાન સાથે થોડા ઇમોશનલ કે થોડા વહાલસોયા થવું જોઈએ એવું એ ‘મમ્મી’ શીખવી શકી નહીં. ત્યાર પછીની ‘મૉમ્સ’ પણ પોતાના દીકરાને ‘પિતા’ની ફરજો શીખવવામાં ક્યાંક ઊણી ઊતરી. ડોકું હાલતું હોય એવા બાળકને ઊંચકવું, એનું ડાઇપર બદલવું, એની બૉટલ ઉકાળવી, એની દવાઓ જાણવી કે એને જ્યારે જરૂર હોય ત્યારે એની સાથે ઋજુતાથી, મૃદુતાથી કે વહાલથી વરતવું... આમાં ક્યાંય પુરુષત્વ પર ઉઝરડો પડતો નથી. બાળકને હાલરડાં ગાવાં, વાર્તા કહેવી, પડખામાં લઈને સૂવું કે અડધી રાત્રે જાગી જાય તો એને હીંચકા નાખવા, રમાડવું વગેરે પ્રવૃત્તિથી બાળક સાથેનું બૉન્ડ મજબૂત થાય છે.

કમાતી પત્નીની આવક તો પુરુષને ગમે છે, પરંતુ એ જ પત્ની જ્યારે પોતાના વ્યવસાયને આગળ ધરીને

વ્યવહારિક કે સામાજિક જવાબદારીઓમાંથી ડિસ્કાઉન્ટ માગે ત્યારે એ વાત મોટા ભાગના પુરુષોને અનુકૂળ હોતી નથી, કારણ કે એમને એવું શીખવવામાં આવ્યું છે. ખરેખર જોવા જાવ તો પુરુષનો જે ચહેરો આ સમાજે ચીતર્યો છે એટલો બધો સ્વાર્થી કે નિરાશાજનક ચહેરો પુરુષનો છે નહીં. જે સમસ્યાઓ ઊભી થાય છે એનું કારણ એનો અહંકાર કે એનો સ્વાર્થ નથી, એના ઉછેરમાં ખૂટતી એવી બાબતો છે, જેની જવાબદારી ખરેખર એની મમ્મીની, એક સ્ત્રીની છે.

દીકરો ઊછરી રહ્યો હોય ત્યારે એણે ભાગ્યે જ એના પપ્પાને આવા મૃદુતાથી લાડ કરતા, વહાલ કરતા, ક્યારેક હાલરડું ગાતા કે પોતાને નવડાવતા—પોતાના કપડાં બદલાવતા જોયા છે. પપ્પા મોટે ભાગે ઘરમાં ઓછો સમય રહે છે અને જ્યારે ઘરમાં હોય ત્યારે એમનો કડપ, પ્રભાવ એટલો બધો અને એટલો અગત્યનો હોય છે કે એમાં ક્યાંય મૃદુતાની—માતૃત્વની છાયા પણ દેખાતી નથી. ઘણા પુરુષો એવી કાળજી લે છે કે એમના વર્તનમાં ક્યાંય ઋજુતા કે મૃદુતા ન હોય... પત્ની પણ ક્યારેક આવા વર્તનને સપોર્ટ કરે છે અને પતિ બાળકનું ધ્યાન નથી રાખી શકતો એ બાબતે પત્ની ગર્વ કરતી જોવા મળે છે... આ બધાં કારણો સાચાં છે કે પોકળ—એની ચર્ચા નથી, સવાલ એ છે કે જે પુરુષ સંતાનના ઉછેરમાં પોતાની જવાબદારી સહિયારી અને સરખી સમજે છે એની મજાક ઉડાવવાને બદલે, કે એનામાં રહેલી 'મા' વિશે ઘસાતી કમૅન્ટ કરવાને બદલે આવા પુરુષ વિશે ગર્વ થવો જોઈએ.

• • •



આર્થિક સ્વતંત્રતા કે ઇમોશનલ અટેચમૅન્ટ: પસંદગી અઘરી છે?

જે પતિએ જીવનભર સવારે નવથી રાત્રે નવ કામ કરીને કુટુંબના સુખનો વિચાર કર્યો છે એ પતિએ કદાચ ક્યારેક થોડો અધિકાર જમાવ્યો હોય કે બે-ચાર કડવી વાતો કહી હોય, ક્યારેક પત્નીની 'સ્વતંત્રતા' પર નાના-મોટા કાપ મૂક્યા હોય, ક્યારેક એવો પ્રયત્ન કર્યો હોય કે પત્નીના સુખમાં પોતે પોતાની રીતે નિર્ણયો કરીને એને પોતે જે સુખ માને છે તેવું સુખ આપે તો એમાં ખોટું શું છે?

"**શું** કરે છે" અંજલિએ હળવો ધક્કો મારીને નીરવને પોતાનાથી દૂર કર્યો. "ઘડિયાળ સામે જો."

"તારી સામે જોઉં પછી મને ક્યાંય જોવાનો વિચાર જ નથી આવતો." નીરવે અંજલિને કમરમાંથી પકડીને નજીક ખેંચી, અંજલિએ પોતાની જાતને છોડાવવાનો પ્રયત્ન કર્યો, "હું જ્યારે તને પ્રેમ કરવાનો પ્રયત્ન કરું ત્યારે તને હંમેશા..."

"નીરવ..." અંજલિના અવાજમાં સહેજ ચીડ ભળી, "મને મોડુ થાય છે. ગમે ત્યારે પ્રેમ સૂઝે છે તને તો..." અંજલિએ હવે જરા જોરથી ધક્કો મારીને નીરવને દૂર કર્યો. "અમારે કાર્ડ પંચ કરવાનું હોય છે. હું મોડી પડું એટલે હાફ-ડે થઈ જાય, ખબર છે તને?" અંજલિ પોતાની જાતને છોડાવીને બાથરૂમ તરફ જવા લાગી.

"છોડી દે નોકરી... દસ વાર કહ્યું છે. જે નોકરી આપણને એકબીજા સાથે સમય ન આપે એ નોકરીનો અર્થ શું છે?" નીરવે જરા ગુસ્સામાં કહ્યું, "બાર હજાર રૂપિયા ઘરમાં લાવે છે, પણ જાણે કરોડો રૂપિયા લાવતી હોય એમ આખો વખત નોકરી...નોકરી.. નોકરી સાંભળવું પડે છે." ગુસ્સામાં નીરવે બાજુમાં પડેલું ન્યૂઝપેપર ઉપાડીને એના ઉપર પોતાનો ગુસ્સો કાઢ્યો. ન્યૂઝપેપરનો ડૂચો કરીને એણે જમીન પર ફેંક્યું.

બાથરૂમમાં જતાં જતાં અંજલિએ ન્યૂઝપેપર ઉપાડી લીધું, "પ્લીઝ, મારું કામ નહીં વધાર..." અંજલિ તો નહાવા જતી રહી, પણ નીરવનો ગુસ્સો સાતમા આસમાને જતો રહ્યો. એનું મગજ ફાટફાટ થવા લાગ્યું.

"કોણ જાણે આ નોકરીમાં એવું શું છે જેને લીધે રોજ સવારે ત્યાં પહોંચી જવું હોય છે? એક રજા નથી લેવાતી તારાથી... નોકરીની પાછળ તારો સંસાર બરબાદ થઈ રહ્યો છે, પણ એ તને દેખાતું નથી. તને તો

બસ..." નીરવે બાથરૂમના બારણાને કચકચાવીને લાત મારી, પછી પલંગમાં પછડાયો.

નીરવ અને અંજલિના ઘરમાં આ લગભગ રોજનું દૃશ્ય હતું. અંજલિને દસ વાગ્યે પહોંચવાનું રહેતું. નીરવનો પોતાનો બિઝનેસ હતો. એ ખૂબ સારું કમાતો એટલે એને પોતાની ઑફિસમાં અડધો પોણો કલાક મોડો પહોંચે તો કોઈને જવાબ આપવાનો નહોતો. એને રોજ સવારે રોમાન્સનો મૂડ આવતો. સાથે બેસીને ચા પી શકાય, વાતો કરી શકાય, થોડું વહાલ કરી શકાય કે પછી મૉર્નિંગ સૅક્સની મજા માણી શકાય એ નીરવની કલ્પનાઓ હતી. અંજલિ સાત વાગ્યે ઊઠતી. બે કલાકમાં ઘરનાં બધાં રોજિંદા કામકાજ પતાવવાનાં, ન્હાવાનું, તૈયાર થવાનું, બ્રેકફાસ્ટ બનાવવાનો ને પછી નીકળી જવાનું... નીરવ એવો આગ્રહ રાખતો કે એ પોતે જ અંજલિને મૂકવા જશે એટલે એણે પણ અંજલિની સાથે નીકળવું પડતું... રોજની ઉતાવળ અને રોમાન્સના રિજેક્શનને કારણે હવે ધીમે ધીમે નીરવ અકળાવવા લાગ્યો હતો. એનો ગુસ્સો રોજ અંજલિની નોકરી પર ઊતરતો...

અંજલિએ એક-બે વાર આ નોકરી છોડી દેવાનો વિચાર કર્યો, પણ એણે જ્યારે એની મમ્મી સાથે વાત કરી, ત્યારે એની મમ્મીએ ઘસીને અંજલિને નોકરી છોડવાની ના પાડી, "એક વાર નોકરી છોડીશ તો પછી એ દાદાગીરી કરશે. મારી હાલત જો, આજે કમાતી નથી એટલે તારા બાપા..." અંજલિએ મમ્મીની વાત બહુ સીરિયસલી લઈ લીધી. નીરવના અનેક વખતના આગ્રહ છતાં અંજલિએ ગાંઠ વાળી લીધેલી કે હું નોકરી નહીં છોડું...

નીરવ ઇચ્છતો હતો કે અંજલિ ઘરે રહે, આરામ કરે, એને જે ગમતું હોય તે કરે. પૈસા કમાવાની એમને જરૂર નહોતી. નીરવ માટે અંજલિનો સમય, એની કાળજી, એનું વહાલ અગત્યનાં હતાં. નીરવ ફેમિલી પ્લાન કરવા માગતો હતો, પણ અંજલિને લાગતું હતું કે એની નોકરી મુશ્કેલીમાં મુકાઈ જશે. અંજલિ પાસે એવી કોઈ ઝળહળતી કારકિર્દી કે આગળ વધી જવાનો કોઈ મોટો સ્કોપ નહોતો. એમ.કોમ.ના ઍજ્યુકેશન સાથે એ એક કંપનીમાં નાનકડી નોકરી કરતી હતી, પરંતુ એના મગજમાં બાળપણથી એની મમ્મીએ એવું ઠસાવ્યું હતું કે, "સ્ત્રીની આર્થિક સ્વતંત્રતા બહુ અગત્યની છે. પુરુષ સ્ત્રી પર અત્યાચાર કરી શકે છે, કારણ કે એ કમાય છે!" આખા જગતનું પાવરચક્ર ફક્ત પૈસા પર નિર્ભર છે એવું અંજલિની મમ્મી માનતી અને એ માન્યતા એણે અંજલિના મગજમાં એટલી હદ સુધી દૃઢતાપૂર્વક બેસાડી દીધી હતી કે હવે અંજલિને પણ એમ જ લાગતું હતું.

અંજલિ અને નીરવની અંગત જિંદગી આ નોકરીને લીધે મુશ્કેલીમાં મુકાવા લાગી હતી, પરંતુ એ વાત સમજવાને બદલે અંજલિએ નોકરીનો કક્કો ખરો કરવાની જીદ પકડી જ રાખી હતી. નીરવ ઇચ્છતો હતો કે અંજલિ એની સાથે પરદેશના પ્રવાસ કરે... પણ અંજલિની નોકરીને કારણે એ શક્ય નહોતું. ધીરે ધીરે પરિસ્થિતિ એવી થઈ ગઈ કે અંજલિ અને નીરવ વચ્ચે રોજ ઝઘડા થવા માંડ્યા.

અંજલિની મમ્મી જેવા લોકોની વાત ખોટી નથી. એવા ઘણા પુરુષો છે કે જે પોતાની પત્ની નોકરી ન કરે એવું ઇચ્છે છે. આ ઇચ્છવાનું કારણ બીજું કંઈ નથી, ફક્ત પોતાના પ્રભુત્વ અને મહત્ત્વને પ્રસ્થાપિત કરી રાખવાની મહત્ત્વાકાંક્ષા હોય છે, પણ દરેક પુરુષ એવો નથી હોતો એ વાત સ્ત્રીઓએ સમજવી જરૂરી છે. સદીઓથી સ્ત્રી એવું માનતી આવી છે કે પુરુષ એના પર અત્યાચાર કરે છે. આ અત્યાચાર કરવાનું કારણ સ્ત્રીની માન્યતા મુજબ પુરુષનું આર્થિક આધિપત્ય છે. ચાળીસીની નજીક પહોંચેલી કેટલીયે સ્ત્રીઓ એવો અફસોસ કરે છે કે એમણે જિંદગીભર કોઈ આર્થિક ઉપાર્જન ના કર્યું એને કારણે આજે એ દુ:ખી છે. એમની સાથે એમના મેનોપૉઝના સમયમાં કે વધતી ઉંમરના પ્રશ્નો સાથે ડીલ કરવામાં એમનો પરિવાર કદાચ એમની ધારણા

પ્રમાણેનું વર્તન ન કરે તો એનું કારણ પણ આવી સ્ત્રીઓ પોતાના આર્થિક અવલંબનને માને છે. આ દેશ પુરુષપ્રધાન દેશ છે. ગુજરાતમાં જ નહીં, ગુજરાતની બહાર પણ સ્ત્રીની સ્વતંત્રતા વિશે અનેક સવાલો છે. સ્ત્રી હંમેશાં સતત પોતાની મરજી પ્રમાણે જીવી શકતી નથી એવી ફરિયાદ મોટા ભાગની સ્ત્રીઓને છે, જે ખોટી નથી, પણ એટ ધ સેમ ટાઇમ, શું બધા જ પુરુષો પોતાની ઇચ્છા પ્રમાણે જીવી શકે છે? ફક્ત કમાવાથી કે આર્થિક સ્વતંત્રતા હોવાથી માણસ પોતાની ઇચ્છા મુજબની જિંદગી જીવી શકતો હોત તો આજે આ દુનિયામાં જે સ્થિતિ છે તે હોત ખરી?

સ્ત્રીનું આર્થિક સ્વાતંત્ર્ય ઇચ્છનીય છે, એમાં કશુંયે ખોટું નથી. પોતાના અસ્તિત્વની ઓળખ ઊભી કરવા માટે કામ કરવા માગતી સ્ત્રીનું ગૌરવ થવું જોઈએ, પરંતુ આપણે એવી ઘણી સ્ત્રીઓને ઓળખીએ છીએ કે જેમને માટે આર્થિક સ્વતંત્રતા અથવા નોકરી, પુરુષની સામે કશુંક પુરવાર કરવાનો એક રસ્તો છે! યુદ્ધે ચઢનારી સ્ત્રીઓ સામાન્ય રીતે એટલી બધી ખુવાર થાય છે કે અંતે તેમને પોતાના અસ્તિત્વની સાથે સાથે ઇમોશનને પણ મલમપટ્ટા કરવા પડે છે. નીરવ જેવા કેટલાક પતિ અથવા પુરુષો એવું ઇચ્છે છે કે એની પત્ની અથવા પ્રેમિકા આરામથી રહે. જગતના ટાઢ, તાપ, તડકા કે રોજિંદી સમસ્યાઓ સાથે પોતે કામ પાડે અને પોતાની પત્ની, પ્રેમિકા કે દીકરીને એ તમામ સવલતો આપે, જેની એ અધિકારિણી છે. કેટલાક પુરુષોને પ્રોટેક્ટ કરવામાં કે પ્રોવાઇડ કરવામાં એક પ્રકારનો આનંદ મળે છે. આમાં ક્યાંય આધિપત્ય કે મહત્ત્વ સાબિત કરવાની ખેવના નથી.

પુરુષ આ વાત કદાચ પોતાની પત્ની કે પ્રેમિકાને સમજાવી શકતો નથી. એની કહેવાની રીત કદાચ એવી છે, જેનાથી સ્ત્રીને લાગે છે કે આ નોકરી કરવાનું કે આર્થિક ઉપાર્જન કરવાની પ્રવૃત્તિ પુરુષને 'ચેલેન્જ' લાગે છે! મોટા ભાગના પુરુષો માટે પોતાના પરિવારનું સુખ સૌથી પહેલાં આવે છે. એવા કેટલાય પુરુષો છે, જેણે પસંદગી કરવાની હોય તો પહેલાં સંતાનો, પછી માતાપિતા, પછી પત્ની અને છેલ્લે પોતાનો વિચાર કરે છે. સ્ત્રીને આવાં નાનકડાં સમાધાનો જોતાં શીખવાનો સમય હવે થઈ ગયો છે. જે પતિએ જીવનભર સવારે નવથી રાત્રે નવ કામ કરીને કુટુંબના સુખનો વિચાર કર્યો છે એ પતિએ કદાચ ક્યારેક થોડો અધિકાર જમાવ્યો હોય કે બે-ચાર કડવી વાતો કહી હોય, ક્યારેક પત્નીની 'સ્વતંત્રતા' પર નાના-મોટા કાપ મૂક્યા હોય, ક્યારેક એવો પ્રયત્ન કર્યો હોય કે પત્નીના સુખમાં પોતે પોતાની રીતે નિર્ણયો કરીને એને પોતે જે સુખ માને છે તેવું સુખ આપે તો એમાં ખોટું શું છે? પત્નીઓ પણ સામાન્ય સંજોગોમાં પતિને શું પહેરવું, શું ન પહેરવું, શું ખાવું, શું ન ખાવું, કયા મિત્ર સાથે સંબંધ રાખવો અને પતિનાં કયાં સગાં લુચ્ચાં અને સ્વાર્થી છે એ વિશે સલાહો આપતી જ હોય છે. સવાલ માત્ર એટલો છે કે જે આર્થિક રીતે સ્વતંત્ર છે અથવા જે ઘરમાં કમાઈને પૈસા લાવે છે એની સલાહ 'દાદાગીરી' અથવા 'અત્યાચાર'નું લેબલ પામે છે... જે કમાતી નથી એ 'બિચારી'નું લેબલ લગાડી શકે છે!

જે સ્ત્રીઓ કમાય છે, સવારે દોડાદોડી કરીને ઑફિસ જાય છે અને પાછી આવીને ઘરનું કામ કરે છે... ઑફિસમાં પણ જેણે સતત પોતાની જાતને સાબિત કરવા મથ્યા કરવું પડે છે એવી સ્ત્રીઓને ગૃહિણીની ઈર્ષ્યા થાય છે! જે પતિએ આખી જિંદગી લગભગ તમામ ઇચ્છાઓ પૂરી કરે છે અને એનાથી બનતું સુખ આપ્યું છે એની સામે ફરિયાદ કરવાને બદલે સ્ત્રી પોતે તૈયાર કરેલા એક-બે કે વધુ નાગરિકો (સંતાનો) તરફ જોઈ શકે તો કદાચ એને સમજાય કે એણે પગાર સિવાય કુટુંબને કેટલું મોટું કૉન્ટ્રિબ્યૂશન (યોગદાન) આપ્યું છે.

જે પતિ નોકરી છોડવાનું કે નહીં કરવાનું કહે છે એ પતિ પત્નીને 'કાબૂમાં રાખવા' કે એની પર્સનાલિટીને કચડી નાખવા માગે છે એવા બધા વિચારો કરવાને બદલે એક એવી શક્યતા તરફ જોવું જોઈએ, જેમાં પતિ

એક પુરુષ તરીકે પોતે મહેનત કરવા તૈયાર છે, પણ પોતાની પત્નીને ઘરે રહેવાની, કામ નહીં કરવાની લક્ઝરી મળે એવું ઇચ્છે છે... દુનિયાના આ ‘બજાર’માં પોતાની પત્ની થોડાક રૂપિયા માટે હેરાન થાય, ધક્કા ખાય, સમાધાનો કરે અને સંતાન માનો પ્રેમ કે કાળજી ન પામે એવી પરિસ્થિતિને બદલે કદાચ કોઈ પુરુષ એમ ઇચ્છતો હોય કે એની પત્ની કામ ન કરે તો એના પોઇન્ટ ઑફ વ્યૂને સમજવાનો પ્રયત્ન પત્નીએ અને સમાજે કરવો જોઈએ. આર્થિક સ્વાતંત્ર્યના નામે જે અર્થવિહીન યુદ્ધ ઊભું કરવામાં આવ્યું છે તે સાવ ખોટું છે એવું નથી, પરંતુ પુરુષનો ઇરાદો ફક્ત દબાવી દેવાનો, અત્યાચાર કરવાનો, કચડી નાખવાનો કે કાબૂ રાખવાનો જ છે એવું વિચારવું જરા વધારે પડતું નથી?

• • •



ઇમોશનથી ઈગો સુધી, તુઝે સબ હૈ પતા મેરી મા!

પુરુષ બનવાના પહેલા પગથિયે ઊભેલો ટીનએજ દીકરો કન્ટ્રોલના તમામ પેરામીટર્સને ફગાવીને બેફામ જીવવા માગે છે. મોડી રાત્રે પાછા ફરવું, સિગરેટ પીવી, ક્લાસની છોકરીઓ સાથે ચૅટિંગ કરવું, બિનજરૂરી રખડ્યા કરવું, મિત્રો માટે જાન આપી દેવી, નાની-નાની વાતમાં ઉશ્કેરાવું, વધુમાં વધુ ટંક બહાર ખાવું... આવાં બધાં નાનાં-મોટાં છીંડાં ઘરની ડિસિપ્લિનની દીવાલમાં પાડીને એક છોકરો જ્યારે યુવાન થઈ રહ્યો હોય ત્યારે એને એની મમ્મી 'બોરિંગ' લાગવા માંડે છે! સતત પોતાના સંતાનની ચિંતા કરતી મા માટે બહારનું ખાઈને પેટ બગડશે, ફોન અને ટીવીને કારણે ભણતો નથી, ઉજાગરા કરે છે, આખો દિવસ ફ્રેન્ડ્સ સાથે રખડ્યા કરે છે... જેવી ફરિયાદો બહુ જ ગંભીર સમસ્યા બનીને આવે છે.

"**હજી** ન્હાયો નથી?" શ્રદ્ધાએ અકળાઈને કહ્યું. બિંકિત એના બેડમાં સૂઈને મ્યુઝિક સાંભળી રહ્યો હતો. એના કાનમાં હેડફોન ભરાવેલા હતા. એણે મમ્મીને રૂમમાં દાખલ થતી જોઈ એટલે મ્યુઝિકનું વૉલ્યુમ સહેજ વધાર્યું, "હું તને કહું છું." શ્રદ્ધાએ જોરથી કહ્યું. બિંકિતે ડોકું ધુણાવ્યું, "ઊભો થા ને નાહી લે. એક વાગવા આવ્યો. હમણાં પપ્પા આવશે. જમવાનું છે."

"હા." બિંકિતે કશુંયે સાંભળ્યા વિના હા પાડી.

"તું ઊભો થાય છે કે નહીં?" શ્રદ્ધા નજીક આવી. એણે બિંકિતના ફોનમાંથી હેડફોન કાઢી નાખ્યા, "ન્હાવા જા."

"ન્હાઉં છું મમ્મી." હવે બિંકિતને સરખો જવાબ આપ્યા વિના છૂટકો નહોતો, "પાંચ મિનિટ."

"એક વાગ્યા સુધી ન્હાયા-ધોયા વિના પડી રહે છે." શ્રદ્ધાનો અવાજ વધુ ઊંચો થયો, "છેલ્લા કેટલાય દિવસથી હું જોઉં છું કે તારા નહાવાના, ખાવાનાં કોઈ ઠેકાણાં નથી."

"વૅકેશન છે મમ્મી." બિંકિતે હેડફોન ભરાવીને મ્યુઝિક ચાલુ કરવાની તૈયારી કરી. શ્રદ્ધાએ એનો ફોન ઝૂંટવી લીધો. એ રૂમની બહાર જવા લાગી, "હવે તો નહીં જ ન્હાઉં, જા." કહીને સાડા સત્તર વર્ષનો બિંકિત માથા

પર ઓશીકું મૂકીને ઊંઘી ગયો. હેલ્પલેસ થઈ ગયેલી શ્રદ્ધાએ આવીને ઓશીકું ખેંચવાનો પ્રયત્ન કર્યો, પણ ટીનએજ દીકરાની સામે સુડતાળીસ વર્ષની મમ્મીની તાકાત જવાબ આપી ગઈ. શ્રદ્ધા ફોન મૂકીને બહાર નીકળી ગઈ.

•

"બિંકિત... જમી લે." શ્રદ્ધાએ કહ્યું. ફોન ઉપર ચૅટ કરી રહેલો બિંકિત જાણે કશું સાંભળ્યું જ ન હોય એમ પોતાની પ્રવૃત્તિમાં વ્યસ્ત રહ્યો, "સાંભળે છે કે નહીં? જમવાના ટેબલ પર ફોન ના જોઈએ."

"પપ્પાને કહે." બિંકિતે રોકડું પરખાવ્યું.

"કાલથી હું ફોન સાથે ટેબલ પર તને આવવા જ નથી દેવાની." શ્રદ્ધાએ કહ્યું.

"કાલથી શું કામ? હું આજથી જ નહીં આવું." કહીને બિંકિત થાળી અને ફોન સાથે પોતાના રૂમમાં જવા લાગ્યો.

"બેડરૂમમાં નથી જમવાનું." શ્રદ્ધાએ બૂમ પાડી.

"થાળી પણ મૂકી દઉં?" બિંકિતે પાછા ફરીને જે રીતે પૂછ્યું એનો શ્રદ્ધા પાસે જવાબ નહોતો.

ટીનએજમાં આવેલા દીકરાઓ હોય એ બધાં જ ઘરોમાં આવા સંવાદો સામાન્ય છે. મમ્મીનો ડિસિપ્લિનનો આગ્રહ અને એની સામે દીકરાનો વિદ્રોહ કંઈ આજકાલના નવા નથી. આજથી દસ વર્ષ પહેલાં, વીસ વર્ષ પહેલાં કે પાંચ દાયકા પહેલાં પણ બદલાતી પેઢી સાથે જૂની પેઢીનો સંઘર્ષ હતો જ. પ્રશ્ન માત્ર એટલો જ છે કે આજનાં બાળકો થોડાં વધુ વોકલ છે. પ્રમાણમાં અપફ્રન્ટ અથવા સીધું કહેનારાં છે. પપ્પા અને પુત્રના પ્રૉબ્લેમ્સ મૅન ટુ મૅન એટલે કે બે પુરુષો વચ્ચેના પ્રૉબ્લેમ છે, પણ મમ્મી અને દીકરાના પ્રૉબ્લેમ જરા જુદા પ્રકારના હોય છે.

મોટા ભાગની મમ્મીઓ એમ જ માને છે કે એનો દીકરો 'હજી' મોટો નથી થયો, એટલે એને ન્હાવાના, જમવાના, બહાર જવાના અને આવવાના સમય ઉપર મમ્મી પોતાનો કન્ટ્રોલ છોડવા માગતી નથી. આપણા ભારતીય સમાજમાં અને એમાંય ગુજરાતી ઘરોમાં મમ્મી માટે વીસ વર્ષનો દીકરો પણ 'બાબો' જ હોય છે. ટીનએજમાં આવેલો દીકરો પોતાની જાતને લગભગ પુરુષ સમજવા માંડે છે. બદલાતા હોર્મોન અને શારીરિક રીતે થઈ રહેલા ફેરફારોને કારણે એને 'વહાલ' કરાવવાનું ગમતું નથી. એના મિત્રોની સામે મમ્મી ટોકે કે લાડ કરે ત્યારે એને જરા ઈગો પ્રૉબ્લેમ જેવું લાગે છે. માને માટે દીકરો હજીયે એ જ વહાલસોયું સંતાન છે, એટલે એને માટે વહાલ કરવું, ટોકવું, બાળકની ચિંતા કરવી કે એના ભોજનના, નહાવાના સમયની એને યાદ અપાવવી મા માટે સાવ સહજ અથવા સામાન્ય બાબત છે... આ બેની વચ્ચે ક્યાંક ઘર્ષણ શરૂ થાય છે. દીકરાને સ્વતંત્રતા જોઈએ છે. ખાસ કરીને આજના ટીનએજમાં પ્રવેશતા કે પ્રવેશી ચૂકેલા દીકરાઓ ટુ-વ્હિલર અને મોબાઇલ સાથે જન્મ્યા હોય એમ એનાથી અલગ થવાનું પસંદ નથી કરતા. કર્ણના કવચ-કુંડળની જેમ મોબાઇલ અથવા ગૅજેટ્સ આજનાં બાળકો માટે એમની જીવનપદ્ધતિનો ભાગ છે. મમ્મીને લાગે છે કે આખો દિવસ ગૅજેટ, ટૅલિવિઝન કે ફોન પર સમય વિતાવતો દીકરો હજી ગઈ કાલ સુધી તો ખોળામાં બેસવા માટે જીદ કરતો હતો, કોળિયા ભરાવે તો જ જમતો હતો અને આજે અચાનક હવે એ દીકરો પોતાનો ફોન કોઈ અડે એ ચલાવી લેતો નથી!

મા જો બહાર જતી હોય અથવા વ્યવસાય સાથે જોડાયેલી કે નોકરી કરતી હોય તો એની જવાબદારીઓ બેવડી હોય છે. સંતાનને પૂરતો સમય નહીં આપી શકાયાના ગિલ્ટ સાથે આવી મમ્મીઓ જરા વધુ જ લાડ કરવાના મૂડમાં હોય છે. જે મા ગૃહિણી હોય એને માટે એના દીકરા સિવાયની દુનિયા ભાગ્યે જ અસ્તિત્વ ધરાવે છે. પોતાના તમામ કલાકો જે દીકરાની આસપાસ ગોઠવ્યા હતા એ હવે સતત ઘરની બહાર સમય વિતાવે છે એ વાતે મા અકળાય છે. જે વ્યવસાયિક છે એ માને માટે પોતે આપેલા ક્વૉલિટી સમય અને ઉત્તમ ઉછેર પછી પણ દીકરા પાસે પોતાને માટે સમય નથી એ વાત અકળાવનારી છે... ટૂંકમાં માને માટે ટીનએજમાં પ્રવેશી ચૂકેલો કે મોટો થઈ ગયેલો દીકરો હજી એના મનમાં મોટો થતો નથી. પુરુષ બનવાના પહેલા પગથિયે ઊભેલો ટીનએજ દીકરો કન્ટ્રોલના તમામ પેરામીટર્સને ફગાવીને બેફામ જીવવા માગે છે. મોડી રાત્રે પાછા ફરવું, સિગરેટ પીવી, ક્લાસની છોકરીઓ સાથે ચૅટિંગ કરવું, બિનજરૂરી રખડ્યા કરવું, મિત્રો માટે જાન આપી દેવી, નાની-નાની વાતમાં ઉશ્કેરાવું, વધુમાં વધુ ટંક બહાર ખાવું... આવાં બધાં નાનાં-મોટાં છીંડાં ઘરની ડિસિપ્લિનની દીવાલમાં પાડીને એક છોકરો જ્યારે યુવાન થઈ રહ્યો હોય ત્યારે એને એની મમ્મી ‘બોરિંગ’ લાગવા માંડે છે! સતત પોતાના સંતાનની ચિંતા કરતી મા માટે બહારનું ખાઈને પેટ બગડશે, ફોન અને ટીવીને કારણે ભણતો નથી, ઉજાગરા કરે છે, આખો દિવસ ફ્રૅન્ડ્સ સાથે રખડ્યા કરે છે... જેવી ફરિયાદો બહુ જ ગંભીર સમસ્યા બનીને આવે છે.

આમ જોવા જઈએ તો મા-દીકરાનો સંબંધ બહુ જ સ્નેહાળ, પ્રેમાળ અને વહાલસોયો છે. જ્યારે દીકરો નાનો હોય ત્યારે અને પછી મોટો થઈ જાય ત્યારે એને માટે એની મા સામાન્યત: સર્વસ્વ હોય છે. સંઘર્ષ આ વચ્ચેના સમયનો છે! બાળકમાંથી પુરુષ બનવાની પ્રક્રિયા દરમિયાન એનો ઈગો ડેવલપ થવા માંડે છે. ગઈ કાલ સુધી જે મા હતી એમાં આજે એક સ્ત્રી, એક બૈરું અથવા પોતાને કન્ટ્રોલ કરવા માગતી એક બાઈ દેખાય છે એને!

લાગણી ઓછી નથી થઈ, પરંતુ મા-દીકરાનો સંબંધ એક સ્ત્રી-પુરુષના સંબંધમાં બદલાઈ જાય છે. ફેરફાર ટૂંકા ગાળાનો છે, પણ ઘર્ષણ ખૂબ હોય છે. રૉકેટ જેમ પૃથ્વીના ગુરુત્વાકર્ષણમાંથી નીકળે ત્યારે ગરમ લ્હાય જેવું થઈ જાય, એવી જ રીતે માના પાલવમાંથી નીકળીને દુનિયાના કૉસ્મોસમાં પ્રવેશતો ટીનએજ દીકરો વિદ્રોહી અને તોછડો બની જાય છે. માની કાળજી એને કચકચ લાગે છે. માનું વહાલ એને બોરિંગ લાગે છે. ઘરનું ખાવાનું એને યુઝલેસ લાગે છે અને માની ચિંતા એને બેકાર લાગે છે...

આ ઘર્ષણનો સમય પૂરો થાય છે કે તરત જ એને માનું વહાલ સમજાય છે. ઘરની બહાર રહેતો હોય, હોસ્ટેલમાં કે કામને કારણે ત્યારે તો વળી માની કાળજી અને ઘરના ભોજનની વૅલ્યૂ અચાનક જ વધી જાય છે. જે મા ચાદર સરખી કરી નાખતી હતી, ટુવાલ બાથરૂમમાં લટકાવી આપતી હતી કે તૂટેલાં બટન એની જાણ બહાર ટાંકી દેતી હતી એ મા એટલી બધી યાદ આવે છે કે પોતે કરેલી તોછડાઈ અને ગુસ્સાનું ગિલ્ટ એને કોરવા માંડે છે. આ લગભગ દરેક ટીનએજ દીકરા સાથે થાય છે... આ લગભગ તમામ ચાળીસી વટાવી ચૂકેલી મા સાથે થાય છે... આમાં ગામ, શહેર, જ્ઞાતિ, જાતિ, દેશકાળ કે સમયનો બહુ જ ઓછો ફેરફાર છે!

સવાલ માત્ર બે જુદી જેન્ડર અને બે જુદી પેઢીનો છે... દીકરો માને ધિક્કારે એવું બને નહીં, બસ એના બદલતા સમય, મૂડ, મિજાજ અને માનસિકતાને સહેજ છૂટી મૂકવાથી કદાચ બંનેની સ્પેસ અને સન્માન જળવાઈ રહે.

• • •



પ્રાઇડ ઍન્ડ પ્રેજ્યુડિસ... મૅન અને માલિક...

અંગત સંબંધ તૂટવો એ સ્ત્રી માટે બહુ હાર-જીતનો કે પ્રતિષ્ઠાનો પ્રશ્ન નથી બનતો. એને ખરાબ લાગે છે, દુ:ખ થાય છે, દિલ તૂટે છે, પીડા થાય છે... પરંતુ બધું છોડીને આગળ વધી જવાનું કદાચ એની પ્રકૃતિમાં છે. છેતરાયાની પીડા હૅન્ડલ કરવાની આવડત સ્ત્રી પાસે પુરુષ કરતાં વધારે છે... અથવા એમ કહી શકાય કે ભૂલી જવાની, માફ કરવાની, છોડી દેવાની કે જતું કરવાની આવડત પણ સ્ત્રી પાસે વધારે છે. સ્ત્રી કદાચ સ્વયંથી જ સંપૂર્ણ છે. એને માટે સંબંધ અગત્યનો છે, પણ છૂટી ગયેલા સંબંધમાં પ્રતિષ્ઠા કે સ્વમાનને જોવા કરતાં એ ખૂટી ગયેલા સ્નેહને કે તૂટી ગયેલા હૃદયને જુએ છે. પુરુષ માટે એનો પ્રણયસંબંધ કે પરિણય સંબંધ એની સામાજિક પ્રતિષ્ઠા સાથે સીધી જોડાતી બાબત છે.

“**તને** વાંધો શો છે? તું મને ચાહે છે, રાઇટ?” ઉર્વશીએ ખભા ઉલાળ્યા. નિમિત્ત એની સામે જોઈ રહ્યો હતો. ગોરી, નમણી, અત્યંત સુંદર ઉર્વશી સતત નિમિત્તને પોતાના તરફ આકર્ષિત રાખવા માટે કંઈ પણ કરી છૂટવા તૈયાર રહેતી. એ આજે પણ ખૂબ સુંદર તૈયાર થઈને આવી હતી. એના સ્પગેટી ટોપમાંથી એનો ક્લિવેજ દેખાતો હતો. નિમિત્ત એકીટશે એના તરફ જોઈ રહ્યો હતો. ઉર્વશીએ નિમિત્તના ચહેરા સામે ચપટી વગાડી, “ઓયે!”

“હં! હં!” નિમિત્ત ચોંક્યો. એણે પોતાનું ધ્યાન માંડ માંડ ઉર્વશીની વાતમાં પાછું વાળ્યું, “વાંધો તો કંઈ નથી,પણ બધાને કહેવાની શી જરૂર છે? હું જાણું છું ને તું જાણે છે. ઇઝન્ટ ધેટ ઇનફ?”

“પણ મારે ફેસબુક પર લખવું છે. બધાને કહેવું છે કે આઇ એમ ઇન લવ.” ઉર્વશી સહેજ ઝૂકી. એણે હોઠને પાઉટ કર્યા. આંખો ઝીણી કરી, “આઇ લવ યુ. લેટ ધ વર્લ્ડ નો.”

“કહીશું.” નિમિત્તે ફરી એક પ્રયત્ન કર્યો, “પણ આટલું જલદી...”

“જલદી?” ઉર્વશીએ હેઝલ બ્રાઉન આંખો પહોળી કરી, ભ્રમર ઉલાળી, “તું છ મહિનાથી મને ડેટ કરે છે...”

“હા, પણ...” નિમિત્ત પાસે ખરેખર આની સામે કોઈ દલીલ નહોતી. ઉર્વશીનો આ ત્રીજો બૉયફ્રેન્ડ હતો.

નિમિત્તને આગલા બે બૉયફ્રૅન્ડ વિશેની વાત ઉર્વશીએ જ કરી હતી. એણે કંઈ છુપાવ્યું નહોતું. નિમિત્ત પૂછે એ પહેલાં ઉર્વશીએ પોતાનાં બાવન પત્તાં ખોલી નાખ્યાં હતાં. નિમિત્તને કોઈ અવિશ્વાસ કે શંકા હતી એવું ય નહોતું, તેમ છતાં નિમિત્ત ક્યાંક ખચકાતો હતો. એને ઉર્વશી ખૂબ ગમતી. પ્રેમાળ, ફુલ ઑફ લાઇફ, સુંદર અને ઇન્ટેલિજન્ટ ઉર્વશી એક પરફેક્ટ કમ્પૅનિયન હતી. એમની રિલેશનશિપ બધાને જણાવવા માટે ઉર્વશી હવે મરણિયા પ્રયાસો કરી રહી હતી. ઉર્વશીને લાગતું હતું કે નિમિત્ત આ રિલેશનશિપ કોઈને જણાવવા માગતો નથી. નિમિત્તને લાગતું હતું કે ઉર્વશી જેવી ચંચળ છોકરી સાથે રિલેશનશિપ જાહેર કરતાં પહેલાં જોઈ—તપાસી—ચકાસીને આગળ વધવું જોઈએ. ઉર્વશીને નિમિત્ત સાથેના સંબંધો કોઈ પણ રીતે જાહેર કરવા હતા.

આજે બંને વચ્ચે ફરી એક વાર ચમકમ ઝરી ગઈ, "પણ એટલે શું?" ઉર્વશીનો અવાજ ઊંચો થઈ ગયો, "તારે કેમ નથી કહેવું એ સમજાવને મને. તને શું લાગે છે, હું તને છોડી દઈશ? બીજો બૉયફ્રૅન્ડ ગોતી લઈશ?"

ઉર્વશીનો ઊંચો થયેલો અવાજ નિમિત્તને પણ ઇરિટેટ કરી ગયો, "આમ તો એવું જ... પેલા બેને પડતા મૂક્યાને? મને નહીં મૂકે એની શી ખાતરી?"

બસ! એ પછીની ચર્ચા કરવા જેવી નથી...

દરેક પુરુષ માટે પોતાનો પ્રેમ, પત્ની કે સંબંધ પોતાની પ્રતિષ્ઠાનો એક ભાગ હોય છે. ક્યારેક તો એની સમગ્ર પ્રતિષ્ઠા એની પત્ની કે એના લગ્નસંબંધ પર અવલંબે છે. આ સમાજમાં લગ્ન નિષ્ફળ થાય તો એને માણસની અંગત નિષ્ફળતા સાથે જોડવામાં આવે છે. પ્રેમ સંબંધમાં નિષ્ફળ ગયેલો માણસ 'અંગત' રીતે નિષ્ફળ વ્યક્તિ પુરવાર થાય છે. ખરેખર એવું કેમ થાય છે એ પ્રશ્ન મહત્ત્વનો છે. દુનિયામાં પોતાની સફળ કારકિર્દી બનાવનારા અનેક લોકો પોતાના અંગત—ખાસ કરીને પ્રણય કે પરિણય સંબંધોને સફળ રીતે નથી જીવી શક્યા એવા ઘણા દાખલા છે. મોટે ભાગે એવું બને છે કે પુરુષ જ્યારે પ્રેમમાં પડે છે ત્યારે એને પોતાનું સમગ્ર જીવન હવે આ પ્રેમસંબંધની આસપાસ દેખાવા લાગે છે. પોતાના પ્રણયસંબંધને જાહેર કરતા પહેલાં મોટા ભાગના યુવાનો કે પુરુષો બે-ચાર-છ વાર પોતાના પ્રણયસંબંધને જોઈ-તપાસી લેવા માગે છે. એમનો પ્રણયસંબંધ જો તૂટે, ખાસ કરીને જો છોકરી પહેલ કરીને સંબંધ તોડી નાખે અથવા કોઈ બીજા છોકરા માટે એમને પડતા મૂકવામાં આવે તો એમના સ્વમાન પર, ઇગો પર, અહંકાર પર સીધો પ્રહાર થાય છે. આમાં ક્લાસ કે ઉંમરનો બહુ બાધ નથી એવું જોવા મળ્યું છે.

પ્રેમમાં પડેલો પુરુષ સામાન્ય રીતે બધું જ નેવે મૂકવા તૈયાર થાય છે. અરેન્જ મૅરેજ કરનારામાં પણ શરૂઆતના દિવસોમાં તમામ ઍડ્જસ્ટમૅન્ટ કરવા તૈયાર હોય છે. આપતી વખતે પાછું વાળીને નહીં જોતો પુરુષ પોતે આપેલાં તમામ સુખ-સગવડ કે સ્નેહના બદલામાં પોતાનું સન્માન, વફાદારી કે લગભગ સરખા પ્રમાણમાં સ્નેહ માગે છે, ક્યારેક પોતે આપે એના કરતાં વધારે પણ માગે છે. એ ન મળે ત્યારે પુરુષને લાગે છે કે પોતે કરેલું 'ઇન્વેસ્ટમૅન્ટ' બેકાર ગયું... મિત્રોની સામે, સગાંવહાલાંની સામે, સ્નેહી કે સહકાર્યકરો સામે એને ભોંઠા પડ્યાની, એનું અપમાન થયાની લાગણી થાય છે. આ બધાની પાછળ કદાચ સ્ત્રીનો ઇરાદો ન હોય તો પણ પુરુષ માટે પોતાની પ્રિયતમા કે પત્ની ફક્ત પોતાને ચાહે છે, પોતાનું જ કહ્યું માને છે, પોતાને જ સમર્પિત છે એ આખીયે વાત બહુ જ મહત્ત્વની છે. જેને માટે પોતે આટલું ગૌરવ કરે છે, ઍડ્જસ્ટમૅન્ટ કરે છે, કમાઈને જેને સુખ-સગવડ આપે છે એ સ્ત્રી પોતાના કહ્યામાં નથી અથવા બીજાને ચાહે છે એ વાત પુરુષમાત્ર માટે એના

પુરુષાતન પર સીધો ઘા કરનારી પુરવાર થાય છે. મોટા ભાગના પુરુષો આ પરિસ્થિતિ માટે તૈયાર પણ નથી હોતા ને આવી પરિસ્થિતિ થયા પછી એની સાથે કેમ કામ પાડવું એ પણ મોટા ભાગના પુરુષોને આવડતું નથી.

ઘર છોડીને ચાલી ગયેલી પત્ની કે પોતાને છોડી ગયેલી પ્રેમિકા પાસે ભીખ માગતા, કરગરતા, એની માફી માગતા કે એને સાચવી રાખવા માટે આકાશ-પાતાળ એક કરતા પુરુષોને આપણે બધાંએ જોયા છે—જાણ્યા છે. આજના સમયમાં કેટલાં બધાં અર્બન લગ્નો પુરુષની સમજદારીને કારણે ટકે છે એ આપણે જાણીએ છીએ. સ્ત્રી સમજદાર છે, સહનશીલ છે, કુટુંબનું બૅકબોન છે... સાચું છે, પરંતુ સ્ત્રી બહુ આસાનીથી છોડી શકે છે. અંગત સંબંધ તૂટવો એ સ્ત્રી માટે બહુ હાર-જીતનો કે પ્રતિષ્ઠાનો પ્રશ્ન નથી બનતો. એને ખરાબ લાગે છે, દુઃખ થાય છે, દિલ તૂટે છે, પીડા થાય છે... પરંતુ બધું છોડીને આગળ વધી જવાનું કદાચ એની પ્રકૃતિમાં છે. છેતરાયાની પીડા હૅન્ડલ કરવાની આવડત સ્ત્રી પાસે પુરુષ કરતાં વધારે છે... અથવા એમ કહી શકાય કે ભૂલી જવાની, માફ કરવાની, છોડી દેવાની કે જતું કરવાની આવડત પણ સ્ત્રી પાસે વધારે છે. સ્ત્રી કદાચ સ્વયંથી જ સંપૂર્ણ છે. એને માટે સંબંધ અગત્યનો છે, પણ છૂટી ગયેલા સંબંધમાં પ્રતિષ્ઠા કે સ્વમાનને જોવા કરતાં એ ખૂટી ગયેલા સ્નેહને કે તૂટી ગયેલા હૃદયને જુએ છે. પુરુષ માટે એનો પ્રણયસંબંધ કે પરિણયસંબંધ એની સામાજિક પ્રતિષ્ઠા સાથે સીધી જોડાતી બાબત છે. જે સ્ત્રીને એણે સમાજ સામે—સગાં સામે—સ્વજન સામે કે મિત્રો સામે 'પોતાની સ્ત્રી' તરીકે સ્વીકારી છે એ સ્ત્રી જાણે-અજાણે એની માલિકીની વસ્તુ બની જતી હશે? એવું બનતું હશે કે પોતાની સંપત્તિ તરીકે જે પુરુષ એ સ્ત્રીને જોતો થઈ જાય એને પોતાના કિલ્લામાંથી ખરતો કાંકરો ય સહન નહીં થતો હોય? પહેલાંના જમાનામાં રાજાઓ અંતઃપુરમાં અને બાદશાહો હરમમાં સ્ત્રીઓને રાખતા. એની ચોકી કરવા માટે કિન્નરોને રાખવામાં આવતા. અંતઃપુરમાં જેમ વધુ રાણીઓ એમ રાજા વધુ ધનવાન માનવામાં આવતો... દશરથની ત્રણ, શ્રીકૃષ્ણની આઠ પટરાણીઓ હતી. સ્ત્રીઓ એકબીજા સાથે સમાધાન કરીને એક જ પતિ વહેંચી શકે, પણ બહુ પતિત્વના દાખલા દ્રૌપદી સિવાય બીજે ક્યાંય મળતા નથી. એનું કારણ કદાચ એ જ છે કે સ્ત્રી માટે એનો સંબંધ એની જિંદગી હોઈ શકે, એના શ્વાસ-પ્રાણ કે પ્રિયમાં પ્રિય વ્યક્તિ હોઈ શકે, જ્યારે પુરુષ માટે એનો સંબંધ એનું સ્વમાન, એની પ્રતિષ્ઠા, એનો ઇગો છે.

આવા સંબંધને જાહેર કરતા પહેલાં પુરુષ સામાન્ય રીતે ડબલ—ટ્રિપલ શ્યૉર થવા માગે છે. જે સ્ત્રી સાચે જ પોતાના સંબંધનો સ્વીકાર ઇચ્છતી હોય એણે સૌથી પહેલાં પુરુષને—પતિને—પ્રેમીને સિક્યૉરિટી અથવા શ્યૉરિટી આપવી પડશે. આ મારી જ પ્રેમિકા છે ને મને જ ચાહે છે એવું જાણ્યા પછી જ કદાચ પુરુષ એ સંબંધને સ્વીકાર આપી શકે છે... સિક્યૉરિટી મળ્યા પછી જ સિક્યૉરિટી આપવાની પુરુષની પ્રકૃતિ હશે?

• • •



છૂપા લો યૂં દિલ મેં પ્યાર મેરા... કિ જૈસે મંદિરમેં લૌ દિયે કી.

એમને કશું જોઈએ છે માટે કે કશું મેળવવું છે માટે નહીં, પણ પોતે સાચે જ પ્રેમ કરતા હતા એવું દેખાડવાનો પણ કેટલાક પુરુષોને 'નશો' હોય છે. પ્રેમ ન મળ્યો અથવા પોતાને છોડી દેવામાં કે તરછોડી દેવામાં આવ્યા તેમ છતાં પોતે હજીયે કાળજી કરે છે, કોઈ અપેક્ષા વિના મદદ કરે છે એવું દેખાડીને કેટલાક પુરુષોનો ઇગો સંતોષાય છે. પોતાના 'ઉછેર' અને 'સંસ્કાર' કેટલાક જુદા, સારા અને ઉમદા છે એવું પુરવાર કરીને કેટલાક પુરુષોને એક પ્રકારનું સુખ મળે છે. આમાં કશું ખોટું કે સાચું નથી. આ એક પ્રકૃતિની વાત છે. સ્વભાવ, ટેવ કે માન્યતાની વાત છે.

"**મારો** ફોન કોણ અડ્યું?" બાથરૂમમાંથી નાહીને નીકળેલો શ્રીધર અકળાયો. "કેટલી વાર કહ્યું છે કે મારો ફોન..."

"એવું તે શું હોય છે તમારા ફોનમાં? કેમ નહીં અડવાનું?" રાગિણીએ સામે સીધો સવાલ પૂછી નાખ્યો.

"બસ નહીં અડવાનું..." શ્રીધર પાસે જવાબ નહોતો. એના ચહેરા પર સહેજ કાળાશ ઢળી ગઈ. એણે ફોન લઈને વોર્ડરોબ ખોલ્યું. એ તૈયાર થવા લાગ્યો. રાગિણી ત્યાં જ ઊભી રહી. "શું છે તારે?"

"શું છે?" રાગિણી અદબ વાળીને એકટશે શ્રીધર તરફ જોતી હતી. શ્રીધર નર્વસ થઈ રહ્યો હતો, "તમે કેમ નર્વસ થાઓ છો?" રાગિણીએ પૂછ્યું. રાગિણીએ એનો ફોન જોયો હશે કે નહીં એ વિશે શ્રીધર અવઢવમાં હતો. એમના ઘરમાં અવારનવાર આ બાબતે ઝઘડા થયા કરતા. રાગિણીને કોણ જાણે કેમ પણ શ્રીધર પર વારંવાર શંકા પડતી હતી. રાગિણી જેમ વધારે શંકા કરે તેમ શ્રીધર વધારે સજાગ રહેવા માંડ્યો હતો. ફોન એક મિનિટ છોડતો નહીં. કોઈની સાથે ફોન પર વાત કરતો હોય તો બહાર જતો રહે... થોડાં વર્ષો પહેલાં આવું નહોતું. શ્રીધર અને રાગિણી વચ્ચે નાનામાં નાની વાત થઈ જતી. આખા દિવસની વાતો અને જે કંઈ બન્યું હોય એ બંને શૅર કરતાં.

છેલ્લા એકાદ વર્ષથી શ્રીધર એકદમ વિચિત્ર વર્તવા લાગ્યો હતો. સામાન્ય રીતે સમયસર ઘેર આવી જતો શ્રીધર હવે નિયમિત રીતે મોડો આવતો. જે માણસને પાર્ટીમાં જવાનું હોય તો પણ ઘેર જમીને જવાની આદત

હતી એ અઠવાડિયામાં બે-ત્રણ વાર જમતો થઈ ગયો હતો. રાગિણી અકળાવા લાગી હતી. એક-બે વાર શ્રીધરનો ફોન બંધ હતો ત્યારે એણે ઑફિસની લૅન્ડલાઇન પર ફોન કર્યો. રાગિણીને ખબર પડી કે શ્રીધર બપોરનો બહાર નીકળી ગયો છે. કેટલીક વાર શ્રીધર કલાકો સુધી ફોન પર એસએમએસ કે વૉટ્સઍપ ચૅટિંગ કર્યા કરતો. રાગિણી નજીક આવે તો શ્રીધર અચાનક બંધ કરી દેતો... જોકે આ બધાની વચ્ચે શ્રીધરે ક્યારેય ખરાબ વર્તન નહોતું કર્યું. એ હંમેશાં રાગિણીને ખુશ રાખવાનો પ્રયત્ન કરતો. અરેન્જ મેરેન્જના એમના સાત વર્ષના લગ્નજીવનમાં રાગિણીની એક જ ફરિયાદ હતી, શ્રીધર એની સાથે ઉમળકાથી નહોતો વર્તતો, એનાં વખાણ નહોતો કરતો, એ રોમૅન્ટિક નહોતો...

રાગિણીને એના લગ્નજીવન પર ક્વેશ્ચનમાર્ક થવા લાગ્યા હતા. એણે તપાસ કરવા માંડી. ભણેલી-ગણેલી, ઇન્ટેલિજન્ટ રાગિણીએ થોડાક જ દિવસમાં શોધી કાઢ્યું કે શ્રીધરની એક ક્લાસમેટ ડિવોર્સ લઈને અમેરિકાથી પાછી ફરી હતી. શ્રીધરના મિત્રોના કહેવા પ્રમાણે એ—કૃષ્ણા, કૉલેજના દિવસોથી શ્રીધરને બહુ જ ગમતી હતી. શ્રીધર એને કહી શક્યો નહીં. કરિયર ઓરિયેન્ટેડ અને અમેરિકા જવા માટેની ઘેલછામાં કૃષ્ણાએ કોઈ દિવસ શ્રીધરનો વિચાર સુધ્ધાં કર્યો નહીં, પણ હવે જ્યારે એ પાછી ફરી હતી ત્યારે શ્રીધર કૃષ્ણાને તમામ કમ્ફર્ટ, તમામ સગવડ આપવા તૈયાર હતો. એ લગભગ રોજ કૃષ્ણાને મળતો એવી રાગિણીને ખબર પડી. એકલી પડેલી કૃષ્ણાને ડિનર પર બહાર લઈ જતો. એનું ઘર ખરીદવાથી શરૂ કરીને ઘર વસાવી આપવા સુધીની બધી જવાબદારી શ્રીધરે હોંશેહોંશે ઉપાડી હતી...

પૂરી તપાસ કર્યા પછી રાગિણીને સમજાયું કે એ બંને જણાં વચ્ચે કોઈ શારીરિક સંબંધો કે 'અફેર' નહોતો. બસ, વીતેલા દિવસોની એક કૂણી લાગણી શ્રીધરને આ દિશામાં ખેંચી રહી હતી. રાગિણી આ ઇમોશનને સમજી નહોતી શકતી. એને વિશ્વાસ હતો કે શ્રીધરનો ઉછેર અને એની નૈતિકતા એને અફેર નહીં કરવા દે... પરંતુ શ્રીધરનું કૃષ્ણા તરફનું ખેંચાણ—કમિટમૅન્ટ અથવા ઇમોશનને કારણે રાગિણીને તકલીફ થતી હતી. એ સમજી નહોતી શકતી કે જ્યાંથી કશું મળતું નથી એ સંબંધમાં શ્રીધર આટલો ઓળઘોળ કેમ થાય છે? એને એવો પણ સવાલ થતો હતો કે જો અફેર નથી તો સિદ્ધાર્થ શા માટે પોતાનાથી કૃષ્ણાને મળવાની વાત કે એની ફ્રૅન્ડશિપ વિશે છુપાવે છે...

આવું ઘણા કિસ્સામાં થતું હોય છે. પત્ની સાથેના સંબંધો સામાન્ય રીતે સારા હોય તેમ છતાં જૂની પ્રેમિકા કે પહેલી પત્ની કે કોઈ ગર્લફ્રૅન્ડ સાથે ઇમોશનલ કનેક્શન તૂટી શક્યું ના હોય... પત્નીને છેહ દેવાનો, છેતરવાનો કે લફરાં કરવાનો ઇરાદો ન હોય તેમ છતાં કેટલાક પુરુષો લાગણીના બંધનમાંથી છટકી શકતા નથી. પુરુષ સ્વભાવે જ જવાબદાર છે. (આમાં અપવાદ હોય છે) મોટા ભાગના પુરુષો એક વાર ઇમોશનલી કોઈ સ્ત્રી સાથે જોડાય પછી જાણે-અજાણે એની જવાબદારી લેતા થઈ જાય છે. એ ક્યાંક જવા નીકળી હોય તો પહોંચી કે નહીં, એને કોઈ તકલીફ નથી પડી ને? સમયસર જમી છે કે નહીં? બીમાર હોય તો ડૉક્ટર પાસે ગઈ—દવા લીધી કે નહીં જેવી કાળજી લેવાનું સામાન્ય રીતે પુરુષને ગમે છે. ક્યારેક આવા સંબંધો તૂટી જાય તો પણ કાળજી લેવાની પોતાની ટેવ કે પ્રકૃતિમાંથી પુરુષ મુક્ત થઈ શકતો નથી. એક સ્ત્રી, જે એને ગમતી હતી અથવા ક્યારેક એને ચાહી હતી અથવા ક્યારેક જે એની પત્ની હતી એ સતત કમ્ફર્ટમાં જીવે એવો પ્રયત્ન ઘણા પુરુષો કરતા હોય છે...

આમાં કદાચ એમનો ઇગો પણ સામેલ હોય એવું બને. ઘણા પુરુષો પ્રેમસંબંધમાં છૂટા પડ્યા પછી પણ પ્રેમિકાનું કામ કરી આપે કે એને પૈસેટકે મદદ કરતા રહે છે. કેટલીક વાર એ પ્રેમિકા કોઈ બીજાની પત્ની બની ગઈ હોય તો પણ પુરુષને એની મદદ કરવામાં 'સુખ' મળતું હોય એવા કિસ્સા ઓછા નથી.

એક એવો આક્ષેપ કરવામાં આવે છે કે પુરુષનો સ્નેહસંબંધ માત્ર શારીરિક રસ સાથે જોડાયેલો હોય છે. સૅક્સ એ પુરુષની પ્રથમ અને અગત્યની જરૂરિયાત છે એવો પણ એક મત પ્રવર્તે છે. કેટલાક પુરુષો ફક્ત ઇમોશનથી જ સ્ત્રી સાથે જોડાયેલા હોય છે. એમને કશું જોઈએ છે માટે કે કશું મેળવવું છે માટે નહીં, પણ પોતે સાચે જ પ્રેમ કરતા હતા એવું દેખાડવાનો પણ કેટલાક પુરુષોને 'નશો' હોય છે. પ્રેમ ન મળ્યો અથવા પોતાને છોડી દેવામાં કે તરછોડી દેવામાં આવ્યા તેમ છતાં પોતે હજીયે કાળજી કરે છે, કોઈ અપેક્ષા વિના મદદ કરે છે એવું દેખાડીને કેટલાક પુરુષોનો ઇગો સંતોષાય છે. પોતાના 'ઉછેર' અને 'સંસ્કાર' કેટલાક જુદા, સારા અને ઉમદા છે એવું પુરવાર કરીને કેટલાક પુરુષોને એક પ્રકારનું સુખ મળે છે. આમાં કશું ખોટું કે સાચું નથી. આ એક પ્રકૃતિની વાત છે. સ્વભાવ, ટેવ કે માન્યતાની વાત છે. કેટલાક લોકો આવા પુરુષોને વેવલા અથવા ડફોળ કહે છે. કેટલીક પત્નીઓને આ ઇમોશન સમજાતા નથી. મોટા ભાગની પત્નીઓની દલીલ એવી હોય છે કે, "જો કશું નથી તો મને કહેવામાં શો વાંધો?" પણ સાચું પૂછો તો આ 'કશું નથી'ની લાગણી જ 'બધું' છે. સાયલન્ટલી પ્રેમ કરવાની એક મજા છે. પોતાને કશું નથી મળતું છતાંયે પોતે અગરબત્તી જેવું ઝીણું ઝીણું બળી શકે છે અને સુગંધ ફેલાવી શકે છે એ લાગણી ઘણા બધા લોકોને પરમ સુખ આપનારી હોય છે. આવી ઘણી સ્ત્રીઓ જોવા મળે છે. પતિના ઍક્સ્ટ્રા મેરિટલ છતાં એની કાળજી કરે, દારૂડિયા, બેકાર, રખડેલ પતિને પણ સ્નેહ અને માનથી સાચવે એવી સ્ત્રીઓ આપણે જોઈ છે. એવી જ રીતે આવા કમિટેડ, ઇમોશનલ અને સમર્પિત પુરુષો પણ હોય છે.

હૃદયમાં પ્રજ્વલ્લિત પ્રેમની જ્યોતને ચૂપચાપ કમિટમૅન્ટનું ઘી પૂરી પૂરીને અખંડ દીવાની જેમ બળતી રાખતા આવા લોકો પોતાના પ્રેમને જ પોતાની શક્તિ માને છે. કંઈ મેળવી લેવા માટે દોડતા લોકો એમને નાના-બેકાર અને વામણા લાગે છે. પોતે બીજાથી ઊંચા, બીજાથી જુદા, સમર્પિત, કમિટેડ અને 'મહાન' છે એવી લાગણી એમને ભીતરથી ખુશ રાખે છે. કોઈ સાથે આ વિશે વાત નહીં કરવામાં પણ એમને એક જાતની મજા આવે છે. પ્રેમને છુપાવીને રાખવાનો એક આનંદ છે, જે આવા પુરુષો જતો કરવા માગતા નથી. એમને માટે એમની પ્રિયતમા કોઈ દેવી કે પવિત્રતાની મૂર્તિ સમી હોય છે. સાચા અર્થમાં એ સ્ત્રી એવી હોય કે નહીં, પણ આવા સમર્પિત પુરુષોના મનમાં એમણે બનાવેલી પોતાની પ્રેમિકાની ઇમેજ લગભગ ઈશ્વરની લગોલગ મૂકી શકાય...

આવા પ્લેટોનિક—પવિત્ર કે અદ્‌ભુત કહી શકાય એવા સંબંધોમાં ઘણાને વિશ્વાસ નથી. ઘણા લોકો એમ માને છે કે એક સ્ત્રી અને એક પુરુષ વચ્ચે 'સાવ' પ્લેટોનિક કહી શકાય એવા સંબંધો શક્ય જ નથી! પરંતુ આવા સંબંધો હોય છે. આવા સંબંધો જીવતા લોકો આપણી આસપાસ, આપણી જ દુનિયામાં જોવા મળે છે...

મંદિરના ગર્ભગૃહમાં પ્રજ્વલિત દીપકની જેમ એમના આવા સંબંધો એમના હૃદયના કોઈક એક ખૂણાને અજવાળતા રહે છે... આવા પુરુષો પોતે કોઈની સાથે બેવફાઈ નથી કરતા એમ માનીને પોતાના અંગત સંબંધને જીવ્યા કરે છે.

• • •



પુરુષ માટે પ્રેરણા: પ્રેમિકા કે પે ઍન્ડ યુઝ?

સદ્‌ભાગ્યે કે દુર્ભાગ્યે સામાન્ય રીતે પ્રેરણામૂર્તિ વિજાતીય વ્યક્તિ જ હોય છે એટલે જ્યારે કોઈ એક વ્યક્તિ બીજી વ્યક્તિ માટે ઇનસ્પિરેશન કે પ્રેરણામૂર્તિ બને ત્યારે એમાં 'પ્રેમ' અજાણતા જ દાખલ થઈ જાય છે. વિજાતીય વ્યક્તિ સાથેના પ્રેમ જોડે મહદંશે શારીરિક સંબંધ પણ સંકળાયેલો હોય છે. બદલાતા વિચારો અને માનસિકતા સાથે કોઈ વ્યક્તિ સતત સર્જનાત્મક વિકાસની દિશામાં હોય ત્યારે બીજી વ્યક્તિને 'યુઝડ' કે છેતરાયેલા ફીલ થાય એ સમજી શકાય એવું છે. જોકે, દરેક વખતે સામેનો માણસ છેતરે જ છે, ખોટો જ છે, એના મનમાં પોતાનો ઉપયોગ કરી લેવાનો ઇરાદો છે એવું વિચારીને કોઈ પણ સ્ત્રી જ્યારે સંબંધમાં દાખલ થાય છે કે નીકળે છે ત્યારે એ પીડાય છે, એને અપમાન લાગે છે.

"**હું** આજે જ્યાં છું ત્યાં પહોંચાડવા માટે મારે મારી મમ્મીનો આભાર માનવો જોઈએ." કોઈ કહે છે, તો કોઈ કહે કે કે, "માય વાઇફ ઇઝ માય ઇન્સ્પિરેશન..." કેટલાક લોકો માટે એની જિંદગીમાં આવેલી એક અજાણી સ્ત્રી અથવા એમની પ્રેમિકા અથવા કોઈ અજાણ ક્ષણે ઝબકી ગયેલો વીજળી જેવો કોઈક સંબંધ એમની પ્રેરણા પુરવાર થાય છે. મરીઝથી શરૂ કરીને મન્ટો સુધી અને રવિ વર્માથી રાવજી પટેલ સુધી, પુરુષોનાં અમર થઈ ગયેલાં સર્જનો પાછળ ક્યાંક ને ક્યાંક, કોઈક ને કોઈક સ્ત્રી હોવાની દંતકથાઓ વહેતી રહે છે. અભિવ્યક્તિનો આધાર આવી લાગણીઓ કે આવા સંબંધો ઉપર રહેલો હોય છે એમ ઘણા લોકો માને છે. હજી હમણાં જ રજૂ થયેલી એક ફિલ્મ 'રૉકસ્ટાર'માં રણબીર કપૂરને એનો મિત્ર કહે છે કે, "તારું હૃદય નહીં તૂટે ત્યાં સુધી તું કલાકાર નહીં બની શકે. પ્રેમમાં પડ, દિલ તૂટવા દે. તો જ તું તારા પેઇનને વ્યક્ત કરી શકીશ, પેઇન વ્યક્ત થશે ત્યારે જ તું સાચા અર્થમાં કલાકાર બની શકીશ!"

સામાન્ય રીતે આ વાતને સાચી ઠેરવી શકાય. લગભગ દરેક સર્જકનાં ઉત્તમ સર્જનોના મૂળમાં ક્યાંક ને ક્યાંક ઊંડી પીડા અથવા પેઇન રહેલું છે. '૪૭ના ભાગલા વખતે લખાયેલી વાર્તાઓ કે બે વર્લ્ડવૉરની વચ્ચે લખાયેલી કવિતાઓ સાહિત્યના ઉત્તમ નમૂના છે. આનું કારણ કદાચ એ છે કે માણસ માત્રને અભિવ્યક્ત થવા માટે એક ધક્કો, એક સ્પાર્ક, એક ઠોકર જોઈએ છે. હૃદયમાં ધરબાઈ રહેલી લાગણીઓને પ્રચંડ વિસ્ફોટ સાથે બહાર કાઢવામાં આવે ત્યારે એની ઊર્જા, એનો પ્રકાશ અને એમાં છુપાઈ રહેલી સર્જનાત્મકતા એના શિખરે

પહોંચે છે. આ વાત સ્ત્રી કે પુરુષ બંને માટે સાચી છે. એમાં જેન્ડરનો તફાવત નથી, કદાચ! પુરુષ માટે પોતાની સર્જનાત્મકતાને ચેનલાઇઝ કરવા અથવા કોઈ એક દિશામાં લઈ જવા અથવા એને સાચા અર્થમાં સાચી રીતે અભિવ્યક્ત થવા માટે એકાદ પ્રેરણાની જરૂર હોય છે. દરેક પુરુષને ન હોય તો પણ મોટા ભાગના પુરુષોને આવી પ્રેરણાની જરૂર પડે છે... આ પ્રેરણા શિક્ષક સ્વરૂપે આવે, મા થઈને, પત્ની થઈને કે પ્રેમિકા બનીને આવે છે. તુલસીદાસને રત્નાવલિએ કહ્યું, "આટલો પ્રેમ ઈશ્વર પરત્વે રાખ્યો હોત તો જન્મારો સફળ થઈ જાત." કે નરસિંહ મહેતાને એનાં ભાભીએ ઘરમાંથી કાઢી મૂક્યા. ગુરુ દત્તને વહીદા રહેમાનના ચહેરામાં ભવિષ્યની સ્ટાર દેખાઈ, તો રવિ વર્માને સુગંધાના શરીરના વળાંકોમાં દેવી અને અપ્સરાનાં દર્શન થયાં... નાહી-ધોઈને ચાંદલો કરતી પત્નીએ રાવજી પટેલ પાસે લખાવ્યું, "મારી આંખે કંકુના સૂરજ આથમ્યા." બીજે પરણી ગયેલી પ્રેમિકાએ આપણને અબ્બાસઅલી વાસીમાંથી 'મરીઝ' આપ્યા. કાન કાપીને પ્રેમિકાને મોકલનાર વાન ગૉગ કે સ્ટેલા કૅમ્પબેલના પ્રેમમાં પાગલ 'પિગ્મેલિયન' લખનાર બર્નાર્ડ શૉ, ચાર ચાર લગ્ન કરનાર ચાર્લી ચેપ્લિન કે કિશોરકુમાર... લગ્ન વગર ગુજરી જનાર સંજીવકુમાર કે પત્ની અને પ્રેમિકાને સતત જુદા રાખનાર રાજ કપૂર...

સંબંધોના આ રોલરકોસ્ટર રાઇડમાં સામાન્ય રીતે પુરુષ પોતાની પ્રેમિકા અથવા પ્રેરણામૂર્તિમાંથી જીવનરસ પામતો રહે છે. કેટલીક વાર એવું બને કે કનૈયાલાલ મુનશીની પત્ની અતિલક્ષ્મી અને લીલાવતી મુનશી બે અલગ અલગ સ્ત્રીઓની જેમ એમના વ્યક્તિત્વ અને વિચારોમાં આસમાન-જમીનનું અંતર હોય. કૃષ્ણા રાજ કપૂર અને નરગીસ બે સાવ જુદાં અસ્તિત્વો અને અભિવ્યક્તિઓ હતાં. આર.કે.ના લોગોમાં નરગીસ અમર થઈ ગઈ, જ્યારે ફેમિલી ફોટોગ્રાફમાં નરગીસ માટે ક્યારેય જગ્યા ન થઈ શકી! અતિલક્ષ્મી મુનશીના ગુજરી જવા સુધી કે. એમ. મુનશી ક્યારેય લીલાવતી સાથેના પોતાના સંબંધોને સ્વીકારી શક્યા નહીં. ગુરુ દત્તે વહીદા રહેમાન માટે આપઘાત કર્યો એમ માનવામાં આવે છે ને રેખા આજે પણ અમિતાભ માટે 'અપરિણીત' રહી છે. (મૂકેશના મૃત્યુને અને રેખાના એક અઠવાડિયાનાં લગ્નને મીડિયા અને માણસો બધા ભૂલી ગયા છે!) આવી પ્રેરણામૂર્તિ પુરુષના જીવનમાં કદાચ એની પ્રસિદ્ધિનું, સફળતાનું કે સત્તાનું કારણ હોઈ શકે. એને જે કંઈ મળે છે તેમાં એ સ્ત્રીનો સિંહફાળો હોઈ શકે. એ સ્ત્રીનાં ઉત્તમ વર્ષો સફળ થયેલા માણસ માટે ઢોળાઈ, રેડાઈ કે ઊંડેલાઈ ગયાં હોય એવું બને... તેમ છતાં આવી પ્રેરણામૂર્તિઓ (જો પત્ની ન હોય તો) પુરુષની પબ્લિક લાઇફનો ભાગ ન હોય એમ પણ બને!

તેમ છતાં આવી પ્રેરણામૂર્તિ સાથેના સંબંધનું આયુષ્ય બહુ લાંબુ કે ચિરંજીવ નથી હોતું, સદ્ભાગ્ય કે દુર્ભાગ્યે! આમાં પુરુષની ફ્લીવલસ પ્રકૃતિ કે એની પૉલિગેમસ વૃત્તિની વાત નથી. સવાલ છે સતત ઇવોલ્વ થતાં માણસનો. આજે જે વ્યક્તિ મને મારા જીવનનું અંતિમ સત્ય લાગે છે એ વ્યક્તિ કાલે કદાચ મારે માટે એટલી મહત્ત્વની ન પણ રહે. આપણા વિચારો, આપણી માન્યતા, આપણું જ્ઞાન અને બુદ્ધિ જેમ જેમ બદલાતાં કે વિકસતા જાય છે તેમ તેમ આપણી આસપાસની દુનિયા બદલાય છે... દુનિયા બદલાવાની સાથે સાથે વ્યક્તિત્વમાં આવેલા ફેરફારો આપણને એક વ્યક્તિ તરીકે ક્યારેક બીજી વ્યક્તિ સાથે કનેક્ટ કરતાં કે રિલેક્ટ કરતા મળવી જોઈતી કમ્ફર્ટ નથી આપી શકતા. આ એક રવિ વર્માની, બર્નાર્ડ શોની, ગુરુદત્તની, મીનાકુમારીની કે અમૃતા પ્રીતમની વાત નથી... આનો અર્થ એવો પણ નથી કે દરેક માણસને આવી રીતે પોતાની મરજી પ્રમાણે બધું બદલવાનું કે બદલતા રહેવાની છૂટ મળવી જોઈએ. લાગણીના સંબંધો અને સર્જનાત્મકતા બે જુદી બાબતો છે. સ્ત્રી માટે કદાચ કેટલીક પરિસ્થિતિ સાથે સમાધાન કરવું સરળ હોય છે. એનો ઉછેર સમાધાનવૃત્તિ અને ચલાવી લેવાની શિખામણ સાથે થયો હોય છે. વળી, સ્ત્રીને એવું પણ શીખવવામાં આવે છે કે પ્રેમ અને પરિણય સામાન્ય રીતે જુદાં ન હોઈ શકે... લગ્ન સાત જન્મનું—આત્માનું

બંધન છે એવું પણ આપણા સમાજમાં શીખવવામાં આવે છે. આ બધાને કારણે કદાચ સ્ત્રી પોતાની સર્જનાત્મકતા સાથે સમાધાન કરે છે, પણ સંબંધ સાથે નથી કરી શકતી. ક્યારેક એવું પણ બને છે કે આ બધા નિયમોને ફગાવીને, નેવે મૂકીને સ્ત્રી પોતાની ટર્મ્સ પર જીવે છે, જીવી શકે છે પરંતુ સાચું પૂછો તો એવી સ્ત્રીઓ આંગળીના વેઢે ગણાય એટલી પણ નથી, જ્યારે પુરુષ પાસે આવી સવલત છે થોડી એના ઉછેરના કારણે અને થોડી આપણા સમાજને કારણે! સદ્ભાગ્યે કે દુર્ભાગ્યે સામાન્ય રીતે પ્રેરણામૂર્તિ વિજાતીય વ્યક્તિ જ હોય છે એટલે જ્યારે કોઈ એક વ્યક્તિ બીજી વ્યક્તિ માટે ઇનસ્પિરેશન કે પ્રેરણામૂર્તિ બને ત્યારે એમાં 'પ્રેમ' અજાણતા જ દાખલ થઈ જાય છે. વિજાતીય વ્યક્તિ સાથેના પ્રેમ જોડે મહદંશે શારીરિક સંબંધ પણ સંકળાયેલો હોય છે. બદલાતા વિચારો અને માનસિકતા સાથે કોઈ વ્યક્તિ સતત સર્જનાત્મક વિકાસની દિશામાં હોય ત્યારે બીજી વ્યક્તિને 'યુઝ્ડ' કે છેતરાયેલા ફીલ થાય એ સમજી શકાય એવું છે. જોકે, દરેક વખતે સામેનો માણસ છેતરે જ છે, ખોટો જ છે, એના મનમાં પોતાનો ઉપયોગ કરી લેવાનો ઇરાદો છે એવું વિચારીને કોઈ પણ સ્ત્રી જ્યારે સંબંધમાં દાખલ થાય છે કે નીકળે છે ત્યારે એ પીડાય છે, એને અપમાન લાગે છે. શારીરિક અને ઇમોશનલી 'વપરાયા' હોવાની ફિલીંગ આવે છે. સમજવાની જરૂરિયાત એ છે કે સર્જનાત્મકતા વહેતા પાણી જેવી છે. ક્યાંય સ્થિર રહી શકતી નથી. જે વ્યક્તિને પોતાની પ્રેરણા તરીકે અથવા સર્જનાત્મક વિકાસના સાધન તરીકે જોવામાં આવે એ વ્યક્તિ ક્યારેય 'રિયલ' હોતી નથી. એનું અસ્તિત્વ અને સર્જકની કલ્પના બે સાવ જુદી બાબતો હોય છે, સંબંધની શરૂઆતમાં સમજાય કે નહીં, પરંતુ સંબંધના સૅચ્યુરેશન પર કે વ્યક્તિની બદલાતી માનસિકતા સાથે આ વાત ચોક્કસ સમજાય છે... જ્યારે સમજાય છે ત્યારે કદાચ બંને જણને પોતાની ભૂલનો અહેસાસ થાય છે. જે સર્જક છે અથવા જે એ સ્ત્રીને ચાહે છે... આવા બે અલગ માણસો છે—અલગ વ્યક્તિત્વ, અલગ જરૂરિયાત અને અલગ માનસિકતાઓ છે. સર્જક સતત બદલાતો રહે છે, જ્યારે માણસના મનમાં એ સ્ત્રીની ઝંખના કાયમ રહે છે. સર્જક કદાચ આગળ વધી જાય છે, પણ માણસ એ સ્ત્રીના મોહમાંથી નીકળી શકતો નથી.

કોઈને ય બ્લેઇમ કરવા જેવું નથી, કોઈનો ય વાંક નથી. આમાં ક્યાંય બ્લૅક કે વ્હાઇટ નથી, બસ, શેડ ઑફ ગ્રે છે!

• • •



જબ કુછ ન બન સકે, તો તમાશા બના દિયા...

ક્યારેક—કેટલાક પુરુષો જે માગ્યું તે મળવું જ જોઈએ એવા હઠાગ્રહ—દુરાગ્રહ સાથે યુદ્ધમાં ઊતરવાનું નક્કી કરી લે છે. સામ-દામ-દંડ-ભેદના તમામ હાથવગા ઉપાયો અજમાવવામાં એમને કોઈ વાંધો નથી આવતો. ફૂલો, ભેટ આપીને ખુશ કરવાનો પ્રયત્ન, ઘૂંટણિયે પડીને પ્રેમની ભીખ માગવાનો પ્રયત્ન, પોતાનો પ્રેમ 'સાચો' છે એવી પ્રતીતિ કરાવવાના તમામ પ્રયત્નો પૂરા થાય ત્યાર પછી એક નવો પ્રયત્ન શરૂ થાય છે. બળજબરી, ધાકધમકી અને દાદાગીરીનો પ્રયત્ન... જે સીધી રીતે ના સમજે એને ડરાવી-ધમકાવી, દબાવીને પણ પોતાના વશમાં કરવાની આ વૃત્તિ પોતાના પ્રિયજનને નુકસાન કરવા સુધી પહોંચી જાય છે.

"**દરવાજો** ખોલ." અનિકેત જોરજોરથી બંધ દરવાજા પર મુક્કા મારી રહ્યો હતો. બંધ દરવાજાની પેલી તરફ મૈત્રી થરથર ધ્રૂજતી હતી, થોડી ગુસ્સામાં અને થોડી ડરેલી, "ખોલ દરવાજો, નહીં તો હું તોડી નાખીશ." અનિકેતે ફરી જોરથી બૂમ પાડી, "ખોલ..." દાંત કચકચાવતો, મુઠ્ઠીઓ ભીંસતો અનિકેત ઉશ્કેરાટમાં મોટા અવાજે બૂમો પાડતો હતો.

મૈત્રીના ઘરની બહાર લોકોનું નાનુંસરખું ટોળું ભેગું થઈ ગઈ હતું. રાતના સાડા બાર વાગે કોઈ આવી રીતે બૂમો પાડે, દરવાજા ઠોકે, બેલ મારે અને છતાંય દરવાજો ન ખૂલે તો એ તમાશો જોવા માટે ટોળું શું કામ ભેગું ન થાય? મૈત્રીનાં માતાપિતા બેચેન હતાં. બંને માટે આ અત્યંત શરમજનક પરિસ્થિતિ હતી. મૈત્રી પોતે પણ આ પરિસ્થિતિથી ખૂબ શરમ અનુભવી રહી હતી. આમ જોવા જાવ તો હવે દરવાજો ખોલાય એવી પણ સ્થિતિ નહોતી રહી, કારણ કે અનિકેતનો મિજાજ જોતાં એ હાથ ઉપાડી બેસે કે બહુ મોટું નુકસાન કરી બેસે એવો ભય મૈત્રી અને એનાં માતાપિતા બંનેને ઘેરી વળ્યો હતો.

અનિકેત અને મૈત્રી બે વર્ષથી ગાઢ મિત્રો હતાં. એક જ ક્લાસમાં સ્કૂલ ઑફ આર્કિટેક્ચરમાં ભણતાં હતાં. મૈત્રી એકદમ ફોકસ્ડ અને મહેનતુ છોકરી હતી. એનાં માતાપિતાનું એકમાત્ર સંતાન. મૈત્રી પાસે એક ઉજ્જ્વળ ભવિષ્ય અને બ્રાઇટ કરિયર હતી. અનિકેત લોકલ રાજકારણીનો દીકરો હતો. એના બિલ્ડર પિતા પાસે ખૂબ પૈસા હતા. બે વર્ષની મિત્રતા પછી અનિકેતે જ્યારે મૈત્રીને 'પ્રપોઝ' કર્યું ત્યારે મૈત્રીએ એને સમજાવવાનો પ્રયત્ન કર્યો... અનિકેતે જિંદગીમાં ક્યારેય 'ના' નહોતી સાંભળી. મિત્રો અને માતાપિતા પાસે મૈત્રી વિશે ડંફાશ

મારી ચૂકેલા અનિકેત માટે આ 'ના' તમાચા કરતાં ઓછી નહોતી. એણે મૈત્રીને પ્રેશર કરવાનું શરૂ કર્યું. ફૂલ, ગિફ્ટ્સ અને કાર્ડ્સ, ફોન, એસએમએસ, વૉટ્સઍપ, ફેસબુક... લગભગ 'સ્ટૉકર'ની જેમ મૈત્રી જ્યાં જાય ને જે કરે એ બધે જ અનિકેત પહોંચી જતો. મોલમાં, રેસ્ટોરાંમાં, સિનેમા થિયેટરમાં, અરે! મૈત્રી પોતાના મિત્રને ત્યાં લગ્નમાં ગઈ હતી ત્યાં પણ અનિકેત વગર આમંત્રણે પહોંચી ગયો...

મૈત્રી અને એનાં માતાપિતાએ અનિકેતને સમજાવવાનો પ્રયત્ન કર્યો. એ ન માન્યો એટલે એનાં માતાપિતા સાથે પણ વાત કરી, પણ કોઈ જાણે કશું સમજવા જ તૈયાર ન હોય તેમ પરિસ્થિતિ વધુ ને વધુ ગૂંચવાતી જતી હતી. મૈત્રીનાં માતાપિતાએ આખરે પોલીસ ફરિયાદ કરી...

એના પરિણામ સ્વરૂપે આજે અનિકેત અહીં હાજર થયો હતો. મૈત્રીના ઘરના દરવાજા પર બેલ વગાડી વગાડીને થાક્યા પછી અત્યારે એ મુક્કા મારી રહ્યો હતો, બૂમો પાડી રહ્યો હતો ને રડી રહ્યો હતો...

પ્રેમ થઈ જાય એમાં કશું જ ખોટું નથી. કોઈ એક વ્યક્તિ આપણને પોતાના કરતાં પણ વધારે ગમવા માંડે એ બહુ સ્વાભાવિક બાબત છે, પરંતુ આપણને પ્રેમ થાય માટે સામેની વ્યક્તિને થવો જ જોઈએ એ આગ્રહ જરા વધારે પડતો છે. આપણે ત્યાં પુત્રસંતાનને વધુ પડતાં લાડ કરીને ઉછેરવામાં આવે છે. સંપન્ન કુટુંબોમાં દીકરાને મોટે ભાગે કોઈ વસ્તુની ના પાડવામાં આવતી નથી. લગભગ તમામ ઇચ્છાઓ પૂરી કરવામાં આવે છે... આવી પરિસ્થિતિમાં એ દીકરો જ્યારે યુવાન થઈને કોઈ છોકરીને ચાહે ત્યારે એને માટે એ છોકરી પણ પોતાની એક ઇચ્છા અથવા પોતાને ગમેલી કોઈ વસ્તુ બની જતી હશે? આજના સમયમાં સ્ત્રીઓ જુદી રીતે વિચારે છે. દીકરીઓ જુદી રીતે ઊછરે છે. આજથી પાંચ-દસ વર્ષ પહેલાં સંભ્રાંત પરિવાર, સારા પૈસા કે સામાજિક પ્રતિષ્ઠા બહુ મહત્ત્વના હતા. દેખાવડો અને સારા ઘરનો છોકરો હોય તો માતાપિતા પણ પોતાની દીકરીને થોડો ફોર્સ કરીને લગ્ન કરી લેવા સમજાવતાં. એ સમયે છોકરીઓ પાસે કારકિર્દીનો વિચાર બહુ સ્પષ્ટ નહોતો. બદલાતા સમય સાથે છોકરી પોતાની કારકિર્દી વિશે વિચારે છે. એની સામે જિંદગી હવે જરા જુદી રીતે ખૂલે છે. એક સારું ભણેલી, કમાતી છોકરી એમ માને છે કે 'ના' પાડવાનો અધિકાર એને પણ છે જ.

સામે કેટલાય પરિવારના એવા દીકરાઓ, જે પોતાની જાતને શ્રેષ્ઠ પ્રેમી કે મુરતિયો માને છે એને માટે આ 'ના' એમના અહંકાર પર સીધો પ્રહાર છે. કેટલાક પુરુષો આ પ્રહાર ખમી જાય છે અને પોતે એક સમયે ચાહેલી સ્ત્રી વિશે ઊતરતી કે હલકી કક્ષાની વાતો કરીને આવા પુરુષો પોતાના ઘવાયેલા અહંકાર પર મલમ લગાડી લે છે, પરંતુ ક્યારેક—કેટલાક પુરુષો માટે આવો મલમ શક્ય નથી હોતો. એ તો જે માગ્યું તે મળવું જ જોઈએ એવા હઠાગ્રહ—દુરાગ્રહ સાથે યુદ્ધમાં ઊતરવાનું નક્કી કરી લે છે. સામ-દામ-દંડ-ભેદના તમામ હાથવગા ઉપાયો અજમાવવામાં એમને કોઈ વાંધો નથી આવતો. ફૂલો, ભેટ આપીને ખુશ કરવાનો પ્રયત્ન, ઘૂંટણિયે પડીને પ્રેમની ભીખ માગવાનો પ્રયત્ન, પોતાનો પ્રેમ 'સાચો' છે એવી પ્રતીતિ કરાવવાના તમામ પ્રયત્નો પૂરા થાય ત્યાર પછી એક નવો પ્રયત્ન શરૂ થાય છે. બળજબરી, ધાકધમકી અને દાદાગીરીનો પ્રયત્ન... જે સીધી રીતે ના સમજે એને ડરાવી-ધમકાવી, દબાવીને પણ પોતાના વશમાં કરવાની આ વૃત્તિ પોતાના પ્રિયજનને નુકસાન કરવા સુધી પહોંચી જાય છે.

ચાહવું શબ્દ બહુ રસપ્રદ છે. ચાહવું એટલે માગવું, ઝંખવું, ઇચ્છવું, મેળવવાની ઇચ્છા હોવી. આપણે કોઈને ચાહીએ—ચાહ હોય, ઝંખના હોય એનો અર્થ એવો નથી કે આપણે એને પામીએ જ. 'આઇ લવ યુ' કહેવાનો અધિકાર આપણને સૌને છે, પણ સાથે પુછાયેલા પ્રશ્ન, "ડુ યુ લવ મી?"ના જવાબમાં દરેક જણને 'હા' જ

સાંભળવા મળે એવું ન ય બને! જ્યારે એવું ન બને ત્યારે આપણે જેને ચાહ્યા છે, જેને પ્રેમ કર્યો છે એનું સુખ વાંચ્છીને, એની છબિને મનોમન સુખદ સ્મૃતિ તરીકે સાચવીને બાકીની જિંદગી કેમ ન જીવી શકાય? અત્યાર સુધી એવું જોવા મળતું હતું કે પ્રેમની પ્રપોઝલ અથવા પ્રણય નિવેદન કર્યા પછી સ્ત્રી-પુરુષ હવે લગ્ન કરીને જીવનભર સાથે રહેશે એવું લગભગ નક્કી થઈ જતું હતું. હવે સમય બદલાયો છે. માતાપિતાએ રજા આપ્યા પછી પણ, ઍન્ગેજમૅન્ટ થયા પછી પણ ક્યારેક લગ્ન સુધી એ સંબંધ નથી પહોંચતો ત્યારે છોકરીના બીજી વાર જ્યાં વિવાહ થાય ત્યાં પત્રો લખવા—પહોંચી જવા સુધીની કક્ષાએ કેટલાક પુરુષો જઈ શકતા હોય છે. એવું કરવાથી એ વ્યક્તિ મળી જશે અથવા એ આપણી થઈ જશે એવું નથી, પણ જે મને નથી મળ્યું અથવા જેણે મને રિજેક્ટ કર્યો છે એ જિંદગીમાં ક્યાંય ઠરીઠામ ન થાય, સુખી ન થાય એવી મનોવૃત્તિ કદાચ આવા વર્તન પાછળ કામ કરતી હશે...

પ્રેમ બહુ અદ્ભુત વસ્તુ છે. પ્રેમ થાય ત્યારે જગત સુંદર બની જાય છે, બની જવું જોઈએ. હૃદયમાં ઊભરાતા અકથ્ય સુખની સાથે એ સુખ સૌને વહેંચવાનો વિચાર આવવો જોઈએ. ચાહી શકવાની એબિલિટી—આવડત અથવા ક્ષમતા દરેક પાસે નથી હોતી. દિલ ખોલીને—દિલ ફાડીને પ્રેમ કરવો, માથા પરથી પાણી વહી જાય એ રીતે ડૂબી જવું દરેક માટે શક્ય નથી હોતું. આપણે જો એમાંના એક હોઈએ, જે સાચા અર્થમાં પૂરા હૃદયથી પ્રેમ કરી શકે છે તો એવી ક્ષમતા કે તક આપવા બદલ ઈશ્વરનો આભાર માનવો જોઈએ! જેને એક વખત, એક ક્ષણ માટે પણ સાચા હૃદયથી ચાહ્યા હોય એવી વ્યક્તિના સન્માનને કે સલામતીને હાનિ કેવી રીતે પહોંચાડી શકાય? આપણે જ્યારે બીજી વ્યક્તિનો તમાશો કરવા જઈએ છીએ ત્યારે, એને બદનામ કરવા જઈએ છીએ કે એને નુકસાન પહોંચાડવા જઈએ છીએ ત્યારે આપણે પણ એ જ પરિસ્થિતિમાં મુકાઈએ છીએ એ વાત કદાચ આપણા ધ્યાન બહાર રહી જાય છે.

જેને આપણે ચાહ્યા છે એને ફૉલો કરવાથી, ફેસબુક પર એને વિશે ગમે તેમ લખવાથી કે ઇન્ટરનેટ પર એના ફોટા કે વિગતો અપલોડ કરવાથી થોડાક લોકોને એના વિશે ખબર પડશે એ સાચું, પણ લોકો એના વિશે ન્યાય તોળવા બેસતા પહેલાં આ જેણે કર્યું છે એને તો ગુનેગાર માની જ લેશે... તમાશો હંમેશાં સન્માનને હાનિ પહોંચાડે છે. ગ્રેસફુલી પરિસ્થિતિનો સ્વીકાર કરવો એમાં કોઈ નાનપ કે સ્વમાનને હાનિ પહોંચાડનારી બાબત નથી. જેમ આપણે કોઈ વ્યક્તિને ના પાડી શકીએ એવી જ રીતે કોઈ વ્યક્તિ આપણને પણ ના પાડી શકે એટલું દરેક માણસે સમજવું જ પડે. કોઈકે આપણા પ્રેમનો અસ્વીકાર કર્યો એથી એને બદનામ કરવાનો કે એનો તમાશો બનાવવાની વૃત્તિ આપણને પણ 'જોકર' પુરવાર કરે છે. ટોળે વળેલા માણસો ફક્ત એક જ જણને જોતા નથી. એ બંનેને જુએ છે. બદનામી બેઉની થાય છે.

જેની પાછળ આપણે જાતનો તમાશો કરીએ છીએ એ આપણને ન ચાહે તો ભલે, કદાચ કોઈક આપણી જેમ જ આપણને ચાહતું હોય એને પણ આપણે આ તમાશો ઊભો કરીને આપણાથી દૂર કરીએ છીએ એવું નથી લાગતું?

• • •



પપ્પા એટલે ઇગો પ્રૉબ્લેમ કે પ્રૉબ્લેમ સૉલ્વર?

ગઈ કાલ સુધી પિતા-પુત્રીના સંબંધો સ્નેહભર્યા, વહાલસોયા હતા. ગઈ કાલ સુધી જે પપ્પા પ્રૉબ્લેમ સૉલ્વર હતા, મમ્મી રજા ન આપે કે મમ્મી કડક થવા જાય ત્યારે જે સાન્ટા ક્લોઝની જેમ આવીને બધી જ ઇચ્છાઓ પૂરી કરતા હતા એવા પિતા એકદમ રાક્ષસ કેમ થઈ ગયા એવો સવાલ દીકરીને થાય છે!

"**જો** મૈત્રેયી, આ બધું આપણા ઘરમાં નહીં ચાલે." વિવેકભાઈએ જરા ઊંચા અવાજે અને કડક સૂર સાથે કહ્યું.

"આ બધું એટલે?" મૈત્રેયીએ પપ્પાની આંખમાં આંખ નાખીને પૂછ્યું, "હું એવું શું કરું છું?"

"છોકરાઓની દોસ્તી નહીં જોઈએ." વિવેકભાઈએ સૂર વધુ કડક કર્યો, "બહેનપણીઓ રાખ. ના પાડી છે કોઈ દિવસ?"

"એટલે મારે કોની સાથે દોસ્તી રાખવી એ પણ તમે નક્કી કરશો?" ૧૬ વર્ષની મૈત્રેયી અદબ વાળીને ઊભી હતી—ટટ્ટાર.

"હાસ્તો." વિવેકભાઈ હજીયે પોતાની વાત પર કાયમ હતા.

"કેમ?" મૈત્રેયીએ પૂછ્યું.

"કારણ કે હું તારો બાપ છું. તારા ભલા-બૂરાની સમજ પડે છે મને." હવે વિવેકભાઈનું મગજ ફાટફાટ થતું હતું.

"હું પણ મારું ભલું-બૂરું સમજી શકું એવું નથી લાગતું તમને? તમારા ઉછેરમાં, સંસ્કારમાં વિશ્વાસ નથી તમને? કે પછી તમને લાગે છે કે હું એકદમ ચાલુ—બેકાર છોકરી છું." મૈત્રેયીની વાત સાંભળીને વિવેકભાઈનું છટકેલું મગજ હાથમાંથી નીકળી ગયું. એમણે આગળ વધીને મૈત્રેયીને તમાચો મારી દીધો. આંખોમાં આંસુ સાથે મૈત્રેયી ઘરની બહાર નીકળી ગઈ. એનો ફોન બંધ થઈ ગયો... વિવેકભાઈ અને મૃદુલાબહેન એને શોધી શોધીને થાક્યાં ત્યારે મૈત્રેયી એની ફ્રેન્ડની કઝીનને ત્યાંથી જડી આવી.

ઘેર લાવીને એને સમજાવવા—બુઝાવવાને બદલે વિવેકભાઈએ ફરી એક વાર યુદ્ધ આદર્યું ત્યારે મૈત્રેયીએ ચીસ પાડી, "આ વખતે આવી ગઈ છું. હવે મારી લાશ આવશે..."

શું થઈ જાય છે વહાલસોયા સંબંધો અચાનક તીણા—ભોંકાય એવા ભયાનક કેમ બની જાય છે? બાપ-દીકરીનો સંબંધ કદાચ આ જગતનો શ્રેષ્ઠ સંબંધ છે. પિતા-પુત્રી વિશે અભિજ્ઞાન શાકુન્તલ કે રામાયણમાં પણ ખૂબ ઇમોશનલ વાતો લખાઈ છે. દીકરીના જન્મ સાથે જ એક પિતાનો પણ જન્મ થાય છે એમ કહેવાય છે. સો દીકરા હોય, પણ એક દીકરી ના હોય એ ઘર સૂનું હોય છે એમ માનવામાં આવે છે. દીકરો પિતાનું સ્વમાન છે ને દીકરી પિતાની પ્રતિષ્ઠા. આવાં કંઈકેટલાંય વાક્યો આપણે સાંભળ્યાં છે—વાંચ્યાં છે. સામાન્ય રીતે દીકરી નાની હોય ત્યારે એને બધી જ છૂટ મળે છે. મા વારંવાર કહેતી રહે તેમ છતાં પિતા પોતાની દીકરીને એ બધાં જ લાડ લડાવે છે, જે એનાથી લડાવી શકાય. મા પોતે સ્ત્રી છે એટલે કદાચ એને ખબર હોય છે કે આ નાનકડી બાળકી મોટી થતાં સ્ત્રી થશે અને જ્યારે એ સ્ત્રી બનશે ત્યારે એની સામે એ બધી જ પરિસ્થિતિ આવીને ઊભી રહેશે, જે એક સ્ત્રી માટે આ સમાજે ડિઝાઇન કરી છે. એક ભાઈ કે એક પિતા નાની બાળકી અને યુવતી બની રહેલી દીકરી કે બહેન સાથે ન માની શકાય એટલી જુદી રીતે વર્તે છે. બાળકી તરીકે જેનાં બધાં જ નખરાં—નાઝ અને તોફાનો ચલાવી લીધાં હોય એ જ દીકરી જ્યારે યુવતી બને છે ત્યારે અચાનક એના પર ડિસિપ્લિન લાદી દેવામાં આવે છે. મા જ્યારે રસોઈ શીખવવાનો પ્રયાસ કરે ત્યારે પિતાને 'નાની' લાગતી દીકરી હવે કામચોર અને આળસુ લાગવા માંડે છે... પહેલાં એની સુંદરતાનાં વખાણ કરતાં જે પિતા થાકતા નહોતા અને એને માટે જાતજાતનાં વસ્ત્રો ખરીદતા હતા એ જ પિતા અચાનક એણે શું પહેરવું અને શું ન પહેરવું એ વિશે રિમોટ કન્ટ્રોલ હાથમાં લઈને એને કાબૂમાં કરવાનો પ્રયાસ કરવા લાગે છે...

ગઈ કાલ સુધી પિતા-પુત્રીના સંબંધો સ્નેહભર્યા, વહાલસોયા હતા. ગઈ કાલ સુધી જે પપ્પા પ્રૉબ્લેમ સૉલ્વર હતા, મમ્મી રજા ન આપે કે મમ્મી કડક થવા જાય ત્યારે જે સાન્ટા ક્લોઝની જેમ આવીને બધી જ ઇચ્છાઓ પૂરી કરતા હતા એવા પિતા એકદમ રાક્ષસ કેમ થઈ ગયા એવો સવાલ દીકરીને થાય છે!

પિતા પાસે પણ પોતાનાં કારણો છે. ગઈ કાલ સુધી જે બાળકી હતી એ હવે યુવતી બની છે. આ સમાજમાં હરતાં-ફરતાં વરુઓથી પોતાની લાડકી દીકરીને બચાવવાનું દરેક પિતાનું કર્તવ્ય છે... પિતાને લાગે છે કે જો એને પોતાના ઘરની સલામતીમાં બંધ રાખશે, પોતાની નજર હેઠળ પહેરા હેઠળ રાખશે તો જેને સૌથી વધારે ચાહે છે એ કાળજાનો ટુકડો ક્યારેય મેલો કે દુઃખી નહીં થાય. પિતા પુરુષ છે. એને પોતાની વાત સમજાવવાનું અઘરું બને છે—મનાવવાનું સહેલું પડે છે. હુકમ કરવો સરળ છે, સમજ ઊભી કરવી અઘરી છે. દીકરી નવા જમાનાની છે. બહારની દુનિયામાં ચાલતા આનંદો અને સુખ એને આકર્ષે છે. મજાઓ એને પોતાની તરફ ખેંચે છે. એ આ મજાઓની પાછળ સંતાયેલાં પરિણામોથી કે મહોરાં પહેરેલા રાક્ષસોથી પ્રમાણમાં થોડીક બેદરકાર કે અજાણ છે. પિતાને પોતાની દીકરી હંમેશાં નાની જ લાગે છે... દીકરીને લાગે છે કે પોતે મોટી થઈ ગઈ છે.

ભણેલી, બુદ્ધિશાળી—આજની દીકરી સીધેસીધો હુકમ માની શકતી નથી. એનું શિક્ષણ અને એની ડેવલપ થયેલી બુદ્ધિ કે એનું લૉજિક એને પ્રશ્ન પૂછવા પ્રેરે છે... પિતા પાસે એના પ્રશ્નોના ઉત્તર નથી, અથવા આપી શકે એમ નથી, અથવા એક પિતાને એની મર્યાદા બાંધે છે. આ સ્થિતિમાં પ્રૉબ્લેમ સૉલ્વર પિતા પોતે જ ઇગો પ્રૉબ્લેમ ઊભો કરે છે. નવી પેઢી વિદ્રોહી હોય છે, કોઈ પણ નવી પેઢી! ગરમ લોહી એ યુવાન હોવાની પહેલી નિશાની છે. કહેવામાં આવ્યું માટે માની લેવું એ યુવાનની ફિતરત નથી. એને સમજવું છે, જાણવું છે અને પછી ગળે ઉતારવું છે. એ સ્થિતિમાં પિતા અને પુત્રી વચ્ચે ઘર્ષણ થાય છે... જે સંબંધ ફક્ત વહાલનો હતો, એ વિદ્રોહનો બની જાય છે. જે બે જણાં એકબીજા માટે સ્નેહનો સાગર છલકાવતા હતા, કાળજી કરતા હતા એ

હવે પિતા-પુત્રીમાંથી સ્ત્રી-પુરુષ બની જાય છે. એક પાસે સદીઓની યાતનાઓનો ઇતિહાસ એના ડીએનએમાં છે, તો બીજા પાસે ડૉમિનેટ કરવાની પ્રકૃતિ છે. એ પ્રશ્નનો ઉત્તર આપવા ટેવાયેલો નથી, પરંતુ એણે પોતાની દીકરીને પ્રશ્ન પૂછી શકે એવી કેળવણી આપી છે!

જે પિતા માટે આંખમાંથી સ્નેહ વરસતો હતો એ પિતા સાથે વાતચીત કરવાના પણ સંબંધ ન રહે એ વિધિની કેવી વક્રતા! પ્રેમમાં પડવાની ઉંમરે જો એ પ્રેમમાં પડે છે તો પિતાને પોતાનો હરીફ પુરુષ દેખાય છે... પિતા માને છે કે પોતે લગ્ન કરાવશે તો દીકરી સુખી રહેશે. આજની દીકરી માને છે કે જેની સાથે જિંદગી જીવવાની છે એ જીવનસાથીની પસંદગી કોઈ બીજું કેવી રીતે કરી શકે? જે પપ્પા આ સમાજમાં ફરે છે, સમાજની બદીઓને જાણે છે અને પોતાની દીકરી માટે ચિંતિત છે એ પિતા પોતાની જગ્યાએ સાચા છે. જે દીકરી પોતાની જાતને મોટી અને સમજદાર માને છે એ પોતાની જગ્યાએ સાચી છે. સવાલ એ છે કે બંને જણાં એકબીજાની જગ્યાએ ઊભા રહીને આ પરિસ્થિતિને સમજવાની જરૂર છે.

સ્નેહ આ સંબંધની પહેલી શર્ત છે. બંને જણાં એકબીજાને ચાહે છે માટે જ આ પરિસ્થિતિ ઊભી થઈ છે. બંને એકબીજાની ચિંતા કરે છે, કાળજી કરે છે માટે બંને એકબીજાથી છૂટા પડી શકતા નથી. બંને માને છે કે પોતે સાચા છે, ને કદાચ સાચા છે પણ...

સાચા હોવું પૂરતું નથી. એ સચ્ચાઈની સમજ સામેની વ્યક્તિ સુધી પહોંચાડવી એ પહેલી જરૂરિયાત છે. પોતે જે સમજ પહોંચાડી રહ્યા છે એ સમજ સ્નેહ અને સન્માનપૂર્વક પહોંચાડવામાં આવે. લાગણીથી કહેવાયેલી કોઈ પણ વાત સામેની વ્યક્તિને સમજાય જ છે, કદાચ થોડી મોડી સમજાય એમ બને, પરંતુ સ્નેહના સંબંધમાં એટલી ધીરજ તો રાખી જ શકાય ને?

• • •



બધી વાતમાં
'હમ સાથ સાથ હૈ?'...ના યાર!

પતિ-પત્નીના સંબંધો ગમે તેટલા સ્નેહાળ કે પ્રેમાળ હોય, સામાન્ય રીતે એ બે મિત્રોના સંબંધો કરતાં જુદા હોય છે. પુરુષ મિત્રો એકબીજાની સાથે નૉનવૅજ જોક્સ કે પૉર્ન મૅસેજીસ શૅર કરીને ઍન્જૉય કરી શકતા હોય છે. ગાળ બોલી શકતા હોય છે, શરાબ પી શકતા હોય છે કે પછી ઑફિસમાં કામ કરતી સ્ત્રી અથવા ફિલ્મની હીરોઇન વિશે અમુક-તમુક પ્રકારની કમૅન્ટ કરી શકતા હોય છે. ટૂંકમાં, એમની અંદરનું પુરુષપણું પ્રગટ કરવા માટે એમને એમના જ જેવા એક બીજા 'પુરુષ'ની જરૂર હોય છે.

"**જલદી** કર, કેટલી વાર લાગે છે?" પ્રીતેશે ઉશ્કેરાઈને કહ્યું, "પાર્ટીમાં જવું હોય તો તને આગલે દિવસે કહેવું પડે, ત્યારે તું સમયસર તૈયાર થાય." એણે ઘડિયાળમાં જોયું, "બધાં જતાં રહે એ પહેલાં પહોંચીશું કે નહીં?"

"જાવ તમે એકલા." બિનિતાએ અંદરથી બૂમ પાડી, "જ્યારે જુઓ ત્યારે છણકા કરવાના. હું કંઈ બેસી નથી રહેતી ઘરમાં."

"એ તો હું જ જાણું છું. ટૅલિવિઝનની સીરિયલો તું નહીં જુએ તો એમનો ધંધો પડી ભાંગશે."

"ખરી વાત છે. હું તો આખો દિવસ ટીવી જોઉં છું, તમારાં છોકરાં પડોશી ઉછેરે છે. તમારી માનાં નખરાં કો'ક બીજું જ ઉઠાવે છે અને તમારા મહેમાનોની આગતા-સ્વાગતા કરવા માટે તો બાઈ રાખી છે ને તમે? આખો દિવસ રસોડામાંથી ઊંચી નથી આવતી. નાસ્તો પતે ત્યાં ટિફિન, ટિફિન પતે ત્યાં છોકરાં, ને છોકરાંમાંથી સહેજ પરવારું એટલે ચાનો ટાઇમ થઈ જાય..."

"ભાષણ બંધ કર." પ્રીતેશે વધુ ઉશ્કેરાઈને જોરથી કહ્યું, "હું સાચે જ એકલો જતો રહીશ."

"હા, હા, જતા જ રહો. મારે તો આમેય નથી આવવું. હું ત્યાં આવીને કરું છું શું? તમે બધા ભાઈબંધો ગપ્પાં મારો અને અમારે બૈરાંઓએ તમારી સગવડ સાચવવાની." બિનિતાએ સાચે જ કાનમાં પહેરેલી બુટ્ટીઓ કાઢવા માંડી, "એના કરતાં તો મને ટીવી જોવું વધારે જ ગમશે." પ્રીતેશની નવાઈ સાથે બિનિતા બાથરૂમમાં જતી રહી. એણે ધડાકાભેર બારણું બંધ કર્યું અને કપડાં બદલવા માંડ્યાં. પ્રીતેશ ડઘાઈ ગયો. પહેલાં આવું

કોઈ દિવસ નહોતું થયું. લડી-ઝઘડીને પણ અંતે બંને જણાં સાથે જ બહાર જતાં. પ્રીતેશના ખાસ મિત્ર મયૂરની ઍનિવર્સરીની પાર્ટી હતી. પ્રીતેશને ઑફિસેથી આવતા મોડું થયું હતું એમાં આ નવી માથાકૂટ... એણે અકળાઈને પગ પછાડ્યા. હવે કાંઈ થઈ શકે એમ નહોતું. બિનિતા પ્રમાણમાં જિદ્દી હતી. એ સામાન્ય રીતે મગજ ગુમાવતી નહીં, પણ જો મિજાજ ગુમાવે તો એ કોઈની નહીં એવી પ્રીતેશને ખબર હતી...

"જ્યારે જુઓ ત્યારે તમારી પાર્ટી, તમારા ફ્રૅન્ડ્સ, તમારાં સગાં, તમારો વ્યવહાર..." બિનિતા બાથરૂમમાં જોરજોરથી બોલતી હતી, "કોઈ દિવસ વિચાર કર્યો છે કે મારા પણ ફ્રૅન્ડ્સ હોઈ શકે? મારી એક બહેનપણી વડોદરાથી બે દિવસ રહેવા આવી એમાં તો તમારાં મમ્મીએ..."

આમ જુઓ તો બિનિતાની વાત ખોટી નહોતી. સ્ત્રી એક વાર લગ્ન કરે એટલે એણે સામાન્ય રીતે એના અંગત સંબંધો ઉપર પૂર્ણવિરામ મૂકવું પડે છે. પુરુષના મિત્રો એના એ જ રહે, જ્યારે સ્ત્રી માટે એનું મિત્રવર્તુળ બદલવું એ જાણે સુખી લગ્નજીવનની શર્તની જેમ એની સામે મુકાય છે. આમ જુઓ તો પુરુષ કે પતિ ક્યારેય એવું શબ્દોમાં કહેતો નથી, પરંતુ જાણે-અજાણે એ એવું વર્તન કરે છે, જેનાથી એની પત્ની કે એના જીવનમાં આવેલી સ્ત્રી પોતાની જાતને પોતાના પતિના મિત્રવર્તુળમાં ગોઠવવાનો પ્રયત્ન કરે છે. ઘણી વાર એવું બને છે કે સ્ત્રી ઇન્ડિપેન્ડન્ટ હોય, જુદા વિચારની અથવા સામાન્ય કરતા જુદી હોય ત્યારે એ એના પતિના મિત્રવર્તુળમાં ગોઠવાઈ શકતી નથી. નોકરી કરતી, વધુ ભણેલી કે મેટ્રોમાંથી નાના શહેરમાં આવેલી સ્ત્રીઓને ઘણી વાર આવી તકલીફ પડે છે. ખાસ કરીને ગુજરાતથી કોલકાતા જતી કે મુંબઈથી ગુજરાત આવતી સ્ત્રીઓને આવા કલ્ચરલ ડિફરન્સનો સામનો કરવો પડે છે.

મોટા ભાગે પોતાને ગમે કે ન ગમે તો પણ સ્ત્રી પોતાના પતિના મિત્રવર્તુળમાં પોતાની જાતને ગોઠવવાનો પ્રયત્ન એટલા માટે કરે છે, કારણ કે એ પતિનો સાથ ઇચ્છે છે. પુરુષ માટે એના મિત્રો એના જીવનનું સર્વસ્વ છે. બહુ જ ઓછા પુરુષો પોતાના લગ્નજીવનને સમય આપવા માટે પોતાના મિત્રવર્તુળનો સમય કાપતા હશે... જ્યારે સ્ત્રી માટે પોતાના લગ્નજીવનમાંથી બચેલો સમય જ સામાન્ય રીતે એના મિત્રો માટે હોય છે. પતિના મિત્રોની પત્નીઓ ધીરે ધીરે એકબીજાની બહેનપણીઓ થઈ જાય છે. ગમે કે ન ગમે, પણ જ્યારે આ જ લોકો સાથે અઠવાડિયે એકાદ સાંજ વિતાવવાની જ હોય ત્યારે પોતાની જાતને એ લોકો સાથે ગોઠવી લેવી વધુ યોગ્ય છે એમ માનીને સ્ત્રી ઍડ્જસ્ટમૅન્ટ કરી લે છે. પતિનો સાથ મળે એટલા માટે જે વર્તુળમાં પોતાની જાતને એ ગોઠવવાનો પ્રયત્ન કરે છે એ વર્તુળમાં પણ જ્યારે પતિ પોતાની પત્નીને ભૂલીને મિત્રોની સાથે મજા કરવા લાગે ત્યારે પત્ની અકળાય કે ઉશ્કેરાય એ સ્વાભાવિક છે...

સ્ત્રી માટે પતિનો સમય એટલે એનું અનડિવાઇડેડ અટેન્શન. પોતે વિતાવેલો દિવસ કેવો રહ્યો ત્યાંથી શરૂ કરીને પોતાની જિંદગીની ઝીણી ઝીણી વાતો, સુખો કે દુ:ખો પોતાના પુરુષ સાથે, પ્રેમી સાથે કે પતિ સાથે શૅર કરવાની સ્ત્રીની માનસિકતા લગભગ સર્વસામાન્ય છે. પોતાની બહેનપણીની ગોસિપ પણ એકાદ વાર તો મોટા ભાગની સ્ત્રીઓ પોતાના પુરુષ સાથે શૅર કરી જ નાખે છે. પોતાના મિત્રો સાથે થયેલા ગમા-અણગમા કે મનદુ:ખની વાતો પણ સ્ત્રીઓ પોતાના પતિને કે પુરુષને જણાવતી હોય છે, જ્યારે પુરુષ આવા બધા શૅરિંગમાં કમ્ફર્ટેબલ નથી હોતા. પોતાની પત્નીને મિત્રોની સિક્રેટ જણાવવાનું પુરુષને યોગ્ય નથી જ લાગતું. બહેનને આપેલી ગિફ્ટ કે મમ્મી માટે લવાયેલી નાનકડી વસ્તુ જો પત્નીને કહેવી પડે તો એ પતિને 'રિપોર્ટિંગ' જેવી ફીલિંગ આપે છે. ઘડી ઘડીનો હિસાબ કે પોતાની જિંદગીની નાની નાની વાતો, કોનો ફોન હતો અને પોતે દિવસ દરમિયાન શું કર્યું એની ચર્ચા કરવી પુરુષ માટે બહુ કમ્ફર્ટેબલ નથી હોતું. એ પોતાના પુરુષ મિત્રો સાથે આ બધું ચર્ચી શકે છે... એથીયે આગળ વધીને બે પુરુષોની મિત્રતા બે સ્ત્રીઓની મિત્રતા કરતાં જુદી હોય છે.

પતિ-પત્નીના સંબંધો ગમે તેટલા સ્નેહાળ કે પ્રેમાળ હોય, સામાન્ય રીતે એ બે મિત્રોના સંબંધો કરતાં જુદા હોય છે. પુરુષ મિત્રો એકબીજાની સાથે નૉનવૅજ જોક્સ કે પૉર્ન મૅસેજીસ શૅર કરીને ઍન્જોય કરી શકતા હોય છે. ગાળ બોલી શકતા હોય છે, શરાબ પી શકતા હોય છે કે પછી ઑફિસમાં કામ કરતી સ્ત્રી અથવા ફિલ્મની હીરોઇન વિશે અમુક-તમુક પ્રકારની કમૅન્ટ કરી શકતા હોય છે. ટૂંકમાં, એમની અંદરનું પુરુષપણું પ્રગટ કરવા માટે એમને એમના જ જેવા એક બીજા 'પુરુષ'ની જરૂર હોય છે. પત્ની કે સ્ત્રી ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ એ પોતાના પતિના જીવનમાં એક પુરુષ મિત્રની અવેજીમાં સંપૂર્ણપણે ગોઠવાઈ શકતી નથી. આનાં કારણોમાં પુરુષનો ઉછેર અને એની સાથે જોડાયેલી કેટલીયે સામાજિક માનસિકતાઓ અગત્યની છે.

આજે પણ આપણા દેશમાં બેસણામાં, લગ્નોમાં કે પાર્ટીમાં, ધાર્મિક પ્રવચનોમાં કે સામાજિક પ્રસંગોમાં સ્ત્રીઓ અને પુરુષો જુદાં જુદાં બેસે છે. એકસાથે આવેલાં પતિ-પત્ની પણ ત્યાં પહોંચીને અલગ અલગ ગોઠવાય છે. સ્ત્રીઓ પોતાની કંપનીમાં અને પુરુષો પોતાની કંપનીમાં જ મજા કરી શકે એ માન્યતા સાથે સંમત નહીં થતી સ્ત્રીઓ પ્રમાણમાં ઘણી દુ:ખી થાય છે અથવા ગુસ્સે થાય છે. પુરુષ માટે એનો મિત્ર મોટે ભાગે એની પત્નીથી આગળની પ્રાયોરિટીમાં આવે છે... આમાં કશું ખોટુંયે નથી. સવાલ ફક્ત સમજદારી અથવા સ્વીકારનો છે. સ્ત્રી માટે એનો પતિ, એનું કુટુંબ, એનો પ્રેમ કે એનાં સંતાનોની આગળ કદાચ એનું પોતાનું સુખ નથી આવતું, જ્યારે પુરુષ માટે એની મજા અથવા એના આનંદમાં એની પત્નીની હાજરી ક્યારેક એને અકળાવનારી પુરવાર થાય છે. સતત સાથે રહેવાનો પ્રયત્ન કરતાં પતિ-પત્ની વચ્ચે ઘર્ષણના સંજોગો વધે છે...

એકબીજા પર આક્ષેપો કરીને અકળાવાને બદલે પોતપોતાની આગવી મજા કરવાનો એક પ્રયાસ થઈ શકે તો કદાચ સંબંધો વધુ ગાઢ અને મીઠા બની શકે...

• • •



'જવાબદારી' એટલે જવાબ આપવાની તૈયારી?

આ દુનિયાના દરેક માણસને નાની-મોટી સિક્રેટ હોય છે. આપણે એ સિક્રેટ અથવા છુપાવી રખાયેલી વાત જાણીએ ત્યારે ક્યારેક નવાઈ લાગે એટલી સાદી અને સ્વાભાવિક વાત પણ હોઈ શકે! આપણને એવો પણ વિચાર આવે કે, "આમાં શું છુપાવવાનું?" અથવા "આવી વાત નહીં કહીને શો ફાયદો?" એવી દલીલ પણ સૂઝે... તેમ છતાં જે માણસ જવાબ આપવા નથી માગતો એને કૉર્નરમાં ધકેલવાથી કે વારંવાર પૂછવાથી એ જવાબ આપી દેશે એમ માનવું એ મોટી મૂર્ખામી છે. કેટલીક સ્ત્રીઓને લાગે છે કે પોતે જેટલું શૅર કરે છે અથવા પોતાના પતિ કે પ્રેમીને જણાવે છે એવી જ રીતે એના પતિ કે પ્રેમીએ પણ એને બધું જ કહેવું જોઈએ...

"**ક્યાં** છો?" નંદિનીનો ટહુકો સંભળાયો.

"ક્યાં હોય?" ચેતને સામો પ્રશ્ન પૂછીને મગજનું ડેટા પ્રોસેસિંગ ચાલુ કરી દીધું. હવેની સાત સૅકન્ડમાં એણે નંદિનીને આપવાનો જવાબ ગોઠવી લેવાનો હતો.

"એટલે? ઑફિસમાં છો કે બહાર?" નંદિનીએ પેટાપ્રશ્ન પૂછ્યો.

"આ ટાઇમે કોઈ બહાર હોય?" ચેતને સ્માર્ટલી જવાબ ટાળ્યો.

"ઘરે કેટલા વાગ્યે આવશો?" નંદિનીએ નવો પ્રશ્ન પૂછ્યો.

"તું કહે..." ચેતને બોલ એના કોર્ટમાં ફેંક્યો.

"મોડું નહીં થાય ને?" નંદિનીએ ફરી પ્રશ્ન પૂછ્યો.

"ના રે... રોજના ટાઇમે જ." ચેતને કોઈક કમિટમૅન્ટ વગરનો જવાબ આપ્યો...

"સારું." નંદિનીએ ફોન મૂકી દીધો.

ચેતનની સાથે બેઠેલા એના બે મિત્રોમાંથી એકે ચેતનને પૂછ્યું, "વાઇફ?" ચેતને હસીને આંખ મારી અને ત્રણેય મિત્રો એકસાથે હસી પડ્યા.

•

"ચેતન..." નંદિનીના અવાજમાં ઉશ્કેરાટ હતો, "કોનો ફોન હતો?" છેલ્લી વીસ મિનિટ પર ફોન પર વાત કરી રહેલા ચેતનને પૂછ્યા વિના એ રહી ન શકી. ફોન આવતાંની સાથે જ ચેતન ઊભો થઈને બાલ્કનીમાં ચાલી ગયેલો.

"બોલો બોલો સાહેબ..." કહેતો કહેતો ચેતન સામાન્ય રીતે નંદિની હોય તેનાથી દૂર જતો રહેતો. એ ફોન પર ધીમેથી વાત કરતો. નંદિનીના મનમાં ક્યુરિયોસિટીનો કીડો સળવળતો રહેતો. નંદિની કાયમ જ ચેતનના આવા ફોનકૉલ્સથી અકળાતી. એ ચેતનને પૂછતી.

"નરેન્દ્ર મોદીનો." ચેતન એને જવાબ આપતો. ક્યારેક કહેતો, "ઓબામાનો." તો ક્યારેક કહેતો, "મલ્લિકા શેરાવતનો." તો ક્યારેક વળી દીપિકા પદુકોણનું નામ લેતો... એક વાત નક્કી હતી, ચેતન ક્યારેય નંદિનીને સાચો જવાબ ન આપતો.

નંદિની આ વાતથી વધુ ઉશ્કેરાતી, "સાચું કહોને, કોનો ફોન હતો?"

"તને શું લાગે છે, કોનો હશે?" ચેતન જવાબ ટાળી દેતો અથવા તો ક્યારેક નંદિનીને બીજી વાતમાં પાડી દેતો, "શું છે ડિનરમાં?" અથવા બહાર હોય તો કહેતો, "શાંતિ રાખ જરાક..."

નંદિનીના મનમાં ચેતનના ફોન પ્રત્યે હંમેશાં ક્વેશ્ચનમાર્ક નાગની જેમ ફેણ માંડીને ગોઠવાયેલો રહેતો. એકાદ વાર નંદિનીએ ચેતનનો ફોન ખોલીને તપાસવાનો પણ પ્રયત્ન કરી જોયેલો, પણ એમાં કોડ હોવાને કારણે નંદિની એનો ફોન ખોલી શકેલી નહીં...

નંદિનીને હંમેશાં એવી શંકા રહેતી કે ચેતન આવું બધું કરે છે એની પાછળ એનો કોઈ અફેર અથવા રિલેશનશિપ છે. નંદિની વધુ ને વધુ મરણિયા પ્રયાસો કરીને ચેતનની વિગતો મેળવવા ફાંફા મારતી. એ જેમ વધુ પ્રયાસ કરતી એમ ચેતન વધુ સજાગ રહેતો... બાથરૂમમાં ફોન સાથે લઈ જતો અથવા ફોન આવે કે નંદિનીથી દૂર થઈ જતો. જેમ ચેતન વધુ સજાગ થતો એમ નંદિની એની તપાસ કરવાના વધુ ને વધુ રસ્તા શોધતી... આ વિષચક્ર કદીયે અટકતું નહીં. બંને પોતપોતાની રીતે એકબીજાને હંફાવવાના પ્રયત્નોમાં વધુ ને વધુ શંકાશીલ અને કડવા થતાં જતાં હતાં. ચેતનને કોઈની સાથે અફેર નહોતો. એણે પોતાના ફોન કે બીજી વિગતો નંદિનીને કહેવી નહોતી. એકદમ પૈતૃક સોસાયટીમાં 'દીકરો' ઊછરે એવી રીતે ઊછરેલા ચેતન માટે પત્નીને આપવાના જવાબો એટલે 'રિપોર્ટિંગ!' ચેતનને આવું રિપોર્ટિંગ કોઈ સંજોગોમાં મંજૂર નહોતું. ક્યારેક એના મિત્રો એને પૂછે ત્યારે એ કહેતો, "આપણે એને ભરપૂર પૈસા આપીએ, એ મજા કરે, ઘરમાં નોકર રાખીએ, બધી સગવડ આપીએ, માન આપીએ, પણ જવાબ કેમ આપીએ?"

ઘણા બધા પુરુષો આવી માનસિકતા ધરાવે છે ને આમ જોવા જઈએ તો દરેક માણસને પોતાની બાબતો ગોપનીય રાખવાનો અધિકાર છે. બધાએ, બધાને, બધું જ કહેવું એવો કોઈ નિયમ ક્યાંય નથી. ખાસ કરીને પુરુષ માટે બહુ પ્રશ્નો પૂછતી પત્ની અકળાવનારી પરિસ્થિતિ ઊભી કરતી હોય છે. બેડરૂમમાં કે અંગત ક્ષણોમાં પુછાયેલા પ્રશ્નોમાં કદાચ એ જવાબ આપી પણ દે, પરંતુ એના પુરુષમિત્રોની હાજરીમાં, સગાં કે

માતાપિતાની હાજરીમાં જ્યારે પત્ની આવા પ્રશ્નો પૂછે ત્યારે સામાન્ય રીતે પુરુષ એ પરિસ્થિતિ સ્વીકારવા તૈયાર નથી હોતો. ચેતન જેવા સ્માર્ટ પુરુષો વાતને ટાળી શકે અથવા બીજે રસ્તે વાળી શકે. જ્યારે અમુક રીતે મોઢે ચોપડાવનારા કે આખું બોલી નાખનારા પુરુષો પત્નીને એવો જવાબ આપી બેસે, "તારે શી પંચાત?" અથવા "તારું કામ કર." ત્યારે પત્નીને અપમાન લાગતું હોય છે.

આ દુનિયાના દરેક માણસને નાની-મોટી સિક્રેટ હોય છે. આપણે એ સિક્રેટ અથવા છુપાવી રખાયેલી વાત જાણીએ ત્યારે ક્યારેક નવાઈ લાગે એટલી સાદી અને સ્વાભાવિક વાત પણ હોઈ શકે! આપણને એવો પણ વિચાર આવે કે, "આમાં શું છુપાવવાનું?" અથવા "આવી વાત નહીં કહીને શો ફાયદો?" એવી દલીલ પણ સૂઝે... તેમ છતાં જે માણસ જવાબ આપવા નથી માગતો એને કૉર્નરમાં ધકેલવાથી કે વારંવાર પૂછવાથી એ જવાબ આપી દેશે એમ માનવું એ મોટી મૂર્ખામી છે. કેટલીક સ્ત્રીઓને લાગે છે કે પોતે જેટલું શૅર કરે છે અથવા પોતાના પતિ કે પ્રેમીને જણાવે છે એવી જ રીતે એના પતિ કે પ્રેમીએ પણ એને બધું જ કહેવું જોઈએ... આવા સંજોગોમાં ઘર્ષણ વધે છે. પતિ કે પ્રેમી જ્યારે જવાબ નથી આપતો ત્યારે સ્ત્રી ઉશ્કેરાઈને દલીલ કરે છે, "હું તો તમને બધું જ કહું છું." ત્યારે મોટા ભાગના પુરુષો જવાબ આપે છે કે, "હું તને ક્યાં પૂછું છું?" કેટલીક વાર આ વાત સાચી છે અને કેટલીક વાર એવું પણ બને છે કે પત્ની કે પ્રેમિકાની રજેરજ ખબર રાખતો પુરુષ પોતાની વ્હેરઅબાઉટ્સ કે વિગતો શૅર કરવા તૈયાર ન પણ હોય...

જવાબ આપવાની આખી સ્થિતિ પુરુષ માટે જરાક માનહાનિ જેવી હોય છે. વધુ પડતી પૂછાપૂછ કરવાથી જોઈતી વિગતો મળી રહેશે એમ માનીને કડવાશ ઊભી કરવાને બદલે જો પરિસ્થિતિને થોડોક સમય માટે મુક્ત કરી દઈ શકાય તો કદાચ પુરુષ સામેથી વિગતો શૅર કરે એવું પણ બની શકે. ફોન, ખાના કે ખિસ્સાં ફંફોસવાથી જે મળે તે કદાચ સાચી વિગતો ન પણ હોય. એમાંથી મળેલી વિગતો ઉપર ઊભા કરાયેલા શંકાના સવાલો કદાચ સારો સંબંધ ગૂંચવી નાખે એમ પણ બને. કેટલીક વાર કેટલાંક સત્યો નહીં જાણવામાં જ સુખ રહેલું છે. બધાં જ સત્યો બધાને પચે એવું જરૂરી નથી. દરેક વાત જાણવાથી સુખ જ મળશે એવી કોઈ ખાતરી ન હોય તો કેટલીક વિગતો નહીં જાણીને શાંતિથી જિવાઈ રહેલી જિંદગીને વેરણછેરણ શા માટે કરવી જોઈએ?

સ્ત્રી અને પુરુષના 'શૅર' કરવાના વિષયો અને વિચારો અલગ અલગ હોય છે. કેટલીક વાર પતિને એવો ભરોસો નથી હોતો કે પોતે જે વિગત શૅર કરશે એ પત્ની પાસે જ રહેશે અથવા એ આ જાણીને 'અમુક' રીતે રિઍક્ટ નહીં થાય... આવા સંજોગોમાં એ પોતાની વાતો ગુપ્ત રાખવાનો પ્રયત્ન કરે છે. વાત નહીં કરતો કે શૅર નહીં કરતો પતિ દરેક વખતે પોતાનું 'લફરું' કે ઍક્સ્ટ્રા મેરિટલ છુપાવે છે એમ માનીને 'જાસૂસ' બનવાને બદલે જે મળી રહ્યું છે એ જ સાચું છે અને એમાં જ સુખ છે એવું જીવવાનો પ્રયત્ન ન કરી શકાય?

• • •



વો જૂઠ બોલેગા ઔર લાજવાબ કર દેગા...

આ નવો ફિનોમિના નથી, તકલીફ એ છે કે જ્યારે કોઈ સ્ત્રી પોતાને અપ્રોચ કરી રહેલા પુરુષને ના પાડે કે પોતાને રસ નથી એવું જણાવે ત્યારે આ પુરુષ માટે સામાન્યત: ઇગો પ્રૉબ્લેમ બની જાય છે. આવી વાતને આસાનીથી સ્વીકારવાનો પુરુષનો અભિગમ નથી હોતો, જેને કારણે એ કાં તો બમણા જોરથી એ સ્ત્રીને અપ્રોચ કરવાનો પ્રયાસ કરે છે, જેમાં એના બદનસીબે જો એને નિષ્ફળતા મળે તો એનો અહંકાર મોટે ભાગે આ વાત સ્વીકારી શકતો નથી. એ પછી સામાન્ય રીતે આ સ્ત્રી—જેણે ના પાડી કે રિસ્પોન્સ ન આપ્યો તે કાં તો બદચલન છે અને કાં તો બેવફા!

"**અરે** પછી શું! પછી તો એણે મારા ગળામાં હાથ પરોવ્યા..." આશુતોષ મિત્રોનાં ટોળાંમાં ઢંકાઈને ધીમા અવાજે કહી રહ્યો હતો, "એનો વર ઘરમાં હતો... ડ્રૉઇંગરૂમમાં. મારી તો ફાટતી હતી, પણ..."

"પણ યાર! આવી તક મળતી હોય તો કંઈ છોડાય?" આશુતોષની બાજુમાં ઊભેલા મિહિરે એના ખભે ધબ્બો માર્યો, "પછી શું થયું?"

"પછી શું? એણે મને રસોડાના પ્લૅટફૉર્મ તરફ ધકેલ્યો. હું ધકેલાયો..." આશુતોષે પોતાના હાથમાં પકડેલા ક્રિસ્ટલ ગ્લાસમાંથી સ્કૉચનો સિપ લીધો. એની આજુબાજુનું ટોળું બેચેન થઈ ગયું. આશુતોષ જાણતો હતો કે આ ટોળું એની કથા સાંભળવા માટે બેચેન હતું. એટલે એણે પણ પોતાના ફૂટેજ ખાવાના ચાલુ કર્યા. સ્કૉચનો સિપ લઈને એણે હોઠ પર જીભ ફેરવી. બેચેન થઈ ગયેલા ટોળા પર એક નજર ફેરવી.

"અરે યાર... આગળ બોલ ને..." મનોજે ઉશ્કેરીને પૂછી નાખ્યું, "કિસ કરી? કિસ?"

"કિસ?!" આશુતોષે ફરી હોઠ પર જીભ ફેરવી, "કિસ એટલે કેવી! સ્ટ્રોબેરી ટેસ્ટની લિપસ્ટિકનો એ સ્વાદ હજી મારી જીભ પરથી જતો જ નથી." આશુતોષે આંખ મીંચકારી, "ઉફ! ભૂખીડાંસ, વાઘણની જેમ એણે તો મારો શિકાર જ કરી નાખ્યો. ગળા પર, ગાલ પર અને છાતી પર એની લિપસ્ટિકના લિસોટા પડી ગયા. પીઠમાં નખ..." આશુતોષે ઉદ્ગાર કાઢ્યો, "ઓહ માય ગોડ! વ્હોટ અ વુમન! આપણી બૈરી તો કોઈ દિવસ આવી કિસ કરી જ ના શકે."

"ખરેખર?" મિહિરની આંખોમાં રહી ગયાની લાગણી ચોખ્ખી દેખાતી હતી. આશુતોષની વાતને મધપૂડામાંથી ટપકતા મધની જેમ શબ્દે શબ્દે ચાટી રહેલા ટોળાના એક એક માણસના ચહેરા પર આશુતોષ મજા કરી આવ્યો અને પોતાને ન મળ્યું એનો અફસોસ છલકતો હતો.

"ને એનો વર?" મિહિરે ઈર્ષ્યા સાથે પૂછ્યું.

"આવી બાઈઓના વરનું શું? બહાર નીકળીને પાછી એના જ ખોળામાં બેઠી..." આશુતોષે ફરીથી આંખ મીંચકારી, "જોકે અમે ડેટ ગોઠવી લીધી." આશુતોષે હાથ ઊંચા કરીને આળસ મરડી, "ગોડ! વ્હોટ એન ઇવનિંગ. સાચું કહું?" આશુતોષે ટોળા ઉપર વિજયી નજર ફેરવી, "આવી બાઈઓ જ આપણને સમજાવે કે સૅક્સ એટલે શું! પગ પહોળા કરીને પડ્યા રહે એવાં બૈરાં..." આશુતોષ ચૂપ થઈ ગયો, પણ એની વાત સાથે આ આખુંયે ટોળું સહમત હતું એવું બધાના ચહેરા પર લખેલું હતું. એક સોપો પડી ગયો. સામાન્ય રીતે આશુતોષની આવી કથાઓ પછી બધા જ મનોમન વિચારતા કે પોતાને આવી તક કેમ નથી મળતી! આશુતોષ પાસે દર બે-ચાર મહિને આવી વાર્તાઓ સાંભળવા મળતી. જોકે એની પીઠ પાછળ ઘણા લોકો વાતો કરતા કે એ ગપ્પા મારે છે, પણ પૉર્ન ફિલ્મોની જેમ બધું એકનું એક હોવા છતાંયે આશુતોષની વાતો સાંભળવાનો ચસકો છૂટતો નહીં.

આશુતોષની પત્ની હેમા ખૂબ સીધીસાદી ગૃહિણી હતી. મેચ્યૉર-સમજદાર અને ગ્રેસફુલ. આશુતોષ જરા છેલબટાઉ અને ઉછાંછળો હતો. પ્રમાણમાં દેખાવડો અને પૈસા આવ્યા પછી બ્રાન્ડેડ થઈ ગયેલો એટલે લગભગ દરેક પાર્ટીમાં એ આવી 'છાંટવાની' તક શોધી લેતો.

"પણ હતી કોણ?" થોડી વાર પછી મનોજથી રહેવાયું નહીં.

"તું નથી ઓળખતો. છે એક ક્લાયન્ટ..." આટલું કહીને આશુતોષે વાતને અધૂરી મૂકી દીધી.

"તો પણ... ક્લાયન્ટનું નામ તો હશે ને?" મનોજે ખોતરી જોયું.

"રાકેશ ગુપ્તા." આશુતોષે અધ્ધરતાલ ફેંકી, "અનુરાધા નામ છે એનું, ઉફ!"

•

આવું ઘણી જગ્યાએ બનતું હોય છે. રાકેશ ગુપ્તાની પત્ની અનુરાધા ખૂબસૂરત હતી, સૅક્સી પણ. મારવાડી પરિવારની પુત્રવધૂ હોવાથી સાડી પહેરતી, પણ નાભિની નીચે. આશુતોષ જેટલી વાર રાકેશ ગુપ્તાને ત્યાં જતો એટલી વાર એને આ રાકેશ ગુપ્તાની પત્ની અનુરાધા આકર્ષી જતી. આશુતોષે પોતાની સ્માર્ટનેસ બતાવીને એક-બે વાર અનુરાધા સાથે ફ્લર્ટ કરવાની ટ્રાય કરેલી, પણ અનુરાધાએ એને જરાક પણ ઘાસ નહીં નાખેલું. રાકેશના મનમાં આ વાત બેસી ગયેલી.

મનોજે નામ પૂછ્યું એટલે આશુતોષે થોડું ઇગોમાં ને થોડું અકળામણમાં અનુરાધાનું નામ જવા દીધું. આશુતોષને કલ્પના પણ નહોતી કે અનુરાધા રાકેશ ગુપ્તા મનોજની પત્નીની બાળપણની સહેલી હતી!

પછી?

પછી શું થવાનું? મનોજે ઈર્ષ્યામાં એની પત્નીને કથા કહી ને એની પત્નીએ અનુરાધાને... વાત વાયરે ગઈ ને

વાવાઝોડું બનીને પાછી ફરી. રાકેશ ગુપ્તા, અનુરાધા, મનોજ અને મનોજની પત્ની સીમા—બધાં સાથે મળીને આશુતોષને ત્યાં પહોંચ્યાં. એમ.એ.- એમ.બી.એ. ભણેલી અનુરાધાએ આશુતોષ ઉપર ડિફેમેશનનો કેસ કરવાની ધમકી આપી. આટલા વખતમાં ઈર્ષ્યામાં સળવળતો મનોજ સાક્ષી બનવા તૈયાર થઈ ગયો ને રાકેશ ગુપ્તાએ આશુતોષને બે મુક્કા ઠોકી દીધા એ નફામાં. પડોશીઓને તમાશો થયો ને હેમાએ આશુતોષ સાથે બોલવાનું બંધ કરી દીધું!

આ નવો ફિનોમિના નથી. જે સ્ત્રી પોતાને ન મળે અથવા પ્રયત્ન કર્યા છતાં 'કોઠું ન આપે' એ સ્ત્રી વિશે બદનામી ફેલાવતી વાતો કરવાની મજા ઘણા પુરુષો લેતા હોય છે. આમાં એમના ઘવાયેલા અહંકાર પર કદાચ મલમ જેવી અસર થતી હોય એમ બને. મોટા ભાગના પુરુષો એમ માને છે કે પોતે ટ્રાય કરે એટલે સ્ત્રીએ એમને રિસ્પોન્સ કરવો જ પડે, કરવો જ જોઈએ. પોતાની જાતને સ્માર્ટ અથવા ગિલિન્ડર અથવા વુમનાઇઝર અથવા કેસેનોવા અથવા વલેન્ટિનો અથવા રોમિયો સમજતા પુરુષો ઘણી વાર ભૂલી જાય છે કે પોતે ગમે તેટલા સફળ, રૂપાળા, પૈસાવાળા કે સ્માર્ટ હોય, પણ સામેવાળી સ્ત્રીને પોતાની ચોઇસ હોઈ શકે, જેમાં આ બધા ગુણો હોવા છતાં પણ કંઈક ખૂટી શકે!

તકલીફ એ છે કે જ્યારે કોઈ સ્ત્રી પોતાને અપ્રોચ કરી રહેલા પુરુષને ના પાડે કે પોતાને રસ નથી એવું જણાવે ત્યારે આ પુરુષ માટે સામાન્યત: ઇગો પ્રૉબ્લેમ બની જાય છે. આવી વાતને આસાનીથી સ્વીકારવાનો પુરુષનો અભિગમ નથી હોતો, જેને કારણે એ કાં તો બમણા જોરથી એ સ્ત્રીને અપ્રોચ કરવાનો પ્રયાસ કરે છે, જેમાં એના બદનસીબે જો એને નિષ્ફળતા મળે તો એનો અહંકાર મોટે ભાગે આ વાત સ્વીકારી શકતો નથી. એ પછી સામાન્ય રીતે આ સ્ત્રી—જેણે ના પાડી કે રિસ્પોન્સ ન આપ્યો તે કાં તો બદચલન છે અને કાં તો બેવફા! 'દ્રાક્ષ ખાટી છે'ની કથા આપણે બધાં જાણીએ છીએ. પુરુષના છંછેડાયેલા અહંકારની બાબતમાં મોટે ભાગે આવું બનતું જોવા મળે છે. ઘણી વાર તો બિચારી સ્ત્રીને ખબર પણ નથી હોતી કે એના વિશે ક્યાં અને શું બોલાઈ રહ્યું છે.

કેટલાક પુરુષોના અહંકારો અકબંધ હોવા છતાં એમને આવી ફિશિયારી મારવાની ટેવ હોય છે. પોતે જે નથી કરી શક્યા એ વિશે મોટી મોટી વાતો કરીને લોકોનું ધ્યાન ખેંચવું અથવા પાર્ટીમાં કે મિત્રોમાં આકર્ષણ અને ઈર્ષ્યાનું કારણ બનવાની એમને ખૂબ મજા આવતી હોય છે.

ક્યારેક આવી મજા કે છંછેડાયેલા અહંકારને પોષવાની રમત બહુ ભારે પડી શકે! દુનિયામાં દરેક માણસ કોઈક ને કોઈકનું સપનું તો હોય જ છે. પોતે કોઈકને ગમે છે એ વાત જેટલી સુંદર છે એટલી જ સુંદર વાત એ છે કે પોતાને કોઈક ગમે છે. જે ગમે છે તેને મેળવી શકાય તો ઉત્તમ... પરંતુ જો એવું ન બની શકે, તક કે હિંમતના અભાવે જો પોતે કોઈ વ્યક્તિને ન પામી શકે અથવા બધા જ પ્રયત્નો પછી પણ જો સામેની વ્યક્તિ—સ્ત્રી પોતાનામાં રસ ન લે તો એને એક પ્રયાસ સમજીને ભૂલી જવામાં મજા છે. આપણે જે પ્રયાસ કર્યો એ વિશે આપણે જાણીએ છીએ અને સામેવાળી સ્ત્રી... હવે એ વાતને ઇગો પ્રૉબ્લેમ બનાવીને ગામની સામે ચર્ચવાને બદલે ચૂપ રહેવામાં કદાચ બંનેનો ગ્રેસ સચવાય એવું બને.

• • •



મેરી જિંદગી કિસી ઓર કી...
મેરે નામ કા કોઈ ઓર હૈ...

બે જિંદગી જીવતા આવા પુરુષો ખરેખર પોતાની ફરજ અને પોતાની ઝંખના વચ્ચે સતત પીસાતા હોય એમ પણ બને. માણસ તરીકે પુરુષને ખબર જ છે કે એણે એના લગ્નના કમિટમૅન્ટની બહાર નીકળીને એની પત્નીને દુ:ખ પહોંચાડ્યું છે. એને એવી પણ જાણ છે કે એણે જે કર્યું છે તે એના સંસ્કાર અને સમાજ બંનેને મંજૂર નથી, તેમ છતાં એની અંદર રહેલી સુખ ભોગવવાની ઝંખના અને 'એ સ્ત્રી'નું આકર્ષણ એને ખેંચે છે...

"**શું** વાત કરે છે? ના હોય!" રેવતીએ આંખો ગોળ ગોળ ઘુમાવી, લિપ્સ પાઉટ કર્યા ને પછી જીભ બહાર કાઢીને હસી પડી, "કોમલ તો એના વરનાં વખાણ કરતાં થાકતી નથી." રેવતીની સાથે કિટી પાર્ટીમાં બેઠેલી માયા, અશ્વિની, રીમા અને કીર્તિ પણ હસવા લાગ્યા.

"વખાણ તો કરે જ ને?" રીમાએ એના ખભા ઊંચા કરીને સ્લિવલેસ ટી-શર્ટમાંથી દેખાતા ક્લિવેજને જરા ટાઇટ કર્યો, "આપણી સામે પ્રૂવ કરવું પડે કે બધું બરાબર છે." ફરી બધી સ્ત્રીઓ એ જ રીતે એક સૂરમાં હસી.

"જોકે એવું પણ બને કે કોમલને ખબર જ ના હોય." માયાએ જરા વકીલાત કરવાનો પ્રયત્ન કર્યો.

"ધેટ ઇઝ નોટ પોસિબલ." ક્યારની ચૂપચાપ બેઠેલી અશ્વિનીએ નિર્ણય જાહેર કરતી હોય એમ કહ્યું, "આપણને બધાને ખબર છે તો એને ખબર જ હોય." બાકીની બધી સ્ત્રીઓ અશ્વિનીની સામે અહોભાવથી જોઈ રહી, "આઇ થીન્ક કોમલ પોતાની જાતને અને આપણને બધાયને છેતરે છે. વેલ!" અશ્વિનીએ પણ ખભા ઊંચા કરીને કહ્યું, "આપણે શું? એને જે કરવું હોય તે કરે. એનામાં પોતાનો સેલ્ફ રિસ્પેક્ટ જ ના હોય તો કોઈ એની શું મદદ કરે?"

બાકીની સ્ત્રીઓએ ડોકાં ધુણાવ્યાં. છેલ્લા બે કલાકથી ચાલતી ચર્ચા હજી યે પૂરી નહોતી થઈ. કોમલનો પતિ કોઈ બીજી સ્ત્રી સાથે અફેરમાં હતો એવા સમાચાર અને સમાચારના પુરાવા લઈને માયા આ કિટી પાર્ટીમાં પ્રવેશી ત્યારથી શરૂ કરીને અત્યાર સુધી એ જ ચર્ચા ચાલતી હતી. આમ પણ જે ગેરહાજર હોય એના વિશે

વાત કરવા સિવાય આવી સ્ત્રીઓ ભેગી થઈને ઝાઝું કશું કરી શકતી નથી.

કોમલનો પતિ અજિત બિઝનેસ ટાઇકૂન હતો. શિપીંગ, સોફ્ટવેરના બિઝનેસની સાથે સાથે એની હોટેલ ચેઇન હતી. આ બધી અહીં બેઠેલી સ્ત્રીઓ કરતાં કોમલ વધુ પૈસાવાળી અને વધુ સુંદર પણ હતી. આજની કિટી પાર્ટીમાં કોમલ ગેરહાજર હતી, કારણ કે એ પોતાના પરિવાર સાથે હૉલિડે કરવા યુરોપ ગઈ હતી. કોમલના સંતાનો હવે ટીન-એજમાં પ્રવેશી ચૂક્યાં હતાં. અત્યાર સુધી એક સુખી પરિવારની ઇમેજ કોમલે ટકાવી રાખી હતી, પરંતુ માયા આજની કિટી પાર્ટીમાં બ્રેકિંગ ન્યૂઝ લઈને આવી હતી. માયાની સગી બહેને કોમલના પતિને દિલ્હીની એક હોટેલમાં એક સ્ત્રી સાથે એક રૂમમાં રહેતો 'પકડ્યો' હતો. માયાની બહેને એ ફાઇવસ્ટાર હોટેલના રિસેપ્શન પર લાંચ આપીને એવી વિગત પણ કઢાવી હતી કે માયાનો પતિ અને એ સ્ત્રી વાઇફ-હસબન્ડની જેમ રહેતાં હતાં!

અત્યાર સુધી કોમલે ઊભી કરેલી આખીયે ભ્રમણા કડડભૂસ થઈને તૂટી હતી ને એ તમાશો જોતી આ બધી જ સ્ત્રીઓ તાળીઓ પાડવા તૈયાર હતી...

માયાની વાત ખોટી નહોતી. કોમલનો પતિ અજિત ઍક્ચ્યુલી એક બીજી સ્ત્રી સાથે સંબંધ ધરાવતો હતો. કોમલનો પતિ લંપટ કે વુમનાઇઝર નહોતો, એ પણ એટલું જ સત્ય. કોમલ અને અજિતનાં લગ્ન ખૂબ નાની ઉંમરે થઈ ગયેલાં. બેમાંથી કોઈને ય પસંદગીનો અવકાશ નહીં મળેલો. અજિતના પિતા અને કોમલના પિતા મિત્રો હતા એટલે સગાઈ સાવ નાનપણમાં કરી નાખેલી. કોમલ સીધી, સાદી, સમજદાર ગૃહિણી પુરવાર થઈ. એ કૉલેજના બીજા વર્ષમાં હતી એટલે એનું ગ્રેજ્યુએશન પણ પૂરું થયું નહીં, પણ એણે અજિતનું ઘર ખૂબ સુંદર રીતે સંભાળ્યું. એનાં માતા-પિતાની સેવા કરી, એમના સંતાનોને ખૂબ જ સારી રીતે ઉછેર્યાં... આ બધાની વચ્ચે કોમલ પ્રેમિકા કે સાચા અર્થમાં કમ્પૅનિયન બની શકી નહીં. અજિત વધુ ને વધુ આગળ વધતો ગયો, બિઝનેસ ફેલાતો ગયો અને પૈસો પણ આવતો ગયો. ઘર અને પરિવાર મૅનેજ કરવામાં વ્યસ્ત કોમલને અજિત માટે સમય જ રહ્યો નહીં...

એ દરમિયાનમાં અજિત એક છોકરીના સંપર્કમાં આવ્યો, બંને વચ્ચે પહેલાં મૈત્રી અને પછી પ્રેમ થયો. અજિત કરતાં દસ વરસ નાની એ છોકરીએ પોતાની જિંદગી અજિતના નામે લખી નાખી.

આમ જોવા જાવ તો રેવતીની વાત સાચી હતી. કોમલને આ વાતની ખબર હતી... કોમલને એ પણ ખબર હતી કે આ સંબંધોના કારણે અજિત ખૂબ સ્ટ્રેસમાં રહેતો હતો. એને બ્લડપ્રેશર અને બીજી સમસ્યાઓ થવા લાગી હતી. કોમલે એક સમજદાર પત્નીની જેમ અજિત માટે આખીયે વાત સરળ કરી આપી. એક દિવસ નિરાંતે એણે અજિતને એવી ખાતરી કરાવી દીધી કે પોતે આ બાબતે કકળાટ નહીં કરે... અજિત એ દિવસથી કોમલને વધુ સન્માન અને વધુ સ્નેહ આપવા લાગ્યો.

દરેક લગ્નેતર સંબંધ પત્નીની મરજી વિરુદ્ધ છે અથવા પતિ લગ્ન બહારના સંબંધમાં પત્નીને મૂર્ખ બનાવે છે કે છેતરે છે એવું ન પણ હોય. કેટલીક વાર લગ્ન બહારના કેટલાક સંબંધો સાચા અર્થમાં સન્માન આપી શકાય તેવા અને સ્વીકારવા જોઈએ એવા સંબંધ પણ હોઈ શકે એ વાત આપણો સમાજ માનવા કે સમજવા તૈયાર નથી, પરંતુ સમાજમાં આવા સંબંધો છે એ નકારી શકાય એમ પણ નથી જ. અરેન્જ મૅરેજ એ ભારતીય સમાજનો એક એવો હિસ્સો છે, જેમાં ક્યારેક માણસ પોતે સમજે કે એને શું જોઈએ છે એ પહેલાં જ એની જિંદગીના નિર્ણયો એનાં માતા-પિતા અને વડીલો દ્વારા કરી નાખવામાં આવતા હોય છે. એ પછી જ્યારે વ્યક્તિ સાચા અર્થમાં પોતાની જિંદગી જોઈ શકે કે પોતાની જરૂરિયાતોને સમજી શકે ત્યારે કોઈક વાર આવા લગ્નેતર

સંબંધો ઊભા થતા હોય છે.

પત્ની હોવું એટલે પોતાના પરત્વેના પ્રેમ કે સ્નેહની માગણી કરવી, પોતાનું સન્માન જળવાય એવો આગ્રહ રાખવો કે પોતાની સલામતીની આશા રાખવી—એ બધું સાચું. પત્ની તરીકે આ બધું મેળવવાના અધિકારની સાથે સાથે પોતાના પતિના અધિકારો કે ઝંખનાને પણ સમજવી તો પડે જ. વ્યક્તિ તરીકે પોતાની જાતને એક સારી કમ્પૅનિયન કે મિત્ર, એક પ્રેમિકા અને પતિના વિચારો—સપનાંઓ સમજી શકતી એક સ્ત્રી તરીકે સતત અપગ્રેડ કરવાની તૈયારી રાખતી સ્ત્રી કદાચ આવા સંબંધોને ઉભા થતાં અટકાવી શકે છે. સમાજમાં બહાર ફરતો અને સતત વિકસતો જતો પુરુષ જ્યારે સત્તા અને સંપત્તિ બંને મેળવે ત્યારે એ પોતાના આ અચિવમૅન્ટને સમજીને, પોતાની સાથે સમય અને સમજદારી બંને વહેંચી શકે એવી, એક સાચા અર્થમાં સહધર્મચારિણી માગતો થઈ જાય છે. લગ્નેતર સંબંધની વકીલાત કરવાનો કોઈ આશય નથી, પરંતુ દરેક માણસને એક એવી વ્યક્તિની જરૂર હોય છે જેની સાથે એ પોતાના મન અને શરીર બંનેનું સુખ વહેંચી શકે. નાની ઉંમરે થઈ ગયેલા લગ્નોમાં ઘણી વાર આવી સમસ્યાઓ ઉભી થતી હોય છે. દરેક વખતે લગ્ન અરેન્જ મૅરેજ ન હોય તો પણ કેટલીક વાર પ્રેમલગ્નોમાં પણ એવું જોવા મળે છે કે જે ઉંમરમાં લગ્ન થયા હોય ત્યારે જે તે વ્યક્તિ વિના નહીં જિવાય એવો અનુભવ થાય છે, પરંતુ થોડા વર્ષોમાં લાગે છે કે આ વ્યક્તિની સાથે નહીં જીવી શકાય...

બે જુદા પ્રકારની મનઃસ્થિતિ અને પરિસ્થિતિઓમાં એક જ વ્યક્તિ જુદી જુદી રીતે વર્તે એ સ્વાભાવિક નથી? બધું જ કાયમ નથી રહેતું એવી રીતે પ્રેમ કે આકર્ષણ પણ સમયસમયાંતરે રિન્યુ કરવું પડે છે. સ્ત્રીની બાબતમાં પણ આ વાત સાચી છે, પરંતુ સ્ત્રી પાસે પોતાની જાતને રોકવાનાં ઘણાં કારણો છે. સંતાનથી શરૂ કરીને સમાજ સુધીનાં આ કારણોમાં ઘણીવાર સ્ત્રી પોતાની ઇચ્છાને કે ઝંખનાને ભૂલી જઈ શકે છે. આજના સમયમાં વ્યવસાય કે મોટી પોસ્ટ પર કામ કરતી સ્ત્રી પોતે પણ આવા સંબંધમાં દાખલ થઈ જાય છે.

ઘર અને લગ્નેતર સંબંધમાં પેરેલલી જીવતો પુરુષ ઘણી વાર બંને જગ્યાએ સાવ જુદો હોય છે. એવું બને કે જે પુરુષને આપણે એની પ્રેમિકા સાથે મળ્યા હોઈએ એને આપણે એની પત્ની કે પરિવાર સાથે મળીએ ત્યારે ઓળખી ન પણ શકીએ એટલો જુદો અને એટલો ડોમેસ્ટિક પુરવાર થાય. બે જિંદગી જીવતા આવા પુરુષો ખરેખર પોતાની ફરજ અને પોતાની ઝંખના વચ્ચે સતત પીસાતા હોય એમ પણ બને. માણસ તરીકે પુરુષને ખબર જ છે કે એણે એના લગ્નના કમિટમૅન્ટની બહાર નીકળીને એની પત્નીને દુઃખ પહોંચાડ્યું છે. એને એવી પણ જાણ છે કે એણે જે કર્યું છે તે એના સંસ્કાર અને સમાજ બંનેને મંજૂર નથી, તેમ છતાં એની અંદર રહેલી સુખ ભોગવવાની ઝંખના અને 'એ સ્ત્રી'નું આકર્ષણ એને ખેંચે છે...

ઘણીવાર એવું પણ જોવા મળે છે કે આવા પુરુષો પોતાની પત્નીને ખૂબ સુખ, સગવડ અને સન્માન આપતા હોય છે. પોતે જે સલામતી નથી આપી શક્યા કે વફાદારી નથી નિભાવી શક્યા એના કૉમ્પેન્સેશનમાં બીજું બધું એટલું આપતાં હોય છે કે બાકીના લોકોને આવા પતિઓના વર્તનમાં દંભ અને ડોળ દેખાયા વિના રહે નહીં. સાચું પૂછો તો આવા પુરુષો બંને જગ્યાએ એટલા જ પ્રમાણિક અને એટલા જ કમિટેડ રહેવાનો પ્રયાસ કરે છે... એ સફળ થાય છે કે નિષ્ફળ એના કોઈ માપદંડ હોઈ જ શકે નહીં, પરંતુ દરેક લગ્નેતર સંબંધમાં દાખલ થયેલો પુરુષ એની પત્નીને છેતરે છે કે એની પત્નીના સન્માનને અવગણીને પોતે 'જલસા' કરે છે એવું સર્ટિફિકેટ લખી નાખવું પણ જરાક વધારે પડતું નથી?

• • •



અહિંસા એ નિર્બળનું હથિયાર નથી ને હિંસા પુરુષત્વનું પ્રમાણ નથી

જ્યારે ખબર હોય કે સામેની વ્યક્તિ શારીરિક હુમલો સહી શકે તેમ નથી ત્યારે એ વ્યક્તિ પર શારીરિક બળનો પ્રયોગ કરીને એને દબાવી દેવા કે પોતાના કન્ટ્રોલમાં કરી લેવાથી થોડી મિનિટો, પળો કે કલાકો માટે, થોડા દિવસો માટે કદાચ પરિસ્થિતિ પર કાબૂ મેળવી શકાય, પરંતુ જેમ દબાયેલી સ્પ્રીંગ છટકે તેમ એ વ્યક્તિનું મગજ થોડા વખતમાં ફરીથી એ જ સ્થિતિમાં પહોંચી જશે એમાં શંકા નથી.

"જોઈ શું રહ્યો છે? માઆઆઆઆ...ર" તન્વીએ જોરથી ચીસ પાડી. પ્રતીક હજુ પણ શાંતિથી ઊભો હતો—અદબ વાળીને. જોકે એના લમણાની નસો ફરકવા માંડી હતી, જડબાં ભીંસાઈ ગયાં હતાં. એને હજીયે શાંત ઊભેલો જોઈને તન્વી એના તરફ ધસી આવી. તન્વીએ હાથ લંબાવીને પ્રતીકનો કૉલર પકડ્યો. એણે પ્રતીકને હચમચાવી નાખ્યો, "માર મને, મારી નાખ." તન્વીએ ઉશ્કેરાટમાં ચીસ પાડી. એ કોઈ વિક્ષિપ્ત વ્યક્તિની જેમ રડતી હતી. એણે પ્રતીકના કૉલર છોડીને જોરથી કપાળ કૂટ્યું. તન્વીનો હાથ એના પોતાના કપાળ પર પછડાય એ પહેલાં પ્રતીકે વચ્ચે હાથ મૂકી દીધો. પ્રતીકે ધીમેથી તન્વીનો હાથ પકડ્યો. પોતાની જાતને છોડાવવા મથતી તન્વીના તમામ પ્રયાસો છતાંય પોતાની અંદર રહેલા બળથી ખેંચીને પ્રતીકે તન્વીને છાતીસરસી ચાંપી દીધી. ધમપછાડા કરતી, રડતી તન્વી ખેંચાઈ આવી. પ્રતીકે પોતાની છાતી સાથે ચાંપીને તન્વીને તરફડવા દીધી. હાથ-પગ પછાડતી, ઊછળતી તન્વી ધીમે ધીમે શાંત થવા લાગી. થોડી મિનિટો પછી જાણે બેહોશ હોય એમ લસ્ત તન્વી પ્રતીકની છાતી પર ઢળી પડી...

એ પછીના કેટલાય કલાકો તન્વી રડી રડીને પ્રતીકની માફી માગતી રહી.

આ તન્વી અને પ્રતીકના ઘરની અઠવાડિયે ત્રણ-ચાર વાર બનતી ઘટના હતી. સાવ નાનકડી વાતમાં તન્વી ઉશ્કેરાઈ જતી. એટલું બધું ઉશ્કેરાતી કે હાથ ઉપાડવા માંડતી, વાસણ તોડતી ને ઘરના ફર્નિચરને, ટી.વી.ના રિમોટને નુકસાન પહોંચાડતી. એ બધા પછી એને સંતોષ ન થાય તો જાતને પણ મારતી...

પહેલાં આ વાતની કોઈને જાણ નહોતી, પણ ધીમે ધીમે પ્રતીકનાં માતાપિતા અને મિત્રો આ જાણવા લાગ્યાં હતાં. પ્રતીકે ઘણી વાર સાઇકિયાટ્રિસ્ટ પાસે જવાનો સુઝાવ આપેલો, પણ તન્વીને એ અનુકૂળ નહોતો. એ

કહેતી, "હું ગાંડી છું? કાઢી મૂક મને..."

પ્રતીકની મમ્મી ક્યારેક મગજ ગુમાવીને કહેતી, "પડતી મૂક એ ચક્રમને." પ્રતીકના મિત્રો એની ધીરજનાં વખાણ કરતા. સૌ કહેતા, "ઠોકી દે એક વાર, તો એનુંય મગજ ઠેકાણે આવે." પણ આટલા બધા વાયોલન્સની વચ્ચે પ્રતીકે કોઈ દિવસ તન્વી પર હાથ ઉપાડ્યો નહીં. પ્રતીક હંમેશાં કહેતો, "જે મારી શકે એણે જ જાતને કન્ટ્રોલ કરવાની જરૂર છે. તન્વી બીમાર છે, હું બીમાર નથી." આમ જોવા જાવ તો પ્રતીકની વાત સાચી હતી. તન્વીનું મગજ ગુમાવવું અસામાન્ય ઘટના હતી. એ પ્રતીકને ખૂબ ચાહતી. નાની નાની વાતમાં એની કાળજી લેતી. એને મૂકીને ખાતી નહીં, પણ જ્યારે એનું મગજ જાય ત્યારે...

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે પુરુષમાં ધીરજનો અભાવ હોય છે, પુરુષો શૉર્ટ ટૅમ્પર્ડ હોય છે. પુરુષો જલદી અને આસાનીથી મગજ ગુમાવે છે. ગુસ્સામાં પુરુષો હાથ ઉપાડે છે. આ બધી માન્યતાઓ ખોટી નથી, પરંતુ સાવ સાચીયે નથી. એવા કેટલાય પુરુષો છે, જે પોતાનો ઘરસંસાર નિભાવવા માટે ગમ ખાઈને જીવે છે. એવી કેટલીયે સ્ત્રીઓ છે, જે ક્રોધમાં શું બોલે છે અને શું કરે છે એનું એમને પોતાને પણ ભાન રહેતું નથી. દરેક વખતે પુરુષ મગજ ગુમાવે જ છે અથવા ખરાબ રીતે વર્તે છે એવું નથી. કેટલાય પુરુષો પત્નીના ગેરવર્તન છતાં મગજ શાંત રાખવાનો પૂરો પ્રયાસ કરીને પોતાના સંબંધને અને સંસારને સાચવતા હોય છે.

સ્ત્રી અને પુરુષના આવા 'સહન કરવાના' પ્રસંગોમાં એક મુખ્ય તફાવત એ છે કે પુરુષ પોતાના આવા પ્રસંગોનો કૂદી કૂદીને પ્રચાર કરતો નથી. આમાં બે કારણો જવાબદાર હોય છે. એક તો એ પોતાની પત્ની કે પ્રેમિકાના આવા 'ટેન્ટરમ' અથવા વર્તનને સહે છે એ વાતે સામાન્ય રીતે પુરુષને જરાક 'શરમ' આવતી હોય છે. સાવ નાનપણથી પોતે શીખ્યો છે કે ડૉમિનેટ કરવાનો અધિકાર પુરુષ પાસે છે. એની સામે જ્યારે સ્ત્રી આવું વર્તન કરતી હોય ત્યારે પુરુષને એ વિશેની જાહેરાત કરવી થોડી શરમજનક લાગે છે, પરંતુ દરેક પુરુષ મારઝૂડ કરે જ અથવા દરેક પુરુષ અમુક જ રીતે વર્તે એવું માનવું જરા વધારે પડતું છે.

પુરુષની ધીરજ થોડી ઓછી છે એવું કદાચ માની લઈએ તો પણ એનાં કારણોમાં એનો ઉછેર છે. એને શાંત રહેવાનું, ધીરજ રાખવાનું કે હાથ નહીં ઉપાડવાનું ક્યારેય શીખવવામાં આવતું નથી. ભાઈ-બહેન લડે ત્યારે બહેનને એવું કહેવામાં આવે છે કે, 'ભાઈ પર હાથ ન ઉપાડે', પરંતુ ભાઈને ક્યારેય સ્ત્રી પર હાથ નહીં ઉપાડવાનું શીખવાડવામાં આવતું નથી. બલકે દીકરો ગુસ્સે થાય ત્યારે જો હિંસક થઈ જાય તો મા એને રોકવાને બદલે એ વાતનો ગર્વ લે છે, "મારો દીકરો તો એક વાર મગજ ગુમાવે પછી કોઈનો નહીં!" અથવા તો પોતાના ટીનએજ સંતાનના ક્રોધ વિશે એને રોકવાને બદલે મિત્રો કે સગાંઓ સામે મા સામાન્ય રીતે જાણે એનાં વખાણ કરતી હોય એમ એના વિશે ચર્ચા કરે છે.

આપણા સંતાનને આપણે સંયમ કે સમજદારી શીખવવાને બદલે મોટે ભાગે એના ક્રોધ કે ગેરવર્તન વિશે બે જ રીતે રિઍક્ટ થઈએ છીએ. કાં તો એ વિશે આપણે જરા હસીને ગર્વમાં ડોકું ઉઠાવીને વાત કરીએ છીએ, જેનાથી એને જાણે-અજાણે પ્રોત્સાહન મળે છે ને કાં તો અચાનક જાગીને આપણે એને કહીએ છીએ કે, "આ બધું નહીં ચાલે." ત્યાં સુધીમાં એ પોતાના ક્રોધ સાથે ગોઠવાઈ ચૂક્યો છે. એને પોતાના ક્રોધનાં પરિણામો પણ મળ્યાં છે. જે જોઈતું હતું તે મળ્યું, જે ધાર્યું હતું એ થયું. એટલે હવે આ મેઇલ ચાઇલ્ડ (પુરુષ સંતાન)ને એવું સમજાય છે કે ગુસ્સો કરવાથી આપણને જે જોઈએ છે તે મળે છે અથવા આપણે જે ધારીએ તે કરી શકીએ છીએ અથવા આપણે સામેની વ્યક્તિને ડરાવી-ધમકાવીને આપણા વાશમાં રાખી શકીએ છીએ.

ક્રોધનું કામ વિચિત્ર છે. જેના ઉપર ક્રોધ કરવામાં આવે તે વ્યક્તિ સામાન્ય રીતે ધીમે ધીમે ઇમ્યુન થવા લાગે

છે. પહેલી વાર થોડો ગુસ્સો, પછી થોડો વધારે, પછી એથીયે વધુ ગુસ્સાની જરૂર પડે છે—સામેની વ્યક્તિ ઉપર ધોંસ જમાવવા માટે. એથી તદ્દન ઊલટું, મગજ ગુમાવ્યા વગર માફ કરવાની પૂરી તૈયારી સાથે જો કોઈ વ્યક્તિ સાથે ડીલ કરી શકાય તો સરળતાપૂર્વક એને આપણી સાથે જોડી શકાય છે. જે વ્યક્તિ ગુસ્સો કરે છે, મગજ ગુમાવે છે અથવા હિંસા આચરે છે એ ભીતરથી ક્યાંક આત્મવિશ્વાસની ઊણપ અનુભવે છે. પોતાની વાત જ્યાં સુધી બૂમો પાડીને કે જોરજબરદસ્તીથી કહેવામાં નહીં આવે ત્યાં સુધી સામેની વ્યક્તિ પોતાની વાત નહીં માને એવી ધારણા સાથે વર્તતા લોકોને હાથ ઉપાડવાની કે હિંસા આચરવાની જરૂર પડે છે. કેટલીક મમ્મીઓ કે પપ્પાઓ ધીરજ ગુમાવીને પોતાના બાળક પર હાથ ઉપાડે છે. એક-બે વાર સમજાવ્યા પછી પણ જો બાળકની જીદ ચાલુ રહે કે એ અમુક રીતે વર્તે તો એની સાથે ટૅક્ટફુલી અથવા સમજદારીથી કામ લેવાને બદલે મારઝૂડ કરવાથી બાળક આપણા કહ્યામાં રહેશે એમ માનનારાં માતાપિતાની સંખ્યા ઓછી નથી. જે બાળક માર ખાઈને મોટું થાય છે એય મારતાં શીખે એમાં કોઈ નવાઈ નથી.

પુરુષ તરીકે પોતાનાથી ઓછી શારીરિક શક્તિ ધરાવતી બહેન, પત્ની કે પ્રેમિકા અથવા પોતાના ઉપર આર્થિક રીતે આધારિત સ્ત્રીને મારીને ખરેખર કયા કન્ટ્રોલ કે આધિપત્યની સ્થાપના થઈ શકે એ પ્રશ્ન પુરુષે પોતાની જાતને પૂછવો જોઈએ. ઘણા પુરુષો આવા સંયમ ધરાવતા પુરુષને 'નબળો'—'બાયલો' અથવા 'બૈરીઘેલો'—'ઘાઘરાઘેલો' કહીને ઉતારી પાડે છે. ઘણી મમ્મી એવું ઇચ્છે છે કે એનો દીકરો કોઈ પણ રીતે એની પુત્રવધૂને 'કન્ટ્રોલ' કરે, પછી મારઝૂડ કરવી પડે તોય એમને ખાસ વાંધો નથી હોતો. આ બધાની સામે કેટલાક પુરુષો કોઈ પણ પરિસ્થિતિમાં સ્થિરતા અને સંયમ જાળવી શકે છે. ચૂપ રહીને એ સ્વયં પર નિયંત્રણ રાખતાં શીખ્યા છે... ખરેખર તો પાવરને કન્ટ્રોલ કરી શકવો એ જ સૌથી મોટો પાવર છે.

જ્યારે ખબર હોય કે સામેની વ્યક્તિ શારીરિક હુમલો સહી શકે તેમ નથી ત્યારે એ વ્યક્તિ પર શારીરિક બળનો પ્રયોગ કરીને એને દબાવી દેવા કે પોતાના કન્ટ્રોલમાં કરી લેવાથી થોડી મિનિટો, પળો કે કલાકો માટે, થોડા દિવસો માટે કદાચ પરિસ્થિતિ પર કાબૂ મેળવી શકાય, પરંતુ જેમ દબાયેલી સ્પ્રીંગ છટકે તેમ એ વ્યક્તિનું મગજ થોડા વખતમાં ફરીથી એ જ સ્થિતિમાં પહોંચી જશે એમાં શંકા નથી.

અહિંસાનો અર્થ એ પણ નથી કે કાયર થઈને બેસી રહેવું. કોઈ સ્ત્રીની છેડતી થતી હોય કે કોઈ એક માણસ બીજા નબળા માણસ પર હાથ ઉપાડતો હોય ત્યારે, કશું ખોટું થતું હોય ત્યારે અહિંસાનું પૂંછડું પકડીને પોતે કેટલા 'અહિંસક' છે એ સાબિત કરવા ન જ નીકળાય. પ્રકોપ અને ક્રોધમાં ફેર છે. નપુંસક ક્રોધ નિર્માલ્ય વ્યક્તિનું એવું હથિયાર છે, જે સમયસમયાંતરે બુઠ્ઠું થતું જાય છે, જ્યારે પ્રકોપ કે સાચી જગ્યાએ કરવામાં આવેલો વિરોધ—ક્રોધ પુરુષને વધુ સક્ષમ અને સાચો પુરવાર કરે છે.

દુનિયાની કોઈ પણ વ્યક્તિને બીજી વ્યક્તિ પર હાથ ઉપાડવાનો અધિકાર નથી. ઈશ્વરે—કુદરતે માણસને વિચારવાની શક્તિ આપી છે. મન, મગજ, ચેતના જેવા અનેક લેયર્સમાં વહેંચાયેલું માણસનું અસ્તિત્વ જો એને સંયમ અથવા સ્વસ્થ રહેતાં ન શીખવી શકે તો માણસે પોતાની જાતને ભાંગીને ફરી એક વાર ઘડવી જોઈએ. ઋજુ હોવું, સંવેદનશીલ હોવું, પ્રેમાળ કે સહિષ્ણુ હોવું એ પુરુષત્વનું ઘરેણું છે. શાંત, સમજદાર અને સ્નેહાળ પુરુષ વધુ આકર્ષક પુરવાર થઈ શકે... તોછડો, ઝઘડાળુ, મારઝૂડ કરતો કે પોતાની જાતને 'રફટફ' કહેડાવવા સ્ત્રી સાથે ખરાબ રીતે વર્તતો પુરુષ ક્યારેય સ્ત્રીનું સન્માન પામી શકતો નથી.

• • •



તુમ કિસી ઔર કો ચાહોગી તો મુશ્કિલ હોગી...

એક્સ્ટ્રા મેરિટલ સંબંધો અથવા લગ્નેતર સંબંધોમાં પણ ઘણી વાર પુરુષ બહુ જ પઝેસિવ થઈ જતો હોય છે. પરણેલી પ્રેમિકા એના પતિ સાથે શારીરિક સંબંધ ન રાખે એવો આગ્રહ રાખતા પુરુષો પણ આપણે જોયા છે. પરણેલા પુરુષ સાથે સંબંધ રાખીને કુંવારી છોકરી આખી જિંદગી જીવી શકે છે, પરંતુ પરણેલી સ્ત્રી સાથે સંબંધ રાખીને કુંવારા રહી શકનાર પુરુષો પ્રમાણમાં ઓછા છે.

"**અમારા** કૃતાર્થને લગ્ન જ નથી કરવાં." નીલાબહેન રડતાં હતાં. કૃતાર્થ એમનો એકનો એક દીકરો હતો. દીકરાની વહુ લાવીને સુખ ભોગવવાનાં નીલાબહેનનાં બધાંય સપનાં પર પાણી ફરી વળ્યું હતું. કૃતાર્થને અનેક છોકરીઓ બતાવ્યા છતાં એણે લગ્ન નહીં કરવાનો દૃઢ નિર્ધાર જાહેર કર્યો હતો. કૃતાર્થથી નાની પ્રિયાંશીનાં લગ્ન થઈ ગયાં એ પછી પણ કૃતાર્થ છોકરી જોવા તૈયાર નહોતો.

નીલાબહેન અને પરાગભાઈએ એમનાથી બનતા બધા પ્રયત્નો કરી જોયા. કરોડોની પ્રોપર્ટી હતી એમની મુંબઈમાં. વાલકેશ્વરમાં ચાર બેડરૂમનો ફ્લૅટ, પનવેલમાં ફાર્મ હાઉસ, અમદાવાદમાં ઘર, ધીકતો ધંધો. તેમ છતાં એમનો એકનો એક દીકરો કૃતાર્થ લગ્ન કરવા તૈયાર નહોતો. માતાપિતા અને સગાંવહાલાં, બહેન-બનેવી સૌ એને માટે પ્રયત્ન કરીને થાક્યાં. પછી એક દિવસ નીલાબહેને કૃતાર્થના બેસ્ટ ફ્રેન્ડ મૌલિકને ઘેર બોલાવ્યો. વાતમાંથી વાત કાઢીને એમણે મૌલિકને પૂછ્યું... નીલાબહેનને ભયાનક આઘાત લાગે એવી વાત મૌલિકે ડરતાં ડરતાં કહી નાખી. કૃતાર્થ કોઈ છોકરીને પ્રેમ કરતો હતો, પણ મમ્મી-પપ્પાને નહીં ગમે એવા ડરથી એણે ઘેર વાત કરી જ નહીં. છોકરીનાં લગ્ન થઈ ગયાં અને કૃતાર્થ એની યાદમાં જીવનભર કુંવારો રહેવા માગતો હતો.

મૌલિકની વાત સાવ સાચી હતી. કૉલેજમાં ભણતી આસ્થા માટે કૃતાર્થને ખૂબ જ પ્રેમ હતો... આસ્થાની જગ્યા હવે બીજી કોઈ છોકરી લઈ શકે એમ નહોતી. કૃતાર્થે આજીવન કુંવારા રહેવાનું નક્કી કરી લીધું હતું... આસ્થાને જ્યારે સમજાયું કે કૃતાર્થ ઘરે વાત કરી શકે એમ નથી ત્યારે એણે પોતાની રીતે પોતાની જિંદગી ગોઠવી લીધી. માતાપિતાએ પસંદ કરેલા મુરતિયા સાથે લગ્ન કરીને આસ્થા જિંદગીના રસ્તા પર આગળ વધી ગઈ, પણ કૃતાર્થ ત્યાં જ અટકી ગયો...

સ્ત્રી અને પુરુષ વચ્ચે કદાચ આ બહુ વિચિત્ર કહી શકાય એવો ભેદ છે. સ્ત્રીની જિંદગી પ્રમાણમાં પ્રવાહી હોય છે. આગળ વધી જવું એ એની પ્રકૃતિ છે. વહેતા પાણીની જેમ સ્ત્રીને પોતાનો રસ્તો શોધી લેતાં આવડે છે, કદાચ. જ્યારે પુરુષ જિંદગીના ઇમોશનલ અવરોધોને ઓળંગીને બહુ સ્વાભાવિકતાથી આગળ વધી શકતો નથી. ધંધામાં કે પ્રૉફેશનમાં જો સમસ્યાઓ આવે તો પુરુષ એનો હિંમતથી સામનો કરે છે. દેવાના ઢગ નીચે ઊભેલો પુરુષ ધીમે ધીમે કરીને એક પછી એક ભાર ઉતારી શકે છે, પરંતુ જો એનું દિલ તૂટે તો જિંદગીને સ્વીકારવાના રસ્તા નથી આવડતા, પુરુષને. આનું મુખ્ય કારણ કદાચ એ હોઈ શકે કે પુરુષ પોતાના ઇમોશન ઉપર, પોતાના આવેગ કે લાગણીઓ ઉપર બહુ લાંબા સમય સુધી કાબૂ રાખી શકે છે. પ્રેમની અભિવ્યક્તિ કે પ્રદર્શન નહીં કરવાની એની પ્રકૃતિ છે. જ્યાં સુધી એણે પ્રેમનો એકરાર નથી કર્યો ત્યાં સુધી પ્રેમને હૃદયમાં દબાવી રાખતાં આવડે છે, પુરુષને.

સ્ત્રી કોઈ સૂકા પાંદડાની જેમ પવનની દિશામાં ઊડે છે. ઇમોશન્સ પર કન્ટ્રોલ કે આવેગોનું સંતુલન સ્ત્રી માટે જરા અઘરું છે. ખૂલીને અભિવ્યક્ત થઈ જવું એ સ્ત્રીની પ્રકૃતિ છે. આ અભિવ્યક્તિ શબ્દોમાં ન હોય એમ બને. "હું તમને પ્રેમ કરું છું" એમ શબ્દોમાં કહ્યા વગર પણ સ્ત્રી અનેક રીતે પુરુષને પોતાના પ્રેમનો અહેસાસ કરાવી શકે છે. ભોજનથી શરૂ કરીને સુખ-દુ:ખમાં સરખી ભાગીદારી નિભાવવા સુધી સ્ત્રી અડીખમ ઊભી રહી શકે છે. આમ સ્ત્રીનું હૃદય કોમળ છે, પ્રકૃતિ સંવેદનશીલ અને સમર્પણ એનો સ્વભાવ છે, પરંતુ જ્યારે ખરેખર ક્રાઇસિસ મૅનેજમૅન્ટ અથવા સંજોગો સામે ઝઝૂમવાની વાત આવે ત્યારે પુરુષ કોમળ હૃદયનો અથવા નબળો પુરવાર થાય છે.

સ્ત્રીને કદાચ જન્મજાત જ પોતાની ઇચ્છાઓને નાથવાની ટ્રેનિંગ આપવામાં આવે છે. જેની સાથે જીવે એ જો સતત પ્રેમ કર્યા કરે કે સન્માન આપ્યા કરે તો સ્ત્રી બહુ જ સહજતાથી સમર્પણ કરી દે છે. પુરુષ માટે પોતે જેને ન ચાહતો હોય એવી સ્ત્રીને સ્વીકારવી એ ક્યારેક અઘરી પરીક્ષા પુરવાર થાય છે. આ વાત શારીરિક રીતે કે વૈજ્ઞાનિક રીતે પણ એટલી જ સાચી છે. પોતાની ઇચ્છા કે અનિચ્છા, ગમા કે અણગમાને જાહેર કર્યા વગર સ્ત્રી પોતાનું શરીર પુરુષની ઇચ્છા માટે ધરી દઈ શકે છે. જ્યારે પુરુષ એના મન વગર કે એની ઇચ્છા વગર શારીરિક સંબંધ બાંધી શકતો નથી. સ્ત્રીના શરીર પર બળાત્કાર થઈ શકે છે, પુરુષના શરીર સાથે એની પોતાની ઇચ્છા વિરુદ્ધ સંભોગ ન થઈ શકે એવી એની શારીરિક રચના છે.

પુરુષનું મન સામાન્ય રીતે સ્થિર થવાનું શીખતું નથી એવો એક આક્ષેપ પ્રવર્તે છે. એની બિલકુલ વિરુદ્ધ જ્યારે પુરુષ કોઈ એક સ્ત્રીમાં પોતાનું મન પરોવે પછી એને કશુંયે ચળાવી શકતું નથી. પુરુષ માટે પોતાના પ્રેમની અભિવ્યક્તિ એના અહમ્‌ની કે અહંકારની સીમાને વળોટીને કરાયેલું પ્રણય-નિવેદન છે. એક વાર પ્રેમમાં પડ્યા પછી પુરુષ માટે આગળ વધવા સિવાય બીજો કોઈ માર્ગ રહેતો નથી. પોતે જે સ્ત્રીને ચાહે છે એને પામી લેવી અથવા પોતાના જીવનમાં એનું સ્થાન હોવું એ પુરુષના 'પ્રેમ' માટે કદાચ અનિવાર્ય બાબત છે. પોતાના પ્રેમને અભિવ્યક્ત કરવા માટે શરીરનું માધ્યમ પુરુષને મન મહત્ત્વનું છે. વહાલ કે સૅક્સ પુરુષના પ્રેમ-પ્રદર્શનનો એક પ્રકાર હોઈ શકે, જેની કદાચ સ્ત્રીને એટલી જ તીવ્રતાથી સમજ નથી પડતી. પોતાના પ્રેમને શબ્દોમાં નહીં કહી શકતો પુરુષ વધુ ફિઝિકલ હોય એ સ્વાભાવિક છે, પરંતુ સ્ત્રી માટે શબ્દોમાં કહેવાયેલી વાત વધુ અગત્યની હોય એમ બને...

એક્સ્ટ્રા મેરિટલ સંબંધો અથવા લગ્નેતર સંબંધોમાં પણ ઘણી વાર પુરુષ બહુ જ પઝેસિવ થઈ જતો હોય છે. પરણેલી પ્રેમિકા એના પતિ સાથે શારીરિક સંબંધ ન રાખે એવો આગ્રહ રાખતા પુરુષો પણ આપણે જોયા છે. પરણેલા પુરુષ સાથે સંબંધ રાખીને કુંવારી છોકરી આખી જિંદગી જીવી શકે છે, પરંતુ પરણેલી સ્ત્રી સાથે

સંબંધ રાખીને કુંવારા રહી શકનાર પુરુષો પ્રમાણમાં ઓછા છે. પુરુષને પ્રકૃતિએ 'માલિક' થવું ગમે છે. એને પોતાની પ્રિયતમા, મા, બહેન કે પત્ની બીજા પુરુષોને ગમે ત્યાં સુધી બહુ વાંધો નથી હોતો, પણ પોતાની પત્ની કે પ્રેમિકાને કોઈ બીજો પુરુષ ગમે એ વાત એના પૌરુષ અને અહમ્ને ક્યારેય અનુકૂળ નથી આવતી. કદાચ એટલે જ પત્નીએ કે પ્રેમિકાએ કેવાં વસ્ત્રો પહેરવાં, કઈ રીતે વર્તવું અથવા કઈ રીતે પોતાની જાતને અટેન્શન સીકિંગ બનતી અટકાવવી એ વિશે પુરુષો વારંવાર ટિપ્પણી કરતા જોવા મળે છે. આ ટિપ્પણીઓમાં પત્ની, પ્રેમિકા, મા કે બહેનને કન્ટ્રોલ કરવાનો ભાવ ઓછો હોય છે ને એમને બીજા પુરુષોની નજરથી બચાવવાનો ભાવ થોડો વધુ હોય છે. પુરુષના યત્ન સાથે 'પુરુષાર્થ' શબ્દ જોડાયેલો છે. મહેનત, આવડત કે પ્રયાસ કરવાની તૈયારી જેવા ગુણો 'પુરુષાર્થ' તરીકે ઓળખાય છે. પોતાના અસ્તિત્વનો અર્થ જેને અથાગ મહેનત સાથે જોડ્યો છે, એને મહેનત કરવા કે હારવા જેવી બાબતમાં એટલું ખરાબ નથી લાગતું, જેટલું એને પોતાની પ્રતિષ્ઠા કે સામાજિક છબિમાં ડાઘ પડવાથી લાગે છે. પોતાના ઘરની સ્ત્રી—મા, બહેન, પત્ની કે પ્રેમિકા પુરુષ માટે એની પ્રતિષ્ઠા અથવા સ્વમાન સાથે જોડાયેલું તત્ત્વ છે. જેને માટે પ્રેમ હોય એ સ્ત્રી પોતાના હૃદયને ઓળખે છે. પોતાની જરા જુદી—મૃદુ કે કોમળ બાજુને જે સ્ત્રી ઓળખે છે એ સ્ત્રી જ્યારે કોઈ બીજા પુરુષને પણ એ જ રીતે ઓળખે અથવા ચાહે ત્યારે પુરુષ માટે એ બાબત સ્વીકારવી અઘરી બને છે. પોતે જેને હૃદય ફાડીને ચાહી છે એવી પ્રેમિકા કોઈ બીજાને પરણે અને પોતે જોયાં છે એવાં સપનાં કોઈ બીજાની જિંદગીમાં સાચાં પડે એ વાત સ્વીકારતાં પુરુષને ઘણી તકલીફ પડે છે.

સ્ત્રી પ્રકૃતિએ જ સમર્પિત છે. પાણીની જેમ એક વાસણમાંથી બીજા વાસણમાં જાતને ઢાળી લેવાનું સ્ત્રીને આવડે છે. એને તો બાળપણથી જ શીખવવામાં આવે છે કે એણે પોતાનાં માતાપિતાનું—પોતાનું ઘર છોડીને 'પારકે ઘેર' જવાનું છે. પોતાનો રૂમ, પોતાનું ઘર, પોતાના પોતીકા વાતાવરણને છોડીને બીજે ઘેર જવાની એની માનસિક તૈયારી ચૌદ-પંદર વર્ષથી જ શરૂ થવા લાગે છે. આવી સ્થિતિમાં જ્યારે પોતે ધારેલા ઘરમાં લગ્ન ન થાય, સગાઈ કે લગ્ન તૂટે ત્યારે સ્ત્રી માટે સ્થિતિ પીડાદાયક ચોક્કસ હોય છે, પણ એમાંથી નીકળીને નવા વાતાવરણમાં જાતને ઢાળવાની એની માનસિકતા એને માટે સર્વાઇવલનું કામ કરે છે.

પુરુષ પ્રકૃતિએ પ્રમાણમાં જડ છે. બદલાવ એને માટે સ્વાભાવિક પ્રક્રિયા નથી. એને પોતાના જ ઘરમાં રહેવાનું છે અને પોતાના જ વાતાવરણમાં જીવવાનું છે એવી એને ખબર હોય છે, તેથી કદાચ એ બહુ સ્વાભાવિકતાથી બદલાવ સ્વીકારી શકતો નથી. એનો અહમ્ એને તરત નવી પ્રવૃત્તિ કે પરિસ્થિતિને અનુકૂળ થવા દેતો નથી... આને કારણે 'પુરુષ દેવદાસ'ની સંખ્યા 'સ્ત્રી દેવદાસ' કરતાં વધુ છે. ગમા-અણગમાને મનના ખૂણામાં ઢબૂરીને સ્ત્રી નવી પરિસ્થિતિ સાથે સમાધાન કરી શકે છે. એનું મન નવી વ્યક્તિ સાથે જોડાવાનો પ્રયત્ન તો કરી જ શકે છે, જ્યારે ઘણા પુરુષો પોતાની આખી જિંદગી એક જ સ્ત્રીને નામે લખીને એને પામ્યા વગર જ અધૂરી જિંદગી જીવી જાય છે.

• • •



પરણેલી, પેઇનમાં જીવતી, ડિસસેટિસફાઇડ, ડેસ્પરેટ...

હેમલ જેવા નવલોહિયા યુવાનો, જે ભણતા હોય એને માટે સ્ત્રીનું શરીર એક કુતૂહલની વસ્તુ હોય છે. એ સમયગાળામાં બ્લ્યૂફિલ્મો કે પૉર્ન સાઇટની ઓળખાણ થઈ હોય છે. સ્ત્રીના શરીર સાથે જોડાયેલી એવી કેટલીયે વાતો, જે એમણે નેટમાં કે ફિલ્મોમાં જોઈ હોય, ઊંહકારા અને રિએકશન્સ જોઈને ઉત્તેજિત થયેલી એમની મનોવૃત્તિઓ આવી સ્ત્રીના આમંત્રણથી એમને વધુ ઉશ્કેરાટ થાય છે. કાચું મન ધરાવતા આવા યુવાનોને બાંધવા અઘરા પડે છે.

"**હેમલ** ..." આમતેમ જોઈ મધુએ ધીમેથી બૂમ પાડી. હેમલને ફાળ પડી. મધુ દરરોજ બપોરે હેમલના ઘરે આવતી. હેમલ એના ભાઈ-ભાભીના ઘરે પરીક્ષા આપવા આવ્યો હતો. એ મૅનેજમૅન્ટની પરીક્ષાની તૈયારી કરતો હતો. હેમલ ખૂબ દેખાવડો, પચીસ વર્ષનો યુવાન હતો.

ભાઈ-ભાભી બંને નોકરી કરતાં એટલે બપોરે ઘરમાં કોઈ ના હોય. મધુબહેન પાંત્રીસેક વર્ષનાં પડોશી હતાં. એમના પતિનો કન્સ્ટ્રક્શનનો વ્યવસાય હતો. પંકજભાઈ બટકા, અદોદળા અને થોડાક આછકલા પણ હતા. ખૂબ કમાતા ને કમાતા એથી વધુ દેખાડો કરતા... મધુ કદાચ એમની સાથે સુખી નહોતી.

જે દિવસથી હેમલ અહીં રહેવા આવ્યો એ દિવસથી મધુનું વર્તન વિચિત્ર હતું. કંઈ આપવા-લેવાના બહાને મધુ હેમલને અછડતા સ્પર્શ કરતી. એ નાહીને નીકળ્યો હોય ત્યારે અચાનક આવી જતી ને એને ટીકી ટીકીને જોયા કરતી. રોજ બપોરે કંઈક ગરમ નાસ્તો બનાવીને આપવા આવતી અને કલાકો બેસીને આડાંઅવળાં ગપ્પાં મારતી. એની સાડીનો છેડો કોઈ કારણ વગર વારંવાર સરકી જતો... હેમલ આ બધું નહોતો સમજતો એવું નહોતું, પણ એ પોતાની કારકિર્દીમાં ફોકસ હતો. એને કોઈ પણ રીતે આઇ.આઇ.એમ.માં એડ્મિશન જોઈતું હતું, એટલે એ પરીક્ષા માટે સખત મહેનત કરતો હતો...

એક દિવસ બપોરે મધુ રોજની જેમ જ આવી પહોંચી, "હેમલ..." આમતેમ જોઈને મધુએ ધીમેથી બૂમ પાડી. હેમલને ફાળ પડી.

એણે ઊંઘવાનો ડોળ કર્યો. આંખો મીંચીને, છાતી પર પુસ્તક મૂકીને ઊંઘતો હોય એમ બેસી રહ્યો. મધુએ બેલ

માર્યા એટલે અકળાઈને હેમલ ઊભો થયો. એણે દરવાજો ખોલ્યો. મધુ લગભગ એને ઘસાઈને અંદર દાખલ થઈ. એના પરફ્યૂમની માદક સુગંધ અને તાજા ધોયેલા વાળમાંથી આવતી શેમ્પૂની સુગંધ હેમલના મગજ સુધી પહોંચી ગઈ. મધુએ દરવાજો બંધ કરી દીધો...

"એક વાત કહું?" આજે એની આંખોમાં આર યા પારનો ભાવ હતો, "તું બહુ હૅન્ડસમ છે." મધુએ એનું બાવડું પકડ્યું, "આઇ લવ યુ." મધુએ પોતાના બંને હાથ હેમલના ગળામાં લપેટી દીધા. અડધો ફૂટ ઊંચા હેમલને ચૂમવા માટે મધુ પોતાના પગના અંગૂઠા પર ઊંચી થઈ.

"આ બધું બરાબર નથી. તમે મારાથી મોટાં છો, પરણેલાં છો..." હેમલે ધીરેથી મધુના હાથ પોતાના ગળામાંથી કાઢવાનો પ્રયત્ન કર્યો. મધુએ વધારે કસીને હેમલને પકડી લીધો... લગભગ હાથોહાથની મારામારી જેવા દૃશ્ય પછી મધુ જમીન પર પડી હતી, હેમલ હાંફતો હતો. હેમલનું ટીશર્ટ છાતી પાસેથી ચીરાઈ ગયું હતું ને મધુની સાડી ધૂળમાં રગદોળાતી હતી, એના કપાળ પર પરસેવો હતો ને આંખમાં આંસુ...

"ડેસ્પો છો તમે... શરમ નથી આવતી?" હેમલે પૂછ્યું.

"ના, નથી આવતી." મધુ ધ્રુસકે ધ્રુસકે રડી રહી હતી, "મારાં માબાપે મને આ દસ વર્ષ મોટા ડુક્કર સાથે પરણાવી દીધી. પથારીમાં પડતાં પહેલાં નસકોરાં બોલાવે છે. પરસેવાની વાસ આવે છે એના શરીરમાંથી. હવે કમર રહી નથી એટલે છાતી પર લૂંગી બાંધે છે. સૅક્સ માણે છે કે મને કચડી નાખવા માટે કૂદકા મારે છે એનીયે ખબર નથી એ હરામખોરને..." જોરજોરથી રડતી મધુને શું કહેવું અથવા કઈ રીતે આશ્વાસન આપવું એ હેમલને સમજાયું નહીં.

મધુની વાત ખોટી નહોતી. ઘણાં બધાં લગ્નો નભી જતાં હોય છે, પરંતુ એમાં જો ઊંડા ઊતરવામાં આવે તો સમજાય કે એક સ્ત્રીને ક્યારેય પોતે ઇચ્છતી હતી એવો સંબંધ કે શારીરિક સુખ મળ્યાં જ નથી. પૈસા અને કુટુંબ અથવા એજ્યુકેશન અને ખાનદાન જોઈને દીકરીને પરણાવતાં માતાપિતા ભૂલી જાય છે કે એની કેટલીક શારીરિક જરૂરિયાતો પણ હશે. એનું મન પણ કંઈક ઝંખતું હશે. મધુ જેવી યુવાન–સુંદર સ્ત્રીને પોતાની પહોંચ કે સંપત્તિના બળે 'ખરીદી' લાવનાર પંકજભાઈ જેવા પુરુષો કદાચ આવી સમસ્યાઓ ઊભી કરતા હોય છે. યુવાન અને ગરમ લોહી ધરાવતો પુરુષ આવી પરિસ્થિતિમાં ક્યારેક અટવાઈ જાય. દસ-બાર વર્ષ મોટી પરણેલી સ્ત્રી સાથેના સંબંધોમાં સામાન્ય રીતે આવા પુરુષોને ઘસડવામાં આવે છે. હેમલ જેવા નવલોહિયા યુવાનો, જે ભણતા હોય એને માટે સ્ત્રીનું શરીર એક કુતૂહલની વસ્તુ હોય છે. એ સમયગાળામાં બ્લ્યૂફિલ્મો કે પૉર્ન સાઇટની ઓળખાણ થઈ હોય છે. સ્ત્રીના શરીર સાથે જોડાયેલી એવી કેટલીયે વાતો, જે એમણે નેટમાં કે ફિલ્મોમાં જોઈ હોય, ઊંહકારા અને રિએકશન્સ જોઈને ઉત્તેજિત થયેલી એમની મનોવૃત્તિઓ આવી સ્ત્રીના આમંત્રણથી એમને વધુ ઉશ્કેરાટ થાય છે. કાચું મન ધરાવતા આવા યુવાનોને બાંધવા અઘરા પડે છે.

આવા સંબંધોમાં ઘણી વાર દિયર, પડોશીનો દીકરો, ટ્યુશન પર આવતો યુવાન વિદ્યાર્થી–તો ઘણી વાર દૂરના ભાણેજ, ભત્રીજા કે સાવકા સંતાનનો પણ સમાવેશ થઈ શકે છે. શારીરિક જરૂરિયાત માણસને કોઈ પણ દિશામાં ધકેલી શકે છે. એમાંય પુરુષ પાસે બહાર જઈને શરીરની ભૂખ સંતોષવાનો એક ઉપાય છે. સૅક્સવર્કરથી શરૂ કરીને સૅક્રેટરી સુધી પુરુષ ક્યાંક ને ક્યાંક પોતાની જરૂરિયાત પૂરી કરી શકે છે, પરંતુ સ્ત્રી આ સમાજમાં જે રીતે બંધાયેલી છે એને કારણે પોતાની જરૂરિયાત વિશે સભાન હોવું, કોઈની સાથે શૅર કરી શકવું કે એ વિશે કોઈ ઉપાય કરી શકવાની આવડત સ્ત્રીમાં હોતી નથી... ઉચ્ચ મધ્યમ વર્ગમાં હવે આને માટે

કેટલાક રસ્તા શોધાવા લાગ્યા છે. સતત બહાર રહેતો વેલ સૅટ સીઈઓ હોય કે બિઝનેસ ટાયકૂન, પૈસા જોઈને પરણી ગયેલી કેટલીયે સ્ત્રીઓ ઘેર આવનારા ડોમેસ્ટિક સ્ટાફથી શરૂ કરીને પાર્ટટાઇમ કામ કરતા જિગોલો સુધી પોતાની જરૂરિયાત સંતોષવાનો પ્રયત્ન કરવા લાગી છે. આમ જોવા જઈએ તો એ વિશે ઝાઝો ઊહાપોહ કરવાની જરૂર નથી, કારણ કે જે સમાજમાં આટલી સદીઓથી સ્ત્રીને 'વસ્તુ' માનીને એનો ઉપભોગ કરવામાં આવ્યો છે એ સમાજમાં જાણે-અજાણે સ્ત્રી એવું જ શીખી છે કે શરીર 'વસ્તુ'ની જેમ વાપરી શકાય!

ઉંમરના ખૂબ જ ડિફરન્સને કારણે સ્ત્રીને ખબર હોય છે કે એને શું જોઈએ છે. પોતાના શરીર વિશે અને પોતાની જરૂરિયાતો વિશે આવી સ્ત્રી સભાન હોય છે. આવી સ્ત્રી સાથે થયેલો શરીરસુખનો પહેલો અનુભવ યુવાન પુરુષને સ્ત્રીની બેવફાઈ અને સૅક્સ્યુઅલ સંબંધોમાં રિસ્પેક્ટ અથવા સન્માન નહીં રાખવાનું શીખવે છે. પતિને છેતરતી સ્ત્રી પોતાના શરીરસુખ માટે 'કંઈ પણ' કરી શકે છે એવું કન્ડિશન લર્નિંગ થઈ જાય તો આવો યુવાન જિંદગીભર કોઈનોય વિશ્વાસ કરી શકે નહીં એવું બને. એથી આગળ વધીને એને પોતાના શરીરના જે કોઈ અનુભવ થાય એ જ બધી વાતો જો એ પોતાની પત્ની પાસે શોધવાનો પ્રયાસ કરે તો એક નવો સવાલ ઊભો થાય છે, કારણ કે જે છોકરી હજી હમણાં જ પરણીને આવી છે એનામાં અને દસ વર્ષથી લગ્નજીવન જીવી રહેલી સ્ત્રીના રિએકશનમાં, જરૂરિયાતોમાં, ઍક્સપ્રેશનમાં અને પુરુષને પથારીમાં હૅન્ડલ કરવાની આવડતમાં ફેર હોય એ સ્વાભાવિક છે. આવા સંબંધો જ્યારે પકડાય છે ત્યારે ઘણી બધી સ્ત્રીઓ આંસુ સારીને, રડીકકળીને પોતાના પર બળાત્કાર કર્યાની કે પછી 'બ્લૅકમેઇલ' થતી હોવાનાં બહાનાં કાઢીને છટકવાનો પ્રયત્ન કરે છે. પ્રમાણમાં મોટી ઉંમરનો પતિ સમાજમાં પોતાના પદ અને પ્રતિષ્ઠાના ભયથી એને માફ તો કરી દે છે, પણ જે યુવાન આમાં અટવાયો હોય એની માનસિકતાથી ધજ્જી ઊડી જાય છે.

આવા યુવાન માટે સ્ત્રી-સન્માન ઝીરો થઈ જાય છે. શારીરિક સંબંધોમાં એ એવી જાતની ફૅન્ટસીમાં રાચવા માંડે છે, જે રોજિંદા જીવન માટે ભયજનક પુરવાર થઈ શકે. આવા સંબંધોમાં જવાબદારી ઝીરો હોય છે, એટલે એક એવી માનસિકતા પણ ડેવલપ થવા માંડે છે કે 'આ' પ્રકારના સંબંધો સૌથી સરળ અને મજા કરવા માટેનો ઉત્તમ રસ્તો છે. ઘણી વાર આમાંથી કમાણી થાય છે. સીધી નહીં તો આડકતરી રીતે મોબાઇલ, ઘડિયાળ, બ્રાન્ડેડ કપડાં, પરફ્યૂમ્સ જેવી વસ્તુઓ મળતી રહે છે, એટલે જિંદગી જીવવા માટે મહેનતને બદલે આ જ સહેલો રસ્તો છે એમ માની લેતાં વાર નથી લાગતી.

ઘણી વાર આવા યુવાનોને ચસકો લાગી જાય છે, એટલે એક સંબંધ પૂરો થાય પછી એ આવા જ પ્રકારની અસંતુષ્ટ અને મોટી ઉંમરની પરણેલી સ્ત્રીને શિકાર બનાવતાં શીખી જાય છે. ક્યારેક આમાં હાડકાં તોડાવવાનો કે જીવ ખોવાનો વારો પણ આવે એવા કિસ્સા આપણે સાંભળ્યા છે, જાણીએ છીએ.

આ બધા પછી સમાજ પુરુષને 'લફરાબાજ'નું લેબલ ચોંટાડે છે... હકીકત એ છે કે આ દંભી સમાજમાં યુવાન છોકરાને યુવાન છોકરી જેટલો જ સાચવવાનો સમય આવી ગયો છે. યુવાન કે ટીનએજ વટાવી રહેલા છોકરાને વારંવાર સ્પર્શતી, ભેટતી કે એના દેખાવનાં વારંવાર વખાણ કરતી ચાળીસીમાં પ્રવેશી ગયેલી સ્ત્રીઓ દરેક વખતે જેટલી દેખાય છે તેટલી નિર્દોષ ન હોય એમ પણ બને.

• • •



યુવાન કે હેન્ડસમ પતિ: ઓહ માય ગોડ!

ચાળીસ પછીનો પુરુષ વજન ઉતારે છે અથવા પોતાની જાતનું ધ્યાન રાખે છે. કોઈ સ્પોર્ટ્સ ઍક્ટિવિટી કરે છે કે જિમ જાય છે, વાળને કલર કરે છે કે ફેશિયલ કરાવે છે એની પાછળ સ્ત્રીઓ આકર્ષાય એવો ખ્યાલ હોય તો પણ બહુ નાના પ્રમાણમાં હોય છે. જિંદગીનાં શરૂઆતનાં વર્ષોમાં પૈસા કમાવા માટે કે સફળ થવા માટે જે ગાંડી દોડ મૂકી એમાં મોટા ભાગના ગુજરાતી પુરુષો ખાવાનો સમય ભૂલી ગયા. ઊંઘવાના કલાકો ઘટાડી નાખ્યા ને સ્વાસ્થ્યને પ્રમાણમાં ઘણું ઇગ્નોર કર્યું. ચાળીસ-પિસ્તાળીસે પહોંચતાં ઘણા બધા પુરુષોને બ્લડપ્રેશર, ડાયાબિટિસ કે હાઈ કોલેસ્ટ્રૉલ જેવી સમસ્યા થવા માંડે છે. સાચું પૂછો તો લાંબુ અને સ્વસ્થ જીવવાની ઇચ્છા કોને નથી હોતી?

“**આ** શું! આવું ફૂલવાળું શર્ટ પહેરીને ક્યાં ઊપડ્યા?” નીલાબહેને ભવાં ચડાવીને કમલકાંતભાઈને પૂછ્યું, “પરફ્યૂમ-બરફ્યુમ છાંટીને ક્યાં ઊપડી સવારી?”

“બહાર જાઉં છું.” આગળના સંવાદની કમલકાંતને ખબર હતી, કારણ કે આ સંવાદ લગભગ દર અઠવાડિયે બે-ત્રણ વાર થતો.

“આ ઉંમરે પણ તમારા ધખારા ઓછા નથી થતા.” નીલાબહેને અર્થસૂચક નજરે કહ્યું, “આ ભગવાનનું નામ લેવાની ઉંમર છે, પણ તમે તો જાણે હમણાં જુવાની ફૂટી હોય એમ...” નીલાબહેનનું ભાષણ ચાલુ થઈ ગયું. કમલકાંતભાઈ તૈયાર થઈને બહાર નીકળી ગયા.

એમના ઘરનો આ નિયમિત સંવાદ હતો. કમલકાંતભાઈ પંચાવનના ને નીલાબહેન ત્રેપનનાં. કમલકાંતને મિત્રો ‘કે.કે.’ તરીકે ઓળખતા. પૂરેપૂરો મહેફિલનો જીવ. ગુજરાતી ગઝલોના મુશાયરા—સુગમ સંગીત એમનો શોખ. પાર્ટીઓમાં જવું એમને ગમે. જિંદગીને માણવાનો અને દુનિયા જોવાનો શોખ. આ ઉંમરે પણ નવું શીખવા—જાણવા પૂરેપૂરા તૈયાર. સવારે જિમ જાય, આખો દિવસ ઑફિસમાં કામ કરે, સાંજે ટેનિસ રમવા જાય, પાછા આવીને પાર્ટી, નાટક, સુગમ સંગીત, મુશાયરો... કોઈ ને કોઈ પ્રોગ્રામ હોય જ. એકવડિયું શરીર ને કલર કરેલા વાળને કારણે કમલભાઈ—કે.કે. પિસ્તાળીસના લાગતા! નીલાબહેનનું વજન વધી ગયેલું. એમણે

જીવવાનું છોડી દીધું હોય એમ જાતનું ધ્યાન રાખતાં નહીં એટલે એ ત્રેપનનાં હતાં, પણ સાંઠના લાગતાં! જિંદગી જીવવાના પૂરેપૂરા ઉમંગ સાથે કે.કે. નીલાબહેનને બધે જ લઈ જવાનો પ્રયત્ન કરતા, પણ નીલાબહેન પોતે તો બહાર ન જ જાય, સાથે કમલભાઈ પણ મજા કરે એ એમને ન ગમે...

ઘસાતી કમૅન્ટ કરવી, ખરાબ બોલવું, મહેણાં મારવાં કે સંતાનોની સામે કે.કે.ને ઉતારી પાડવા એ નીલાબહેનની પ્રિય પ્રવૃત્તિ હતી. મોટે ભાગે કે.કે. એમને ઇગ્નોર કરતા, પણ નીલાબહેન એમનો પીછો છોડતાં નહીં.

કેટલાં બધાં ઘરોમાં—ગુજરાતી ઘરોમાં આપણે આ સ્થિતિ જોઈએ છીએ. એકાદ બાળક થઈ ગયા પછી સ્ત્રી પ્રમાણમાં મા વધારે અને સ્ત્રી ઓછી થતી જાય છે. સુંદર દેખાવું, વજન ઉતારવું કે આકર્ષક લાગવાના એના પ્રયાસો જાણે આપોઆપ છૂટી જતા હોય એમ બે બાળક થયા પછી તો શરીરનું ધ્યાન રાખવું એ જાણે ગુનો હોય એમ સ્ત્રીઓ વધુ ને વધુ બેદરકાર થતી જાય છે. પ્રશ્ન એ નથી કે સ્ત્રીઓ પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે કે સૌંદર્ય પ્રત્યે બેદરકાર થતી જાય છે, પ્રશ્ન એ છે કે એમનો પતિ જો કૉન્શિયસ હોય, સારો દેખાવાનો, વજન ઉતારવાનો કે યુવાન દેખાવાનો પ્રયત્ન કરે તો આ પત્નીઓ માટે બહુ મોટી ઇનસિક્યૉરિટીની બાબત પુરવાર થાય છે. ખાસ કરીને ચાળીસ પછી, સફળ થઈ ગયેલો પતિ, પૈસા કમાતો પતિ જો સ્ત્રીઓમાં પોપ્યુલર હોય તો પત્નીને હંમેશાં લાગે છે કે, "હવે હાથથી ગયો!"

સાચા અર્થમાં જોવા જઈએ તો ચાળીસ કે પિસ્તાળીસ પછીના પુરુષને કદાચ સ્ત્રીમાં કે લફરાબાજીમાં રસ હોય એવું બને, પણ સિરિયસ કે સિન્સિયર રિલેશનશિપ એ ઉંમરે ભાગ્યે જ થતી હોય છે. સૅટલ્ડ પરિવાર અને ટીનએજમાં પ્રવેશેલાં સંતાનોની સાથે પુરુષને પણ આવું 'ફ્રીવલસ' વર્તન પોસાતું નથી. ખાસ કરીને જે પત્નીઓ ઘરે રહી હોય, જેમણે કારકિર્દીનો વિચાર ન કર્યો હોય અને લગ્ન થયાં પછીનાં ૨૦-૨૫ વર્ષ જે સ્ત્રીએ ઘર અને સંતાનોને આપ્યાં હોય એને આ બધું કર્યાની અચાનક તકલીફ થવા માંડે. એને એમ લાગવા માંડે કે એની જિંદગીનાં આ બધાં વર્ષો એણે વ્યર્થ ગુમાવ્યાં. એનું શરીર વધી ગયું, કારણ કે એણે બાળકોને જન્મ આપ્યો. એને પોતાની જાત માટે સમય ના મળ્યો, કારણ કે એણે કુટુંબને સમય આપ્યો... પોતે પણ ઘણું બધું કરી શકી હોત, પરંતુ એણે સમય વેડફ્યો એવું માનીને સ્ત્રી દુ:ખી થયા કરે છે. પુરુષ સામાન્ય રીતે 'મૂવ ઑન'ની માન્યતા સાથે જીવતો હોય છે. વીતેલાં વર્ષો વિશે અફસોસ કરવાનું પુરુષને બહુ અનુકૂળ આવતું નથી, જ્યારે સ્ત્રી વીતેલાં વર્ષોના અફસોસ પર ઘણું લાંબુ ખેંચી શકે છે.

ચાળીસ પછીનો પુરુષ વજન ઉતારે છે અથવા પોતાની જાતનું ધ્યાન રાખે છે. કોઈ સ્પોર્ટ્સ ઍક્ટિવિટી કરે છે કે જિમ જાય છે, વાળને કલર કરે છે કે ફેશિયલ કરાવે છે એની પાછળ સ્ત્રીઓ આકર્ષાય એવો ખ્યાલ હોય તો પણ બહુ નાના પ્રમાણમાં હોય છે. જિંદગીનાં શરૂઆતનાં વર્ષોમાં પૈસા કમાવા માટે કે સફળ થવા માટે જે ગાંડી દોડ મૂકી એમાં મોટા ભાગના ગુજરાતી પુરુષો ખાવાનો સમય ભૂલી ગયા. ઊંઘવાના કલાકો ઘટાડી નાખ્યા ને સ્વાસ્થ્યને પ્રમાણમાં ઘણું ઇગ્નોર કર્યું. ચાળીસ-પિસ્તાળીસે પહોંચતાં ઘણા બધા પુરુષોને બ્લડપ્રેશર, ડાયાબિટિસ કે હાઈ કોલેસ્ટ્રૉલ જેવી સમસ્યા થવા માંડે છે. સાચું પૂછો તો લાંબુ અને સ્વસ્થ જીવવાની ઇચ્છા કોને નથી હોતી? જે ક્ષણે એમ લાગે કે આપણને જે જોઈતું હતું એમાંનું મોટા ભાગનું મળી ગયું એ પછી જે ખ્યાલ કર્યો જ નહોતો એ ખ્યાલ આવે, એ સ્વાભાવિક નથી? કોઈ પણ માણસને સારા દેખાવું ગમે—ગમવું જ જોઈએ, કોઈ વજન ઉતારે કે યુવાન દેખાવાનો પ્રયાસ કરે તો એ વિશે એને શાબાશી આપવી જોઈએ અને પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ, પરંતુ સામાન્યત: ગુજરાતી પત્ની આવું કરી શકતી નથી. એમાંય જો કોઈ બીજી સ્ત્રી પોતાના પતિને કૉમ્પ્લિમૅન્ટ આપે કે જરાક વધારે અટેન્શન આપે તો ચાળીસી વટાવી ગયેલી સ્ત્રીઓને ઇનસિક્યૉરિટીનો અજગર ભરડામાં લે છે!

સફળ બિઝનેસમેન કે નોકરીમાં ઊંચી પોસ્ટ પર પહોંચેલો પતિ વિદેશોના પ્રવાસ કરે છે. દુનિયાના લોકોને મળે છે, સ્વસ્થ રહેવાનું મહત્ત્વ એને સમજાય છે. એ પછી જો એ જાગૃત બનીને પોતાના શરીર પ્રત્યે કે દેખાવ પ્રત્યે સભાન થવા માંડે તો એમાં ખોટું શું છે? ખરેખર તો દુનિયાના દરેક માણસે સ્વસ્થ અને સારા દેખાવાનો પ્રયાસ કરવો જોઈએ. જો એમ ન થઈ શકે તો એને માટે બીજાને બ્લેઇમ કરવાને બદલે પોતાના ટાઇમ મૅનેજમૅન્ટને ફરીથી ચકાસવું જોઈએ. ગુજરાતી ગૃહિણી પાસે ટીવી જોવાનો સમય છે, ફોન પર ગોસિપ કરવાનો સમય છે, પણ જિમમાં જવાનો સમય નથી કે એને કોઈ સ્પોર્ટ્સ ઍક્ટિવિટીમાં રસ નથી. એ માટે પતિને કેવી રીતે જવાબદાર ઠેરવી શકાય? કદાચ લગ્નનાં શરૂઆતનાં વર્ષોમાં સાસુ કે સાસરિયાંઓએ રોકટોક કરી હોય તો પણ અમુક ઉંમર પછી બીજા લોકોની રોકટોક કેટલી સાચી કે કેટલી મહત્ત્વની હોય છે? "મને કરવા ન દીધું, બાકી હું પણ..." કહીને આજે પણ ડિસ્કાઉન્ટ માગતી સ્ત્રીઓ ખરેખર વિક્ટિમ સિન્ડ્રોમનો ભોગ છે. પુરુષો સામાન્ય રીતે ખુશમિજાજ અને આનંદી રહેવાનું પસંદ કરે છે. ઘરેથી ઝઘડો કરીને નીકળેલો પુરુષ પણ ઑફિસમાં પહોંચીને નૉર્મલ થવાનો પ્રયાસ કરે છે... સ્ત્રી સવારનો ઝઘડો સાંજ સુધી એના હૃદય પર ને મગજ પર વજનદાર શિલાની જેમ ઊંચકી શકે છે.

સામાન્ય રીતે એવું બને છે કે પતિ સારો દેખાતો હોય, લોકો એનાં વખાણ કરતા હોય અને એ સફળ હોય તો પત્નીને ગર્વ થવો જોઈએ, પરંતુ મોટા ભાગની સ્ત્રીઓને આનાથી હળવી ઈર્ષ્યા અને અસલામતી જન્મે છે. એમાંથી મહેણાં-ટોણા અને ઝઘડા સુધી વાત પહોંચે છે. ખરેખર લગ્નેતર સંબંધનો વિચાર પણ ન કર્યો હોય અને ફક્ત પોતાના ગ્રૂમિંગ કે હેલ્થ પર ધ્યાન આપતો હોય એવો પતિ પણ આ કકળાટ—ઝઘડા અને મહેણાં-ટોણાને કારણે લગ્નેતર સંબંધ તરફ વળે એવું બની શકે...

કોઈ ખુશ રહે, સારું દેખાય કે પોતાની હેલ્થ પર ધ્યાન આપે એમાં આપણને અસલામતી શા માટે થવી જોઈએ? ખરેખર તો આપણા જીવનસાથીનો આવો ઉત્સાહ જોઈને આપણે પ્રેરણા લેવી જોઈએ... સારા દેખાવા માટે કે ખુશ રહેવા માટે કોઈની મંજૂરીની કે કોઈની મદદની જરૂર નથી એ વાત આપણે સમજી લેવી જોઈએ.

• • •



'સાથી' જોઈએ તો સાથે સાથે રહેવું અને સહેવું પડે

પુરુષ પિતા થયા પછી પણ બાળકને લિમિટેડ સમય આપે તો ચાલે, કારકિર્દીની પાછળ પુરુષ પુષ્કળ પ્રવાસ કરે અને ઘરમાં ઓછા દિવસ હોય તો એ વિશે કદાચ પત્નીને કે પરિવારને ફરિયાદ હોઈ શકે, પરંતુ એ ફરિયાદનો સૂર પ્રમાણમાં માઇલ્ડ હોય, એની સામે જો સ્ત્રી મહિનાના વીસ-પચ્ચીસ દિવસ પ્રવાસ કરતી હોય તો એ વિશે ફરિયાદ ઘણી તીવ્ર થતી જાય. કારકિર્દી માટે પુરુષ આંધળું ઍમ્બિશન ધરાવતો હોય તો એમાં કોઈ પ્રૉબ્લેમ નથી, પરંતુ જો સ્ત્રી વધુ પડતી મહત્ત્વાકાંક્ષી હોય તો સમાજ, પરિવાર અને પતિ સહિત સૌ એ બાબતે નાનો-મોટો વિરોધ નોંધાવે જ... સમય બદલાયો છે. સ્ત્રીની કારકિર્દી હવે મહત્ત્વની જરૂરિયાત છે. યુવાન અને મૉડર્ન પતિ એવું ઇચ્છે છે કે, એની પત્ની કારકિર્દીમાં ધ્યાન આપે, પરંતુ એની સામે મોટા ભાગના પતિ કોઈ જવાબદારી લેવા તૈયાર થતા નથી...

"**મને** એ નથી સમજાતું કે તું આખો દિવસ શું કરતી હોય છે?" વિસ્મયે વહાલથી આશકાને પૂછ્યું.

"અરે! કેટલું બધું કામ હોય છે!" આશકાએ જવાબ આપ્યો. એ પગ લાંબા કરીને કાઉચ પર બેઠી હતી. એના હાથમાં રિમોટ હતો. ટીવી જોતાં જોતાં એ હાથમાં પકડેલા બાઉલમાંથી પોપકોર્ન ખાઈ રહી હતી. વિસ્મય હજી હમણાં જ ઑફિસથી ઘેર આવ્યો હતો.

"આશકા! તને યાદ તો છે ને કે તું ક્વોલિફાઇડ પેથોલોજિસ્ટ છે..." વિસ્મયે ટાઈ છોડીને શર્ટના કફલિન્ક ખોલવા માંડ્યા. એને ઘેર આવતા રોજ સાડા આઠ-નવ થઈ જતાં. એ સવારે નવ વાગ્યે ઘેરથી નીકળી જતો. બિઝી માણસ હતો. મહિનાના અઢારથી વીસ દિવસ પ્રવાસ કરતો. ખૂબ સારું કમાતો. અઢાર વર્ષની ઉંમરથી એ એના પિતાના મૃત્યુ પછી કામે લાગ્યો ત્યારે એની પાસે કંઈ નહોતું. આજે બત્રીસ વર્ષની ઉંમરે વિસ્મય પાસે કરોડો રૂપિયા હતા, સફળતા હતી... આશકા એની સાથે કૉલેજમાં ભણતી. મહત્ત્વાકાંક્ષી અને બુદ્ધિશાળી છોકરી. વિસ્મયની ઇચ્છા વિરુદ્ધ એણે માઇક્રોબાયોલોજી વિષય લઈને પેથોલોજીની ડિગ્રી લીધી. એને પોતાની લૅબ કરવી હતી. લગ્ન પછી બે વર્ષ એણે એક પેથોલોજી લેબૉરેટરીમાં કામ કર્યું. એમનો દીકરો સુદીપ જન્મ્યો એ વખતે આશકાએ જૉબ છોડી દીધી... ત્યારથી શરૂ કરીને આજ સુધી આશકાએ વ્યવસાય કરવાનો વિચાર પણ ન કર્યો.

એ આખો દિવસ ઘેર રહેતી. કિટી પાર્ટીઝ, ટૅલિવિઝન, સિનેમા, શૉપિંગ અને કૂકિંગ... આ જ આશકાની પ્રવૃત્તિઓ હતી. એ ક્યારેય વિસ્મયના મોડા આવવા વિશે કે બહારગામ રહેવા વિશે ફરિયાદ ન કરતી. એને જાણે જિંદગી પાસેથી કશું જોઈતું જ નહોતું. વરલી પર ચાર બેડરૂમનો ફ્લૅટ અને આ વૈભવમાં એ એવી ડૂબી ગઈ હતી કે જૂની—મહત્ત્વાકાંક્ષી આશકા તો ક્યાંય દેખાતી જ નહોતી.

શરૂઆતમાં વિસ્મયને લાગ્યું કે બાળક નાનું છે એટલે, પછી લાગ્યું કે ત્રણેક વર્ષ ઘરે રહી છે તો ધીમે રહીને શરૂ કરશે... પણ લગ્નનો એક દાયકો પૂરો થવા આવ્યો, છેલ્લાં આઠ વર્ષથી આશકા તદ્દન ગૃહિણીની જિંદગી જીવી રહી હતી... વિસ્મય અકળાવા લાગ્યો હતો. એને લાગતું હતું કે આશકા પોતાની જિંદગી બરબાદ કરી રહી છે. કરિયરના નામે એણે મીંડું વાળી દીધું છે. વિસ્મય માટે આ બહુ મોટી તકલીફ હતી. એ ક્યારેય નહોતો ઇચ્છતો કે આશકા ઘરમાં બેસી જાય. બલ્કે, એણે હંમેશા એક એવી પત્ની ઇચ્છી હતી કે જે ખભેખભો મિલાવીને એની સાથે કામ કરે. વિસ્મયે શરૂઆતના વર્ષોમાં આશકાને જગાડવામાં, એને પુશ કરવામાં પોતાની બધી ઍનર્જી નાખી. એને ધીરે ધીરે સમજાઈ ગયું કે આશકા હવે ઘરે રહેવા માગે છે... આશકા પાસે ઑપ્શન નહોતું. એનું બાળક નાનું હતું ત્યારે વિસ્મય એની કારકિર્દી બનાવવામાં વ્યસ્ત હતો. આશકાનાં સાસુ એના દીકરાને રાખવા માગતાં નહોતાં. આશકાને કામ કરવું હોય તો એના દીકરા સુદીપને બાઈ પાસે મૂકીને જવું પડે, એ આશકાને મંજૂર નહોતું.

આ બધી વાતની ચર્ચા આશકાએ ક્યારેય વિસ્મય સાથે ન કરી. એણે સ્વેચ્છાએ ઘેર રહેવાનું સ્વીકારી લીધું. વિસ્મયને લાગ્યું કે, આશકા આળસુ છે. એ પછી આશકા અને વિસ્મય વચ્ચે એક વિચિત્ર પ્રકારનું ડિસ્ટન્સ આવવા લાગ્યું. ધીરે ધીરે એવી સ્થિતિ આવી કે વિસ્મય ઑફિસથી આવે અને આશકા ફ્રી બેઠી હોય કે કિટી પાર્ટી—શૉપિંગની વાતો કરતી હોય તો વિસ્મયને ચીડ ચડવા લાગતી... આશકા પાસે બીજી કોઈ વાતો નહોતી. એ ફેમિલીની કે મમ્મીની ફરિયાદ કરવા માગતી નહોતી... એક એવો સમય આવ્યો કે, જ્યારે વિસ્મય અને આશકા વચ્ચે જરૂર સિવાયની કોઈ પણ વાત થતી બંધ થઈ ગઈ... લગ્નનો એક દાયકો પૂરો થાય એ પહેલાં વિસ્મય અને આશકા એકબીજાથી દૂર થઈ ગયાં...

•

નવા જમાનાના યુવાન કપલ્સમાં હવે હાઉસવાઇફ શબ્દ બોરિંગ અને ડાઉનમાર્કેટ ગણાવા લાગ્યો છે. એક સમય હતો, જ્યારે પુરુષો કામ કરતી છોકરીને પસંદ નહોતા કરતા. મોટા ભાગના પુરુષો એમ કહેતા કે, હું ઘેર આવું ત્યારે મારી પત્ની મને ઘેર જોઈએ. પોતે સારું કમાતા હોય, પછી પત્ની કામ કરે એ ઘણા પુરુષો માટે ઇગો પ્રૉબ્લેમ પણ બની જતો હતો... સમય બદલાયો અને નવા જમાનાના યુવાન છોકરાઓ હવે ગૃહિણી અથવા ઘેર બેસી રહેતી છોકરી પસંદ નથી કરતા. મોટા ભાગના છોકરાઓને લાગે છે કે, જો એમની પત્ની કામ કરતી હશે તો એ વ્યવસાયની મુશ્કેલીઓ અને વ્યવસાયના સમયને સમજી શકશે. વળી, ઘરમાં એની પોતાની ઇન્કમ હોય તો એને પૈસાનું મૂલ્ય કે મહેનતનું મહત્ત્વ પણ સમજાય. યુવાન છોકરાઓ જે રીતે બહાર ફરે છે કે પરદેશ જઈને માસ્ટર્સની ડીગ્રી મેળવે છે એમને માટે દુનિયાનું એક અલગ જ લેવલ એમની સામે ઊભરતું હોય છે. મોટા ભાગના છોકરાઓને હવે ઘેર બેસી રહેતી કે કિટી પાર્ટી કરતી છોકરીઓ 'આન્ટીજી' કે 'બહેનજી' લાગે છે. જોકે, છોકરાઓની મમ્મી હજી યે એમ જ માને છે કે, વહુ નોકરી કરતી હોય તો એના સંતાન પોતે સાચવવા પડે... એટલે ઘણી બધી મૉમ્સ કે મમ્મીજીઓ કે સાસુમા પોતાની પુત્રવધૂને નોકરી કરવા એનકરેજ કરતી નથી.

આપણા સમાજમાં, ગુજરાતી સમાજમાં અને બહાર પણ, દીકરીનો ઉછેર આજે પણ જરા જુદી રીતે થાય છે. ગમે તેટલું કમાતી હોય, પણ છોકરીએ—પુત્રવધૂએ—પત્નીએ રસોડામાં ધ્યાન તો આપવું જ પડે! એક વાર મા બને, પછી ઘણી બધી સ્ત્રીઓનું ફોકસ બદલાઈ જતું હોય છે. ખાસ કરીને, જ્યારે દીકરીનો ઉછેર સગવડ અને સુખમાં થયો હોય, ત્યારે એની અંદર કંઈ કરી બતાવવાની ફાયર મોટે ભાગે ધીમે ધીમે ઓલવાઈ જતી હોય છે. યુવાન હોય, કૉલેજમાં હોય ત્યારે આવી છોકરીઓ પોતાની કારકિર્દીનાં સપનાં જુએ છે, પરંતુ જ્યારે પતિ સારું કમાવા લાગે, એકાદ સંતાન થઈ જાય અને જિંદગી પાટે ચડી જાય તો સુખી-સંપન્ન ઘરોની આવી દીકરીઓને વ્યવસાય કે કારકિર્દીમાં બહુ રસ રહેતો નથી. ઘેર બેસી રહેતી, ટી.વી. જોયા કરતી કે કિટી પાર્ટીઓમાં સમય બરબાદ કરતી પત્નીઓ કેટલાક પતિને ઇન્ટરેસ્ટિંગ નથી લાગતી. ઘરની બહાર ન નીકળતી હોય એવી સ્ત્રીઓ પાસે મોટે ભાગે એમની નાનકડી દુનિયા સિવાયની માહિતી પ્રમાણમાં ઓછી હોય છે, આ વાત દરેક વખતે સાચી ન હોય તો પણ જે લોકો રોજેરોજ 'બજાર'માં હોય એની અને જે લોકો ઘેર બેસી રહેતા હોય એની માનસિકતા અને ઍનર્જીમાં ફેર હોય છે. કેટલાક પુરુષોને સહધર્મચારિણી કે સાથી જોઈતી હોય છે. એમને સેવા કરે એવી અન્નપૂર્ણા કે દાસી બહુ એક્સાઇટ કરતી નથી!

બદલાતા સમય સાથે સ્ત્રીએ પોતાનો પરિવેશ બદલવાનો હોય છે... પરંતુ, દરેક વખતે સ્ત્રીને એ સગવડ નથી મળતી, જે પુરુષને મળે છે. પુરુષ પિતા થયા પછી પણ બાળકને લિમિટેડ સમય આપે તો ચાલે, કારકિર્દીની પાછળ પુરુષ પુષ્કળ પ્રવાસ કરે અને ઘરમાં ઓછા દિવસ હોય તો એ વિશે કદાચ પત્નીને કે પરિવારને ફરિયાદ હોઈ શકે, પરંતુ એ ફરિયાદનો સૂર પ્રમાણમાં માઇલ્ડ હોય, એની સામે જો સ્ત્રી મહિનાના વીસ-પચ્ચીસ દિવસ પ્રવાસ કરતી હોય તો એ વિશે ફરિયાદ ઘણી તીવ્ર થતી જાય. કારકિર્દી માટે પુરુષ આંધળું ઍમ્બિશન ધરાવતો હોય તો એમાં કોઈ પ્રૉબ્લેમ નથી, પરંતુ જો સ્ત્રી વધુ પડતી મહત્ત્વાકાંક્ષી હોય તો સમાજ, પરિવાર અને પતિ સહિત સૌ એ બાબતે નાનો-મોટો વિરોધ નોંધાવે જ... સમય બદલાયો છે. સ્ત્રીની કારકિર્દી હવે મહત્ત્વની જરૂરિયાત છે. યુવાન અને મૉડર્ન પતિ એવું ઇચ્છે છે કે, એની પત્ની કારકિર્દીમાં ધ્યાન આપે, પરંતુ એની સામે મોટા ભાગના પતિ કોઈ જવાબદારી લેવા તૈયાર થતા નથી... બાળક નોકર પાસે ઉછરે એવું ગુજરાતી મધરના સંસ્કારને અનુકૂળ નથી. સાસુ-સસરા, ઘરની જવાબદારીઓ વહેંચનાર ન હોય ત્યારે સ્ત્રી સામાન્ય રીતે પોતાની કારકિર્દી છોડીને ઘર સંભાળવાનું પસંદ કરે છે.

જે પતિદેવ પોતાની પત્ની પાસે કારકિર્દીની કે વ્યવસાયમાં જોડાજોડ કામ કરવાની અપેક્ષા રાખતા હોય, જે પતિને પેન્ટ પહેરેલી, ફટાફટ અંગ્રેજી બોલતી, ઘરમાં પગાર કે પૈસા લાવતી પત્નીનો મોહ હોય—એ પતિએ પત્નીની જવાબદારી ઓછી કરવાનો પ્રયાસ કરવો જોઈએ. બાળકને ક્વૉલિટી સમય આપવાથી શરૂ કરીને કેટલીક બાબતોમાં જો પત્નીની જવાબદારી ઘટાડી દેવામાં આવે તો ભણેલી-ગણેલી, પ્રૉફેશનલ ડિગ્રી ધરાવતી કોઈ સ્ત્રી આજના જમાનામાં ઘેર બેસવાનું પસંદ ન જ કરે.

• • •



પ્રૉફેશનલ નિર્ણય બે કાનની વચ્ચેથી લેવો પડે, બે પગ વચ્ચેથી નહીં

સફળ થઈ ગયેલા કે નાની ઉંમરે ઊંચી નોકરી પર બેસી ગયેલા, પૈસા કમાતા પુરુષોને ઘણી વાર એવું લાગે છે કે એમણે લગ્ન કરવામાં કે કમિટમૅન્ટ કરવામાં જરા ઉતાવળ કરી નાખી. હાઈ સોસાયટીમાં ફરતા અને પેજ-થ્રી ક્રાઉડ સાથે પાર્ટી કરતા આવા પુરુષોને પોતાની બૈરી દેશી અને બોરિંગ લાગે છે ત્યાં સુધી વાંધો નથી. ઘરનું ખાવાનું ન ભાવે તો ક્યારેક પાણીપૂરી, પાંઉભાજી, પાસ્તા કે નૉનવેજ ખાઈ લેવામાં પણ એતરાઝ ન કરી શકાય... પોતપોતાના સ્વાદ અને સુખનો દરેકને અધિકાર છે! આવા સંબંધો વિશે વાંધો લઈ શકે તેવી એક જ વ્યક્તિ છે—એ છે, આવા સફળ પુરુષની પત્ની.

“**તેં** મન્વિતાને જોઈ?” વિકાસે એની કેબિનમાં બેઠેલા પૃથ્વીશને પૂછ્યું, “મન્વિતા રાનડે.” પૃથ્વીશના ચહેરા પર એક લુચ્ચું સ્મિત આવી ગયું, “માલ છે યાર.”

“હં...” પૃથ્વીશે ડોકું ધુણાવ્યું, “પરફેક્ટ ટેન.” કહીને પૃથ્વીશે આંખ મારી, “ઉઠાવી લે.”

“મારે ઉઠાવવાની જરૂર જ નહીં પડે. એ જાતે જ આવીને મારા ખોળામાં પડશે. લૉ ઑફ ગ્રેવિટેશન, ખબર છે ને?” વિકાસ હસવા લાગ્યો.

“હા યાર, તું જે ખુરશી પર બેઠો છે એ ખુરશી તો મેગ્નેટની બનેલી છે.” કહીને પૃથ્વીશ ઊભો થયો, “ટેલ મી અબાઉટ ઇટ.”

“સાલા, પરવર્ટ.” કહીને વિકાસે ફરી આંખ મારી, “તારે જોઈએ તો વીડિયો બનાવી દઉં. જોયા જ કરજે.”

“જોઈને જીવ જ બાળવાનો ને?” કહીને પૃથ્વીશ બહાર જવા લાગ્યો.

“ના રે.” વિકાસે ગંદી રીતે હોઠ પર જીભ ફેરવી, “મારું પેટ ભરાઈ જાય પછી બીજા ખાય એનો મને વાંધો નથી.”

“વાહ વાહ!” પૃથ્વીશે પણ એટલી જ ગંદી રીતે જીભ બહાર કાઢી, “મને એઠું ખાવામાં ઇગો પ્રૉબ્લેમ નથી,

એઝ લોંગ એઝ ઇટ ઇઝ ટેસ્ટી." હસતાં હસતાં બંને જણા છૂટા પડ્યા.

થોડાક જ વખતમાં મન્વિતા રાનડે એના ડિપાર્ટમેન્ટની હેડ થઈ ગઈ. છેલ્લાં આઠ-દસ વર્ષથી કામ કરતા લોકો ખૂબ દુ:ખી થયા ને ખૂબ ઉશ્કેરાયા, પણ એમાં કંઈ થઈ શકે એમ નહોતું. પ્રાઇવેટ કંપનીમાં આ જ સમસ્યાઓ આવી જ રીતે ચાલ્યા કરતી હોય છે...

મન્વિતા રાનડે રૂપાળી અને સૅક્સી હતી. અઠ્ઠાવીસ વર્ષની એ છોકરી ફક્ત બે વર્ષના જુનિયર લેવલના ઍક્સપિરિયન્સ પછી અહીં જોડાઈ હતી. એની પાસે આવડત નહોતી એવું નહોતું, પરંતુ એની આવડત એને સોંપવામાં આવેલી ખુરશી માટે ઘણી ઓછી હતી. જોકે એની પાસે થોડુંક વધારાનું ક્વૉલિફિકેશન હતું... એના અને વિકાસના સંબંધો વિશે ચણભણ થવા લાગી, થતી રહી.

એક વાર એવું થયું કે એક મોટો ક્લાયન્ટ મન્વિતાના બિહેવિયરને કારણે કંપની સાથે છેડો ફાડી બેઠો ત્યારે વિકાસને એની ભૂલ સમજાઈ. વિકાસની પોતાની નોકરી જોખમમાં આવી ગઈ ત્યારે એને ભૂલ સમજાઈ... પરંતુ ત્યારે મોડું થઈ ગયું હતું.

•

સ્ત્રી કે સંબંધોનો શોખ હોવો એમાં કંઈ ખોટું નથી. સફળતાની સીડીઓ ચડી ગયેલા, અને એક મુકામે પહોંચેલા ઘણા પુરુષોને આવો શોખ હોય છે. જુનિયર લેવલની સ્ટાફમાં કામ કરતી છોકરીઓથી શરૂ કરીને બી-ગ્રેડની ફિલ્મ ઍક્ટ્રેસ, આઇટમ ગર્લ્સ કે મૉડેલ્સ સુધી આ શોખ લંબાતો હોય છે. ફાવે અને પોસાય ત્યાં સુધી કશુંય ખોટું નથી અથવા દરેકના મૉરલની વ્યાખ્યાઓ અલગ હોય એ સ્વાભાવિક છે. કોણે શું કરવું જોઈએ એ વિશેના નિર્ણય કરવાનો અધિકાર બીજા કોઈને નથી. લગ્ન બહાર કે લગ્ન પહેલાંના શારીરિક સંબંધો ગુનો છે કે પાપ છે એવું માનવાનું કોઈ કારણ નથી. મહત્ત્વની વાત એ છે કે જ્યાં સુધી એ સંબંધો આપણા વ્યવસાય કે કારકિર્દીને અસર ન કરે ત્યાં સુધી એ સંબંધો વિશે કોઈ વાંધો લઈ શકાય નહીં.

સફળ થઈ ગયેલા કે નાની ઉંમરે ઊંચી નોકરી પર બેસી ગયેલા, પૈસા કમાતા પુરુષોને ઘણી વાર એવું લાગે છે કે એમણે લગ્ન કરવામાં કે કમિટમૅન્ટ કરવામાં જરા ઉતાવળ કરી નાખી. હાઈ સોસાયટીમાં ફરતા અને પેજ-થ્રી ક્રાઉડ સાથે પાર્ટી કરતા આવા પુરુષોને પોતાની બૈરી દેશી અને બોરિંગ લાગે છે ત્યાં સુધી વાંધો નથી. ઘરનું ખાવાનું ન ભાવે તો ક્યારેક પાણીપૂરી, પાંઉભાજી, પાસ્તા કે નૉનવૅજ ખાઈ લેવામાં પણ એતરાઝ ન કરી શકાય... પોતપોતાના સ્વાદ અને સુખનો દરેકને અધિકાર છે! આવા સંબંધો વિશે વાંધો લઈ શકે તેવી એક જ વ્યક્તિ છે—એ છે, આવા સફળ પુરુષની પત્ની.

કૉર્પોરેટમાં કે બ્યુરોક્રસીમાં કામ કરતા મોટા ભાગના પુરુષોને શોખ અને સમજણ વચ્ચે બૅલેન્સ કરતાં આવડી ગયું હોય છે. પ્રેમબ્રેમના લફરામાં પડવા કરતાં મોજમજા અને મસ્તીના સંબંધો એમને વધુ અનુકૂળ આવે છે. સામે પક્ષે ઝડપથી આગળ વધવા માગતી છોકરીઓ પણ આવા પુરુષોની હરકતોને કાં તો નજરઅંદાજ કરે છે અને કાં તો સબમિટ થઈ જાય છે. એમને માટે પણ એમની કારકિર્દી એમના મૉરલ્સ કરતાં લિસ્ટમાં આગળ ગોઠવાઈ જતી હોય છે.

સંબંધોના આ ગણિતમાં જેને જે કરવું હોય તે કરે. બે એડલ્ટ લોકો પોતાની મરજીથી જે સંબંધમાં દાખલ થાય તે સંબંધ એમની ઇચ્છા—મરજી અને જવાબદારીથી બંધાતો અને સચવાતો હોય છે. કેટલાક પુરુષો આવા સંબંધમાં પોતાની લિમિટ ઓળંગી જાય છે. સત્તા હાથમાં હોય ત્યારે પોતાની ગર્લફ્રૅન્ડ કે પ્રિયતમાના

પ્રમોશનથી શરૂ કરીને કોઈને નુકસાન કરવાનું કે બ્લૅકમેઇલ કરવાનું કામ પણ આ પ્રકારના લોકો કરી લેતા હોય છે. મુદ્દો એ છે કે શોખ અથવા મિજાજ અને સત્તા અથવા માનસિકતા બે જુદી બાબતો છે. આખો દિવસ ઘરની બહાર રહેતી, કામ કરતી સ્ત્રી ઘેર પાછી ફરે ત્યારે એની ઝંખના કોઈ ફાઇવસ્ટાર હોટૅલના રૂમ જેવા ઘરની હોય છે. આ ઝંખના ક્યારેય પૂરી નથી થતી... ગમે તેટલું કમાતી સ્ત્રીએ પણ સામાન્ય રીતે ઘેર આવીને બાળકો, રસોડા કે સોશિયલ જવાબદારીઓ પરત્વે ધ્યાન આપવાનું હોય છે. ગમે તેટલો ગ્લેમરસ સત્તા ધરાવતો પુરુષ પણ એક વાર ઘરે આવે એટલે એણે ડોમેસ્ટિક બાબતોમાં રસ લેવો જ પડે છે. જિંદગીની આ સચ્ચાઈઓ ઘણી વાર ઘણા લોકોથી પચાવી શકાતી નથી. એવા લોકો ક્યારેક આ કડવા સત્યોથી ભાગવા માટે નાનાં નાનાં પરાક્રમો કે છમકલાં કરી લેતા હોય છે...

આ બધું જ સમજી-સ્વીકારી કે સહજપણે સાંભળી શકાય એવું છે, પણ જે કંપની કે સરકાર લાખો રૂપિયાનો પગાર આપીને એમની આવડત, ટૅલેન્ટ, નિર્ણયશક્તિ અને સમજદારી પોતાની કંપની કે સરકાર માટે ખરીદતી હોય છે એમને આવાં પરાક્રમો કે છમકલાં બહુ મોંઘાં પડી શકે છે. 'કૉર્પોરેટ' નામની એક ફિલ્મમાં સ્ત્રીઓ પર વારંવાર નજર બગાડતા એક માણસને પાઠ ભણાવવા બિપાશા બાસુ એક કૉલગર્લ પાસે માહિતીની ઉઠાંતરી કરાવે છે! આવા લોકોને એ નથી સમજાતું કે જે મહેનત, લગન અને ધગશથી પોતાના પરિવારના કલાકોનો ભોગ આપીને એ જ્યાં પહોંચ્યા છે એ જગ્યાએ પહોંચવા માટે ઘણા લોકો પ્રતીક્ષા કરી રહ્યા છે. સહેજ નાનકડી ચૂક થાય તો એમની જગ્યાએ બેસી જવા માટેનો ઉમેદવાર કે ઉમેદવારો તૈયાર જ છે!

સત્તા, પદ કે ખુરશી મળી જવાથી સમજ આવતી નથી. એમાંય જે લોકોને આ બધું પ્રમાણમાં સરળતાથી મળ્યું હોય એ લોકો માટે 'નોકરી'ની કિંમત જેટલા બીજા લોકોને હોય છે એટલી નથી હોતી. આવા લોકો પોતાના સુખ માટે કે શોખ માટે કે ઇગો પ્રૉબ્લેમ માટે પોતાના હાથ નીચે કામ કરતી ફર્સ્ટ, સૅકન્ડ કે થર્ડ વર્ગના સ્ટાફની છોકરીઓને ઍક્સપ્લોઇડ કરતાં અચકાતા નથી. સ્વાભાવિક વાત એ છે કે યુવાન છોકરાઓને ઝડપથી આગળ નીકળી જવાનો, સફળ થઈ જવાનો કે બીજાઓને પાછળ છોડી દેવાનો મોહ સામાન્ય રીતે હોય છે. સામેની વ્યક્તિ ઇચ્છે કે ના ઇચ્છે, ટીનએજમાં કે એના પછીનાં થોડાં વર્ષો પછી 'ખૂબ' બધો પાવર જોઈએ છે અથવા 'બહુ' જ પૈસા જોઈએ છે, એમાંની કોઈ બાબતમાં કૉમ્પ્રોમાઇઝ કરવાની તૈયારી હોતી નથી... અનુભવ કે આવડત હજી એટલાં વિકસ્યાં હોતાં નથી એટલે મહેનત કે અક્કલને બદલે જો 'બીજું કંઈ' ઑફર કરી શકાય તો કદાચ કામ જલદી પતે એવું આજની યુવા પેઢી માને છે.

મુદ્દો એ નથી કે આવી લફરાંબાજી કરવી જોઈએ કે નહીં, મુદ્દો એ છે કે આવી લફરાંબાજી કરતાં પહેલાં કંપનીના હિત અને નુકસાનનો વિચાર કરી લેવો જોઈએ. એક અંગ્રેજી કહેવત પ્રમાણે 'કેટલાક લોકોની બુદ્ધિ એમના બે વચ્ચેથી ઑપરેટ કરે છે'. એમને એ નથી સમજાતું કે એમનો પુરુષ તરીકેના, બૉસ તરીકેના કે સ્ટાર તરીકેના ઇગોને પંપાળવા જતાં એ કેટલાં બધાં ભવિષ્યોને દાવ પર લગાવી રહ્યા છે. અંગત બાબતો કે શોખ, જ્યાં સુધી અંગત રહે ત્યાં સુધી કોઈ પ્રૉબ્લેમ જ નથી. શરાબ, સિગરેટ, જુગાર કે સ્ત્રી એવી બાબતો છે, જે કોઈ પણ સામાન્ય વ્યક્તિને લલચાવી શકે—આકર્ષી શકે અથવા મોહિત કરી શકે, પરંતુ જ્યારે આપણું ઘર ચલાવતી, પગાર આપતી કંપની કે સરકારની સામેના પલડામાં આવા અંગત શોખ મૂકીને વજન કરવામાં આવે ત્યારે એટલિસ્ટ પ્રામાણિકતા અને વ્યવસાયિકતા કામે લગાડવી જોઈએ.

જે પ્રૉફેશને આટલી સફળતા, આવી સિદ્ધિઓ, આટલા લોકો અને આવી લાઇફસ્ટાઇલ આપણને આપી છે એ કંપની કે સરકારને પોતાના શોખ ખાતર બાર્ટર કરી નાખવા યોગ્ય છે? બી-ગ્રેડની ઍક્ટ્રેસના બદલામાં

કૉન્ટ્રેક્ટ, શરાબની એક બૉટલના બદલામાં એકાદ સહી કે થોડા રૂપિયાના બદલે થોડી ઇન્ફર્મેશન... આપણી મૂર્ખતાનો નમૂનો છે. દરેકને લાગે છે કે હું ક્યાં કંઈ બહુ મોટી ઝોલઝાલ કરું છું, પરંતુ આવી નાની-નાની કેટલીયે 'ઝોલઝાલ' ભેગી થઈને એક ઝાળ બની જાય છે, જે કંપનીને તહસનહસ કરી નાખે છે.

લાંચિયા અમલદારનો હજીયે ભરોસો થઈ શકે, પણ લંપટ અમલદાર પોતાના ઘરને, પરિવારને, પોતાની જાતને અને પોતાની કંપની અથવા સરકારને એકસાથે નુકસાન કરે છે.

• • •



'ધર્મ'ની રાખડી, અધર્મનો શૉર્ટકટ?

પુરુષ પ્રકૃતિએ શિકારી છે. શિકાર કરવામાં એનો અહમ્ પોસાય છે, ને એમાં શું ખોટું છે? જે પુરુષો વીરની જેમ આયુધ સજીને પૂરી મહેનતથી અને શક્તિથી જ્યારે કોઈ હરણીનો શિકાર કરે છે ત્યારે એમાં કશું સંતાડવા કે છુપાવવા જેવું નથી હોતું. એ વિશે એમને કોઈ અફસોસ પણ નથી હોતો, ન હોવો જોઈએ. જેને જે ગમે તે કરે અને જેવું ગમે તેવું જીવે... પરંતુ જ્યારે આવા ભાઈ-બહેન જેવા પવિત્ર સંબંધના ઓઠા હેઠળ પોતાની શારીરિક ભૂખ કે લફરાંબાજીની જરૂરિયાત સંતોષવામાં આવે ત્યારે એવા લોકોને સમાજમાં ખુલ્લા પાડવા જરૂરી છે.

"**આ** બાજુવાળી માલિની આપણે ઘેર શેને માટે આંટા મારે છે?" શિલ્પાએ છણકો કરીને પૂછ્યું, "જ્યારે આવે ત્યારે કંઈક ખાવાનું લઈને આવે... ખોટા ખોટા મસકા મારે..."

"તને તો કોઈ નથી ગમતું." મિલને જરાક કંટાળા સાથે કહ્યું.

"એટલે? હું ખોટું કહું છું? મને એક વાત કહો. હું આખી બપોર નવરી હોઉં છું ત્યારે કેમ નથી આવતી? તમે ઘરે આવ્યા નથી કે પાછળ ને પાછળ કંઈક ખાવાનું લઈને આવે, કાં તો એનો ફોન બગડી ગયો હોય, કાં તો એને આજનું છાપું જોઈતું હોય..." શિલ્પાએ વધારે ગુસ્સે થઈને કહ્યું, "હું નથી સમજતી એવું નથી. બધુંય દેખાય છે ને બધુંય સમજાય છે, પણ બોલતી નથી."

"કમળો હોય એને પીળું દેખાય ને અક્કલ હોય એવું સમજાય." કહીને મિલન ત્યાંથી ઊભો થઈ ગયો, પણ એ વાતનો અંત ત્યાં આવ્યો નહીં. શિલ્પાને મિલન અને માલિનીના વર્તન પર સતત શંકા પડતી રહી. આખરે એ વાતનો અંત લાવવા માટે મિલને એની પડોસણ માલિની પાસે રાખડી બંધાવી...

રાખડી તો શિલ્પાને ચૂપ કરવા માટે બાંધવામાં આવી હતી. ન માલિનીને એ રાખડીમાં કોઈ રસ હતો કે ન મિલનને એ રાખડીનું કોઈ મૂલ્ય. શિલ્પા હવે ખુલ્લેઆમ ફરિયાદ કરી શકે એમ નહોતી, પણ એની સિક્સ્થ સેન્સ એને વારેવારે આ વિશે સજાગ કરતી રહી. એક દિવસ શિલ્પાએ પિયર રોકાવા જવાનું બહાનું કરીને ઘરમાં એકાંત ઊભું કર્યું, પોતાની પાસેની ચાવીથી રાત્રે જ્યારે દરવાજો ખોલ્યો ત્યારે મિલન અને માલિની

એકબીજાના બાહુપાશમાં મિલનના બેડરૂમમાં જે સ્થિતિમાં હતાં એમાં કોઈએ કોઈને કંઈ પૂછવાનું કે કહેવાનું બાકી ન રહ્યું.

•

રાખડી ભાઈ-બહેનના સંબંધનું પવિત્ર પ્રતીક છે. હિન્દુ સમાજમાં રાખડી બાંધવાની પ્રક્રિયાને બહુ સન્માનથી, બહુ ગૌરવથી અને બહુ ઇમોશનલી જોવામાં આવે છે. સગા ભાઈની સાથે તો આ સંબંધ હોય જ છે, પરંતુ એથી આગળ વધીને મામા, કાકા, ફોઈ, માસીના દીકરાઓ અને પડોશીઓ સુધી આ સંબંધ લંબાતો હોય છે. બધા જ સંબંધો ખોટા કે ખરાબ હોય એવું તો ના જ બને, પરંતુ કેટલીક વાર બાળપણમાં દેખાદેખી બાંધવામાં આવેલી આ રાખડી યુવાન થયેલાં દિલોને ગળામાં ફાંસા જેવી લાગતી હોય છે. એવી જ રીતે સ્ત્રી-પુરુષ જ્યારે નિકટ હોય ત્યારે બેમાંથી એકના સ્પાઉસને ચૂપ કરવા માટે રાખડીથી મોટી કોઈ ઢાલ નથી.

સવાલ એ છે કે આવી રીતે રાખડી બાંધવા કે બંધાવવાથી હૃદયની લાગણીઓ પર કાબૂ મેળવી શકાય છે? કોઈ પણ સ્ત્રીને બહેન બનાવવી એટલે એના સ્વમાન અને રક્ષાની જવાબદારી સ્વીકારવી પડે. રાખડી એ કોઈ રમત કે ચાલ નથી. આજના સમયમાં આ રાખડીની વાત જરા જુદી રીતે વપરાવા માંડી છે. બે બહેનપણીઓ જ્યારે કૉલેજમાં કે સ્કૂલમાં એકસાથે યુવાન થાય ત્યારે જો બેમાંથી એકને બૉયફ્રેન્ડ મળી જાય તો બીજી તરત એને ભાઈ બનાવી લે છે... એવી જ રીતે બે મિત્રોમાંથી એકની ગર્લફ્રેન્ડ પોતાના બૉયફ્રેન્ડના ગાઢ મિત્રને ભાઈ બનાવવામાં સલામતી અને સમજદારી બંને જોઈ શકે છે. ઘણા પુરુષો પોતાનાથી નાની કે મોટી કોઈ પણ ઉંમરની સ્ત્રીને 'બહેન'ના સંબોધનથી જ વાત કરે છે. આ એમનો સ્વભાવ હોઈ શકે, પ્રકૃતિ કે સંસ્કાર હોઈ શકે. એમાં શંકા કરવાની જરૂર નથી, પરંતુ કેટલાક પુરુષો આ 'બહેન'ના સંબોધન હેઠળ ખાનગીમાં 'મજા' કરી લેવાનું લાઇસન્સ મેળવી લેતા હોય છે. જ્યાં સુધી આ સંબોધન જેન્યુઇન કે પ્રામાણિક હોય ત્યાં સુધી આવા પુરુષોનું સન્માન કરવાની ઇચ્છા થાય, પરંતુ જાહેરમાં 'બહેન' કહીને નજીક આવવાનો પ્રયત્ન કરતા આવા પુરુષો જ્યારે એકાંતમાં પ્રણય-નિવેદનો કરે ત્યારે એમના દંભ અને દોઘલાપણાને કેમ સ્વીકારી શકાય?

રાખડી બાંધીને ભાઈ-બહેન બનેલા સંબંધને 'ધર્મના ભાઈ-બહેન'નો સંબંધ પણ કહેવાય છે, મુંહબોલા કે માનેલાં ભાઈ-બહેન પણ કહેવાય છે. મૂળ વાત એ છે કે આ 'ધર્મના ભાઈ-બહેનનો સંબંધ' કેટલીયે વાર અધર્મ આચરવા માટે સૌથી મોટી મદદ પૂરી પાડે છે. આપણે બધા જ અમુક પ્રકારની માનસિકતામાં સંડોવાયેલા લોકો છીએ. જ્યાં 'ધર્મ' શબ્દનો ઉપયોગ થાય ત્યાં આપણે બધા જ જરા વીક અને જરા ઇમોશનલ બનીને ખુશી ખુશી બેવકૂફ બનવા તૈયાર થઈએ છીએ. રાખડીઓ બાંધવાથી ભાઈ-બહેનના સંબંધનું ઇમોશન ઊભું થઈ જ જશે અથવા પોતાનો પતિ કે પત્ની જે અનુભવી રહ્યાં છે તે કન્ટ્રોલમાં રહેશે અથવા પોતાનો બૉયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડ હવે બીજી વ્યક્તિ તરફ આકર્ષણ નહીં અનુભવે, જસ્ટ બિકોઝ એમણે રાખડી બાંધી છે! વ્હૉટ રબીશ?!

પુરુષ સ્વભાવે જ કદાચ રંગીન મિજાજ હોઈ શકે. એવું બને કે એને એક કરતાં વધુ સ્ત્રીઓમાં રસ હોય એની સામે કોઈ વાંધો ઉઠાવવાની કે વિરોધ કરવાની જરૂર નથી હોતી. દુનિયાના કોઈ પણ માણસને પોતાની લાગણી વ્યક્ત કરવાનો અધિકાર છે જ, મળવો જ જોઈએ, પરંતુ મહત્ત્વની વાત એ છે કે પોતાના રસ કે પોતાની પ્રકૃતિના સત્યને સ્વીકારવાને બદલે એને સમાજની સામે પોતાની સારાઈ તરીકે, પોતાની મહાનતા તરીકે રજૂ કરીને ખાનગીમાં પોતાના આવા શોખને પોષવાની વૃત્તિને ક્યારેય પ્રોત્સાહન આપી શકાય નહીં.

મજા કરવાનો અધિકાર સ્ત્રી કે પુરુષની જાતિ પરથી નક્કી નથી થતો. મજા કરવાનો અધિકાર દરેક વ્યક્તિને

છે અને એ અધિકાર કોઈ છીનવી શકે નહીં, પરંતુ જો કોઈ વ્યક્તિને શોખ હોય તો એ છુપાવીને, એને વિશે સાવ જુદી જ વાત રજૂ કરીને સમાજની નજરમાં પોતાની છબિને કોઈ ગોડફાધર કે સ્પૉટલેસ વ્યક્તિ તરીકે સાચવી રાખવા માટે જ્યારે આવા રાખડીઓના કે બહેન જેવાં સંબોધનોના આશરા લેવામાં આવે ત્યારે એ પુરુષને કાયર કે નપુંસક સિવાય બીજું શું કહી શકાય?

પુરુષ પ્રકૃતિએ શિકારી છે. શિકાર કરવામાં એનો અહમ્ પોષાય છે, ને એમાં શું ખોટું છે? જે પુરુષો વીરની જેમ આયુધ સજીને પૂરી મહેનતથી અને શક્તિથી જ્યારે કોઈ હરણીનો શિકાર કરે છે ત્યારે એમાં કશું સંતાડવા કે છુપાવવા જેવું નથી હોતું. એ વિશે એમને કોઈ અફસોસ પણ નથી હોતો, ન હોવો જોઈએ. જેને જે ગમે તે કરે અને જેવું ગમે તેવું જીવે... પરંતુ જ્યારે આવા ભાઈ-બહેન જેવા પવિત્ર સંબંધના ઓઠા હેઠળ પોતાની શારીરિક ભૂખ કે લફરાંબાજીની જરૂરિયાત સંતોષવામાં આવે ત્યારે એવા લોકોને સમાજમાં ખુલ્લા પાડવા જરૂરી છે.

બાળપણમાં કેટલીક વાર માતાપિતા પોતાનાં સંતાનો પાસે રાખડી બંધાવે છે. સ્કૂલમાં ભણતાં ના-સમજ સંતાનોને કલ્પના પણ નથી હોતી કે કિશોરાવસ્થામાં આ જ વ્યક્તિ પ્રત્યે આકર્ષણ થશે કે યુવા અવસ્થામાં આની જ સાથે પ્રેમ થશે... એવા સમયે માતાપિતા અણસમજમાં બંધાયેલી રાખડીનાં રોદણાં રડે છે... ત્યારે એવાં માતાપિતાએ સમજવું જોઈએ કે આકર્ષણ અત્યંત સ્વાભાવિક બાબત છે. અણસમજમાં બંધાયેલી આવી રાખડીઓ ક્યારેય અંતિમ સત્ય પુરવાર થઈ શકતી નથી. એક તરફથી રાખડી બાંધે અને બીજી તરફ રોમાન્સ કરે એવી દોઘલી મનોવૃત્તિમાં પોતાના સંતાનને ધકેલવાને બદલે એમના મનમાં જાગેલા આ આકર્ષણને સ્વાભાવિકતાથી સ્વીકારીને એમને આ રાખડીના સ્ટૂપિડ બંધનમાંથી મુક્ત કરી દેવાની માતાપિતાની ફરજ છે...

પડોશી, મિત્રની પત્ની, ઑફિસમાં સાથે કામ કરતી સ્ત્રી કે ફ્રેન્ડની ગર્લફ્રેન્ડ માટે આકર્ષણ જાગે ત્યારે એને દબાવવાને બદલે સહજતાથી સ્વીકારીને સ્વયં સાથે સંવાદ કરવો એ આવા આકર્ષણમાંથી બહાર આવવાનો સરળ રસ્તો છે. વરાળને પ્રેશર કૂકરમાં કેદ કરવાથી એક ને એક દિવસ સિસોટી જરૂર વાગવાની! એને બદલે બહેનપણીનો બૉયફ્રેન્ડ કે બહેનપણીનો પતિ, ભાભીનો ભાઈ કે પડોશમાં આવેલા યુગલમાંનો પુરુષ... ગમે કે આકર્ષક લાગે તો એ વાતને ખુલ્લીને કહી દેવામાં કોઈ નુકસાન નથી. મનમાં દબાવેલી વાત ક્યાંક ને ક્યાંક પોતાનું અસ્તિત્વ નોંધાવ્યા વિના નહીં રહે, એટલું નક્કી. આકર્ષણ બહુ સ્વાભાવિક પ્રક્રિયા છે. જેમ એક ફૂલ ગમે, કોઈ સાડી કે કપડું ગમે, કંઈક ખાવાનું ભાવે કે કોઈક દાગીનો ગમી જાય, એટલી જ સ્વાભાવિકતાથી કોઈ વ્યક્તિ એના ગુણ કે દેખાવથી આપણને ગમી જાય.

રાખડીઓ બાંધીને આ આકર્ષણને કન્ટ્રોલમાં રાખવાનો પ્રયાસ વ્યર્થ છે. જે લોકો એમ માનતા હોય કે આવી રાખડીઓ બાંધવા કે બંધાવવાથી આકર્ષણને ખાળી કે રોકી શકાશે એ લોકોએ પોતાની માનસિકતાને ઝંઝોડી નાખીને, ખંખેરી નાખીને એટલું સમજવાની જરૂર છે કે રાખડીનો સંબંધ મૂળતઃ ઇમોશન, લાગણી કે જવાબદારીનો સંબંધ છે. સગાં ભાઈ-બહેન રાખડી બાંધે કે ન બાંધે, એમની વચ્ચે આ સંબંધ સામાન્ય સંજોગોમાં બદલી શકાતો નથી અને આવા 'ધર્મનાં ભાઈબહેન' ગમે તેટલી રાખડીઓ બાંધે, પણ જો એનું મૂળ આકર્ષણ હોય તો આવી રાખડીઓનાં બંધન એમને રોકી શકવાનાં નથી.

• • •

કાજલ ઓઝા વૈદ્યનાં પુસ્તકો

નવલકથા

કૃષ્ણાયન કૃષ્ણના જીવનની ત્રણ સ્ત્રીઓ. રાધા, રુક્મિણી અને દ્રૌપદી—પ્રેયસી, પત્ની અને મિત્ર... માણસ થઈને જીવી ગયેલા ઈશ્વર સાથે પોતાના મનની વાત કરે છે. અંગ્રેજી, મરાઠી, હિન્દી ભાષામાં અનુવાદિત અને ગુજરાતીમાં પાંચ વર્ષમાં અગિયાર આવૃત્તિ જીવી ચૂકેલી ધબકતી નવલકથા.

દ્રૌપદી સ્ત્રીઓને પુરાણોનાં પાનાંઓમાંથી જગાડીને સદીઓથી એમની આંખો પર છવાઈ ગયેલાં ઊંઘનાં આવરણ હટાવીને મારે કશુંક એવું કહેવું છે, જેમાં એ સ્ત્રીઓ તો છે જ—સાથે સાથે થોડીક હું છું, થોડાક તમે છો અને થોડીક આપણી સહભાગે વહેંચાતી સમસંવેદનાઓ છે. આ દ્રૌપદી 'આજની' છે—હજી જીવે છે ક્યાંક, તમારા અને મારામાં પણ...!

મધ્યબિંદુ જે સ્ત્રીને પતિ અને પ્રેમીની વચ્ચે બે જિંદગી જીવતાં આવડે છે એવી સ્ત્રીના પ્રણયની સંવેદનશીલ અને છતાં હૃદયમાંથી નીકળતી સાચી વાત. 'દિવ્ય ભાસ્કર'ના વાચકોને સ્પર્શી ગયેલી પહેલી બોલ્ડ ગુજરાતી નવલકથા.

મૌનરાગ અંજલિ પોતે જ પોતાની કેદી છે! અંજલિ અને એની આ પીડા... સાથે સાથે વહેતા અનિરુદ્ધ અને અક્ષયની બંધ હોઠોમાં કહેવાતી લગ્નજીવનથી લંબાઈને ભૂતકાળના પ્રેમસંબંધ સુધી ફેલાતી વ્યથા-કથા.

છલ (ભાગ ૧-૨) નિયતિ અને રેવતી... એક જેવી દેખાતી બે ટ્વીન બહેનોની તદ્દન જુદી જિંદગીની રસપ્રદ વાર્તા.

પારિજાતનું પરોઢ ધર્મની ગાદી પર બેઠેલા એક એવા માણસની કથા જે ધર્મની વ્યાખ્યા ધરમૂળથી બદલવા માગે છે. 'ધર્મ પ્રેમ છે કે પ્રેમ જ ધર્મ?' એ સવાલ સૌને પૂછતી એક વિધર્મી પ્રેમીઓની સ્વધર્મ કથા.

એક સાંજના સરનામે આથમતી સંધ્યાએ પાંગરતા પ્રણયની એક એવી વાત, જેમાં પ્રેમની વ્યાખ્યા નવેસરથી લખવાનો પ્રયાસ છે. અનેક જુદાં સ્થળ અને સંવેદનોમાં જીવતી સ્ત્રીઓના મનોભાવોના તાણાવાણા ગૂંથીને બનાવેલું એક ભાતીગળ પોત એટલે નવા સમયની નવલકથા.

તારા વિનાના શહેરમાં જાતથી ભાગતી રાધિકાના પ્રવાસની એવી વાત જેમાં પડાવ તો અનેક આવે છે, પરંતુ મંઝિલ ક્યાંય મળતી નથી. પ્રેમ પામવાનો પ્રયત્ન ખરેખર આટલી બધી પીડા આપતો હશે? 'મુંબઈ સમાચાર'ના વાચકોએ વખાણેલી નવલકથા.

પોતપોતાની પાનખર (ભાગ ૧-૨) અનાહિતા અને શિવાંગી વચ્ચે જીવતા કરણને પોતાનું અસ્તિત્વ શોધવું છે. અસ્તિત્વની આ શોધમાં નીકળી પડેલા ત્રણેય જણાના રસ્તામાં સવાલોની સાથે સાથે સંબંધો અને સત્યો એવી રીતે સેળભેળ થઈ જાય છે કે ત્રણેય એકબીજામાં ગૂંથાઈને એકસાથે જીવવા મજબૂર થઈ જાય છે. સમય સાથે વહેતી સંબંધોની સંવેદનશીલ નવલકથા.

લીલું સગપણ લોહીનું શૈલરાજ અને સિકંદર... લોહી એક ને સગપણ કાંઈ નહીં! વેરમાંથી વહાલ સુધીના વિસ્તૃત પ્રવાસની વેદના એક પછી એક એવા વળાંક લે છે જેમાં માણસના માણસ સાથેના સંબંધની એક સુંદર વાર્તા સર્જાય છે. 'સંદેશ'ના પાના ઉપર વાચકોની સાથે વહેતી રહેલી નવલકથા.

સત્ય-અસત્ય (પ્રકાશ્ય) બિનજરૂરી રીતે ફક્ત શોખ માટે કે વાતને ટાળી જવા માટે જૂઠું બોલતો સત્યજીત... પ્રિયંકા અને આદિત્યની આ પ્રણયકથા સાવ જુદી રીતે આકાર પામે છે. કૃષ્ણએ મહાભારતમાં કહ્યું હતું, 'મિથ્યા અને અસત્ય વચ્ચે તફાવત છે.' સત્યજીતના સત્ય અને અસત્યને એકબીજા સાથે તાણાવાણામાં ગૂંથીને સર્જાતી એક આગવી સંવેદનશીલ નવલકથા.

સન્નાટાનું સરનામું અહીં બધાં જ પાત્રો પોતે જ પોતાની દયા ખાય છે... પોતાના દુર્ભાગ્ય પર અફસોસ કરે છે પોતાના અભાવ સાથે એકાકાર થઈને જીવે છે. ખાલીપો એમનું ભાગ્ય છે, વિફળતા એમની નિયતિ! અહમ્ અને સ્વમાન વચ્ચેની ભેદરેખા ઓળંગીને બહાર નીકળી જતી સ્ત્રીનાં સંવેદનોની એક એકલવાયી કથા.

ચહેરા પાછળ ચહેરો એક સુપરસ્ટારની જિંદગી પર પીએચ.ડી. કરવા નીકળેલો યુવાન સપડાય છે એક થ્રિલરમાં. અંડરવર્લ્ડ ડૉન અને ફિલ્મ સ્ટાર દીકરીની વચ્ચેના વમળમાં અટવાતા એક ગુજરાતી યુવાનની જિંદગીમાં આવતા ઉતાર-ચડાવની કથા.

શુક્ર-મંગળ પાને-પાને જકડી રાખતી, સંબંધોનાં સમીકરણોને ઉથલાવી-પલટાવી અને વેરવિખેર કરી નાખતી અંડર વર્લ્ડ સાથે જોડાયેલા વેર અને પ્રણયની એક જબરજસ્ત થ્રીલર.

દરિયો એક તરસનો માનસશાસ્ત્રના પ્રશ્નો પર નવલકથાઓ ગુજરાતી ભાષામાં ઓછી લખાઈ છે. 'પર્સનાલીટી ડિસઓર્ડર' ઓછાવત્તા અંશે બધામાં હોય છે. 'દરિયો એક તરસનો' વિક્ષિપ્ત-વિખંડિત-વિખરાયેલાં વ્યક્તિત્વોની એક એવી જીગ્સો છે જેના કેટલાક ટુકડાઓ ખોવાઈ ગયા છે. આપણી ઇચ્છા અને સંબંધના સત્ય વચ્ચેની ખાલી જગ્યા એટલે 'દરિયો એક તરસનો'.

યોગ-વિયોગ (ભાગ ૧-૨-૩) 'યોગ-વિયોગ' છે સંબંધોના તાણાવાણા ઉકેલતી એક કથા. 'ચિત્રલેખા'ના પાના ઉપર ૭૬ પ્રકરણ સુધી સફળતાપૂર્વક વાચકોને જકડી રાખનાર અદ્ભુત નવલકથા.

પૂર્ણ-અપૂર્ણ (ભાગ ૧-૨) જેમ માણસથી ભૂલ થાય એમ ક્યારેક સર્જનહાર પણ ગૂંચવાઈ જતો હશે. પુરુષની પૂરેપૂરી માનસિકતા ધરાવતું સ્ત્રીનું શરીર કે સ્ત્રીની સંપૂર્ણ માનસિકતા અને નજાકત ધરાવતું પુરુષનું શરીર બહુ નવાઈની વાત નાથી. આપણા સમાજનો, આપણી દુનિયાનો અને આપણે જ્યાં શ્વાસ લઈએ છીએ એ જ જગતનો હિસ્સો છે, આવા લોકો. 'ગુજરાતીમાં કશું નવું લખાતું નથી, રીસર્ચ થતું નથી'નાં મહેણાંને ટાળીને લખાયેલી એક ટ્રાન્સસૅક્સ્ક્સ્યુઅલ વિષયની નવલકથા.

ધુમ્મસને પેલે પાર અમેરિકાની ભૂગોળ ખૂંદવાની સાથે સાથે માણસના મનની ગલીઓમાં ભટકતાં ભટકતાં સર્જાયેલી આ નવલકથા મારા હૃદયની ખૂબ નજીક છે. છેલ્લા દસ-બાર મહિનામાં તમામ જાહેર કાર્યક્રમોમાં મને એક પ્રશ્ન અચૂક પુછાતો રહ્યો, 'આ કલ્યાણી એટલે તમે જ?' 'આ કલ્યાણીના પાત્રમાં તમે ક્યાંક તમારી જાતને જુઓ છો?' અનેક વાચકો પત્રો-ઈમેલ્સ અને એસએમએસ અને ફેસબુક દ્વારા મારામાં—કાજલ ઓઝા વૈદ્યમાં કલ્યાણીને—તો કલ્યાણીમાં લેખક કાજલને શોધતા રહ્યા...

નવલિકા

સંબંધ તો આકાશ સ્ત્રી-પુરુષના સંબંધોને આવરી લેતી બાર ટૂંકી વાર્તાઓ, જેમાં મા-દીકરાથી શરૂ કરીને લગ્નેતર સંબંધ સુધીના આકાશને કલમથી આંબવાનો એક સંનિષ્ઠ પ્રયાસ પ્રત્યેક વાર્તામાં વિસ્તરે છે.

કાજલ ઓઝા વૈદ્યની વાર્તાઓ આ ટૂંકી વાર્તાઓનો બીજો સંગ્રહ છે. ત્રણ લઘુનવલ અને બીજી ટૂંકી વાર્તાઓ સાથે આ સંગ્રહમાં જુદા પ્રકારની, જુદા અવાજની ટૂંકી વાર્તાઓ સંકલિત કરવામાં આવી છે.

હાર્ટબ્રેક પછીની એક સવાર જુદાં જુદાં સામયિકોમાં લખાયેલી ટૂંકી વાર્તાઓનો સંગ્રહ.

કવિતા

શેષયાત્રા એકમાત્ર કવિતાસંગ્રહ, જે મનની પીડામાંથી ઉદ્ભવતી સ્ત્રી-સંવેદનાની કવિતાઓને ઉજાગર કરે છે.

નાટક

પરફેક્ટ હસબન્ડ ‘પરફેક્ટ હસબનડ’, ‘વાત એક રાતની’—ગુજરાતી ભાષાનાં બે એવાં નાટકો, જે રંગમંચ પર ધૂમ મચાવી ચૂક્યાં છે.

નિબંધો—લેખો

સર્ચલાઇટ આ લેખો અણસમજમાંથી પ્રગટેલી એક એવી સમજ છે, જે કદાચ કોઈના અંધરાઈ રહેલા રસ્તાએ ઉપર પ્રકાશ પાથરીને એમને દિશા બતાવી શકે. આ લેખો ‘ફૂડ ફોર થૉટ’ છે, વિચાર માટેનું અમૂલ્ય ભાથું...

એકબીજાને ગમતાં રહીએ ‘સંદેશ’નાં પાનાં ઉપર ‘સંબંધોનાં સમીકરણ’ નામે ઉકેલાતી રહેલી સમસ્યાઓનો એક એવો સંગ્રહ, જે સુખી થવાની નાની નાની ફૉર્મ્યુલાઝ તમારા સુધી લઈને આવે છે. ગુજરાતી ભાષામાં પ્રેમ અને પરિણયની છણાવટ કરતો પહેલો મૌલિક લેખસંગ્રહ.

મોસમ એકબીજાની... જિંદગીના દરેક તબક્કે આપણે જે ઇચ્છીએ તે આપણને નથી મળતું એ સત્ય સહુ સમજે છે. વાતચીતમાં કે સલાહ દરમિયાન આ સત્યનું આપણે પુનઃઉચ્ચારણ પણ કર્યા કરીએ છીએ, તેમ છતાં આ સત્ય સ્વીકારતા નથી! માણસમાત્રને શોધ છે ‘સાચા પ્રેમની’... ‘સાચા સંબંધની’... શબ્દમાં વ્યક્ત થતી દરેક લાગણી સાચી નથી હોતી અને દરેક સાચી લાગણી શબ્દમાં વ્યક્ત થઈ શકતી નથી આટલું સમજી લઈએ...સ્વીકારી લઈએ તો કદાચ ‘એકબીજાને ગમતાં રહીએ’. આ પુસ્તક ‘દિવ્ય ભાસ્કર’ની ‘મધુરિમા’ પૂર્તિમાં પ્રકાશિત થતી કૉલમ ‘એકબીજાને ગમતાં રહીએ’ના લેખોનો સંગ્રહ છે.

સ્નેહ એકબીજાનો... આ લેખો સાથે જીવવામાં મદદ કરે છે! કોઈ પણ બે માણસોને સાથે જીવવા માટે જે સમજદારી, સ્નેહ કે સરળતાની જરૂર પડે એ બાબતોને પોતાની અંદર રોપવામાં કે ઉગાડવામાં આ લેખો મદદ કરી શકે એવો પ્રયાસ કરવામાં આવ્યો છે. સંબંધો બાંધવા સહેલા છે, નિભાવવા અઘરા છે અને ટકાવવા તો એથીયે અઘરા છે. આ લેખો એવો પ્રયાસ કરે છે કે બને ત્યાં સુધી એકબીજાને પ્રેમ કરતી બે વ્યક્તિઓ એકબીજાથી દૂર ન થાય અને જો દૂર થવાનો નિર્ણય કરે તો પણ એમની વચ્ચે એક મિત્રતા કાયમ રહી શકે.

સમજણ એકબીજાની... જિંદગીના દાખલામાં રીતના માર્ક બધાને મળે જ છે, પણ તાળો મળે ત્યારે જ દાખલો સાચો કહેવાય છે... કેટલાકની જિંદગીમાં તાળો મેળવવાનો સમય વીતી જતો હોય છે, તો કેટલાકને પોતાની ભૂલ એવા સમયે સમજાય છે જ્યાં દાખલો ફરીથી ગણવાની તક હજી બાકી હોય છે... ‘એકબીજાને ગમતાં રહીએ’ એ એક એવી કૉલમ છે જ્યાં દાખલાની રીત વિશે ચર્ચા કરવાને બદલે સાચો તાળો મેળવવાનો નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરવાનું મેં નક્કી કર્યું છે!

સાથ એકબીજાનો... ક્યાં ખાડો છે, ક્યાં ટ્રૅપ છે, ક્યાં ફસાઈ શકાય અને ક્યાંથી સરળતાથી નીકળી શકાય... ક્યાં રસ્તો બંધ છે અને કયા રસ્તે જિંદગી સહેલાઈથી સામે મળી શકશે એવી સાદી વાતો ‘વામા’ (જન્મભૂમિ, ફૂલછાબ, કચ્છમિત્ર)ના આ લેખોમાં ઉતારવાનો પ્રયાસ કર્યો છે. આ કોઈ એક સ્ત્રી કે પુરુષને ઉદ્દેશીને લખાયેલા લેખો નથી, આ બે વ્યક્તિઓના સંબંધોમાં પડતી ગૂંચને ઉકેલવાના સહજ અને સાદા

પ્રયાસોની એક નોંધપોથી છે.

સુખ એકબીજાનું... 'વામા', 'પ્રાણવાયુ' અને 'મધુરિમા'ની સાથે સાથે લખાતા રહેલા લેખોમાંથી પસંદ કરેલા કેટલાક લેખોનો સંગ્રહ. ખરું પૂછો તો સુખ એક દોઢ ફૂટ દૂર જ સમાંતર ચાલતું હોય છે, તમારી રાહ જોતું, તમે એને હાથ લંબાવીને અડી લો—અવાર-નવાર એ માટે સતત તૈયાર ટુકડે ટુકડે ને ટીપે ટીપે માણી લેવાનું સુખને, આખેઆખું સુખ પાણીપુરીની જેમ કોઈ તૈયાર કરીને આપે ને તમે મોઢામાં મૂકીને એનો સ્વાદ લો એવું શક્ય જ નથી. આપણા બધાનો પ્રૉબ્લેમ એ છે કે, આપણને સુખ સતત જોઈએ છે, એક સરખું—અવિરત અટક્યા વગરનું, મશીનની જેમ ચાલવું જોઈએ સુખ! સુખ એટલે આ પળ....સુખ એટલે હમણાં મળ્યું તે!

સત્ય એકબીજાનું... સત્યને અનેક પરિમાણ છે. દસ દિશામાં ફેલાયેલા આકાશ જેવું અસ્તિત્વ છે એનું. પોતાપણામાંથી શરૂ થઈને પોતાના જ હોવામાં પૂરું એવું એક અસીમ, અનાદિ, અનંત અસ્તિત્વ... સત્યની શોધ જ્યાંથી શરૂ થાય છે ત્યાં જ પૂરી થાય છે! માણસની જિંદગીનાં બે સત્યો ક્યારેય બદલાતાં નથી—એક જન્મ અને એક મૃત્યુ. ખરેખર તો આ બંને બિંદુઓની વચ્ચેનો પ્રવાસ એટલે 'જિંદગી'.

શ્રદ્ધા એકબીજાની... આપણે જેટલી વાર કહીએ કે હું ખુશ છું, મજામાં છું, સ્વસ્થ છું—એ દરેક વખતે આપણે એ સાંભળતા હોઈએ છીએ. સાંભળેલી વાત મનમાં રજિસ્ટર થાય છે. એ રજિસ્ટ્રેશન સમયસમયાંતરે રિકૉલ અને રિમાઇન્ડ થાય છે. આ રિમાઇન્ડર્સ કે રિકૉલ થવાની પ્રક્રિયા આપણને ખરાબ સમયમાં 'પોઝિટિવિટી' તરીકે મદદ કરે છે.

મરજી એકબીજાની... ઘણી વાર એવું બને કે આપણી નજર સામે પડેલી વસ્તુ પણ આપણને ન દેખાતી હોય. આપણે બધું જ ઊથલપાથલ કરી નાખીએ તેમ છતાં આપણને એ વસ્તુ ન દેખાય, પણ બીજો માણસ આવીને તરત જ આપણને એ વસ્તુ શોધી આપે. હું કદાચ આવો જ પ્રયત્ન કરું છું. બધું જ ઊથલપાથલ કરી નાખ્યા પછી પણ મારા વાચકને સામે જ પડેલું જે સુખ અથવા શાંતિ અથવા મૌન અથવા એકાંત અથવા સમજ નથી દેખાતી, એ હું દાખલ થઈને એમના હાથમાં મૂકી આપવાનો પ્રયત્ન કરું છું.

સંગાથ એકબીજાનો... બે જણાંને એક જ દિશામાં જવું હોય અને સાથે સાથે ચાલી નીકળે એને 'સંગાથ' કહેવાય. આ સંગાથ એટલે સધિયારો, આ સંગાથ એટલે સલામતી, આ સંગાથ એટલે સાથે સાથે રસ્તો કાપવાની સાઝેદારી. આ પુસ્તકનું નામ 'સંગાથ' એટલા માટે છે, કારણ કે આ 'એકબીજાને'... મણકાનું દસમું પુસ્તક છે. કહેવાય છે કે દરેકનો 'દસકો' આવે છે. એ દસકામાં માણસ શ્રેષ્ઠ આપે છે ને શ્રેષ્ઠ પામે છે.

શબ્દ એકબીજાનો... આપણે સામાન્ય રીતે સાંભળવા ટેવાયેલા નથી. માત્ર કહેવું જ ગમે છે... હવે જો બંને જણ કહેવાનું જ નક્કી કરે તો કોણ કોનું સાંભળે? જ્યારે સાંભળતા નથી ત્યારે સમજતા પણ નથી... ને સમજતા નથી માટે સંબંધનું મૂલ્ય કરી શકતા નથી. આ પુસ્તક 'શબ્દ એકબીજાનો' આપણી જીભની સાથે સાથે આપણી શ્રવણેન્દ્રિયને પણ જગાડવાનું કામ કરે એવો મારો પ્રયાસ છે. અંગ્રેજીમાં 'ટુ હિયર' અને 'ટુ લીસન ટુ' આવાં બે ક્રિયાપદ છે. એક સાંભળવું અને બીજું ધ્યાનથી સાંભળવું... હું ઇચ્છું છું કે આપણે સૌ એકબીજાને ધ્યાનથી સાંભળીએ, પછી સમજવા માટે પ્રયત્ન નહીં કરવો પડે એની મને ખાતરી છે.

સંવાદ એકબીજાનો... આજના સમયમાં કમ્યુનિકેશનનાં સાધનો બહુ વધ્યાં છે. બધાં કહે છે કે દુનિયા નાની થઈ ગઈ છે. ગ્લોબલી લોકો એકબીજાની નજીક આવ્યા છે, પણ એક વાર ફરી વિચારીએ તો સમજાય કે

ખરેખર મન એકબીજાથી દૂર થઈ ગયાં છે. જેને ગઈ કાલ સુધી શેરીના નાકે રોજ મળતા હતા એને વૉટ્સઍપ કરીને બર્થડે વિશ કરીએ છીએ આપણે? પતિ-પત્ની એક જ ઓરડામાં બેસીને પોતપોતાના મોબાઇલ પર, પોતપોતાના મિત્રો કે સ્વજન સાથે વાત કરે છે, ને એકબીજા સાથે વાત નથી કરતા. આવું થાય છે? સંતાન અને માતાપિતા પોતપોતાના રૂમમાં પોતપોતાનાં ટીવી જુએ છે... ડાઇનિંગ ટેબલ પર સંતાન એના વૉટ્સઍપમાં અને પિતા એના બિઝનેસમાં બિઝી છે? તો સંવાદ ક્યાં છે? આ પુસ્તક 'સંવાદ એકબીજાનો' મારા વાચકના હાથમાં પહોંચે ત્યારે ભીતરના સંવાદની સાથે, સ્વજન સાથેનો સંવાદ પણ સાધી શકે એવી મારી શુભેચ્છા છે.

મન—માઇનસથી પ્લસ લાગણીનાં બંધનોમાં બંધાતા પહેલાં કે સંબંધમાં પ્રવેશતા પહેલાં સમજવાં જ જોઈએ એવાં કેટલાંક સત્યોની નાનકડી હૅન્ડબુક! અપેક્ષાઓના લિસ્ટની બહાર નીકળીને સંબંધને સમજવાની, ફરિયાદોના લિસ્ટને ટૂંકું કરવા માટેની સાવ સરળ, છતાં ખૂબ જ ઉપયોગી એવી નાની નાની વાતોનો એવો સંગ્રહ જે આપણે બધા જ જાણીએ છીએ; જરૂર છે તો માત્ર એને ઓળખીને આવકારવાની.

ગેટ વેલ સૂન મન સાથે જોડાયેલી કેટલીક સર્વસામાન્ય સમસ્યાઓ વિશેના લેખો. મોટા ભાગના સહુ જે વાતને જાણે છે, પણ સમજી શકતા નથી એવી સાદી વાતોની સમજણપૂર્વક કરાયેલી છણાવટ. નાના-મોટા સહુને ઉપયોગી નીવડે તેવી, સંબંધો સુધારવાની, જિંદગીને વધુ રસપ્રદ બનાવવાની સાવ સરળ ફૉર્મ્યુલા. દરેક પ્રકરણ સાથે એક એવું પ્રશ્નપત્ર જેના પ્રામાણિક જવાબો તમને એક નવા અજવાળા સાથે જોડી દેશે.

આઈ લવ યુ... દરેક વ્યક્તિ ઇચ્છે છે કે એનાં લગ્ન આદર્શ હોય. ભાંગી ગયેલા, તૂટી ગયેલા લાગતા, મૃતઃપ્રાય થઈ ગયેલાં લગ્ન પણ ફરીથી નવપલ્લવિત થઈ શકે છે. જરૂર છે થોડી સમજદારીની, થોડા સ્વીકારની, થોડા પ્રયત્નની અને થોડા સમાધાનની. આ પુસ્તક જાદુની લાકડી નથી. અનુભવમાંથી જન્મેલાં સાદાં સમીકરણો છે જે લગ્નને થોડું ખાતર, થોડું પાણી, થોડો તડકો જરૂર પૂરો પાડી શકશે.

મારી મમ્મી, મારા પપ્પા (ભાગ: ૧-૨) આ પુસ્તક માતા-પિતાના મનમાં એક વિચાર મૂકવાનો પ્રયાસ છે. એવા વિષયો કે વાતો—જેમના વિશે કદાચ એમણે વિચાર્યું જ નહીં હોય એ બધું એમની સામે મૂકીને એક એવો પ્રયત્ન કર્યો છે, જેનાથી માતા-પિતા અને બાળકની વચ્ચે એક સંવાદ—ડાયલોગ સર્જાઈ શકે. બહુ મોડું થઈ જાય એ પહેલાં જો સંતાન સાથેના સંબંધોમાં સીરિયસ ઇન્વેસ્ટમૅન્ટ કરવામાં આવે તો જિંદગીનાં પાછલાં વર્ષોમાં મળતું સ્નેહ, સન્માન અને સલામતીનું પેન્શન છેલ્લા શ્વાસ સુધી અકબંધ રહી શકે છે.

અનુવાદ

પ્રેમની પાંચ ભાષા ડૉ. ગેરી ચૅપમૅનના વર્લ્ડ બેસ્ટ સેલર 'ફાઇવ લવ લૅંગ્વેજીસ'નો અનુવાદ. તમારા પ્રિયજનને હૃદયની વાત કહેવાનો સાચો અને સરળ રસ્તો.

જીવનસાથી શોભા ડેના બેસ્ટ સેલર 'સ્પાઉસ'નો અનુવાદ. લગ્નસંબંધો ઉપર લખાયેલું સુંદર પુસ્તક. આ પુસ્તક એવા લોકો માટે છે જે લગ્નના નશાને જીવનભર સાચવી રાખવા માંગે છે

સંકલન

પ્રેમ - ચુંબન - પ્રાર્થના - આંસુ - સ્મિત ત્રણ ભાષામાં સંકલિત કરાયેલી સર્વપ્રથમ ફોટો બુક્સ. પરિકલ્પના અને સંકલન દ્વારા દશ્ય અને શબ્દને નજીક લાવી જીવનના વિવિધ વિષયોને એકબીજા સાથે સાંકળતી ભેટ આપવા લાયક ઉત્તમ પુસ્તિકાઓ.

પત્રો

વ્હાલી આસ્થા પિતાએ પુત્રીને લખેલા પત્રો એક નાજુક સંબંધના બદલાતા રંગોને આલેખવાનો પ્રયાસ છે. સ્ત્રીલેખકે લખ્યા હોવા છતાં આ પત્રો એક પિતાના હૃદયની લાગણીઓને વર્ષોવર્ષ વાચા આપે છે. ૭થી ૨૫ વર્ષની ઉંમર સુધી પુત્રીને સંબોધીને લખાતા પિતાના આ પત્રોમાં દરેક પિતાએ પોતાની પુત્રીને કહેવાની વાતો છે.

તને, જિંદગી... જિંદગીને સંબોધીને લખાયેલા એવાં પત્રો જેમાં આપણાં સૌની જિંદગીને ક્યાંક ને ક્યાંક વણી લેવાઈ છે. સ્વયં સાથેનો સંવાદ છે આ પત્રોમાં. 'હું'ને બદલે 'અમે' વાપર્યું છે એનું એકમાત્ર કારણ એ છે કે આ વાત ક્યાંક ને ક્યાંક, કોઈક ને કોઈક રીતે સહુને સ્પર્શે તેવી વાત છે. મહિનાના ત્રીસ દિવસના ત્રીસ પત્રોમાંથી કોઈ પણ એક પત્ર ખોલીને વાંચવામાં આવે તો એમાંથી એકાદ વાક્ય તો એવું મળી જ આવે, જેની સાથે વાંચનારનો અંગત સંબંધ સ્થપાઈ જાય.

પ્રિય નમન લગ્નની પહેલી ઍનિવર્સરીથી પચ્ચીસમી ઍનિવર્સરી સુધી પતિ-પત્નીના એકબીજાને લખાતા રહેલ પત્રો. જે સંબંધોનાં સત્યોથી શરૂ કરીને અપેક્ષાઓની પીડા સુધી વિસ્તરે છે. લાગણીઓના એવા તાણાવાણા જેમાં દરેક વાચક પોતાના લગ્નજીવનનું પ્રતિબિંબ તો નિહાળી જ શકશે, પરંતુ ક્યાંક પોતાને પ્રશ્નો પૂછીને પરિસ્થિતિ સુધારી શકશે તો ક્યાંક સંવેદનાઓના પ્રવાહમાં વહેતાં વહેતાં પોતાનાં વીતેલાં વર્ષોમાં ભીંજાશે પણ ખરાં.






આ ગુજરાતી ઈ-બુક ઈ-શબ્દ દ્વારા તૈયાર કરવામાં આવી છે. ગુજરાતી યુનિકોડ ફૉન્ટમાં દુનિયામાં જે ઈ-બુક માટે સર્વમાન્ય છે એવા ePub 2.01/3.0 Standardમાં ગુજરાતી સાહિત્યના અનેક પ્રકાશકો, લેખકોના સૌથી વધારે પુસ્તકો ઈ-બુક ફોર્મેટમાં... www.e-shabda.com

ઈ-શબ્દ ઉપલબ્ધ કરાવે છે એક સાથે, એક સ્થળે અનેક પ્રકાશકોની, અનેક લેખકોની ગુજરાતી ઈ-બુક્સ... ભારતની કોઈ પણ પ્રાદેશિક ભાષાઓ અને રાષ્ટ્રભાષા હિન્દીમાં પણ કદાચ નહીં હોય એટલી સંખ્યામાં...

સાથે સાથે આજનો ઈ-શબ્દ પર વાંચો રોજે રોજનું નવું ગુજરાતી વાચન ખ્યાતનામ ગુજરાતી લેખકોની કલમે... સાથે અમૂલ્ય ફોટોગ્રાફ્સ, ઑડિયો ક્લિપ્સ, વિડીયો પણ... See more at: http://www.e-shabda.com/blog/


બ્લ્યૂ બુક
૨
કાજલ ઓઝા વૈદ્ય

બ્લ્યૂ બુક

કાજલ ઓઝા વૈદ્ય



NAVAJIVAN
SĀMPRAT

BLUE BOOK 2:
Articles written by Kaajal Oza Vaidya
exploring the male perspective in life and relations

Kaajalozavaidya@gmail.com

ISBN:

eBook by





www.e-Shabda.com

પ્રિય કેતકી અને અભિલાષને...

તિ ી દ સ્ત ે સ ી ાર ી સહેલી ી!

અનુક્રમણિકા

‘સૅક્સી’ એટલે સિક્સ પૅક્સ?
બે સ્ત્રીઓ: એકની સામે એક? કે એકને એક અગિયાર!
અમન-ચમન ને પરસ્ત્રીગમન...
કાજલ ઓઝા વૈદ્યનાં પુસ્તકો

પ્રસ્તાવના

૩... ૧૩... ૩૩... ૪૩... કે ૭૩... કોઈ પણ ઉંમરના પુરુષ વિશે વાત થાય ત્યારે મોટા ભાગની સ્ત્રીઓનો અભિપ્રાય એકસરખો હોય છે? પુરુષનો સ્વભાવ, પ્રકૃતિ અને પ્યાસ કોઈ પણ ઉંમરે એકસરખી રહે છે? પુરુષની 'દૃષ્ટિ' અને 'નજર' અલગ હોય છે? એને શરીરથી આગળ કંઈ સમજાતું કે દેખાતું નથી?

માન્યતાઓ ઘણી છે, અભિપ્રાયો પણ ઘણા છે... પરંતુ 'મૅન'ના મનને સમજવાની કોઈ માસ્ટર કી હજી સુધી સ્ત્રીને મળી નથી! આમ તો કહેવાય છે કે સ્ત્રીનું મન અકળ છે, સ્ત્રીને સમજવી અઘરી છે, પણ મજાની વાત એ છે કે પુરુષ પણ એટલો જ અકળ અને ન સમજી શકાય એવો હોય છે, ક્યારેક.

પુરુષને જોવાની સ્ત્રીની દૃષ્ટિ એના રોલ સાથે બદલાય છે. મા જે રીતે દીકરાને જુએ, બહેન જે રીતે ભાઈને જુઓ, પ્રેમિકા એના પ્રેમીને, પત્ની એના પતિને, ગર્લફ્રેન્ડ એના બૉયફ્રેન્ડને કે દીકરી એના પિતાને... આ દરેક રોલ સાથે પુરુષનું મહોરું નહીં, એ આખેઆખો બદલાય છે.

પુરુષ સમોવડી થવા નીકળેલી સ્ત્રીઓ માટે પુરુષ એનો દુશ્મન છે, તો પુરુષ પર આધારિત સ્ત્રી માટે પુરુષ એનો ભગવાન!

આપણા દેશમાં સ્ત્રીઓ પ્રમાણમાં ઓછું લખે છે, એમાંય પ્રામાણિક લખનારી સ્ત્રીઓ એથીયે ઓછી છે અને સ્પષ્ટવક્તા—સત્ય જોઈ શકનારી ને એ જ સત્યને પોતાની કલમથી કાગળ પર ઉતારનારી તો વળી જવલ્લે જ જડે છે. સ્ત્રીનાં લખાણમાં કાં તો પુરુષ પરત્વેનો અગાધ પ્રેમ હોય છે અથવા એના પરત્વેનો ભયાનક આક્રોશ.

સ્ત્રીએ ભાગ્યે જ ન્યૂટ્રલ થઈને, પુરુષના જોડામાં પગ નાખીને વિચારવાનો પ્રયાસ કર્યો છે. સવારે નવ વાગ્યે બૂટ પહેરીને ઘરેથી બહાર જતો પતિ રાત્રે નવ વાગ્યે બૂટ ઉતારે ત્યારે એની માનસિક અને શારીરિક હાલત ફાલતુ ફરિયાદો સાંભળવા જેવી નથી હોતી... આ વાત કેટલી પત્નીઓ સમજે છે?

સતત પરિવારનો વિચાર કરતો પુરુષ પોતાના હાથમાં એનું અમુક ગ્રામનું બાળક ઊંચકે ત્યારથી એની જવાબદારીનો અહેસાસ એને બીજું કંઈ પણ વિચારતો અટકાવીને ફક્ત પોતાના સંતાન વિશે વિચારતા શીખવી દે છે.

ગાડીમાંથી પગ બહાર નહીં મૂકતો પુરુષ દીકરાની સાઇકલ પકડીને પાછળ દોડે છે, સામાન્ય રીતે કોઈનું એક વાક્ય પણ સાંભળી ન લે એવો ભડભાદર હોય તો પણ સામાન્ય રીતે સંતાન માટે એના ટીચર સામે નમ્ર થઈ જતો જોયો છે આપણે!

ઘરમાં છ એ.સી. હોય તો પણ છ કલાક માટે એનો ઉપયોગ ઘરનો પુરુષ નથી કરી શકતો, કારણ કે એણે એ બધાં જ એ.સી.નાં બિલ ભરવાની જોગવાઈ કરવાની છે... પોતાનું ગંજી ફાટેલું હોય તો પણ પત્ની માટે નવી સાડી લાવે, છતાં આખી જિંદગી 'આઈ લવ યુ' ન બોલે ને પત્નીની બધી ફરિયાદો મૂંગે મોઢે સાંભળ્યા કરે.

પુરુષ હોવું એટલે ટફ હોવું, એની આંખમાંથી આંસુ ન પડવું જોઈએ? ઇમોશનલ હોવું એટલે વેવલાવેડા—પુરુષને એવું બધું ના શોભે. 'આઈ લવ યુ' કહીએ તો બૈરાં માથે ચડી જાય... કમાઈએ કે 'લવ-લવ'ની લવરી કરતાં બેસી રહીએ?—આવું બધું અનેક વાર કહેવાયું છે ને સાંભળ્યું પણ છે. ટફ દેખાતા ને તોછડાઈથી

વરતતા પુરુષની ભીતર, એના હૃદયના નારિયેળના કોચલાંમાં ભરેલાં મીઠા પાણી સુધી પહોંચવાની ઇચ્છા, અવેરનેસ અને આવડત ભાગ્યે જ કોઈ સ્ત્રી કેળવી શકી છે. હું જેન્ડર બાયસ વગર લખતી રહી છું. મને હંમેશાં લાગ્યું છે કે અન્યાય સ્ત્રી કરતાં વધારે પુરુષને થયો છે. લાગણીની બાબતે, ઇમોશનની બાબતે અને સ્નેહની બાબતે પુરુષને ખોટો અને અઘરો ચીતરવામાં આવ્યો છે.

પુરુષ પણ એટલો જ ઇમોશનલ છે, પરંતુ એના ઉછેરને કારણે, એને શીખવવામાં આવેલા 'પુરુષત્વ'ની વ્યાખ્યાઓને કારણે એને પોતાની ફરિયાદ કરવામાં નાનપ લાગે છે. જે ફરિયાદ ન કરે એને દુ:ખ નથી જ એવું માની લેવાની આપણને સૌને ટેવ પડી ગઈ છે. કદાચ એટલે જ આપણે સૌએ પુરુષને સાવ સ્વાભાવિક રીતે 'જડ', 'ઇમોશન વગરનો' અને 'દાદાગીરી' કરતી જેન્ડર તરીકે જોયો છે. સ્ત્રી રડી નાખે છે, બોલી નાખે છે, કહી નાખે છે, શૅર કરી શકે છે.

પુરુષ આવું કશું પણ કરતાં અચકાય છે, કેમ? એનું પુરુષત્વ એના બંધ હોવામાં—એના મજબૂત હોવામાં—એના સ્ટ્રેસમાં—એની નહીં કહેવાયેલી વાતોમાં છે? સ્ત્રી કરતાં વધુ પુરુષોને હાર્ટઅટેક આવે છે, સ્ત્રી કરતાં વધુ પુરુષોને ટાલ પડે છે... સ્ત્રી કરતાં પુરુષ ઓછું જીવે છે. શું હશે આનાં કારણો?

આ કૉલમ 'મુંબઈ સમાચાર'માં શરૂ થઈ ત્યારે પુરુષ જે નથી કહી શક્યો, જે નથી કહેતો એ વાતો એના હૃદયની સિક્યૉરિટી તોડીને, ભીતર દાખલ થઈને જોવાનું નક્કી કર્યું હતું. આ દેશના વડાપ્રધાનની સિક્યૉરિટી માટે કેટલાક નિયમો છે... એ નિયમો એક પુસ્તકમાં છે, ઑફિસરે આ પુસ્તક પોતાની હાઈ સિક્યૉરિટીમાં રાખવાનું હોય છે.

પુસ્તક 'ધ બ્લ્યૂ બુક' તરીકે ઓળખાય છે.

અમે પણ કૉલમને 'બ્લ્યૂ બુક' નામ આપ્યું. પુરુષ બ્લ્યૂ રંગથી ઓળખાય છે... દીકરો આવે તો બ્લ્યૂ કાર્ડ, બ્લ્યૂ ગિફ્ટ આપવામાં આવે છે. બ્લ્યૂ ફિલ્મો પણ આમ તો પુરુષ જ જોઈ શકે એવું માનવામાં આવે છે.

ખુલ્લા દિલે હસતો, શરાબ પીતો, પૉર્ન જોક્સ શૅર કરતો, સ્ત્રીને જોઈને પીગળી જતો, લફરાં કરતો, પૈસા આપીને સ્ત્રીનું શરીર ખરીદી શકતો, કરોડોનો બિઝનેસ કરતો કે ટાર્ગેટ્સ અચિવ કરતો, બાળકોને 'સ્પૉઈલ' કરતો, ને એ જ સંતાન જ્યારે ધાર્યું કરે—પસંદગીનાં લગ્ન કરી લે ત્યારે એની સાથે સંબંધ તોડીને મનોમન પીડાતો પુરુષ, પત્ની ઉપર નિયંત્રણ રાખતો અને દીકરીને પૂરી છૂટ આપતો, બીજાની પત્ની સાથે શિવલરીથી વર્તતો અને પોતાની પત્નીને ખખડાવી નાખતો, પોતાને માટે પૈસા વાપરતાં અચકાતો, પણ પરિવાર માટે પૈસા ઉડાડતો... નાની નાની વાતમાં જુઠ્ઠું બોલતો અને ભીતરથી ભયાનક ઇનસિક્યૉર હોવા છતાં સતત બહાદુર હોવાનું મહોરું પહેરી રાખતો હિન્દુસ્તાની પુરુષ ખરેખર કેટલો બંધ અને કેટલો એકલો હોય છે એની ચર્ચા ક્યારેય થઈ જ નથી... આપણે કરીશું એ ચર્ચા, પુરુષની બ્લ્યૂ બુકની સિક્યૉરિટીના બધા જ નિયમો તોડીને!

દાખલ થઈશું એક એવી દુનિયામાં જેમાં ભાગ્યે જ પ્રવેશ મળે છે, ખાસ કરીને સ્ત્રીને પોતાની દુનિયામાં પ્રવેશ આપતી વખતે પુરુષ હજાર જાતની ચકાસણી કરે છે. પત્ની, પ્રેમિકા, મા કે દીકરીને તો એ દેખાડે એટલું જ જોવા અને જાણવા મળે છે, પરંતુ એની દોસ્ત માટે પુરુષની દુનિયા ખુલ્લી હોય છે. સ્ત્રી તરીકે એક પુરુષની દોસ્ત બનવા માટે એના જેવા થવું પડે છે... એની ભાષા બોલવી પડે છે... એને ઓળખવો પડે છે, ઓળખ્યા પછી જેવો છે તેવો સ્વીકારવો પડે છે! મોટા ભાગની સ્ત્રીઓ આ કરી શકતી નથી, કારણ કે સ્ત્રીનો સ્વભાવ જજમૅન્ટલ થવાનો છે. શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ એ વિશે સ્ત્રી પાસે નિશ્ચિત નિયમો અને કાયદા

છે. જે પુરુષ આ કાયદા નથી પાળતો એણે પ્રશ્નો, સમસ્યાઓ, કકળાટ અને આંસુઓનો સામનો કરવો પડે છે!

પોતાની જાતને ટફ કહેવડાવતા પુરુષની સૌથી મોટી નબળાઈ એની પ્રિય સ્ત્રીનાં આંસુ છે... ને એ જ એને સૌથી વધારે ઇરિટેટ પણ કરે છે! રડીને પોતાની વાત મનાવડાવતી સ્ત્રી પોતાના પતિને, પ્રેમીને, ભાઈને, પિતાને કે પુત્રને દર વખતે એક હળવો ધક્કો મારીને પોતાનાથી દૂર કરે છે... કકળાટ કરતી પત્ની પોતાના પતિના લગ્નેતર સંબંધની ફરિયાદનો અધિકાર ખોઈ બેસે છે...

આ પુસ્તક 'બ્લ્યૂ બુક' કદાચ ગુજરાતી ભાષામાં થયેલો પહેલો પ્રયાસ છે. પ્રેમ અને ધિક્કાર સિવાય પણ પુરુષને એક નવા ચશ્માથી જોઈ શકાય છે એવું મારા વાચક સુધી પહોંચાડવાનો મારો નમ્ર પ્રયત્ન છે, આ!

હું સ્ત્રી છું, સ્ત્રી હોવાનું ગૌરવ છે, પરંતુ મારા અનેક પુરુષ મિત્રો છે. અમે ગાળો બોલીએ છીએ, ધબ્બા મારીએ છીએ, ઝઘડીએ છીએ, એકબીજાની સાથે સાવ અંગત વાતો શૅર કરી શકીએ છીએ... એનું કારણ કદાચ એ છે કે એમણે મને એમનામાંની એક તરીકે સ્વીકારી લીધી છે. હું હવે એમને માટે 'સ્ત્રી' નથી, દોસ્ત છું.

કાજલ ઓઝા વૈદ્ય
૩૦૮, સુપર પ્લાઝા,
'સંદેશ' પ્રેસ રોડ,
વસ્ત્રાપુર, અમદાવાદ—૩૮૦ ૦૧૫
Email: kaajalozavaidya@gmail.com
Web: www.kaajalozavaidya.in
Facebook: kaajalozavaidya



જિસને પાપ ના કિયા હો, જો પાપી ન હો...

સામાન્ય રીતે ચાઇલ્ડ અબ્યુઝની ઘટનાઓ વખતે ગુનેગાર પુરુષને માર મારવાની કે એને સજા કરવાની આપણા સમાજને ટેવ પડી છે. ગુનેગારને મારવાથી કે કાયદો હાથમાં લેવાથી સમાજમાં થતા અત્યાચારો અટકશે નહીં. જ્યાં સુધી કેશવના પિતા જેવા માણસો છે ત્યાં સુધી કેશવની મા જેવી સ્ત્રીઓ છે, ને જ્યાં સુધી કેશવની મા જેવી સ્ત્રીઓ છે ત્યાં સુધી આવા કેશવ જન્મ લેતા રહેશે... આપણા સમાજને પુરુષ તરફ સહાનુભૂતિ કેળવતાં શીખવું પડશે, કારણ કે જ્યારે જ્યારે આવા ગુના બને છે ત્યારે દરેક વખતે પુરુષ જ ગંદો, વિકૃત, જાનવર કે સૅક્સનો ભૂખ્યો નથી હોતો... એના માનસમાં, એના બાળપણમાં, એના મૂળમાં આ જાનવરને જન્મ આપનાર કોઈ સ્ત્રી પણ હોઈ જ શકે. આવી સ્ત્રી વિશે એ બાળકે કદી કહ્યું નથી—ફરિયાદ નથી કરી એટલે સ્ત્રી કાયદાની નજરમાંથી છટકી ગઈ છે, પરંતુ એણે કરેલો ગુનો એક ગુનેગારને જન્મ આપી ચૂક્યો છે એ વાત સ્ત્રીઓએ પણ સ્વીકારવી જોઈએ.

"**જવાબ** આપ, કેમ કર્યું તેં આવું?" જેલની કોટડીમાં બેઠેલા કેશવને વકીલે ફરી એક વાર પૂછ્યું. કેશવ કંઈ જ જવાબ આપ્યા વગર ટગર ટગર વકીલ તુષારભાઈની સામે જોતો રહ્યો. છેલ્લા એક અઠવાડિયાથી તુષારભાઈ લગભગ રોજ આવતા. કેશવના સરકારી વકીલ તરીકે એમની નિમણૂક થઈ હતી, પરંતુ કેશવ એમની સાથે કોઈ વાત જ નહોતો કરતો. તુષારભાઈ થાકી ગયા હતા, કેશવને પ્રશ્નો પૂછીને... પોલીસના માણસો થાકી ગયા હતા, એના પર હાથ ઉપાડીને—એને મારીને... કેશવ માર ખાતો, ચીસો પાડતો, થરથરી જતો... પણ મોઢામાંથી એક હરફ નહોતો ઉચ્ચારતો. આજે છઠ્ઠો દિવસ હતો.

"મને લાગે છે એને કોઈ સાઇકિયાટ્રિસ્ટ કે સાઇકૉલૉજિસ્ટને બતાવવો જોઈએ." ઇન્સ્પૅક્ટર ખાને પરસેવે રેબઝેબ કપાળ પર રૂમાલ ફેરવ્યો...

એ પછી ડૉક્ટર સ્નેહલ ત્રિવેદીને બોલાવવામાં આવ્યા. ઇન્સ્પૅક્ટર ખાન કેશવને ઘેર, એના ગામ જઈ આવ્યા... બધી તપાસને અંતે જે બહાર આવ્યું તે સત્ય હાડકાં ધ્રુજાવી નાખે એવું હતું. આઠ વર્ષની છોકરી પર બળાત્કાર કરનાર કેશવ એની પોતાની સાવકી માના વિકૃત દિમાગનો ભોગ બન્યો હતો. બાર વર્ષના કેશવને એની સાવકી મા પેન્ટ ઉતરાવીને નચાવતી, એના ગુપ્તભાગ પર હાથ ફેરવતી, અવારનવાર એને પોતાનાં

સ્તનો પર હાથ ફેરવવા, ગુપ્ત ભાગ પર હાથ ફેરવવા મજબૂર કરતી... બાર વર્ષનો કેશવ એ વખતે તો કંઈ કરી ન શક્યો, પણ પચીસ વર્ષનો થયો ત્યારે એણે એક આઠ વર્ષની બાળકી પર બળાત્કાર કર્યો.

આપણા સમાજનું આ વરવું—ગંદું—ન માની શકાય તેવું ભયાનક દૃશ્ય છે. કેશવનો બાપ અડતાળીસ વર્ષનો હતો ત્યારે એણે પચીસ વર્ષની છોકરી સાથે લગ્ન કર્યાં, ત્રીજી વારનાં લગ્ન! કેશવ આઠ વર્ષનો ને એની સાવકી મા પચીસની... સાવકી મા જ્યારે ત્રીસની થઈ ત્યારે કેશવ બારનો હતો ને એનો બાપ બાવનનો. સ્વાભાવિક રીતે જ કેશવનો બાપ એની પત્નીને શારીરિક સુખ આપી શકતો નહોતો. શંકાશીલ અને વિચિત્ર સ્વભાવનો કેશવનો બાપ એની પત્નીને કેશવ સાથે ઘરમાં પૂરીને બહાર જતો. કેશવની સાવકી માએ ઘરમાં જ પોતાના 'સુખ'નો રસ્તો શોધી કાઢ્યો હતો!

જ્યારે જ્યારે ગુનો થાય છે ત્યારે પુરુષ વિકૃત છે અથવા સ્ત્રી પર અત્યાચાર કરે છે અથવા આવા ગુનેગારો સમાજ માટે કલંક છે વગેરે વગેરે હેડલાઇન્સ અખબારોમાં છપાય છે. આપણી પોલીસ કે આપણી કોર્ટ ભાગ્યે જ આ ગુનેગારોના ભૂતકાળમાં દાખલ થાય છે, ભાગ્યે જ આ ગુનેગાર સાથે શું થયું હતું એવું જાણવાનું કે શોધવાનો કોઈ પ્રયાસ હાથ ધરાય છે. ગુનેગારની વકીલાત કરવાનું કે એને સાચો ઠેરવવાનો કોઈ પ્રયાસ ન જ થવો જોઈએ, જેણે આવો ભયાનક ગુનો કર્યો હોય એને સજા થવી જ જોઈએ, પરંતુ ચાઇલ્ડ અબ્યુઝ દેખાય છે એટલું સીધું કે સ્પષ્ટ નથી. માણસની માનસિકતામાં ઊંડા ઊતરીને સમજવામાં આવે તો સમજાય કે આનાં બીજ ગુનેગારના બાળમાનસમાં રોપવા માટે કોણ, કેટલું જવાબદાર છે.

કેશવની સાવકી મા ક્યારેય પકડાઈ નહીં... પરંતુ એણે નાખેલાં ઝેરનાં બીજ કેશવની વધતી ઉંમર સાથે ઝેરનું વૃક્ષ બની ગયાં. બાળક કેશવ જે અત્યાચારનો સામનો નહોતો કરી શક્યો એ અત્યાચાર એને યુવાન વયે પણ પીડા આપતો રહ્યો... આવું ઘણાં ઘરોમાં અને ઘણા પરિવારોમાં થાય છે. દીકરી સાથે કે બાળકી સાથે તો આવી ઘટના બને જ છે, પરંતુ મેઇલ ચાઇલ્ડ સાથે પણ આવી ઘટનાઓ સામાન્ય બનતી જાય છે. ટીચર, ઘરનો નોકર કે મહારાજ, સગાં, કઝિન્સથી શરૂ કરીને પડોશી કે મિત્રના પિતા—ક્યારેક માતા પણ બાળક સાથે આવું ગેરવર્તન કરે છે. મેઇલ ચાઇલ્ડ બાળપણથી જ આવા અનુભવને કોઈ સાથે શૅર નહીં કરવાનું શીખે છે. પોતે પુરુષ છે, સ્ટ્રૉન્ગ છે અને આવું કોઈને કહેવાથી પોતાની હાંસી થશે એવી માન્યતા હોવાને કારણે મોટે ભાગે આવા અબ્યુઝનો શિકાર બનેલા મેઇલ ચાઇલ્ડ કોઈને કશું કહેતા નથી. બાળકી પર થયેલો અત્યાચાર મોટે ભાગે બહાર આવે છે, કારણ કે ડરેલી, રડતી કે દુખાવાની ફરિયાદ કરતી બાળકી ઉપર માતાપિતા ધ્યાન આપે છે. મેઇલ ચાઇલ્ડ આવી ફરિયાદ કરતા નથી—કરે તો માતાપિતાને આવા અબ્યુઝનો વિચાર ભાગ્યે જ આવે છે. આજના જમાનામાં હજીયે માતાપિતા થોડાં જાગૃત થયાં છે અને આવી નાનકડી ફરિયાદ ઉપર પણ સભાન થઈને તપાસ કરતાં શીખ્યાં છે, પરંતુ દસકા પહેલાં તો આવી કોઈ વાત માતાપિતા સુધી કે વડીલો સુધી પહોંચતી જ નહોતી.

સામાન્ય રીતે આ સમાજમાં પુરુષ પર થતા અત્યાચાર વિશે અવાજ ઉઠાવવાનું હજુ શરૂ નથી થયું. સ્ત્રી-સ્વાતંત્ર્ય કે ફેમિનિઝમની વાતો કરતી સંસ્થાઓ ક્યારની કાર્યરત છે. સ્ત્રી ઉપર થતા અત્યાચાર વિશે સભાનતા કેળવાઈ છે, એ વિશે અવાજ ઉઠાવવામાં આવે છે, પરંતુ પુરુષ પર થતા અત્યાચાર વિશે ભાગ્યે જ કોઈ હકીકતો બહાર આવે છે કે ભાગ્યે જ એ વિશે કોઈ પગલાં લેવામાં આવે છે. બાર વર્ષનો કેશવ હોય કે અઢાર વર્ષનો ઘરઘાટી, વીસ-બાવીસનો ડ્રાઇવર—મહારાજ કે ઑફિસમાં કામ કરતો જુનિયર... એવું નથી કે આવા અબ્યુઝ ફક્ત બાળક સાથે થાય છે. સ્ત્રી બૉસ હોય ત્યારે ઘણી કૉર્પોરેટ્સમાં કે બીજે આવી ફરિયાદ ઊઠે છે. સંસ્થાઓમાં રહેતા અનાથ કે વિકલાંગ બાળકો સાથે પણ આવી ઘટનાઓ બની રહી છે. આપણા

માટે મહત્ત્વનું એ છે કે આપણે ફક્ત પુરુષને દોષ દેવાને બદલે સમાજમાં જ્યાં જ્યાં આવા અત્યાચાર થાય છે, અબ્યુઝ થાય છે એ વિશે સજાગ થઈએ. બાળકો સાથે થતા આવા ગંદા અને વિકૃત વર્તન વિશે આપણાં બાળકોને સજાગ કરીએ. ઝૂંપડપટ્ટીઓમાં કે નાની વસ્તીઓમાં રહેતાં બાળકો સાથે આવી ઘટનાઓ વધારે પ્રમાણમાં બને છે ત્યારે એ બાળકોને વિશ્વાસમાં લઈને આવું ન જ ચલાવી લેવા વિશે એમનામાં હિંમત અને આવું થાય ત્યારે એમનો વાંક નથી એ બાબતે એમને સધિયારો આપીએ...

સામાન્ય રીતે આવા ચાઇલ્ડ અબ્યુઝની ઘટનાઓ વખતે ગુનેગાર પુરુષને માર મારવાની કે કાયદો હાથમાં લઈને એને સજા કરવાની આપણા સમાજને ટેવ પડી છે. આવા ગુનેગારને મારવાથી કે કાયદો હાથમાં લેવાથી સમાજમાં થતા અત્યાચારો અટકશે નહીં. જ્યાં સુધી કેશવના પિતા જેવા માણસો છે ત્યાં સુધી કેશવની મા જેવી સ્ત્રીઓ છે, ને જ્યાં સુધી કેશવની મા જેવી સ્ત્રીઓ છે ત્યાં સુધી આવા કેશવ જન્મ લેતા રહેશે... આપણા સમાજને પુરુષ તરફ સહાનુભૂતિ કેળવતાં શીખવું પડશે, કારણ કે જ્યારે જ્યારે આવા ગુના બને છે ત્યારે દરેક વખતે પુરુષ જ ગંદો, વિકૃત, જાનવર કે સૅક્સનો ભૂખ્યો નથી હોતો... એના માનસમાં, એના બાળપણમાં, એના મૂળમાં આ જાનવરને જન્મ આપનાર કોઈ સ્ત્રી પણ હોઈ જ શકે. આવી સ્ત્રી વિશે એ બાળકે કદી કહ્યું નથી—ફરિયાદ નથી કરી એટલે સ્ત્રી કાયદાની નજરમાંથી છટકી ગઈ છે, પરંતુ એણે કરેલો ગુનો એક ગુનેગારને જન્મ આપી ચૂક્યો છે એ વાત સ્ત્રીઓએ પણ સ્વીકારવી જોઈએ.

શરીરની ભૂખ આપણને બધાને છે. ભૂખ્યો માણસ કયું પાપ ન કરે? એવી સંસ્કૃતની કહેવત પ્રમાણમાં ઘણી સાચી છે. કેશવ જેવા કિસ્સામાં ખરેખર કોને ગુનેગાર ઠેરવવા એ જ સવાલ ઊભો થાય છે... પૈસા લઈને કેશવની માને આધેડ ઉંમરના માણસ સાથે પરણાવનાર એનાં માતાપિતા ગુનેગાર? પૈસા આપીને પત્ની ખરીદનાર કેશવનો બાપ ગુનેગાર? પોતાના શરીરની ભૂખ મિટાવવા માટે કેશવને પોતાનો શિકાર બનાવનાર એની મા ગુનેગાર? કે આવી બાબતો પ્રત્યે બેદરકાર રહીને આપણા ઍરકન્ડિશન્ડ ટીવી લાઉન્જમાં આવા સમાચારો જોઈને એ વિશે તદ્દન ખોખલી—પોલી અને ફાલતુ ચર્ચા કરનાર આપણે બધા જ ગુનેગાર?

• • •



સગવડ કે સલામતી એટલે સમાધાન, સ્નેહ નહીં!

પુરુષ માટે એની કારકિર્દી અથવા પરિવારની રોજિંદી જિંદગી જો વારંવાર બદલાયા કરે તો એ જરા ડિસકમ્ફર્ટ ઊભી કરતી બાબત છે. મોટા ભાગના પુરુષોને એમની જિંદગીની સવારો એકસરખી હોય એ વધારે અનુકૂળ આવે છે. રોજ ઊઠવું, દાઢી કરવી, નહાવું, કામે જવું, એક જ કામ કરવું, પાછા ફરવું, ભોજન કરવું, સૅક્સ માણવું... ટૂંકમાં, સીતાંશુ યશશ્ચંદ્રની કવિતાની પંક્તિઓ, 'હરે ફરે ચરે રતિ કરે, ગર્ભને ધરે અવતરે મરે'ની જેમ એકસરખું રુટિન પુરુષ માટે એક કમ્ફર્ટ બ્લૅન્કેટની ગરજ સારે છે. સ્ત્રીમાં બેસિકલી સર્જનશક્તિ અખૂટ ભરી હોય છે. રોજિંદી જિંદગીમાં પણ સ્ત્રી નવીનતા અને સુંદરતા ઝંખે છે. એની ઋજુતા એની પ્રકૃતિનો—એના સ્વભાવનો ભાગ છે.

"**હું** બે દિવસ મમ્મીને ત્યાં જઈ આવું?" મિતાલીના સવાલની સાથે જ ભાર્ગવનો મિજાજ ફરી ગયો. એ કંઈ બોલ્યો નહીં, પોતાનું કામ કરતો રહ્યો, "શું કહો છો?" એની સામે જોયા વિના મિતાલી પોતાનું કામ કરી રહી હતી, એને ભાર્ગવનો બદલાયેલો ચહેરો દેખાયો નહીં એટલે એણે ફરી પૂછ્યું.

"ત્યાં જ રહેતી હોય તો?" ભાર્ગવના બદલાયેલા મિજાજે પરચો બતાવ્યો.

"આવું શું બોલતા હશો, એક વરસ થયું" મિતાલીએ સહેજ રડમસ અવાજે કહ્યું, "મમ્મીનો ફોન હતો...મને થયું કે જરાક..."

"એક તો તારી મા નવરી પડી ગઈ છે, એને સમજણ નથી પડતી કે તારા જવાથી અહીંયાં બધું જ ગરબડ થઈ જાય છે, છોકરાઓની સ્કૂલ, મારી માની તબિયત, મારું ટિફિન... બધું રખડી પડે."

"બે દિવસનો જ સવાલ છે" મિતાલીએ છેલ્લી વાર પ્રયાસ કરી જોયો.

"ના ભઈ, આખી સિસ્ટમ ગૂંચવાઈ જાય. મને નહીં ફાવે" કહીંને ભાર્ગવ બાથરૂમમાં જતો રહ્યો, મિતાલીની આંખમાં આંસુ આવી ગયાં. એ એક કમિટેડ સમજદાર, સ્નેહાળ પત્ની હતી. ઘરની બધી જ જવાબદારી આનંદથી અને વહાલથી ઉપાડતી. ભાર્ગવ એકદમ નફીકરો અને આરામપ્રિય માણસ હતો. ભાર્ગવનાં મમ્મી

સશક્ત હતાં, પરંતુ ઘરમાં ભાગ્યે જ કોઈ કામ કરતાં. મિતાલીએ કોઈ દિવસ આ અંગે ફરિયાદ નહોતી કરી, પણ એ જ્યારે પિયર જવાની વાત કરતી ત્યારે ભાર્ગવનો મિજાજ ફરી જતો. ઘરના ગોઠવાયેલા રુટિનમાં નાનકડો પણ ફેરફાર થાય એ ભાર્ગવને મંજૂર નહોતું...

"એમણે ના પાડી" મિતાલીએ ફોન કરીને એની બહેનને કહી દીધું, કહેતાં કહેતાં મિતાલી રડી પડી, "એકવાર ખોટું જ કહી દીધું હોત કે તારા વગર મને નહીં ગમે. હું ન આવત. પણ એમને તો એમની સગવડ માટે મારી જરૂર છે." મિતાલીનું ડૂસકું છૂટી ગયું.

કેટલીયે પત્નીઓ આવી નાનકડી વાતે દુઃખી થઈ જાય છે, ઘરની સિસ્ટમમાં એક ગૃહિણીની જવાબદારી ઘણી વધારે અને ઘણી મહત્ત્વની છે, એ સાચું પરંતુ આ ફક્ત જવાબદારી જ છે? કોઈ નોકરીની જેમ એણે સવારે સાતથી રાત્રે અગિયાર પોતાની ડ્યૂટી પર હાજર રહેવું એ જ એનું કામ છે? ઘરના નોકર અને ગૃહિણીમાં બીજો કોઈ ફરક નથી હોતો?

કેટલીય ગૃહિણી સવારે દૂધ લેવાથી શરૂ કરીને રાત્રે દૂધ મેળવવા સુધીની જવાબદારી આનંદથી અને ખુશી ખુશી પૂરી કરતી હોય છે. ઘરના તમામ સભ્યોની નાની નાની જરૂરિયાતનો ખ્યાલ રાખવો એ એમના માટે આનંદનો અને રસનો વિષય છે. કોણ શું ખાશે, કોને શું ગમશે કે કોણ કેટલા વાગે જશે અને કેટલા વાગે આવશે જેવી ઝીણાંમાં ઝીણી નોટ્સ ગૃહિણી પાસે સાવ સ્વાભાવિકતાથી ઉપલબ્ધ હોય છે. કોઈ સારા સેફની જેમ, કોઈ સારા હાઉસકીપરની જેમ, એક સારા મૅનેજરની જેમ, એક સારી નૅનીની જેમ, ને એક સારી નર્સની જેમ એક ગૃહિણી કેટલીય જવાબદારીઓ એકસામટી નિભાવે છે, બદલામાં એને અપેક્ષા હોય છે થોડા વહાલની, થોડા અપ્રિસિયેશનની, થોડા સ્નેહની...કોઈ ગૃહિણી ઘરના સભ્યોની સગવડ સાચવવાનું મશીન નથી. એ જે કંઈ કરે છે એ એની ફરજ હોય તો પણ એમાં ભળતો સ્નેહ અને કાળજી એ ફરજને "ખાસ" બનાવે છે...મોટાભાગના પુરુષો એક સ્ત્રીની જેમ મલ્ટિટાસ્કિંગ કરી શકતા નથી. મોટાભાગના પુરુષોને એવી આવડત જ નથી હોતી કે એ પોતાનાં તમામ કામો એકસાથે અને છતાંય પૂરી કાબેલિયતથી કરી શકે.

મોટાભાગના પુરુષો લગ્ન એટલા માટે કરે છે કે જેથી કોઈ એમનું ધ્યાન રાખે, પરિવારને સાચવે અને એમની સગવડની એક સરળ ડિઝાઇન ઊભી થાય. પ્રેમમાં પડીને પરણે છે એ પુરુષો માટે પણ અંતે તો એમના લગ્ન એ એમની આદત કે એમના રુટિનની ગોઠવણ જ બની જાય છે. વિશ્વના કોઈ સંબંધમાં રુટિન કે આદત એને જીવતો રાખવાનું કામ કરી શકતી નથી... દુનિયાનો કોઈ સંબંધ સગવડ કે આદત ઉપર કેટલો સમય નભી શકે? માણસ તરીકે લગભગ આપણને બધાને એક પરમેનન્ટ અથવા કાયમી સંબંધની ઝંખના હોય છે. આ કાયમી સંબંધ લગ્ન હોઈ શકે, લીવ ઇન હોઈ શકે કે કોઈ નામ વગરનો પ્રણય સંબંધ હોઈ શકે. મહત્ત્વનું એ છે કે એ સંબંધમાં સતત કોઈ ને કોઈ નવીનતા અથવા તાજગી ઉમેરાતી રહે. કુદરતને પણ સતત બદલાવ કે નાવીન્ય ગમે છે. એટલે જ કુદરત ઋતુઓ સાથે રોજ સવારે દેખાતા સૂર્યોદય સાથે, રોજ સવારે ઊગતાં ફૂલો સાથે, પાંદડાંના રંગો સાથે, જમીનના રંગો સાથે, જન્મ લેતા બાળકના ચહેરા સાથે, ફિંગર પ્રિન્ટ્સ સાથે આપણને સતત નવીનતા આપતી રહે છે. કોઈ એક દિવસનો સૂર્યોદય બીજા દિવસના સૂર્યોદય જેવો નથી હોતો... કોઈ એક ફૂલ બીજા ફૂલ જેવું નથી હોતું. કોઈ એક વૃક્ષ બીજા વૃક્ષ જેવું નથી હોતું! કોઈ એક દેશની ઋતુ બીજા દેશની ઋતુ જેવી નથી હોતી... એવી જ રીતે કોઈ એક સંબંધ રોજ એકસરખો કેવી રીતે હોઈ શકે?

પુરુષ માટે એની કારકિર્દી અથવા પરિવારની રોજિંદી જિંદગી જો વારંવાર બદલાયા કરે તો એ જરા

ડિસકમ્ફર્ટ ઊભી કરતી બાબત છે. મોટા ભાગના પુરુષોને એમની જિંદગીની સવારો એકસરખી હોય એ વધારે અનુકૂળ આવે છે. રોજ ઊઠવું, દાઢી કરવી, નહાવું, કામે જવું, એક જ કામ કરવું, પાછા ફરવું, ભોજન કરવું, સૅક્સ માણવું... ટૂંકમાં, સીતાંશુ યશશ્ચંદ્રની કવિતાની પંક્તિઓ, 'હરે ફરે ચરે રતિ કરે, ગર્ભને ધરે અવતરે મરે'ની જેમ એકસરખું રુટિન પુરુષ માટે એક કમ્ફર્ટ બ્લૅન્કેટની ગરજ સારે છે. સ્ત્રીમાં બેસિકલી સર્જનશક્તિ અખૂટ ભરી હોય છે. રોજિંદી જિંદગીમાં પણ સ્ત્રી નવીનતા અને સુંદરતા ઝંખે છે. એની ઋજુતા એની પ્રકૃતિનો—એના સ્વભાવનો ભાગ છે. ક્યારેક એવું બને કે સ્ત્રીને એ રુટિનમાં અનિચ્છાએ પણ ગોઠવાવું પડે ત્યારે સ્ત્રી પોતાની જાતને 'પ્રેમ'ના નામે એ રુટિન સાથે બાંધી રાખી શકે છે. રોજ નવા રંગ, નવાં વસ્ત્રથી શરૂ કરીને નવી રસોઈ, નવો દેખાવ એ સ્ત્રીનો શોખ છે. રિલેશનશિપ અથવા લગ્નમાં જો વ્યક્તિ ન બદલાય તો એ જ વ્યક્તિ સાથેના સંબંધને રોજ નવા સ્વરૂપે જોઈ શકાય તો કદાચ સ્ત્રી એ લગ્નને પૂરા સુખથી માણી શકે. સ્ત્રી-પુરુષના પ્રકૃતિગત ભેદને કારણે સામાન્ય રીતે મોટા ભાગનાં લગ્નોમાં એક બોરડમ—કંટાળો કે વાસીપણાનું તત્ત્વ પ્રવેશતું જાય છે. સવારે ઊઠીને દિવસ શરૂ થાય ને રાતે પથારીમાં દિવસ પૂરો થાય એવા અનેક દિવસોમાં કશું જુદું નથી હોતું ત્યારે લગ્નમાં જીવી રહેલા બંને જણાં અથવા બેમાંથી એક લગ્નની બહાર કશુંક નવું, કશુંક ફ્રેશ કે કશુંક જુદું શોધવાના પ્રયાસમાં નીકળી પડે છે... દુનિયાની કોઈ પણ વ્યક્તિને પોતાની મહેનત, પ્રયાસ, આવડત કે બીજાના સુખ માટે કરેલા પોતાના સમર્પણના બદલામાં સાદું 'થૅન્ક યુ' કે પોતે જે કંઈ કર્યું છે એને માટે નાનું-મોટું અપ્રિસિયેશન ગમતું હોય છે.

જે પુરુષો પોતાની પત્નીને ટેકન ફોર ગ્રાન્ટેડ લે છે અથવા જે એમ માને છે કે પત્ની જે કંઈ કરી રહી છે તે એની ફરજ છે અને લગ્નનો અર્થ ફક્ત સગવડ, સલામતી, સંપત્તિ કે સમાધાન સાથે પૂરો થઈ જાય છે એ બધા જ પુરુષો પોતાના સંબંધમાં ક્યાંક કશુંક મિસ કરી રહ્યા છે. પત્ની એમની સગવડ સાચવે છે, કારણ કે એ કામને પત્ની પોતાની ફરજ માને છે, સ્નેહની ફરજ, વહાલની ફરજ, કાળજીની ફરજ... જ્યારે આ ફરજ પત્ની પર ઠોકી બેસાડવામાં આવે કે એને એવું સમજાય કે એની જરૂરિયાત આ ઘરમાં ફક્ત સગવડ સાચવવા પૂરતી છે ત્યારે સંબંધનું સન્માન અને સુખ બંને અટવાય છે.

લાગણીના સંબંધો તો સ્વાયત્ત અને સ્વતંત્ર હોવા જોઈએ, એમાં સતત નવીનતા અથવા તાજગી જળવાઈ રહેવી જોઈએ. આ જરૂરિયાત ફક્ત સ્ત્રીની નથી ને આ જાળવી રાખવાની ફરજ પણ ફક્ત સ્ત્રીની નથી જ.

• • •



સ્ત્રીની સફળતા બાર્ટર?

એની સામે કેટલાક પુરુષો—બદલાતા સમય સાથે જે પોતાની જાતને ગોઠવી શક્યા છે એવી વ્યક્તિઓ સ્ત્રીની સફળતામાં સહભાગી થવામાં ગૌરવ અનુભવે છે! હૃદયથી એમની સફળતાને સ્વીકારે છે, એમની આવડતનાં, મહેનતનાં વખાણ કરી શકે છે. સવાલ જેન્ડર બાયસનો નથી, સવાલ પ્રામાણિકતાનો છે.

"**યાર** ! શું છોકરી છે... હૉટ..." અંકિતે ગ્લાસમાંથી સ્કૉચનો ઘૂંટડો ભર્યો. અશ્વિન નવાઈથી એની સામે જોઈ રહ્યો હતો, "ગમે તેમ થાય, પણ એને સુવડાવવી પડે." અંકિતની આંખમાં જાનવર ઊતરી આવ્યું હતું, "કપડાં પહેરેલી આવી લાગે છે તો કપડાં ઉતારશે ત્યારે તો..."

"શું બકે છે એનું ભાન છે તને? બૉસ છે તારી..." અશ્વિનને લાગ્યું કે આ અંકિત નહીં, એના માથે ચડી ગયેલો સ્કૉચ બોલી રહ્યો છે, "મારી સામે બોલ્યો એ બોલ્યો, બીજા કોઈને કહીશ તો નોકરી જશે."

"નોકરી જાય એનું દુઃખ નથી યાર, બકરી ડબામાં આવવી જોઈએ." અંકિતે આંખ મારી.

"તું યાર, જાતે તો મરીશ સાથે મનેય ડુબાડીશ. મૃણાલિની આચરેકર કોઈ જેવી તેવી હસ્તી નથી. આપણી કંપનીની સી.એફ.ઓ. છે. તારા કરતાં ચારગણો પગાર હશે એનો. એ શું કામ તને ઘાસ નાખે?" અશ્વિનને થોડીક ચીડ ચડી ને થોડુંક હસવું આવ્યું.

"નાખે નાખે... મને જ ઘાસ નાખે." અંકિતે ટેબલ પર ઝૂકીને અશ્વિનની નજીક આવીને કહ્યું, "વર જોડે નથી રહેતી. પાર્ટીબર્ડ છે. સેલ્ફ ડ્રાઇવ કરીને એકલી આવે છે ને એકલી જાય છે..."

"તો?" અશ્વિને નવાઈથી પૂછ્યું.

"તો શું? અહીં સુધી એમ ને એમ નથી પહોંચાતું... આપણે બધા હજામ છીએ? એના કરતાં વધારે આવડત અને ડિગ્રી છતાંય એ સી.એફ.ઓ. થઈ ગઈ..." અંકિતે કડવાશમાં આખો ગ્લાસ ગળે ઉતારી દીધો, "આવાં બૈરાં અવેલેબલ જ હોય."

"શટઅપ." અશ્વિનને એના સંસ્કાર નડી ગયા.

"શું શટઅપ? જ્યારે ને ત્યારે એની કેબિનમાં બોલાવે છે. હસી હસીને વાતો કરે છે, ગઈ કાલે પેલા મલહોત્રાના ખભે હાથ મૂકીને વાત કરતી હતી ને પેલા અભિષેકને તો રોજ લંચમાં અંદર બોલાવે છે. ગઈ કાલે મને લિફ્ટ આપી. છેક ઘર સુધી મૂકવા આવી..." અંકિત ઓવર કૉન્ફિડન્સમાં બકવાસ કરી રહ્યો હતો એવું અશ્વિનને લાગ્યું, "હાથ લંબાવો એની જ રાહ જુએ છે. આવાં બૈરાં અડે એટલે પડે." અશ્વિને નક્કી કરી લીધું કે હવે અંકિત સાથે દારૂ પીવા બેસવું નહીં.

એમની ઑફિસમાં છ મહિના પહેલાં જ આવેલી મૃણાલિની આચરેકર પિસ્તાળીસની આસપાસ પહોંચેલી સેલ્ફ કૉન્ફિડન્ટ અને સફળ સ્ત્રી હતી. એની સાથે બગાડવામાં માલ નથી એવું આખીયે ઑફિસમાં દરેક માણસને સમજાઈ ગયેલું. એ પછી અંકિતનો આ બકવાસ સાંભળીને અશ્વિને પોતાની જાતને તો બહાર કાઢી લીધી, પણ એ પછીના એક જ મહિનામાં એક દિવસ અંકિતને રાજીનામું આપવાનું કહેવામાં આવ્યું ત્યારે અશ્વિનને લાગ્યું કે એના સંસ્કાર અને સદ્‌બુદ્ધિએ એને બચાવી લીધો.

સામાન્ય રીતે સફળ કે ઊંચા પદ પર પહોંચેલી સ્ત્રીઓ વિશે આ સાવ સામાન્ય માન્યતા છે. મોટા ભાગની સફળ સ્ત્રીઓ પાસે બીજી કોઈ આવડત હોય કે નહીં, પણ એનું સ્ત્રીત્વ જ એને સફળતાની સીડી ચડવામાં મદદ કરે છે એવું માનનારા પુરુષોની ખોટ નથી. દરેક વખતે આ પુરુષો ખોટા જ હોય એવું નથી, પરંતુ દરેક વખતે આવી માન્યતા સાચી પણ ન જ હોઈ શકે.

આજથી બે દાયકા પહેલાં સ્ત્રીની કારકિર્દી શિક્ષણ કે મેડિસિન સુધી લિમિટેડ હતી. એક સ્ત્રી નોકરી કરવા માગે કે ઉચ્ચ શિક્ષણ મેળવવા માગે તો એ સામાન્ય રીતે બહુ જુદા પ્રકારની કારકિર્દી ન હોઈ શકે એમ અત્યાર સુધી માનવામાં આવતું હતું, પરંતુ છેલ્લાં વીસ વર્ષમાં સ્ત્રીનો વિકાસ સાવ જુદી રીતે થયો છે. સ્ત્રી જુદી રીતે વિચારતી થઈ છે, જુદી રીતે વર્તતી અને જીવતી થઈ છે. એના આત્મવિશ્વાસમાં અને આત્મવિકાસમાં ઘણો ઉમેરો થયો છે. તેમ છતાં કદાચ પુરુષની માનસિકતા જેટલી બદલાવી જોઈએ એટલી બદલાઈ શકી નથી. આની પાછળ પુરુષનો વાંક છે એમ કહેવા કરતાં એના ઉછેર અને એને ઉછેરનારી સ્ત્રીનો વધુ વાંક છે એમ કહીએ તો કશું ખોટું નથી. જે ઘરમાં દીકરો અને દીકરી સાથે ઊછરતાં હોય એ ઘરમાં એક મા પોતાની દીકરીને ઘરનું કામ શીખવે, રસોઈ કરતાં શીખવે એ જરૂરી છે... દીકરી ગમે તેટલી હોશિયાર હોય અને એની કારકિર્દી ગમે તેટલી ઉજ્જ્વળ હોય તેમ છતાં એને ઘરનું કામ તો આવડવું જ જોઈએ એમ માનનારાઓનો વર્ગ નાનો નથી, પરંતુ એક પુરુષ ઘરનું કામ શીખે, રસોઈ શીખે એ જરૂરી છે એવું ભાગ્યે જ કોઈ માતાપિતાને સમજાતું હશે. સ્ત્રી અને પુરુષના ભેદ કદાચ સંવેદનાના સ્તર પર કે ઇમોશનલ લેવલ પર પાડી શકાય. કોઈ એક જ ઘટના વિશે સ્ત્રી અને પુરુષ તદ્દન જુદું રિઍક્ટ થાય એ સ્વાભાવિક છે, પણ જ્યારે કારકિર્દીની વાત આવે ત્યારે બેમાંથી એકમાં ઓછી આવડત છે ને બીજામાં વધુ, ફક્ત જાતિભેદના આધારે આવું નક્કી કરવું એનાથી મોટી બેવકૂફી બીજી કઈ હોઈ શકે?

આજના સમયમાં જ્યારે કોઈ સ્ત્રી સફળ થાય છે ત્યારે એની પાછળ પોતાની અથાક મહેનત, એનું પૅશન અને એણે પોતાની કારકિર્દી ઘડવામાં આપેલો સમય પણ ગણતરીમાં લેવાવો જોઈએ. એક સ્ત્રી ઘરનું કામ સંભાળતાં, સંતાનો ઉછેરતાં અને એક સારી પત્ની, પુત્રવધૂ સાબિત થવાના પ્રયત્નોની સાથે સાથે પોતાની કારકિર્દીનાં પગથિયાં ચડી શકે. એક પુરુષ માટે આ બધું મરજિયાત છે. ગાંધીજી રાષ્ટ્રપિતા હતા માટે કદાચ હરિલાલ એમને સારા પિતા તરીકેનું સર્ટિફિકેટ ન આપે તો પણ એ સાંગોપાંગ નીકળી શકે, પરંતુ એક સ્ત્રી દેશની સેવા માટે કે પોતાની કારકિર્દી માટે જો પોતાના પરિવારને કે પતિને થોડાક પણ સૅકન્ડ પ્રાયોરિટીમાં મૂકે તો આ સમાજને એ મંજૂર હોય ખરું? સ્ત્રીની જવાબદારીઓ એના પતિ અને પરિવાર સાથે જોડાયેલી છે,

એ સાચું. એક સ્ત્રી જેટલી સુંદર રીતે અને સહજતાથી સૌનો ખ્યાલ રાખી શકે, ઘર ચલાવી શકે એવી આવડત પુરુષ પાસે નથી એ પણ સાચું, સદીઓથી ગોઠવાયેલી આ સમાજ-વ્યવસ્થાને ઊથલપાથલ કરી નાખવાનો કોઈ અર્થ નથી—કોઈને અધિકાર નથી એ પણ સાચું... તેમ છતાં હવે જ્યારે સ્ત્રીની આવક પરિવાર માટે જરૂરી બની છે ત્યારે ઘરની બહાર કમાવા માટે નીકળતી સ્ત્રીના સન્માનની જવાબદારી કોની? ધીરે ધીરે સ્ત્રી આગળ નીકળી રહી છે. પરીક્ષાઓના રિઝલ્ટમાં હોય કે ઉચ્ચ પદ મેળવવાની હરીફાઈમાં, સિનેમા, ટૅલિવિઝન, પત્રકારત્વ કે બિઝનેસ—બધી જ જગ્યાએ સ્ત્રીનું કમિટમૅન્ટ અને એની મહેનત પરિણામ આપી રહ્યું છે ત્યારે એક મહત્ત્વનો સવાલ એ છે કે દુનિયાની કોઈ પણ સફળ સ્ત્રી એના સ્ત્રીત્વના ઉપયોગથી કે શરીરના બાર્ટરથી જ સફળ થતી હશે... એ જ રીતે સફળ થઈ શકે એવી માન્યતા ધરાવતા આ સમાજ સાથે એણે કઈ રીતે ડીલ કરવાનું?

સૌથી વધુ દુ:ખની વાત એ છે કે આ માત્ર પુરુષની માન્યતા નથી—કેટલીક સ્ત્રીઓ પણ ઈર્ષ્યા અને અભાવને કારણે સફળ સ્ત્રીઓ વિશે ઘસાતું બોલી નાખવામાં અચકાતી નથી. દુનિયાનો કોઈ પણ સફળ માણસ ફક્ત નસીબ કે ચાલાકી અથવા ચિટિંગથી સફળ થયો હોય તો એ સફળતા ટકતી નથી એવું આપણે બધા જ જાણીએ છીએ અને માનીએ પણ છીએ... તેમ છતાં કોઈ પણ સ્ત્રી જ્યારે બીજા લોકોને થોડાક પાછળ છોડીને આગળ નીકળવા માંડે ત્યારે એને વિશે 'અમુક-તમુક' પ્રકારની વાતો કરવામાં આપણને મરચાંનાં ભજિયાંની તીખાશ કે ચાટ મસાલાનો ચટપટો સ્વાદ કેમ આવે છે?

એની સામે કેટલાક પુરુષો—બદલાતા સમય સાથે જે પોતાની જાતને ગોઠવી શક્યા છે એવી વ્યક્તિઓ સ્ત્રીની સફળતામાં સહભાગી થવામાં ગૌરવ અનુભવે છે! હૃદયથી એમની સફળતાને સ્વીકારે છે, એમની આવડતનાં, મહેનતનાં વખાણ કરી શકે છે.

સવાલ જેન્ડર બાયસનો નથી, સવાલ પ્રામાણિકતાનો છે.

• • •



મહત્ત્વાકાંક્ષાનું છેલ્લું પગથિયું... મોત?

બીજી એક મહત્ત્વની બાબત એ છે કે માણસ જાતની ભૂખ ક્યાંય અટકતી નથી. ગમે તેટલું મળે તો પણ માણસને લાગે છે કે જે મળ્યું છે તે ઓછું જ છે. 'વધુ... વધુ'ની દોડ માણસને થકવી નાખે છે. હરીફાઈમાં એક વાર દાખલ થયેલો પુરુષ સામાન્ય રીતે શ્વાસ ચાલતા હોય ત્યાં સુધી એમાંથી બહાર નીકળી શકતો નથી. સ્ત્રીનું કદાચ આ બાબતમાં સહેજ જુદું માનવું અને જીવવું હોય છે. પોતાના પુરુષ વિશે ગમે તેટલી ઍમ્બિશિયસ સ્ત્રી પણ પોતાની જાત વિશે ક્યાં અટકવું એ સમજી શકતી હોય છે! આમ જુઓ તો આ કેટલી નવાઈની, છતાં કૉન્ટ્રાડિક્ટરી બાબત છે! એક સ્ત્રી પોતાના પુરુષને સતત દોડતો રાખી શકે છે ને પોતાની વાત આવે ત્યારે એ જ સ્ત્રી પોતાની જાતને આ આખીયે હરીફાઈમાંથી સાવ આરામથી બહાર કાઢી શકે છે...

પ્રણવ દેસાઈ પોતાની ઑફિસમાં બેસીને કમ્પ્યૂટર પર ફોટોગ્રાફસ જોઈ રહ્યો હતો. પ્રણવના પોતાના, એનાં માતાપિતાના, એનાં લગ્નના, પ્રવાસના, પત્નીના, બાળકોના... એક પછી એક ફોટો કમ્પ્યૂટરના સ્ક્રીન પર આવતા, પ્રણવના મોઢા પર ક્યારેક સ્મિત આવતું, ક્યારેક આંખો ભીની થતી તો ક્યારેક એ ગંભીર થઈ ફોટા સામે જોઈ રહેતો.

રાતના સાડા દસ વાગ્યા હતા, પણ ઘેર જવાનો એનો કોઈ ઇરાદો ન હોય એવું લાગતું હતું. એ જ વખતે એનો સેલફોન રણક્યો. પ્રણવે ફોન જોયો અને ડિસકનેક્ટ કર્યો. રિંગ ફરી વાગી. પ્રણવે ફરી ફોન કાપ્યો... લગભગ વીસ મિનિટ સુધી આ જ પુનરાવર્તન થતું રહ્યું. પ્રણવના સેલફોન પર રિંગ વાગે ને પ્રણવ ફોન ડિસકનેક્ટ કરે.

થાકીને એનો સેલફોન શાંત પડી ગયો. ફોટા જોઈ રહેલો પ્રણવ કોઈ નિશ્ચય કરતો હોય એમ ઊઠ્યો. એણે ડ્રૉઅરમાં પડેલી ઊંઘની ગોળીઓની સ્ટ્રીપ્સ કાઢી. એક, બે, ત્રણ... ચાર... ચાળીસ ગોળીઓનો ઢગલો કર્યો ટેબલ પર. પછી બધી ગોળીઓનો મુઠ્ઠો એકસામટો મોઢામાં પધરાવ્યો. બે ગ્લાસ પાણી પીધું અને વૈભવી ઑફિસના રિસેપ્શનની બહાર મૂકેલા ડોરિયનના સોફામાં લંબાવીને પ્રણવે આંખો મીંચી દીધી.

બીજે દિવસે સવારે જ્યારે ઝાડુ વાળવા માટે માણસ ઑફિસ ખોલવા આવ્યો ત્યારે એને ખુલ્લી ઑફિસ જોઈને આશ્ચર્ય થયું. સોફામાં સૂતેલા પ્રણવને સ્પર્શ કરતાં જ ઝાડુવાળાને સમજાઈ ગયું કે પ્રણવ મૃત્યુ પામ્યો છે...

એ પછી અનેક વાર્તાઓ ચાલી. મીડિયાએ ઍક્સ્ટ્રા મેરિટલથી શરૂ કરીને દેવામાં ડૂબી ગયેલા પ્રણવની સ્ટોરીઝથી થોડા દિવસ પાનાં ભર્યાં... પછી બધું શાંત પડી ગયું. રાબેતા મુજબ હંમેશની જેમ જિંદગી ચાલવા લાગી.

પ્રણવનાં બે સંતાનો અને પત્ની આજે કાંદિવલીના એક નાનકડા એપાર્ટમૅન્ટમાં જીવે છે.

પ્રણવની કંપની બહુ જ મોટી હતી. સ્ટોક માર્કેટનો કિંગ ગણાતો પ્રણવ. નાની ઉંમરે બહુ પૈસા કમાયો, પણ એક સટ્ટો કરવા જતાં કરોડોનું દેવું થઈ ગયું. કોઈ કશું સમજે કે જાણે એ પહેલાં પ્રણવે આત્મહત્યા કરી લીધી.

આપણા દેશમાં છેલ્લા એક દાયકામાં પુરુષોની આત્મહત્યાના કિસ્સા વધતા જાય છે. ખેડૂતથી શરૂ કરીને મોટા વેપારી સુધીના લોકો આત્મહત્યા કરે ત્યારે એમાં અફસોસ કરતાં નિરાશા વધુ હોય છે. આપણાં શાસ્ત્રો કહે છે કે પુરુષના પ્રારબ્ધ આડે પાંદડું હોય છે. મહેનત અથવા હાર્ડવર્ક માટે આપણે ત્યાં 'પુરુષાર્થ' શબ્દ વપરાય છે. મહેનત કરનારો કે આપબળે આગળ વધેલો પુરુષ મોટે ભાગે બિઝનેસમાં સફળતા જ ઝંખે છે. પૈસા કમાવા એ મોટા ભાગના પુરુષોની માનસિક જરૂરિયાત છે. સમાજ પુરુષની સફળતા કે નિષ્ફળતાને એની આવકથી માપતો થઈ ગયો છે. વધતી જતી મોંઘવારીએ હરીફાઈને જન્મ આપ્યો છે. રૂપિયાનું મૂલ્ય ઘટતું જાય છે એટલે માણસ ગમે તેટલું કમાય એને એમ જ લાગે છે કે એની આવક એને જેટલી જોઈએ છે તેટલી નથી. સામે સુખ-સગવડનાં સાધનો, બ્રાન્ડ્સ અને વસ્તુઓ બજારમાં એટલી બધી ખડકાવા લાગી છે કે અભાવ દરેક કુટુંબમાં વધુ ને વધુ ઊંડો ઊતરતો જાય છે. મોંઘીદાટ સ્કૂલ્સથી શરૂ કરીને રેસ્ટોરાંઝ, હૉલિડે પૅકેજીસ, બ્યુટીફિકેશનનાં સાધનો, ઘડિયાળો, જ્વેલરી, કાર્સ... એવું શું છે, જેના વગર ચલાવી શકાય? જે વસ્તુઓને આપણે લક્ઝરીમાં મૂકતા હતા, જેને ઝંખના કે ઇચ્છાનું નામ આપતા હતા એ બધું જ હવે 'જરૂરિયાત'નો ભાગ બનતું જાય છે. આપણે બધા જ સમજી શકીએ છીએ કે દરેક માણસની કમાવાની આવડત અને કેપેસિટી એકસરખી ના જ હોય, પરંતુ ઝંખનાને એની સાથે કોઈ નિસબત નથી. સપનાં કે મહત્ત્વાકાંક્ષાને ક્યારેય નથી સમજાતું કે સત્ય શું છે...

એથી આગળ વધીને કેટલાંક કુટુંબોમાં સ્ત્રીઓ પણ આમાં બહુ મોટો ભાગ ભજવે છે. પડોશી સાથે હરીફાઈથી શરૂ કરીને એમની બહેનપણીના પતિઓ કે એમના ભાઈઓ, પિતા કેટલું કમાય છે અથવા એમણે કેટલા પૈસા બનાવ્યા છે, એ કેટલા સફળ છે—વગેરે વિગતો આપી આપીને કે મહેણાં મારી મારીને ઘણી સ્ત્રીઓ પોતાના પતિને સતત એની લઘુતાનો અહેસાસ કરાવ્યા કરે છે. આને કારણે પણ ક્યારેક પુરુષ એની કેપેસિટીથી વધુ કમાવા તરફ ઘાંઘો થઈને દોડે છે. આ ન સમજી શકાય તેવી ભૂખ કે તરસ કે ઝંખનામાંથી જન્મે છે... સંઘર્ષ. આ દુનિયામાં મહેનત કર્યા સિવાય કંઈ મળતું નથી એ વાત સાચી, પરંતુ મહેનત કરવાથી બધું જ મળી જાય છે એમ માનનારા લોકો ક્યાંક ભૂલ તો કરે જ છે. દરેક માણસને એના સમયથી પહેલાં અને એના ભાગ્યથી વધુ કશું મળતું નથી એવું શાસ્ત્રો કહે છે. આપણે ભાગ્યને બાજુમાં મૂકીને ફક્ત પુરુષાર્થને મહત્ત્વ આપીએ, તકદીરને બાજુમાં મૂકીને ફક્ત તદબીરને અગત્યની ગણીએ તો પણ ગમે તેટલી મહેનત કરવા છતાં ટોપ પર એક જ જગ્યા હોય છે, એ વાત ખોટી કેવી રીતે પાડી શકાય? ક્લાસમાં દરેક વિદ્યાર્થી પહેલો નંબર ન લાવી શકે, એવી જ રીતે બિઝનેસ કરતો દરેક માણસ કરોડપતિ ન જ બની શકે, પરંતુ આ વાત દરેકને નથી

સમજાતી.

બીજી એક મહત્ત્વની બાબત એ છે કે માણસ જાતની ભૂખ ક્યાંય અટકતી નથી. ગમે તેટલું મળે તો પણ માણસને લાગે છે કે જે મળ્યું છે તે ઓછું જ છે. ‘વધુ... વધુ’ની દોડ માણસને થકવી નાખે છે. હરીફાઈમાં એક વાર દાખલ થયેલો પુરુષ સામાન્ય રીતે શ્વાસ ચાલતા હોય ત્યાં સુધી એમાંથી બહાર નીકળી શકતો નથી. સ્ત્રીનું કદાચ આ બાબતમાં સહેજ જુદું માનવું અને જીવવું હોય છે. પોતાના પુરુષ વિશે ગમે તેટલી ઍમ્બિશિયસ સ્ત્રી પણ પોતાની જાત વિશે ક્યાં અટકવું એ સમજી શકતી હોય છે! આમ જુઓ તો આ કેટલી નવાઈની, છતાં કૉન્ટ્રાડિક્ટરી બાબત છે! એક સ્ત્રી પોતાના પુરુષને સતત દોડતો રાખી શકે છે ને પોતાની વાત આવે ત્યારે એ જ સ્ત્રી પોતાની જાતને આ આખીયે હરીફાઈમાંથી સાવ આરામથી બહાર કાઢી શકે છે... કેટલાક પુરુષોને એ સમજાતું નથી કે એ પોતાના પરિવારનો સમય પોતાના ધંધામાં કે નોકરીમાં વાપરીને પરિવારને નુકસાન કરે છે એટલું જ નહીં, સાથે સાથે થોડા વખતમાં એ જ પરિવાર એમનાથી દૂર થઈ જશે ને નોકરી કે ધંધાથી એ સુખ, એ શાંતિ નહીં મળે, જે પરિવાર પાસેથી મળે છે.

માણસે કેટલું દોડવું એ કદાચ પોતે નક્કી ન કરી શકે તો પણ ક્યાં અટકી જવું એ તો નક્કી કરવું જ પડે છે... પત્નીનો ભાઈ બહુ કમાતો હોય કે પ્રેમિકાના પિતા બહુ પૈસાવાળા હોય, સાથે ભણેલા મિત્રો કરોડપતિ થઈ ગયા હોય કે આપણા જ સગા ભાઈ પાસે કરોડો રૂપિયા હોય એનો અર્થ એ નથી કે આપણે આપણી આવડત અને કેપેસિટીનો વિચાર કર્યા વગર આંધળુકિયાં કરવાં. પુરુષ કદાચ સમાજમાં એના પૈસાથી પૂજાય છે... ‘નાણાં વગરનો નાથિયો ને નાણે નાથાલાલ’ એ કહેવત મહદ્ અંશે સાચી હોય તો પણ ‘નાથાલાલ’ બનવા માટે જીવનનાં સાદાં સુખો અને શાંતિને દાવ પર ન જ લગાડી શકાય. સાહસનો અર્થ જ સમજી-વિચારીને લીધેલું રિસ્ક અથવા ગણતરીપૂર્વક માંડેલો દાવ એવો થવો જોઈએ...

હારી જવાય, ગણતરીમાં ભૂલ થાય કે કશું હાથમાંથી જતું રહે ત્યારે જિંદગી પૂરી નથી જ થતી એવું પણ સમજી લેવું જોઈએ. આ દુનિયાનું એવું કોઈ દુ:ખ નથી, જેને માટે આત્મહત્યા કરવી પડે અને એમાંય આર્થિક નુકસાન તો એવી બાબત નથી જ કે જેને માટે જીવ આપી શકાય. પૈસા કમાઈ જ શકાય છે, પણ સંબંધ, સમય ને સન્માન પાછાં કમાતાં બહુ તકલીફ પડે છે એ વાત યુવાન થઈ રહેલી આખી પેઢીએ કદાચ સમજવાની જરૂર છે.

• • •



કૈસા યે ઇશ્ક હૈ... ગજબ સા રિસ્ક હૈ

એક પુરુષ અને એક સ્ત્રી વચ્ચેના સંબંધમાં સામાન્ય રીતે મ્યુચ્યુઅલ કન્સેન્ટ—પરસ્પરની ઇચ્છાનું મહત્ત્વ હોય છે. સંબંધમાં દાખલ થયેલા કે થઈ રહેલાં બે જણાં પોતાની મરજીથી જે કંઈ કરે એને માટે એ બે જણાં સિવાય કોઈને જવાબદાર ઠેરવી શકાય નહીં. કાયદાની દૃષ્ટિએ ૧૪ વર્ષની છોકરી સાથેનો શારીરિક સંબંધ ગુનો છે, પરંતુ મનોજ જેવા પુરુષો કોઈને કેવી રીતે સમજાવી શકે કે એ ૧૪ વર્ષની છોકરીએ એને આકર્ષવા, લલચાવવા કે લોભાવવા માટે જે કંઈ કર્યું એમાં ક્યાંય બાળપણ કે ભોળપણનો અંશ પણ નહોતો!

"**મને** ખબર નથી, આ કેવી રીતે થયું..." સંકોચાયેલો—ક્ષોભમાં નીચું જોઈ રહેલો મનોજ કશું બોલી શકે એમ નહોતો. એના પરિવારના સભ્યો એની સામે બેઠા હતા. મોટો ભાઈ, ભાભી, મા, પિતા, પત્ની અને મનોજથી નાની બહેન પણ... સહુ મનોજની સામે વિચિત્ર નજરે જોઈ રહ્યાં હતાં. એ નજરમાં થોડી ઘૃણા હતી, થોડી ચીડ અને ક્યાંક થોડુંક કુતૂહલ પણ હતું, "હું... હું આવું કરું? મારા સ્વભાવમાં કે પ્રકૃતિમાં નથી. એ તો... મારી દીકરી જેવી..." મનોજનું વાક્ય પૂરું થાય એ પહેલાં એની પત્ની પોતાની જગ્યાએથી ઊભી થઈ, કોઈ કંઈ સમજે એ પહેલાં મનોજ તરફ ધસી જઈને એણે મનોજને એક તમાચો મારી દીધો. સહુ ડઘાયેલી સ્થિતિમાં જોતાં રહ્યાં.

મનોજ કશું જ બોલ્યા વગર ગાલ પંપાળતો બેસી રહ્યો. ઘરમાં કોઈ કશું બોલી શકે એમ હતું જ નહીં. જે બન્યું હતું એ ભયાનક હતું. એક સંભ્રાંત ગુજરાતી પરિવારમાં આવું કશું બને એ કોઈ કલ્પી શકે એમ પણ નહોતું, ને છતાં આવી શરમનાક ઘટના બની હતી એ પણ સત્ય જ હતું.

"ગાંડાના ડૉક્ટરને બતાવો એને." મોટા ભાઈએ ગુસ્સામાં કહ્યું...

મનોજ નીચું જોઈને બેસી રહ્યો હતો. એના ચહેરા પર, બૉડી લૅન્ગ્વૅજમાં અફસોસ અને પસ્તાવો હતા.

"હું એનાં મા-બાપની માફી માગવા..."

"એ તારું મોઢું જોવા પણ નથી માગતાં." મનોજની ભાભીએ કહ્યું.

ઘરના બધા જ સભ્યો જાણે અચાનક જ મનોજની વિરુદ્ધ થઈ ગયાં હતાં. સફળ, પ્રેમાળ, સ્નેહાળ, કુટુંબ વત્સલ મનોજ એકદમ જ બધાની નજરમાંથી ઊતરી ગયો હતો ને એનું કારણ હતું એક નાનકડી ૧૪ વર્ષની છોકરી. મનોજના પડોશીની દીકરી, જેની ઉંમર મનોજની દીકરી કરતાં બે વર્ષ મોટી હતી—મૃણાલિની. પડોશમાં રહેતા બંગાળી પરિવારની દીકરી હતી. મનોજની દીકરી સ્નેહા સાથે રમવા, વાતો કરવા, ફિલ્મો જોવા મૃણાલિની અવારનવાર આવતી. બે સમવયસ્ક છોકરીઓની મિત્રતામાં કોઈને શો વાંધો હોય?

એક દિવસ બપોરે મનોજ ઘરમાં એકલો હતો ત્યારે મૃણાલિનીએ એના રૂમમાં આવીને મનોજના ગળામાં હાથ નાખીને એને ચુંબન કર્યું. મનોજે ક્યારેય આવું વિચાર્યું કે કલ્પ્યું નહોતું. એણે મૃણાલિનીને ધમકાવી નાખી. પોતાને ઘેર આવવાની ના પાડી, પણ ૧૪ વર્ષની એ બેબાક છોકરીએ કોઈનાથીયે ડર્યા વગર વારંવાર મનોજને આકર્ષવાનો, લલચાવવાનો, ઉશ્કેરવાનો પ્રયત્ન કર્યા કર્યો. એક દિવસ મનોજની અંદરનો પિતા હારી ગયો અને એની અંદરનો પુરુષ જીત્યો.

મૃણાલિની અને મનોજ વચ્ચેની નિયમિત શારીરિક સંબંધ ચાલવા લાગ્યા... એક દિવસ મનોજની પત્ની અચાનક ઘરે આવી...

....ને આજે પરિવારના સૌ સભ્યોની સામે મનોજ બિચારો—ગરીબડો—ગુનેગાર—માનસિક રીતે વિકૃતિ ધરાવતો કોઈ પાગલ માણસ બેઠો હોય એવો થઈને બેઠો હતો.

•

પિડોફેલિયા એક રોગ છે. નાનકડા બાળક સાથેનો શારીરિક સંબંધ કોઈ રીતે માફ ન કરી શકાય, પરંતુ દરેક વખતે આવા સંબંધમાં પુરુષને જ ગુનેગાર કે જવાબદાર ઠેરવવો કેટલા અંશે યોગ્ય છે? સમય બદલાયો છે. આજની ૧૪-૧૫ વર્ષની છોકરી એક દાયકા પહેલાંની ૨૪-૨૫ વર્ષની છોકરી જેટલી સમજદાર, ચાલાક અને ગણતરીબાજ થઈ ગઈ છે. ઇનોસન્સ અથવા ભોળપણ ધીમે ધીમે બાળપણમાંથી અદશ્ય થઈ ગયું છે. ટીવી સીરિયલમાં કામ કરતાં બાળકો કે જાહેરાતમાં આવતાં બાળકોને જોઈએ તો સમજાય કે બાળક તરીકે એમનાં વાણી-વર્તન અને વ્યવહારમાં જે ભોળપણ હોવું જોઈએ એ એમની પેઢીનાં બાળકોમાં હવે ભાગ્યે જ જોવા મળે છે.

ઇડિપસ કૉમ્પ્લેક્સ અને ઇલેક્ટ્રા કૉમ્પ્લેક્સ આજથી કેટલાંય વર્ષો પહેલાં ગ્રીક ટ્રેજેડીમાં રજૂ કરવામાં આવેલા પિતા અને પુત્રી વચ્ચેના આકર્ષણ, મા અને દીકરા વચ્ચેના આકર્ષણની કથાઓ છે. એવા કેટલાય યુવાન છોકરાઓ છે, જેમને એમની ઉંમર કરતાં મોટી, ઘણી મોટી સ્ત્રીઓ માટે આકર્ષણ થાય છે. એવી જ રીતે ઘણી છોકરીઓને એની ઉંમર કરતાં મોટા પુરુષો માટે અને પુરુષોને એની ઉંમર કરતાં ઘણી નાની છોકરીઓ માટે પણ આકર્ષણ થઈ શકે. રાજ કપૂરની ફિલ્મ 'મેરા નામ જોકર'માં સિમી ગ્રેવાલને કપડાં બદલતાં જોઈને રિષી કપૂરની ફાટી જતી શૉર્ટ્સનાં દશ્યો સાચાં, બોલ્ડ અને હિન્દી સિનેમા માટે એના સમય કરતાં ઘણાં વહેલાં રજૂ થયેલાં એડોલેસન્ટ—કિશોરના શારીરિક અને માનસિક ફેરફારનાં દશ્યો હતાં. એ પછી ઘણી હિન્દી ફિલ્મોએ આ વાત પોતાની રીતે કહેવાનો પ્રયત્ન કર્યો. એક અંગ્રેજી ફિલ્મ 'સમર ઑફ ફૉર્ટી ટુ'માં કલાત્મક રીતે આવા સંબંધ વિશે વાત કરાઈ હતી. મહેશ ભટ્ટની 'અર્થ' કે ફરહાન અખ્તરની 'દિલ ચાહતા હૈ'માં પોતાનાથી મોટી ઉંમરની સ્ત્રી માટે આકર્ષણ અનુભવતા પુરુષની વાર્તા કહેવાઈ છે. અમૃતા પ્રીતમ અને ઇમરોઝના સંબંધો પરનું

નાટક દીપ્તિ નવલ અને શેખર સુમન ભજવી ચૂક્યા છે. આજથી થોડા દાયકા—પચાસ કે સિત્તેર વર્ષ પહેલાંનાં લગ્નોમાં સ્ત્રી-પુરુષ વચ્ચે દસ વર્ષનો તફાવત સ્વાભાવિક માનવામાં આવતો હતો. રમાબાઈ રાનડેનાં લગ્ન થયાં ત્યારે એમના પતિ જજ હતા, ટાગોરનાં લગ્ન થયાં ત્યારે ટાગોર અને મૃણાલિની દેવી વચ્ચે ૧૧ વર્ષનો ફેર હતો. પંડિત રવિશંકરનાં ત્રીજી વારનાં પત્ની કે કિશોર અને લીના ચંદાવરકર વચ્ચે ઉંમરનો ઘણો મોટો તફાવત હતો... આ તફાવત પોતાની મરજી, ઇચ્છા અને પ્રેમના કારણે સ્વીકારી લેવામાં આવ્યો હશે.

એક પુરુષ અને એક સ્ત્રી વચ્ચેના સંબંધમાં સામાન્ય રીતે મ્યુચ્યુઅલ કન્સેન્ટ—પરસ્પરની ઇચ્છાનું મહત્ત્વ હોય છે. સંબંધમાં દાખલ થયેલા કે થઈ રહેલાં બે જણાં પોતાની મરજીથી જે કંઈ કરે એને માટે એ બે જણાં સિવાય કોઈને જવાબદાર ઠેરવી શકાય નહીં. કાયદાની દૃષ્ટિએ ૧૪ વર્ષની છોકરી સાથેનો શારીરિક સંબંધ ગુનો છે, પરંતુ મનોજ જેવા પુરુષો કોઈને કેવી રીતે સમજાવી શકે કે એ ૧૪ વર્ષની છોકરીએ એને આકર્ષવા, લલચાવવા કે લોભાવવા માટે જે કંઈ કર્યું એમાં ક્યાંય બાળપણ કે ભોળપણનો અંશ પણ નહોતો! 'બ્લેઇમ ઇટ ઑન રિયો' કે 'લોલિટા' જેવી નવલકથાઓ અને ફિલ્મો વિદેશમાં બની છે. આપણા દેશમાં બનેલી એક ફિલ્મ 'નિ:શબ્દ' ઑડિયન્સે સ્વીકારી નહોતી, પરંતુ એ ફિલ્મમાં જે વાત કહેવાઈ હતી એ આજની નવી પેઢીનું સત્ય છે. આજના જમાનામાં યુવાન થઈ રહેલી છોકરીઓને મોટી ઉંમરના પુરુષોમાં રસ પડે છે, વધતો જાય છે. આનું એક કારણ એ છે કે આવા પુરુષો કમાઈને, સૅટલ થઈને હવે જિંદગીની નિરાંત અનુભવતા હોય છે અને એમનામાં કોઈ પણ યુવાન છોકરા કરતાં વધુ સમજદારી, ધીરજ અને સહનશીલતા હોય છે.

આપણે ઇનફેચ્યુએશનની ચર્ચા નથી કરતા, પ્રૉફેસર કે બૉસ માટે થઈ જતો પ્રેમ ઇનફેચ્યુએશન હોઈ શકે, પરંતુ ગણતરીપૂર્વક કોઈ પુરુષને અમુક પ્રકારની લાલચમાં ઘસડીને એની સાથે બાંધેલા શારીરિક સંબંધ માટે જ્યારે ફક્ત પુરુષને બ્લેઇમ કરવામાં આવે ત્યારે આ સમાજ, પુરુષના પરિવારજનો અને ખાસ કરીને એની પત્નીએ આખીયે પરિસ્થિતિને એક વાર ન્યૂટ્રલી મૂલવવી જોઈએ. આપણા સમાજમાં પુરુષને જ સામાન્ય રીતે જવાબદાર અને ગુનેગાર ઠેરવવાનો એક વિચિત્ર શિરસ્તો ચાલ્યો આવે છે. બે વ્યક્તિઓ પૂરી સમજદારી અને આકર્ષણ સાથે જે સંબંધમાં દાખલ થાય એ સંબંધમાં જે કંઈ બને એને માટે બે જણાં જવાબદાર હોય છે, હોવા જોઈએ. છોકરીની ઉંમર નાની હોય—બર્થસર્ટિફિકેટમાં નાની હોય એટલે દરેક વખતે એ છોકરી ભોળી અને બાળકી છે એવું માનવાનો સમય હવે પૂરો થયો છે.

પુરુષનો સ્વભાવ અને પ્રકૃતિ પૉલિગેમીની છે, શિકાર એની આદત છે. સ્ત્રી અને પુરુષમાં શારીરિક અને માનસિક તફાવતો છે... આ બધી જ બાબતોને તદ્દન નજરઅંદાજ કરીને કોઈ પણ ઘટના વખતે ફક્ત પુરુષને જવાબદાર ઠેરવતા સમાજે હવે જાગીને સત્ય તરફ જોવું જોઈએ. સમાજ માને છે, ધારે છે અને કલ્પે છે એના કરતાં સમય, સંજોગો અને નવી પેઢીની સ્ત્રીઓ ઘણા જુદા છે.

• • •



બાતોં બાતોં મેં પ્યાર હો જાએગા...

એક યુવતી શું ઇચ્છે છે અથવા એક પત્ની કઈ વાતે ખુશ થઈ શકે, સુખી રહી શકે એ બાબતો હવે પતિએ પણ સમજવી પડશે. ગઈ કાલ સુધી ઘરની બહાર નહોતી નીકળતી એવી છોકરીઓ—સ્ત્રીઓ હવે બજાર, વ્યવસાય અને નોકરીમાં ઍક્સ્પોઝ થઈ છે, એને શું ગમે છે ને શું નહીં એ કદાચ મોડું સમજાય તો પણ એની ચોઇસનો 'માલ' બજારમાં છે એવી એને ખબર પડવામાં બહુ વાર નથી લાગતી. લગ્નેતર સંબંધો, છૂટાછેડા અને લગ્નમાં ઊભી થતી વિસંવાદિતા—ઝઘડાનું કારણ બીજું કશું જ નથી, પરંતુ મોડે મોડે સમજાયેલો અસંતોષ છે...

"**મમ્મીઈઈઈઈઈઈ** ..." આરોહી ઘરમાં દાખલ થઈ ત્યારે સખત ઍક્સાઇટેડ હતી, "ક્યાં છે તું? મમ્મીઈઈઈઈ."

"શું છે?" ભાર્ગવીબહેને બહાર આવીને સ્નેહથી પૂછ્યું, "કેમ આટલી બૂમો પાડે છે?"

"મને રોહિતે પ્રપોઝ કર્યું. જો." આરોહીએ હાથ લંબાવીને આંગળીમાં પહેરેલો સૉલિટેર બતાવ્યો. ઓછામાં ઓછો દોઢ લાખ રૂપિયાનો હીરો હશે એવું ભાર્ગવીબહેનને સમજાયું.

"ને તેં શું કહ્યું?" ભાર્ગવીબહેને હીરાથી ઇમ્પ્રેસ થયા વગર એકદમ ગંભીરતાથી આરોહીની આંખમાં જોયું.

"શું કહેવાનું હોય, રોહિત જેવા છોકરાને?" આરોહીની આંખો અહોભાવથી ચમકતી હતી, "એની પાસે મર્સિડિઝ છે—એસ ક્લાસ... મલબાર હિલ પર બંગલો છે... એકનો એક દીકરો છે. મારી કૉલેજની બધી જ છોકરીઓ મરતી હતી એના પર. એ ખાલી લિફ્ટ આપે ને એમાં પણ છોકરીઓ ધન્ય થઈ જતી, સ્માઇલ કરેને તો પણ..."

"હં..." ભાર્ગવીબહેને ડોકું ધુણાવ્યું, વચ્ચે જ પૂછ્યું, "શું ભણ્યો છે?"

"એનાથી શો ફેર પડે છે? એના બાપ પાસે સ્ટીલની ફૅક્ટરીઝ છે." આરોહી એટલી ઉત્સાહમાં હતી કે ભાર્ગવીબહેનનો કોઈ સવાલ એને સમજાતો જ નહોતો, "તને ખબર છે મમ્મી?" આરોહીએ ઉમેર્યું, "એની

મમ્મીએ અત્યારથી વિલંદીના ને જડતરના સૅટ્સ કરાવીને મૂકી દીધા છે આવનારી વહુ માટે!"

"તો?" ભાર્ગવીબહેને અદબ વાળી, ભવાં ઉલાળીને પૂછ્યું, "તો શું?"

"તો..." આરોહી શરમાઈ ગઈ, "હું એને પરણી જઈશ."

"પછી?"

"પછી શું? મજા કરીશ, એના પૈસા વાપરીશ, મર્સિડિઝમાં ફરીશ, બંગલામાં રહીશ..."

"ને એની સાથે વાત શું કરીશ?" ભાર્ગવીબહેને એક તમાચો મારતાં હોય એવી રીતે પૂછ્યું. આરોહી મા સામે જોઈ રહી. હવે એને સવાલ બરાબર સમજાયો. આરોહીનો ઉછેર પુસ્તકોની વચ્ચે, સંગીત અને કલાઓની વચ્ચે કરવામાં આવ્યો હતો. એ ખૂબ સારા સ્કેચિસ કરતી, એને વાંચવાનો ખૂબ શોખ હતો, સંગીતમાં વિશારદની પરીક્ષા એણે હજી ગયા વર્ષે જ આપી... સામે રોહિત ક્લબ, પાર્ટીઝ, મૂવીઝની બહાર કશું જાણતો કે સમજતો નહીં. એને ગુજરાતી પુસ્તકો 'લોડ' લાગતાં ને મ્યુઝિક 'બોરિંગ'... એ આ બધું જ આરોહીના ઘરમાં બેસીને જ, ભાર્ગવીબહેનની સામે વારંવાર બોલી ચૂક્યો હતો. માના સવાલની સાથે જ ત્રેવીસ વર્ષની આરોહીનો આખો અભિગમ બદલાઈ ગયો. હાથમાં પહેરેલા હીરા સામે એ ઘડીભર જોઈ રહી, પછી એણે પોતાના બે હાથ માના ગળામાં નાખ્યા—ભીના અવાજે એણે ધીમેથી ભાર્ગવીબહેનના કાનમાં કહ્યું, "થૅન્ક યુ મમ્મી."

•

વાત નાનકડી છે, પણ એની પાછળ બે આખી જિંદગીઓનો મોટો સવાલ ઊભો છે. આજનાં માતાપિતા બૅન્ક બૅલેન્સ જોઈને લગ્ન કરાવે છે, પણ બે વ્યક્તિઓ વચ્ચે બૅલેન્સ જળવાઈ શકશે કે નહીં એનો વિચાર કરવાનું એમને સૂઝતું નથી. ઘરમાં કેટલાં એ.સી. છે એ ગણીએ ત્યારે બે જણાંને એક જ ટેમ્પરેચરમાં સૂવાનું ફાવશે કે નહીં એ વિશે વિચારવાનું આપણને સૂઝતું નથી. છેલ્લાં થોડાં વર્ષોમાં મટીરિયાલિસ્ટિક સગવડો અથવા સંપત્તિ અને ઇન્વેસ્ટમૅન્ટનું મહત્ત્વ બહુ વધી ગયું છે. લગભગ દરેક માણસને લાગે છે કે ભૌતિક સગવડોમાં સુખ છે, સંપત્તિ સાથે જ સલામતી જોડાયેલી છે. ખરેખર આવું જ હોય તો મોટા ગણાતા સંભ્રાંત પરિવારોનાં લગ્નજીવન અત્યંત સુખી હોવાં જોઈએ, પરંતુ સામાન્ય રીતે એવું હોતું નથી. સૌથી વધુ ઍક્સ્ટ્રા મેરિટલ—લગ્નેતર સંબંધો ઉચ્ચ મધ્યમ વર્ગનાં કુટુંબોમાં થતા જોવા મળે છે.

'દસ કહાનિયાં' નામની એક ફિલ્મમાં અનુપમ ખેર, આફતાબ શિવદાસાની અને અનુરાધા પટેલના અભિનયમાં કહેવાયેલી એક વાર્તા આ જ સંબંધોની વાત કહે છે. પિતાએ નક્કી કરેલાં લગ્નમાં દીકરી તૈયાર તો થઈ જાય છે, પણ એનું મન માનતું નથી. ટ્રેનમાં અચાનક મળી ગયેલી એક અજાણી સ્ત્રી એને એક બુટ્ટી આપી જાય છે, અજાણ્યા સ્ટેશન પર ઊતરી ગયેલી એ સ્ત્રીને બુટ્ટી પાછી આપવા માટે એ સ્ટેશન પર ઊતરેલી છોકરી એક છોકરાને મળે છે... પ્રેમ થઈ જાય છે ને પછી એનાં લગ્ન તો જ્યાં નક્કી થવાનાં હતાં ત્યાં જ નક્કી થાય છે. લગ્નની આગલી રાત્રે પિતા પોતાની દીકરીને એના દિલની વાત સાંભળવાનું કહે છે. હિન્દી સિનેમામાં આવો નિર્ણય હીરોઇને કેટલીયે વાર કર્યો હશે. લગ્નની છેલ્લી મિનિટે ભાગી છૂટતી કેટલીયે હીરોઇનને હિન્દી સિનેમાના પ્રેક્ષકો જોઈ ચૂક્યા છે, પણ સાચા અર્થમાં પોતાના દિલનું માનીને પરણતી કેટલી છોકરીઓને આપણે ઓળખીએ છીએ? પોતાના ભાવિ જીવનસાથીમાં એને શું જોઈએ છે એવું કેટલા યુવાન કે યુવતીઓને ખબર છે? 'રાસ્તે ઔર ભી હૈ જીવનસાથી પાને કે' આવી જાહેરાતમાં દીકરી માટે ચિંતિત પિતાને


બતાવવામાં આવ્યા છે. દીકરા માટે કોઈ ચિંતા કરતું નથી એવું આ જાહેરાતમાંથી ફલિત થાય છે.

છોકરીઓ તો કદાચ હજી પણ ટોલ, હાર્ડ, હેન્ડસમ અને રીચમાં ફસાઈ જાય... પરંતુ છોકરાઓ—યુવાનોને મોટા ભાગે ખબર નથી પડતી કે એને એની ભાવિ પત્ની મૉડર્ન જોઈએ છે કે ટ્રેડિશનલ, બહુ બડબડ કરે એવી જોઈએ છે કે શાંત, બૅકલેસ પહેરે એવી જોઈએ છે કે સલવાર-કમીઝ પહેરે એવી બહેનજી! લગભગ દરેક યુવાનને એવી ઇચ્છા છે કે એની પત્ની એની સાથે પાર્ટીમાં આવે, અંગ્રેજીમાં બોલે અને એના મિત્રોને ઇમ્પ્રેસ કરી નાખે... તો બીજી તરફ એ જ છોકરી એનાં મા-બાપનું ધ્યાન રાખે, એનાં સંતાનોને સંસ્કાર આપે એવી પણ જોઈએ છે. મોટા ભાગના યુવાનો માને છે કે એ સારું કમાય છે અથવા દેખાવડા છે. આ બે જ ક્વૉલિટી ઉપર એને જેવી જોઈએ તેવી છોકરી મળી જશે. આજે પણ 'નિર્દોષ ડિવોર્સી'ની જાહેરાતમાં 'કુંવારી છોકરીઓને પહેલી પસંદ' લખવામાં આવે છે. આપણે મેટ્રિમોનિયલની જાહેરખબર જોઈએ ત્યારે 'કન્યા'ના મથાળા હેઠળ લખવામાં આવતી જાહેરાતો કૉમેડી સિરિયલના ડાયલોગ કરતાંય વધુ ફની અને બેવકૂફીભરી હોય છે. 'ગોરી' છોકરી બધાને જોઈએ છે, પાતળી, સંસ્કારી અને ભણેલી પણ મુખ્ય જરૂરિયાતોમાં આવે છે... એની સામે છોકરીઓ પણ જ્યારે જાહેરાતમાં 'વર'ના મથાળા હેઠળ પોતાની જરૂરિયાતો જણાવે છે ત્યારે કમાતો, ભણેલો, સમજદાર વગેરે વગેરે લખે છે, પરંતુ કોઈ છોકરી સારી સેન્સ ઑફ હ્યુમર ધરાવતો, સારું વાંચતો, વાતો કરી શકાય એવો પતિ શોધતી હોય એવું જોવા મળતું નથી! હનિમૂન પર ગયેલાં બે જણાં કેટલીક વાર 'એકલાં' પડી જાય છે, માટે આજકાલ બે-ચાર કપલ 'કંપની'માં હનિમૂન પર જાય છે!

નવાઈની વાત એ છે કે જે બાબતો આખી જિંદગી ચાલવાની છે અથવા મહત્ત્વની છે એના વિશે પુરુષો વિચારતા જ નથી, અથવા એમને વિચારતાં શીખવવામાં આવતું જ નથી. મોટા ભાગની મમ્મીઓ એમ જ માને છે કે એના દીકરાને શો કેસમાં મૂકશે કે તરત જ એનો છોકરો પ્રીમિયમ ભાવના શૅરની જેમ ટપોટપ વહોરાઈ જશે! દેખાવડા—પૈસાવાળા છોકરાઓને પટ દઈને હા પાડી દેતી છોકરીઓને થોડાક જ દિવસમાં સમજાય છે કે અહીં રોમાન્સ નથી, કૉમ્યુનિકેશન નથી, સહિષ્ણુતા કે સહનશીલતાનો મૂળેય અભાવ છે, ફ્રીડમ નથી, સેન્સ ઑફ હ્યુમર નામના શબ્દ સાથે એને કોઈ લેવાદેવા જ નથી... ત્યારે એ છોકરીને સમજાય છે કે બૅન્ક બૅલેન્સ, બંગલા, ગાડી કે તિજોરીમાં ઠાંસોઠાંસ ભરેલા ડાયમંડના દાગીનાથી કદાચ સલામતી કે સગવડ આવતી હશે, પણ સુખ તો નથી જ મળતું.

આજના યુવાને પોતાની જાતને એના હાથમાં રમતા લેટેસ્ટ મોબાઇલની જેમ અપગ્રેડ કરવાની જરૂર છે. એક યુવતી શું ઇચ્છે છે અથવા એક પત્ની કઈ વાતે ખુશ થઈ શકે, સુખી રહી શકે એ બાબતો હવે પતિએ પણ સમજવી પડશે. ગઈ કાલ સુધી ઘરની બહાર નહોતી નીકળતી એવી છોકરીઓ—સ્ત્રીઓ હવે બજાર, વ્યવસાય અને નોકરીમાં ઍક્સ્પોઝ થઈ છે, એને શું ગમે છે ને શું નહીં એ કદાચ મોડું સમજાય તો પણ એની ચોઇસનો 'માલ' બજારમાં છે એવી એને ખબર પડવામાં બહુ વાર નથી લાગતી. લગ્નેતર સંબંધો, છૂટાછેડા અને લગ્નમાં ઊભી થતી વિસંવાદિતા—ઝઘડાનું કારણ બીજું કશું જ નથી, પરંતુ મોડે મોડે સમજાયેલો અસંતોષ છે...

પત્નીને સુખી, સંતુષ્ટ કે સ્નેહથી તર-બ-તર રાખવાનું કામ પતિનું પણ છે જ. લગ્ન નિભાવવાની જવાબદારી પુરુષની એટલી જ છે, જેટલી સ્ત્રીની. હવે પ્રયાસ બંને પક્ષે કરવો પડશે. હવે પુરુષે પણ સ્ત્રીને રીઝવવાની કળાઓ કેળવ્યા વિના ચાલવાનું નથી, જેમાં વાત કરવાની આવડત કદાચ સૌથી જરૂરી અને સૌથી પહેલી બાબત છે.



લડકી 'ના' કહે તો ઉસકા મતલબ, 'હાં'?

મોટા ભાગના લોકો પોતાના ફૉલ્સ ઈગોમાં કે વધુ પડતા ઊંચા સેલ્ફ ઍસ્ટિમમાં એવું સમજવા કે સ્વીકારવા તૈયાર નથી હોતા કે પોતે જેને ચાહે છે એ વ્યક્તિ પોતાને એના જીવનસાથી બનાવવા લાયક ગણતી નથી. આપણે બધા જ વિચિત્ર પ્રકારની ભ્રમમાં જીવીએ છીએ, આ ભ્રમની માત્રા ઓછી-વધતી હોઈ શકે, પરંતુ દુનિયાની કોઈ વ્યક્તિ ભાગ્યે જ પોતાને કદરૂપી કે ગેરલાયક સ્વીકારવા તૈયાર થાય. લેક ઑફ કૉન્ફિડન્સથી પીડાતા કે લઘુતાગ્રંથિમાં જીવતા લોકોની આ ચર્ચા નથી.

છ મિત્રો એક પબમાં બેસીને વાતો કરી રહ્યા હતા. બાકીના પાંચ આમ મજામાં હતા, ને છઠ્ઠો નીચું માથું નાખીને—નિમાણો થઈને બિયરના ઘૂંટ ભરી રહ્યો હતો. બાકીના બધા એને એન્ટરટેઇન કરવાનો, મજા કરાવવાનો ને ચિયરઅપ કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા, પણ પેલા ઉપર ખાસ અસર થતી નહોતી. એ દુ:ખી, નીચું જોઈને બેઠેલા છોકરાનું નામ સૌરિન હતું. હજી ગઈ કાલે જ એને એની ડ્રીમગર્લે 'રિજેક્ટ' કર્યો હતો. છેલ્લા કેટલાય સમયથી સૌરિન આ છોકરી, મિનોલી પાછળ આંટા મારતો હતો. એણે મિનોલી સાથે દોસ્તી કરવાના પણ પૂરતા પ્રયત્નો કર્યા હતા. સિંગાપોર ઍરલાઇન્સમાં ઍરહોસ્ટેસની નોકરી કરતી મિનોલી આમ તો સૌરિનના બિલ્ડિંગમાં જ ઉપર રહેતી હતી...

"તેલ પીવા ગઈ, છોકરી અને બસ પાછળ દોડવું નહીં. એક જાય તો બીજી આવે..." મૃગાંકે કહ્યું.

"તને નહીં સમજાય." સૌરિનની આંખોમાં પાણી આવી ગયાં, "હું એને ખૂબ ચાહું છું. મારી જાતથી પણ વધારે."

"ભૂલી જા યાર." અનિશે બિયરની બૉટલથી સૌરિનનો ગ્લાસ ભર્યો, "ટ્રાય મારી જોવાની. પછી એની જાતને મિસ યુનિવર્સ સમજતી હોય તો એક—બે ને સાડા ત્રણ."

"એવું નથી યાર." સૌરિન હજીયે પોતાના રિજેક્શનનું માતમ ભૂલવા તૈયાર નહોતો, "એના ફેમિલીમાંથી પ્રૉબ્લેમ છે. એ લોકો ઇચ્છે છે કે મિનોલી કોઈ પાઇલટને પરણે." સૌરિને ડોકું હલાવ્યું, ગંભીરતાથી કહ્યું, "એણે કહ્યું મને. તું પાઇલટ હોત તો હું તને ના ન પાડત."

"તને દૂ બનાવ્યો એણે." શ્રીકાંત હસી પડ્યો, "જોકે સારી છોકરી કહેવાય. તને એવું ના કહ્યું કે—ચલ, ચાલતી પકડ."

"ના, ના..." સૌરિન હજીયે ઢીલો હતો, "ઊલટાનું મેં એને પૂછ્યું કે—કૅન વી બી ફ્રૅન્ડ્સ?—તો એણે કહ્યું—શ્યૉર...."

"તે કહે જ ને." મૃગાંકે કડવાશથી કહી નાખ્યું, "તું એને માટે દૂધ લાવે, શાક લાવે, બ્રેડ લાવે, એના ઘરની ચાવી રાખે... દસ ધક્કા ખાય ને પાંચ કામ કરે તો એ તને ફ્રૅન્ડ્સ બનવાની ના શું કામ પાડે?"

ચર્ચા કલાકો ચાલી... સૌરિન માનવા જ તૈયાર નહોતો કે મિનોલીએ એને એટલા માટે રિજેક્ટ કર્યો હતો, કારણ કે સૌરિન તદ્દન ઍવરેજ લૂકિંગ, દૂબળો અને થોડો બાઘો હતો. એ એવું સ્વીકારવા જ તૈયાર નહોતો કે પોતે મિનોલીને લાયક નહોતો... બલકે એ દૃઢતાથી એવું માનતો હતો કે મિનોલીના પરિવારના દબાણને કારણે મિનોલી બિચારી સૌરિનનો પ્રેમ સ્વીકારી ન શકે એટલી મજબૂર હતી.

•

સૌરિન જેવા કેટલાય લોકો અરીસામાં પણ સત્યને જોઈ શકતા નથી. પોતાનાથી વધુ કમાતી, સફળ છોકરીનાં સપનાં જોવા ખોટાં નથી કે એમાં કોઈ ગુનો નથી. પોતાના મનની વાત પોતાની ગમતી વ્યક્તિને કહી નાખવામાંય કશું ખોટું નથી, પણ જ્યારે સામેની વ્યક્તિ સ્પષ્ટતાથી પ્રણય કે પરિણયનો પ્રસ્તાવ ઠુકરાવે ત્યારે એ વાતને રિઆલિટીની—સત્યની લાઇટમાં સ્વીકારવી બહુ જરૂરી હોય છે. ઘણી વાર એવું બને કે પુરુષ પ્રેમમાં પડે ત્યારે એને માટે એ સ્ત્રી દુનિયાની સૌથી રૂપાળી અને સૌથી કમનીય છોકરી હોય... પરંતુ એ છોકરી બીજાની નજરે એટલી સુંદર, આકર્ષક કે છોકરાની સાથે લગ્ન કરવા યોગ્ય ન પણ હોય! એવી જ રીતે સુંદર, ભણેલી છોકરીઓ ડ્રાઇવર કે રિક્ષાવાળા સાથે ભાગી જતી હોય છે. લાખોપતિની દીકરી સામાન્ય મિકેનિકના પ્રેમમાં પડે તો એમાં કંઈ ખોટું નથી. લગ્ન કે પ્રેમ બે ડિગ્રી કે બે બૅન્ક સ્ટેટમૅન્ટ વચ્ચે નથી જ થતાં. બંગલા અને બંગલા વચ્ચેનાં લગ્ન નથી હોતાં. વ્યક્તિ અને વ્યક્તિ વચ્ચેનું અનુસંધાન હોય છે. બે જણાં એકબીજા સાથે જીવવા માગતાં હોય તો ત્રીજી વ્યક્તિને કશું જ કહેવાનો અધિકાર નથી. જો માતાપિતાને એમ લાગે કે સંતાને પસંદ કરેલા જીવનસાથી સંતાનને યોગ્ય નથી તો કદાચ માતાપિતા એ વિશે પોતાની સમજણ કે વિરોધ પ્રગટ કરી શકે... પરંતુ જ્યારે એક વ્યક્તિ બીજી વ્યક્તિને સ્પષ્ટ રીતે નકારી કાઢે ત્યારે જેને નકારી કાઢવામાં આવ્યા છે એણે એ વાત સમજવી અને સ્વીકારવી અનિવાર્ય છે.

મોટા ભાગના લોકો પોતાના ફૉલ્સ ઇગોમાં કે વધુ પડતા ઊંચા સેલ્ફ ઍસ્ટિમમાં એવું સમજવા કે સ્વીકારવા તૈયાર નથી હોતા કે પોતે જેને ચાહે છે એ વ્યક્તિ પોતાને એના જીવનસાથી બનાવવા લાયક ગણતી નથી. આપણે બધા જ વિચિત્ર પ્રકારની ભ્રમમાં જીવીએ છીએ, આ ભ્રમની માત્રા ઓછી-વધતી હોઈ શકે, પરંતુ દુનિયાની કોઈ વ્યક્તિ ભાગ્યે જ પોતાને કદરૂપી કે ગેરલાયક સ્વીકારવા તૈયાર થાય. લૅક ઑફ કૉન્ફિડન્સથી પીડાતા કે લઘુતાગ્રંથિમાં જીવતા લોકોની આ ચર્ચા નથી. સામાન્ય માણસ એમ માને છે કે પોતે 'ખાં સાહેબ' છે. દુનિયાની દરેક બીજી વિજાતીય વ્યક્તિ પોતાને જોઈને 'પડી જશે', 'લપટાઈ જશે' કે 'અભિભૂત થઈ જશે' એમ માનનારા લોકોની આ દુનિયામાં ખોટ નથી. જરૂરી છે કે દુનિયાનો દરેક માણસ એક સાચો અભિપ્રાય, ખાસ કરીને પોતાને વિશે કેળવે. અરીસામાં જોઈને પોતાને કેવાં કપડાં શોભે છે, પોતાનો ચહેરો-મહોરો કેવો છે, ઊંચાઈ અને શરીર કેવાં છે એ વિશે દરેક માણસે સચ્ચાઈ અને પ્રામાણિકતાથી વિચારવું જોઈએ. હા, એ વાત જુદી છે કે માણસ ગમે તેવો દેખાતો હોય તેમ છતાં ક્યારેક ફક્ત એના ગુણ, એની

પ્રામાણિકતા કે એની સરળતા અને કાળજીને કારણે સામેની વ્યક્તિ એને ચાહવા માંડે... પરંતુ ત્યાં સુધી પહોંચતા પહેલાં તો દેખાવ જ આકર્ષણનું કારણ બને છે.

આ સમાજમાં મોટા ભાગના લોકો પોતાની કલ્પનાના જીવનસાથીને મેળવવા પ્રયત્ન કરે છે. છાપામાં જાહેરખબરોમાં આવતી મેટ્રિમોનિયલની માગણીઓ ક્યારેક રમૂજી જોકનું કામ કરી જતી હોય છે. લગભગ દરેક યુવકને ગોરી, પાતળી, ઊંચી, સંસ્કારી, સમજદાર અને ગૃહકાર્યમાં કુશળ... છોકરી જોઈએ છે. તો લગભગ દરેક છોકરીને પ્રેમાળ, સમજદાર, મૉડર્ન, સારું કમાતો અને ઇન્ડિપેન્ડન્ટ પતિ જોઈએ છે. દરેકને ઇચ્છિત બધું જ મળી જતું હોય તો આ સમાજમાં સમસ્યા થવાની સંભાવના જ ન રહે. મોટા ભાગનાં માતાપિતા પોતાના સંતાનને સમજાવતી વખતે કહે છે, "લગ્ન કરવા હોય તો બાંધછોડ કરવી જ પડે. સમાધાન નહીં કરે તો કેમ ચાલશે?" ત્યારે એ માતાપિતા આ જ વાત કહેવાનો પ્રયાસ કરતાં હોય છે.

પ્રેમમાં પડવું કે કોઈ વ્યક્તિને ચાહવા માંડવી એમાં કંઈ ખોટું નથી, પરંતુ એ વ્યક્તિ પણ આપણને ચાહે એવો આગ્રહ, દુરાગ્રહ, હઠાગ્રહ રાખવો એ મૂર્ખામી નથી? સામેની વ્યક્તિ આપણને ચાહે છે કે નહીં એટલું પૂછવા સુધી આપણને અધિકાર છે, પરંતુ એ સ્પષ્ટ ના પાડે તેમ છતાં ઈગોને પંપાળીને એ એના પરિવારના દબાણને કારણે, નોકરીની મજબૂરીને કારણે અથવા ઍક્સ, વાય, ઝેડ કારણસર ના પાડે છે એવું જાતને અને બીજાને મનાવવાનો પ્રયાસ કેટલો નિરર્થક અને કેટલો ખોટો છે!

સિનેમા અને ટૅલિવિઝને કેટલાક ફાલતુ ડાયલોગ પ્રચલિત કરીને પણ આવી મૂર્ખ માનસિકતામાં વધારો કર્યો છે. ફિલ્મોમાં હીરોને એના મિત્રો કહે છે, "પાગલ! લડકી કી ના મતલબ હાં..." આ વાત કેટલી સ્ટૂપિડ, કેટલી મૂર્ખતાપૂર્ણ છે! કોઈ છોકરીને હા પાડવી હોય તો એ શું કામ ના પાડે... એવો વિચારો માણસને એક વાર પણ નહીં આવતો હોય? આજની છોકરીઓ સ્પષ્ટ વિચારે છે અને સ્પષ્ટ કહે છે. પ્રમાણમાં થોડી મતલબી કે ગણતરીબાજ પણ હોય છે. સાથે સાથે એક મહત્ત્વની વાત એ છે કે આજની છોકરીને પોતાની કારકિર્દી, પોતાના ભવિષ્ય વિશે કેટલીક સમજ બહુ સ્પષ્ટ હોય છે. છોકરીને સમજાય છે કે એણે હા પાડવાની છે કે ના... બસ, સામેના પાત્રએ—છોકરાએ—પુરુષે એની 'હા'ને હા અને 'ના'ને ના જ સમજવાની છે.

• • •



એકતરફા આશકીને ખત્મ કર ડાલા હમેં...

હવે વ્યક્તિ જાતે—પોતે પોતાના જીવનસાથીને અથવા પ્રેમીને પસંદ કરવામાં માને છે. જે ન ગમે એને સ્પષ્ટ ના પાડવાની હિંમત હવે દરેક વ્યક્તિમાં આવવા લાગી છે ને સાચું પૂછો તો આ ના પાડવાનો અધિકાર દરેક પાસે છે જ. એકતરફા આશકી કે એકતરફી પ્રેમમાં સમર્પણ કે અર્પણ હોય ત્યાં સુધી વાંધો નથી, પરંતુ હઠાગ્રહ કે દુરાગ્રહ દાખલ થાય ત્યારે ઇગો પ્રૉબ્લેમ શરૂ થાય છે.

"**એક** વાત સમજી લે, તું મારી નથી તો આ દુનિયામાં કોઈની નહીં થઈ શકે." ચેતનની આંખોમાં કોઈ રાક્ષસ ઊતરી આવ્યો હતો, "એવો ચહેરો કરી નાખીશ કે..."

"પણ! તું મને..." અચકાતાં અચકાતાં ભૈરવીએ કહ્યું, "આઇ ડૉન્ટ લવ યુ."

"પ્રેમ તો થઈ જશે, ધીમે ધીમે તું શીખી જઈશ મને પ્રેમ કરતા." ચેતને કાંડુ પકડીને ભૈરવીને ખેંચી, બંનેના ચહેરા સાવ નજીક આવી ગયા. ચેતને એની આંખમાં આંખ નાખી, "તારી પાસે કોઈ ચોઇસ નથી મને પ્રેમ કર્યા સિવાય."

•

શાહબુદ્દીન નામના એક આરજેડીના પૂર્વ એમ.પી.ને હજી ગયા અઠવાડિયે જ ઍસિડ ફેંકવા માટે જનમટીપની સજા થઈ છે. ઍર હોસ્ટેસની આત્મહત્યા માટે જવાબદાર ગોપાલ કાંડા હોય કે મધુમિતા જેવી પત્રકારનો કિસ્સો... સવાલ એ છે કે વ્યક્તિ ના પાડે પછી પણ એની પાસેથી પોતાનું ધાર્યું કરાવવાની હઠને પ્રેમ કહેવાય? શાહરુખ ખાનની એક ફિલ્મ 'અંજામ'માં પરણેલી—સુખી ઍરહોસ્ટેસને પોતાની બનાવવાનાં સપનાં જોતો એક અમીર માણસ એની જિંદગી કઈ રીતે બરબાદ કરે છે એની કથા કહેવાઈ છે, તો હૉલિવૂડની અંગ્રેજી ફિલ્મ 'ફેટલ એટ્રેક્શન' એક સ્ત્રીનો એકતરફી પ્રેમ વેરમાં કઈ રીતે બદલાય છે તે દેખાડે છે. એકતરફી પ્રેમ એ ગુનો નથી, કારણ કે રાધા અને મીરાંના પ્રેમ પણ એકતરફી હતા. કૃષ્ણ એમના પ્રેમનો પ્રતિસાદ કે પ્રતિઉત્તર આપે કે નહીં, આ સ્ત્રીઓએ કૃષ્ણને પ્રેમ કર્યો. એવી જ રીતે આપણે કેટલાય પુરુષોને પણ ઓળખીએ છીએ, જેમણે

કોઈ અપેક્ષા વગર ફક્ત સમર્પણથી અથવા સ્નેહથી પોતાની જિંદગીને બીજા માટે ન્યોચ્છાવર કરી દીધી. રઝિયા સુલતાનનો ગુલામ અલ્તમસ હોય કે કનૈયાલાલ મુન્શીનો મુંજાલ, પ્રેમ એ પામવાનું નામ નથી એવું આ જગતની કેટલીયે નવલકથાઓ, કવિતાઓ અને શાસ્ત્રોમાં કહેવાયું છે. ઈશ્વરથી શરૂ કરીને પ્રિયતમા સુધી કોઈના પણ માટે ન્યોચ્છાવર થઈ જવું એ એક અદ્ભુત લાગણી છે, પરંતુ આ લાગણી પુરુષ કરતાં વધારે સ્ત્રીમાં જોવા મળે છે. બધા જ પુરુષો એકસરખા નથી હોતા એવી રીતે બધી જ સ્ત્રીઓ એકસરખી નથી હોતી... માણસ માત્ર પોતપોતાના ઉછેર, બુદ્ધિ અને અનુભવથી વર્તે છે, જીવે છે. પ્રશ્ન એ છે કે આપણે કોઈ વ્યક્તિને પ્રેમ કરીએ ત્યાં સુધી આપણો અધિકાર છે. કોઈનું ગમવું કે કોઈને ચાહવું—કોઈના મનને કે કોઈના શરીરને પામવાનો પ્રયાસ કરવો એમાં કશું જ ખોટું નથી. માણસ માત્ર પોતાની વિજાતીય વ્યક્તિ તરફ આકર્ષાય છે, માણસ જ શા માટે—પ્રાણી પણ વિજાતીય અસ્તિત્વ તરફ ખેંચાય છે. આ વિજાતીય તત્ત્વ તરફનું ખેંચાણ, ઍટ્રેક્શન, ઇનફેચ્યુએશન, એડ્મિરેશન, ઇમોશનલ કે ઇરૉટિક લવ જેવા જુદા જુદા નામે ઓળખાય છે. કોઈને પ્રેમ કરવો અને કોઈના પ્રેમમાં પડવું—આ પણ બે જુદી બાબતો છે. વિજાતીય મિત્રને માટે લાગણી હોવી એને પણ પ્રેમ જ કહી શકાય, પરંતુ એ પ્રેમ શારીરિક નિકટતા ઝંખતો પ્રેમ હોય એવું જરૂરી નથી.

જુદા જુદા પ્રકારની વ્યાખ્યાઓ આ સ્ત્રી-પુરુષના પ્રેમ વિશે અપાઈ છે. સિરોટિનિન અને ડોપામાઇન જેવા કેમિકલ્સને પણ 'પ્રેમ'ની આ લાગણી સાથે જોડવામાં આવ્યા છે. માણસ તરીકે આપણે બધા જ એકાદ એવી વ્યક્તિની ઝંખના રાખીએ છીએ, જે આપણા જીવનમાં સ્નેહ, સલામતી, સધિયારો અને સૅક્સ પણ પૂરાં પાડે. દરેકને આવી વ્યક્તિ મળે જ છે, અથવા મળવી જ જોઈએ એવું જરૂરી નથી, પરંતુ એની ઝંખના લગભગ દરેક જીવને હોય છે. સ્કૂલમાં આપણા ક્લાસમાં ભણતી બે ચોટલા વાળતી છોકરી કે શૉર્ટ્સ પહેરતા ક્લાસમેટ તરફના આકર્ષણથી શરૂ કરીને મિત્રની પત્ની, ભાભી, પડોશણ કે પતિનો મિત્ર, દિયર, પડોશમાં વસતા કોઈ ભાઈ કે પ્રોફેસર, ટીચર સુધી આ આકર્ષણનું લિસ્ટ લંબાય છે. આપણે બધા જ એવી માન્યતાના લોકો છીએ કે આપણને ગમતી વસ્તુ કે વ્યક્તિની માલિકી આપણી હોવી જોઈએ. આપણે જેમ પ્રેમ કરીએ એ જ આપણા જીવનસાથી બનવા જોઈએ એવા સંસ્કાર અને સ્વભાવ બંને માણસની બેઝિક નબળાઈ છે. આજથી થોડાં વર્ષો પહેલાં 'આઇ લવ યુ'નો અર્થ જ 'વિલ યુ મેરી મી' જ થતો હતો. સમય બદલાયો છે. સંજોગો અને આખેઆખી પેઢીઓ બદલાઈ છે ત્યારે એમને માટે પ્રેમનો અર્થ જીવનભરનો સાથ નથી. આ એવી પેઢી છે, જેને ચાહના—ઝંખના અને સ્નેહ તો છે, પણ કમિટમૅન્ટ આવતાં આવતાં કે કમિટમૅન્ટ કરતા પહેલાં આ પેઢી ખૂબ લાંબો સમય લેવાનું પસંદ કરે છે. બીજી મહત્ત્વની બાબત એ છે કે પહેલાંના સમયમાં પસંદગીને બહુ અવકાશ નહોતો. વ્યક્તિ સ્વાતંત્ર્યનું મહત્ત્વ પ્રમાણમાં ઓછું હતું. માતાપિતા નક્કી કરે ત્યાં લગ્ન કરી લેવા એવા સામાન્ય સંસ્કારોમાં ઉછેર કરવામાં આવતો હતો... સમય બદલાયો છે...

હવે વ્યક્તિ જાતે—પોતે પોતાના જીવનસાથીને અથવા પ્રેમીને પસંદ કરવામાં માને છે. જે ન ગમે એને સ્પષ્ટ ના પાડવાની હિંમત હવે દરેક વ્યક્તિમાં આવવા લાગી છે ને સાચું પૂછો તો આ ના પાડવાનો અધિકાર દરેક પાસે છે જ. એકતરફા આશકી કે એકતરફી પ્રેમમાં સમર્પણ કે અર્પણ હોય ત્યાં સુધી વાંધો નથી, પરંતુ હઠાગ્રહ કે દુરાગ્રહ દાખલ થાય ત્યારે ઇગો પ્રૉબ્લેમ શરૂ થાય છે. કેટલાક લોકો પોતાની જાતને બરબાદ કરે છે—દેવદાસની કથા આનો સૌથી મોટો દાખલો છે. ખોટી વ્યક્તિને પ્રેમ કરવા બદલ કે રિજેક્શનની પીડામાં સ્વયંને તદ્દન ખતમ કરી નાખવાની ભૂલ કેટલાક લોકો કરતા હોય છે, તો બીજી તરફ કેટલાક એવા લોકો છે, જે પોતાની પ્રિય વ્યક્તિને પણ નુકસાન કરતા અચકાતા નથી. પોતાને જો એ પ્રિય વ્યક્તિ પ્રાપ્ય હોય તો કોઈ પ્રશ્ન નથી, પરંતુ જો એ વ્યક્તિએ ના પાડી—રિજેક્ટ કર્યા તો એ વ્યક્તિના સૌંદર્યથી શરૂ કરીને સુખ અને સલામતી સુધીની દરેક બાબતને તહસનહસ કરી નાખવાનું ઝનૂન ક્યારેક સામેની વ્યક્તિ પર સવાર થઈ

જાય છે.

આ ઝનૂન માત્ર સામેની વ્યક્તિને જ નુકસાન કરે છે એવું નથી, દુનિયાનો કોઈ પણ પ્રણય સંબંધ એકતરફી ન જ હોઈ શકે... ખાસ કરીને એક પુરુષ જ્યારે એક સ્ત્રીને પામવાનો પ્રયાસ કરે ત્યારે એ બળાત્કાર કરીને એને શારીરિક રીતે તો પામી શકે, પરંતુ એના મનને ક્યારેય પામી ન શકે એટલું નક્કી છે. પ્રેમ કરતી વ્યક્તિને પૂરી દેવાથી, બાંધી લેવાથી કે એના માલિક બની જવાથી કદાચ અહં સંતોષાય, પરંતુ પ્રેમની જરૂરિયાત સંતોષાતી નથી. એકતરફી આશકી કે પ્રેમ અભિવ્યક્ત કરવા સુધી આપણે બધા જ જઈ શકીએ, બલકે જવું જ જોઈએ. પોતાની લાગણી સામેની વ્યક્તિ સુધી પહોંચાડવી એ આપણો અધિકાર છે, પણ એ લાગણી જો ક્યારેક પ્રતિસાદ ન પામે તો વ્યક્તિને જ મિટાવી દેવી એ કેટલી મૂર્ખતાપૂર્ણ બાબત છે. એવી જ રીતે એ વ્યક્તિને ન પામી શક્યા માટે જાતને બરબાદ કરી લેવી એ પણ કેટલી બેવકૂફીભરી બાબત છે!

પ્રેમનો અર્થ સામેની વ્યક્તિનું સુખ સલામતી અને સન્માન સાથે જોડાયેલો છે. દુનિયાનો કોઈ પ્રેમ સ્વયંને કે બીજાને બરબાદ કરવાની પરવાનગી આપતો નથી. પ્રેમ પીડા નથી, પ્રેમ વહાલ છે, સ્નેહ છે, સાતત્ય છે અને સમજદારી છે... જો આ બધાં ઇન્ગ્રેડિયન્ટ્સ ન હોય તો પ્રેમ નામની વાનગી બનાવવાનો નિષ્ફળ પ્રયાસ ન કરવો... કોઈને ચાહી શકાય, પણ એ ચાહના અભિવ્યક્ત થયા પછી એના પ્રતિસાદ વિશે એ વ્યક્તિને સ્વતંત્રતા આપવી પડે.

• • •



લીવ ઇન: લફરાંબાજીનું લાઇસન્સ નથી

માણસનો સ્વભાવ વિચિત્ર છે. જવાબદારી કે કમિટમૅન્ટ માણસના સ્વભાવમાં ત્યાં સુધી જ રહે છે, જ્યાં સુધી એને છટકવાની તક ના મળે કે લાલચ ના હોય. સવાલ એ છે કે એક વ્યક્તિ, જેણે પોતાનું જીવન બીજી વ્યક્તિ સાથે જીવવાનો નિર્ધાર કર્યો અથવા પોતાનું મન, શરીર અને આત્મા સાથે કોઈ એક વ્યક્તિને પ્રેમ કર્યો તો એ પ્રેમ કે આ લાગણીનો પ્રતિસાદ કઈ રીતે મળવો જોઈએ? લીવ ઇન રિલેશનશિપ બે એવા લોકોને સાથે રહેવાની છૂટ આપે છે, જે વિધિ, કાયદા કે વડીલોની હાજરી અથવા સાક્ષીઓમાં નથી માનતાં.

"**વેલ** ! આઇ ડોન્ટ લવ યુ એની મોર." શ્રીકાંતે કહ્યું ત્યારે એના ચહેરા પર કોઈ ભાવ જ નહોતા. અનુરિતા એની સામે જોઈ રહી હતી, પલક પણ ઝપકાવ્યા વિના. એને શ્રીકાંતના શબ્દો પર ભરોસો ન હોય એવી રીતે અથવા તો શ્રીકાંત કોઈ બીજી ભાષામાં બોલતો હોય ને અનુરિતાને કંઈ સમજાતું જ ન હોય એવી રીતે.

"એવું કેવી રીતે બને?" અનુરિતાએ પૂછ્યું. એના સવાલનો કોઈ અર્થ નહોતો, જાણે એ પણ સમજતી હતી.

"એવું બન્યું છે. મને તારામાંથી ઇન્ટરેસ્ટ જ ઊડી ગયો છે. ઇનફૅક્ટ તું મને બોર કરવા લાગી છે." શ્રીકાંત હજીયે તદ્દન, નિર્લેપ, નિઃસ્પૃહ અને નિર્વિકાર ભાવે કહી રહ્યો હતો, "સાચું કહું તો મને તારી સાથે સૅક્સમાં પણ..."

"વ્હોટ ડુ યુ મીન?" હવે અનુરિતાને સાચે જ ઝટકો લાગ્યો, "હજી થોડા વખત પહેલાં તો તું મને જોઈને..." એને ડૂમો ભરાઈ ગયો, "હું દુનિયાની સૌથી હૉટ, સૌથી સૅક્સી અને સૌથી ડિઝાયરેબલ છોકરી હતી તારે માટે."

"હતી!" શ્રીકાંતે ખભા ઉલાળ્યા, "હતી શબ્દ ઇમ્પોર્ટન્ટ છે. હવે નથી."

"હાઉ કેન યુ ડુ ધિસ ટુ મી? મેં તારે માટે મારાં માબાપને છેતર્યાં. મારા પરિવારને ઑલમોસ્ટ છોડી દીધો. મારા મિત્રો અને કઝીન્સને પણ... મારું શહેર છોડ્યું તારા માટે. જસ્ટ બિકોઝ આપણે સાથે રહી શકીએ."

"તો? મજા પડીને સાથે રહેવાની? હવે નથી પડતી." શ્રીકાંત લગભગ નફ્ફટની જેમ કહી રહ્યો હતો, "આઇ એમ ડન."

"તો? હવે?" અનુરિતા વધુ અપમાનિત થવા તૈયાર નહોતી.

"હવે છૂટાં પડી જવાનું. હું મારા રસ્તે, તું તારા રસ્તે." શ્રીકાંત પાસે ઉકેલ તૈયાર હતો, "તું આ અપાર્ટમૅન્ટ રાખવા માગે તો હું બીજું શોધી લઉં ને તું છોડવા માગતી હોય તો..."

"તો?" અનુરિતાએ ભીની આંખે વીંધી નાખે એવી નજર સાથે પૂછ્યું, "હું આ અપાર્ટમૅન્ટ છોડી દઉં તો તું રેણુને અહીંયાં રહેવા બોલાવી લે, રાઇટ?"

"રાઇટ." શ્રીકાંતે જાણે છેલ્લો ઘા કરી દીધો. અનુરિતા ત્યાં જ ઢગલો થઈ ગઈ. હવે આગળ ચર્ચા કરવા જેવું કશું રહ્યું નહોતું. પૂછવા, કહેવા, કરગરવા, રડવા, આક્ષેપ કરવા, ઝઘડવા અને ફરિયાદ કરવાના સ્ટેજમાંથી એ પસાર થઈ ચૂકી હતી. ભાવનગરની છોકરી મુંબઈ રહેવા આવી, કારણ કે એનો બૉયફ્રેન્ડ મુંબઈ શિફ્ટ થયો, બંને લીવ ઇન રહ્યાં—દોઢ વર્ષ અને હવે શ્રીકાંત નામનો એ છોકરો કોઈ બીજી છોકરી સાથે લીવ ઇન રહેવા માગતો હતો!

•

લીવ ઇન રિલેશનશિપ એ પશ્ચિમ તરફથી આપણે ત્યાં આવેલી એક નવી વિચારધારા છે. આપણે ત્યાં ગાંધર્વ લગ્નોની પ્રથા હતી, જેમાં પ્રેમી અને પ્રેમિકા કોઈનીય સાક્ષી વિના એકબીજા સાથે રહેવાનું નક્કી કરીને—ઈશ્વરને સાક્ષી માનીને એકબીજાને ફૂલની માળા પહેરાવે એને જ સાથે જીવવાનું કમિટમૅન્ટ માની લેવામાં આવતું હતું, પરંતુ મુક્ત સહચાર અથવા મુક્ત વ્યવહાર આપણી પાસે પશ્ચિમથી આવ્યો. લગ્ન જેવા સંબંધોમાં સામાન્ય રીતે વફાદારીની લાગણી ભીતરથી આવવી જોઈએ. આપણાં સપ્તપદીનાં સાત વચનોમાં ક્યાંય જીવનભર પ્રેમ કરતા રહેવાનું વચન નથી. આપણાં લગ્નના મંત્રો બહુ સમજદારીથી, બહુ વિચારીને તૈયાર કરવામાં આવ્યા છે. એમાં માત્ર વેદ કે શાસ્ત્રોક્ત વિધિ નથી, પ્રત્યેક વિધિની પાછળ વિચાર રહેલો છે. આ વિચાર આવનારાં વર્ષોમાં સાથે જીવવા માગતા કે જીવવા માટે તૈયાર થયેલા યુગલને એમની જિંદગીનાં વર્ષો વિશે અવગત કરાવવાનું કામ કરે છે. આમ જુઓ તો કોઈ વ્યક્તિ લગ્ન ના કરે તો શું ફેર પડે? લીવ ઇન રહેતાં યુગલ એ બધું જ કરે છે, જે એક પરિણીત યુગલ કરે... સહનિવાસથી શરૂ કરીને સૅક્સ સુધી. તો પછી આ લગ્નનો આગ્રહ કે લગ્ન કરવાની પ્રથા શા માટે મહત્ત્વની હોવી જોઈએ?

માણસનો સ્વભાવ વિચિત્ર છે. જવાબદારી કે કમિટમૅન્ટ માણસના સ્વભાવમાં ત્યાં સુધી જ રહે છે, જ્યાં સુધી એને છટકવાની તક ના મળે કે લાલચ ના હોય. સવાલ એ છે કે એક વ્યક્તિ, જેણે પોતાનું જીવન બીજી વ્યક્તિ સાથે જીવવાનો નિર્ધાર કર્યો અથવા પોતાનું મન, શરીર અને આત્મા સાથે કોઈ એક વ્યક્તિને પ્રેમ કર્યો તો એ પ્રેમ કે આ લાગણીનો પ્રતિસાદ કઈ રીતે મળવો જોઈએ? લીવ ઇન રિલેશનશિપ બે એવા લોકોને સાથે રહેવાની છૂટ આપે છે, જે વિધિ, કાયદા કે વડીલોની હાજરી અથવા સાક્ષીઓમાં નથી માનતાં. આ એક નવી વિદ્રોહી માન્યતા છે એમ કહીએ તો ખોટું નથી. આજનો યુવાન સાક્ષી અથવા સાબિતીઓમાં માનતો નથી, પરંતુ આવા સમયે મુશ્કેલી એ ઊભી થાય છે કે જ્યારે આવાં યુગલો સાથે રહેતાં હોય—લીવ ઇન રિલેશનશિપમાં રહેતા હોય ત્યારે છૂટા પડવાનાં કારણોની ચર્ચા કોણ, કોની સાથે કરે? આપણા સમાજમાં છોકરીના ચારિત્ર્ય વિશે બહુ સ્વાભાવિકતાથી ઘસાતું બોલવાની છૂટ મળી જાય છે. જે છોકરી લગ્ન પહેલાં

શારીરિક સંબંધ બાંધી ચૂકી હોય એ છોકરીનું ચારિત્ર્ય સારું નથી એવી માન્યતા મોટા ભાગના લોકોના મગજમાં ઘર કરી ગઈ છે. સ્ત્રીના ચારિત્ર્યનો સીધો સંબંધ એની વર્જિનિટી અથવા એના શરીર સાથે છે. આવી પરિસ્થિતિમાં ફક્ત આકર્ષણ કે ઇન્ફેચ્યુએશનને કારણે, મા-બાપ પ્રત્યે વિદ્રોહ કરવા માટે, બીજે ક્યાંય ઘર ન મળતું હોય અથવા મોંઘું પડતું હોય માટે કે પછી ફક્ત કુતૂહલ ખાતર લીવ ઇન રિલેશનશિપમાં દાખલ થનારાં બંને જણાં સામાન્ય રીતે હાર્ટબ્રેક અથવા ઇમોશનલ અપસેટની સ્થિતિમાં દાખલ થાય છે. ફક્ત છોકરી જ વફાદાર હોય છે અને છોકરાઓ ભ્રમર કે ફ્રીવલસ હોય છે એવું કહેવાનો આશય નથી, પરંતુ અત્યંત મહત્ત્વાકાંક્ષી ના હોય એવી સ્ત્રીઓ સામાન્ય રીતે વારંવાર પાર્ટનર બદલવાનું પસંદ કરતી નથી. સ્ત્રી ઇમોશનલ છે એટલે એનું શરીર જ્યાં જોડાય ત્યાં એનું મન આપોઆપ જોડાઈ જ જાય છે... પુરુષ માટે શારીરિક સંબંધ પ્રમાણમાં થોડીક કેઝ્યુઅલ અને સહજ છે. આકર્ષિત થઈ જવું એ પુરુષની પ્રકૃતિ છે. લગ્નેતર સંબંધમાં સામાન્ય રીતે વફાદારી કરતાં આકર્ષણની તીવ્રતા વધી જતી હોય છે...

લીવ ઇન રિલેશનશિપ એ લફરાં કરવાનું લાઇસન્સ નથી. સામાજિક વ્યવસ્થા સામેનો વિદ્રોહ કે લગ્નના કાયદાઓ નહીં પાળવાની જીદ હોઈ શકે. એવું બને કે પોતાનાં માતાપિતાનાં લગ્નની સ્થિતિ જોઈને કેટલાક યુવાનો આ કાયદામાં બંધાઈ જવાનું પસંદ ન કરે... કદાચ ન ફાવે એવી ધારણા સાથે છૂટા પડવાની બારી ખુલ્લી રાખવા માગતા હોય. એવું બને કે આખીયે સમાજ વ્યવસ્થા સામેનો વિદ્રોહ એમને લગ્ન વ્યવસ્થા સામે પણ વિદ્રોહ કરવા તૈયાર કરે... પરંતુ આ બધા પછી એક સચ્ચાઈ, એક નિષ્ઠા, જવાબદારી અને પ્રામાણિકતા તો હોવી જ જોઈએ.

જે વ્યક્તિ સાથે જીવવાનું નક્કી કરીએ એની સાથે લગ્ન ન કરવા સુધીની માનસિકતા સમજી શકાય, પરંતુ દર છ મહિને, વર્ષે કે બે વર્ષે જો જુદી વ્યક્તિ સાથે રહેવાની ઇચ્છા થવા લાગે તો એમાં ચોક્કસ કોઈક માનસિક વિકૃતિ અથવા સમસ્યા છે એટલું નક્કી. લાગણીના સંબંધોમાં સાક્ષી કે કાયદાની કોઈ જરૂર નથી, પરંતુ જ્યારે લાગણીના સંબંધોને ઢાલ બનાવીને લફરાંબાજી કરવામાં આવે ત્યારે એ વિશે સજાગ રહેવું જરૂરી છે.

• • •



મર્દ કો દર્દ નહીં હોતા?

સોસાયટીની એક પુરુષ પાસે ભયાનક અપેક્ષાઓ હોય છે. એણે સાબિત કરવું જ પડશે એવો બોજ એના ખભે મુકાઈ જાય છે—હજી એ કિશોરમાંથી પૂરો યુવાન પણ ન બન્યો હોય ત્યાં સુધીમાં... લગ્ન કરાવનારાં કન્યાનાં માતાપિતા ગુણ, સમજ કે આવડતને બદલે સામાન્ય રીતે પહેલી નજર પગાર, બૅન્ક બૅલેન્સ અને પ્રોપર્ટી પર નાખે છે. લગભગ દરેક માણસ એમ માને છે કે બૅન્ક બૅલેન્સ અને દસ્તાવેજોનો થોકડો એ સફળતાનું પ્રમાણ છે! માણસના ગુણો કે એની સમજદારી પર ધ્યાન અપાતું હોય છે, પણ પ્રાયોરિટી એ નથી હોતી...

"હું આ બધું નહીં કરી શકું." માનસે ઉશ્કેરાઈને અમિતની છાતીમાં મુક્કો માર્યો, "શરમ નથી આવતી તને?"

"શાની શરમ?" અમિતે ધીમેથી માનસને ખભે હાથ મૂક્યો, "ઑફિસમાં કામ કરે છે ત્યારે કૉમ્પ્રોમાઇઝ નથી કરતો? હ્યુમિલીએશન, કચકચ અને પાર્શાલિટી ફેઇસ નથી કરતો તું? અહીં તો બધા માન આપે છે. ધે વૉન્ટ યુ... ડિમાન્ડમાં રહે છે." અમિત ધીમેથી હસ્યો, "શરૂઆતમાં લાગે બધું. પછી..."

"સાલા હલકટ! એક વેશ્યામાં ને તારામાં ફેર શું?" માનસના ચહેરા પર ઘૃણા હતી.

"કોઈ નહીં." અમિતે કહ્યું. એની આંખો તગતગતી હતી. એણે માનસની આંખમાં આંખ નાખી, "સાલા! બહુ ચાગાચુગી કરે છે. મૉરલની પૂંગીઓ વગાડે છે તો શું કામ એન્જિનિયર થઈને એકાઉન્ટન્ટનું કામ કરે છે? શું કામ તારા સાહેબના ઘેર પાર્ટી હોય ત્યારે ત્યાં હાજર રહેવું પડે છે તારે? એ વેશ્યાગીરી નથી?"

માનસ પાસે જવાબ નહોતો. તેમ છતાં એણે પાંગળી દલીલ કરી જોઈ, "શરીર તો નથી વેચતોને તારી જેમ."

"તું તો મગજ, બુદ્ધિ, ઇન્ટલૅક્ટ અને માનસિકતા વેચી બેઠો છે. શરીર કરતાં તો ક્યાંય નીચે ઊતરી ગયો છે, સમજ્યો?" કહીને અમિતે ચાલવા માંડ્યું. જતાં જતાં એણે પાછળ વળીને જોયું, "એક રાતના દસ-પંદર હજાર રૂપિયા ને ટિપ જુદી. ગિફ્ટ્સ અલગ... વિચારી જોજે." માનસ અમિતને જતો જોઈ રહ્યો. અમિત એને માટે જિગોલોના વ્યવસાયની ઑફર લઈને આવ્યો હતો. વિસનગરથી આવેલો માનસ અમદાવાદમાં પૈસા કમાવાનાં સપનાં સાથે આવ્યો હતો. માતાપિતાને અમદાવાદ બોલાવી લેવા હતાં. બાળપણમાં સગાઈ થઈ

ગયેલી છોકરી એની પ્રેમિકા હતી, સરખું કમાય તો એને ભગાડી લાવવાની ઇચ્છા હતી, પણ એક્સ્પ્લોઇટેશન જબરદસ્ત હતું. ૨૭,૦૦૦ના પગારમાં રૂમનું ભાડું, રોજિંદા ખર્ચા, ઘેર મોકલવાના પૈસા—બધું ગોઠવતાં ભાગ્યે જ કંઈ બચતું. એવામાં માનસને ભટકાયો અમિત. દેખાવડો, સ્ટડ, પહોળી છાતી ને વર્કઆઉટ કરેલા બાયસૅપ્સ. એક દિવસની વધેલી દાઢી, સ્માર્ટ ટીશર્ટ્સ, જૅકેટ્સ, મોંઘા શૂઝ ને પરફ્યૂમ્સ વાપરતો... એણે માનસને અવારનવાર પૈસાની મદદ કરવા માંડી. પછી એક દિવસ લાગ જોઈને એણે માનસને પોતાનો વ્યવસાય જણાવ્યો. માનસને આઘાત તો લાગ્યો, પણ એણે આખીયે વાતને ઇગ્નોર કરી... થોડા સમય પછી જ્યારે માનસને પૈસાની જરૂર પડી ત્યારે અમિતે એને પોતાના વ્યવસાયમાં જોડાવાનું આમંત્રણ આપ્યું. ઘણી દલીલો પછી અમિતે રોકડું ચોપડાવ્યું...

અમિતની વાત સાવ ખોટી નહોતી. આજના સમયમાં પ્રાઇવેટ કંપનીમાં કે કૉર્પોરેટમાં કામ કરતો દરેક માણસ પોતાનાં મન, મગજ, બુદ્ધિ અને માનસિકતાને જાણે ચૌટા પર લઈ આવ્યો છે. સફળ થવાની લ્હાયમાં કે આગળ નીકળી જવાની હોડમાં પોતે શું કરે છે એ વિશે વિચારવાનું પણ જાણે અઘરું પડવા માંડ્યું છે. પુરુષ માટે હવે સફળતા એ કદાચ એના અસ્તિત્વનો પર્યાય બનતો જતો શબ્દ છે. વધુ ને વધુ કમાવું, સતત પ્રમોશન મેળવવાં કે વ્યવસાયમાં વધુ ને વધુ આગળ વધતા જવું એ જાણે અનિવાર્ય હોય એમ માણસ સામ-દામ-દંડ-ભેદનો ઉપયોગ કરતો થઈ ગયો છે. વ્યક્તિ તરીકે વૅલ્યૂઝ અને મૉરલ્સ જેવા શબ્દોને આપણે કોરે મૂકવા માંડ્યા છીએ. ઓછો સફળ કે નિષ્ફળ પુરુષ જાણે પોતાનું પૌરુષત્વ ગુમાવી બેઠો હોય એવો વર્તાવ એની સાથે એનો સમાજ કે એની આસપાસની દુનિયા કરતી હોય છે. દરેક કિસ્સાની જેમ આમાં પણ અપવાદ છે જ, પરંતુ આંગળીના વેઢે ગણાય એટલા. છોકરો સાવ નાનો હોય, સ્કૂલમાં હોય ત્યારથી જ માતાપિતા એના ખભા પર આ હરીફાઈની ધૂંસરી ગોઠવી દે છે. સફળ થઈને બતાવવાનું, સતત આગળ રહેવાનું વજન એની ઇચ્છાઓને કચડી કાઢે છે.

વીસ-બાવીસની ઉંમરે હજી ભણીને માંડ દુનિયા જોવાની શરૂ કરી હોય ત્યારથી જ માતાપિતા એને નોકરી, વ્યવસાય વિશે પૂછવાનું શરૂ કરી દે છે. દસમા ધોરણથી એણે એના ભવિષ્યનો નિર્ણય લેવાનો છે—સાયન્સ કે કૉમર્સ... જે છોકરાઓ સાયન્સમાં જાય છે એનું ભવિષ્ય ઉજ્જવળ જ છે એમ માનીને માતાપિતા બીજા છોકરાઓને ઉતારી પાડવાની શરૂઆત કરી દે છે. જે છોકરાઓ આર્ટ્સમાં ગયા એ તો હવે કંઈ કરી જ નહીં શકે એવું નક્કી થઈ જાય છે, આપોઆપ! એ પછીનો સમયગાળો સતત ડરાવવાનો, ભવિષ્યનો ભય બતાવવાનો અને આવનારી હરીફાઈ વિશે ટોકટોક કર્યા કરવાનો સમય હોય છે... એડ્મિશન ન મળે ત્યાં સુધી એડ્મિશન મેળવવા માટે અને એડ્મિશન મળી જાય પછી સ્કોર કરવા માટેના ધક્કા માતાપિતા માર્યા જ કરે છે... સમાજ પણ એવા જ પ્રશ્નો પૂછીને ઊછરી રહેલા યુવાનને વધુ ને વધુ વિહ્વળ કરે છે, “કેટલા ટકા આવ્યા? હવે શું કરવું છે? જૉબ મળી ગઈ?” આ સવાલોના જવાબો દરેક વખતે બહુ આત્મવિશ્વાસથી આપી શકાય એવા ન પણ હોય, પરંતુ એ વાતને સ્વીકારવાને બદલે માતાપિતા—કે આસપાસના લોકો જુઠ્ઠું બોલીને કિશોરમાંથી યુવાન થઈ રહેલા પુરુષને એવું શીખવાડી દે છે કે સ્વીકાર એનો જ થાય છે, જે સફળ હોય... નિષ્ફળ માણસ માટે તિરસ્કાર, ધિક્કાર, અવગણના અને અપમાન સિવાય બીજું કંઈ બચતું નથી!

કોઈ પણ ભોગે જિંદગીની પરીક્ષામાં પાર ઊતરવા બજારમાં પડેલા યુવાનો ખોટી દિશામાં ધકેલાય છે ત્યારે એની પાછળ ખરેખર યુવાનની મહત્ત્વાકાંક્ષા જવાબદાર નથી હોતી, દરેક વખતે ફક્ત એટલું તો નથી જ હોતું. સોસાયટીની એક પુરુષ પાસે ભયાનક અપેક્ષાઓ હોય છે. એણે સાબિત કરવું જ પડશે એવો બોજ એના ખભે મુકાઈ જાય છે—હજી એ કિશોરમાંથી પૂરો યુવાન પણ ન બન્યો હોય ત્યાં સુધીમાં... લગ્ન કરાવનારાં કન્યાનાં

માતાપિતા ગુણ, સમજ કે આવડતને બદલે સામાન્ય રીતે પહેલી નજર પગાર, બૅન્ક બૅલેન્સ અને પ્રોપર્ટી પર નાખે છે. લગભગ દરેક માણસ એમ માને છે કે બૅન્ક બૅલેન્સ અને દસ્તાવેજોનો થોકડો એ સફળતાનું પ્રમાણ છે! માણસના ગુણો કે એની સમજદારી પર ધ્યાન અપાતું હોય છે, પણ પ્રાયોરિટી એ નથી હોતી...

બહારના લોકો કે સમાજ અમુક રીતે વર્તે ત્યાં સુધી કદાચ માફ કરી શકાય, પણ માતાપિતા, પત્ની કે સંતાન પણ જ્યારે પોતાના દીકરા, પતિ કે પિતાને સફળતાથી જ માપવા માંડે ત્યારે એક વ્યક્તિ માટે જીવવું બહુ અઘરું બનતું હોય છે. માતાપિતા બીજા લોકોનાં સંતાનો સાથે સરખામણી કરે કે પત્ની પોતાના ભાઈ સાથે, બહેનપણીઓના પતિ સાથે કે સગાંવહાલાં સાથે સરખામણી કરે ત્યારે અથવા ટીનએજમાં આવેલાં સંતાનો જ્યારે પોતાના પિતાની અણઆવડત કે અણસમજ વિશે કમૅન્ટ્સ કરે ત્યારે એક પુરુષ માટે એ બહુ જ દુઃખ પહોંચાડનારી બાબત પુરવાર થતી હોય છે. મોટા ભાગના લોકો એવું સમજવા તૈયાર નથી હોતા કે પોતાના પેર ઑફ શૂઝમાં લગભગ દરેક માણસ સાચો જ નિર્ણય કરતો હોય છે. કોણ ક્યાં ખોટું હતું એ વિશેનું ઍનાલિસિસ પરિસ્થિતિ વીતી ગયા પછી કરવામાં આવે છે, જ્યારે એ પરિસ્થિતિ હોય ત્યારે નહીં... માટે લગભગ દરેક માણસ એમ માને છે કે જે થઈ શક્યું હોત તે થયું નહીં!

પરિસ્થિતિના આ પ્રેશર નીચે મોટે ભાગે કારકિર્દી બનાવવા માટે ઝંખતા યુવાનથી શરૂ કરીને આધેડ ઉંમરના પુરુષો સુધી ઘણા કૉમ્પ્રોમાઇઝ કરવા કે પોતાનું મૉરલ બદલવા તૈયાર થઈ જતા હોય છે. લાંચ લેતા, ગુનો કરતા, પોતાની ઉપરી અધિકારી સ્ત્રી સાથે સંબંધમાં સંડોવાતા કે આવા, માનસની જેમ જિગોલોના વ્યવસાયમાં ધકેલાઈ જતા પુરુષોને ‘આ તો આવા જ હોય’નું લેબલ ચોંટાડતા પહેલાં એક વાર વિચારી લેવું જોઈએ...

• • •



ઇસ પ્યાર કો મૈં ક્યા નામ દૂં...

આવા સ્પેશિયલ સંબંધોમાં ભાગ્યે જ કોઈનાથી ડરવાની કે કશું છુપાવવાની જરૂર પડે છે. ખાસ કરીને સારી ખેલદિલ પત્ની હોય ત્યારે એને 'બધું જ' ન કહેવામાં આવે તો પણ એ ઘણું બધું સમજતી જ હોય છે. લગ્નના બબ્બે દાયકા સાથે વિતાવ્યા પછી જો પતિ-પત્નીને એકમેકમાં વિશ્વાસ ન હોય તો એને માટે ત્રીજી વ્યક્તિ કદીયે જવાબદાર હોતી નથી, ને જો વિશ્વાસ હોય તો ત્રીજી વ્યક્તિ સાથેના આવા 'સ્પેશિયલ સંબંધ'થી એ લગ્નને ક્યારેય વાંધો આવતો નથી.

"**આઇ** લવ યુ." તેજલની આંખોમાં પારાવાર આસક્તિ હતી, "હું આજ પહેલાં તારા જેવા માણસને મળી નથી."

"મારા જેવો માણસ બીજો છે જ નહીં." આયુષે ખભા ઉલાળ્યા, "સ્ટૂપિડ છોકરી!"

તેજલ અપલક નજરે આયુષ સામે જોઈ રહી. એ બહુ હૅન્ડસમ કહી શકાય એવો નહોતો, એવું કોઈ ફિઝિક નહોતું કે ન એવી કોઈ પર્સનાલિટી! એક સીધોસાદો—સામાન્ય દેખાવનો ચાળીસેક વર્ષનો પુરુષ... સામે તેજલ! દેખાવડી, ચપળ અને સાથે સફળ. ફૅશન ડિઝાઇનિંગની દુનિયામાં આદરથી લેવાતું નામ! તેજલ અને આયુષ પહેલી વાર ફ્લાઇટમાં મળી ગયેલાં. તેજલના ફોટોગ્રાફ્સ છપાતા રહેતા એટલે એને કોઈ ના ઓળખે એવું ભાગ્યે જ બને. આયુષ આરામથી તેજલની બાજુમાં ગોઠવાયો. ફ્લાઇટ ટેકઑફ થઈ એટલે થોડી વારમાં એણે પોતાનું લૅપટૉપ કાઢ્યું અને કામ કરવા લાગ્યો. સામાન્ય રીતે તેજલની બાજુમાં બેઠેલો સહપ્રવાસી એની સાથે વાત કર્યા વિના રહે નહીં. અહોભાવથી ચમકતી આંખો સાથે કહેવાતી અનેક વાતો તેજલે સાંભળી હતી... આ બધું સાંભળીને એનો ઇગો મસાજ થતો રહેતો. આજે પહેલી વાર એક સહપ્રવાસીએ એની નોંધ પણ લીધી નહોતી. થોડી વાર પછી તેજલે વાત શરૂ કરી. આયુષે આરામથી લૅપટૉપ ઢાંકીને એની સાથે વાતો કરી. તેજલને ખૂબ નવાઈ લાગી કે આયુષ એને જાણતો હતો એટલું જ નહીં, તેજલના કેટલાય કેટલોગ આયુષની કંપનીમાં ડિઝાઇન અને પ્રિન્ટ થયા હતા... એ દિવસથી તેજલ અને આયુષ વચ્ચે મિત્રતા થઈ. તેજલ ડિવોર્સી, આયુષ પરણેલો અને સુખી!

અંતે એક દિવસ તેજલથી ના રહેવાયું. એણે કહી જ નાખ્યું, "હું તને ચાહું છું..."

આયુષે આખીયે વાત ધ્યાનથી અને શાંતિથી સાંભળી. પછી તેજલને સમજાવી, "તારી અને મારી વચ્ચે જે છે તે બહુ સ્પેશિયલ છે. હું એવું નહીં કહી શકું કે મને તારા માટે આકર્ષણ નથી. તારા જેવી સ્ત્રી માટે આકર્ષણ ન થાય તો જ નવાઈ લાગે, પણ આ જે કંઈ છે તે પ્રેમ છે કે નહીં એવું શું કામ નક્કી કરવું છે તારે? વી આર વેરી સ્પેશિયલ ફોર ઇચ અધર, એટલું પૂરતું નથી?"

તેજલની જિંદગીમાં પહેલી વાર એવું બન્યું કે કોઈ પુરુષ એના તરફ આકર્ષાયો હોવા છતાં તેજલને પથારીમાં ઘસડવા માટે આતુર નહોતો! તેજલને આ ઘટના પછી આયુષ માટે ફક્ત સન્માન જ નહીં, લગભગ પૂજ્યભાવ થઈ ગયો. તેજલ સાથે એસએમએસ પર કે વૉટ્સઍપ પર ચૅટિંગ—ફ્લર્ટિંગનો આયુષને છોછ નહોતો... આયુષે પોતાની પત્ની પૂર્વી સાથે પણ તેજલની ઓળખાણ કરાવી એટલું જ નહીં, એણે ક્યારેય તેજલ સાથેની મિત્રતા કે એના પ્રત્યે પોતાનો ભાવ છુપાવવાનો નાના સરખો પણ પ્રયાસ કર્યો નહીં. તેજલને આ બધાં વર્તનથી ખૂબ નવાઈ લાગતી...

તેજલની આસપાસના તમામ પુરુષો આકર્ષણની સાથે સાથે પોતાનો પ્રેમ બતાવતા. પ્રેમની કબૂલાત કરતાં જ એમના હાથ તેજલના શરીર તરફ લંબાઈ જતા. જે પુરુષ એકાંતમાં ઘેલાં કાઢતો એ પત્નીની હાજરીમાં પાળેલા કૂતરાની જેમ વર્તતો. જે જોઈને તેજલને એના તરફ નફરત થઈ જતી.

આ અનુભવ કદાચ ઘણી સ્ત્રીઓને થતો હશે. પ્રમાણમાં સારી દેખાતી, અબાઉ ઍવરેજ છોકરીઓને કે સ્ત્રીઓને ચાહકોની ખોટ નથી હોતી. મોટા ભાગની સ્ત્રીઓનો એવો અનુભવ હોય છે કે પ્રેમમાં પડેલો પુરુષ એને શારીરિક રીતે પામવા માટે આતુર અથવા બેબાકળો હોય છે... પ્રેમના ગમે તેટલા દાવા કરતો હોય, પણ જો એ પરણેલો હોય તો પત્નીની હાજરીમાં સામાન્ય રીતે આવા પુરુષો એકદમ ડાહ્યા-ડમરા અને રિમોટ કન્ટ્રોલથી ચાલતા રમકડા જેવા બની જતા હોય છે... એમાં એમનોય વાંક નથી. પત્ની તો પરમેનન્ટ પોસ્ટ છે ને પ્રેમિકા ટેમ્પરરી પ્લેસમૅન્ટ! પુરુષ માટે સ્ત્રીનું શરીર એ ખાળી ન શકાય એવું આકર્ષણ હોય છે. પોતે જેને ચાહે છે એના શરીરને સ્પર્શવા કે પામવાનો અનુભવ પુરુષ માટે કદાચ પ્રેમની અનુભૂતિ છે. બહુ ઓછા પુરુષો આ આકર્ષણથી કે આ આસક્તિથી મુક્ત રહી શકે છે.

જે પુરુષો પરિણીત છે એમને માટે એમની ડ્રીમગર્લ સાથેનો સંબંધ મહત્ત્વનો છે, પણ સામાન્ય રીતે લગ્ન એ સંબંધથી વધુ મહત્ત્વનાં હોય છે. પત્નીને ખબર ન પડે ત્યાં સુધી આ સંબંધ જીવવા માટે અગત્યનો છે, પણ જો એમ લાગે કે આવા છાનાછૂપા આકર્ષણ, થ્રિલ કે પ્રેમના તોફાનને કારણે લગ્નની નાવ ખરાબે ચડી છે તો આવા તોફાનને અટકાવી દેતાં મોટા ભાગના પુરુષોને બહુ સમય લાગતો નથી. આમેય 'નૉટી એટ ફૉર્ટી' થતા આવા પુરુષો એકાદ દાયકો આવી થ્રિલ, મજા કે પ્રેમસંબંધને માણ્યા પછી સામાન્ય રીતે પચાસની ઉંમરે પોતાના પરમેનન્ટ ઍડ્રેસ પર પાછા ફરતા હોય છે. ટીનેજમાં પ્રવેશેલાં સંતાનો, માતાપિતા, સામાજિક પ્રતિષ્ઠા કે પત્નીએ કરેલા ત્યાગ-બલિદાનની દુહાઈ—એવાં ઘણાં કારણો આમાં ચોક્કસ ભાગ ભજવતાં હશે, પરંતુ ભરજુવાનીમાંથી આધેડ થઈ ગયેલી પ્રેમિકા પાસે એ વખતે પસ્તાવા સિવાય કશુંય બાકી રહેતું નથી!

આયુષ જેવા બહુ ઓછા પુરુષો આ આકર્ષણને કાબૂમાં રાખીને પોતાની ગમતી સ્ત્રી સાથે એક 'સ્પેશિયલ સંબંધ' સાચવી શકતા હોય છે. સ્ત્રીએ પણ એવું સમજવું જોઈએ કે શરીર સોંપી દેવાથી પુરુષ સાથેના સંબંધમાં થોડોક 'ટેકન ફોર ગ્રાન્ટેડ' અને 'ગિલ્ટ'ની લાગણીનો પણ પ્રવેશ થતો હોય છે... જ્યારે આવા સ્પેશિયલ સંબંધોમાં ભાગ્યે જ કોઈનાથી ડરવાની કે કશું છુપાવવાની જરૂર પડે છે. ખાસ કરીને સારી ખેલદિલ પત્ની હોય ત્યારે એને 'બધું જ' ન કહેવામાં આવે તો પણ એ ઘણું બધું સમજતી જ હોય છે.

લગ્નના બબ્બે દાયકા સાથે વિતાવ્યા પછી જો પતિ-પત્નીને એકમેકમાં વિશ્વાસ ન હોય તો એને માટે ત્રીજી વ્યક્તિ કદીયે જવાબદાર હોતી નથી, ને જો વિશ્વાસ હોય તો ત્રીજી વ્યક્તિ સાથેના આવા 'સ્પેશિયલ સંબંધ'થી એ લગ્નને ક્યારેય વાંધો આવતો નથી. અગત્યની વાત એ છે કે સ્ત્રી સાથે પ્રણય, પ્રેમ, સ્નેહ કે શારીરિક સંબંધ પછી જે અપેક્ષાઓ અને અપેક્ષાઓમાંથી જે કડવાશ ઊભી થાય એ આવા 'સ્પેશિયલ સંબંધો'માં નથી થતી. બહુ સ્વાભાવિક વાત છે કે સ્ત્રી-પુરુષના સંબંધમાં જ્યારે 'મિત્રતા' શબ્દ વાપરવામાં આવે ત્યારે એ સંબંધ દોસ્તાના અથવા ખુલ્લા દિલના ભાઈબંધીના સંબંધો હોઈ શકે, આજના જમાનામાં આવા સંબંધો જરાય નવાઈની વાત નથી. જ્યારે આપણે આવા સ્પેશિયલ સંબંધની વાત કરીએ છીએ ત્યારે એ ફક્ત મિત્રતા નથી, એ પ્રણય નથી, પરિણય તો નથી જ... એકબીજા માટેનો સ્નેહ, કાળજી, વાત્સલ્ય કે સન્માનનું આ કૉકટેઇલ એકાદ પૅગના હળવા નશાનો સુરૂર છે! સારું લાગે, મજા પડે... છતાં મગજ કન્ટ્રોલમાં રહે. જાત પરનો કાબૂ ગુમાવીને ફાવે તેમ બોલવાના કે વર્તવાના પ્રસંગ ન બને, છતાં મનમાં જે હોય તે કહેતાં ઇન્હિબિશન્સ કે સંકોચ ન રહે...

ઘણા લોકો એમ માને છે કે સ્ત્રી-પુરુષના સંબંધમાં કાં તો પ્યૉર મિત્રતા હોય અને કાં તો પ્રેમ, પરિણય કે લફરું... આવા 'સ્પેશિયલ સંબંધો' એટલે કે પ્રેમ જેવું કંઈક હોઈ જ ન શકે. અંગ્રેજીમાં જેને 'પ્લેટોનિક' સંબંધો કહે છે તેવા બુદ્ધિગમ્ય, ક્રિયેટિવિટી સાથે જોડાયેલા, સર્જનાત્મક કે સ્નેહપૂર્ણ સંબંધો—જેમાં શરીર ન હોય એવા સંબંધોમાં ઘણા લોકોનો વિશ્વાસ નથી. ઘણા એવા સંબંધોને દંભ માને છે, પરંતુ જ્યારે ખરેખર એક માણસ એવા સંબંધમાં દાખલ થાય છે અને આવા શરીરવિહીન, પરંતુ બુદ્ધિ, ક્રિયેટિવિટી અને લાગણીથી જોડાયેલા સંબંધને અનુભવી શકે છે ત્યારે જ એને આવો સંબંધ સમજાય છે, સમજાઈ શકે.

સ્ત્રી અને પુરુષના સંબંધો જલેબી અને ફાફડા જેવા, વ્હિસ્કી અને સોડા જેવા, દૂધ અને સાકર જેવા, વાંસળી અને ફૂંક જેવા—વગેરે વગેરે હોઈ શકે... પરંતુ બે કાંઠે સમાંતર વહેતી નદીના બે કિનારા જેવો આ સંબંધ બહુ ઇન્ટરેસ્ટિંગ હોય છે. એમાં અપરાધભાવ નથી હોતો, અપેક્ષાઓ નથી હોતી, અહંકાર કે અધિકાર નથી હોતો... બસ, આવિર્ભાવ હોય છે—એક જુદી જ અભિવ્યક્તિનો અનુભવ હોય છે.

• • •



તુમ હી હો બંધુ, સખા તુમ હી...

સ્વયંને બીજામાં ઓગાળી નાખવાની આવડત અને સરળતા દરેક વ્યક્તિને ઉપલબ્ધ નથી હોતી, બલકે બહુ જ ઓછા લોકોને ઉપલબ્ધ હોય છે. પોતાનો દરેક નિર્ણય બીજી વ્યક્તિ કરે, પોતાનું સુખ ફક્ત એ જ વ્યક્તિની સાથે મળી શકે એવું માનનારી વ્યક્તિઓમાં સ્ત્રીઓ વધુ પ્રમાણમાં હોય છે. પુરુષ સામાન્ય રીતે આવું તદ્દન સમર્પિત જીવી શકે એ જરા અઘરું છે. વ્યવસાય માટે ઘરની બહાર નીકળતો અને પોતાના પુરુષમિત્રોમાં જાતને વધુ કમ્ફર્ટેબલ ફીલ કરતો પુરુષ આવી આધારિત અથવા સમર્પિત પત્નીથી ક્યારેક અકળાય છે.

"**અવંતિને** ત્યાં સાંજે પાર્ટી છે." પ્રિયાંશે કહ્યું. ટેબલ પર પડેલું સ્માર્ટ ઇન્વાઇટ હાથમાં લઈને એ જોઈ રહ્યો હતો. ફૉર્ટીન્થ ફેબ્રુઆરીના વેલેન્ટાઇન ડે-ના દિવસે અવંતિ અમીનને ત્યાં વિમેન્સ ગેટ ટુ ગેધર હતું. "તું આ વખતે તો જજે." પ્રિયાંશે સાવ સ્વાભાવિકતાથી નિધિને કહ્યું, "દર વખતે એ તને ઇન્વાઇટ કરે છે, પણ તું જતી નથી."

"તમારા વગર મને ક્યાંય જવાનું નથી ગમતું." નિધિએ કહ્યું, "તમે હો તો જ મજા આવે."

"એવું ના હોય. થોડીક છૂટી પડીને, તારી પોતાની મજા કરતાં શીખ."

પ્રિયાંશ હજી તો પૂરું બોલે એ પહેલાં નિધિએ કહ્યું, "હું કંઈ એવી બૈરી નથી કે પતિ વગર મને મજા આવે. આ તો બધા પતિથી કંટાળેલા ને ખોટેખોટા સેલિબ્રેશનનાં બહાનાં શોધતા લોકો છે. હું મારા ઘરમાં સુખી છું." કહીને નિધિ અંદરની તરફ જવા લાગી. એમના ઘરમાં આ ચર્ચા અનેક વાર થઈ ચૂકી હતી. પ્રિયાંશ એક સફળ લેખક હતો. એની પોતાની અલગ દુનિયા હતી. અરેન્જ મૅરેજથી નિધિ સાથે પરણેલો પ્રિયાંશ દુઃખી કે કંટાળેલો નહોતો, પણ એ એટલું સમજી શકતો હતો કે એની અને નિધિ વચ્ચે માનસિકતાનો ઘણો મોટો ફેર હતો... સવાલ ઇન્ટલેક્ચ્યુલ બૅલેન્સનો કે બીજી કોઈ બુદ્ધિ પ્રતિભાનો નહોતો, સવાલ જુદા રસ—જુદા વિચારો અને જુદી પર્સનાલિટીનો હતો.

"નિધિ, એવું ના હોય... ક્યારેક તારે પણ તારા પોતાના ગ્રૂપમાં, તારા મિત્રો સાથે મજા કરવી જોઈએ. આપણે

તો સાથે જ હોઈએ છીએ અને રહીશું. તારી અલગ મજા કેમ ન હોઈ શકે?" પ્રિયાંશે દલીલ કરી.

"પતિ-પત્નીનું બધું જ ભેગું હોય, સુખ અને દુઃખ બેઉ!" નિધિએ કહ્યું, "એ શું વળી, મારી મજા અલગ અને તારી મજા અલગ? એક વાર લગ્ન થયાં એટલે પત્ની અર્ધાંગિની કહેવાય, એવી રીતે પતિ પણ અડધું અંગ કહેવાય. મારે તમારાથી છૂટા પડીને મજા કરવી પડે એવી કોઈ મજા હોય જ કેવી રીતે?" નિધિએ જરા અકળામણથી ઉમેર્યું, "તમારાથી સંતાડવું પડે એવું મારી જિંદગીમાં કશું છે જ નહીં." પ્રિયાંશને લાગ્યું કે હવે આગળ દલીલ કરવાનો અર્થ નથી. એણે વાત પડતી મૂકી, પરંતુ નિધિના આ વર્તનથી પ્રિયાંતને ફરી એક વાર ગૂંગળામણ થઈ આવી. આ કાયમનું હતું. નિધિ ક્યાંય એકલી જવા તૈયાર જ ન થતી. એની જિંદગીમાં પ્રિયાંશ સિવાય કોઈ હતું જ નહીં. સ્કૂલની બહેનપણીઓ સાથે એણે સંબંધ ઓછો કરી નાખ્યો હતો. સગાંવહાલાંને ત્યાં એ પ્રિયાંશને પરાણે સાથે ઘસડી જતી. પિયર ગામમાં જ હતું એટલે બહારગામ જવાનો સવાલ જ નહોતો...

નિધિ એક કુશળ ગૃહિણી અને સારી મા હતી. પ્રેમાળ પત્ની અને કાળજી રાખનારી વ્યક્તિ... પરંતુ એ ઘરની બહાર ક્યાંય જતી જ નહીં. કોઈ પણ જગ્યાએ જવાનું હોય તો એ પ્રિયાંશની સાથે જ જતી. પ્રિયાંશ એકલો ક્યાંય જાય એ નિધિને બહુ ગમતું નહીં. લગ્નપ્રસંગ હોય કે પાર્ટી, બેસણું હોય કે કોઈ સામાજિક પ્રસંગ... નિધિ તો જ હાજરી આપે, જો પ્રિયાંશ એની સાથે હોય. ઘરની બહાર નીકળવાની વાત આવે કે તરત જ નિધિ સૌથી પહેલાં પ્રિયાંશનો સહારો શોધે. પ્રિયાંશે એને ગાડી ભેટ આપી, પણ નિધિ ગાડી ચલાવતી નહીં. શૉપિંગ જવું હોય તો પણ પ્રિયાંશે જોડે જવું જ પડે. નિધિનાં કપડાં પ્રિયાંશ પસંદ કરે તો જ એ ખરીદે. નાનામાં નાની વાતમાં નિધિ માટે પ્રિયાંશનો અભિપ્રાય અગત્યનો હતો... એના અભિપ્રાય વગર નિધિની જિંદગીમાં પાંદડું પણ હાલતું નહીં.

પ્રિયાંશને શરૂઆતમાં નિધિનું આ ડિપેન્ડન્સ બહુ ગમતું. પોતાના વિના પત્નીની જિંદગીમાં કશું થતું જ નથી એ વિચારમાત્ર પ્રિયાંશ માટે આનંદદાયક હતો, પરંતુ ધીરે ધીરે નિધિનું આ ડિપેન્ડન્સ પ્રિયાંશના ગળામાં ફાંસો બનવા લાગ્યું હતું. નિધિ પોતાની જિંદગી પ્રિયાંશની આસપાસ જીવતી એટલું જ નહીં, એની અપેક્ષા એવી હતી કે પ્રિયાંશ પણ એની જિંદગી આમ જ નિધિમાં ઓતપ્રોત થઈને જીવે!

સામાન્ય રીતે પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરનાર વ્યક્તિ સામેની વ્યક્તિ પાસેથી એ જ અપેક્ષા રાખતી હોય છે. ખાસ કરીને જીવનસાથીની બાબતમાં બેમાંથી એક જણ જો બીજી વ્યક્તિ પર આધારિત હોય તો એ લાગણી શરૂઆતનાં વર્ષોમાં બહુ સારી લાગે છે. ધીમે ધીમે એ સંપૂર્ણપણે આધારિત વ્યક્તિ બોજ બનવા લાગે છે. પોતાની જાતે પોતાનું કોઈ કામ ન કરી શકતી વ્યક્તિ, નિર્ણય ન લઈ શકતી વ્યક્તિ કે સતત સહવાસ ઝંખતી વ્યક્તિ ક્યારેક ગૂંગળામણનો અનુભવ કરાવે છે. પ્રેમ સામાન્ય રીતે બંધિયાર વાતાવરણમાં પાંગરી શકતો નથી. આવી ડિપેન્ડન્ડ કે આધારિત વ્યક્તિને અસલામતી કે શંકા હોય એવું જરૂરી નથી. આવી વ્યક્તિઓ શક કરતી હોય માટે આવું કરે એવું નથી. આવી વ્યક્તિઓને માટે પ્રેમ એટલે એકબીજામાં પરોવાઈને જિવાતી જિંદગી, એવો કંઈક અર્થ થતો હોય છે. એમને માટે દાંપત્ય એટલે સોએ સો ટકા એકબીજામાં ભળી જવાનો કોઈક અવનવો અનુભવ હશે. સ્વયંને બીજામાં ઓગાળી નાખવાની આવડત અને સરળતા દરેક વ્યક્તિને ઉપલબ્ધ નથી હોતી, બલકે બહુ જ ઓછા લોકોને ઉપલબ્ધ હોય છે. પોતાનો દરેક નિર્ણય બીજી વ્યક્તિ કરે, પોતાનું સુખ ફક્ત એ જ વ્યક્તિની સાથે મળી શકે એવું માનનારી વ્યક્તિઓમાં સ્ત્રીઓ વધુ પ્રમાણમાં હોય છે. પુરુષ સામાન્ય રીતે આવું તદ્દન સમર્પિત જીવી શકે એ જરા અઘરું છે. વ્યવસાય માટે ઘરની બહાર નીકળતો અને પોતાના પુરુષમિત્રોમાં જાતને વધુ કમ્ફર્ટેબલ ફીલ કરતો પુરુષ

આવી આધારિત અથવા સમર્પિત પત્નીથી ક્યારેક અકળાય છે. દરેક વખતે પોતાને હાજર રહેવું જ પડે અથવા પોતાની આસપાસ કોઈક હોય જ એ સ્થિતિમાં જીવવું પણ બહુ સહેલું નથી.

દરેક વ્યક્તિનો આગવો મિજાજ હોય છે. કોઈકને પોતાની સ્પેસ ખૂબ જ જરૂરી લાગે છે. પોતાના જીવનસાથી સાથે બધી જ પળો કે બધી જ વાતો શૅર કરવી પડે—અથવા કરી જ જોઈએ એવું સામાન્ય રીતે પુરુષો માનતા નથી. જ્યારે મોટા ભાગની સ્ત્રીઓને નાની નાની વાતો પોતાના પ્રિયતમ કે જીવનસાથી સાથે શૅર કરીને સારું લાગે છે, શૅર કરવાની ટેવ પણ હોય છે. લગ્ન થાય એટલે સોએ સો ટકા એકબીજાની સાથે વહેંચવા જ પડે એવું જરૂરી નથી. બે જણાં પોતપોતાનાં વ્યક્તિત્વોને ઓગાળીને, એકમેકને ભળીને નવું જ વ્યક્તિત્વ ઊભું કરે એવી સુખી દાંપત્યની જરૂરિયાત નથી. બંને જણાં પોતપોતાનાં વ્યક્તિત્વોને સાચવીને એકબીજાની ઇચ્છા-અનિચ્છા, ગમા-અણગમા સમજીને જો એકબીજાની સાથે જીવે તો કદાચ એ લગ્ન વધુ સુખી અને વધુ મજબૂત પુરવાર થઈ શકે.

કદાચ એવું બને કે બેમાંથી એક વ્યક્તિને આવા સોએ સો ટકા સમર્પણમાં જ પોતાના લગ્નજીવનનું સાર્થક્ય લાગતું હોય. એવું પણ બને કે કેટલીક વ્યક્તિને પોતાની સ્પેસ જોઈતી જ ન હોય અથવા એવો સ્પેસનો કે વ્યક્તિગત સમયનો કે આગવા વ્યક્તિત્વનો વિચાર એના આખા અસ્તિત્વમાં ક્યાંય હોય જ નહીં. એવું ન હોય એમાં કશું ખોટું નથી. સમર્પિત થઈ જવા માટે બહુ જ સરળતા અને સહજતા જોઈએ. અહંકારને કોરે મૂકીને કોઈને ચાહવા માટે બહુ જ નમ્રતા અથવા સમર્પણનો ઊંચો ભાવ જોઈએ. કેટલીક વ્યક્તિઓ કશું જાણ્યા-સમજ્યા વગર પણ આવી રીતે સમર્પિત થઈ શકતી હોય છે. એમના આ સમર્પણનું મૂલ્ય કરનારા એમના જીવનસાથી માટે આ સ્નેહનો ભાવ પચાવવો દરેક વખતે શક્ય ન હોય એમ પણ બને. એવું પણ બને કે સામેની વ્યક્તિને આટલા બધા સમર્પણની જરૂરત જ ન હોય. એને પોતાના જીવનમાં ઢોળાઈ જતી, વિખરાઈ જતી, વેરાઈ જતી કે પોતાના ચરણમાં સમર્પિત થઈ જતી વ્યક્તિનો બોજ લાગતો હોય.

પોતે સમર્પિત થાય છે માટે સામેની વ્યક્તિએ પણ સમર્પિત થવું જોઈએ. પોતે નાની નાની વાતો શૅર કરે છે માટે સામેની વ્યક્તિએ પણ કરવી. પોતે એકલા સુખી થતા નથી એ વિચારે ગર્વ કરનાર વ્યક્તિઓને પોતાના જીવનસાથી પોતાના વગર સુખી થઈ શકે છે એ વિચાર અથવા જીવનસાથીનું એ વર્તન દુઃખી કરી જતું હોય છે.

દુનિયાનો દરેક માણસ થોડીઘણી મોકળાશ ઇચ્છે છે. પ્રેમનો અર્થ ગૂંગળામણ ન જ હોઈ શકે. પતિ-પત્નીના વિચારો, માન્યતાઓ, શોખ, સ્વાદ કે ગમા-અણગમા જુદા હોય એનાથી પ્રેમ ઘટી નથી જતો. બે જણાને બધું સરખું જ ગમતું હોય અથવા બંને જણા બધું સાથે જ કરે એને જ સુખી દાંપત્ય કહેવાય એવું માનનાર અને જીવનસાથી પર ઠોકી બેસાડનાર વ્યક્તિ ખરેખર તો પોતાના દાંપત્યને જ નુકસાન કરે છે.

• • •



ઍલિજિબલ બૅચલર: ઈર્ષ્યા, અસુખ કે અસફળતા!

આપણા સમાજની એક વિચિત્ર બાબત એ પણ છે કે પુરુષ કોઈ પણ ઉંમરે ઍલિજિબલ બૅચલરનું પાટિયું ગળામાં લટકાવીને ફરી શકે છે. મોટા ભાગના પુરુષો માટે 'સિંગલ' હોવાનું સ્ટેટસ એ ગર્વની બાબત છે, બીજા માટે ઈર્ષ્યાનું કારણ પણ આ 'સિંગલ' હોવાનું સ્ટેટસ છે. દરેક વખતે આ સિંગલ હોવાનું લેબલ જેટલું દેખાય છે એટલું ગ્લેમરસ નથી હોતું.

"**તું** નસીબદાર છે યાર." બારમાં બેઠેલા ચાર મિત્રોમાંનો એક સંજય એની બાજુમાં બેઠેલા અનુજને કહી રહ્યો હતો. સંજયની વાત સાચી હોય એમ બબ્બે પૅગ ડાઉન થઈ ગયેલા મુકુંદ અને મનીષ પણ ડોકાં ધુણાવતા હતા, "તારે કોઈને જવાબ નથી આપવાનો. તારી મરજીથી ઘેર જવાનું, મરજીથી બહાર નીકળી જવાનું. જેમ ફાવે એમ જીવવાનું. જોઈએ તેટલી ગર્લફ્રૅન્ડ રાખવાની ને પરિવારની કોઈ ચિંતા નહીં." સંજય પણ થોડો નશામાં હતો, "યાર! અમને આ અક્કલ વહેલી આવી હોત તો સારું થાત."

સંજયની વાત સાંભળીને બંને દોસ્તો—મુકુંદ અને મનીષ હસી પડ્યા, "ખરી વાત છે યાર, આ બૈરાં-છોકરાંના ટોળામાં જિંદગીની મજા તો ક્યાંય ખોવાઈ ગઈ." મનીષે કહ્યું.

"ઘરમાં જાવ એટલે કટકટ ચાલુ થઈ જાય. મારી મમ્મી અને મારી બૈરીની વચ્ચે બૅલેન્સ કરતાં કરતાં મારા મગજનું બૅલેન્સ જતું રહેશે એવો મને રોજ ડર લાગે છે. તું નસીબદાર છે યાર. પરણ્યો નહીં એ સુખી થયો ને પરણ્યા એટલે પતી ગયા." કહીને મુકુંદે ટેબલ પર પડેલો સ્કૉચનો ગ્લાસ મોઢે માંડ્યો. સંભ્રાંત અને સુખી પરિવારના આ ચારેય મિત્રો સ્કૂલથી સાથે ભણ્યા હતા. ૨૦ વર્ષ પછી પણ એમની મિત્રતા અકબંધ હતી. અત્યારે બેતાળીસના થયેલા આ ચારેય મિત્રો એમના બૅચલર મિત્ર અનુજની બેતાળીસમી બર્થ ડે ઊજવવા મુંબઈના એક પૉશ ફ્લૅટમાં બેઠા હતા. અનુજે લગ્ન નહોતાં કર્યાં. એક પ્રાઇવેટ બૅન્કમાં સારી પદવી ધરાવતો અનુજ મુંબઈના એક પૉશ ફ્લૅટમાં એકલો રહેતો હતો... પાર્ટી સ્વાભાવિક રીતે અનુજને ત્યાં હતી, કારણ કે એ એકલો રહેતો હતો! બાકીના ત્રણેય મિત્રો મનીષ, મુકુંદ અને સંજય અનુજની ઈર્ષ્યા કરતા હતા. લગ્ન કરીને ભૂલ કરી એવું આ ત્રણેય મિત્રોને લાગતું હતું. એ ત્રણેય જણા અનુજને લગ્નના આ 'ટ્રૅપ'માંથી બચી જવા માટે નસીબદાર ઠેરવતા હતા, પણ અનુજ કોઈ જવાબ આપ્યા વગર ચૂપચાપ શરાબ પી રહ્યો હતો. આ

બધી મજાક સાંભળીને એના ચહેરા પર જે ગર્વનું સ્મિત આવવું જોઈએ એવું કોઈ સ્મિત દેખાતું નહોતું...

ત્રણેય મિત્રો—મુકુંદ, મનીષ અને સંજય જ્યારે અનુજની મીઠી ઈર્ષ્યા કરતા હતા ત્યારે અનુજ પોતાના મનમાં કંઈક જુદું જ વિચારતો હતો. આખા દિવસના થાક પછી પોતે ઘરે પાછો ફરે ત્યારે એક હૂંફાળો પરિવાર, થોડી થાકેલી, કચકચ કરતી પત્ની એને ખૂટવા લાગ્યાં હતાં. મિત્રોના પરિવારોને જોઈને એને હંમેશાં એવું લાગતું કે પોતે કારકિર્દી બનાવવામાં જે વર્ષો વિતાવ્યાં એ તમામ વર્ષો દરમિયાન એની જિંદગીમાં કોઈ સ્ત્રી હોત તો કદાચ આ વર્ષોનો ભાર પોતાને ઓછો લાગ્યો હોત!

ખૂબ કમાતા અને 'સુખેથી' એકલા રહેતા પુરુષોની જિંદગી બહારથી ગમે તેટલી ગ્લેમરસ લાગે, પરંતુ દરેક વખતે આ એકલતા એમનો 'સૉલિટ્યુડ' હોય એવું જરૂરી નથી. કેટલાક પુરુષો પોતાની જિંદગીમાં સ્ત્રી સાથેનો સંબંધ બાંધવાનું ટાળે છે, કારણ કે એમને લાગે છે કે સ્ત્રી એક જવાબદારી બનીને એમની જિંદગીમાં આવશે. ક્યારેક કારકિર્દી તો ક્યારેક એ સમયે ખૂબ ગમતી સ્વતંત્રતા સાથે સમજૂતી ન કરવાનો ખ્યાલ, ક્યારેક ભાઈ-ભાભીના કે માતાપિતાનાં ખરાબ લગ્નો તો ક્યારેક પોતાને યોગ્ય છોકરી નહીં મળવાની એક વિચિત્ર પ્રકારની માન્યતા, ક્યારેક હાર્ટબ્રેક તો ક્યારેક એકતરફી પ્રેમમાં મળેલી નિષ્ફળતા જેવાં અનેક કારણો આવા ઍલિજિબલ બૅચલરનું નિર્માણ કરવા માટે જવાબદાર હોય છે. આપણા સમાજની એક વિચિત્ર બાબત એ પણ છે કે પુરુષ કોઈ પણ ઉંમરે ઍલિજિબલ બૅચલરનું પાટિયું ગળામાં લટકાવીને ફરી શકે છે. મોટા ભાગના પુરુષો માટે 'સિંગલ' હોવાનું સ્ટેટસ એ ગર્વની બાબત છે, બીજા માટે ઈર્ષ્યાનું કારણ પણ આ 'સિંગલ' હોવાનું સ્ટેટસ છે. દરેક વખતે આ સિંગલ હોવાનું લેબલ જેટલું દેખાય છે એટલું ગ્લેમરસ નથી હોતું.

મોટા ભાગના પુરુષોનો ઉછેર એમના પરિવારમાં એક મહત્ત્વના બાળક તરીકે સ્નેહ અને ફૂલ અટેન્શન સાથે થયો હોય છે. એમની મમ્મી એમની નાનામાં નાની બાબતની કાળજી લેતી હોય, એમાંય જો બહેન હોય તો બહેન સાથેના સંબંધો પણ એવા જ કાળજીભર્યા અને સ્નેહાળ હોય (સામાન્ય રીતે) ત્યારે કોઈક કારણસર લગ્ન નહીં કરવાનું નક્કી કર્યા પછી થોડાં વર્ષોમાં મોટા ભાગના પુરુષોને એકલતા સાલતી હોય છે. પુરુષની પ્રકૃતિ બહુ એકલા રહેવાની નથી, સામાન્ય રીતે એને કંપનીમાં રહેવું ગમતું હોય છે. વળી મોટા ભાગના પુરુષોને એવું ગમે છે કે કોઈક એમની કાળજી લે અથવા ધ્યાન રાખે. શરૂઆતમાં—યુવાનીના દિવસોમાં કદાચ આ બૅચલરહૂડ બહુ આકર્ષક અને કમ્ફર્ટેબલ લાગે, મિત્રોને પોતાનું સ્વાતંત્ર્ય ખોતા જોઈને કદાચ એમ પણ લાગે કે પોતે જે નિર્ણય કર્યો છે તે જ સાચો અને બરાબર છે, પરંતુ વીતતાં વર્ષ સાથે એક કમ્પૅનિયનની કે એક કમ્પૅટેબલ પાર્ટનરની જરૂરિયાત લાગવા માંડે છે.

જે મિત્રો એક બૅચલરને ત્યાં સતત સમય પસાર કરવા ઝંખતા હતા એ મિત્રો ધીમે ધીમે પોતાના પરિવારમાં ગોઠવાતા જાય છે. મોટાં થતાં સંતાનો અને એમની કારકિર્દીમાં વ્યસ્ત થતા મિત્રો પાસે સમય ઓછો પડતો જાય છે. મિત્રોની પત્નીઓ પણ ધીરે ધીરે પોતાનો અધિકાર જમાવતી થઈ જાય છે એટલે જ્યારે કુટુંબ સાથે વૅકેશન ગાળવાનું આવે ત્યારે સામાન્ય રીતે બૅચલર મિત્રને બહુ આગ્રહ કરવામાં આવતો નથી. ક્યારેક ઇનસિક્યૉરિટીના કારણે પણ સાથે ઊછરેલા કે સહકાર્યકર મિત્રો આવા બૅચલરને પોતાના પરિવારથી દૂર રાખતા થઈ જાય છે. આ બધાની વચ્ચે ચાળીસીએ પહોંચેલો બૅચલર જે સફળ છે, પૈસા કમાય છે અને છતાં સ્વતંત્ર છે એ જોઈને પણ કેટલાક મિત્રો એનાથી ઈર્ષ્યાને કારણે દૂર રહેવાનું પસંદ કરે છે. જે પરિસ્થિતિ બહારથી બહુ લોભામણી—લલચામણી કે આનંદદાયક લાગતી હોય એ દરેક પરિસ્થિતિ દરેક વખતે જેવી દેખાય છે એવી હોય એવું જરૂરી નથી. ગમે તેટલું કમાયા પછી જો ઘરે આવીએ ત્યારે આપણા દિવસભરના થાકને દૂર કરવા માટે કે આપણા આનંદને વહેંચવા માટે કોઈ એક વ્યક્તિ ઘરમાં ન હોય તો એ સ્થિતિ કેટલી

'સારી' છે એ વિશે કદાચ દરેકના પોતપોતાના અભિપ્રાય હોય. યુવાનીનાં વર્ષોમાં ઉશ્કેરાટમાં કે આળસમાં, પીડામાં કે પ્રલોભનમાં આવીને લીધેલો નિર્ણય ખોટો હતો એવી અમુક વર્ષો જતાં ખબર પડે તો પણ એ નિર્ણયને સુધારવા માટે તક કે સવલત ન હોય એવું પણ બને. ઘણી વાર યુવાનીમાં લગ્ન નહીં કરવાનો નિર્ણય લીધા પછી કદાચ પાંત્રીસ કે ચાળીસ વર્ષની ઉંમરે લગ્ન કરવાની ઇચ્છા થાય તો પણ એવા પ્રકારની કમ્પૅનિયન મળવી બહુ અઘરી છે. મુક્ત વિચારના પુરુષને કદાચ ડિવોર્સી કે સંતાન સાથેની સ્ત્રી પણ સ્વીકાર્ય હોય, તેમ છતાં એના પરિવારને એ સ્વીકાર્ય હોય જ એવું જરૂરી નથી. પોતાને ગમતી સ્ત્રીનું સંતાન પોતાને ન સ્વીકારે એવી પણ શક્યતા મોટી ઉંમરના સંબંધોમાં સર્જાતી હોય છે.

લગ્ન નહીં કરવાનાં કારણો યુવાનીમાં અને મોટી ઉંમરે જુદા હોય એવું પણ બને. સૌરાષ્ટ્રમાં મોટી ઉંમરે પણ કુંવારા રહી ગયેલા પુરુષો માટે 'વાંઢા' શબ્દ વપરાય છે. પશ્ચિમમાં એને 'ઍલિજિબલ બૅચલર' કહીને નવાજવામાં આવે છે. બે જુદી સંસ્કૃતિઓ એક જ પરિસ્થિતિ વિશે સાવ જુદો અભિપ્રાય ધરાવે છે. જે લોકોનાં લગ્ન નથી થયાં અથવા જેમણે લગ્ન નથી કર્યાં એવા પુરુષોની સ્થિતિ બહારથી જોનારા માટે અને ભીતરથી જીવનારા માટે કદાચ ભિન્ન હોય છે. વ્યક્તિ તરીકે કંપની ઝંખતા આ પુરુષો ક્યારેક એટલા ખાતર મિત્રો પાછળ પૈસા ખર્ચે છે, જેથી એમણે વીક ઍન્ડની સાંજ એકલા પસાર કરવી ન પડે... પ્રવાસમાં કે બીજાં સ્થળોએ મિત્રોને સાથે લઈ જવાનું કારણ ફક્ત 'કંપની'ની ઝંખના પણ હોઈ શકે. સાંજે મોડે સુધી બહાર રખડતા રહેવાનું કારણ એ પણ હોઈ શકે કે ઘરે કોઈ રાહ જોનાર નથી...

દરેક પરિસ્થિતિની બે બાજુ હોય છે, એક—જે બહારથી દેખાય છે અને બીજી—જે અનુભવાય છે. ક્યારેક આ બંને બાજુ એકસરખી હોય તો ક્યારેક આ બંને બાજુઓ સાવ જુદી હોઈ શકે. લગ્ન નહીં કરનાર પુરુષ કદાચ મોટા ભાગના લોકો માટે એના સ્વાતંત્ર્ય અને સંપત્તિને કારણે ઈર્ષ્યાનું પાત્ર હોઈ શકે, પરંતુ વધતી જતી ઉંમર સાથે જો ઇનસિક્યૉરિટી અને એકલતા વધતી અનુભવાય તો કોઈ પણ ઉંમરે લગ્ન કરવા કે કમ્પૅનિયન શોધવામાં સંકોચ ન અનુભવવો જોઈએ.

આપણે સૌ બેસિકલી ઇમોશનલ લોકો છીએ. મગજથી વિચારતા અને હૃદયથી વર્તનારા આપણે સૌ લાગણીના ભૂખ્યા હોઈએ છીએ. કોઈ આપણી કાળજી કરે કે સ્નેહ કરે એવી ઝંખના કે અપેક્ષા જરાય વધુ પડતી નથી એમ માનીને જીવનના કોઈ પણ વળાંકે ઉંમરના કોઈ પણ પડાવ ઉપર જો સહજીવનની ઝંખના જાગે તો એમાં કશું ખોટું નથી.

• • •



સ્વાર્થ સ્માર્ટનેસ સૅક્સ સફળતા?

મહેનત કે નિષ્ઠાને પોતાની સફળતાનો રસ્તો બનાવવાને બદલે પોતાના શરીરને કે સૌંદર્યને ચોકલેટ બનાવીને પોતાના બોસ કે પોતાને ફાયદો કરાવી શકનાર વ્યક્તિને ધરી દેવામાં અચકાતી નથી! આમાં, ઍક્ટ્રેસ, મૉડેલથી શરૂ કરીને કૉર્પોરેટ શિક્ષણ જગત અને સાવ નીચે ફોર્થ ગ્રેડના કર્મચારીઓ સુધી બધાનો સમાવેશ થાય છે. કોઈ એક વ્યક્તિ સારી છે કે ખરાબ છે... આખી પેઢી સારી કે ખરાબ ન જ હોઈ શકે!

"**સર** ! હું તમારા માટે હાંડવો લાવી છું." મૈત્રીના મોહક સ્મિતને જોઈને વિનિત સમજી ગયો કે આજે ફરી કોઈ માગણી થવાની છે.

"હું આજે લંચમાં અહીંયાં નથી." વિનિતે માથું નીચું કરીને ટેબલ પર પડેલી ફાઇલ્સમાં રસ લેવા માંડ્યો.

"પણ.. સર!" મૈત્રી આગળ આવી. એણે ઝૂકીને વિનિતના ટેબલ પર પોતાના બે હાથ મૂક્યા. સહેજ લોનેક ટી-શર્ટમાંથી એનો ક્લિવેજ દેખાય એવી રીતે એણે બંને ખભાને સહેજ સંકોચ્યા, "મેં બહુ વહેલા ઊઠીને ખાસ તમારા માટે બનાવ્યો છે ઍન્ડ આઈ નો યુ લાઇક ઇટ." મૈત્રીના હોઠ, એની આંખો અને ટી-શર્ટના ગળામાંથી નીચે સુધી દેખાતાં એનાં સ્તનો! વિનિત સામાન્ય માણસ હતો, કોઈ સાધુ-સંત નહીં. એણે બે-ચાર ક્ષણ સુધી ત્યાં ચોંટી ગયેલી પોતાની નજરને હટાવવાનો પ્રયત્ન કર્યો, મૈત્રી વધુ ઝૂકી, "પ્લીઝ સર, થોડો ચાખો તો ખરા."

"મૈત્રી, આ ઑફિસ અવર્સ છે. એક તો તું દસ મિનિટ મોડી આવી છે." વિનિતે ઑફિસના સી.ઇ.ઓ.ની જેમ વર્તવાનો પ્રયત્ન તો કરી જ જોયો.

ટેબલ પર મુકાયેલા વિનિતના હાથ પર મૈત્રીએ પોતાનો હાથ મૂકી દીધો, "સર, તમને તો ખબર જ છે. મારી કેટલી રિસ્પોન્સિબિલિટી હોય છે." લિપસ્ટિક લગાડેલા હોઠ ઉપર જીભ ફેરવીને મૈત્રીએ પોતાની મસ્કારાવાળી પાંપણો પટપટાવી, "કોઈક દિવસ તો લેટ થાય ને?"

"તું બહાર જા." વિનિત પોતાના કામમાં મન લગાડવાનો પ્રયત્ન કરી રહ્યો હતો, "ઑફિસમાં આને કારણે ખોટો દાખલો બેસે છે. બધાને લાગે છે કે હું તને ફેવર કરું છું." વિનિતે આ વાત કદાચ પહેલાં પણ બે-ચાર વાર કહી હતી. મૈત્રી પર આ વાતની કોઈ અસર જ નહોતી થતી. ઑફિસમાં સુંદર અને સૌથી સૅક્સી છોકરી હતી, મૈત્રી! આની પહેલાં જ્યાં એ કામ કરતી હતી ત્યાંથી એણે રાજીનામું આપવું પડેલું. એ ટૅલેન્ટેડ હતી, એની ના નહીં, પણ એને પોતાની ટૅલેન્ટ કરતાં વધારે પોતાની સુંદરતા અને સૅક્સ અપીલમાં ભરોસો હતો. અહીં, નવી ઑફિસમાં આવતાંની સાથે જ વિનિત મુંદ્રા ઉપર પોતાની સુંદરતાની જાળ લપેટવા માંડી હતી. વિનિત સી.ઈ.ઓ. હતો. એણે કોઈ દિવસ કોઈ છોકરી સાથે અણછાજતું વર્તન કર્યાનો દાખલો નહોતો. મૈત્રીના આવ્યા પછી સહુ વિનિતના ચારિત્ર્ય વિશે ગુસપુસ કરતા થઈ ગયા હતા. એક સીધો-સાદો નિષ્ઠાવાન બોસ કોઈ કારણ વગર એક સ્કૅન્ડલમાં ફસાઈ રહ્યો હતો...

જાતીય સતામણીના અનેક આક્ષેપો આપણે સાંભળીએ છીએ. ઑફિસમાં સ્ત્રીઓને રક્ષણ મળવું જોઈએ અને પુરુષોની જાતીય સતામણી સામે એમને અવાજ ઉઠાવવાનો અધિકાર છે એવી બધી કેટલીયે વાતો સરકાર અને પોલીસ વારંવાર કહ્યા કરે છે. હવે તો દરેક ઑફિસમાં સૅક્સ્યુઅલ હેરેસમૅન્ટ સામે એક સેલ ઊભો કરવો ફરજિયાત બન્યો છે. સ્કૂલ-કૉલેજોમાં પણ છોકરીઓની મદદ માટે આવી બધી વ્યવસ્થા કરવામાં આવે છે...

આવું થવું જોઈએ, એની ના નહીં. સવાલ એ છે કે શું દરેક સ્ત્રી જાતીય સતામણીનો ભોગ બને છે? શું બધી જ સ્ત્રીઓ ભોળી—સિમ્પલ, બિચારી અને દયનીય હોય છે? જાતીય સતામણીની ફરિયાદ કરનાર કે બળાત્કારની ફરિયાદ કરનાર દરેક સ્ત્રી સાચી જ હોય છે? પુરુષ હંમેશા ખોટો હોય, લંપટ જ હોય? આવું કેવી રીતે માની લેવાય? આજથી બે દાયકા પહેલાંની સ્ત્રી અને આજની સ્ત્રીમાં બહુ ફેર છે. બે દાયકા પહેલાં કદાચ સ્ત્રી આટલી હિંમતવાળી કે આટલી ગણતરીબાજ નહોતી. આજની દુનિયામાં બધા બાળકો નિર્દોષ છે, એવું કહી શકાય છે? સમય બદલાયો છે... પરિસ્થિતિ જુદી છે... માનસિકતામાં ફેર પડ્યો છે. હરીફાઈ, મહત્ત્વાકાંક્ષા, ઇચ્છાઓ અને વસ્તુઓની આ દોડમાં માણસ વધુ ને વધુ સ્વાર્થી ભૂખાળવો થતો જાય છે. સ્ત્રી કે પુરુષનો સવાલ નથી અહીં, સવાલ છે 'માણસ'ના અસંતોષનો, એની આસપાસ રચાતા હરિફાઈના જાળાનો.

આ કોઈ એક મૈત્રી કે વિનિતની ચર્ચા નથી... બધી સ્ત્રીઓ મૈત્રી છે અને બધા પુરુષો વિનિત છે એવું ય નથી. શક્ય છે, આવી સ્ત્રીઓ ઓછી હોય અને પુરુષો વધુ! શક્ય છે, પુરુષની અંદર પશુત્વનું પ્રમાણ કદાચ વધારે હોય... શક્ય છે, શિકારી સ્ત્રીઓની સંખ્યા ઓછી હોય! પરંતુ, હવે સ્ત્રીને સાવ નિર્દોષ અને પુરુષને દોષી જ, ઠેરવવું અઘરું છે. માણસ તરીકે બધામાં નાની-મોટી નબળાઈ અને ગુણદોષો રહેલા જ છે. ઓછું-વત્તું સ્વાર્થનું પ્રમાણ સાવ નાનકડા બાળકથી શરૂ કરીને નબળા, બીજા પર આધારિત કહી શકાય એવા વૃદ્ધ સુધી સહુમાં જોવા મળે છે.

આપણા દેશની અથવા લગભગ દરેક સમાજની સામાન્ય માનસિકતા એવી છે કે જાતિય સતામણી અથવા બળાત્કારની ફરિયાદ કરનારી સ્ત્રી બાય ડિફૉલ્ટ—સ્વાભાવિકપણે જ 'બિચારી' માની લેવાય છે. સિત્તેરના દાયકા પછી જન્મેલી આખીયે પેઢી પ્રમાણમાં વધુ સ્વકેન્દ્રી, વધુ મહત્ત્વાકાંક્ષી, પૈસા અને વસ્તુઓ પરત્વે વધુ આકર્ષિત થયેલી પેઢી છે. સોશિયલ મીડિયા અને ટૅલિવિઝન, એનું પિયર પ્રેશર આમાં કામ કરે છે, પરંતુ હજી થોડા જ સમય પહેલાં આપણે જે પ્રકારની સ્ત્રી જોઈ રહ્યા હતા, એના કરતાં '૭૦ અને '૮૦ના દાયકા પછી જન્મેલી સ્ત્રીઓ સાવ જુદી છે. પોતાને જે જોઈએ છે તે મેળવવા માટે આ સ્ત્રીઓ કંઈ પણ કરી શકે છે. એ જાણે-અજાણ્યે એવું શીખી ગયા છે કે, સ્ત્રીનું શરીર લોભામણી, રસપ્રદ અને બાર્ટરના લેવડ-દેવડમાં વાપરી શકાય એવી 'વસ્તુ' છે. સૅક્સના બદલામાં સ્ત્રી ઇચ્છિત વસ્તુ મેળવી શકે છે આવું '૮૦ના દાયકા પછી

જન્મેલી પેઢીના મગજમાં ઊતરતું ગયું છે. આને કારણે આવી છોકરીઓ અથવા સ્ત્રીઓ મહેનત કે નિષ્ઠાને પોતાની સફળતાનો રસ્તો બનાવવાને બદલે પોતાના શરીરને કે સૌંદર્યને ચોકલેટ બનાવીને પોતાના બોસ કે પોતાને ફાયદો કરાવી શકનાર વ્યક્તિને ધરી દેવામાં અચકાતી નથી! આમાં, ઍક્ટ્રેસ, મૉડેલથી શરૂ કરીને કૉર્પોરેટ શિક્ષણજગત અને સાવ નીચે ફોર્થ ગ્રેડના કર્મચારીઓ સુધી બધાનો સમાવેશ થાય છે. કોઈ એક વ્યક્તિ સારી છે કે ખરાબ છે... આખી પેઢી સારી કે ખરાબ ન જ હોઈ શકે! મહત્ત્વાકાંક્ષા સારી વસ્તુ છે. વ્યક્તિગત વિકાસ માટે મહત્ત્વાકાંક્ષા કે ઇચ્છિત વસ્તુ મેળવવાની જીદ હોવી જ જોઈએ. એ માટે પ્રયાસ કરવાની ધગશ અને ધીરજ પણ હોવી જ જોઈએ... આ બધાની સાથે એક બેસિક મૉરલ અથવા ચારિત્ર્ય અનિવાર્ય બાબત છે. લગ્ન સિવાયના શારીરિક સંબંધોને ચારિત્ર્ય સાથે સીધો સંબંધ નથી એ પણ એટલું જ સત્ય છે... મુખ્ય બાબત એ છે કે એક સ્ત્રી અને પુરુષ વચ્ચે લાગણીના સંબંધ શરીર સુધી વિસ્તરે એ ઇચ્છનીય છે. શરીરના સંબંધના બાર્ટરમાં કે સૅક્સ આપીને મેળવવામાં આવતી સફળતાઓ અંતે પોકળ પુરવાર થતી હોય છે.

મહેનત કે ટૅલેન્ટના આધારે મેળવેલી સિદ્ધિ કે સફળતાઓ લાંબો સમય ટકતી હોય છે, એનો સંતોષ અથવા સુખ પણ જુદાં જ હોય છે.

ઇચ્છિત વસ્તુ માટે શારીરિક સંબંધ બાંધ્યા પછી એ ન મળે કે એ ધાર્યું ન થાય ત્યારે જાતીય સતામણી અથવા બળાત્કારની ફરિયાદ કરીને પુરુષને ફસાવી દેવાનું સ્ત્રી માટે પ્રમાણમાં સરળ છે. પુરુષ પ્રકૃતિએ જ એકથી વધુ સંબંધ ઝંખતું પ્રાણી છે. એને માટે સૅક્સ વધુ જરૂરી અથવા લોભાવનારી બાબત છે...પરંતુ, દરેક પુરુષ લંપટ નથી હોતો, દરેક પુરુષને સૅક્સથી જીતી નથી શકાતો. પુરુષ માત્ર પથારીમાં પરાસ્ત થઈ શકે એવી સાવ રમકડા જેવી મૉરાલિટી ધરાવે છે એમ માનનારી સ્ત્રીઓને ખોટી પાડવાનું કામ પુરુષ સિવાય બીજું કોણ કરી શકશે?

• • •



કેવા રે મળેલા મનના મેળ: મિથ કે મિક્સ ઍન્ડ મૅચ

ક્યારેક પુરુષ કોઈ કપડાં કે વર્તનની બાબતમાં કંઈક સજેસ્ટ કરે—ટોકે કે કદાચ ગુસ્સો પણ કરે તો એમાં કચડી નાખવાનો કે દબાવી દેવાનો આશય જોવાને બદલે એની લાગણી કે એનો મુદ્દો જાણવાનો પ્રયાસ કરવાથી કદાચ એક નવી સમજણની શરૂઆત થઈ શકે. સ્ત્રીને પેઢી દર પેઢી એવું શીખવવામાં આવ્યું છે કે પુરુષ એને ડૉમિનેટ કરે છે, ગુલામની જેમ રાખે છે, અત્યાચાર કરે છે... ખરેખર જો સમજવામાં આવે તો સમજાય કે સ્ત્રી જેટલી પુરુષ પર આધારિત છે એના કરતાં વધારે પુરુષ સ્ત્રી પર આધારિત છે...

"**આ** બેમાંથી કઈ સાડી લઉં?" નિકિતાએ પ્રહરને પૂછ્યું. પ્રહરનું ધ્યાન ક્યાંક બીજે જ હતું, પણ એણે બંને સાડીઓ જોઈ, ધ્યાનથી.

પ્રહર સાડીઓમાં કંઈ ખાસ સમજતો નહોતો, છતાંય એણે નિકિતાને કહ્યું, "આ યેલો." એક પણ ક્ષણ વિચાર્યા વગર નિકિતાએ એ સાડી પૅક કરવાનું કહી દીધું. પછી બંને જણાં લંચ પર ગયાં.

પ્રહરે મેનુકાર્ડ હાથમાં લીધા વિના કહ્યું, "ઑર્ડર કરી દે." નિકિતાએ ઑર્ડર કર્યો અને બંને આનંદથી જમ્યાં. પ્રહર અને નિકિતા વચ્ચે ગજબનો મનમેળ હતો. લગ્નને બાર વર્ષ થવા આવ્યાં હતાં, પણ એમની વચ્ચે ભાગ્યે જ મતભેદ થતો. બંને જણાં એકબીજા વિશે એટલું બધું જાણતાં હતાં કે એકબીજા વિશે કરેલી ધારણા કોઈ દિવસ ખોટી પડે જ નહીં. મિત્રો, પરિવારના લોકો અને બંનેનાં માતાપિતાને ઘણી વાર નવાઈ લાગતી. અરેન્જ મૅરેજના સંબંધમાં આટલો બધો મનમેળ સાચે હોય કે નહીં એવી પણ ઘણા લોકો ચર્ચા કરતા...

પ્રહર ખૂબ પઝેસિવ હતો. બપોરે દોઢ વાગ્યે જ્યાં હોય ત્યાંથી નિકિતાએ જમવા માટે ઘરે આવવું જ પડે... નહીં તો પ્રહર જમે જ નહીં. સામે પક્ષે પ્રહર બહારગામ ગયો હોય તો ૧૦૦માંથી ૯૦ કિસ્સામાં રાત્રે ઘરે પાછો ફરે—ફરે ને ફરે જ... રવિવારનો દિવસ બંને જણાં સાથે જ વિતાવે. પહેલાં છોકરાંઓ નાનાં હતાં ત્યારે એમને ધ્યાનમાં રાખીને પ્રોગ્રામ બને. હવે છેલ્લાં બે વર્ષથી નિકિતા અને પ્રહર રવિવારની સવાર બે જ જણાં મળીને વિતાવે છે.

ઘણા લોકો આ વિશે પ્રશ્નાર્થચિહ્ન ધરાવે છે. કોઈ દંપતી વચ્ચે આવો સંબંધ હોય ખરો? એવો સવાલ

લગભગ સૌના મનમાં થાય છે, પણ નિકિતા અને પ્રહરનો સંબંધ સત્ય છે. એમાં ક્યાંય બનાવટીપણું, દંભ કે જુઠ્ઠાણું નથી. લોકોને દેખાડવાના જુદા અને જીવવાના જુદા એવા બે સ્ટાન્ડર્ડ નથી, એમના જીવનમાં.

દસ વર્ષમાં બંને જણાં એકબીજાને પૂર્ણપણે સમજી ગયાં છે. બેમાંથી કોઈ ગુસ્સે નથી થતું કે બંનેને એકબીજા વિશે બધું જ ગમે છે એવુંય નથી. પ્રહરની મોડા ઊઠવાની આદત વિશે નિકિતા આજેય ફરિયાદ કરે છે, તો પ્રહરને નિકિતાના શૉપિંગ્સ સામે વિરોધ છે. બંનેના ખાવાના ટેસ્ટ લગભગ સરખા છે, પણ મ્યુઝિકના ટેસ્ટ સાવ જુદા છે. પ્રહરને હિન્દી ફિલ્મોનાં ગીતો ગમે છે. કિશોરકુમાર, હેમંતકુમાર, મૂકેશ ને આશા પ્રહરનાં ફેવરિટ, તો નિકિતા ક્લાસિકલ સંગીત ને ગઝલો સાંભળે છે. પ્રહર શરાબ નથી પીતો, પણ નિકિતા ક્યારેક મિત્રો સાથે વાઇન પી શકે—એમાં પ્રહર વાંધો નથી ઉઠાવતો.

બંને જણાં જ્યારે સાથે હોય ત્યારે એકબીજાનું સન્માન કરે છે. મજાકમાં કદાચ એકબીજાના વાંધા-વચકા કાઢે તોય એમાં ક્યાંય કડવાશ નથી હોતી.

આનું સૌથી મોટું કારણ કદાચ એ છે કે બંને જણાંએ એક સારી—સુખી અને સ્નેહમય જિંદગી જીવવાનું નક્કી કર્યું છે. એમને માટે એમનો ઇગો એટલો મહત્ત્વનો નથી, જેટલી મહત્ત્વની એમની શાંતિ છે. પ્રહર અને નિકિતા બંને જણાં ક્વોલિફાઇડ છે, પણ લગ્ન પછી પ્રહરની ઇચ્છા હતી કે નિકિતા પોતાની રીતે કામ કરવાને બદલે ક્યાંક જૉબ કરે. જવાબદારી ઓછી હોય તો ઘરમાં ધ્યાન આપી શકાય. નિકિતાએ કોઈ ચર્ચા વગર આ વાત સ્વીકારી લીધી, સામે પ્રહરને એવી ખબર છે કે નિકિતાને વૅકેશન લેવું ગમે છે—ફરવું ગમે છે, એને સારાં કપડાં અને દાગીનાનો ખૂબ શોખ છે એટલે નિકિતાના શૉપિંગ વિશે પ્રહર મજાક જરૂર કરે, પણ કચકચ નથી કરતો.

સામાન્ય રીતે આપણે આજકાલ એવું જોઈએ છીએ કે લગ્ન હજી તો પૂરેપૂરાં સમજાયાં કે સ્વીકારાયાં ના હોય ત્યાં બે જણાં છૂટાં પડવાની વાત કરે છે. કેટરરનું બિલ ના ચૂકવાયું હોય, પણ દીકરી ઘેર પાછી ફરી ગઈ હોય એવા દાખલા છે. લગ્ન એ બે તદ્દન જુદી વ્યક્તિઓની સાથે જીવવાની એક એવી પ્રક્રિયા છે, જેમાં બંને જણાંએ એકબીજાની સાથે ઍડ્જસ્ટ કરવું પડે છે. એક સવાલ એવો થાય છે કે, 'ઍડ્જસ્ટ કરવું પડે એવો સંબંધ શું કામનો?' પરંતુ ઍડ્જસ્ટમૅન્ટ ખરેખર ક્યાં નથી કરવું પડતું? ઑફિસમાં બૉસ સાથે, ઘરમાં પડોશી સાથે, આપણી નીચે કામ કરતા કર્મચારીઓ સાથે, મિત્રો સાથે, અરે! સહપ્રવાસી સાથે પણ ઍડ્જસ્ટમૅન્ટ તો કરવું જ પડે છે. અગત્યનું એ છે કે લગ્ન એક એવો સંબંધ છે કે જેમાં બે વ્યક્તિઓએ ધીમે ધીમે એકબીજાને અનુકૂળ થઈ લાંબો સહપ્રવાસ કરવાનો હોય છે. એકબીજા પર ઠોકી બેસાડવામાં આવતાં મંતવ્યો કે માન્યતાઓ આ સંબંધને ઘણું મોટું નુકસાન કરી શકે છે. સ્વતંત્રતા, ખાસ કરીને ખોરાકની પસંદગીની બાબતમાં કે વસ્ત્રો, વિચાર, ગમા-અણગમા અને શોખની બાબતમાં સ્વતંત્રતા આવા સંબંધના પાયામાં પ્રાણ પૂરે છે. મોટા ભાગનાં લગ્નોમાં પ્રશ્ન એ હોય છે કે બે જણાં એકબીજાને અનુકૂળ થવાને બદલે સામેની વ્યક્તિને પોતાને અનુકૂળ થવાનો પ્રયાસ કરે છે. જે સ્ત્રીઓ પોતે બહુ 'કૉમ્પ્રોમાઇઝ', 'સમાધાન', 'ઍડ્જસ્ટમૅન્ટ' કે 'સમર્પણ' કર્યાના દાવા કરતી હોય એમણે પણ એક વાર પોતાની જિંદગીનું એકાઉન્ટ તપાસી જવું જોઈએ. સામાન્ય રીતે એક જ તરફનું ઍડ્જસ્ટમૅન્ટ બહુ લાંબું ચાલતું નથી, ટકતું નથી.

લગ્ન બે વ્યક્તિઓનો સંબંધ છે. આ સંબંધમાં ઘણી વાર ૬૦:૪૦, ૭૦:૩૦નો રેશિયો હોય એવું બને. કોઈ વાર એવું બને કે શરૂઆતનાં થોડાં વર્ષો કોઈ એક જ વ્યક્તિએ બહુ જ પ્રમાણમાં ઍડ્જસ્ટમૅન્ટ કર્યા હોય, પરંતુ જો લગ્નજીવન લાંબું ટક્યું હોય અને બેમાંથી એકેય છૂટા પડવા ન માગતું હોય તો એક વાત નક્કી કે

બંને જણાં એકબીજાની સાથે રહેવા માટે હવે ટેવાઈ ગયાં છે. માણસ માત્રને કચકચ કરવામાં એક મજા આવે છે. બધું જ અનુકૂળ છે—સારું છે—ગમતું છે એવું સ્વીકારવામાં જાણે કોઈ નાનપ હોય કે ઈગો ઘવાઈ જવાનો હોય એમ માણસ માત્ર 'શું નથી' એ શોધ્યા કરે છે. નોકરીથી શરૂ કરીને લગ્ન સુધી દરેક બાબતમાં ક્યાં—ક્યાં, શું—શું બરાબર નથી એ વિશે ફરિયાદ કરવામાં જાણે કોઈ સુખ મળતું હોય એમ પતિ-પત્ની બંને જણાં એકબીજાની ફરિયાદો કરીને સંતોષ અનુભવે છે. પોતે કેટલી ખરાબ સ્થિતિમાં અથવા દુઃખમાં જીવે છે એ કહીને બીજા કરતાં પોતે વધુ દુઃખી છે, છતાં વધુ સમજદાર છે, વધુ ઍડ્જસ્ટમૅન્ટ્સ કરે છે એવું દેખાડીને ઇગો મસાજ કરવાનું આપણને સૌને માફક આવી ગયું છે.

ખરેખર લગ્ન એક એવો સંબંધ છે, જે નૉર્મલ ઉંમરે શરૂ થાય તો જિંદગીમાં સૌથી લાંબા ચાલતા સંબંધોમાંનો એક છે. માતાપિતા સાથે કે ભાઈ-બહેન સાથેના સંબંધો આપણને જન્મ સાથે જ મળી જાય છે. લગ્ન પસંદગીનો સંબંધ છે. ઇચ્છાનો, મરજીનો અને જાતે પસંદ કરેલા સંબંધોમાંનો એક છે (સામાન્ય રીતે). જે સંબંધ જાતે બાંધ્યો હોય એને નિભાવવાનો પ્રયત્ન પણ માણસે જાતે જ કરવો પડે છે. મોટા ભાગનાં દંપતી એમ માને છે કે બહારના માણસો આવીને એમનાં લગ્નની સમસ્યામાં મદદ કરી શકશે. ખરેખર તો ત્રીજા માણસને લગ્નમાં ઇન્વૉલ્વ કરીને પોતાના જ માટે સમસ્યા ઊભી કરવા જેવું છે. જે સંબંધ બેડરૂમના બંધ દરવાજાની અંદર ચર્ચી શકાય એ સંબંધને ચોકમાં લાવીને ચૂંથવાનો કોઈ અર્થ નથી હોતો.

સામાન્ય રીતે સ્ત્રી એમ માને છે કે એનો પતિ એને ડૉમિનેટ કરે છે અથવા એના પર દાદાગીરી કરે છે. એનું ધાર્યું થતું નથી. એ કમાતી નથી માટે એની પાસે સ્વતંત્રતા નથી, પરંતુ ખરેખર સ્વતંત્રતા શબ્દનો અર્થ સમજીને કોઈ સામેની વ્યક્તિને મૂલવે તો આવી ફરિયાદ ન કરે. એક પુરુષ પોતાની નોકરીમાં કે વ્યવસાયમાં સ્વતંત્ર નથી. પુરુષને ભાગ્યે જ બપોરે સૂવાની તક મળે છે. વધારાના પૈસા આવે ત્યારે પહેલાં પત્ની માટે, પછી સંતાનો માટે અને અંતે એ પોતાને માટે પૈસા વાપરવાનો વિચાર કરે છે. ક્યારેક પુરુષ કોઈ કપડાં કે વર્તનની બાબતમાં કંઈક સજેસ્ટ કરે—ટોકે કે કદાચ ગુસ્સો પણ કરે તો એમાં કચડી નાખવાનો કે દબાવી દેવાનો આશય જોવાને બદલે એની લાગણી કે એનો મુદ્દો જાણવાનો પ્રયાસ કરવાથી કદાચ એક નવી સમજણની શરૂઆત થઈ શકે. સ્ત્રીને પેઢી દર પેઢી એવું શીખવવામાં આવ્યું છે કે પુરુષ એને ડૉમિનેટ કરે છે, ગુલામની જેમ રાખે છે, અત્યાચાર કરે છે... ખરેખર જો સમજવામાં આવે તો સમજાય કે સ્ત્રી જેટલી પુરુષ પર આધારિત છે એના કરતાં વધારે પુરુષ સ્ત્રી પર આધારિત છે...

પરસ્પર સ્નેહ કે સમજણનો સંબંધ 'દાંપત્ય' કહેવાય છે. બે લોકો એક છત નીચે સાથે રહે એનો અર્થ એ નથી કે બંને સાથે 'જીવે' છે. એક પુરુષ પણ સુખી લગ્ન ઇચ્છે જ છે, એને માટે પ્રયત્ન કરે જ છે. અગત્યનું એ છે કે એની પત્ની—જીવનસાથી આ વાતની નોંધ લે...

• • •



પતિનું વેર 'પિતા' લે ત્યારે ફક્ત વિનાશ થાય છે

સવાલ એ નથી કે માને એના કર્યાનો બદલો મળવો જોઈએ કે નહીં... સામાન્ય રીતે જે મા પોતાની યુવાનીનાં વર્ષો, પોતાની મહેનત અને પોતાના તરફથી સંપૂર્ણ નિષ્ઠા એક બાળકના ઉછેરમાં રેડે છે એને સન્માન અને સ્નેહ મેળવવાનો અધિકાર છે. આ સમસ્યા વિધવા મા સાથે નથી થતી, કારણ કે જે પિતા હયાત નથી એને વિશે અહોભાવ સિવાય ભાગ્યે જ કોઈ લાગણી હોઈ શકે છે પણ જે પિતા છે, સાથે રહેતા નથી એ પિતા જ્યારે બાળકના ઉછેરમાં હસ્તક્ષેપ કરે—મા જે કંઈ કરી રહી છે તે ખોટું છે એવું બાળકના મનમાં નાખે ત્યારે એ પિતા એના સંતાનના ભવિષ્યને અંધકારમાં ધકેલી રહ્યા છે એટલું નક્કી.

"**સવારના** પહોરમાં લોડ નહીં લે... શું છે તારે?" વિખરાયેલા વાળ સાથે ઊંઘરેટી આંખો સાથે તન્મય એની મા સામે જોઈને ઠંડકથી કહેતો હતો.

"સવારનું પહોર?" નીલીમાએ જાત ઉપર સંયમ રાખવાનો પૂરો પ્રયત્ન કર્યો, "દસ વાગ્યા છે બેટા."

"તો?" તન્મયે તદ્દન તોછડાઈથી પૂછ્યું, "તો શું છે? રોજ દસ વાગે છે."

"તેં ગઈકાલે તારો રૂમ સાફ કરવાનું કહેલું. ગઈકાલે તને દહીં લાવવાનું કહેલું..." નીલીમાએ ધીરજથી વાત કરવાનો પ્રયત્ન કર્યો, "બેટા થોડીક જવાબદારી લેતો જા."

"લઉં જ છું..."કહીને તન્મય એના ફોનમાં વ્યસ્ત થઈ ગયો. એની સામે ઉભેલી નીલીમાને ખૂબ અપમાન લાગ્યું, છતાંય એણે તન્મયનું દૂધ બનાવ્યું, ટેબલ પર નાસ્તો મૂક્યો. ટેબલ પર બેઠેલો તન્મય આરામથી દૂધ પીવા લાગ્યો ને નાસ્તો કરતો રહ્યો. નીલીમા સાડાદસ વાગ્યે ઑફિસ જવા નીકળી જતી. પોતાની સામે ઉભેલી નીલીમાને તન્મયે ફરી એકવાર બેદરકારીથી અને તોછડાઈથી જોઈ, "શું છે? અહીં કેમ ઉભી છે?"

"મારે તારી સાથે વાત કરવી છે." અપમાનનો ઘૂંટડો ગળી જઈને નીલીમાએ ફરી એકવાર જાત પર સંયમ રાખવાનો પ્રયત્ન કર્યો.

"મારે નથી કરવી." કહીને તન્મયે પોતાની નાસ્તાની ડીશ ઉપાડી લીધી, એ પોતાના રૂમમાં જવા લાગ્યો.

"બેટા, ડાઇનિંગ ટેબલ પર બેસીને ખા." નીલીમાથી રહેવાયું નહીં.

"મારાથી તારી કચકચ સહન નહીં થાય."

"હું કચકચ કરું છું?" નીલીમાને ડૂમો ભરાઈ ગયો. ઓગણીસ વર્ષનો તન્મય એની સાથે આ રીતે જ વર્તતો. અર્પિતે મા-દીકરાને ઘરમાંથી કાઢી મૂક્યાં ત્યારે તન્મય આઠ વર્ષનો હતો. નીલીમાએ જિંદગીનાં અગિયાર વર્ષ રાત-દિવસ જોયા વગર તન્મયના ઉછેરમાં રેડી દીધાં હતાં... એણે ક્યારેય અર્પિત અને તન્મયને મળતાં રોક્યા નહોતા. આજે તન્મય જે ભાષા બોલતો હતો અને એ રીતે વર્તતો હતો એ નીલીમા માટે અસહ્ય હતું.

"હા...ને તારી આ જ કચકચને લીધે કોઈ તારી સાથે રહેવા તૈયાર નથી, બધાને જ તારા નોકર સમજે છે? હું તારો નોકર નથી. ડરતો નથી તારાથી, સમજી?" કહીને તન્મય પોતાના રૂમમાં જતો રહ્યો, બારણું પછાડીને બંધ કર્યું. અંદરથી લોક કરી દીધું. આજે નીલીમાનો સંયમ છટકી ગયો.

"તું પ્લીઝ, તારો રસ્તો કરી લે." નીલીમાથી કહેવાઈ ગયું, "અઢાર વર્ષ સુધી મારી જવાબદારી હતી. હવે તું એડલ્ટ છે."

ઘણાં ઘરોમાં આ થાય છે. મહેનત કરીને પૂરી નિષ્ઠાથી સિંગલ પેરેન્ટ, ખાસ કરીને મધર જ્યારે પોતાના સંતાનને માતા અને પિતા બંને બનીને ઉછેરે ત્યારે ચોક્કસ ક્યાંક કશીક ક્ષતિ રહી જતી હશે. અમુક ઉંમરે પહોંચ્યા પછી એ જ સંતાન જ્યારે પોતાની માને તોછડાઈથી અપમાનપૂર્વક કે બિનજરૂરી આક્ષેપો સાથે દુ:ખ પહોંચાડે, પીડા આપે એવા શબ્દો બોલે ત્યારે એ માને શું કરવું એ સમજાતું નથી. દુનિયાની કોઈ મા પોતાના સંતાનને પોતાથી દૂર કરવા માંગતી નથી, પરંતુ આખી જિંદગી સહન કરેલી તકલીફો પછી જ્યારે છાંયડો જોવાનો સમય થાય ત્યારે જેના માટે આ બધું સહ્યું એ સંતાન પણ માની સાથે ખરાબ રીતે વર્તે ત્યારે એક માની ધીરજ ખૂટી જાય એમ બને.

જ્યારે જ્યારે લગ્ન વિચ્છેદ થાય છે ત્યારે દરેક વખતે સ્ત્રી જ ખોટી છે, એની જ મહત્ત્વાકાંક્ષાને કારણે સંબંધ તૂટ્યો છે એવું માની લેતાં આ સમાજ અચકાતો નથી. એમાંયે જો લગ્નવિચ્છેદ પછી સ્ત્રી સફળ થઈ જાય કે આગળ વધી જાય તો એનો પતિ 'બિચારા'નું લેબલ ગળામાં લટકાવીને ફરવા માંડે છે. પુરુષનો અહંકાર એને પોતાની ભૂલ ન સ્વીકારવા દે ત્યાં સુધી હજીયે કદાચ માફ કરી શકાય, પણ લગ્નવિચ્છેદ પછી જે પુરુષ પોતાના સંતાનને પોતાનું શસ્ત્ર બનાવીને પત્નીને હરાવવા નીકળી પડે છે એને કદાચ ખબર નથી કે એ પોતાના સંતાનના ભવિષ્ય સાથે કેટલો ભયાનક ગુનો કરી રહ્યો છે... યુદ્ધ જેની સાથે છે એ સ્ત્રીને કદાચ ગમે તેટલું ધિક્કારતો હોય તેમ છતાં દુનિયાના કોઈ પુરુષે એવું ન ભૂલવું જોઈએ કે એના સંતાનને જન્મ આપનારી સ્ત્રી, એના બાળકને સ્નેહ અને સન્માનથી ઉછેરનારી સ્ત્રીની વિરુદ્ધ એના જ બાળકને ઊભું કરીને એ પુરુષ જે પાપ કરી રહ્યો છે એની માફી આ વિશ્વમાં મળી શકે એમ નથી.

જરૂરી નથી કે મા પોતાના ઉછેરમાં સાચી જ હોય... પણ એની નિષ્ઠા પર શંકા ન કરી શકાય! એક સંતાનને એકલા હાથે ઉછેરવામાં જે કોઈ સમસ્યા નડે છે તે એ ઉછેરનાર વ્યક્તિ અથવા જેણે એ જવાબદારી લીધી હોય એ જ સમજી શકે છે. બહાર રહેનારા કે જવાબદારીમાંથી છટકી જનારા વ્યક્તિને અનેક સમસ્યાઓ હોઈ શકે—પણ સવાલ પૂછવાનો અધિકાર ફક્ત એને જ છે જેણે ફરજ નિભાવવાનો પ્રયાસ કર્યો હોય. જે મા પોતાના સંતાનને ઉછેરે છે—ઍઝ એ સિંગલ પેરેન્ટ, એણે અવારનવાર કડવા થવું પડે એ સ્વાભાવિક છે, સંતાનને ટોકવું પડે, ના પાડવી પડે ને ક્યારેક વઢવું પણ પડે. જે પિતા પોતાની બાળકની સાથે રહેતા નથી ને

છતાંય મા એને મળવા દે છે એ પિતા માટે તો બે-ચાર કલાકનું પિતૃત્વ એટલે આનંદ, મજા અને છૂટછાટ સિવાય બીજું શું હોઈ શકે?

સવાલ એ નથી કે માને એના કર્યાનો બદલો મળવો જોઈએ કે નહીં... પરંતુ જે મા પોતાની યુવાનીનાં વર્ષો, પોતાની મહેનત અને પોતાના તરફથી સંપૂર્ણ નિષ્ઠા એક બાળકના ઉછેરમાં રેડે છે એને સન્માન અને સ્નેહ મેળવવાનો અધિકાર છે. આ સમસ્યા વિધવા મા સાથે નથી થતી, કારણ કે જે પિતા હયાત નથી એને વિશે અહોભાવ સિવાય ભાગ્યે જ કોઈ લાગણી હોઈ શકે છે પણ જે પિતા છે, સાથે રહેતા નથી એ પિતા જ્યારે બાળકના ઉછેરમાં હસ્તક્ષેપ કરે—મા જે કંઈ કરી રહી છે તે ખોટું છે એવું બાળકના મનમાં નાખે ત્યારે એ પિતા એના સંતાનના ભવિષ્યને અંધકારમાં ધકેલી રહ્યા છે એટલું નક્કી. પુરુષનો અહંકાર કદાચ એકલી અને સફળ સ્ત્રીની સામે ફૂંફાડા મારે ત્યાં સુધી સ્વીકારી શકાય, પરંતુ સ્ત્રી-પુરુષનું યુદ્ધ જ્યારે માતા-પિતાના રોલ સુધી લંબાય છે ત્યારે એનાથી મોટી ભૂલ કે ગુનો બીજો કોઈ નથી. માતા-પિતા તરીકે એક બેઝિક મેચ્યોરિટીની અપેક્ષા બંને વ્યક્તિ પાસેથી રાખવામાં આવે છે. એક સ્ત્રી-પુરુષ લગ્ન કરીને પતિ-પત્ની બને ત્યારે એ રોલમાં સફળ કે નિષ્ફળ થવાની શક્યતાઓ છે જ અને લગ્ન નિષ્ફળ જાય ત્યાં સુધી કોઈને પણ માફ કરી શકાય, એમાં કોનો વાંક છે એની ચર્ચા થઈ શકે, એમાં કોણે-કોને તકલીફ પહોંચાડી એ વિશે સામસામા આક્ષેપો થઈ શકે, પરંતુ એક માતા-પિતા જ્યારે પોતાના સંતાનને શસ્ત્ર બનાવીને એકબીજા સામે ઉગામે છે ત્યારે વિનાશ નિશ્ચિત જ છે.

સંતાનનું શસ્ત્ર એ ન્યુક્લિયર બૉમ્બ જેવું છે. જ્યાં પડે છે ત્યાં તો વિનાશ સર્જે જ છે પરંતુ એ ફેંકનાર પણ જીવતો નથી રહેતો. સંતાન માટે જો સ્નેહ હોય તો માતા-પિતાએ એ સંતાનને એકબીજા વિરુદ્ધ વાપરવાને બદલે પતિ-પત્ની તરીકેની પોતાની નિષ્ફળતાને સ્વીકારીને માતા-પિતા તરીકે પોતાના વ્યક્તિત્વમાં શું બદલી શકાય એનો વિચાર કરવો જોઈએ.

એક પુરુષ પોતાના અહંકારને કે તિરસ્કારને જો પિતા તરીકે કાબૂમાં ન રાખી શકે તો એના સંતાનનું ભવિષ્ય નિરાશાજનક છે એટલું સમજી લેવું જોઈએ. પત્ની પરનું વેર માતા પર લેવું કે પતિ તરીકેનો ગુસ્સો પિતા બનીને ઉતારવો યોગ્ય નથી જ.

• • •



આ તે કંઈ લગ્ન કરવાની ઉંમર છે?

આ એવો સમય છે જ્યારે એમના મિત્રો કે સમવયસ્ક લોકો, સહકાર્યકરો કે ભાઈઓ—કઝિન્સ પોતાના પરિવારમાં ઓતપ્રોત હોય છે. લગભગ દરેકને ત્યાં પૌત્ર કે પૌત્રી હોય છે. એમનો સમય આ બાળકમાં—સામાજિક વ્યવહારોમાં, ધરમ-ધ્યાનમાં કે પત્ની સાથેના પ્રવાસમાં બહુ સરસ રીતે પરોવાઈ જાય છે. આવા સમયે વિધુર થયેલો કે ડિવોર્સી પુરુષ સાવ એકલો હોય ત્યારે એને પોતાની એકલતાનો બોજ લાગવા માંડે છે. આવા સમયે જ્યારે પુરુષ લગ્નની વાત કરે ત્યારે સમાજના કેટલાક સમજદાર માણસો એ વાતને સ્વીકારે છે, આવા જીવનસાથી શોધતા માણસોને મદદરૂપ થવાનો પ્રયત્ન પણ કરે છે, પરંતુ દરેક માણસ આવો સમજદાર કે સહાનુભૂતિથી વિચારી શકનારો નથી હોતો.

"**મારું** નામ મનહરભાઈ છે. હું અઠ્ઠાવન વર્ષનો છું. ધંધામાં સૅટલ છું. શરીરે સશક્ત અને બે દીકરાનો પિતા છું. બેઉનાં લગ્ન થઈ ગયાં છે. અત્યારે અહીં આ લગ્નમેળામાં આવ્યો છું, કારણ કે મારે જીવનસાથીની જરૂર છે. લગ્ન કરવાનું કારણ શારીરિક જરૂરિયાત નથી, પરંતુ મારે પણ જીવનસાથી કે કંપનીની જરૂર છે..." કહીને એક સજ્જન દેખાતા પ્રૌઢ પોતાની સીટમાં બેસી જાય છે. ચહેરા પરથી અત્યંત સંસ્કારી અને સમજદાર લાગતા એ સજ્જનની આંખોમાં ક્યાંય સંકોચ કે ક્ષોભ નથી. એમણે અહીં આવતા પહેલાં પૂરેપૂરો વિચાર કરી લીધો છે એવું એમના ચહેરા પર, એમના વર્તનમાં અને વ્યવહારમાંથી દેખાય છે...

સામાન્ય રીતે મોટી ઉંમરે લગ્ન કરવા નીકળતા લોકો માટે સમાજમાં એક જુદા પ્રકારની માન્યતા અથવા મજાક પ્રવર્તે છે. આપણે ઘણી બધી બાબતોમાં ઍડ્વાન્સ થઈ ગયા છીએ અને મૉડર્ન વિચારસરણી ધરાવીએ છીએ, તેમ છતાં આપણા સમાજમાં લગ્ન કરવાની એક ઉંમર છે અને એ ઉંમર વીતી ગયા પછી લગ્ન કરવા માગતા કે ઇચ્છતા લોકો વિશે આપણી પાસે એક ચોક્કસ અભિપ્રાય છે. ખાસ કરીને પુરુષ મોટી ઉંમરે લગ્ન કરવાનું વિચારે કે પ્રયત્ન કરે તો, 'હજીયે અભરખા બાકી રહી ગયા છે' સાંભળવાની તૈયારી સાથે જ એણે આ વિચાર જાહેરમાં મૂકવાનો. જરૂરી નથી કે દરેક પુરુષ શરીરસંબંધો માટે જ લગ્ન કરતો હોય છે. કેટલીક વાર એવું બને કે એમનાં સંતાનોનાં લગ્ન થઈ ગયાં પછી સંતાનો એમની જિંદગીમાં બિઝી થઈ જાય ત્યારે પત્નીની ગેરહાજરી બહુ તીવ્રતાથી સાલે... ગઈ કાલ સુધી જે પત્ની પરત્વે ધ્યાન નહોતું આપ્યું એ પત્નીએ

કેટલી કાળજી રાખી એ પણ કદાચ પુરુષને રીઅલાઇઝ થવા માંડે, આવા સમયે લગભગ તમામ પુરુષોને એક જીવનસાથીની—કૅરટેકરની—કમ્પૅનિયનની ખોટ સાલતી હોય છે. મોટા ભાગની સ્ત્રીઓ વિધવા થયા પછી બીજાં લગ્ન કરવાની ઇચ્છા ધરાવતી નથી. ડિવોર્સી સ્ત્રી હજીયે ફરી પરણવાનો વિચાર કરે, પણ વિધવા સામાન્ય રીતે ફરી પરણવાનો ઉત્સાહ ધરાવતી નથી ને હોય તો દેખાડતી નથી.

આની પાછળ વર્ષોથી ઊંડા ઊતરી ગયેલાં આપણા સમાજની માન્યતાઓનાં મૂળ છે. સમય બદલાયો છે, પણ સમાજ એ સમય સાથે બદલાઈ શક્યો નથી. પિસ્તાળીસ-પચાસની કોઈ સ્ત્રી લગ્ન કરવા માગે તો એ 'અબળા' અથવા 'એકલી' છે માટે એને છત્ર જોઈએ... અથવા સ્ત્રીની જાત ક્યાં સુધી એકલી જીવે—જેવી માન્યતાઓ એને લગ્ન કરવા માટે બહુ સ્વાભાવિકતાથી રજા આપે છે. સ્ત્રીને કોઈકની જરૂર હોય છે એ વાત સમાજને જુદી જુદી રીતે વારંવાર સ્વીકારી છે, પણ એ જ ઉંમરે પુરુષને જો કોઈ સહારો, સધિયારો કે કંપની જોઈએ તો એ શું ફક્ત સૅક્સ માટે ફરી લગ્ન કરે છે?

પહેલાંના સમયમાં પત્ની ગુજરી જાય ને પતિ જો સ્મશાને ન જાય તો એનો અર્થ એવો કાઢવામાં આવતો કે એ ફરી લગ્ન કરવા માગે છે અથવા ફરી લગ્ન કરવાની એની ઇચ્છા છે. મોઢે ચડીને એ વાત ન કહી શકાય એ માટે સમાજે આવી વ્યવસ્થા વિચારી રાખેલી... પરંતુ પતિ ગુજરી જાય તો પત્નીએ સ્મશાને જવાનું હોતું જ નથી. એ કેવી રીતે દેખાડે કે એને ફરી લગ્ન કરવાની ઇચ્છા છે કે નહીં! મજાની વાત એ છે કે હજી પણ મોટા ભાગનાં કુટુંબોમાં ડિવોર્સી કે વિધવાનાં માતાપિતા અથવા સાસુ-સસરા જ એના જીવનનો નિર્ણય કરે છે. ઇચ્છા ન હોય છતાં પરણાવી દેવામાં આવે કે ઇચ્છા હોય છતાં પરણવા ન દે... આવું અવારનવાર બને છે. સંતાનો હોય તો એની કાળજી લેવાનું કામ એક માનું કે વિધવાનું હોય છે. સમાજ એવું માને છે કે એકલી સ્ત્રી પોતાના બાળકને ઉછેરી શકે છે, પરંતુ એકલા પુરુષ માટે બાળકને ઉછેરવું સરળ નથી...

ખરેખર એવું છે કે નહીં એની ચર્ચામાં ન પડીએ તો પણ એક મહત્ત્વની વાત એ છે કે એક સ્ત્રી જ્યારે લગ્ન કરવાની ઇચ્છા ધરાવે ત્યારે એ સહારા કે સપોર્ટ માટે કરે છે, એક પુરુષનાં સંતાનો જ્યારે નાનાં હોય ત્યારે એ લગ્ન કરે તો બાળકો માટે કરે છે, પરંતુ એક પ્રૌઢ ઉંમરનો પુરુષ એનાં સંતાનો મોટા થઈ ગયા પછી લગ્ન કરવાનો વિચાર કરે છે તો એ આજે પણ સમાજમાં બહુ આવકાર્ય વિચાર નથી, કેમ?

કમ્પૅનિયનશિપની જરૂરિયાત તો ખરેખર અમુક ઉંમર પછી જ ઊભી થાય છે. માણસ વ્યવસાયમાં બિઝી હોય —પૈસા કમાતો હોય, નોકરી ચાલુ હોય ત્યાં સુધી તો એને કોઈની ખોટ સાલતી નથી. રસોઈ કરી આપનારી વ્યક્તિ હોય કે ઘર સાચવનારું કોઈક હોય ત્યારે વ્યવસાયમાં બિઝી પુરુષને કદાચ પત્નીની ગેરહાજરીનું સુખ વરતાય છે. બીજા પુરુષોની પત્નીઓ કચકચ કરતી હોય, હિસાબ માગતી હોય ત્યારે પોતે બિન્દાસ્ત છે, નવરા છે અને મજા કરે છે—કરી શકે છે એ વિચાર કદાચ ખૂબ સારો લાગે એમ બને. કેટલીક વાર એવું પણ બને કે વિધુર થયેલા—ડિવોર્સી પુરુષને તાજી તાજી મળેલી સ્વતંત્રતા વહાલી લાગે. મજા કરવાની છૂટ મળી જાય—અને બે-ચાર લફરાં પણ કરી નાખે... થોડો સમય બધું રસપ્રદ અને ઍક્સાઇટિંગ લાગે છે. સમય જતાં કાળજીની, સ્નેહની અને કંપનીની ખોટ સાલે છે. સાંજે ઘરે આવીને જાતે તાળું ખોલવું પડે કે પરણેલા મિત્રો જ્યારે પોતાના પરિવારમાં બિઝી હોય ત્યારે એવું લાગે છે કે પોતાની પાસે પણ પરિવાર હોવો જોઈએ. પરિવારનો અર્થ પુરુષ માટે પત્ની અને સંતાનોમાં પૂરો થઈ જાય છે. પરણેલા પુરુષને સંતાન હોય તો સંતાનમાં મન પરોવવાનો એ પ્રયાસ કરે છે... મોટા થઈ રહેલાં સંતાન સાથે કૉમ્યુનિકેશનમાં જ્યારે 'મા'ની ખોટ સાલે ત્યારે ફરી એક વાર ઘરની વ્યક્તિ—અંગત સંબંધ—કાળજી કે સમજદારીની જરૂર પડે છે. આ બધું કદાચ પસાર થઈ જાય પછી સંતાનો મોટાં થઈ જાય ને એમનાં લગ્ન થઈ જાય ત્યારે ફરી એક વાર એકલતા ઘેરી

વળે છે.

આ એવો સમય છે જ્યારે એમના મિત્રો કે સમવયસ્ક લોકો, સહકાર્યકરો કે ભાઈઓ–કઝિન્સ પોતાના પરિવારમાં ઓતપ્રોત હોય છે. લગભગ દરેકને ત્યાં પૌત્ર કે પૌત્રી હોય છે. એમનો સમય આ બાળકમાં–સામાજિક વ્યવહારોમાં, ધરમ-ધ્યાનમાં કે પત્ની સાથેના પ્રવાસમાં બહુ સરસ રીતે પરોવાઈ જાય છે. આવા સમયે વિધુર થયેલો કે ડિવોર્સી પુરુષ સાવ એકલો હોય ત્યારે એને પોતાની એકલતાનો બોજ લાગવા માંડે છે. આવા સમયે જ્યારે પુરુષ લગ્નની વાત કરે ત્યારે સમાજના કેટલાક સમજદાર માણસો એ વાતને સ્વીકારે છે, આવા જીવનસાથી શોધતા માણસોને મદદરૂપ થવાનો પ્રયત્ન પણ કરે છે, પરંતુ દરેક માણસ આવો સમજદાર કે સહાનુભૂતિથી વિચારી શકનારો નથી હોતો. ક્યારેક એવું બને કે લગ્ન કરવા નીકળેલા આવા પ્રૌઢ પુરુષને મજાકનો ભોગ બનવું પડે. હાંસીપાત્ર થવું પડે કે હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકાવું પડે... એવા સમયે હિંમત હાર્યા વગર પોતાની જરૂરિયાતને સમજીને પોતાની જિંદગીને પોતાની રીતે ડિઝાઇન કરવાનો–જીવવાનો દરેકને અધિકાર છે જ. દુનિયાનો દરેક પુરુષ લગ્નને ફક્ત શરીરસુખનું લાઇસન્સ નથી માનતો... દુનિયાના દરેક પુરુષ માટે સ્ત્રી મનોરંજનનું કે સૅક્સનું સાધન નથી.

કોઈ પણ ઉંમર લગ્ન કરવાની ઉંમર છે, અથવા કોઈ પણ ઉંમર લગ્ન કરવાની ઉંમર નથી. સાચા અર્થમાં લગ્ન ત્યારે જ સફળ થઈ શકે અથવા લગ્નમાં બે વ્યક્તિઓ ત્યારે જ સુખી થઈ શકે, જ્યારે એ બંને જણા પોતાનાં લગ્નને સન્માન આપે. પ્રામાણિકતાથી સંબંધને નિભાવે અને એકબીજા પરત્વેની જવાબદારી તથા એકબીજાની લાગણીને સમજે. સાચું પૂછો તો એવું બને છે કે આપણા સમાજમાં જે ઉંમરે લગ્ન કરવામાં આવે છે એ ઉંમરે લગ્ન સમજાતાં જ નથી. લગ્નનું મહત્ત્વ કદાચ થોડી મેચ્યોરિટી પછી સમજાય છે. માતાપિતા જે ઉંમરે લગ્ન કરાવવા ઉતાવળાં હોય છે એ ઉંમરે થયેલાં લગ્નો ઘણી વાર ડિઝાસ્ટર પુરવાર થાય છે... ક્યારેક એવું બને છે કે થોડી મોટી ઉંમરે થયેલાં લગ્નોમાં વધુ સમજદારી, વધુ સ્નેહ અને વધુ કમિટમૅન્ટ જોવા મળે છે.

• • •



મૅરેજ ટુ ડે:
હાઉસ વાઇફ નહીં, હોમ મૅનેજર

આજના સમયમાં જુદુ વિચારતા છોકરાઓની સંખ્યા વધતી જાય છે. માતાપિતા અને સગાંવહાલાંઓનાં ટોળાંની વચ્ચે શરમાતી, સંકોચાતી છોકરીને જોવાનું આજના છોકરાઓ પસંદ નથી કરતા. એમને લાગે છે કે લગ્ન એ અંગત બાબત છે અને જિંદગી એમણે જીવવાની છે. રોજ કંઈ આવી સજેલી-રૂપાળી છોકરીને જોવાની નથી તો પછી એ જેવી દેખાય છે તેવી જ રજૂ થાય એનાથી સાચો નિર્ણય લઈ શકાય. આજનાં માતાપિતા બદલાયાં છે, એની ના નહીં, પણ હજીયે છોકરી જોવા આવતા છોકરાની સામે પોતાની દીકરીને કોઈ વસ્તુની જેમ શણગારીને પેશ કરતાં માતાપિતાની સંખ્યા ઓછી તો નથી જ. કેટલીયે છોકરીઓને આવા શૃંગાર સામે વાંધો હોય છે—એમાંની કેટલીક પોતાની વાત કહેવાનો પ્રયત્નેય કરે છે, પરંતુ માતાપિતાના આગ્રહ કે દબાણ સામે બિચારી છોકરીનું કંઈ ચાલતું નથી.

"**કેવી** લાગી છોકરી?" હજી અનુજ ઘરમાં દાખલ થાય એ પહેલાં એની મમ્મીએ પૂછ્યું, "શું વાતો થઈ?"

"માધવ, પાણી આપ." બૂટ કાઢતા અનુજે એના માણસને બૂમ પાડી.

"જવાબ આપ ને." મમ્મી ઉતાવળાં હતાં, "રૂપાળી છે, નહીં? મને તો ગમી."

"તો તું જ પરણી જા." કહીને અનુજ હસતો હસતો અંદર જવા લાગ્યો.

મમ્મી ઝડપથી દોડીને એની સાથે થઈ ગયાં, "અનુજ, તું જવાબ નથી આપતો એ બરોબર નથી."

"શું જવાબ આપું?" અનુજે હવે જરા ગંભીર થઈને મમ્મી સામે જોયું, "ઓ.કે. છે. ખરાબ નથી... પણ..."

મમ્મી એકદમ ચિડાઈ ગયાં, "આ દર વખતે પણ શું છે? આ અઠ્ઠાવીસમી છોકરી જોઈ તેં. દરેક વખતે તું કહે છે સારી છે, ખરાબ નથી, ઠીક છે, ઓ.કે. છે, ને પછી કહે છે પણ..." મમ્મીએ અનુજની આંખોમાં જોયું, "આ પણનો અર્થ શું થાય?"

"પણ એટલે..." અનુજ સહેજ અચકાયો. પછી એણે પોતાના બંને હાથ મમ્મીના ગાલ પર મૂક્યા, "પણ

એટલે... આ એ છોકરી નથી, જેની સાથે જિંદગી વિતાવવાનું મન થાય."

"એ વળી શું? એ નથી એટલે..." મમ્મીએ પૂછ્યું, "તું કોઈના પ્રેમમાં હોય તો કહી દે. અમે પહેલા દિવસથી પૂછીએ છીએ. તું મગનું નામ મરી પાડતો નથી. હવે તો સમાજમાં બધા અમારી મજાક કરવા માંડ્યા છે. એવી તે કેવી પરી જોઈએ છે તારે કે..."

"પરી નથી જોઈતી." અનુજે વચ્ચેથી વાત કાપી નાખી, "એક નૉર્મલ છોકરી જોઈએ છે, જે નૉર્મલ હોય... આવી રીતે સજેલી-ધજેલી, લિપસ્ટિક લગાડીને, સારામાં સારાં કપડાં પહેરેલી, હેર સૅટ કરીને મારી સામે રજૂ કરવામાં આવેલી છોકરી સાથે મને મારી જિંદગી નથી દેખાતી. આઇ કાન્ટ સી માય લાઇફ વિથ હર." કહીને અનુજ ચાલી ગયો. મમ્મી પાછળ ઊભાં રહીને બબડતાં રહ્યાં, અનુજે તો પોતાના રૂમમાં જઈને મ્યુઝિક ચાલુ કર્યું.

મોહંમદ રફીના અવાજમાં ગીત વાગવા લાગ્યું, "કહીં એક માસૂમ નાઝુક સી લડકી, બહોત ખૂબસૂરત મગર સાંવરી સી..." ગીત ગણગણતો અનુજ બાથરૂમમાં દાખલ થઈ ગયો ને મમ્મી બહાર બૂમો પાડતાં રહ્યાં.

અનુજનાં મમ્મી રેખાબહેનના ઘરમાં છેલ્લા દોઢ વર્ષથી દર મહિને લગભગ બે મહિને બનતી ઘટના હતી. દેખાવડો, સારું કમાતો અનુજ એમની જ્ઞાતિનો ઍલિજિબલ બૅચલર હતો. માગાં આવતાં, મમ્મી સમજાવી-પટાવીને અનુજને છોકરી જોવા પણ લઈ જતાં, પણ સામે બેઠેલી છોકરીને જોઈને અનુજ પૂટઑફ થઈ જતો. એને આ કૉસ્મેટિકલી સુંદર બનાવીને પેશ કરાતી છોકરીઓમાં કોઈ રસ જ નહોતો પડતો. આજે પણ એવું જ થયું હતું...

અનુજ જેવા કેટલાય છોકરાઓ છે, જેમને કોઈ આર્ટિફિશિયલ સુંદરતા વગરની એક સીધીસાદી નૉર્મલ છોકરી સાથે લગ્ન કરવાં છે. આજના સમયમાં આવા છોકરાઓની સંખ્યા વધતી જાય છે. માતાપિતા અને સગાંવહાલાંઓનાં ટોળાંની વચ્ચે શરમાતી, સંકોચાતી છોકરીને જોવાનું આજના છોકરાઓ પસંદ નથી કરતા. એમને લાગે છે કે લગ્ન એ અંગત બાબત છે અને જિંદગી એમણે જીવવાની છે. રોજ કંઈ આવી સજેલી-રૂપાળી છોકરીને જોવાની નથી તો પછી એ જેવી દેખાય છે તેવી જ રજૂ થાય એનાથી સાચો નિર્ણય લઈ શકાય. આજનાં માતાપિતા બદલાયાં છે, એની ના નહીં, પણ હજીયે છોકરી જોવા આવતા છોકરાની સામે પોતાની દીકરીને કોઈ વસ્તુની જેમ શણગારીને પેશ કરતાં માતાપિતાની સંખ્યા ઓછી તો નથી જ. કેટલીયે છોકરીઓને આવા શૃંગાર સામે વાંધો હોય છે—એમાંની કેટલીક પોતાની વાત કહેવાનો પ્રયત્નેય કરે છે, પરંતુ માતાપિતાના આગ્રહ કે દબાણ સામે બિચારી છોકરીનું કંઈ ચાલતું નથી.

લગ્ન એ બહુ લાંબો સમય સાથે જીવવાનો નિર્ણય છે. ફક્ત સુંદરતાના આધારે આ નિર્ણય ન થઈ શકે એવું સમજતા થઈ ગયેલા છોકરાઓની સંખ્યા ધીમે ધીમે વધવા લાગી છે. છોકરી રૂપાળી હોય એટલે હા પાડી દેવી એવું આજના છોકરાઓ માનતા નથી. એમને માટે હવે મહત્ત્વના પ્રશ્નો એ છે કે એમની સામે બેઠેલી છોકરી શું વિચારે છે, કેવું વર્તે છે, કેવું અને કેટલું બોલે છે, એનામાં કેટલી સમજદારી છે, એ કેટલી સ્વતંત્રતા આપી શકે એમ છે અથવા એને કેટલી સ્વતંત્રતા જોઈશે... દરેક સમયે લગ્નની વ્યાખ્યા જુદી થતી ગઈ છે. આજથી પચાસ વર્ષ પહેલાંનાં લગ્નો કુટુંબ-વ્યવસ્થા ઊભી કરવા માટેના અને કુંવારી દીકરીને 'ઠેકાણે પાડવા' માટેનાં લગ્નો હતાં. છોકરો કેટલું કમાય છે, ઘરનું ઘર છે કે નહીં, માનો સ્વભાવ કેવો છે, વગેરે મુદ્દા એ વખતે મહત્ત્વના અને કન્સિડરેબલ મુદ્દા હતા. એ પછી એક સમય આવ્યો, જ્યારે છોકરો પરદેશ વસતો હોય તો એ લગ્ન માટે વધુ ઍલિજિબલ મુરતિયો હતો. માતાપિતાની સાથે નહીં રહેતા મુરતિયા પહેલા પસંદગી પામતા

થયા. એ વખતે લગ્ન પહેલાંના શરીરસંબંધો 'પાપ' હતા. શરીરસુખ માણવા માગતાં યુગલો મનને મનાવવા કે પોતાના 'સંસ્કાર'નું સર્ટિફિકેટ મેળવવા માટે છાનાછપના મંદિરમાં જઈને પણ એક વાર લગ્ન તો કરી જ લેતાં. એ પછી સ્ત્રીની સ્વતંત્રતા વિશેનો ખ્યાલ જરા દૃઢ થયો. માતાપિતા માટે દીકરીને 'દીકરા'ની જેમ ઉછેરવાની એક નવી ફૅશન આવી. કમાતી છોકરીઓની માગ વધવા લાગી ને ધીમે ધીમે લગ્ન એક સર્ટિફિકેટ અને ડિગ્રી પર આધારિત પસંદગીની 'બજાર' બની ગયાં. હવેનાં લગ્નો સમજદારીનાં, શૅરિંગનાં, કૅરિંગનાં અને જવાબદારીનાં લગ્નો છે. પ્રેમમાં પડેલાં મોટા ભાગનાં યુગલો સૅક્સ માણીને પછી લગ્ન કરવાના વિચારને સ્વીકારે છે. એક સમયે હિન્દી સિનેમામાં લગ્ન પહેલાંનું સૅક્સ કોઈ મોટો ગુનો કે પાપ હોય એવી રીતે ચીતરવામાં આવતું... આજની કેટલી બધી ફિલ્મોમાં લગ્ન કરતાં પહેલાં સૅક્સ માણી ચૂકેલાં યુગલોની વાર્તા બહુ સ્વાભાવિકતાથી કહેવામાં આવે છે...

આજનો યુવાન છોકરીની સુંદરતા કે શારીરિક આકર્ષણમાં લપેટાઈને લગ્ન કરે એવો 'બાઘો' નથી રહ્યો. એને ખબર છે કે શારીરિક આકર્ષણ બહુ ઝડપથી ઓસરી જશે, પછી કમ્પૅનિયનશિપ ટકશે. આજના યુવાનને સજેલી-ધજેલી રૂપાળી છોકરી કરતાં એક નૉર્મલ, વાતો કરી શકતી કે વાત સાંભળી શકતી છોકરી વધુ આકર્ષક અને અપીલિંગ લાગે છે. આજની યુવતીઓ પણ પોતાના પતિમાં એક મિત્ર કે એક સહકાર્યકર ઝંખે છે. ઘણા બધા યુવાનો સેઇમ પ્રૉફેશનની પત્ની નથી ઇચ્છતા, તો વળી ઘણા એ જ પ્રૉફેશનની પત્ની એટલા માટે ઇચ્છે છે કે એ છોકરી પોતાના પ્રૉફેશનમાં રહેલી સમસ્યાઓને સમજી શકે...

એક સમયે લગ્ન માતાપિતાની મરજીથી થતાં, પછી એમાં લગ્ન કરનારની મરજી ઉમેરાઈ પણ માતાપિતાની મરજી તો મહત્ત્વના સ્થાને રહી જ... પ્રેમલગ્નો નિષ્ફળ જ જાય છે એવું માનનારો એક વિશાળ વર્ગ એ સમયે હતો. આજે મોટા ભાગના યુવાનો પોતાની ભાવિ પત્નીની સાથે સારો એવો સમય વિતાવીને પછી લગ્નનો નિર્ણય કરવા માગે છે. નાના ગામમાં કે અમુક સમાજમાં હજી આવી છૂટછાટ નથી તેમ છતાં ઍન્ગેજમૅન્ટ થયા પછી ચોરીછૂપીની મળવાની થ્રિલ આજથી પચાસ વર્ષ પહેલાંયે હતી ને આજેય છે... એમાં પ્રેમની કબૂલાત કે મળવાની મજાની સાથે સાથે એકબીજાને ઓળખવાની, જાણવાની કે સમજવાની તક પણ છે જ.

જે માતાપિતા પોતાના દીકરાને ભણાવે છે, ઉચ્ચ શિક્ષણ આપે છે કે પરદેશ મોકલે છે એ માતાપિતાએ એનાં લગ્નની પસંદગી એને જ કરવા દેવી જોઈએ. આજનો યુવાન પત્નીના રૂપમાં કોઈ કહ્યાગરી, ડાહી, હા-એ-હા કરતી હાઉસ વાઇફ નથી ઝંખતો. એને જોઈએ છે એક સ્વતંત્ર વ્યક્તિત્વ અને વિચારો ધરાવતી, છતાં સમજદાર, સ્નેહાળ, પરિવારપ્રેમી હોમ મૅનેજર.

• • •



સહજીવન એટલે વર્તમાનથી ભવિષ્ય તરફ...

આજથી ૩૦ વર્ષ પહેલાં બનેલી એક ફિલ્મ 'કભી કભી'માં અમિતાભ બચ્ચન અને રાખી માતાપિતાના સુખ માટે છૂટાં પડે છે... બંને જુદા જુદા લોકોને પરણી જાય છે. પછી એક વાર જ્યારે બંને જણાં મળે છે ત્યારે રાખીનો પતિ શશિ કપૂર એમની વચ્ચેની વાતચીત સાંભળે છે. એ વખતે શશિ કપૂર બહુ સુંદર વાત કહે છે, "લાનત હૈ! બહોત છોટે આદમી નીકલે વિજય તુમ, છોટી સી બાત કા અફસાના બના દિયા! મર્દજાત બહુત ખુદગર્જ હૈ. એક ઔરત તુમ્હારે બચ્ચે કી મા બનતી હૈ. બીસ સાલ તક એક ઔરત ઐસે બરસતી હૈ, જૈસે કિસી ખુશ્ક ઔર બંજર ઝમીન પર બારિશ... ઔર આપ યે સોચતે હૈં કિ ક્યા ઉસકા કોઈ અતીત થા? ક્યા ઉસકા કોઈ માઝી થા, વો કિસી જમાને મેં ફલાં આદમી સે મિલી થી યા નહીં, ઉસે ચાહા થા કિ નહીં. મુઝે લગતા હૈ મર્દ એસા સોચ કર અપને આપકો ગિરા દેતા હૈ..."

"**સાચું** બોલ, તું એને લગ્ન પહેલાંથી ઓળખતી હતી?" અઝીઝની સામે ઊભેલી ઝુબેદા નીચું જોઈ રહી હતી, "જવાબ કેમ નથી આપતી? ઓળખતી હતી એને?" ઝુબેદાએ ડોકું હલાવીને હા પાડી, "કેટલો ઓળખતી હતી?" અઝીઝ બરાડ્યો. ઝુબેદાએ જવાબ ન આપ્યો, "જવાબ આપ." અઝીઝે ફરી બૂમ પાડી.

"મારી સાથે કૉલેજમાં ભણતો હતો." ઝુબેદાને ડૂમો ભરાઈ ગયો. રિતેશના વિચારમાત્રથી એને આજે પણ ડૂમો ભરાઈ જતો હતો. અઝીઝ એના મામાનો દીકરો હતો. એમના પરિવારની પરંપરા મુજબ ઝુબેદાને કોઈ વાત કરવાની તક આપ્યા વિના અઝીઝ સાથે એના નિકાહ થઈ ગયા. રિતેશ હિન્દુ હતો, એણે કદાચ કહ્યું હોત તો પણ રિતેશનો પરિવાર કે ઝુબેદાનો પરિવાર એ સંબંધ સ્વીકારવાનો નહોતો એવી બંનેને ખબર હતી... લગ્નનાં દસ વર્ષ પછી એક દિવસ રિતેશ અચાનક મળી ગયો.

એ પછી ઝુબેદા બે-ત્રણ વાર એને કૉફીશૉપમાં કે એની ઑફિસમાં મળી. એમના સંબંધમાં ક્યાંય કશું ખોટું નહોતું. ભૂતકાળમાં એ સંબંધમાં ક્યાંક કૂણા અંકુર હતા એ સાચું, પણ અઝીઝ સાથેનાં લગ્ન પછી ઝુબેદાએ એને ચાહવામાં કે એના પરિવારને સાચવવામાં સહેજ પણ કચાશ નહોતી રાખી. ઝુબેદાના ફોનમાં રિતેશનો મૅસેજ વાંચ્યા પછી અઝીઝે આજે ઊલટતપાસ શરૂ કરી હતી. છેલ્લા ચાર કલાકથી એ ઝુબેદાને જાતજાતના પ્રશ્નો ફેરવી ફેરવીને પૂછી રહ્યો હતો. એની શંકા સામે ઝુબેદા પાસે કોઈ જવાબ નહોતો, અઝીઝ જે

સાંભળવા માગતો હતો એવું કશું બન્યું જ નહોતું, એટલે અઝીઝ જે ઇચ્છતો હતો એ જવાબો એને મળતા નહોતા... જેમ એને ધાર્યા જવાબો નહોતા મળતા એમ અઝીઝ વધુ ને વધુ અકળાતો હતો... જેમ એ અકળાતો હતો તેમ ઝુબેદા વધુ ને વધુ સંકોચાતી જતી હતી!

કેટલાંય યુગલો વચ્ચે આવા સવાલ-જવાબ થાય છે... લગ્નનાં કેટલાંય વર્ષો પછી અચાનક પત્નીના ભૂતકાળ વિશે કંઈ ખબર પડે કે ક્યાંકથી કોઈ અફવા મળે તો પણ પતિદેવો અચાનક એની વફાદારી પર શંકા કરીને જિવાયેલા લગ્નજીવનનાં વર્ષોને અભરાઈ પર ચડાવી દેતા હોય છે. કોઈ એક જમાનામાં કોઈ એક છોકરી, કોઈ એક છોકરાને મળી હતી... કદાચ એને ચાહતી હતી તો શું થયું? એ પછીનાં કેટલાંય વર્ષો એ છોકરીએ પૂરી નિષ્ઠા અને વફાદારી સાથે જે માણસને સોંપી દીધાં એ માણસ એના ભૂતકાળમાં જઈને રુઝાયેલા ઘાના પોપડા ઉખાડવાનો પ્રયત્ન કરે એ યોગ્ય છે?

કોઈ પણ વ્યક્તિને એક ભૂતકાળ હોય છે. કૉલેજના સમયમાં કે સ્કૂલના સમયમાં કોઈના પ્રેમમાં હોવું એમાં ખોટું શું છે? આપણે જે સમાજમાં જીવી રહ્યા છીએ એ સમાજ વસ્ત્રોથી મૉડર્ન થઈ ગયો છે, પણ વિચારોમાં એનો એ રહ્યો છે. ક્યારેક એવું બને કે છોકરી પોતાના ભૂતકાળની વાત ઍન્ગેજમૅન્ટ થતા પહેલાં પૂરી નિખાલસતાથી પોતાના ભાવિ પતિને કહી દે એ વખતે તો ઉદાર અને મૉડર્ન હોવાનો દાવો કરીને એ છોકરો બધું સ્વીકારી લે, પણ સમય જતાં એ જ ભૂતકાળ ફરી પાછો માથું ઊંચકે, જ્યારે પૂછવાના હતા ત્યારે નહીં પૂછેલા સવાલો હવે સાપની જેમ ફેણ માંડીને ઊભા રહે ત્યારે એ છોકરી માટે બહુ ગંભીર અને વિકટ સમસ્યા બનતી હોય છે.

આજથી ૩૦ વર્ષ પહેલાં બનેલી એક ફિલ્મ 'કભી કભી'માં અમિતાભ બચ્ચન અને રાખી માતાપિતાના સુખ માટે છૂટાં પડે છે... બંને જુદા જુદા લોકોને પરણી જાય છે. પછી એક વાર જ્યારે બંને જણાં મળે છે ત્યારે રાખીનો પતિ શશિ કપૂર એમની વચ્ચેની વાતચીત સાંભળે છે. એ વખતે શશિ કપૂર બહુ સુંદર વાત કહે છે, "લાનત હૈ! બહોત છોટે આદમી નીકલે વિજય તુમ, છોટી સી બાત કા અફસાના બના દિયા! મર્દજાત બહુત ખુદગર્જ હૈ. એક ઔરત તુમ્હારે બચ્ચે કી મા બનતી હૈ. બીસ સાલ તક એક ઔરત ઐસે બરસતી હૈ, જૈસે કિસી ખુશ્ક ઔર બંજર ઝમીન પર બારિશ... ઔર આપ યે સોચતે હૈં કિ ક્યા ઉસકા કોઈ અતીત થા? ક્યા ઉસકા કોઈ માઝી થા, વો કિસી જમાને મેં ફલાં આદમી સે મિલી થી યા નહીં, ઉસે ચાહા થા કિ નહીં. મુઝે લગતા હૈ મર્દ એસા સોચ કર અપને આપકો ગિરા દેતા હૈ..."

દુનિયાનો કોઈ પણ માણસ જ્યારે સારા થવાનો, પ્રામાણિક થવાનો કે પૂરી નિષ્ઠાથી કોઈ સંબંધમાં પ્રવેશવાનો, સ્થિર થવાનો પ્રયત્ન કરતા હોય ત્યારે એને ઈન્સેટિવ કે પ્રોત્સાહનની જરૂર હોય છે. એક તો કોઈ એક વ્યક્તિ, ખાસ કરીને એક સ્ત્રી પોતાનો પ્રેમ, પોતાની ઝંખના કે પોતાની ઇચ્છાને દાટીને જ્યારે લગ્નમાં પૂર્ણપણે પરોવાઈ જવાનો પ્રયાસ કરતી હોય ત્યારે એને જૂની યાદો તાજી કરાવીને, પોલીસની જેમ ઈન્ટરોગેશન કરીને કે મહેણાંટોણા મારીને એની નિષ્ઠાને પીડામાં ધકેલવાને બદલે એ જે કંઈ કરી રહી છે એને સમજીને એનું સંવર્ધન થવું જોઈએ. આપણે બધા જ એકબીજા પાસેથી વફાદારીની, નિષ્ઠાની અને સંપૂર્ણ સમર્પણની અપેક્ષા રાખીએ છીએ, પરંતુ એ જ્યારે પોતે કરવાનું આવે ત્યારે આપણને એ વિશે સમસ્યા થાય છે. વ્યક્તિ તરીકે આપણને બધાને બીજા પાસેથી સોએ સો ટકા કાળજી અને સમજદારી જોઈએ છે, પણ જ્યારે આપણા પક્ષે એ જ અપેક્ષા સામેની વ્યક્તિ રાખે ત્યારે આપણી પાસે સો બહાનાં અને હજાર કારણ હોય છે.

એક પુરુષ માટે એની પત્નીનો સ્નેહ કે વફાદારી કદાચ એના લગ્નજીવન માટે સૌથી જરૂરી બાબત છે.

સામાન્ય રીતે એવું કહેવાય છે કે, સ્ત્રી ઈર્ષાળુ અને અસલામત છે. સત્ય એ છે કે પુરુષની ઈર્ષા અને અસલામતી સીધી એના અહંકાર સાથે જોડાયેલી છે. સામાન્ય રીતે પુરુષની ઇચ્છા, ઝંખના કે લાગણી એવી હોય છે કે એની પત્ની એની પહેલાં કે એના પછી કે બીજા કોઈને ન ચાહે. માલિકીભાવ એ મોટાભાગના પુરુષનો સ્થાયી અને મૂળ ગુણધર્મ છે. એમાં કંઈ ખોટુંય નથી, આપણે જેને ચાહતા હોઈએ-આપણી જિંદગી જેની આસપાસ ગોઠવાઈ હોય એને વિશે આપણે પઝેસિવ હોઈએ તો એ સ્વાભાવિક નથી? અગત્યનું એ છે કે આપણો માલિકીભાવ એના વર્તમાનથી શરૂ થઈને ભવિષ્ય સુધી લંબાઈ શકે-આપણે જ્યારે મળ્યા જ નહોતા, એને જાણતા જ નહોતા, એના સુધી પહોંચ્યા જ નહોતા ત્યારના ભૂતકાળમાં જઈને કશું બદલવાનો પ્રયાસ કેવી રીતે થઈ શકે? દુનિયાના કોઈ માણસના ભૂતકાળ પર આપણો અધિકાર નથી-ખાસ કરીને એક સ્ત્રી પાસે પોતાનો ભૂતકાળ ભૂલવાની એક અજબ જેવી આવડત હોય છે, એક પુરુષે કે એક પતિએ એની નોંધ લેવી જ રહી! એક સ્ત્રી જ્યારે એનો પરિવાર, પરિવારની અટક અને એનું બાળપણ પાછળ મૂકીને સાસરે આવે છે ત્યારે મોટેભાગે એ એક નવા રોલમાં એટલી સ્વાભાવિકતાથી ઢળી જાય છે જેમ વાસણ બદલાતાં પાણી આકાર બદલી લે! બદલાયેલા આકાર પછી ફરી ક્યારેય પાણી એ આકારમાં ઢળતું નથી-સિવાય કે ફરી એકવાર વાસણ બદલાય! અગત્યનું એ છે કે સ્ત્રીના આ બદલાયેલા આકાર, સ્વાભાવ, મિજાજ કે પરિસ્થિતિને સ્વીકારવાની તૈયારી એના પુરુષમાં હોવી જોઈએ.

જો માણસના ભૂતકાળ વિશે જ ચર્ચા કર્યા કરવી હોય તો આપણે ક્યારેય ભવિષ્ય તરફ નહીં જોઈ શકીએ એટલું નક્કી છે. જો વાલિયા લૂંટારાની ચર્ચા સતત ચાલી હોત તો આપણી પાસે “વાલ્મીકિ” ન હોત! જો સતત એક સ્ત્રીમોહમાં અંધ પુરુષની ચર્ચા ચાલી હોત તો આપણી પાસે “તુલસીદાસ” ન હોત! કેટલાય બદલાયેલા વ્યક્તિત્વના દાખલા ઇતિહાસ પાસે મોજૂદ છે. કુબજામાંથી ક્રિષ્નભક્ત બનેલી સુંદરી કે સાધ્વી થઈ ગયેલી આમ્રપાલી અને ચિત્રલેખા જેવી નગરવધૂઓની કથા આપણે જાણીએ છીએ... સવાલ એ છે કે એ પરિવર્તન માટે માનસિક રીતે પુરુષ તૈયાર છે કે નહીં? પ્રશ્ન એ છે કે પોતાના ભૂતકાળને ભૂલીને આવેલી સ્ત્રીના ભૂતકાળને ભૂલવા માટે એનો પતિ કે પુરુષ તૈયાર છે કે નહીં?

• • •



સરપ્રાઇઝ! ઉફ્ફ... કે ઓએમજી!

સ્ત્રીને સરપ્રાઇઝિસ આપવા ને રિસીવ કરવાં ગમે છે, પરંતુ એ સરપ્રાઇઝિસ એની ધારણા મુજબનાં જ હોવાં જોઈએ! એની કલ્પનાશક્તિ કામે લાગે અને એણે નક્કી કરેલા વિસ્તાર અને વિષય સુધીનાં આશ્ચર્યો સ્ત્રી માટે આનંદ લઈ આવે છે, જ્યારે પુરુષ માટે અણધાર્યાં સરપ્રાઇઝ પણ ચીડનું કારણ બની શકે. એણે ન ધાર્યું હોય એવું કશું પણ, એની ગણતરીની કે ડિઝાઇનની બહાર હોય એવું કંઈ પણ મોટા ભાગના પુરુષોને અનુકૂળ આવતું નથી. આમાં સૅક્સની બાબતમાં સાવ જુદું છે. શારીરિક સંબંધોમાં પુરુષને સરપ્રાઇઝ ગમે છે, નવીનતા ગમે છે... રોજ નવા પ્રકારે સૅક્સ માણવાનું પુરુષને આકર્ષે છે, જ્યારે સ્ત્રી માટે બહુ ડિસકમ્ફર્ટ કે નવી જાતના પ્રયોગો એની માનસિકતાને બહુ અનુકૂળ આવતા નથી.

“**મારે** એક વાત કહેવી છે.” ગંભીર ચહેરે કેતન એની સામે ઊભેલી ભૂમિકાને જોઈ રહ્યો હતો, “ઘણા દિવસથી વિચારતો હતો કે તને કહી દઉં, પણ હિંમત નહોતી થતી.” ભૂમિકાનું હૃદય એક થડકારો ચૂકી ગયું. એણે ભય અને આશંકા સાથે કેતન સામે જોયું, “જો, તને કોઈ બીજું કહે એને બદલે મને થયું કે મારે જ કહેવું જોઈએ. આપણી વચ્ચે એટલી પ્રામાણિકતાના સંબંધો તો છે, ખરું કે નહીં?” ભૂમિકાને ડૂમો ભરાઈ ગયો. એ કશું બોલી નહીં. કેતન આગળ બોલે એની પ્રતીક્ષા કરતી રહી, “જો ભૂમિકા, આટલાં વરસના લગ્નજીવનમાં આપણે ખૂબ સારી રીતે સાથે રહ્યાં. ભાગ્યે જ કોઈ દિવસ ઝઘડો થયો છે. તેં મને ને મારા પરિવારને ખૂબ સારી રીતે સાચવ્યા છે, આપણાં બાળકોને સરસ રીતે મોટાં કર્યાં.” ભૂમિકાના શ્વાસ ભારે થઈ ગયા. કેતન કંઈક ભયંકર વાત કહેવાનો હશે એ વિશે એના મનમાં સમાંતર વિકલ્પો ચાલવા માંડ્યા, “તેં કોઈ દિવસ ફરિયાદ નથી કરી, નથી કોઈ માગણી કરી...”

“તમે પ્લીઝ કહી નાખો, લાંબી પ્રસ્તાવનાની જરૂર નથી.” ભૂમિકા અકળાઈ ગઈ.

“એવી કોઈ ગંભીર વાત નથી, તું ડરી કેમ ગઈ?” કેતને એનો હાથ પોતાના હાથમાં લીધો. ભૂમિકા રડી પડી, “અરે! રડે છે કેમ...” કેતન એનો હાથ પંપાળવા લાગ્યો, પણ ભૂમિકાનું રુદન વધ્યું.

“શું છે?” રડતાં રડતાં રૂંધાયેલા કંઠે ભૂમિકાએ પૂછ્યું, “તમે ક્યાંક અફેર...”

કેતન ખડખડાટ હસી પડ્યો, "તું આવું વિચારી જ કેવી રીતે શકે?" એણે ભૂમિકાનો ચહેરો પોતાના બે હાથની વચ્ચે લીધો, "મેં તારા માટે એક મકાન ખરીદ્યું છે." કેતન કહેતો રહ્યો ને ભૂમિકા રડતી રહી. કેતનને સમજાયું નહીં કે ભૂમિકા કઈ વાતે રડતી હતી... સ્ત્રીઓ માટે ઇમોશનલ ઝટકા બહુ સ્વાભાવિક નથી. સ્ત્રીને સરપ્રાઇઝ ગમે છે, પણ સરપ્રાઇઝ સાથે જોડાયેલી આશંકા એને ભીતરથી હચમચાવી શકે છે. ક્યારેક એવું બને કે સ્ત્રી-પુરુષ, પતિ-પત્ની, પ્રેમી-પ્રેમિકા એકબીજાને સરપ્રાઇઝ આપવાના પ્રયાસમાં એવો ઝટકો આપી બેસે, જેની બેમાંથી કોઈને કલ્પના ના હોય.

આપણા સૌની જિંદગી નાનાં-નાનાં કુતૂહલ અને નાનાં-નાનાં આશ્ચર્યોને કારણે વધુ તાજી અને વધુ રસપ્રદ રહે છે. આવતી ક્ષણે શું થશે કે આવતી કાલનો દિવસ કેવો ઊગશે એની ખબર નથી એટલે જ કદાચ આપણે વધુ કુતૂહલ સાથે જિંદગી જીવી શકીએ. જો બધાને બધી ખબર પડી જાય તો જિંદગીની મજા જ શું રહે? આપણામાંના ઘણા જ્યોતિષ, હસ્તરેખાશાસ્ત્રી કે ટેરોકાર્ડવાળા પાસે જાય છે. સૌને પોતાનું ભવિષ્ય અગાઉથી જાણી લેવું છે. સાધુઓ અને ધર્મગુરુઓ ભવિષ્ય બદલી આપવાનું વચન આપે છે, તો જ્યોતિષ કુંડળીમાં લખેલું વાંચ્યા પછી પણ એને ટાળવાના ઉપાય સૂચવી શકે છે... ખરેખર જે નક્કી છે, જે ડિઝાઇન કુદરતે ગોઠવી છે એમાં કોઈ ફેરફાર કરી શકાતો નથી.

જો ખરેખર એવું હોય તો? બધું નક્કી જ હોય, નિશ્ચિત હોય, ડિઝાઇન ગોઠવેલી જ હોય તો જે થવાનું છે તે થઈને રહેશે... આપણે કોઈ મહેનત કરવાની, પ્રયાસ કરવાની કે ઇનિશિયેટિવ લેવાની જરૂર જ ક્યાં છે? નસીબમાં પૈસા છે તો ઘેરબેઠા મળશે. નસીબમાં પ્રેમ છે તો આપણે ગમે તેટલા તોછડા, નકામા ને ઝઘડાળું હોઈએ—પ્રેમ મળશે જ, ખરું ને? આપણે જાણીએ છીએ કે આવું નથી. તદબીર અને તકદીર, પુરુષાર્થ અને પ્રારબ્ધ જેવા બે શબ્દોનું પરફેક્ટ સંયોજન એટલે સફળતા? ઘણી વાર એવું બને કે જે આપણે કરવાના હોઈએ, આપણા મનમાં હોય અને આપણે એ કરવાની તૈયારી પણ કરી હોય, પરંતુ આપણે કોઈ બીજા માણસને એ જ વિચાર સાથે એ જ કામ કરતો જોઈએ. આશ્ચર્યની સાથે આઘાત પણ લાગે... પરંતુ બધા જ વિચાર ઍક્સક્લુઝિવ ન હોઈ શકે. ક્યારેક એવું બને કે એક જ વિચાર બે જણાને આવે, એકસાથે આવે... એક એનો પહેલાં અમલ કરી નાખે ને બીજાને વાર લાગે!

આશ્ચર્યો અને આઘાત વચ્ચે એક સાદો ફેર એ છે કે આશ્ચર્ય થોડુંક અપેક્ષિત હોય છે. માણસને એ જાણીને આનંદ થાય એવી બાબત હોય, કોઈ જ્ઞાનની, સમજની કે બુદ્ધિની બાબત હોય... જ્યારે આઘાત અણધાર્યો અને સ્ટ્રેસફુલ હોય. પુરુષ માટે સામાન્ય રીતે બહુ અણધારી ડિઝાઇન સ્વીકાર્ય હોતી નથી. આપણે બહુ સામાન્ય લેવલ પર જેનેરિક વાત કરી રહ્યા છીએ ત્યારે જો ઑબ્ઝર્વેશન કર્યું હોય તો ખ્યાલ હશે કે સવારે ભીંડાના શાકની વાત થઈ હોય ને સાંજે બીજું શાક હોય તોય ચિડાઈ જાય એવા લોકોને આપણે ઓળખીએ છીએ. પ્રવાસમાં જતા પહેલાં ટ્રેન, ઍરોપ્લેન, હોટેલ, બ્રેકફાસ્ટ અને જોવાલાયક સ્થળોની મુલાકાત સુધ્ધાં પ્લાન કરીને નીકળેલા લોકો ઓછા નથી! ક્યારેક બર્થડે પર કે ઍનિવર્સરી પર પત્ની, પ્રેમિકા કે કોઈ નિકટની વ્યક્તિએ કંઈ સરપ્રાઇઝ પ્લાન કરી નાખ્યું હોય તો સ્ત્રી માટે એ બહુ ઇમોશનલ અને ટચી પ્રસંગ છે. પરંતુ પુરુષ માટે આવા સમયે ઍક્સેપ્ટ અને ઍક્સપ્રેસ કરવું અઘરું બની જાય છે.

આના કારણમાં ઊતરીએ તો સમજાય કે એક છોકરાની કે પુરુષની જિંદગીમાં સરપ્રાઇઝની સંખ્યા બહુ ઓછી છે. પુરુષને સામાન્ય રીતે આવાં સરપ્રાઇઝિસ આપવાની ફાવટ થોડી ઓછી હોય છે. કલ્પનાશક્તિ, અભિવ્યક્તિ કે રોમૅન્ટિક હોવાનો અભાવ કદાચ કામ કરતો હશે. કોઈને સરપ્રાઇઝ આપવા માટે ઘણું પ્લાનિંગ કરવું પડે. કલ્પનાશક્તિ સારી હોવી જોઈએ ને હૃદય રોમાન્સથી ભરપૂર હોવું જોઈએ... પુરુષ માટે પ્રાયોરિટીઝ

અલગ હોય છે. આવા સરપ્રાઇઝિસમાં બુદ્ધિ અને ઍનર્જી નાખવાનું ઘણા પુરુષોને અનુકૂળ નથી હોતું. સ્ત્રીને સરપ્રાઇઝિસ આપવા ને રિસીવ કરવાં ગમે છે, પરંતુ એ સરપ્રાઇઝિસ એની ધારણા મુજબનાં જ હોવાં જોઈએ! એની કલ્પનાશક્તિ કામે લાગે અને એણે નક્કી કરેલા વિસ્તાર અને વિષય સુધીનાં આશ્ચર્યો સ્ત્રી માટે આનંદ લઈ આવે છે, જ્યારે પુરુષ માટે અણધાર્યાં સરપ્રાઇઝ પણ ચીડનું કારણ બની શકે. એણે ન ધાર્યું હોય એવું કશું પણ, એની ગણતરીની કે ડિઝાઇનની બહાર હોય એવું કંઈ પણ મોટા ભાગના પુરુષોને અનુકૂળ આવતું નથી. આમાં સૅક્સની બાબતમાં સાવ જુદું છે. શારીરિક સંબંધોમાં પુરુષને સરપ્રાઇઝ ગમે છે, નવીનતા ગમે છે... રોજ નવા પ્રકારે સૅક્સ માણવાનું પુરુષને આકર્ષે છે, જ્યારે સ્ત્રી માટે બહુ ડિસકમ્ફર્ટ કે નવી જાતના પ્રયોગો એની માનસિકતાને બહુ અનુકૂળ આવતા નથી. સામાન્ય રીતે સ્ત્રી પોતાના રુટિન જીવનમાં સરપ્રાઇઝિસને આવકારે છે, પરંતુ એના સંકોચ અને ઉછેરની માનસિકતાને કારણે શારીરિક સંબંધોમાં બહુ મોટા સરપ્રાઇઝિસ કે અમુક-તમુક પ્રકારના ફિલ્મી અથવા પુસ્તકિયા સરપ્રાઇઝિસને એ સ્વીકારી શકતી નથી.

સરપ્રાઇઝને ઉંમર સાથે ય ઘણી લાંબી નિસબત છે. ટીનએજમાં કે અર્લી ટ્વેન્ટીઝમાં જે મજા પડે એ ત્રીસ પૂરાં થયાં પછી જરા અઘરી પડે છે. ટીનએજની છોકરી આવાં સરપ્રાઇઝ ઍન્જૉય કરે છે, જ્યારે ટીનએજના છોકરાને આવાં સરપ્રાઇઝ સ્ટૂપિડ—અક્કલ વગરનાં લાગે છે, ત્રીસ-પાંત્રીસના પુરુષને આવાં સરપ્રાઇઝ આપવાં ગમે છે, પણ વધતી ઉંમર સાથે ક્યારેક સ્ત્રી આવાં સરપ્રાઇઝિસ માટે તૈયાર નથી હોતી! આમાં કશું સારું કે ખરાબ નથી. આ સ્ત્રી-પુરુષની પ્રકૃતિનો ભેદ છે.

સરપ્રાઇઝ થવા માટે પણ બેઝિક કલ્પનાશક્તિ અને એ પ્રકારની માનસિકતા અનિવાર્ય છે. દરેકને સરપ્રાઇઝ સદતાં યે નથી ને દરેકને સરપ્રાઇઝ આવડતાં યે નથી.

• • •



સ્ત્રી અને પુરુષ: સફળતાનાં સમીકરણ જુદાં છે?

'કૃષ્ણાયન'માં દ્રૌપદી પૂછે છે કૃષ્ણને, "હું દુ:ખી હોઉં—પીડાયેલી હોઉં—કોઈ મને સતાવતું હોય ત્યારે જ તું આવે? હું મજામાં હોઉં, સુખી હોઉં, આનંદ કરતી હોઉં ત્યારે તું મારી પાસે ન આવે?" આ સવાલ કદાચ પ્રત્યેક સ્ત્રીનો છે... એને એના પુરુષનું, પ્રિયતમનું, પતિનું અટેન્શન ત્યારે જ મળે છે, જ્યારે એ દુ:ખી—એકલવાયી કે સમસ્યામાં ઘેરાયેલી હોય છે. સડસડાટ ઉપર ચડતી જતી કે સફળતાનાં શિખરો સર કરતી સ્ત્રીના ભાગ્યમાં વધુ ને વધુ એકલવાયા થતા જવાનું કેમ લખાય છે?

"**થેંક્યુ** સો મચ! આઇ ઍન્જૉય્ડ બીઇંગ વિથ યુ." ભૈરવી એના મોબાઇલમાં વૉટ્સઍપ પર જવાબ ટાઇપ કરી રહી હતી. બાજુમાં ગાડી ચલાવી રહેલો વિરલ ત્રાંસી આંખે ટાઇપ થઈ રહેલો એ મૅસેજ જોઈ રહ્યો હતો, "વી મસ્ટ મીટ ઑફન." ભૈરવીએ લખ્યું. "થેંક્યુ ફોર ઓલ ગુડ થિંગ્સ ઍન્ડ વન્ડરફુલ ઈવનિંગ" ફોન બાજુમાં મૂકીને ભૈરવીએ વિરલનો હાથ પકડ્યો.

વિરલે હાથ છોડાવી દીધો, "પ્રેમમાં પડી ગઈ છું?" પૂછીને વિરલે ભૈરવીના ચહેરા તરફ જોયું. ભૈરવીએ આઘાતથી હાથ છોડી દીધો. "ભારે મસ્કા મારે છે."

"હી ઇઝ માય બૉસ."

"તો?"

"રાત્રે દસ વાગ્યે એને જવાબ આપવો જરૂરી નથી."

"અરે! શું થયું છે તને? કેમ આવી રીતે વાત કરે છે?" ભૈરવીની આંખમાં પાણી આવી ગયાં. "તું મારા પર શક કરે છે?"

"શક નથી કરતો, જોઈ રહ્યો છું. તું એને વધારે પડતું મહત્ત્વ આપે છે." ભૈરવી કશું બોલી નહીં, પણ એની આંખમાંથી આંસુ સરકી પડ્યાં. વિરલ અને એનાં લગ્નને દસ વર્ષ થયાં હતાં. આ પહેલાં ક્યારેય પણ વિરલે આવું કર્યું નહોતું, પણ છેલ્લા થોડા સમયથી વિરલ વિચિત્ર રીતે વર્તવા માંડ્યો હતો. ભૈરવી ધીમે ધીમે પોતાની

કારકિર્દીમાં આગળ વધી રહી હતી, જ્યારે વિરલનો બિઝનેસ જોઈએ એવો ચાલતો નહોતો. એણે આ વાતને કદાચ પ્રેસ્ટિજ ઇશ્યૂ બનાવી દીધો હતો, "છોકરીઓ માટે આ સરળ છે, જરા લટુડા-પટુડા કરે કે તરત જ એમનું કામ થઈ જાય. ટૅલેન્ટ ઓછી હોય તો ચાલે, બૉસને પટાવતાં આવડવું જોઈએ." વિરલના અવાજમાં ભયાનક કડવાશ અને ચીડ હતી. ભૈરવી આ વિરલને ઓળખતી જ નહોતી, "મને ખબર છે, તું એને જવાબ એટલા માટે છે, કારણ કે એ તને જાતજાતની ફેવર કરે છે..."

"વૉટ આર યુ ટૉકિંગ અબાઉટ?" ભૈરવીએ મગજ ગુમાવી દીધું. એ પછી ખૂબ ઝઘડો થયો. ડ્રાઇવ પર નીકળેલા પતિ-પત્ની લડી-ઝઘડીને પાછાં ફર્યાં.

કેટલાંય ઘરોમાં, અર્બન ઘરોમાં—જ્યાં પતિ-પત્ની બંને વ્યવસાયિક હોય, ત્યાં આવી સમસ્યાઓ થાય છે, થતી રહે છે. છેલ્લાં દસ વર્ષમાં સ્ત્રી પોતાની કારકિર્દીને ગંભીરતાથી લેવા લાગી છે. પહેલાં એવું હતું કે, ભણેલી, કારકિર્દી બનાવવા માગતી સ્ત્રી ઘરની બહાર તો નીકળતી હતી, પણ એનો એક પગ હંમેશા ઘરમાં રહેતો હતો, એનું ચિત્ત, એની માનસિકતા, એના ઘરની અંદર જ ટકી રહેતી હતી. સમય બદલાયો—સ્ત્રી બદલાઈ—સમાજવ્યવસ્થા બદલાઈ. આર્થિક જરૂરિયાતો અને પરિસ્થિતિ બદલાઈ. એને કારણે સ્ત્રી માટે કમાવું—એ શોખ નહીં, જરૂરિયાત બન્યું. ઘણા પરિવારો આજે એવી પુત્રવધૂ પસંદ કરે છે, જે પ્રૉફેશનલ ક્વૉલિફાઇડ હોય અને કમાઈ શકે, કારણ ફક્ત એટલું જ કે પરિવારની લાઇફસ્ટાઇલ મેઇન્ટેઇન કરવામાં પુત્રવધૂની આવક મદદરૂપ પુરવાર થાય. આમાં કશું ખોટું છે કે આવું ન હોવું જોઈએ, એવું કહેવાનો કોઈ આશય નથી. સવાલ એ છે કે, કમાવા નીકળતી સ્ત્રી જાણે-અજાણ્યે હરીફાઈનો ભોગ બને છે. એ ઇચ્છે કે ન ઇચ્છે એણે અમુક સવાલના જવાબ આપવા પડે છે. બૉસ પુરુષ હોય ત્યારે કદાચ આ સવાલ વધારે તીવ્રતાથી, વધારે કડવાશથી, વધારે ભોંકાય એવી રીતે પુછાય છે. એક સ્ત્રી જ્યારે સફળ થવા માંડે ત્યારે એની પાછળ, એની ટૅલેન્ટ કરતાં એનું 'સ્ત્રી' હોવું જવાબદાર છે—એવું માનનારા પુરુષો અને સ્ત્રીઓની ખોટ નથી.

એક પુરુષ બૉસ, કલિગ કે કોઈ ઓળખીતી વ્યક્તિ સાથે કદાચ એક સફળ વ્યવસાયી સ્ત્રીની નિકટતા હોય તો એ દરેક વખતે શા માટે એના સ્ત્રીત્વ અથવા જેન્ડર સાથે જોડાવી જોઈએ? સ્ત્રી ટૅલેન્ટેડ ન હોઈ શકે? એ પોતે એના બળ કે મહેનતથી આગળ ન આવી શકે? આપણી ભાષામાં મહેનત અથવા પ્રયાસ માટે 'પુરુષાર્થ' શબ્દ વાપરવામાં આવે છે. 'સ્ત્રીઅર્થ' નામનો શબ્દ કેમ નથી? આ કૉલમ પુરુષોની લાગણીને વાચા આપવાની જગ્યા છે... એમના વિશે વાત કરવાની, એમના ઇમોશન્સની ચર્ચા કરવાની જગ્યા છે અને માટે મારે એમને પૂછવું છે કે, લાગણીના સંબંધોમાં જોડાતી વખતે જે સ્ત્રીની બુદ્ધિ, આવડત, શક્તિ, ઇન્ડિપેન્ડન્સ કે ટૅલેન્ટ તમને આકર્ષી ગયાં હતાં, એમાંથી તમારો જ વિશ્વાસ કેમ ઊઠી ગયો? એવું કેમ બન્યું કે, જે સ્ત્રી માટે તમને અથાગ વિશ્વાસ હતો, જેની સાથે જિંદગી જીવવાનો નિર્ણય કર્યો, એ સ્ત્રી સફળ થવા માંડી—કદાચ તમારાથી વધુ સફળ થવા માંડી, (વ્યવસાયિક રીતે એણે કદાચ વધુ પૈસા, વધુ પ્રસિદ્ધિ, વધુ સિદ્ધિ એણે મેળવવા માંડી) એટલે એ તમારાથી દૂર થઈ ગઈ? તમારો પ્રેમ, તમારો સ્નેહ, એના માટેની લાગણી કે કાળજી, એ જ્યાં સુધી તમારા પર આધારિત છે ત્યાં સુધી જ એને મળે, એવું કેમ?

'કૃષ્ણાયન'માં દ્રૌપદી પૂછે છે કૃષ્ણને, "હું દુ:ખી હોઉં—પીડાયેલી હોઉં—કોઈ મને સતાવતું હોય ત્યારે જ તું આવે? હું મજામાં હોઉં, સુખી હોઉં, આનંદ કરતી હોઉં ત્યારે તું મારી પાસે ન આવે?" આ સવાલ કદાચ પ્રત્યેક સ્ત્રીનો છે... એને એના પુરુષનું, પ્રિયતમનું, પતિનું અટેન્શન ત્યારે જ મળે છે, જ્યારે એ દુ:ખી—એકલવાયી કે સમસ્યામાં ઘેરાયેલી હોય છે. સડસડાટ ઉપર ચડતી જતી કે સફળતાનાં શિખરો સર કરતી સ્ત્રીના ભાગ્યમાં વધુ ને વધુ એકલવાયા થતા જવાનું કેમ લખાય છે?

સ્ત્રી-પુરુષના આ સંબંધો એમની લાગણી કરતાં વધારે એમની વ્યવસાયિક સફળતા સાથે જોડાવા માંડ્યા છે. ખાસ કરીને શહેરોમાં—મેટ્રોમાં, જ્યાં કારકિર્દી જિંદગીનો અગત્યનો ભાગ બનવા માંડી છે ત્યારે આવી સમસ્યા ઉદ્ભવે એ સમજી શકાય છે. મહત્ત્વની બાબત એ છે કે, કારકિર્દી પ્રેમ કરતાં આગળ કેવી રીતે નીકળી જાય? જ્યારે બંને જણા કશું જ નહોતાં ત્યારે જોડાયાં હતાં (મોટે ભાગે એમ જ હોય છે) સપનાંઓને સિલ્લકમાં લઈને જોડાયેલા બે જણા એ સપનાંઓ સાકાર થવા માંડે ત્યારે એકબીજાથી દૂર કેવી રીતે થઈ જાય, કેમ થઈ જાય? એક પુરુષ માટે એની પત્ની અથવા પ્રેમિકાની વ્યવસાયિક સફળતાને, પ્રસિદ્ધિને કે ટૅલેન્ટને એના પ્રેમથી જુદો પાડીને જોવી, બહુ જ જરૂરી છે. આજના સમયમાં જ્યારે પતિ-પત્ની બંને જણા (પ્રેમી-પ્રેમિકા) પોતપોતાનાં આગવાં સપનાં અને પોતપોતાની આગવી કારકિર્દીનો વિચાર કરતાં હોય ત્યારે એ સપનાંને પૂરાં કરવા માટે એમની પાસે રસ્તા પણ જુદા હોય અને રીત પણ અલગ હોય એ સ્વાભાવિક છે. આજથી સો-પચાસ વર્ષ પહેલાં સ્ત્રી વિશે જે માનવામાં કે વિચારવામાં આવતું હતું, એ જ રીતે આજે પણ વિચારનારા પુરુષો પોતાની પત્ની કે પ્રેમિકાની સાથે એક સ્નેહાળ—સરસ સંબંધ જાળવી શકતા નથી. આપણે જ્યારે ઇક્વાલિટીની ચર્ચા કરીએ છીએ ત્યારે એમાં ઇમોશનલ, ઇક્વાલિટી—લાગણીની સમાનતા પણ એટલી જ જરૂરી છે. એક સ્ત્રી ક્યારેય પુરુષની સફળતાની ઈર્ષ્યા કરતી નથી, બલ્કે મોટા ભાગની સ્ત્રીઓ એના પતિની કે પ્રેમીની સફળતા ઉપર ગર્વ કરે છે... એક પુરુષ આવું કેમ ન કરી શકે? અથવા ક્યારે કરી શકશે?

• • •



જીવનના ગણિતની કવિતા: પિતા

પિતા હોય ત્યાં સુધી મોટા ભાગના દીકરાને એ કચકચ કરતા, જૂના-પુરાણા વિચારો ધરાવતા, દેશી, કંજૂસ અથવા કરકસરિયા લાગે છે, પણ પિતાના મૃત્યુની સાથે જ જાણે એમની બધી જ વાત સાચી લાગવા માંડે છે. પિતા-પુત્ર વચ્ચેનો આ વિચિત્ર અને યુનિક સંબંધ છે. બંને જણા જ્યારે એકબીજાની સામે આંખમાં આંખ નાખીને જોઈ શકતા હોય ત્યારે ફક્ત મોટે ભાગે તણખા ઝરે અને જ્યારે પિતાની આંખ બંધ થઈ જાય ત્યારે એ બંધ આંખોની પાછળ રહેલો સ્નેહ અચાનક સમજાવા માંડે, એ કાળજી, એ કરુણા અચાનક રિયલાઈઝ થાય. જે પિતાનો ભય લાગતો હોય, જે પિતાની દરેક વાત ત્રાસદાયક લાગતી હોય, એ ઘરમાંથી નીકળે પછી જાગવું અને એ ઘરમાં આવે ત્યારે ઘરમાં ન રહેવું—એવો પ્રયાસ કરતાં પુત્રને ખબર નથી કે એ દસ વાગે જાગી શકે છે... કારણ કે, એના પિતા સાડા નવ વાગ્યે ઘરમાંથી નીકળી જાય છે—કમાવા!

"**રિતેશ** ..." ઈશિતાએ બાજુમાં સૂતેલા રિતેશને પોતાની તરફ ખેંચવાનો પ્રયત્ન કર્યો. રિતેશ લાકડાના ટુકડાની જેમ, ઓશીકાની જેમ ખેંચાઈ આવ્યો. એના આખાય શરીરમાં એક વિચિત્ર પ્રકારની ઠંડક હતી. કોને ખબર એને શું થઈ ગયું હતું, પરંતુ એના પપ્પાના મૃત્યુ પછી આજે અડતાલીસમા દિવસે પણ રિતેશ પથારીમાં સૂઈને છત તરફ જોઈ રહ્યો હતો. ઈશિતાએ આ દિવસોમાં એને નોર્મલ કરવાનો બહુ પ્રયાસ કર્યો, પણ રિતેશની અંદર જાણે કશું મરી ગયું હતું. એણે જાણે જીવવાનું જ છોડી દીધું હતું. જે ઈશિતાને એકાંતમાં મળતાં જ રિતેશ પાગલ થઈ જતો, એને ખાળવો અઘરો પડતો, એવો આ માણસ ઈશિતાને એવી રીતે જોઈ રહ્યો હતો જાણે એને કદી જોઈ જ ન હોય! ઈશિતાએ એને ચુંબન કર્યાં, શરીર પર હાથ ફેરવ્યો, પણ...

આજે ઈશિતાની હામ તૂટી ગઈ. એણે રિતેશને લગભગ હડસેલી દીધો, "વૉટ ઇઝ ધીસ? હું સમજું છું, તને દુ:ખ છે, આઘાત છે, તને બહાર કાઢવાનો પ્રયત્ન કરું છું, પણ તું છે કે..." ઈશિતા પથારીમાં બેઠી થઈને ટ્રાઉઝર પહેરવા માંડી, "આઇ એમ ડન. જે દિવસે તારું મગજ ઠેકાણે આવે, એ દિવસે મને ફોન કરજે." તેમ છતાં, રિતેશ કશું બોલ્યો જ નહીં. સૅન્ડલ પહેરીને બહાર જતી ઈશિતાને જોઈ જ રહ્યો, "જાઉં છું." ઈશિતાએ કહ્યું, "જાઉં છું..." એણે બીજી વાર બૂમ પાડીને કહ્યું, પણ રિતેશ અને એની બાજુમાં પડેલા ઓશીકામાં જાણે

કોઈ ફરક જ નહોતો. ઈશિતા બારણું પછાડીને નીકળી ગઈ. ખાસ્સી વાર સુધી છત સામે જોઈ રહેલો રિતેશ ઈશિતાના બહાર ગયા પછી નાના બાળકની જેમ રડી પડ્યો.

હજી ઓગણપચાસ દિવસ પહેલાંનો રિતેશ જો કોઈએ જોયો હોય તો આજના રિતેશને ઓળખે પણ નહીં. આંખો નીચે કાળાં કુંડાળાં, પડી ગયેલું મોઢું અને કેટલાય દિવસથી ઊંઘ્યો ન હોય એવો તદ્દન બિહામણો એનો ચહેરો ઈશિતાને ખૂબ ચિંતા થતી હતી. કૉલેજના ત્રીજા વર્ષમાં પરીક્ષા આપે એ પહેલાં રિતેશના પિતા અચાનક ગુજરી ગયેલા... બાવીસ વર્ષની ઉંમર પિતાને ખોવાની ઉંમર નથી જ, પણ રિતેશ તો જાણે એક જ રાતમાં દસ વર્ષ મોટો થઈ ગયો. હજી બે મહિના પહેલાં જ એના અને ઈશિતાના ઍન્ગેજમૅન્ટ થયાં હતાં. છેલ્લાં ત્રણ વર્ષથી એ લોકો એકબીજાની સાથે ફરતાં હતાં. કૉલેજના છેલ્લા વર્ષમાં આવતાં બંને પરિવારોએ મળીને છોકરાંઓનાં લગ્ન નક્કી કરી નાખ્યાં. ઈશિતા ખુશ હતી અને રિતેશ તો સાતમા આસમાને!

અચાનક રિતેશમાં આવેલો આ બદલાવ ઈશિતા સમજી તો શકતી હતી, પણ સ્વીકારી નહોતી શકતી. રિતેશને માથે કોઈ ફાઇનાન્સિયલ જવાબદારી નહોતી. એના પિતા સારા એવા પૈસા મૂકીને ગયા હતા. પરિવારની બે રેસ્ટોરાં હતી, જેમાંથી નિયમિત આવક આવતી. ભાડે આપેલી પ્રોપર્ટીઝ હતી, તેમ છતાં રિતેશ આટલી ચિંતા કરતો હતો, એ વાતે ઈશિતા ચિંતા કરતી હતી. એણે રિતેશને આ બધાંમાંથી બહાર કાઢવાનો ઘણો પ્રયત્ન કર્યો, પણ રિતેશ જાણે કશાયમાં નહોતો...

આ લાગણી સામાન્યતઃ પિતાના મૃત્યુ સાથે પુત્રમાં આવે છે. પિતા ઘરમાં હોય, હરતા-ફરતા હોય ત્યાં સુધી મોટા ભાગના પુરુષો 'દીકરો' જ રહે છે. માથા ઉપર છત્ર હોય અને જ્યાં સુધી પિતા ઘરની જવાબદારી લેતા હોય ત્યાં સુધી ગમે તેટલું કમાતો, સફળ અને પ્રસિદ્ધ થઈ ગયેલો દીકરો પણ, ઘરમાં સાથે ન રહેતો હોય તો ય પિતાની હાજરીને કારણે એક વિચિત્ર પ્રકારનું શેલ્ટર અનુભવે છે. જવાબદારીથી શરૂ કરીને બાકીની કેટલીયે બાબતો વિશે પિતા હોય ત્યાં સુધી મુક્ત રહેવાનું એક પુરુષને પોષાય છે, પણ જે ક્ષણે પિતા ચાલી જાય એ ક્ષણે જાણે ઘરની તમામ જવાબદારી દીકરા પર આવી જાય છે. દરેક વખતે આ જવાબદારી આર્થિક હોય એવું જરૂરી નથી, પરંતુ એક પુરુષ તરીકે પિતાની હાજરી અને ગેરહાજરીમાં એક વ્યક્તિ તદ્દન બદલાઈ જાય છે એ આપણે સૌએ જોયું છે, આપણી આસપાસની દુનિયામાં અને સમાજમાં!

આમ, જ્યાં સુધી પિતા હોય ત્યાં સુધી એક પુરુષ માટે પિતા સાથેનો ઇગો પ્રૉબ્લેમ બહુ સામાન્ય છે. ટીનએજ કે જુવાન થતા જતા દીકરા માટે પિતા સાથેનો સંબંધ—મૅન ટુ મૅન એટલે કે એક પુરુષ સાથે બીજા પુરુષનો સંબંધ હોય છે. નાની નાની વાતમાં ઇગો પ્રૉબ્લેમ કે સલાહ-સૂચના અવગણીને જુવાન થતાં દીકરાને પિતા સામે વિદ્રોહ કર્યાનો, કે પોતે જુવાન થઈ રહ્યાનો અહેસાસ વધુ દઢ થાય છે. ક્લાસ ડિફરન્સ વગર આ લાગણી કદાચ સર્વવ્યાપ્ત અને સર્વત્ર એકસરખી છે. શ્રીમંત પરિવારોમાં દીકરો ફૅમિલી બિઝનેસને બદલે કશુંક અંગત પોતાનું કરવાનો આગ્રહ રાખે અથવા મધ્યમ વર્ગના કે સામાન્ય પરિવારોમાં પિતાએ જે કર્યું તે ન કરીને, કશુંક બીજું કરવું જોઈએ, એવું લગભગ દરેક પુત્ર માને છે. બદલાતી પેઢી સાથે જિંદગી વિશેના ખ્યાલો બદલાય એ સ્વાભાવિક છે અને બે પેઢી વચ્ચેનો સંઘર્ષ કદાચ આ જ કારણે, આ જ રીતે બહાર આવતો હોય છે. પિતા હોય ત્યાં સુધી મોટા ભાગના દીકરાને એ કચકચ કરતા, જૂના-પુરાણા વિચારો ધરાવતા, દેશી, કંજૂસ અથવા કરકસરિયા લાગે છે, પણ પિતાના મૃત્યુની સાથે જ જાણે એમની બધી જ વાત સાચી લાગવા માંડે છે. પિતા-પુત્ર વચ્ચેનો આ વિચિત્ર અને યુનિક સંબંધ છે. બંને જણા જ્યારે એકબીજાની સામે આંખમાં આંખ નાખીને જોઈ શકતા હોય ત્યારે ફક્ત મોટે ભાગે તણખા ઝરે અને જ્યારે પિતાની આંખ બંધ થઈ જાય ત્યારે એ બંધ આંખોની પાછળ રહેલો સ્નેહ અચાનક સમજાવા માંડે, એ કાળજી, એ કરુણા

અચાનક રિયલાઈઝ થાય. જે પિતાનો ભય લાગતો હોય, જે પિતાની દરેક વાત ત્રાસદાયક લાગતી હોય, એ ઘરમાંથી નીકળે પછી જાગવું અને એ ઘરમાં આવે ત્યારે ઘરમાં ન રહેવું—એવો પ્રયાસ કરતા પુત્રને ખબર નથી કે એ દસ વાગે જાગી શકે છે... કારણ કે, એના પિતા સાડા નવ વાગ્યે ઘરમાંથી નીકળી જાય છે—કમાવા!

પરિવારની ચિંતા કરતા અને પરિવાર માટે સખત મહેનત કરતા પિતા જ્યારે અચાનક સૌને છોડીને ચાલી જાય અને એમાંય, જ્યારે પુત્રની ઉંમર હજી દુનિયાદારી સમજવાની ન હોય, ત્યારે કદાચ પિતાનું મૂલ્ય વધારે સારી રીતે અને વધુ પીડા સાથે સમજાય છે. દુનિયાના મોટા ભાગના પિતાનું કમનસીબ હોય છે. બહુ ઓછા પુત્રો એમના પિતાના શ્વાસ ચાલતા હોય ત્યારે જ એમને સમજી શકે, એમની વાત સ્વીકારી શકે. બાકીના સામાન્ય કિસ્સાઓમાં પિતાની મહેનત, સ્ટ્રગલ કે સમજદારીનું મૂલ્ય એમના ગયા પછી જ થાય છે.

આપણે બધા જ કદાચ આવા છીએ... જ્યાં સુધી કમ્ફર્ટ ઝોન આપણી આસપાસ હોય ત્યાં સુધી આપણને માણસનું મૂલ્ય થતું જ નથી. જ્યાં સુધી બધું બરાબર ચાલે અને જિંદગી સવાલો ન પૂછે ત્યાં સુધી આપણને એના જવાબો શોધવાની તસ્દી લેવાનું ગમતું નથી. ખાસ કરીને દીકરાઓ મોડા રિસ્પોન્સિબલ થાય છે, રૂમ સાફ કરવો, કમાવું, સમયસર ઘેર આવવું, ઘરના ભોજનનું મૂલ્ય કરવું કે માતા-પિતાનું સન્માન કરવું—આવી સાદી બાબતોની અપેક્ષા ટીનએજ દીકરા પાસે માતા-પિતા રાખતાં હોય તો તે વધારે પડતું નથી જ... પરંતુ, એ માતા-પિતાને સામાન્યતઃ આવી સાદી બાબતોમાં પણ નિરાશા સાંપડે છે. ઘણી વાર એવું બને છે કે, માણસને સમજાય કે આ બધું જ કરવું જોઈએ, પરંતુ એ જ્યારે સમજ સાથે આ બધું કરવા માંડે ત્યારે જેને એની અપેક્ષા હોય એ વ્યક્તિઓ ન હોય!

પિતા ધન લાવે છે, ખભો આપે છે, પહાડની ઊંચાઈ પિતાનો હાથ પકડીને આંબી શકાય છે... પોતાને જે નથી મળ્યું તે બધું જ પોતાનો પુત્ર માણે અને ઍન્જૉય કરે એવો પ્રયાસ પિતા આખી જિંદગી કરે છે. જે જુવાની પોતે નથી જીવી શક્યા, એ જુવાની... એની પોતાની અને પિતાના ભાગની જુવાની પુત્ર પૂરેપૂરી જીવે એવી પિતાની ઇચ્છા હોય છે, કદાચ!

ચાલ્યા ગયા પછી અફસોસ કરીને એમને મિસ કરવા કરતાં, એમની વાત અને વિચારને સમજીને, એમના વહાલને ઓળખીને, એમની વાણી અને વ્યવહારને સાચા અર્થમાં ટ્રાન્સલેટ કરીને જો પિતા સાથેનો સંબંધ માણી શકાય તો કદાચ એમના ગયા પછીનો સમય એમની સાથે વિતાવેલા સમયની મધુર સ્મૃતિમાં ગાળી શકાય... બાકી, અફસોસ તો છે જ!

• • •



પૉર્ન એટલે ગંદું?

સ્ત્રીના સૌંદર્યને કે સૅક્સને મનોરંજન તરીકે જોતા-જોવા માગતા કે માણતા પુરુષોની ખોટ નથી. આમ જોવા જઈએ તો આ એની પ્રકૃતિ છે એટલે એને જજ કરવાની પણ જરૂર નથી. પશ્ચિમમાં માણસના ચારિત્ર્યને બે રીતે જોવામાં આવે છે, એક એનું જાહેર વર્તન અને એક એનું ખાનગી વર્તન... આપણે હજીયે માણસના અંગત વર્તનમાં ડોકિયાં કરીને એના વિશે જજમૅન્ટ લેવામાં આપણે પાવરધા છીએ. આપણને માણસના ખાનગી અને જાહેર વર્તનને છૂટું પાડતાં નથી આવડતું. આપણે માણસને એના એવા વર્તનથી જજ કરવાનો પ્રયત્ન કરીએ છીએ, જે આપણી સામે ભાગ્યે જ આવે છે, મોટાભાગના લોકો પોતાના વર્તનને જાહેર કરવાનું પસંદ કરતા નથી અને આવા શોખ કે ઇચ્છાઓને જાહેર કરવાની કંઈ જરૂર પણ હોતી નથી...

"**આ** શું કરે છે?" અસીમને અડધી રાત્રે લૅપટૉપ સામે બેઠેલો જોઈને એની મમ્મીએ અચાનક પૂછ્યું. અસીમ ચોંક્યો. એણે લૅપટૉપ બંધ કરવાનો પ્રયત્ન કર્યો પણ એ પહેલાં મમ્મી આવી પહોંચી હતી. મમ્મીએ લૅપટૉપના સ્ક્રીન પર દેખાતાં નગ્ન સ્ત્રી અને પુરુષને જોતાં. મમ્મી ઉશ્કેરાઈ ગઈ, "શું જુએ છે? શરમ નથી આવતી?" મમ્મીએ નજીક જઈને અસીમને તમાચો મારી દીધો, "બેશરમ, નાલાયક..."

અસીમે પહેલાં તો જાતને બચાવવાનો પ્રયત્ન કર્યો પણ તમાચો ખાધા પછી ઉશ્કેરાયેલા અસીમે જવાબ આપ્યો, "અડધી રાત્રે મારા રૂમમાં શું કરે છે? કોઈ પ્રાઇવસી જ નથી મને..."

"પ્રાઇવસી એટલે શું? આવું ગંદુ જુએ છે?" મમ્મી વધુ ચિડાઈ.

"તું શું કરવા જોવા આવે છે? બૉય્ઝ આવું જુએ..." કહીને અસીમ ઊભો થઈ ગયો. એણે મમ્મીનું બાવડું પકડીને બહાર કાઢવાનો ટ્રાય કર્યો. બે જણાં વચ્ચે લગભગ હાથોહાથની ઝપાઝપી થઈ ગઈ. સ્વાભાવિક છે કે, ૧૫ વર્ષના છોકરાની સામે ૫૦ વર્ષની માનું કંઈ ન ચાલે...

આજકાલનાં કેટલાંય ઘરોમાં આવી સમસ્યા જોવા મળે છે. ટીનએજ છોકરાઓ પૉર્ન સાહિત્ય અને પૉર્ન સાઇટ્સ સાથે વધુ ને વધુ ઍંગેજ થઈ રહ્યા છે. માતા-પિતાનો ભય વધે છે, પણ આ કંટ્રોલ કરવું અઘરું થતું જાય છે. કમ્પ્યૂટરનો વ્યાપ એટલો વધ્યો છે કે ક્યાં અને કેવી રીતે રોકી શકાય એ માતા-પિતાને સમજાતું નથી. ફોનથી શરૂ કરીને આઈપેડ, લૅપટૉપ... દરેકેદરેક જગ્યાએ ઈન્ટરનેટ છે અને દરેક ઈન્ટરનેટ પર આ બધુ જ

એક્સેસ કરી જ શકાય છે. સવાલ એ નથી કે આ ખોટું છે કે સાચું! આવી પૉર્ન સાઇટ્સ પર દેખાડવામાં આવતાં દૃશ્યો યુવાન છોકરાઓને માનસિક રીતે ઉશ્કેરે છે, એમના મગજમાં જે કંઈ દાખલ થાય છે એ સાચી કે એસ્થેટિક રીતે દાખલ નથી થતી પણ ગંદી અને વિકૃત રીતે દાખલ થાય છે. કેટલાંક માતા-પિતા એવી ફરિયાદ કરે છે કે, આ બધું વિદેશી ઉછેર અને અંગ્રેજી શિક્ષણની અસર છે... ગુજરાતી મીડિયમ સ્કૂલમાં બાથરૂમમાં ગાળો બોલતા છોકરાઓ અને ભીંતો પર ગંદું લખતા છોકરાઓ નથી હોતા? સવાલ એ નથી કે આવું સાહિત્ય વાંચવું જોઈએ કે નહીં, જોવું જોઈએ કે નહીં, સાચો સવાલ એ છે કે એની ઉંમર શું અને આવું સાહિત્ય કે દૃશ્યો કંઈ રીતે આવા કુમળા મગજ સુધી પહોંચવા જોઈએ! પૉર્ન સાહિત્ય આપણા દેશમાં નહોતું એવું નથી. વાત્સ્યાયનનું કામસૂત્ર કે ખજૂરાહોનાં શિલ્પ સદીઓ પહેલાં બન્યાં છે આ દેશમાં. ખજૂરાહોના શિલ્પમાં થ્રિસમ, અને લેસ્બિયન સંબંધોનાં પણ શિલ્પો છે. દુનિયાની કોઈપણ બાબત આઉટરાઈટલી ગંદી કે સારી નથી હોતી. એના સમય, સંજોગો અને સંદર્ભ પ્રમાણે એને સારી કે ખરાબનું લેબલ ચોંટાડવામાં આવે છે. ૧૪-૧૫ વર્ષનો છોકરો જ્યારે પૉર્ન સાઇટ્સ પર જઈને સેક્સનાં દૃશ્યો જુએ છે ત્યારે એની ઉંમર અને ભારતીય પરિવેશ માટે કદાચ થોડું વહેલું છે.

પૉર્ન સાહિત્ય કે સાઇટ્સ યુવાનોને કંઈ આજકાલના આકર્ષે છે એવું નથી. માતા-પિતા બહારગામ જાય ત્યારે વીડિયો ભાડે લઈને ઘરમાં ભેગા થયેલા છોકરાઓ આવી ફિલ્મો જોતા હતા... એ પહેલાં મોંઘા ભાવનાં—બ્લૅકમાં ખરીદેલા પેન્ટહાઉસ અને પ્લેબૉય પુસ્તકોમાં અને મૅગેઝિનમાં સંતાડીને વાંચતા લોકો હતા જ, બાથરૂમની છાજલીઓ પર આવા મૅગેઝિન્સ છુપાવીને રાખવામાં આવતાં અને મા-બાપના હાથમાં આવે તો કાળો કકળાટ મચી જતો. અસીમ ૧૫ વર્ષનો હતો પણ એ જમાનામાં ૨૫ વર્ષના છોકરાના હાથમાં પણ આવું કંઈ દેખાય કે "પકડાય" તો પિતા એના પર હાથ ઉપાડતા અચકાતાં નહીં... એ જ પિતા ભૂલી જતા કે ગામની તળાવે નહાતી સ્ત્રીઓને જોવા પોતે પણ ઝાડ પાછળ છુપાયેલા, ક્યારેક!

શારીરિક જરૂરિયાત એ માણસનો બેસિક ગુણધર્મ છે. શારીરિક આકર્ષણ સામાન્ય બાબત છે. એને વિશે કોઈ છોછ રાખવો કે સ્ત્રીસૌંદર્યને મનોરંજન તરીકે જોતા માણસને નાલાયક, નકામો, ગંદો ગણવો એ આપણી માન્યતા છે... સૅક્સ ગંદી વસ્તુ છે એવું શાસ્ત્રમાં ક્યાંય લખ્યું નથી, જો ખરેખર એમ જ હોત તો કુદરતે માણસના જીવનને સૅક્સ સાથે ન જોડ્યું હોત. પુરુષ માટે સ્ત્રીનું શરીર એ હંમેશા રસપ્રદ અને રહસ્યમય બાબત રહી છે. રહસ્યને ઉકેલવું એ માનવ સ્વભાવ છે, બીજો માનવ સ્વભાવ એ છે કે જે વસ્તુને રોકવામાં આવે, ઢાંકવામાં આવે કે જેનાથી દૂર રાખવાનો પ્રયાસ કરવામાં આવે એ બાબત પરત્વે આકર્ષણ વધતું જાય છે. સ્ત્રીશરીર અને સૅક્સની બાબતમાં પણ આવું જ થાય છે. પશ્ચિમના દેશોને આપણે આપણા બાળકોના બગડવા માટે જવાબદાર ગણતા હોઈએ તો એકવાર આવી પૉર્ન સાઇટ્સ પર જવું જોઈએ. ફક્ત વિદેશોમાં આવી ફિલ્મો બને છે કે અપલોડ કરાય છે એવું નથી... આપણા દેશમાં પણ આવી કેટલીય ફિલ્મો બને છે અને અપલોડ કરાય છે. પશ્ચિમના દેશોમાં તો કદાચ શરીરને શરીરથી જોડવામાં આવે છે, પરંતુ આપણા દેશોમાં આવી ફિલ્મો વધુ ડેન્જરસ છે કારણ કે એમાં પડોશી, ભાભી, દિયર, સાળી-બનેવી અને શિક્ષક વિદ્યાર્થીના સંબંધોને જુગુપ્સાપ્રેરક અને ઉત્તેજક રીતે દેખાડવામાં આવે છે, એવી જ રીતે "કિશોરકાકા"ની ઑડિયો સાંભળીએ તો સમજાય કે બિનજરૂરી ગાળો કેટલી કૉમિક અને કેટલી હાસ્યાસ્પદ પુરવાર થઈ શકે, પરંતુ એક ટીનએજ બાળક માટે એ ક્યુરિયોસિટીનો અને મનોરંજનનો વિષય હોય એ બહુ ઇચ્છનીય નથી.

બહુ સ્વાભાવિક રીતે જ એક સંસ્કારી માતા-પિતાને પોતાના સંતાનમાં આવી રહેલા બદલાવ વિશે ચિંતા થાય એ સ્વાભાવિક છે. આજના સમયમાં માત્ર છોકરાઓ જ આવા કુતૂહલ કે આકર્ષણમાં ઘસડાય છે એવું નથી,

ટીનએજમાં પહોંચેલી છોકરીઓ પણ ફક્ત ક્યુરિયોસિટીને કારણે આવી બાબતોમાં ખેંચાઈ જતી હોય છે. ફેસબુક કે ચૅટરૂમ જેવી સાઇટ્સ આવા કુતૂહલને કે આકર્ષણને ભયજનક વળાંક આપે છે. માતા-પિતાના ગુસ્સે થવાથી, મારપીટ કરવાથી, ઈન્ટરનેટ બંધ કરવાથી ખરેખર કોઈ ફેર પડી શકતો નથી, બલ્કે આવા કુતૂહલને જેમ વધુ કંટ્રોલ કરવાનો પ્રયત્ન કરવામાં આવે એમ એ વધુ વકરે છે. પ્રયાસ એવો હોવો જોઈએ કે આપણા ઘરમાં ઊછરી રહેલા એક કિશોરને સ્ત્રીશરીર મનોરંજનની નહીં, પરંતુ સન્માનની દૃષ્ટિએ જોવાની આદત પડે. એના કુતૂહલને ગંદું કહેવાને બદલે એને એની યોગ્ય ઉંમર સુધી પહોંચવાની પ્રતીક્ષા કરતાં શીખવવું જોઈએ... માતા-પિતા જ્યાં સુધી પોતાના સંતાનની ઉંમરમાં પ્રવેશીને એને સમજવાનો પ્રયત્ન કરતાં નહીં શીખે ત્યાં સુધી માતા-પિતા અને સંતાન વચ્ચે આ કમ્યુનિકેશનની ખાઈ એમ જ રહેશે...

સવાલ સ્ત્રી કે પુરુષનો, માનસિકતાનો, ગંદકી કે દંભનો નથી-ખરેખર સવાલ છે એક એવા ઉછેરનો જે આજના સમયે સાથે કદમ મિલાવી શકે. આજનું બાળક દોડે છે, ચાલતું નથી-એની ભયાનક સ્પીડ સાથે મેચ નહીં કરી શકતાં માતા-પિતા બાળકની પાછળ પડી જાય છે... ખાસ કરીને દીકરો જ્યારે કિશોર વયમાં આવે ત્યારે એ પુરુષ બનવા તરફ પહેલું ડગલું માંડે છે. એના પુરુષત્વને પડકારવાને બદલે, એની આ કુદરતી લાગણીને ગંદી કહેવાને બદલે એની સાથે સમજદારીથી અને સ્નેહથી વાત થાય તો કદાચ આવનારી પેઢીમાં વધુ સમજદાર અને સ્ત્રી સાથે વધુ સન્માનથી વર્તતી એક વ્યક્તિ આપણે સમાજને આપી શકીએ.

• • •



કાર્યેષુ મંત્રીઃ પહેલો અધિકાર પત્નીનો છે

પતિના મેડિક્લેમ, ઇન્કમટૅક્સની વિગતો, પરિવારના મેડિક્લેમ—પર્સનલ ઍક્સિડન્ટ્સ વીમા કે બીજી વિગતો તો પત્નીને ખબર હોવી જ જોઈએ. પત્નીના નામે ખરીદાયેલી મિલકત કે એના નામે ચાલતા એકાઉન્ટ્સ વિશે એને જણાવવું જરૂરી છે. ચેકબુકમાં કે ઇન્કમટૅક્સ રિટર્ન્સમાં પત્ની પાસે સહી કરાવતી વખતે એને સાદી બાબતોની સમજ એટલા માટે આપવી જોઈએ કે ક્યારેક કોઈ સમસ્યા ઊભી થાય તો પત્ની આવી નાની બાબતને પોતાની જાતે હૅન્ડલ કરી શકે. આજના સમયમાં જ્યારે કોઈનીયે જિંદગીનો ભરોસો નથી ત્યારે જે પુરુષો એમ માનતા હોય કે, “મને કશુંયે થવાનું નથી.” એમણે ફરી એક વાર વિચારવું જોઈએ અને એમની આસપાસ બનતા કિસ્સાઓને એક વાર ધ્યાનથી જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ.

“**કોનો** ફોન હતો?” મીનાક્ષીએ જરા ચિંતાથી પૂછ્યું, અપૂર્વ ફોન ઉપર વાત કરતો હતો, પણ એના ચહેરા પર સખત ટેન્શન દેખાઈ આવતું હતું. સામાન્ય રીતે અપૂર્વ આટલો ટેન્શનમાં ક્યારેય ન રહેતો, પણ આજે કોઈ વિચિત્ર પ્રકારના સ્ટ્રેસ સાથે એ આંટા મારતો ફોન પર વાતો કરતો હતો. મીનાક્ષીના સવાલની સામે એણે ખાલી ડોકું ધુણાવ્યું. મીનાક્ષીને ચિંતા થઈ. એણે ફરી પૂછ્યું, “આટલું બધું સ્ટ્રેસ કેમ કરો છો? શી વાત છે?” અપૂર્વએ જરા અકળાઈને કહ્યું, “તું તારું કામ કર.” મીનાક્ષીએ નજીક આવીને વહાલથી કહ્યું, “મને નહીં કહો?” હવે અપૂર્વની ધીરજ ખૂટી. એણે મીનાક્ષીને આઘી ખસેડી, “બૈરાંઓએ ધંધામાં માથાકૂટ નહીં કરવાની.” કહીને એણે બહારની તરફ ચાલવા માંડ્યું. બારણું પછાડીને બહાર નીકળી ગયેલા અપૂર્વને જતો જોઈને મીનાક્ષી રડી પડી...

હવે એને ખબર હતી કે અપૂર્વ મોડી રાત સુધી પાછો નહીં આવે. આવું વારંવાર થતું હતું. અપૂર્વના બિઝનેસના સ્ટ્રેસ ઘર સુધી લંબાઈ જતા. એ જ્યારે જ્યારે સ્ટ્રેસ કરતો ત્યારે દરેક વખતે મીનાક્ષીનું અપમાન કરી બેસતો. મીનાક્ષીના પિતા પણ બિઝનેસમેન હતા, પરંતુ મીનાક્ષીના ઘરમાં ધંધાની વાતો ઘરના સહુને કહેવામાં આવતી. એના પિતાએ એવી ટેવ પાડી હતી કે પરિવારના સહુ સાથે મળીને ભોજન કરે ને ભોજનના સમયે બધી જ વાતોની ચર્ચા કરવામાં આવતી, પરંતુ અહીં—અપૂર્વના ઘરમાં સ્ત્રીઓ સાથે કોઈ વાત કરવામાં

આવતી નહીં. ધંધાનાં ટેન્શન સ્ત્રીઓ સુધી પહોંચવા જ ન જોઈએ એવું અહીં સહુ માનતા. પુરુષો એકલા જમવા બેસતા ને સ્ત્રીઓ અલગ... બેડરૂમમાં પણ મીનાક્ષી કંઈ પૂછે તો અપૂર્વ અકળાઈ જતો...

ઘણાં ઘરોમાં આવું થાય છે. બિઝનેસ પુરુષ સંભાળે ને ઘર સ્ત્રી સંભાળે... આમ જુઓ એ વિશે ઊહાપોહ કરવા જેવું કંઈ નથી. સામાન્ય રીતે લગભગ બધે જ આ પ્રથા અમલમાં છે. સ્ત્રીઓ બહાર નીકળે, કામ કરે, પૈસા કમાય એ મોટા ભાગના પરિવારોને અનુકૂળ નથી હોતું. શહેરોમાં કે ભણેલી સ્ત્રીઓ હોય એવા પરિવારોમાં કદાચ પણ સ્ત્રી કામ કરે એ સ્વીકાર્ય હોય છે, પરંતુ આ બે-પાંચ ટકા સ્ત્રીઓની વાત છે. નાનાં શહેરોમાં—ગામડાંઓમાં કે હજીયે પુરાણી પરંપરામાં જીવતા પરિવારોમાં સ્ત્રીની આવક શરમજનક બાબત માનવામાં આવે છે.

પુરુષ કે પતિ માટે પોતાની પત્નીની કમ્ફર્ટ, સુખ કે શાંતિ મહત્ત્વના હોય એ આનંદની જ વાત છે. ઘણા પુરુષો એમ માને છે કે એ કમાઈ શકે છે તો એમની પત્ની શા માટે મહેનત કરે કે હેરાન થાય? કેટલીક વાર એવું બને કે સ્ત્રી માટે કામ કરવું—વ્યવસાય કરવો કે નોકરી કરવી એ ફક્ત કમાવાની જરૂરિયાત નથી હોતી, પરંતુ આ વાત બહુ સારી રીતે કે સ્પષ્ટ રીતે પતિ કે પુરુષ સુધી નથી પહોંચતી ત્યારે એમાંથી સમસ્યા ઊભી થાય છે.

સ્ત્રી વ્યવસાય કરે કે ના કરે એનો આધાર પતિ—પરિવાર અને સ્ત્રીની પોતાની માનસિકતા અને ઇચ્છા પર રહેલો છે, પરંતુ કેટલીક વાર જ્યારે ઘરની સ્ત્રીને કશું જ જણાવવામાં ના આવે, ધંધાનાં ટેન્શન તો એને ન જ આપવામાં આવે, પરંતુ જ્યારે મુખ્ય બાબતોમાં પણ એને દૂર રાખવામાં આવે ત્યારે ઘણી વાર ભયાનક પરિણામો આવતાં હોય છે. આપણે સહુ સુખી થવા માટેનો જ પ્રયાસ કરતા હોઈએ છીએ. ઘરનો પુરુષ જ્યારે મિલકત વસાવે, મકાન ખરીદે કે ઇન્વેસ્ટમૅન્ટ કરે ત્યારે એનો ઇરાદો કંઈ એકલા જ ફાયદો ઉઠાવવાનો કે મજા કરવાનો નથી હોતો. મુખ્યત્વે આવાં બધાં ઇન્વેસ્ટમૅન્ટ કે રોકાણ પાછળનો ઇરાદો પોતાના પરિવારની સલામતીનો હોય છે. આ સલામતી ક્યારેક પરિવાર સુધી પહોંચે જ નહીં એવું પણ બને.

પરિવારનો મુખ્ય કમાતો માણસ જ્યારે પોતાની પત્ની ને કે પરિવારની સ્ત્રીને કશું કહે નહીં, જણાવે નહીં ત્યારે ઘણી વાર એ પત્ની કે પરિવાર સુધી પુરુષે વસાવેલી—ખરીદેલી સંપત્તિ કે ઇન્વેસ્ટમૅન્ટ્સની વિગતો પહોંચી જ ન હોય. પરિવારના મોભીને કે મુખ્ય વ્યક્તિને ક્યારેક કંઈક થઈ જાય, બીમારી કે મૃત્યુ આવે ત્યારે એણે જે ઇરાદાથી ઇન્વેસ્ટમૅન્ટ કર્યું હોય કે સંપત્તિ વસાવી હોય એની એના પરિવારને જાણ જ ન હોય તો શું થાય? સ્ત્રીઓને ધંધાની બહાર રાખવી કે એમને કશું ન જણાવવા દેવું એની પાછળ કદાચ કાળજી હોય કે સ્નેહ હોય, એવું બને કે સ્ત્રીઓને આ બધી ચિંતા શા માટે આપવી? એમ વિચારીને ઘરના પુરુષો એમને આ બધી બાબતોની જાણ ના કરે... ક્યારેક એવું બને કે પુરુષો પોતાના અહંકારમાં કે પુરુષત્વના ગુમાનમાં ઘરના 'બૈરા'ને આ બધાથી દૂર રાખે, ઘણા પરિવારોમાં આજે પણ એવી માન્યતા છે કે સ્ત્રીઓને કશી જ સમજ નથી હોતી. આ માન્યતા સાચી પણ હોય, ને ખોટી પણ હોય. સ્ત્રીને સમજ છે કે નહીં, એની સાથે ધંધાની વિગતો કે સિક્રેટ્સ વહેંચી શકાય કે નહીં એ વિશેનો નિર્ણય તો એકાદ-બે વખત આવો પ્રયત્ન કર્યા પછી જ લઈ શકાય ને? એવું પણ બને છે કે ધંધાની વિગતો—કેશ ટ્રાન્ઝેક્શન્સની વિગતો કે મિલકત ખરીદવાની વિગતો જ્યારે સ્ત્રીને ખબર હોય ત્યારે એ બિનજરૂરી સવાલો પૂછે છે. ઘણી વાર ઘરના પુરુષો પોતાની બહેનને, મિત્રોને કે કોઈ સગાને મદદ કરે ત્યારે ઘરની સ્ત્રીઓ એ વિશે ઝઘડા કરે, કકળાટ કરે એવા પણ પ્રસંગો બનતા હોય છે. આવા પ્રસંગોને કારણે કે બીજાઓના ઘરના દાખલા પરથી એવો નિર્ણય કરવામાં આવે છે કે સ્ત્રીઓને બિઝનેસની કે ફાઇનાન્સની બધી વિગતો ન કહેવી. આ નિર્ણય તદ્દન ખોટો છે એવું આપણે ન

માનીએ તો પણ જે આ સંપત્તિ ભોગવવાના અધિકારી છે એમને એ મિલકત કે સંપત્તિની જાણ હોવી જોઈએ એ પણ એટલી જ મહત્ત્વની બાબત છે.

પતિના મેડિક્લેમ, ઇન્કમટૅક્સની વિગતો, પરિવારના મેડિક્લેમ—પર્સનલ ઍક્સિડન્ટ્સ વીમા કે બીજી વિગતો તો પત્નીને ખબર હોવી જ જોઈએ. પત્નીના નામે ખરીદાયેલી મિલકત કે એના નામે ચાલતા એકાઉન્ટ્સ વિશે એને જણાવવું જરૂરી છે. ચેકબુકમાં કે ઇન્કમટૅક્સ રિટર્ન્સમાં પત્ની પાસે સહી કરાવતી વખતે એને સાદી બાબતોની સમજ એટલા માટે આપવી જોઈએ કે ક્યારેક કોઈ સમસ્યા ઊભી થાય તો પત્ની આવી નાની બાબતને પોતાની જાતે હૅન્ડલ કરી શકે. આજના સમયમાં જ્યારે કોઈનીયે જિંદગીનો ભરોસો નથી ત્યારે જે પુરુષો એમ માનતા હોય કે, "મને કશુંયે થવાનું નથી." એમણે ફરી એક વાર વિચારવું જોઈએ અને એમની આસપાસ બનતા કિસ્સાઓને એક વાર ધ્યાનથી જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ. એક મિનિસ્ટરના મૃત્યુ પછી એમની કરોડોની બેનામી સંપત્તિ અને રોકડા રૂપિયાનો હિસાબ એની પત્ની સુધી પહોંચ્યો જ નથી એ વાત આખું ગુજરાત જાણે છે, પ્રમોદ મહાજન હોય કે રાજીવ ગાંધી—ઇન્દિરા ગાંધી, કાળું નાણું અને બેનામી ઇન્વેસ્ટમૅન્ટ્સ આવા બધા જ લોકો પાસે હોય છે. એમના પરિવારથી આવી વિગતો છુપાવવાનો એમનો મોહ ઘણી વાર આવા અનેક એકાઉન્ટ્સ કે કેશ ટ્રાન્ઝેક્શનને નલઍન્ડવોઇડ કરી નાખે છે!

આજે પણ સ્વિસ બૅન્કમાં એવાં એકાઉન્ટ્સ છે, જેની વિગતો કોઈની પાસે નથી!

મહેનત કરીને વસાવવામાં આવતી મિલકત કે જમા કરવામાં આવતી પુંજીનો મુખ્ય ઉદ્દેશ પોતાની અને પરિવારની સલામતી છે. પોતે મહેનત કરીને ભેગા કરેલા પૈસા જો પોતાની જ વૃદ્ધાવસ્થામાં કે પરિવારના કામમાં ન આવે તો એનો શો ફાયદો?

અહંકારમાં, અણસમજમાં કે અવગણનાની માનસિકતામાં જે પતિ પોતાની પત્નીને પોતાના રહસ્યની ભાગીદાર નથી બનાવતા એ પતિ ક્યારેક પસ્તાય છે... આ પસ્તાવાનો સમય પતિના જીવતા જ આવે તો કદાચ એનો ઉપાય પણ થઈ શકે, પરંતુ જો વ્યક્તિની હયાતી જ ન હોય અને એણે કરેલી મહેનતનાં ફળ એના પરિવારને ન મળે તો એનાથી વધુ કમનસીબ અને પીડાદાયક બાબત બીજી કઈ હોઈ શકે?

• • •



કેમ? ડોસા થયા એટલે વહાલ ન થાય?

લગ્નજીવનનાં શરૂઆતનાં વર્ષોમાં ઘરની જવાબદારી અને નાના—ઊછરતાં સંતાનોને કારણે પ્રાઇવસીનો પ્રશ્ન પણ ઘણા બધા પરિવારોને નડતો હોય છે. થોડું-ઘણું કમાયા પછી જુદા બેડરૂમ્સની વ્યવસ્થા થાય અને જીવન પ્રમાણમાં થોડું સ્થિર અને થોડું સલામત થાય ત્યારે જ કદાચ માણસ પોતાની જરૂરિયાતો પ્રત્યે સભાન થાય છે. ખરેખર તો એ પુરુષોને અભિનંદન આપવાં જોઈએ, જે ચાળીસીમાં આવેલી પોતાની થોડી સ્થૂળ અને થોડીક પ્રૌઢ દેખાતી પત્ની પરત્વે પણ એટલું જ આકર્ષણ અનુભવીને એની જ સાથે પોતાની શારીરિક જરૂરિયાતોને સીમિત રાખી શકે.

"**હવે** આ ઉંમરે તો જરા તમારી જાતને સંયમમાં રાખતાં શીખો." લલિતાબહેને નજીક આવેલા મોહનભાઈને ધક્કો માર્યો, "છોકરાને ઘેર છોકરાં આવી ગયાં, તોય તમારી ભૂખ ઓછી નથી થતી." કહીને લલિતાબહેન પડખું ફરી ગયાં. પત્નીની નજીક સરકેલા મોહનભાઈને જાણે કોઈએ તમાચો માર્યો હોય એવી લાગણી થઈ.

"હું તને વહાલ કરું એમાં વળી ખોટું શું છે?" મોહનભાઈએ લલિતાબહેનને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

"ખોટું? તમારી ઉંમર શું થઈ એનું ભાન છે તમને?" લલિતાબહેને છણકો કર્યો, "પચાસ વર્ષે લોકો વનમાં પ્રવેશી જાય. ભગવાનનું નામ લેવાનો સમય છે આ, પણ તમને તો..." લલિતાબહેનના અવાજમાં વિચિત્ર પ્રકારનો તિરસ્કાર હતો.

"તે?" મોહનભાઈ છંછેડાયા, "મારી બૈરીને વહાલ કરું છું. ગુનો નથી કરતો... ને ભગવાનનું નામ રોજ લઉં છું. પ્રામાણિકતાથી મહેનત કરું છું. આ બધા તામજામ એમ ને એમ ઊભા નથી થયા." મોહનભાઈ પલંગમાં બેઠા થઈ ગયા, "મને તો એ નથી સમજાતું કે મારા સાદા-સીધા વહાલને દરેક વખતે તું આવી ગંદી રીતે કેમ જુએ છે?"

"મને ખબર છે તમારા મનમાં શું છે તે." કહીને લલિતાબહેન ઊભાં થઈ ગયાં. ઓશીકું અને રજાઈ લઈને બહાર જવા લાગ્યાં.

"ક્યાં જાય છે?"

"બહાર. મારે નથી સૂવું તમારી બાજુમાં. કાલથી હવે હું કોકીના રૂમમાં જ સૂઈશ." કહીને એ બહાર જતાં રહ્યાં.

પાછળ બંધ થતા દરવાજાને જોઈને મોહનભાઈએ જોરથી બૂમ પાડી, "બહુ સારું. આજ પછી કોઈ દિવસ મારી પાસે નહીં આવતી." લલિતાબહેન બહાર નીકળી ગયાં... એ પછીના ઘણા દિવસો સુધી બંનેની વચ્ચે મન ઊંચાં રહ્યાં. સમય વીતતો ગયો. કેટલીક વાર છોકરાઓની હાજરીમાં ઝઘડો કે આર્ગ્યુમૅન્ટ થઈ જાય ત્યારે બંને જણાં આ બાબતે એકબીજાને મહેણાં મારતાં. દીકરો અને વહુ સાવ અજાણ નહોતાં જ, એ લોકો બધું સમજતાં પણ સંકોચને કારણે કશું બોલી શકતાં નહીં.

આટલું ઓછું હોય એમ જે મોહનભાઈ ભાગ્યે જ ગુસ્સે થતા એમનું મગજ હવે વારંવાર 'જવા' લાગ્યું, એકાદ વાર એમણે લલિતાબહેન પર હાથ ઉગામ્યો, એમના સંસ્કારે એમને મારતા રોકી લીધા, પરંતુ એ ક્ષણ ઘરના સહુ માટે આંચકો આપનારી અને સંકોચ થાય એવી ક્ષણ હતી. પોતાના ગુસ્સા માટે મોહનભાઈ જ્યારે ડૉક્ટર પાસે ગયા ત્યારે એમને સમજાવતાં ડૉક્ટરે કહ્યું, "સૅક્સ્યુઅલી ડિપ્રાઇવ્ડ માણસોને ગુસ્સો બહુ આવે છે. ઊર્જાનો સાચો ઉપયોગ ન થાય ત્યારે એ ઊર્જા ઇરિટેશન અને ગુસ્સો જન્માવે છે." આ કિસ્સો કદાચ મોહનભાઈનો હોય, પરંતુ આ સમસ્યા ઘણા બધા પરિવારોની સમસ્યા છે. બાવન વર્ષની ઉંમર શરીરથી નિવૃત્તિ લેવાની ઉંમર નથી જ. કેટલીક સ્ત્રીઓને બાળપણથી જ શરીર વિશેની સમજ આપવામાં આવી હોતી નથી. એક પુરુષ સાથેના સંબંધમાં, ખાસ કરીને પતિ સાથેના સંબંધમાં શરીરનું મહત્ત્વ ઓછું આંકવાથી એ સંબંધને સીધો ઉઝરડો પડવાની સંભાવના રહે છે.

શરીરને કોઈ વાનગીની જેમ ધરી દેવું ને પતિ અકરાંતિયાની જેમ ખાઈ લે એને સુખી કે સ્વસ્થ લગ્નજીવન ન જ કહેવાય. સામાન્ય રીતે પુરુષ માટે લગ્નજીવનની સાચી શરૂઆત એની ચાળીસી શરૂ થયા પછી જ થાય છે. પહેલાં ભણતર અને કારકિર્દી, પછી સંતાનોનું ભણતર અને પછી જિંદગીની બીજી વિટંબણાઓમાં અટવાયેલો માણસ પોતાના લગ્નજીવનની મજા સાચી રીતે અને સાચા અર્થમાં લગભગ ચાળીસ વર્ષ પૂરાં થયા પછી જ મેળવે છે. લગ્નજીવનનાં શરૂઆતનાં વર્ષોમાં ઘરની જવાબદારી અને નાના—ઊછરતાં સંતાનોને કારણે પ્રાઇવસીનો પ્રશ્ન પણ ઘણા બધા પરિવારોને નડતો હોય છે. થોડું-ઘણું કમાયા પછી જુદા બેડરૂમ્સની વ્યવસ્થા થાય અને જીવન પ્રમાણમાં થોડું સ્થિર અને થોડું સલામત થાય ત્યારે જ કદાચ માણસ પોતાની જરૂરિયાતો પ્રત્યે સભાન થાય છે. ખરેખર તો એ પુરુષોને અભિનંદન આપવાં જોઈએ, જે ચાળીસીમાં આવેલી પોતાની થોડી સ્થૂળ અને થોડીક પ્રૌઢ દેખાતી પત્ની પરત્વે પણ એટલું જ આકર્ષણ અનુભવીને એની જ સાથે પોતાની શારીરિક જરૂરિયાતોને સીમિત રાખી શકે. પ્રમાણમાં સફળ અને ચાળીસીમાં વધુ સારા—મૅચ્યૉર અને હૅન્ડસમ દેખાતા પુરુષ માટે ઘરની બહાર ઘણાં પ્રલોભનો હોય છે. એમાંથી બચીને જ્યારે એ પોતાની જ પત્ની સાથે પોતાની વફાદારી ટકાવી રાખવાના પ્રયાસમાં હોય એ સમયે જ્યારે એની પત્ની એને શરીરથી દૂર રાખે ત્યારે પુરુષ માટે એ અનુભવ તિરસ્કાર અને પીડાનો અનુભવ હોય છે. આમ પણ એક પુરુષ માટે શારીરિક અનુભૂતિ લાંબો સમય ચાલતી હોય છે એમ મોટા ભાગના સૅક્સોલૉજિસ્ટ માને છે. લગ્નજીવનની શરૂઆતનાં વર્ષોમાં કદાચ પત્ની કશું ન કહે એટલે એ સંબંધનું મહત્ત્વ ફક્ત શારીરિક સંતોષ પૂરતું હોય છે. વધતા અને વીતેલાં વર્ષો સાથે જ્યારે બંને જણાં એકબીજાને સમજવા લાગે ત્યારે બંનેને એકબીજાના ગમા-અણગમા સમજાવા લાગે છે... જરૂરિયાતોની જાણ થાય છે, એવા સમયે જો બે લોકો—જીવનસાથી એકબીજાને અનુકૂળ થવાનો કે એકબીજાની જરૂરિયાત સંતોષવાનો પ્રયાસ ન કરે તો સમસ્યાની શરૂઆત થાય છે.

બાળકો મોટાં થાય એનો અર્થ એવો નથી કે માતાપિતાએ શારીરિક સંબંધમાં નિવૃત્તિ લઈ લેવી. 'દરવાજો બંધ કરીને સૂઈએ તો બાળકો શું વિચારે?' એવા સંકોચ સાથે પણ ઘણાં માતાપિતા બેડરૂમનો દરવાજો બંધ કરતાં નથી. સ્ત્રીઓની સૅક્સ ડ્રાઇવ મેનોપૉઝના સમયમાં ક્યારેક ઓછી થઈ જાય છે, વળી ઇન્ટરનલ ડ્રાયનેસને કારણે પણ આવા શારીરિક સંબંધ પરત્વે સ્ત્રીઓને થોડીક અરુચિ થાય એવું બને, પરંતુ આ બધા જ પ્રશ્નોનો ઉકેલ ગાયનેકોલૉજિસ્ટ પાસે હોય જ છે. સૅક્સ એ સહેજ પણ જુગુપ્સાપ્રેરક કે ગંદો શબ્દ નથી. સાવ નાનપણમાં કેટલીક છોકરીઓને એમનાં અણઘડ માતાપિતા આવી અર્થહીન વાતો શીખવાડી દે છે. આ છોકરીઓ મોટી થઈને પોતાના પતિને શારીરિક સંતોષ આપવામાં નિષ્ફળ નીવડે છે. પતિને જ શું કામ, આવી સ્ત્રીઓને પોતાના શરીર વિશે પણ ઝાઝી ભાન હોતી નથી. એમને શું ગમે છે કે શું નથી ગમતું એ વિશેની પણ એમને પૂરી માહિતી હોતી નથી. આવા સંબંધોમાં પણ જો પતિ થોડોક મૉડર્ન હોય, બહાર ફરતો હોય, વાંચતો કે વિચારતો હોય તો વધુ ને વધુ સમસ્યાઓ ઊભી થતી રહે છે. આવી સમસ્યાનું નિરાકરણ અસંભવ તો નથી જ, પરંતુ અઘરું છે. સાવ બાળપણમાં મગજમાં ઘૂસી ગયેલી બાબતોને ભૂંસીને ત્યાં નવેસરથી નવી સમજ ઉમેરવાનું કામ સમય અને ધીરજ માગે છે. સામાન્ય રીતે પોતાની કારકિર્દીમાં વ્યસ્ત પુરુષ પતિ તરીકે આટલી ધીરજ કેળવી શકતો નથી. જે પત્ની માટે પોતે રાત-દિવસ ઘસાય છે અથવા જે પરિવાર માટે પોતે આટલી મહેનત કરે છે એ પત્ની જ્યારે એની ઇચ્છાઓ કે લાગણીઓને અનુકૂળ નથી થતી ત્યારે આવા પુરુષો લગ્નેતર સંબંધો તરફ ઘસડાય છે.

આપણે બધા જ જાણીએ છીએ કે એક પુરુષની શારીરિક જરૂરિયાત એની લાગણીઓની સીધી અભિવ્યક્તિ છે. આમાં કશું સારું છે કે ખોટું છે એવું નક્કી કરવાને બદલે પ્રકૃતિએ તદ્દન ભિન્ન એવી વ્યક્તિઓ પ્રત્યે સમજ કેળવવાની જરૂર છે.

જો સૅક્સ એ ખરાબ બાબત હોત તો પ્રકૃતિએ એની સાથે સર્જન જેવી અદ્ભુત બાબતને જોડી ના હોત! જે સ્ત્રીઓ એમ માને છે કે અમુક ઉંમરે સૅક્સથી નિવૃત્તિ લેવી જોઈએ એ સ્ત્રીઓ ખરેખર પોતાના જીવનસાથી સાથે અન્યાય કરે છે. ઇચ્છા ન હોય કે શારીરિક તકલીફ હોય તો એ વિશે ખૂલીને વાત થઈ શકે છે. દરેક વખતે નજીક આવતો પતિ શારીરિક સંતોષ માટે જ આવે છે એમ માનવું પણ થોડુંક વધારે પડતું નથી? ક્યારેક થોડુંક વહાલ, થોડોક સ્પર્શ, થોડોક સ્નેહ, વાળમાં હાથ ફેરવવા, ચુંબન કરવું કે એકબીજાને ભેટીને સૂઈ જવું વગેરે અભિવ્યક્તિ પણ જીવનસાથીની નિકટતા માટે મદદરૂપ પુરવાર થાય છે...

સુરેશ દલાલની એક પંક્તિ, એવા લોકો માટે જે ઉંમર અને વહાલને એકબીજાના વિરુદ્ધ પરિબળો માને છે, "કમાલ કરે છે, કમાલ કરે છે... એક ડોસી ડોસાને હજુ વહાલ કરે છે..."

• • •



મેન'સ ડે કેમ નહીં?

પુરુષ પણ ઓછું કામ નથી કરતો. એ ઘરનું કામ નહીં કરતો હોય, રસોડાનું કામ નહીં કરતો હોય, પરંતુ એનું કામ સહેલું કે ઇઝી છે એવું માનવાનું આપણી પાસે કોઈ કારણ નથી. સવારે નવ વાગ્યે ઘરેથી નીકળતા પુરુષો જિંદગીનાં ૨૦-૨૫ વર્ષ કે કદાચ વધુ દિવસો ટિફિનમાંથી જમે છે! સવારથી પહેરેલાં બૂટ છેક રાત્રે ઉતારે છે... પરિવારની ચિંતા, હાઉસિંગ લોન, કારલોન અને એજ્યુકેશન લોનના હપતા ચૂકવતા મોટા ભાગના પુરુષોને ટાલ પડી જાય છે. પત્ની અને મા વચ્ચેના ઝઘડા એમને માટે બી.પી. અને ડાયાબિટીસનું કારણ પણ બની શકે છે...

"**આજે** સાંજે અમારો વુમન્સ નાઇટઆઉટ છે." ચૈતાલીએ ખુશખુશાલ અવાજે જાગૃતને કહ્યું, "વુમન્સ ડે સેલિબ્રેશન..."

"વેરી ગુડ." જાગૃતે સ્મિત કરીને જવાબ આપ્યો, "એ બહાને અમને પણ મેન'સ નાઇટઆઉટ મળશે."

"કેમ જાણે હું તને બહાર જ ન જવા દેતી હોઉં." ચૈતાલીએ કહ્યું, "હું કંઈ એવી વિચિત્ર પત્ની નથી."

"તે નથી જ. મેં ક્યાં કહ્યું?" જાગૃતે નજીક આવીને ચૈતાલીના ખભે હાથ મૂક્યા. વહાલથી એની આંખોમાં જોયું.

"જાઉં ને?" ચૈતાલીએ લાડથી પૂછ્યું.

"હોઉં... ઊપડ તું તારે. વુમન્સ ડેના સેલિબ્રેશનમાં ના પડાતી હશે?" કહીને જાગૃત હસ્યો, "આખું વરસ જીવવાનું છે અમારે."

"કેમ? ના જવા દે તો હું તારી જિંદગી હરામ કરું?" ચૈતાલીએ પૂછ્યું.

"એવું તો કંઈ નથી." કહીને જાગૃતે સ્મિત કર્યું, "પણ આવો કોઈ મેન'સ ડે કેમ નથી હોતો? ખાલી સ્ત્રીઓને જ પોતાનો દિવસ હોય? સ્ત્રીઓનું જ મહત્ત્વ? પુરુષોને પોતાનો દિવસ ઊજવવાની ઇચ્છા ન થાય? અમને સ્વતંત્રતા ના જોઈએ? અમારે સેલિબ્રેશન ના હોય?" જાગૃત હસવા લાગ્યો.

"તમારે વળી ખાસ દિવસની શી જરૂર? તમારે તો રોજ જ મેન'સ ડે હોય છે. પત્ની રસોઈ કરે, ટિફિન ભરે, બાથરૂમમાં ટોવેલ લટકાવે ત્યારે તમે નોકરી કરો. ઘરે આવો ત્યારે ગરમ ગરમ જમવાનું મળે. તમારા ફ્રેન્ડ્સ આવવાના હોય ત્યારે તમારે તો ખાલી કહી જ દેવાનું. ચિંતા બધી ઘરવાળીને." ચૈતાલી હજી આગળ બોલત, પણ જાગૃતે એના હોઠ પર આંગળી મૂકીને એને અટકાવી.

"લો બોલો! અમે તો જાણે કંઈ કરતાં જ ના હોઈએ." આ મીઠી નોકઝોંક આગળ ચાલી, "આખું વરસ નવથી નવ નોકરી કરીએ, ધંધો કરીએ, તમારા મિજાજ સાચવીએ. આખી જિંદગી પૈસા કમાઈએ... તમારે માટે ડાયમંડ, મોટું ઘર, છોકરાંઓનું એજ્યુકેશન ને સિક્યૉર્ડ ભવિષ્ય. અમારી જુવાની તો એમાં જ પૂરી થઈ જાય છે." કહેતાં કહેતાં જાગૃત અચાનક ગંભીર થઈ ગયો, "સાચું કહે ચૈતાલી, અમે અમારા માટે શું કરીએ છીએ? બધું જ પરિવારની આસપાસ. માતાપિતા, સંતાનો, પત્ની અને સગાંવહાલાં..." ચૈતાલી વિચારમાં પડી. જાગૃતની વાત ખોટી નહોતી.

આમ જુઓ તો લગભગ દરેક ઘરમાં સ્ત્રી પોતે કેટલું કામ કરે છે, કેટલું ઘસાય છે, કેટલું સમાધાન કરે છે એની કથાઓ કહેવાતી રહે છે. લગભગ દરેક સ્ત્રી પોતાની મહેનત અને પોતાના સમર્પણની દુહાઈ દે છે, પરંતુ સાચે જ જોવા જઈએ ત્યારે સમજાય કે પુરુષ પણ ઓછું કામ નથી કરતો. એ ઘરનું કામ નહીં કરતો હોય, રસોડાનું કામ નહીં કરતો હોય, પરંતુ એનું કામ સહેલું કે ઇઝી છે એવું માનવાનું આપણી પાસે કોઈ કારણ નથી. સવારે નવ વાગ્યે ઘરેથી નીકળતા પુરુષો જિંદગીનાં ૨૦-૨૫ વર્ષ કે કદાચ વધુ દિવસો ટિફિનમાંથી જમે છે! સવારથી પહેરેલાં બૂટ છેક રાત્રે ઉતારે છે... પરિવારની ચિંતા, હાઉસિંગ લોન, કારલોન અને એજ્યુકેશન લોનના હપતા ચૂકવતાં મોટા ભાગના પુરુષોને ટાલ પડી જાય છે. પત્ની અને મા વચ્ચેના ઝઘડા એમને માટે બી.પી. અને ડાયાબિટીસનું કારણ પણ બની શકે છે...

છેલ્લા કેટલાય સૈકાઓથી ધીમે ધીમે એવી માન્યતા ઘર કરતી ગઈ છે કે સ્ત્રીઓ પર અત્યાચાર થાય છે. સ્ત્રી સહન કરે છે અને સ્ત્રી જ સતત દુઃખી થાય છે. આજથી થોડાં વર્ષો પહેલાં સુધીના સમયને ધ્યાનમાં લઈએ તો કદાચ આ વાત સાચી લાગે, પરંતુ છેલ્લા થોડા સમયથી જે રીતે સમાજ અને સામાજિક મૂલ્યો બદલાયાં છે એમાં સ્ત્રી દુઃખી છે કે પીડાય છે, સ્ત્રી જ સમર્પણ કરે છે અને સ્ત્રી જ સહન કરે છે એવું કહેવું અઘરું છે. બદલાતા સમય સાથે અર્બન—શહેરી સોસાયટી બદલાઈ છે. આજથી વીસેક વર્ષ પહેલાં જે રીતે દીકરીને ઉછેરવામાં આવતી હતી એના કરતાં હવે સાવ જુદી રીતે દીકરીને ઉછેરવામાં આવે છે. લગભગ દરેક પરિવારમાં દીકરી ભણે છે. છેલ્લાં થોડાં વર્ષોમાં કાયદાએ સ્ત્રી માટે ઘણા દરવાજા ખોલ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ સ્ત્રી-સંરક્ષણ અને સ્ત્રી-શિક્ષણ માટે ખૂબ પ્રયાસ કરી રહ્યાં છે. સ્ત્રી-સ્વાતંત્ર્ય વિશે ભાષણ કરવાને બદલે ગામડામાં સૅનિટેશનની વ્યવસ્થા ઊભી કરવાની એમણે હામ ભીડી છે. બળાત્કારથી શરૂ કરીને દાવરી (દહેજ) અને ડોમેસ્ટિક વાયોલન્સ સુધીના ગુનાઓ સામે સ્ત્રીને પ્રોટેક્શન આપવાનો સરકારે પ્રયત્ન કર્યો છે, પરંતુ આ કાયદા બનાવવાથી કોઈ દેખીતો ફાયદો થતો નથી. આજની સ્ત્રી ફરિયાદ કરવા માટે પોલીસ સ્ટેશન તો જાય છે, પરંતુ એને પૂછવામાં આવતા પ્રશ્નો કે એને ગૂંચવવા માટે ઊભી કરાયેલી અઘરી સિસ્ટમ એને થકવી નાખે છે. કાયદો અમલમાં આવ્યો છે, પણ એનું પાલન કરનારી સિસ્ટમ એ જ છે, જે સ્વતંત્રતા મળી એ પહેલાં હતી! એક મુખ્યપ્રધાન એકલા હાથે ક્યાં ક્યાં પહોંચી શકે એ પ્રશ્ન પણ અગત્યનો છે ને આ સિસ્ટમ કદાચ હજી સુધી 'સ્ત્રી'ને સત્તા પર, સફળ કે સ્વતંત્ર જોવા ટેવાઈ નથી! સ્ત્રીને વોટિંગનો અધિકાર છે—એ નાગરિક છે, પરંતુ એના નાગરિકત્વનું સન્માન ક્યારેક તો એ પોતે પણ નથી કરતી, ને આ સ્થિતિ બદલાઈ નથી હજુયે આ દેશમાં. એક સ્ત્રી ઉપર અત્યાચાર થઈ રહ્યો હોય

ત્યારે—ઑફિસમાં સૅક્સ્યુઅલ અબ્યુઝ, ઘરમાં ડોમેસ્ટિક વાયોલન્સ કે રસ્તા પર છેડતી... આ બધી સ્થિતિમાં બીજી સ્ત્રી એની મદદે આવવાનું ટાળે છે. અખબારો વાંચીને પાનાં પલટી નાખવાનું આપણને અનુકૂળ આવી ગયું છે. આજથી થોડાં વર્ષો પહેલાં ખૂન કે બળાત્કારના સમાચાર વાંચીને કમ-સે-કમ ઘરમાં કે ઑફિસમાં એની ચર્ચા થતી હતી. હવે તો એના વિશે પૂરી વિગત વાંચવાની પણ આપણી તૈયારી નથી હોતી.

પુરુષ ઉપર શારીરિક બળાત્કાર ના થઈ શકે, કારણ કે એની શારીરિક રચના સ્ત્રીના શરીર કરતાં જુદી છે. પુરુષ પાસે શારીરિક શક્તિ વધારે છે, જેને બળ કહેવાય તે કદાચ પુરુષ પાસે વધારે પ્રમાણમાં છે. એનો અર્થ એવો નથી કે પુરુષ દુઃખી નથી થતો. એને તકલીફ નથી થતી એવું ન જ હોઈ શકે... પ્રૉબ્લેમ એ છે કે પુરુષોને પોતાના 'પ્રૉબ્લેમ'ની ચર્ચા કરવાની ફાવટ નથી. સામાન્ય રીતે પુરુષને એવું શીખવવામાં આવે છે કે એણે પોતાના પ્રૉબ્લેમની ચર્ચા કર્યા વગર ચૂપચાપ પોતાનું કામ કરવું—એને જ પુરુષત્વ કહેવાય! પરિવારની જવાબદારી લેવી, પત્નીને સુખી રાખવી કે માતાપિતાના કાળજી લેવી એ દરેક પુરુષની ફરજમાં ગણવામાં આવે છે. પોતાની તબિયતની ફરિયાદો કરવી કે ૪૫—૫૦ વર્ષે 'થાકી ગયા'ની બૂમો પાડવી એ 'બૈરાંઓ'નાં લક્ષણ ગણાય છે!

આ બધાની વચ્ચે એક '૪૯૮-એ'નો કાયદો છે, સૅક્સ્યુઅલ અબ્યુઝ અને બળાત્કારના કાયદાઓ છે. આ બધું સ્ત્રીની તરફેણમાં છે. એક વાર સ્ત્રી ફરિયાદ કરે એટલે પુરુષે પોતાની બેગુનાઈ સાબિત કરવાની રહે છે...

આઠમી માર્ચ વુમન્સ ડે તરીકે ઊજવાય છે, કારણ કે આજથી થોડાં વર્ષો પહેલાં ઘણા લોકોને એવું લાગેલું કે સ્ત્રીમુક્તિ જરૂરી છે, સ્ત્રી પાસે એક એવો દિવસ હોવો જોઈએ, જે એનો પોતાનો આગવો દિવસ હોય... પરંતુ હવેના સમયમાં ખાસ કરીને શહેરી સ્ત્રીઓ જે આ વુમન્સ ડે ઊજવે છે એમને 'સ્ત્રીમુક્તિ'ની ખોટ નથી ને જે સ્ત્રીઓને માટે આ દિવસ ઊજવાવો જોઈએ એમને કાં તો આવા દિવસની કોઈ ખબર જ નથી ને ખબર હોય તો ઊજવવાની એમની હેસિયત—ત્રેવડ કે આવડત નથી...

• • •



પ્રામાણિક પ્રેમ, સાચો સ્વીકાર અને સ્પષ્ટ અભિવ્યક્તિ ના કરાય? કેમ?

આ બધાની વચ્ચે ક્યાંક લગ્ન સિવાયનો પણ એક સંબંધ ઊગ્યો છે, ઓળખાયો છે અને સ્વીકારાઈ રહ્યો છે. બે લોકો વચ્ચે કમ્પૅટેબિલિટી કે કમ્પૅનિયનશિપ હોય તો લીગલ વેડિંગ વિશે હવે બહુ ચિંતા કરવામાં આવતી નથી. યુવાન અને પ્રમાણમાં સ્વતંત્ર જીવવા માગતી યુવતીઓ હવે પોતાનાથી થોડી મોટી ઉંમરનો, વેલ સૅટલ્ડ, વેલ ઍસ્ટાબ્લિશ્ડ, પદ અને પ્રતિષ્ઠા, સત્તા અને સંપત્તિ ધરાવતો પુરુષ પસંદ કરે છે... એ પહેલાં પરણેલો છે કે નહીં? એને સંતાનો છે કે નહીં? આવા પ્રશ્નો એ પુરુષને કે પોતાના મૉરલને પૂછવાનું યુવતીને જરૂરી લાગતું નથી, કદાચ! વેલ સૅટલ્ડ અને ચાળીસી વટાવી ચૂકેલા પુરુષ માટે પણ 'જિંદગી' અને 'સુખ'ના દરવાજા ખૂલ્યા હોય છે. આવા સમયમાં સતત કચકચ-ફરિયાદો કે સંકુચિત માનસિકતા ધરાવતી શંકાશીલ પત્ની સાથે 'નિભાવવા'નો ત્રાસ સહન કરવાની એની તૈયારી નથી હોતી.

"**નમસ્તે** ભાભી." એક પાર્ટીમાં અભયની બાજુમાં ઊભેલી મૈત્રીને કોઈકે વિશ કર્યું. હાથમાં શરાબના ગ્લાસ સાથે ઊભેલાં અભય અને એના મિત્ર કંઈક વાત કરી રહ્યા હતા. બરાબર એ જ વખતે દાખલ થઈને મૈત્રીએ અભયને ડિનર માટે પૂછ્યું. અભયના મિત્રએ ધારી જ લીધું કે આ અભયની પત્ની હશે.

"આ મારી ગર્લફ્રેન્ડ છે." અભયે ચહેરા પર ગર્વ સાથે મૈત્રીની ઓળખાણ કરાવી, "શી ઇઝ નોટ માય વાઇફ." કહીને અભયે મૈત્રીના ખભે હાથ મૂક્યો. અભયની સામે ઊભેલા એના મિત્રના ચહેરા પર આશ્ચર્ય કરતાં વધુ આઘાત હતો. એની આંખો પહોળી થઈ ગઈ. એણે ધ્યાનથી મૈત્રીના ચહેરા તરફ જોયું, પણ મૈત્રીના ચહેરા પર કોઈ સંકોચ કે અફસોસ નહોતો.

મૈત્રીએ સ્મિત કરીને નમસ્તે કર્યું. સાડી પહેરેલી, સુંદર, ઊંચી, પાતળી, અભય કરતાં લગભગ અઢાર વર્ષ નાની દેખાતી મૈત્રીને જોઈને અભયના મિત્રને ઈર્ષ્યા થઈ આવી.

"એટલે... તારી વાઇફ?" અભયના મિત્રથી પૂછ્યા વિના રહેવાયું નહીં.

"એને મેં છોડી દીધી." અભયે વધુ નફ્ફટાઈથી અથવા પ્રામાણિકતાથી કહ્યું, "અમે સાથે રહી શકીએ એમ નહોતાં."

"ને છોકરાંઓ?" અભયના મિત્રનું કુતૂહલ વધતું જતું હતું.

"એની પાસે." અભયે ખભા ઉલાળ્યા, "હું મુક્ત છું. ફ્રી બર્ડ..." કહીને અભયે એનો ગ્લાસ ઊંચો કર્યો, એક જ ઘૂંટમાં લગભગ અડધો પૅગ પૂરો કરીને અભય હસ્યો.

અભયનો મિત્ર એક સામાન્ય બિઝનેસમેન હતો. સંભ્રાંત પરિવારમાં પ્રોટેક્ટેડ ઊછરેલો, માતાપિતાની મરજીથી પરણેલો બે છોકરાનો બાપ. એને માટે બાવન વર્ષનો અભય ચોત્રીસ વર્ષની મૈત્રી સાથે આવો સંબંધ ધરાવતો હોય એ આશ્ચર્યજનક બાબત હતી ને એની ખુલ્લેઆમ જાહેરાત કરે એ આઘાતજનક બાબત હતી...

"તને શરમ નથી આવતી?" અભયના મિત્રથી પુછાઈ ગયું.

અભય ફરી હસી પડ્યો. એણે મૈત્રીને ત્યાંથી જવાનો ઇશારો કર્યો. પછી એના મિત્રની સહેજ નજીક જઈ અભયે કહ્યું, "તમે છાનગપતિયાં કરો એનો વાંધો નહીં, હું ખુલ્લેઆમ કંઈ કરું તો મને શરમ આવવી જોઈએ? પેલી મૉડલ અને તારા જ કઝીનની વાઇફ..."

"શ..શ..શ..." અભયના મિત્રએ એનો હાથ પકડી લીધો, "શું કરે છે? કોઈ સાંભળશે."

"તો?" અભયે જરા વધારે જોરથી કહ્યું, "હું જે કરું છું એ ખુલ્લેઆમ કરું છું. કોઈના બાપથી ડરતો નથી. મને શા માટે શરમ આવવી જોઈએ?" કહીને અભયે એના મિત્રના ખભે ધબ્બો માર્યો, "જે કરીએ તે કહેતાં ડરવું પડે એવું કરવું નહીં ને ડર લાગે તો કરવું નહીં, સમજ્યો?" કહીને અભય તો ત્યાંથી નીકળી ગયો, પણ એનો મિત્ર એને દંગ થઈને જોતો રહ્યો.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે પુરુષોમાં હિંમત નથી હોતી. સ્ત્રીની પ્રામાણિકતાની, હિંમતની કે બધું ફૂંકી મારવાની એમની આવડત અને તાકાતની વારંવાર દુહાઈ દેવામાં આવે છે. સ્ત્રી પ્રેમમાં પડે ત્યારે પાછળ વળીને જોતી નથી એવું પણ ઘણા લોકો કહે છે અને માને છે.

દરેક વખતે એવું પણ ઍસ્ટાબ્લિશ કરવામાં આવે છે કે પુરુષનો ઉદ્દેશ સ્ત્રીને પથારી સુધી ઘસડી જવાનો હોય છે. એટલું પૂરું થાય પછી પુરુષને સ્ત્રીમાં રસ નથી હોતો એવું વારંવાર સંભળાવવામાં—કહેવામાં આવે છે. આપણે બહુ જેનેરિક વર્તતાં અને વિચારતાં શીખી ગયા છીએ. એકાદ-બે ઘટનાઓ પરથી આખીયે જેન્ડર કે જાતિ પરત્વે અભિપ્રાય બાંધી લેવામાં આવે છે. એક-બે લોકો અમુક રીતે વર્તે કે વિચારે એનાથી આપણે માટે લગભગ બધા જ એક જેવા છે. પ્રામાણિકતા કે વફાદારીમાં જેન્ડર અથવા જાતિ શું ભાગ ભજવે? માણસ સાચો હોય અથવા ખોટો હોય, વ્યક્તિ વફાદાર હોય અથવા ન હોય... સ્ત્રી કે પુરુષ પોતાની જેન્ડરને કારણે સાચા કે ખોટા હોઈ શકે?

એક સમય હતો, જ્યારે માતાપિતાના ભયથી, સામાજિક પ્રતિષ્ઠાથી કે પોતાનાં અંગત કારણોસર મોટા ભાગના પુરુષો પોતાના લગ્નેતર સંબંધ કોઈ પણ ન જાણે એવો મરણિયો પ્રયાસ કરતા. માતાપિતાએ કરી નાખેલાં લગ્નો કે જ્ઞાતિમાં કરેલાં અરેન્જ મૅરેજ પછી થોડાક જ સમયમાં એવું બને કે પોતાની જીવનસાથી પોતાને લાયક નથી એવું ઘણા બધા પુરુષોને સમજાતું... કેટલાક (બહુ જ ઓછા) પોતાની જીવનસાથીને શિક્ષણથી શરૂ કરીને સભ્યતા સુધી ઘણી બધી બાબતો શીખવીને પોતાની સાથે હરીફરી શકે એવી બનાવવાનો પ્રયત્ન કરતા. જ્યારે મોટા ભાગના 'બૈરું' ઘરે રહે એવું સ્વીકારીને બહાર પોતાની એક નવી જ દુનિયા ઊભી કરી લેતાં અચકાતા નહીં. ઓછું ભણેલી પત્ની ઘર સંભાળતી, માતાપિતાની સેવા કરતી, બાળકોને મોટાં કરતી

અને જે મળ્યું છે તેમાં સંતોષ માનીને પોતાની બાકીની જિંદગી જીવી નાખવાનો પ્રયત્ન કરતી... શરૂઆતમાં ઝઘડતી, લડતી, પછી ધીમે ધીમે એવું સ્વીકારી લેતી કે આ પરિસ્થિતિ બદલી નહીં શકાય!

હવે એ સમય નથી રહ્યો. જે બે જણાંને ન ફાવે એમને છૂટા પડવાનો અધિકાર કાયદાએ ક્યારનોય આપ્યો હતો, પરંતુ હવે સમાજ પણ પ્રમાણમાં ઉદારતાથી છૂટાછેડાને સ્વીકારતો થયો છે. અત્યાર સુધી સામાજિક પ્રતિષ્ઠા કે માતાપિતાની લાગણી અથવા બાળકોના ઉછેરમાં તકલીફ થશે એમ માનીને જે પુરુષ લગ્નને 'વેંઢારતો' હતો અથવા એક સગવડ તરીકે, એક ગોઠવણ તરીકે જીવી નાખતો હતો એણે હવે મુક્ત રીતે પોતાના સંબંધોની જાહેરાત કરવાનું શરૂ કર્યું છે.

આજના સમયમાં લગ્નેતર સંબંધ શરમજનક ઓછો ને થ્રિલ અથવા ઈગો મસાજ વધુ છે. 'મને પણ મળી રહે છે'ની લાગણી સાથે ખૂબ કમાતો, સમાજમાં પદ અને પ્રતિષ્ઠા ધરવાતો પુરુષ આવો એકાદ વધારાનો સંબંધ પોતાની ઈમેજમાં છોગાની જેમ ભરાવે છે. બધી જ સગવડ મળી જતી હોય અને એક આસાન–આરામદાયક–સલામત જિંદગી મળતી હોય તો મોટા ભાગની પત્નીઓ આવું બધું જાણવા છતાંય બહુ ઊહાપોહ કરતી નથી. 'હરીફરીને ઘેર જ આવશે, જશે ક્યાં?'ની ધરપત સાથે આરામથી ચેનલોનું સર્ફિંગ કરતી, સ્પાઉસકાર્ડ ઘસતી, કિટી પાર્ટી કરતી પત્નીઓ હવે પતિના આવા સંબંધોને કમ્ફર્ટેબલી ઇગ્નોર કરતાં શીખી ગઈ છે, શીખી રહી છે!

સામાજિક ઢાંચો બદલાઈ ગયો છે. લગ્ન હવે બે આત્માના, બે કુટુંબનાં મિલન અથવા સાત જનમનું બંધન વગેરે વગેરે નથી રહ્યાં. બે ડિગ્રી અથવા બે ઇન્ડિપેન્ડન્ટ લોકો સમજી-વિચારી-ગણતરીથી સાથે રહેવાનું–સાથે જીવવાનું નક્કી કરે છે. જુદા બૅન્ક અકાઉન્ટ અને ઘરમાં બરાબરની ભાગીદારી જેવા ઘણા નિયમો હવે લગ્ન સાથે જોડાયા છે. સંતાનોના ઉછેરમાં પણ સરખેસરખી પાર્ટનરશિપ ઍક્સપેક્ટેડ છે...

આ બધાની વચ્ચે ક્યાંક લગ્ન સિવાયનો પણ એક સંબંધ ઊગ્યો છે, ઓળખાયો છે અને સ્વીકારાઈ રહ્યો છે. બે લોકો વચ્ચે કમ્પૅટેબિલિટી કે કમ્પૅનિયનશિપ હોય તો લીગલ વેડિંગ વિશે હવે બહુ ચિંતા કરવામાં આવતી નથી. યુવાન અને પ્રમાણમાં સ્વતંત્ર જીવવા માગતી યુવતીઓ હવે પોતાનાથી થોડી મોટી ઉંમરનો, વેલ સૅટલ્ડ, વેલ ઍસ્ટાબ્લિશ્ડ, પદ અને પ્રતિષ્ઠા, સત્તા અને સંપત્તિ ધરાવતો પુરુષ પસંદ કરે છે... એ પહેલાં પરણેલો છે કે નહીં? એને સંતાનો છે કે નહીં? આવા પ્રશ્નો એ પુરુષને કે પોતાના મૉરલને પૂછવાનું યુવતીને જરૂરી લાગતું નથી, કદાચ!

વેલ સેટલ્ડ અને ચાળીસી વટાવી ચૂકેલા પુરુષ માટે પણ 'જિંદગી' અને 'સુખ'ના દરવાજા ખૂલ્યા હોય છે. આવા સમયમાં સતત કચકચ-ફરિયાદો કે સંકુચિત માનસિકતા ધરાવતી શંકાશીલ પત્ની સાથે 'નિભાવવા'નો ત્રાસ સહન કરવાની એની તૈયારી નથી હોતી. આમાં કશું ખોટુંયે નથી. દરેક માણસ પોતાની મરજીથી પોતાનો નિર્ણય કરતો હોય છે. દુનિયાનાં કોઈ લગ્ન તૂટવા માટે ત્રીજી વ્યક્તિ જવાબદાર નથી હોતી, બલકે લગ્ન તૂટે પછી જ ત્રીજી વ્યક્તિ દાખલ થાય છે...

આજનો સમય એક વિચિત્ર પ્રકારની સ્વતંત્રતાનો સમય છે. લગભગ દરેક માણસ પાસે એક 'મરજી' નામનો શબ્દ છે. આ 'મરજી' એને પોતાની જિંદગી પોતાની રીતે જીવવાની છૂટ આપે છે... એને માટે ચૂકવવી પડતી કિંમતો કે ઈએમઆઇ ભરવાની તૈયારી સાથે ઘણા લોકો આવી જિંદગી જીવવાનું પસંદ કરે છે, સ્ત્રી કે પુરુષના જાતિ-જેન્ડર ભેદ વગર સમાજના બદલાવને જોતાં હવે આપણે શીખવું પડશે.

• • •



'ભૂલે બીસરે ગીત' જેવું કોઈ અચાનક આવે તો?

જે નથી મળ્યું તે અથવા જેણે રિજેક્ટ કર્યા હતા તેને પામી લેવાની વૃત્તિ બહુ માનવસહજ છે એ સાચું, પરંતુ એ વૃત્તિ વધુ પુરુષસહજ છે. ઍક્ચ્યુલી આવાં નાનાં-મોટાં અફેર કે છમકલાં પછી પણ પત્ની પ્રમાણમાં સ્વાભાવિકતાથી પતિને સ્વીકારતી હોય છે, જ્યારે સ્ત્રીથી જો આવી નાની-મોટી ક્ષતિ થઈ જાય તો એ પછી એને પાછી સ્વીકારવામાં કે માફ કરવામાં પુરુષને એનો પુરુષ સહજ ઇગો નડતો હોય છે... આ વાતની મોટા ભાગની સ્ત્રીઓને ખબર હોય છે, એટલે પણ કદાચ આવા દુ:સાહસથી મોટા ભાગની સ્ત્રીઓ દૂર રહે છે.

"**આજે** કોણ મળ્યું, ખબર છે?" શીતલે ઘરમાં દાખલ થતાંની સાથે સંજયને કહ્યું. એનો ચહેરો હસું-હસું થતો હતો. આંખોમાં સાવ જુદી જ જાતની ચમક હતી. સામાન્ય રીતે શીતલ ઑફિસથી ઘરે આવે ત્યારે થાકેલી— કંટાળેલી, સાંજની રસોઈની ઉતાવળમાં અકળાયેલી હોય એવો સંજયનો અનુભવ હતો. આજે રોજ કરતાં થોડી મોડી આવેલી શીતલ એકદમ સારા મૂડમાં અને ઉત્સાહમાં હતી.

"કોણ મળ્યું?" લૅપટૉપના સ્ક્રીન પરથી નજર ખસેડીને સંજયે પૂછ્યું, "તારો મૂડ એકદમ જબરદસ્ત છે. બાકી સાંજે તો તું 'ટચ મી નૉટ'ના લેબલ સાથે દાખલ થાય છે. કોણ મળ્યું, જેણે તારો મૂડ બદલી નાખ્યો?"

"વિનીત યાદ છે તને?" શીતલના ચહેરા પર સ્માઇલ આવી ગયું. શીતલ અને સંજય એક જ કૉલેજમાં ભણીને આર્કિટેક્ટ થયાં હતાં. એમનાં પ્રેમલગ્નને દસ વર્ષ થવા આવ્યાં હતાં. સંજયનો પોતાનો વ્યવસાય હતો અને શીતલ દિલ્હીના એક જાણીતા આર્કિટેક્ટની ઑફિસમાં કામ કરતી હતી. વિનીત એમની સાથે ભણતો... છેલ્લાં દસ વર્ષમાં શીતલ કે સંજયમાંથી કોઈએ વિનીતની કોઈ ખબર સાંભળી નહોતી.

"અરે! વિનીત ક્યાં મળ્યો તને?" સંજયે સહેજ આશ્ચર્યથી ને સહેજ ઈર્ષ્યાથી પૂછ્યું. શીતલને કદાચ જાણ નહોતી, પણ સંજયને ખબર હતી કે વિનીત એ સમયે શીતલના પ્રેમમાં હતો. વિનીત આગળ વધીને શીતલને કંઈ શકે એ પહેલાં સંજયે એને પ્રપોઝ કર્યું અને શીતલે હા પાડી દીધી...

"એ જ તો!" શીતલે ખુશખુશાલ થઈને કહ્યું, "અમારી ઑફિસમાં આવેલો આજે."

"ક્યાં હતો આટલાં વરસ, પૂછ્યું નહીં તેં?" સંજયના અવાજમાં સહેજ સહેજ અસલામતી ભળવા લાગી હતી.

"જર્મની હતો. મેં એને જમવા બોલાવ્યો છે." ખુશખુશાલ શીતલ અંદર જતી રહી. સંજયને ફાળ પડી. એ જાણતો હતો કે વિનીત એના કરતાં વધારે હોશિયાર, વધારે સ્માર્ટ અને વધારે સૉફેસ્ટિકેટેડ હતો. વિનીત એના જૂના પ્રેમને ભૂલ્યો નહીં હોય એમ માનીને સંજય ડરવા લાગ્યો હતો...

સંજયે અકળાઈને શીતલને કહ્યું, "પ્લીઝ, મારે ઘરમાં કોઈ નથી જોઈતું. વિનીતને આટલાં વરસ આપણે યાદ નથી આવ્યાં, હવે એકદમ એની સાથે દોસ્તી કરવાની જરૂર નથી. કીપ અવે ફ્રૉમ હિમ." શીતલ નવાઈથી જોઈ રહી. સંજયે આવું કેમ કહ્યું અથવા અચાનક સંજયનો પિત્તો કેમ ગયો એ શીતલને સમજાયું નહીં. એણે બીજે દિવસે બહાનું કરીને વિનીતને ટાળી દીધો, પણ વિનીતને મળવાનું છોડ્યું નહીં...

સામાન્ય રીતે આવું જ થતું હોય છે. પત્નીનો જૂનો પ્રશંસક કે પ્રેમી ઘણાં બધાં વર્ષો પછી અચાનક પાછો ફરે ત્યારે સુખી લગ્નજીવન જીવી રહેલા પુરુષને એક વિચિત્ર પ્રકારની અસલામતીનો અહેસાસ થતો હોય છે. જે માણસ સાથે એની પ્રેમિકા કે પત્ની કોઈ એક સમયે નિકટનો સંબંધ શૅર કરતી હતી એ માણસ પાછો ફરશે તો એની પ્રેમિકા કે પત્નીના હૃદયમાં ફરી એ જ લાગણીઓ જગાડી શકશે એવું માનવાની ભૂલ લગભગ દરેક પુરુષ કરતો હોય છે. છોકરી કુંવારી હોય, કૉલેજમાં હોય ત્યારે મહોલ્લાથી શરૂ કરીને બસમાં સાથે જતાં-આવતાં અને કૉલેજમાં સાથે ભણતા ઘણા છોકરાઓને એ ગમતી હોય એવું સ્વાભાવિક છે. ખરેખર તો છોકરી દસ-અગિયાર વર્ષની થાય ને ટીનએજમાં પ્રવેશવાની શરૂઆત કરે ત્યારથી જ એને ખબર હોય છે કે એના કેટલાક પ્રશંસકો ક્યાં ક્યાં આંટા મારે છે ને ક્યાં ઊભા રહીને એની એક ઝલક નિહાળવાનો લ્હાવો લે છે...

એવું કહેવામાં આવે છે કે પુરુષ કરતાં સ્ત્રીની મૅચ્યોરિટી વહેલી આવે છે અને પ્રમાણમાં વધુ હોય છે. સ્ત્રી માટે રોમાન્સ અગત્યનો છે, પણ એથી વધુ અગત્યની બાબત સલામતી છે. દરેક સ્ત્રી કદાચ મેચ્યોરિટીથી પસંદગી ના કરી શકતી હોય તો પણ મોટા ભાગની સ્ત્રીઓ લગ્ન કરવાનો નિર્ણય ખૂબ વિચારીને અને ભવિષ્યની સમજ કેળવીને કરે છે. દેખાવડા કે છેલબટાઉ છોકરાઓ કદાચ કૉલેજના દિવસોમાં ગમતા હોય અથવા આવા પ્રશંસકોનું ટોળું આસપાસ ફરતું રહે એનાથી ઈગો સંતોષાતો હોય તો પણ જ્યારે જીવનભરનો નિર્ણય કરવાનો હોય ત્યારે છોકરીઓ ખૂબ લાંબુ વિચારીને પછી જ પગલું ભરતી હોય છે. સામાન્ય રીતે એમ કહેવામાં આવે છે કે સ્ત્રીને ઈર્ષ્યા અને અસલામતી બહુ વધુ પ્રમાણમાં હોય છે, પરંતુ આપણી આસપાસની દુનિયામાં ધ્યાનથી જોઈએ તો સમજાય કે પુરુષને પણ ઈર્ષ્યા અને અસલામતીની લાગણી થાય જ છે. જે વ્યક્તિ પ્રેમ કરતી હોય એ દરેક વ્યક્તિ પોતાના પ્રિયજનને ખોઈ બેસવાના ડરથી અસલામતી અનુભવે એ સ્વાભાવિક છે. એમાં સ્ત્રી કે પુરુષ એવો ભેદ નથી હોતો. બીજી મહત્ત્વની બાબત એ છે કે એક વાર લગ્ન કરી લે અને સંતાન અથવા સંતાનો આવી જાય પછી સ્ત્રીની માનસિકતામાં બહુ મોટો ફેરફાર થતો હોય છે. પુરુષ સામાન્ય રીતે પિતા બન્યા પછી પણ અમુક-તમુક પ્રકારનું સાહસ કરવાની ભૂલ કરી શકે છે. "પરિવારને કે પત્નીને ખબર નહીં પડે" એમ માનીને અથવા "ખબર પડે તો તેલ લેવા જાય, જોઈ લઈશું" એવા વિચાર સાથે પણ પુરુષ એકાદ લફરામાં સંડોવાઈ શકે, જ્યારે સ્ત્રી માટે લગ્ન પછી આવું સાહસ બહુ મોટું પગલું બની જાય છે. એસએમએસ કે વૉટ્સઍપના ચૅટિંગ સુધી કદાચ પણ આવા આકર્ષણમાં લપેટાયેલી સ્ત્રી એને સાચા અર્થમાં 'અફેર'નું સ્વરૂપ આપતા પહેલાં અનેક પાસાં તપાસી જુએ છે...

પુરુષ એવું માને છે કે એની પત્ની અથવા પ્રેમિકા ઝડપથી આકર્ષિત થઈ જશે અથવા લાંબા લગ્નજીવન પછી કદાચ બે જણ વચ્ચે મતભેદ કે મનભેદ હોય તો આવા ભૂતકાળમાંથી પાછા ફરેલા મિત્ર કે ઍક્સ પ્રિયતમ તરફ એની પત્ની ખેંચાઈ જશે... ખરેખર એ પુરુષનો ભ્રમ છે. એક લગ્નજીવનમાં કે સંબંધમાં દુઃખી હોય એટલે બીજો સંબંધ શોધી લેવાની ફિતરત બહુ ઓછી સ્ત્રીઓમાં હોય છે. પુરુષ પોતાનું સુખ (ભલેને ક્ષણિક હોય) એને જ્યાંથી મળે ત્યાંથી મેળવી લેતાં બહુ અચકાતો નથી અને એની સાથે જોડાયેલાં પરિણામોની એને બહુ ચિંતા થતી નથી. પુરુષ માટે શારીરિક સંબંધ એની થ્રિલનો કે એને જોઈતા વૈવિધ્યનો ભાગ પણ હોઈ શકે... એની ઍક્સ પ્રેમિકા કે ગમતી છોકરી જ્યારે પાછી ફરે ત્યારે એનો પુરુષ સહજ ઈગો પણ એને એ સંબંધ તરફ ઘસડી જવાનું કામ કરે છે... જે નથી મળ્યું તે અથવા જેણે રિજેક્ટ કર્યા હતા તેને પામી લેવાની વૃત્તિ બહુ માનવસહજ છે એ સાચું, પરંતુ એ વૃત્તિ વધુ પુરુષસહજ છે. ઍક્ચ્યુલી આવાં નાનાં-મોટાં અફેર કે છમકલાં પછી પણ પત્ની પ્રમાણમાં સ્વાભાવિકતાથી પતિને સ્વીકારતી હોય છે, જ્યારે સ્ત્રીથી જો આવી નાની-મોટી ક્ષતિ થઈ જાય તો એ પછી એને પાછી સ્વીકારવામાં કે માફ કરવામાં પુરુષને એનો પુરુષસહજ ઈગો નડતો હોય છે... આ વાતની મોટા ભાગની સ્ત્રીઓને ખબર હોય છે, એટલે પણ કદાચ આવા દુઃસાહસથી મોટા ભાગની સ્ત્રીઓ દૂર રહે છે. સ્ત્રી સામાન્ય રીતે સ્વયંથી, સમાજથી અને ઊછરી રહેલાં સંતાનોથી ડરે છે. ગમે તેટલું કમાતી, સફળ ગણાતી કે પ્રસિદ્ધિના શિખરે બેઠેલી સ્ત્રી પણ પોતાના સંતાનની નજરમાંથી ઊતરી જાય તો એને માટે એ અત્યંત ક્ષોભજનક અને દુઃખદાયક પરિસ્થિતિ હોય છે. અસલામતી અનુભવવાના કારણમાં કદાચ પ્રેમ હોઈ શકે. જે વ્યક્તિ સાથે આપણે આનંદથી, સુખેથી અને શાંતિથી જીવી રહ્યા હોઈએ એ સંબંધ અચાનક જ તૂટે તો ગોઠવેલી આખીયે જિંદગી પત્તાંના મહેલની જેમ બેસી જાય એનો ડર શું હોઈ શકે એ સમજી શકાય એવી બાબત છે, પરંતુ અગત્યની બાબત એ છે કે સાથે વિતાવેલાં વર્ષો એટલી આસાનીથી ભુલાવી શકાતાં નથી... અચાનક ભૂતકાળમાં ખોવાઈ ગયેલો કોઈ એકાદ માણસ પાછો ફરે તો એને કોઈ ભયજનક પરિસ્થિતિની જેમ જોવાને બદલે જેટલી સ્વાભાવિકતાથી અને સહજતાથી સ્વીકારી શકાય એટલી આસાનીથી પોતાના ડર અને અસલામતી પર કાબૂ મેળવી શકાય એવું પુરુષે પણ સમજવું જોઈએ!

• • •



આદમી હૂં, આદમી સે પ્યાર કરતા હૂં...

દરેક ગે પુરુષ બીજા પુરુષોને પોતાના તરફ આકર્ષવા કે એમને પથારીમાં ઘસડવા ઉતાવળા હોય છે એવું માનવું એ બેવકૂફી છે. એમને પણ પોતાની ચોઇસ હોય છે. જેમ દરેક સ્ત્રી-પુરુષ એકબીજા સાથે જોડાઈ નથી શકતાં, એમ દરેક ગે પુરુષ બીજા સાથે સંબંધમાં જોડાઈ શકે એવું જરૂરી નથી. જેમ સ્ત્રી-પુરુષ વચ્ચે કેમેસ્ટ્રી હોય છે, એમ બે ગે પુરુષ વચ્ચે પણ માનસિકતાની, સમજદારીની કેમેસ્ટ્રી હોય છે. જેમ સ્ત્રી-પુરુષના સંબંધમાં અમુક ગુણોનું—અન્ડરસ્ટેન્ડિંગનું, લાગણીનું, કેર અને કન્સર્નનું તત્ત્વ મોજૂદ હોય છે, એવી જ રીતે આ સંબંધો પણ જુદી જાતના પ્રેમસંબંધો જ છે!

“**આપણે** એક વીક માટે મનીલા જઈએ છીએ.” રિતેશે એના આસિસ્ટન્ટ સૌમ્યના ખભે હાથ મૂક્યો, “ફૅશન ઈવેન્ટ છે. યુ વિલ ઍન્જોય.”

“સર...” સૌમ્ય સહેજ અચકાયો. રિતેશના અનેક કિસ્સા મશહૂર હતા. જોકે છેલ્લા એક વર્ષથી કામ કરી રહેલા સૌમ્યને કોઈ પર્સનલ અનુભવ નહોતો, પરંતુ રિતેશની સાથે કામ કરી ચૂકેલા બે-ચાર લોકોએ એને સાવધ કરેલો.

“ડૉન્ટ કોલ મી સર, કેટલી વાર કહ્યું છે તને. આઇ એમ રિતેશ.” કહીને રિતેશે સૌમ્યના ગાલ પર ટપલી મારી, “બહુ મજા આવશે. તારે માટે તો આ પહેલી જ ઈવેન્ટ છે, રાઇટ?” રિતેશના ચહેરા પરના હાવભાવ સૌમ્યને બહુ અનુકૂળ ન આવ્યા, પણ એણે એ વખતે કંઈ જવાબ ન આપ્યો.

મનીલાના એક અઠવાડિયા દરમિયાન રિતેશે એવું કંઈ જ ન કર્યું, જેનાથી સૌમ્યનો શક કે ભય સાચા પડે. ફૅશન ઇવેન્ટમાં બહુ જ મજા પડી. સૌમ્યને ઘણું શીખવાનું મળ્યું. મોટા મોટા લોકોની ઓળખાણ થઈ, પણ સૌમ્યએ એક વાત નોટિસ કરી. જેટલા લોકો ત્યાં ફૅશન ઈવેન્ટમાં મળ્યા એ બધા જ રિતેશની સાથે આવેલા સૌમ્યને જરા વિચિત્ર રીતે જોતા હતા. જરા બોલ્ડ અને બિન્દાસ્ત અક્ષરાએ તો સીધું જ પૂછી નાખ્યું, “આર યુ ઇન ધ સેઇમ રૂમ?” એટલું પૂછીને એ જે રીતે હસી એનાથી સૌમ્યને ઘણું સમજાયું ને ઘણું ન સમજાયું, પરંતુ સૌમ્યએ કોઈ દિવસ રિતેશની જિંદગીમાં ઊંડા ઊતરવાનો પ્રયાસ કર્યો જ નહીં. એ એક સારો બૉસ

હતો. પ્રેમાળ અને સમજદાર વ્યક્તિ.

મનીલાથી પાછા ફરતી વખતે બિઝનેસ ક્લાસમાં સૌમ્યની બાજુમાં સીટ લંબાવીને વાંચી રહેલા રિતેશે સીધું જ પૂછ્યું, "તું મારાથી ડરતો હતો, કેમ?" સૌમ્યએ પણ કશું છુપાવ્યા વિના ડોકું ધુણાવીને હા પાડી, "લોકો ખોટું નથી કહેતા. આઇ એમ ઇન લવ વિથ એ મૅન." સૌમ્ય એની વાત સાંભળી રહ્યો, "પણ અમે એકબીજાને બહુ પ્રેમ કરીએ છીએ. એકબીજા પ્રત્યે કમિટેડ છીએ. હું લફરાબાજ નથી, ડર્ટી નથી." રિતેશની આંખોમાં પાણી આવી ગયાં, "એણે મારા માટે પોતાના ઘર પરિવાર છોડી દીધાં છે. હી લિવ્સ સિંગલ ફોર મી."

સૌમ્ય માટે એ દિવસે નવી જ દુનિયાના દરવાજા ખૂલ્યા. સાદા-સીધા ગુજરાતી કુટુંબમાં ભણીને નિફ્ટમાંથી ફૅશન ડિઝાઇનિંગ ભણેલો સૌમ્ય ક્યારેય એવું કલ્પી પણ શકે એમ નહોતો કે એક પુરુષ બીજા પુરુષ વિશે આવી રીતે વાત કરી શકે... એના જગતમાં આવા કૉમ્પ્લિકેશન્સ કે ગૂંચવાડા માટે કોઈ જગ્યા જ નહોતી. વળી એને એમ લાગતું હતું કે ગે હોવું અથવા ઍબનૉર્મલ હોવું એટલે જેની ને તેની સાથેના શારીરિક સંબંધો કોઈ પણ પ્રકારના છોછ વિના ચાલતી લફરાબાજી કે ઉઘાડેછોગ બેશરમી... આજે પહેલી વાર એને ખબર પડી હતી કે ગે પુરુષ માટે પણ પ્રેમ એ સીરિયસ, કમિટેડ અને લાગણીભર્યો સંબંધ હોઈ શકે છે.

આપણે બધા જ જ્યારે આવા સંબંધો તરફ જોઈએ ત્યારે એક ઘૃણા અથવા તિરસ્કાર સાથે, ક્યારેક કુતૂહલ સાથે તો ક્યારેક ભયથી કે જુગુપ્સાથી જોઈએ છીએ. સ્ત્રી-પુરુષનો સંબંધ એક સ્વાભાવિક સંબંધ છે. કુદરતી અથવા નોર્મલ સંબંધ છે, એવું આ સમાજ માને છે. વિજ્ઞાને પણ એ વાતને પ્રતિપાદિત કરી છે, પરંતુ એ સિવાયના સંબંધો ખરાબ, નકામા કે સાચા ન હોઈ શકે એવી આપણા માન્યતા સાથે આપણે જ યુદ્ધ કરવું પડે... બાળક નાનું હોય ત્યારથી જ એના મગજમાં કેટલીક બાબતો નાખી દેવામાં આવે છે. ખાસ કરીને કિશોર થઈ રહેલા બાળકને સ્ત્રી-પુરુષના સંબંધ વિશે જાતજાતની સમજણ અને ગેરસમજણ ઉભી થતી હોય છે. માતા-પિતા કે પરિવારના કોઈ વડીલ જો આ વિશે ગંભીરતાપૂર્વક ધ્યાન ન આપે તો એવું બનતું હોય છે કે નાનકડું બાળક એના શરીર વિશે અને શરીર સાથે જોડાયેલી બાબતો વિશે ગેરસમજણમાં દોરવાઈ જાય. ચાઇલ્ડ અબ્યુઝના મોટા ભાગના કિસ્સાઓમાં એવું જોવા મળ્યું છે કે, બાળક સાથે પહેલી ગેરવર્તણૂક પરિવારના જ કોઈ સભ્ય કે પરિવારના કોઈ નિકટના સ્વજને જ કરી હોય. નાનકડું બાળક ફરિયાદ ન કરી શકે, કરવા માગે તો કોઈ એની વાત સાંભળશે કે નહીં—એ વિશે પણ એને ડર હોય! એની સાથે ગેરવર્તણૂક કરનાર વ્યક્તિએ એને ડરાવીને—ધમકાવીને પણ ચૂપ રહેવાની ફરજ પાડી હોય, એવું બને!

દરેક વખતે આવા સમલૈંગિક સંબંધો શોખ કે મરજીથી ઊભા નથી થતા... ઘણી વાર આ સંબંધોની પાછળ ઊંડાં લાગણીભર્યાં કારણો પણ હોઈ શકે છે. પુરુષના પુરુષની સાથે કે સ્ત્રીના સ્ત્રી સાથેના શારીરિક સંબંધોમાં પહેલાં લાગણી હોય છે, પછી શરીર દાખલ થાય છે. સામાન્ય રીતે સ્ત્રીથી છેતરાયેલા કે તરછોડાયેલા પુરુષો પણ આવા પ્રકારના સંબંધોમાં દાખલ થતા હોય છે. જે લોકો આવા ગે સંબંધોમાં હોય, એ બધા જ માનસિક રીતે વિકૃત હોવા જરૂરી નથી. એમને ક્યાંક કોઈક ડિસ્ટર્બન્સ હોઈ શકે, તકલીફ હોઈ શકે, ઇમોશનલ પેઇન કે અમુક પ્રકારની પીડામાંથી પસાર થયેલા આવા લોકો સામાન્ય રીતે સમલૈંગિક શારીરિક સંબંધો તરફ વળતા હોય છે. એમને જુગુપ્સા કે ઘૃણાથી જોવાને બદલે, એમના તરફ સહાનુભૂતિ દેખાડવાને બદલે એમની સાથે સમજદારી અથવા સ્નેહથી વર્તવાની જરૂર છે. દરેક ગે પુરુષ બીજા પુરુષોને પોતાના તરફ આકર્ષવા કે એમને પથારીમાં ઘસડવા ઉતાવળા હોય છે એવું માનવું એ બેવકૂફી છે. એમને પણ પોતાની ચોઇસ હોય છે. જેમ દરેક સ્ત્રી-પુરુષ એકબીજા સાથે જોડાઈ નથી શકતાં, એમ દરેક ગે પુરુષ બીજા સાથે સંબંધમાં જોડાઈ શકે એવું જરૂરી નથી. જેમ સ્ત્રી-પુરુષ વચ્ચે કેમેસ્ટ્રી હોય છે, એમ બે ગે પુરુષ વચ્ચે પણ માનસિકતાની,

સમજદારીની કેમેસ્ટ્રી હોય છે. જેમ સ્ત્રી-પુરુષના સંબંધમાં અમુક ગુણોનું—અન્ડરસ્ટેન્ડિંગનું, લાગણીનું, કેર અને કન્સર્નનું તત્ત્વ મોજૂદ હોય છે, એવી જ રીતે આ સંબંધો પણ જુદી જાતના પ્રેમસંબંધો જ છે! એમાં પણ એકબીજા પરત્વેની લાગણી અને કન્સર્ન હોય છે. આ સંબંધો ફક્ત સૅક્સ માટે કે પ્લેઝર માટે જ હોય છે, એવું માનનારા લોકોએ એકાદ વાર આવા ગે કપલને મળવું જોઈએ...

જેમ દરેક પુરુષ લંપટ, ચાલુ કે લફરાંબાજ નથી હોતો એવી જ રીતે, આવા ગે સંબંધોમાં દાખલ થનાર દરેક માણસ 'શિકાર' નથી શોધતો! આપણે જે સમાજમાં જીવી રહ્યા છીએ અને જે સમાજમાં દાખલ થઈ રહ્યા છીએ, એ સમાજમાં આપણે હજી ઘણું નવું, ઘણું જુદું અને આશ્ચર્ય પમાડે એવું ઘણું જોવાનું અને સ્વીકારવાનું હોય છે... આપણી જાતને આપણે મૉડર્ન કહેતા હોઈએ, વિજ્ઞાન અને ટૅક્નોલૉજી સાથે આપણો ઘરોબો છે, એવું આપણે માનતા હોઈએ, દેશ-વિદેશોના પ્રવાસો કરતા હોઈએ તો એટલું તો સમજવું જ પડે કે બદલાતા સમય સાથે જીવનની તરાહ પણ બદલાઈ રહી છે. આ બદલાતી તરાહમાં માણસની માનસિકતા અને એના સંબંધોની વ્યાખ્યાઓ પણ પલટાઈ રહી છે. કશું ય સીધેસીધું નકારી કાઢવાથી કે એના પ્રત્યે ઘૃણા-જુગુપ્સા સેવવાથી, એને કુતૂહલથી કે આઘાતથી જોવાથી એની સાથે સાચી ઓળખાણ નહીં થઈ શકે.

આપણે એવા વિશ્વનો ભાગ બનવું છે કે નહીં એનો આધાર આપણા ઉપર છે, પરંતુ બીજાના વિશ્વને તુચ્છકારી નાખવાથી આપણે વધુ સારા કે શુદ્ધ સાબિત થઈશું, એવું તો નથી જ!

• • •



આંગળિયાત... પિતા અને મા માટે જુદી લાગણી, જુદી અભિવ્યક્તિ

એક સમસ્યા એ પણ છે કે, ૧૨-૧૪ વર્ષના છોકરા સાથે એક પુરુષ માટે અચાનક પિતા બની જવું—પિતા પુરવાર થવું અઘરું છે. એવી જ રીતે, સમજણા દીકરા માટે કોઈ બીજા પુરુષને પિતા તરીકે સ્વીકારી લેવા એ પણ એટલું જ અઘરું કામ છે. બે પુરુષો એકબીજા સાથે ડીલ કરતા હોય ત્યારે એમાં પિતા-પુત્રનો સંબંધ પ્રવેશતાં વાર લાગે, એ વાતને સ્ત્રીએ સમજવી અને સ્વીકારવી પડે. પોતાના સંતાનને બીજા પતિને ઘેર લઈને આવેલી મા પોતાના સંતાનનું ભવિષ્ય અને અસ્તિત્વ બંને માટે ચિંતિત હોય એ સમજી શકાય એવું છે. પોતાનું સંતાન નવી જગ્યાએ, નવા લોકો સાથે ઍડ્જસ્ટ કરી શકશે કે નહીં, એ સવાલ એને સતાવતો હોય. વળી, પોતે આ લગ્ન જો મજબૂરીમાં કર્યા હોય કે આ લગ્ન કરવા માટે એની પાસે પ્રેમ સિવાયનાં કારણો હોય, તો એ પોતે પણ આ લગ્નમાં ઍડ્જસ્ટ કરી રહી હોય છે... આ જુદા જુદા સ્તરો પર ચાલતી પ્રક્રિયા સ્ત્રીને અસલામત અને અસ્થિર કરે છે.

“**તમે** અન્વય સાથે સરખી રીતે વાત કરો.” અંજુએ ધીમેથી—પણ ચિડાયેલા અવાજે કહી નાખ્યું.

“કેમ? શું કર્યું મેં?” ચિરાગ અકળાઈ ગયો, “ચૌદ વર્ષનો છોકરો આવી રીતે ખુરશી પર પગ મૂકીને બેસે તો એને કંઈ કહેવાય પણ નહીં?”

“સારી રીતે કહેવાય.” અંજુએ જરા વધુ ધીમેથી કહ્યું, “એ ટીનએજમાં છે. એક તો મારી સાથે અહીંયાં આવ્યો છે. એને સૅટલ થવાના ઑલરેડી પ્રૉબ્લેમ્સ થાય છે. એમાં તમે સતત ટોકટોક કરશો તો તમારી સાથે ક્યારેય ક્લોઝ નહીં થાય.”

“અરે યાર! તું ચોવીસ કલાક મને સલાહ નહીં આપ કે મારે તેની સાથે કેવી રીતે વર્તવાનું. તું જ મને એની ક્લોઝ નથી થવા દેતી. ઍક્ચ્યુલી તું જ બહુ પઝેસિવ છે.” ચિરાગે છણકો કર્યો.

“તમે અન્વય અને અંશુલ સાથે જુદી રીતે વર્તો છો... અંશુલ તમને વધારે વહાલો છે, કારણ કે અંશુલ તમારો દીકરો છે... ને અન્વય મારો...” અંજુ એકદમ જ ઉશ્કેરાઈ ગઈ.

"વ્હોટ નૉનસૅન્સ! આ બધું તારા મગજની પેદાશ છે. હું તારી સાથે પરણ્યો ત્યારે મેં અન્વયને મારા દીકરા તરીકે જ સ્વીકાર્યો છે ને હું એની સાથે મારા દીકરાની જેમ જ વર્તું છું. એ મહેમાન નથી, ફેમિલી મેમ્બર છે. એક બાપ પોતાના દીકરાને ટોકી ન શકે?" ચિરાગે પોતાની વાત કહી.

"ટોકી જ શકે... પણ તમે અંશુલને નથી ટોકતા, એ વધારે તોફાની છે." અંજુએ દલીલ ચાલુ રાખી.

"અરે! અંશુલ ત્રણ વર્ષનો છે અને અન્વય ચૌદનો... બે જણામાં ફેર તો હોય..."

"બે જણામાં તમે જ ફેર કરો છો. એક તમારો ને એક મારો— આવું તમે જ એના મગજમાં ઠસાવો છો..." કહીને અંજુ રડી પડી. અંજુ અને ચિરાગનાં લગ્ન પાંચેક વર્ષ પહેલાં થયાં, ચિરાગ અને અંજુ બંને પહેલાં પરણેલાં હતાં. ચિરાગને સંતાન નહોતું, જ્યારે અંજુને એક દીકરો હતો. ચિરાગે ઉદાર હૃદયે અંજુના સંતાનને સ્વીકારવાની તૈયારી બતાવી, એ પછી અંજુ પ્રેગનન્ટ થઈ. આડત્રીસ વર્ષની ઉંમરે સંતાનને જન્મ આપવાની અંજુની તૈયારી નહોતી, તેમ છતાં ચિરાગની ઇચ્છા અને લાગણીને ધ્યાનમાં લઈને અંજુએ અંશુલને જન્મ આપ્યો...

બસ, એ દિવસથી સમસ્યાઓ શરૂ થઈ ગઈ. અંજુને લાગતું કે અન્વય અને અંશુલ વચ્ચે ચિરાગ જુદી રીતે વર્તે છે...

•

આવું ઘણા પરિવારોમાં થાય છે. એક સ્ત્રી માટે એના પતિનું સંતાન સ્વીકારવું પ્રમાણમાં સરળ બાબત છે. સ્ત્રી જન્મજાત માતા છે. ત્રણ વર્ષની છોકરી ઢીંગલી સાથે રમતી હોય ત્યારે એને કોઈએ માતૃત્વ શીખવવું પડતું નથી. પરણી હોય કે ન પરણી હોય, પોતે જન્મ આપ્યો હોય કે ન આપ્યો હોય, સ્ત્રી માટે માતૃત્વ તદ્દન સ્વાભાવિક અને એના મન—શરીર સાથે વણાયેલી બાબત છે.

ઘણી સ્ત્રીઓ બાળકને જન્મ નહીં આપવાનો પણ નિર્ણય કરે છે. તેમ છતાં, એ સ્ત્રીઓમાં માતૃત્વની ખોટ નથી હોતી... જ્યારે પુરુષ માટે પિતૃત્વ શીખવું પડે, એવી પરિસ્થિતિ હોય છે. ૧૨-૧૪ વર્ષનો કિશોર ક્યારેક એના સિબલિંગ સાથે ડીલ કરતો હોય, ત્યારે એમને ચીડવવા, હેરાન કરવા, રડાવા કે મારવા સુધી જઈ શકે. એવું નથી કે, પુરુષને પ્રેમ કરતાં, કાળજી કરતાં કે ધ્યાન રાખતાં નથી આવડતું. પરંતુ, પુરુષનું ઍક્સ્પ્રેશન સામાન્ય રીતે અલગ હોય છે એટલે જ્યારે જ્યારે એક પુરુષ બીજાના બાળક સાથે ડીલ કરે, ત્યારે કશુંક ઉપરથી ઉમેરાયેલું હોય, એવું લાગે એ સ્વાભાવિક છે. પોતાનું લોહી કે પોતાનું સંતાન હોય ત્યારે પુરુષના વર્તનમાં અમુક પ્રકારની પિતા સહજ લાગણીઓ બહુ સ્વાભાવિક રીતે અભિવ્યક્ત થાય છે.

ખાસ કરીને જ્યારે આવા બે પિતાનાં બાળકો સાથે સ્ત્રીએ ડીલ કરવાનું હોય ત્યારે સ્ત્રી માટે આ સમજવું અઘરું બને છે. જરૂરી નથી કે, આ વાત આગલા ઘરના સંતાન પૂરતી જ મર્યાદિત હોય. પત્નીના ભાઈના છોકરાઓ કે પત્નીની બહેનના સંતાનો, જ્યારે ભણવા કે બીજા કોઈ કારણસર ફોઈ કે માસી સાથે રહેતા હોય, ત્યારે ફુઆ કે માસાનું વર્તન એની પત્ની (ફોઈ કે માસી) ઇચ્છતી હોય એવું ન હોય તો એ વિશે બહુ ઊહાપોહ કરવાનો કોઈ અર્થ નથી.

પ્રકૃતિએ બંનેને જુદાં બનાવ્યાં છે. માણસના બચ્ચાને ધવડાવતી વાંદરીની કથાઓ આપણે સાંભળી છે એટલે પ્રાણીમાં પણ આ તત્ત્વ તો હોય જ છે. વાંદરો જ્યારે ઘરડો થાય છે ત્યારે એના જૂથમાં આવેલો યુવાન વાંદરો

એને કાઢી મૂકે છે. મા-દીકરી વચ્ચે ઈગો પ્રૉબ્લેમ એટલી મોટી સમસ્યા નથી બનતો, જેટલી પિતા અને પુત્ર વચ્ચે બની જાય છે... સ્ત્રી માટે પોતે જેને જન્મ ન આપ્યો હોય તેવા સંતાનને પણ સંપૂર્ણ સ્નેહ અને કમિટમૅન્ટથી ઉછેરવું કોઈ મોટી બાબત નથી. સામાન્ય રીતે લગભગ દરેક સ્ત્રી માટે માતા હોવાનો અનુભવ ક્યાંક ને ક્યાંક, કોઈક ને કોઈક રીતે કામે લાગતો જ હોય છે. પુરુષ માટે પિતૃત્વ એના અસ્તિત્વની જરૂરી બાબત નથી... સ્ત્રીની શારીરિક રચના જ એની માનસિક રચના સાથે જોડાયેલી છે. મા બનવું એ સ્ત્રીને આપવામાં આવેલો સન્માનનીય અધિકાર છે. સાવકી માની કથાઓ આપણે બાળપણમાં બહુ સાંભળી છે, પરંતુ સત્ય એ છે કે સ્ત્રી માટે કોઈની પણ સાથે બહુ ક્રૂરતાથી વર્તવું શક્ય નથી. બદલાતા સમય સાથે આ બધી બાબતો બદલાય છે... એની ના નહીં, પરંતુ આજે પણ પુરુષ જેટલી ક્રૂરતાથી ગુનો આચરી શકે કે પુરુષ જેટલી ક્રૂરતાથી કોઈકને ટોર્ચર કરી શકે, મારી શકે, ખૂન કરી શકે—એટલી ક્રૂરતા સ્ત્રી માટે શક્ય નથી હોતી. (અપવાદ દરેક બાબતના હોય એમ આમાં પણ હશે જ)

સ્ત્રી પોતે જે રીતે વર્તે કે વિચારે એ જ રીતે એનો પતિ કે પુરુષ પણ વર્તે કે વિચારે એવો આગ્રહ સ્ત્રીને હોઈ શકે, હોય જ. એમાં કંઈ ખોટું ય નથી. સ્ત્રી માટે બે સંતાન જુદા ન હોય... ને પુરુષ માટે બે સંતાન સરખા ન જ હોઈ શકે, એ પણ એટલું જ સ્વાભાવિક છે.

આ પૈતૃક સોસાયટીએ સંતાનની પાછળ પિતાનું નામ લખીને પ્રસ્થાપિત કર્યું છે કે, પુરુષ માટે સંતાન એ એના વંશ, એના અમરત્વનું નાનકડું સ્વરૂપ છે. પત્નીના આગલા પતિના—કે આગલા ઘરનાં સંતાન કદાચ પુરુષ માટે એટલાં બધાં મહત્ત્વનાં કે વહાલાં ન હોય, એનો અર્થ એવો નથી જ કે પુરુષ એને ધિક્કારે છે અથવા એની જવાબદારી લેવા તૈયાર નથી! મહત્ત્વનો સવાલ એ છે કે સ્ત્રીને પોતાના જેવા ઍક્સપ્રેશનની—અભિવ્યક્તિની અપેક્ષા હોય તો એણે નિરાશ થવું પડે. લાગણીના સંબંધો લોહી સાથે જોડાયેલા હોય છે, એવું કહેવાનો આશય નથી, પરંતુ એક પુરુષ માટે 'પોતાનું લોહી' અને 'પારકું લોહી' એવી વ્યાખ્યાઓ ક્યાંક હોય, શ્વાસ લેતી હોય —એના મનમાં કે મગજમાં, તો એ વિશે એને વારંવાર કહીને, યાદ કરાવીને કે એને એ વિશે ટોક ટોક કરીને એને આવી લાગણીમાંથી બહાર કાઢી શકાશે, એવું માનતી એની પત્ની બહુ મોટી ભૂલ કરે છે.

બીજી એક સમસ્યા એ પણ છે કે, ૧૨-૧૪ વર્ષના છોકરા સાથે એક પુરુષ માટે અચાનક પિતા બની જવું— પિતા પુરવાર થવું અઘરું છે. એવી જ રીતે, સમજણા દીકરા માટે કોઈ બીજા પુરુષને પિતા તરીકે સ્વીકારી લેવા એ પણ એટલું જ અઘરું કામ છે. બે પુરુષો એકબીજા સાથે ડીલ કરતા હોય ત્યારે એમાં પિતા-પુત્રનો સંબંધ પ્રવેશતાં વાર લાગે, એ વાતને સ્ત્રીએ સમજવી અને સ્વીકારવી પડે.

પોતાના સંતાનને બીજા પતિને ઘેર લઈને આવેલી મા પોતાના સંતાનનું ભવિષ્ય અને અસ્તિત્વ બંને માટે ચિંતિત હોય એ સમજી શકાય એવું છે. પોતાનું સંતાન નવી જગ્યાએ, નવા લોકો સાથે ઍડ્જસ્ટ કરી શકશે કે નહીં, એ સવાલ એને સતાવતો હોય. વળી, પોતે આ લગ્ન જો મજબૂરીમાં કર્યા હોય કે આ લગ્ન કરવા માટે એની પાસે પ્રેમ સિવાયના કારણો હોય, તો એ પોતે પણ આ લગ્નમાં ઍડ્જસ્ટ કરી રહી હોય છે... આ જુદા જુદા સ્તરો પર ચાલતી પ્રક્રિયા સ્ત્રીને અસલામત અને અસ્થિર કરે છે.

એક પુરુષ પોતે લીધેલી જવાબદારીમાંથી ભાગ્યે જ છટકે છે. પ્રેમ કરવો કે પ્રેમની અભિવ્યક્તિ કરવી, એ પુરુષ માટે બહુ ધીમે ધીમે આગળ વધતી પ્રક્રિયા છે. એ સરળતાથી પ્રેમની અભિવ્યક્તિ કરી શકતો નથી. સ્ત્રી જેટલી સહજતાથી વહાલ કરી શકે છે, એટલી સહજતા કે સ્વાભાવિકતાથી પુરુષ વહાલ પણ કરી શકતો નથી... વળી, પુરુષની ડિસિપ્લિન કરવાની, શીખવવાની રીત પણ થોડી બરછટ કે કડક હોય એમ બને. મા

માટે પોતાના સંતાનની સાથે કડક થઈ રહેલો અજાણ્યો પુરુષ એના સંતાનના મનમાં કોઈ ગ્રંથિ પેદા કરી ન નાખે એવો ભય હોય... એટલે કદાચ એની પત્નીને એમ લાગે કે એના પતિને પહેલા ઘરના સંતાન માટે પ્રેમ નથી તો એ સાચું નથી.

• • •



અમાનુષ બનાકે છોડા...

અગત્યનું એ છે કે એની ઈર્ષ્યા અથવા પઝેશનનું કારણ સમજીને, એના ગુસ્સાના સમયને સાચવી લેવો. કેટલીક વ્યક્તિઓ એને ન ગમતી હોય અથવા જે બાબતે એને શંકા, ઈર્ષ્યા કે અસલામતી થતી હોય એ બાબતોને સમજીને એમને ધીમે રહીને દૂર કરવી. એ જેને મળવાની ના પાડે તેને ન મળવું, એ જે પહેરવાની ના પાડે એ ન પહેરવું... એવી કોઈ જરૂરિયાત છે જ નહીં, જરૂરિયાત એ છે કે પતિ કે પ્રેમીની સામે થઈ, ભાઈ કે પિતાની વિરુદ્ધમાં જઈ ફક્ત બળવો કરવા ખાતર ધાર્યું કરવું એને બદલે એમને સમજાવીને—એમની સાથે વાત કરીને, એમને વિશ્વાસમાં લઈને કાયમી ઉકેલ શોધી કાઢવો.

"**પ્રૉબ્લેમ** શું છે તારો?" મિત ઉશ્કેરાઈને પૂછતો હતો. એણે કાલિંદીનો હાથ જોરથી પકડ્યો હતો, કાલિંદી હાથ છોડાવવાનો પ્રયાસ કરતી હતી, પણ મિતે જે રીતે પકડ્યો હતો એ રીતે છોડાવવાના પ્રયાસમાં કાલિંદીને વધુ પીડા થતી હતી, "હજાર વાર કહ્યું છે તને... પેલા FGH સાથે રખડવાનું છોડ. સમજતી કેમ નથી?"

"મને વાગે છે." કાલિંદીની આંખમાં પાણી આવી ગયાં હતાં.

"હું પકડું છું ત્યારે વાગે છે, ને પેલો મીઠી મીઠી વાતો કરીને તારો હાથ પકડે છે ત્યારે? ગલગલિયાં થાય છે?"

"આ શું બોલે છે? એ મારો ફ્રેન્ડ છે. અમે સ્કૂલથી સાથે ભણ્યાં છીએ."

"સ્કૂલ પૂરી થઈ, દોસ્તી પૂરી. હવે તું સ્કૂલમાં નથી રહી."

"અરે!" કાલિંદી કંઈ બોલે એ પહેલાં મિતે એનો હાથ પકડીને મરડી નાખ્યો, "મિત, હું મારા પપ્પાને કહીશ."

"તારે જેને કહેવું હોય એને કહે. આપણા ઍન્ગેજમૅન્ટ થયાં છે. કાલે ઊઠીને ચાર માણસ મને એમ કહે કે મારી બૈરી ગામના લોકો સાથે રખડે છે એ મારે નથી સાંભળવું."

"એક તો હું તારી બૈરી નથી ને બીજું મને ગામના લોકો શું બોલે છે એમાં રસ નથી."

"બૈરી છે નહીં તો થવાની છે ને આપણે આ ગામમાં જ રહેવાનું છે. મારે તાયફા નથી જોઈતા, સમજી?" મિતે

એક થપ્પડ ઠોકી દીધી, "ને આ..." એના સ્પગેટી ટોપની સ્ટ્રિપ ખેંચી, "આવાં ચાલુ કપડાં નહીં પહેરવાનાં. જરા વ્યવસ્થિત કપડાં પહેર. કોના ઘરની વહુ છે એટલું તો યાદ રાખ..." કાલિંદી કંઈ બોલવા જાય એ પહેલાં એને ઘસડીને ગાડી સુધી લઈ આવ્યો મિત, ધક્કો મારીને ગાડીમાં નાખી. કાલિંદી કંઈ બોલે એ પહેલાં ગાડી ઓટોલોક કરીને મિત બીજી તરફથી આવીને બેઠો... કલાકો દલીલ ચાલી બે જણાં વચ્ચે...

કાલિંદી રડતી રડતી ઘેર આવી ત્યારે રાતના સાડા બાર થયા હતા. એના પપ્પા જાગતા બેઠા હતા. એમણે કાલિંદીને રડતી રડતી અંદર દાખલ થતી જોઈ. નિઃસાસો નાખીને એ પોતાના રૂમમાં જઈને સૂઈ ગયા. આ લગભગ રોજનું હતું. મિત સાથેના ઍન્ગેજમૅન્ટ પછી કાલિંદી આ જ રીતે રડતી રડતી ઘેર આવતી. મિત કરોડપતિનો દીકરો હતો. એના પિતા પહોંચવાળા માણસ હતા. આ ઍન્ગેજમૅન્ટ તૂટી શકે એમ નહોતાં. કાલિંદી પ્રેમમાં પડીને મિત સાથે પરણવા તૈયાર થઈ હતી, પણ હવે રોજ આ થતું હતું!

•

કેટલાક સંબંધો પૂરેપૂરા બંધાય એ પહેલાં જ તૂટી જાય એટલા કાચા અને તકલાદી હોય છે. ખૂબસૂરત કે વધુ ભણેલી છોકરી પૈસાવાળા કે પહોંચવાળાં કુટુંબોમાં ઍન્ગેજમૅન્ટ થયા પછી આવી પરિસ્થિતિનો સામનો કરતી હોય છે. પ્રેમલગ્ન હોય ત્યારે તો વળી આવી સમસ્યા વધારે મૂંઝવતી હોય છે, કારણ કે પ્રેમમાં પડેલાં બે જણાં એ વખતે આવી કોઈ વાત કલ્પી પણ શકતાં નથી. ઍન્ગેજમૅન્ટ થયા પછી કે લગ્ન નક્કી થયાં પછી કે પ્રેમની કબૂલાત—સ્વીકાર થયા પછી જ્યારે આવી સમસ્યાઓ ઉદ્ભવે ત્યારે એમાંથી કેવી રીતે નીકળવું એ બહુ મોટો ક્વેશ્ચનમાર્ક બની જાય છે.

કૉલેજમાં, પડોશમાં કે મિત્રવર્તુળમાંથી થયેલી આવી ફ્રેન્ડશિપ પ્રેમસંબંધ સુધી પહોંચે એ પહેલાં ઘણા ઉબડખાબડ રસ્તાઓમાંથી પસાર થાય એવું બને... સુંદર, વધુ ભણેલી છોકરી જ્યારે થોડો એટિટ્યુડ બતાવે કે છોકરાને રખડાવે ત્યારે શરૂઆતના દિવસોમાં છોકરો બધું કરવા—સાંભળવા તૈયાર હોય છે. એને માટે આ એટિટ્યુડ બતાવતી, રૂપાળી કે પોતાને ગમતી છોકરીને પામવી એ જ એના જીવનનું ધ્યેય બની જાય છે. છોકરીને સમજાતું નથી કે પછી એ સમજવા માગતી નથી, પરંતુ જે છોકરો પોતાને નહોતો ગમતો અથવા જેની પોતે મજાક ઉડાવતી હતી કે જેને રખડાવતી હતી એના ઈગો ઉપર એણે વારંવાર અને નિશાન રહી જાય એવા પ્રહાર કર્યા છે એ વાત છોકરીઓ ક્યારેક ભૂલી જતી હોય છે. જુવાનીના તોરમાં કે સુંદરતાના ગુમાનમાં પોતાની પાછળ ફરતા, ફ્રેન્ડશિપ કે પ્રેમ માટે અપ્રોચ કરતા છોકરાઓને અપમાનિત કરવાની કેટલીક છોકરીઓને મજા આવતી હોય છે. આ બધું ગરમ લોહીનું પરિણામ છે. જુવાનીના દિવસોમાં બધા જ આવી નાની-મોટી મજા લેતા હોય છે, પણ દરેક વાતનું પ્રમાણભાન હોય તો સારું એવું માતાપિતાએ પોતાનાં સંતાનોને શીખવવાની જરૂર છે.

આજના સમયમાં ફેસબુક, ટ્વિટર કે બીજી સોશિયલ સાઇટ્સ પર અપલોડ થતા કેટલાક મૅસેજિસ કે ફોટોગ્રાફ્સ આવા જ ઈગો પ્રૉબ્લેમનું પરિણામ છે. જે વ્યક્તિને આપણે જીવનસાથી તરીકે ન જોઈ શકતા હોઈએ, કે જેને ન ચાહતા હોઈએ એને ના પાડવાનો આપણને અધિકાર છે... દુનિયાની કોઈ વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે પરાણે પ્રેમ કરી શકતી નથી, પરંતુ ના પાડવાની રીત નમ્ર અને સરળ હોય તો કદાચ સામેની વ્યક્તિ એને પોતાના અપમાન તરીકે જોવાને બદલે જરા આસાનીથી સ્વીકારવાનો પ્રયાસ કરી શકે. રિજેક્શન દુનિયામાં કોઈને પસંદ નથી. દુનિયાની કોઈ પણ વ્યક્તિ માટે પોતાના પ્રણયનો અસ્વીકાર એ અસહ્ય બાબત હોય છે... જે વ્યક્તિ આવા અસ્વીકારમાંથી પસાર થાય છે એની સાથેનું વર્તન બને ત્યાં સુધી સહજ અને

સરળ રહે તો કદાચ એ વ્યક્તિ કારણ વગર ગુસ્સો કે કિન્નાખોરી પોતાની અંદર ઊગતી અટકાવી શકે.

આમ જોવા જઈએ તો સમાજ આગળ વધી ગયો છે. છોકરીઓ વધુ સ્માર્ટ, વધુ ઍડ્વાન્સ અને વધુ બોલ્ડ થતી જાય છે. ઉચ્ચ શિક્ષણની ટકાવારીમાં છોકરીઓ આગળ છે... ને આ બધા પછી પણ હજી દીકરીએ પરણીને પારકે ઘેર જવાનું છે એ પ્રથાને આપણે બદલી શક્યા નથી. છોકરીના ઍન્ગેજમૅન્ટ થાય કે લગ્ન નક્કી થાય ત્યાં સુધી એની જિંદગી એક પ્રકારની હોય છે. આપણને ગમે કે ન ગમે, આપણે સ્વીકારીએ કે ન સ્વીકારીએ, પરંતુ ઍન્ગેજમૅન્ટ કે લગ્ન પછી યુવતીની જિંદગી બદલાય છે. સમજદાર જીવનસાથી હોય તો ઘણી બધી બાબતોમાં સારી રીતે અને સમજણથી સુમેળ સાધી શકાય, પરંતુ જ્યારે શરૂઆતના દિવસોમાં છોકરી એટિટ્યુડ બતાવે કે છોકરાને વારંવાર લઘુતાગ્રંથિ આપવાનો પ્રયાસ કરે ત્યારે આ પુરુષપ્રધાન સમાજનો યુવક બહુ સહજતાથી આ વાત સાથે ગોઠવાઈ શકતો નથી.

કિસ્સો કાલિંદીનો હોય કે બીજી હજારો છોકરીઓનો... પુરુષનું પઝેશન એની નબળાઈ છે કે એની શક્તિ, એ વિશે હજુ નિર્ણય થઈ શક્યો નથી. પોતાની પત્ની કે પ્રેમિકાને પઝેસ કરતો પુરુષ એને ખુશ રાખવાનો, એને સાચવવાનો પ્રયાસ કરે છે. બીજી તરફ એ જ પુરુષ પોતાની પત્ની કે પ્રેમિકાને બીજા કોઈની નિકટ કે અંગત થતી જોઈ શકતો નથી. અસલામતી, ઈર્ષ્યા જેવી બીજી ઘણી બાબતો ન હોવી જોઈએ એવું આપણે માનીએ છીએ, પરંતુ આવા પ્રણયસંબંધમાં ક્યાંકથી ને ક્યાંકથી જુદા જુદા પ્રમાણમાં આવી બાબતો આવી જાય છે એટલું તો આપણે સ્વીકારવું જ પડે. જો પ્રૉબ્લેમ સ્વીકારીશું નહીં તો એનો ઉકેલ નહીં મળે... એટલે ઈર્ષ્યા, માલિકીભાવ, જીદ કે અહંકાર—આવા સંબંધોમાં દાખલ થાય છે, હોય છે એટલું સ્વીકારીને જ આનું સોલ્યુશન શોધવું પડે. પોતાની જાતને ગમે તેટલો મૉડર્ન કે ઉદારમતવાદી કહેવડાવતો પુરુષ પણ ક્યાંક ને ક્યાંક પઝેસિવ છે. પુરુષની કાળજી, એની ચિંતા એના પઝેશનનો જ એક ભાગ છે... આ લાગણીને તિરસ્કારવાને કે નકારવાને બદલે એની સાથે સમજણથી કામ પાર પાડતી સ્ત્રીઓ એક સુખી લગ્નજીવન કે પ્રણયસંબંધ માણી શકે છે. હવે, આજની છોકરી કદાચ પૂછે, "મારે શું કામ સમજદારી બતાવવાની? એ કેમ ન બતાવે?" તો... એનો સાદો જવાબ એ છે કે જેણે સુખી થવું છે એણે પ્રયાસ કરવો પડે.

સવાલ કહ્યું માનવાનો કે ગુલામ થઈ જવાનો નથી... સવાલ એ પણ નથી કે સારા લગ્નજીવન અથવા સુંદર પ્રેમસંબંધ માટે જેમ પુરુષ કહે તેમ કહ્યા કરવું એ જ એક રસ્તો છે. ના! એવું નથી જ... અગત્યનું એ છે કે એની ઈર્ષ્યા અથવા પઝેશનનું કારણ સમજીને, એના ગુસ્સાના સમયને સાચવી લેવો. કેટલીક વ્યક્તિઓ એને ન ગમતી હોય અથવા જે બાબતે એને શંકા, ઈર્ષ્યા કે અસલામતી થતી હોય એ બાબતોને સમજીને એમને ધીમે રહીને દૂર કરવી. એ જેને મળવાની ના પાડે તેને ન મળવું, એ જે પહેરવાની ના પાડે એ ન પહેરવું... એવી કોઈ જરૂરિયાત છે જ નહીં, જરૂરિયાત એ છે કે પતિ કે પ્રેમીની સામે થઈ, ભાઈ કે પિતાની વિરુદ્ધમાં જઈ ફક્ત બળવો કરવા ખાતર ધાર્યું કરવું એને બદલે એમને સમજાવીને—એમની સાથે વાત કરીને, એમને વિશ્વાસમાં લઈને કાયમી ઉકેલ શોધી કાઢવો.

ઘણી છોકરીઓ કહેશે કે, "એ સમજતા જ નથી." અથવા "એ નહીં સમજે."

એવું નથી. એ જે સમાજમાં ફરે છે અને જે લોકોને મળે છે એમની દૃષ્ટિ અને વિચાર એમને ખબર છે. એ પોતાની નિકટની વ્યક્તિને, મા-બહેન, પત્ની કે પ્રેમિકાને આનાથી દૂર રાખવા માગે છે. જરૂરી એ છે કે તમે એમને તમારી સ્વતંત્રતાનો, તમારી સમજદારીનો અને તમારી સ્પષ્ટતાનો અહેસાસ કરાવો. તમે ભોળવાઈ જાવ એવાં નથી જ અથવા તમે ખોટે રસ્તે ચડી જાવ એવાં નથી એટલું સમજ્યા પછી દુનિયાનો કોઈ પણ

પુરુષ નમ્રતાથી કહેવાયેલી વાતને જરૂર સ્વીકારશે.

મહત્ત્વનો એક જ મુદ્દો છે, સામેની વ્યક્તિને સમજ્યા પછી જ એને સમજાવવાનો પ્રયત્ન કરવો.

• • •



ઓ બેવફા...

એક સ્ત્રીએ કરેલા અપમાન કે તિરસ્કાર કે બેવફાઈનો બદલો આખી સ્ત્રી જાતિ પર લીધા પછી પણ જેણે એ કર્યું છે એના સાથે કંઈ જ પહોંચી શકતું નથી એવું કેમ નહીં સમજાતું હોય? કોઈ સ્ત્રી પોતાને છોડી દે, કે પોતાના કરતાં કોઈ બીજાને પસંદ કરે એ પુરુષ માટે કદાચ એના અહંકાર પરનો તમાચો હોઈ શકે. એવું બને કે પુરુષને આ ડંખ જિંદગીભર સતાવ્યા કરે... પણ એનો અર્થ એ તો નથી જ કે દુનિયાભરની સ્ત્રીઓને બેવફાનું લેબલ લગાડી દેવામાં આવે.

"**ગેટ** લોસ્ટ!" નિકુંજે પોતાની બાજુમાં સૂતેલી નિશીને લગભગ ધક્કો માર્યો, "મેં તને કોઈ દિવસ નહોતું કહ્યું કે હું તારી સાથે લગ્ન કરીશ." નિકુંજ પથારીમાં બેઠો થઈ ગયો, "મેં તને કોઈ દિવસ નથી કહ્યું કે હું તને પ્રેમ કરું છું."

"હું છેલ્લા સાત મહિનાથી તારી સાથે..." નિશીને ડૂમો ભરાઈ ગયો.

"તો?" નિકુંજે ઘૂરકિયું કર્યું, "મેં બળાત્કાર નથી કર્યો તારી સાથે. તું તારી મરજી, ઇચ્છા અને પૂરેપૂરી તૈયારીથી જોડાઈ છે મારી સાથે. તને ખબર નહોતી કે હું ક્યારેય લગ્ન નહીં કરું?"

"પણ..." નિશી પાસે કહેવાનું કશું નહોતું આમ તો! નિકુંજની વાત પણ સાચી હતી. એણે પહેલાં જ નિશીને કહી દીધું હતું કે એને લગ્ન નામની રિલેશનશિપમાં વિશ્વાસ નથી. નિકુંજ પૈસાવાળો, દેખાવડો અને સ્ટાઇલિશ માણસ હતો. પાંત્રીસની ઉંમરે કુંવારો હતો... મોસ્ટ ઍલિજિબલ બૅચલર, પણ એને લગ્ન કરવાં જ નહોતાં. છોકરીઓ એની આસપાસ ફરતી. છોકરીઓનાં માતાપિતા એમની દીકરીઓને નિકુંજ પર 'છૂ' કરતાં... પણ એક નિકુંજ હતો કે દર થોડા થોડા સમયે ગર્લફ્રૅન્ડ બદલી નાખતો. થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની દરેક પાર્ટીમાં એની સાથે જુદી જ છોકરી જોવા મળતી. નિશી એમાંની જ એક હતી. જોકે નિશી જરા જુદી હતી—નિકુંજની બીજી ગર્લફ્રૅન્ડ્સ કરતાં! એણે ધાર્યું હતું કે પ્રેમ અને સમર્પણથી એ નિકુંજને બદલી શકશે, પણ એવું બન્યું નહીં...

સાત મહિના પછી જ્યારે નિશીએ લગ્નની વાત કરી ત્યારે નિકુંજે એને તરછોડી નાખી.

એ છતાં નિશીએ નિકુંજને સમજાવવાનો અને પોતાની લાગણી એના સુધી પહોંચાડવાનો પ્રયત્ન ચાલુ રાખ્યો, લગભગ ત્રણ વર્ષ પછી હારીને નિશીએ નિકુંજ સાથેનો સંબંધ તોડી નાખ્યો. એ ન્યૂઝીલેન્ડ જતી રહી. એ પછીનાં કેટલાંય વર્ષો સુધી બંને જણાં એકબીજાને મળ્યાં નહીં. નિશીને જ્યારે ખબર પડી કે નિકુંજ બીમાર છે અને એની આસપાસ કોઈ નથી ત્યારે એ ફરી ભારત આવી...

નિકુંજ જેવા કેટલાય લોકો છે, જેમને રિલેશનશિપ તો જોઈએ છે, લગ્ન નથી જોઈતાં. જવાબદારી—કમિટમૅન્ટ નથી જોઈતાં. આનાં ઘણાં કારણો હોઈ શકે, પણ નિકુંજ પાસે વિચિત્ર કારણ હતું. સ્કૂલના દિવસોમાં નિકુંજ એક છોકરીના પ્રેમમાં પડેલો. એ પ્રેમ કૉલેજ સુધી તો ચાલ્યો, પણ પછી છોકરીએ નિકુંજને પડતો મૂક્યો. એ વખતે નિકુંજ થોડો છેલબટાઉ ને રખડેલ હતો એટલે એ છોકરીને કદાચ પોતાનું ભવિષ્ય નિકુંજની સાથે સુરક્ષિત નહીં લાગ્યું હોય. નિકુંજે એ છોકરીની પાછળ બહુ આંટા માર્યા. એને મનાવવાનો—સમજાવવાનો બહુ પ્રયત્ન કર્યો, પણ છોકરીએ બીજાની સાથે લગ્ન કરી લીધાં...

એ પછી નિકુંજે ગાંઠ વાળી. કરોડો રૂપિયા કમાયો, સફળ થયો, પણ છોકરી સાથેનું એનું વર્તન કોઈ ડસ્ટબિન કરતાં વધારે ખરાબ થઈ ગયું!

કોઈ એક વ્યક્તિના લીધે સમગ્ર જાતિ પરનો રોષ કેવી રીતે વાજબી ગણી શકાય? માણસ તરીકે આપણે બધા જ નાનું-મોટું જૂઠું બોલીએ છીએ—નાનાં-મોટાં ખોટાં કામ કરીએ જ છીએ. જાણે-અજાણે આપણે કોઈકને તકલીફ પહોંચાડી જ હશે. આપણામાંથી કોણ સ્વાર્થી નથી... ને એ બધું હોય તો પછી બીજાને બ્લેમ કરવાનો આપણને શો અધિકાર છે? દુનિયાના કોઈ પણ માણસ વિશે નિર્ણય કરતાં પહેલાં એને એક વાર સાંભળી લેવો જોઈએ. મોટામાં મોટા અને ખૂંખાર ગુનેગારને પણ સજા કરતાં પહેલાં કોર્ટ એક વાર એની સફાઈ આપવાની તક આપે છે. સંબંધોમાં આવી તક મળવી જ જોઈએ, સૌને! દુનિયાની કોઈ પણ વ્યક્તિ બીજી વ્યક્તિને જ્યારે છેતરે છે ત્યારે એ સારું કરે છે એવું તો ન જ કહી શકાય, પરંતુ દરેક વખતે આ છેતરપિંડી પાછળનો ઇરાદો મેલો કે ખરાબ જ હોય એવું ધારી લેવું પણ યોગ્ય નથી જ. કેટલીક વાર મજબૂરી કે બીજી વ્યક્તિને પોતાની તકલીફ ન કહી શકવાની પીડા પણ છેતરપિંડી તરફ ધકેલે છે.

આજથી થોડાં વર્ષો પહેલાં હિન્દી સિનેમામાં એક ટ્રેન્ડ ચાલેલો, પોતાની કોઈ સમસ્યાને કારણે હીરો કે હીરોઇન પોતાના પ્રિયજનને સત્ય કહેવાને બદલે એનાથી દૂર થઈ જાય, એને એવો ભાસ કરાવે, ભ્રમણા ઊભી કરે કે જાણે પોતે બેવફા છે... સામેની વ્યક્તિ પોતાને ભૂલી જાય એવો પ્રયાસ કરીને પોતે મહાન થવાનો આ આખોય દસકો એ જમાનાની ફિલ્મોમાં ખૂબ ચાલેલો. મજાની વાત એ છે કે ફિલ્મને અંતે ગેરસમજ દૂર થઈ જાય અને હીરો-હીરોઇન ભેગાં થઈ જાય! જિંદગીમાં આવું થતું નથી! નિકુંજ હોય કે બીજો કોઈ પણ માણસ—પ્રેમમાં છેતરાવું કોઈને મંજૂર નથી હોતું. ખાસ કરીને જ્યારે પોતાનું બધું જ છોડીને એક વ્યક્તિ બીજી વ્યક્તિને ચાહે ત્યારે એ કમ-સે-કમ છેતરપિંડી કે બેવફાઈ તો ડિઝર્વ નથી જ કરતી...

તેમ છતાં કદાચ એવું થાય તો એને જિંદગીનો એક ભાગ માનીને, સંબંધનો એક હિસ્સો માનીને એને સ્વીકારી કેમ ના શકાય? કોઈ એક વ્યક્તિ, એક સંબંધમાં છેહ દે કે કોઈ એક વ્યક્તિ કશું ખોટું કરે એથી આખો સમાજ—આખી જાતિ કે આખા જગતના લોકો ખરાબ છે એવું કેવી રીતે માની લેવાય? કદાચ માની પણ લઈએ તો કોઈ એક વ્યક્તિએ કરેલા અપમાનનો—કે એણે આપેલી પીડાનો બદલો કોઈ બીજી વ્યક્તિ સાથે લઈને શું મળે? આપણે બધા જ આપણા દુ:ખને મોટું કરવા ટેવાઈ ગયા છીએ, બીજાને તકલીફ હોઈ શકે કે થઈ શકે એવું વિચારવાની આપણે તસદી લેતા જ નથી... સવાલ નિકુંજ કે એના જેવા બીજા માણસોનો નથી.

સવાલ એ છે કે કોઈકે આપણને દુ:ખ પહોંચાડ્યું તો એ દુ:ખને બીજા સુધી લંબાવવું કે એ દુ:ખને ગળી જઈને...ચાળી લઈને બીજાને એ દુ:ખ ન પહોંચે એવો પ્રયત્ન કરવો! આ સવાલ ક્યારેક સાસુ-વહુ વચ્ચે પણ ઊભો થાય છે. જે એક સાસુએ સહ્યું એ દુ:ખ વહુ પણ સહે એવો આગ્રહ રાખવો કે પછી પોતે જે દુ:ખ સહ્યું તે- એની છાયા પણ વહુ સુધી ન પહોંચે એમ એને સાચવી લેવી! નિકુંજ સાથે જે કંઈ થયું એવું ઘણા સાથે થતું હોય છે, દિલ તૂટવું સ્વાભાવિક ઘટના છે. આપણે જેને ચાહીએ તે બધા જ આપણને મળે અથવા જેને પ્રેમ કરીએ એની સાથે જીવી જ શકાય એવું જરૂરી નથી. ક્યારેક એવું પણ બને કે આપણા નસીબમાં અથવા આપણા ભાગે એટલો જ સમય આવે, જેટલો આપણને ફાળવવામાં આવ્યો હોય—કુદરત દ્વારા! શું કોઈ પણ સંબંધ પરમેનન્ટ થાય અથવા એને લેબલ લાગે તો જ એ સુખી સંબંધ? જેટલું સાથે જીવ્યા અથવા જેટલું માણ્યું એટલું 'સુખ' ન હોઈ શકે? જો કોઈ વ્યક્તિ આપણી સાથે ન જીવી શકે કે કોઈ સંબંધ ન ટકી શકે તો એ સંબંધ તૂટ્યાનું દુ:ખ કે પીડા બીજા લોકો પર ટ્રાન્સફર કરવાં જરૂરી છે? શું આપણે આપણા દુ:ખને છાતીમાં દબાવીને ન જીવી શકીએ?

ખાસ કરીને પુરુષ આવી બાબતમાં વેર લેવાની વૃત્તિ ધરાવતો થઈ જાય છે. એક સ્ત્રીએ કરેલા અપમાન કે તિરસ્કાર કે બેવફાઈનો બદલો આખી સ્ત્રી જાતિ પર લીધા પછી પણ જેણે એ કર્યું છે એના સાથે કંઈ જ પહોંચી શકતું નથી એવું કેમ નહીં સમજાતું હોય? કોઈ સ્ત્રી પોતાને છોડી દે, કે પોતાના કરતાં કોઈ બીજાને પસંદ કરે એ પુરુષ માટે કદાચ એના અહંકાર પરનો તમાચો હોઈ શકે. એવું બને કે પુરુષને આ ડંખ જિંદગીભર સતાવ્યા કરે... પણ એનો અર્થ એ તો નથી જ કે દુનિયાભરની સ્ત્રીઓને બેવફાનું લેબલ લગાડી દેવામાં આવે. એક પુરુષ માટે એના અહંકાર પરની ચોટ કદાચ એને જિંદગીભર ઝંપવા ન દે, પરંતુ એને કારણે કોઈ બીજાનું અપમાન કરવાનું કે એને પીડા આપવાનો અધિકાર કેવી રીતે મળે? કોઈની લાગણીની કદર કે સ્નેહનો સ્વીકાર માણસ માટે અનિવાર્ય બાબત છે. દુનિયાની કોઈ પણ સ્ત્રી જ્યારે સ્નેહ કે સમર્પણ કરે છે ત્યારે એની અપેક્ષા એ સમર્પણને પુરુષ સમજે અને સ્વીકારે એટલી, એટલી તો હોય જ છે! અપેક્ષા વિનાનો સ્નેહ, સામાન્ય રીતે શક્ય નથી. તેમ છતાં જ્યારે કોઈ સ્ત્રી એકસરખો—એકધારો સ્નેહ કરે ત્યારે બદલામાં એ સન્માન કે સ્નેહની અપેક્ષા રાખે તો વધુ પડતું કહેવાય?

• • •



જેન્ડર, જાતિ, સેક્સ . વ્યક્તિ, માણસ, ઇન્ડિવિજ્યુઅલ

દેરાણી-જેઠાણીમાં જેટલા ઝઘડા થાય છે એટલા ઝઘડા બે સાઢુભાઈઓમાં થતા નથી, સાસુ-વહુ વચ્ચે જેટલા ઝઘડા થાય છે એટલા ઝઘડા સસરા-જમાઈ વચ્ચે થતા નથી... બાજુ-બાજુમાં રહેતી બે સ્ત્રીઓ જે ઝીણી ઝીણી અર્થહીન બાબતો ઉપર મનદુઃખ કરે છે એટલાં મનદુઃખ બે પુરુષ પડોશીઓને કે એક જ રૂમમાં રહેતા બે રૂમ મેટ્સને પણ થતાં નથી! આનું કારણ શું હોઈ શકે, એ વિચારવા જેવો મુદ્દો છે. સ્ત્રીઓ બહુ સેન્સિટિવ હોય છે—એમને ઝીણી ઝીણી બાબતો સ્પર્શી જતી હોય છે. નાનામાં નાની બાબતમાં એ ખુશ કે દુઃખી થઈ શકે છે. જ્યારે પુરુષ કદાચ બહુ ઝીણી બાબતો પ્રત્યે ધ્યાન આપતો નથી, આપી શકતો નથી. સ્ત્રી અને પુરુષની પ્રાયોરિટી અલગ છે. પુરુષ માટે ઇગો પ્રૉબ્લેમ ત્યારે બને છે, જ્યારે ચર્ચા એના પુરુષત્વની, એની બહાદુરીની, એની જવાબદારીની કે એની ઝિંદાદિલીની હોય... દરેક નાની બાબતને 'મુદ્દો' બનાવીને એના પર ઝઘડી શકવાની કે દુઃખી થવાની આવડત પુરુષ પાસે નથી હોતી, કદાચ!

થોડા વખત પહેલાં ફેસબુક ઉપર એક મૅસેજ અપલોડ થયો, કાજલ ઓઝા વૈદ્યએ લખેલો 'પુરુષ' વિશેનો એક પીસ... તરત જ, એક બીજાં સ્ત્રીલેખકે લખ્યું કે, "આ પીસ મેં લખ્યો છે. આવી જાણીતી લેખક મારો પીસ પોતાના નામે છાપે એ સારું ન કહેવાય." બીજા કેટલાક વાચકોએ એ સ્ત્રીલેખકને પૅમ્પર કરવા માટે 'હા'માં 'હા' ભેળવી... કાજલ ઓઝા વૈદ્યએ તરત માફી માગી. પીસ એમની પ્રૉફેશનલ ટીમમાં કોઈકે અપલોડ કર્યો હતો—આવું ન જ થવું જોઈએ, એવી સહમતી સાથે મૂળ લેખકને એની પૂરી ક્રેડિટ મળે એવી રીતે ફેસબુક ઉપર જ માફી માગીને એ પીસ હટાવી લેવામાં આવ્યો... 'પુરુષ' વિશે લખાયેલો આ લેખ છે બહુ રસપ્રદ. એક સ્ત્રીલેખકે પુરુષની વકીલાત કરી છે, એ લેખમાં! કદાચ એટલે જ બહુ બધા લોકોને એવું લાગ્યું કે એ લેખ કેઓવીએ લખ્યો છે... સામાન્યતઃ સ્ત્રીલેખકો પુરુષોની વકીલાત કરતા કે એમની મનઃસ્થિતિની રજૂઆત કરતા લેખો લખતી નથી, લખી શકતી નથી! આનાં કારણો કંઈ પણ હોય, પણ, મહત્ત્વનું એ છે કે, પુરુષો સ્ત્રીઓનાં ભરપેટ વખાણ કરી શકે છે. એના સૌંદર્યના, એની પાકકલાના, એની પ્રણયકલાના, એના માતૃત્વના કંઈ કેટલાંય વખાણો કરતાં લેખો-કવિતાઓ-વાર્તાઓ આપણે વાંચતા રહ્યા છીએ, પરંતુ પુરુષ વિશે આટલી બધી સ્ત્રીલેખકો આવું લખી શકતી નથી... કેમ?

એક પુરુષ વિશે લખાયેલા લેખની બાબતમાં બે સ્ત્રીઓ અંદરોઅંદર ઝઘડી પડી હોત! ઍસ્ટાબ્લિશ્ડ લેખક હોવાને કારણે કેઓવી કદાચ એવું કહી શકી હોત કે, "આ મેં જ લખ્યો છે." ને લોકોએ કદાચ માની પણ લીધું હોત! અથવા એ વિશે ચૂપ પણ રહી શકાયું હોત... એ સ્ત્રીલેખકને ખોટી પાડવા માટે ઘણા રસ્તા કાઢી શકાયા હોત... માલિક થઈ જવું સરળ છે, માફી માગવી સહેલી નથી, ને આ વાત ફક્ત પુરુષ માટે છે એવું નથી, સ્ત્રીઓને પણ માફી માગતાં તકલીફ થતી હોય છે. એને પણ એક વાર કહી દીધેલી વાતમાં પોતાની ભૂલ સ્વીકારીને પાછા ફરવાનું અઘરું પડતું હોય છે.

માલિકીભાવ અને ઈગો ફક્ત પુરુષમાં જ હોય છે, એવું નથી. સ્ત્રીઓ પણ અત્યંત પઝેસિવ અને અત્યંત ઈગોસ્ટિક હોય જ છે. ગુણ કે અવગુણ કોઈ પણ એક જાતિ (જેન્ડર) સાથે જોડવાને બદલે એને ઇન્ડિવિજ્યુઅલ વ્યક્તિત્વ સાથે જોડવા જોઈએ. ઘણી વાર પુરુષના ઈગો વિશે ઘણું લાંબુ લાંબુ લખાય છે. પુરુષનો અહંકાર અને એનો ગુસ્સો, પુરુષનું પઝેશન અને એની જિદ્દ, આ સ્ત્રીલેખકોની પીડાના પ્રિય વિષયો છે. ઘણી વાર એવું જોવા મળે છે કે, સ્ત્રીની કવિતામાં સ્વતંત્રતાની, મુક્તિની, છૂટા થવાની વાતો હોય છે. સ્ત્રીઓની વાર્તાઓ (સામાન્ય રીતે પતિ-પત્ની અથવા સ્ત્રી-પુરુષના સંબંધની આજુબાજુ હોય ત્યારે) આવા સંબંધોમાં સ્ત્રી કેટલું સમર્પણ કરે છે અથવા કેટલી પીડાય છે, એની કથાઓ કહે છે. સ્ત્રીલેખકે ભાગ્યે જ કોઈ દિવસ પુરુષ સાથેના એના સંબંધમાં તદ્દન પારદર્શક રહીને લખવાનું સાહસ કર્યું છે. દુનિયાના કોઈ પણ સંબંધમાં એક વ્યક્તિ એક તરફથી એ સંબંધને ચલાવી શકે નહીં. 'સંબંધ' શબ્દનો અર્થ જોવામાં આવે તો એ બે વ્યક્તિઓ વચ્ચે જ (સામાન્ય રીતે) હોઈ શકે ને? આવામાં કોઈ એક જ વ્યક્તિ સમર્પણ કરે છે, કોઈ એક જ વ્યક્તિ પીડાય છે, દુભાય છે કે કોઈ એક જ વ્યક્તિને કારણે એ સંબંધ ટક્યો છે, એવું કેવી રીતે માની શકાય? ને એવું હોય તો પણ સતત તો એવું ન જ ચાલી શકે. કદાચ એકાદ-બે અપવાદરૂપ સંબંધોમાં આવી સ્થિતિ હોય તો પણ એને જેનેરિક લેવલ ઉપર કે જનરલ સ્ટેટમૅન્ટ તરીકે તો ન જ વાપરી શકાય.

દેરાણી-જેઠાણીમાં જેટલા ઝઘડા થાય છે એટલા ઝઘડા બે સાઢુભાઈઓમાં થતા નથી, સાસુ-વહુ વચ્ચે જેટલા ઝઘડા થાય છે એટલા ઝગડા સસરા-જમાઈ વચ્ચે થતા નથી... બાજુ-બાજુમાં રહેતી બે સ્ત્રીઓ જે ઝીણી ઝીણી અર્થહીન બાબતો ઉપર મનદુઃખ કરે છે એટલાં મનદુઃખ બે પુરુષ પડોશીઓને કે એક જ રૂમમાં રહેતા બે રૂમ મેટસને પણ થતાં નથી! આનું કારણ શું હોઈ શકે, એ વિચારવા જેવો મુદ્દો છે. સ્ત્રીઓ બહુ સેન્સિટિવ હોય છે—એમને ઝીણી ઝીણી બાબતો સ્પર્શી જતી હોય છે. નાનામાં નાની બાબતમાં એ ખુશ કે દુઃખી થઈ શકે છે, જ્યારે પુરુષ કદાચ બહુ ઝીણી બાબતો પ્રત્યે ધ્યાન આપતો નથી, આપી શકતો નથી. સ્ત્રી અને પુરુષની પ્રાયોરિટી અલગ છે. પુરુષ માટે ઈગો પ્રૉબ્લેમ ત્યારે બને છે, જ્યારે ચર્ચા એના પુરુષત્વની, એની બહાદુરીની, એની જવાબદારીની કે એની ઝિંદાદિલીની હોય... દરેક નાની બાબતને 'મુદ્દો' બનાવીને એના પર ઝઘડી શકવાની કે દુઃખી થવાની આવડત પુરુષ પાસે નથી હોતી, કદાચ! સ્ત્રીનાં દુઃખો અને પીડાઓ ઝીણાં હોય છે. નાનકડી જાળીમાંથી પણ ફિલ્ટર થઈ જાય એવાં, સ્ત્રી માટે સ્પર્શ, શબ્દ, સ્નેહ, સંવેદના—બધું સ્વાભાવિક છે, જ્યારે પુરુષ માટે આ બધું એટલું સ્વાભાવિક નથી—કામ કરતી મા વચ્ચે બાળકને વહાલ કરી શકે છે. ઘસઘસાટ ઊંઘતી પત્ની ઊંઘમાં જ હાથ લંબાવીને પતિને સ્પર્શી શકે છે, રસોઈ કરતાં કરતાં સ્ત્રી દલીલો કરી શકે છે, ઘરકામ કરતાં કરતાં ફોન અટેન્ડ કરી શકે છે, કુરિયર રિસીવ કરી શકે છે—આ મલ્ટિટાસ્કિંગ (ઈમોશનલી અને ફિઝિકલી) સ્ત્રી આરામથી કરી શકે છે, જ્યારે એક પુરુષ બે સ્ત્રીઓને એકસાથે ઈમોશનલી હૅન્ડલ કરવામાં પણ હાંફી જાય છે!

આમાં, કશું સારું કે ખરાબ નથી. આ માત્ર પ્રકૃતિગત છે. એવી જ રીતે, ક્રાઇસીસના સમયમાં કે શારીરિક

પેઇનમાં પુરુષ જેટલી ક્ષમતા અને સમતા દાખવી શકે છે એટલી કદાચ સ્ત્રી માટે શક્ય ન પણ બને! એક પુરુષ પોતાના પરિવાર માટે સગવડને અગત્યની માને છે, જ્યારે સ્ત્રી સમયને! વ્યક્તિ તરીકે કોઈ પણ ગુણને સારો કે ખરાબ કહીને મૂલવી શકાય, પરંતુ કોઈ પણ એક ગુણને, કોઈ પણ એક સ્પીશિસ સાથે કેવી રીતે જોડી દેવાય? જનરલ સ્ટેટમૅન્ટ કંઈ પણ હોઈ શકે, પરંતુ એ સ્ટેટમૅન્ટ આજથી વર્ષો પહેલાં નિશ્ચિત થયેલા અમુક-તમુક સ્ટાન્ડર્ડસને આધારિત સ્ટેટમૅન્ટ હતા. એ વખતે પણ એમાં અપવાદ હતા. પુરુષ રસોઇયા હતા જ, આજે આપણે એમને શૅફ કહીએ છીએ... જનાનખાના / અંતઃપુરની રક્ષા કરવા માટે સ્ત્રીસૈનિકોને રાખવામાં આવતા હતા. બેગમો પ્રવાસ કરતી ત્યારે એક આખી સ્ત્રીસૈનિકોની ટુકડી પ્રવાસ કરતી. સાહસ પુરુષનો ને સંવેદનશીલતા સ્ત્રીનો ગુણ છે એમ ન જ કહી શકાય... અહંકાર પુરુષનો ને નમ્રતા સ્ત્રીનો અવગુણ છે એમ ન જ કહી શકાય... વેર ફક્ત પુરુષ જ લે છે કે મહત્ત્વાકાંક્ષી ફક્ત પુરુષ જ હોઈ શકે, એવું નથી. ધન-સત્તાની લાલસા ફક્ત પુરુષને જ હોય છે?

સાહિત્યએ, સિનેમાએ કે જનસામાન્યએ નક્કી કરેલા કેટલાક નિયમો અપવાદ વગર લાગુ પાડી શકાતા નથી. જ્યારે જ્યારે આપણે સામેની વ્યક્તિ સાથે સંપર્કમાં કે સંબંધમાં આવીએ છીએ ત્યારે આપણા મનમાં કેટલાક નિશ્ચિત ખ્યાલો સાથે જ આપણે એને મૂલવવાનો પ્રયાસ કરીએ છીએ. પુરુષ હોય તો આમ જ હોય... સ્ત્રી હોય તો તેમ જ હોય... એવા જડ ખ્યાલોમાંથી બહાર નીકળવાનો સમય થઈ ગયો છે. તદ્દન ક્રૂર સ્ત્રી અને અત્યંત સંવેદનશીલ પુરુષ હોઈ જ શકે, અત્યંત સમજદાર પુરુષ અને ભયાનક જિદ્દી—અહંકારી સ્ત્રી હોઈ જ શકે, અત્યંત સાદો, જરૂરિયાતમાં પણ સમાધાન કરી શકે એવો પુરુષ હોઈ શકે અને સત્તા માટે, વૈભવ માટે બબ્બે પુરુષોને પોતાના સૌંદર્યના મોહમાં બાંધી રાખતી સ્ત્રી હોઈ શકે...

સવાલ વ્યક્તિ સાથે ઓળખાણ અને અનુભવ કરવાનો છે... સવાલ એ છે કે, કોઈ એક જેન્ડરની છે માટે કોઈ એક વ્યક્તિ હંમેશા સાચી કે ખોટી ન હોઈ શકે, સવાલ એ છે કે, આપણે બદલાતા સમયની, ગ્લોબલાઈઝેશનની, ઇક્વાલિટીની વાતો કરીએ છીએ. પરંતુ હજી યે 'સ્ત્રી' અને 'પુરુષ'ના એ ઍસ્ટાબ્લિશ્ડ રોલ—ગુણ-અવગુણમાંથી બહાર આવી શકતા નથી.

• • •



વરનો બાપ: ડિક્ટેટર કે ડિરેક્ટર!

પોતે ઘણો સંઘર્ષ કરીને સૅટલ્ડ થયાં હોય એવાં માતાપિતા પોતાના દીકરા કે દીકરી માટે 'વેલ સૅટલ્ડ' પરિવારોના સંબંધની શોધ કરતાં હોય છે, પણ આજની પેઢીની યુવાન છોકરીઓ પણ પોતાના ભવિષ્ય વિશે પ્રમાણમાં ઘણી વધુ કૉન્ફિડન્ટ છે. છોકરાઓ તો સાવ જુદી જ રીતે વિચારે છે. પિતાનો બિઝનેસ હોય એવા ઘણા છોકરાઓ હવે એ બિઝનેસમાં જોડાવાની ના પાડે છે. રેસ્ટોરાં, ડેરી, હોટૅલ કે ફૅક્ટરી જેવા બિઝનેસ નવી પેઢીને નથી ગમતા. એમને તૈયાર કેક ખાવામાં એટલો રસ નથી, જેટલો એમની આગવી ઓળખ ઊભી કરવામાં છે. સંઘર્ષનો એમને ભય નથી લાગતો. ઇનસિક્યૉરિટી એમણે જોઈ નથી. એટલે કદાચ એમને એ અનુભવની ખબર જ નથી, જે અનુભવનો વિચારમાત્ર એનાં માતાપિતાને કોરી ખાય છે.

"**થોડી** વારમાં તારા પપ્પા આવશે... તું હજી તૈયાર નથી થયો?" રેણુકાબહેને મિતેશને હજી શેવ કર્યા વગરનો, આળસ મરડતો જોયો ને એમને ફાળ પડી, "તને ખબર તો છે તારા પપ્પાનો સ્વભાવ..."

"તે?" મિતેશ ઉપર રેણુકાબહેનના ઉશ્કેરાટ કે ચિંતાની સહેજેય અસર નહોતી, "એમનેય મારો સ્વભાવ ખબર પડી જવો જોઈએ હવે." એણે નજીક આવીને રેણુકાબહેનના ગાલ પર હાથ મૂક્યો, "હું એમનાથી ડરતો નથી." પછી હસીને ઉમેર્યું, "તારી જેમ."

"હા ભઈ હા, હું તો ડરું જ છું." રેણુકાબહેને કહ્યું, એમણે મિતેશનો હાથ ખસેડીને ફરી ઉતાવળ કરી, "જલદી કર, તૈયાર થઈ જા."

"પણ જવાનું ક્યાં છે?" મિતેશને ગઈ કાલથી ખબર નહોતી કે આ બધી તૈયારીઓ ક્યાં જવા માટે થઈ રહી છે. એના ઘરમાં ગઈ કાલથી એક વિચિત્ર પ્રકારનો માહોલ હતો, "તૈયાર થઈને શું કરવાનું છે?"

"અરે! તારા પપ્પાના ફ્રૅન્ડ નથી, પેલા મૂકેશભાઈ? એ એમની દીકરીને લઈને તને જોવા આવવાના છે."

"હેં?!" મિતેશે વિચિત્ર મોઢું કર્યું, "મને પપ્પાએ આજથી મ્યુઝિયમમાં મૂક્યો છે? ટિકિટ રાખી છે કે મફત?"

"મજાક નહીં કર. ચલ પ્લીઝ, તૈયાર થા."

"તૈયાર થઈને શું કરવાનું? હું એ છોકરીને રોજ તૈયાર થઈને નથી મળવાનો. આવો પસંદ કરશે તો જ લગન થાય..." મિતેશે ફરી આળસ મરડી, "આવવા દે."

"તું સમજતો કેમ નથી?" રેણુકાબહેન હવે પૂરેપૂરાં અકળાઈ ગયાં, "મૂકેશભાઈની અમેરિકામાં કેટલી બધી મોટેલ્સ છે. એકની એક દીકરી છે. તને કાયમ માટે અમેરિકા..." રેણુકાબહેને ફરી એક વાર વહાલથી મિતેશના ગાલે હાથ મૂક્યો, "તારી તો લાઇફ બની જશે, બેટા."

"નથી બનાવવી મારે લાઇફ." મિતેશનું મગજ છટક્યું, "ઍન્જિનિયર છોકરાને ટોઇલેટ ધોવા મોકલે છે મારો બાપ? હું નથી જવાનો." મિતેશે બૂમ પાડીને કહ્યું.

"સમજતો કેમ નથી? તારા પપ્પાએ મૂકેશભાઈને વચન આપી દીધું છે. તું કંઈ પણ બોલીશ તો એ ભડકી જશે. કારણ વગર બહારના માણસની સામે તમાશો થશે." રેણુકાબહેન કરગરી પડ્યાં.

"વ્હોટ ટુ ડુ યુ મીન બાય વચન આપી દીધું છે? જિંદગી મારી છે કે એમની?" મિતેશે ટેબલ પર પડેલો ગ્લાસ લઈને પછાડ્યો... મિતેશ તો ઘરમાંથી જતો રહ્યો. રેણુકાબહેન કશું કરી શક્યાં નહીં... એ દિવસે ઘરમાં બહુ મોટો તમાશો થયો.

•

આજના સમયમાં ઘણાં બધાં માતાપિતા પોતાના દીકરા કે દીકરીને અમેરિકા મોકલવા માગે છે. એમને લાગે છે કે અમેરિકામાં ભવિષ્ય છે, પૈસા છે. એકના સાંઠ-પાંસઠ ગણા થયા છે એવા સમયે છોકરાઓ અહીંથી જતા રહે તો ત્યાં સુખી થઈ જાય, પણ આજની પેઢી જુદી છે. જુદું વિચારતી અને જુદું જીવતી. એમાંય જ્યાં લગ્નનો સવાલ આવે છે ત્યાં તો આ પેઢી બિલકુલ જુદું જ વિચારે છે.

એમાંય હજુ દીકરી કદાચ માતાપિતાનું માને કે એમનું માન રાખવા પોતાનું મન મારીને પણ માતાપિતા જ્યાં લગ્ન કરાવે ત્યાં કરી લે, પરંતુ દીકરો તો સામાન્ય રીતે આવા કોઈ દબાણને વશ થતો નથી. આજના દીકરાઓ વ્યવસાયથી શરૂ કરીને વિવાહ સુધીની બાબતમાં ઘણા વધુ સ્વતંત્ર થતા જાય છે. દીકરી સાથેના સંબંધો હજી પણ દબાણના કે પ્રેશરના હોઈ શકે છે, કારણ કે આજે પણ ભારતમાં પુત્રીની સ્થિતિમાં બહુ બદલાવ આવ્યો નથી. દીકરીના ઉછેરમાં અને દીકરાના ઉછેરમાં આજે પણ આપણા દેશમાં તફાવત જોવા મળે છે.

બદલાતા સમય સાથે હવે મિત્રો અને આસપાસની દુનિયાના ફિયર પ્રેશરને કારણે હવે યુવા પેઢી બદલાતી જાય છે. એમાંય ખાસ કરીને છોકરાઓને એવું સમજાવા લાગ્યું છે કે વિદેશ જઈને હોટૅલ કે મોટેલ પ્રકારનું કામ કરવું એના જ માટે હિતાવહ છે, જેની પાસે ડિગ્રી ન હોય. ભણેલા-ગણેલા છોકરાઓ પહેલાં તો વિદેશ જવા માગતા નથી. જાય તો ડિગ્રી લઈને, માસ્ટર્સ કરીને પાછા ફરવા માગે છે. ત્યાં જ્ઞાતિબંધુ સાથે માતાપિતાએ ગોઠવેલાં કોઈ લગ્નો આ નવી પેઢીના યુવાનને સીધેસીધાં ગળે ઊતરતાં નથી, ને એમાં ખોટું પણ શું છે?

આજથી થોડાં વર્ષો પહેલાં વિદેશનું, ખાસ કરીને અમેરિકાનું જે મહત્ત્વ હતું એ હવે નથી રહ્યું. આપણા દેશમાં વધુ સગવડ, વધુ સવલત અને વધુ સુવિધાઓ ઉપલબ્ધ છે. સારું કમાતા કે સારું કમાઈ શકતા લોકોએ હવે વિદેશ જવાની જરૂર નથી એવું આજની પેઢી માનતી થઈ છે. છોકરીઓને આજે પણ વિદેશ જવાનું આકર્ષણ

હોઈ શકે છે, પરંતુ વધુ ને વધુ યુવાન છોકરાઓ ભણી-ગણીને ભારત પાછા ફરવાની પસંદગી કરે છે. ખાસ કરીને જે લોકોના પરિવાર સૅટલ્ડ છે, પિતા પાસે સારી રીતે જીવી શકાય એવી જિંદગી છે એવા પરિવારના યુવાનોને હવે આ જ દેશમાં પોતાનું ભવિષ્ય બનાવવામાં રસ પડવા માંડ્યો છે.

જે માતાપિતા આજે પચાસ-પંચાવન કે વધુ ઉંમરના છે એ માતાપિતા હજીયે એમના જૂના વિચારો, માન્યતાઓ અને ઇમ્પ્રેશન્સ સાથે વિચારતા જોવા મળે છે. મોટા ભાગનાં માતાપિતા પોતે જે સપનાં પૂરાં ન કરી શક્યાં હોય એ પોતાના સંતાનના ભવિષ્યમાં પૂરાં કરવાનો નિષ્ઠાપૂર્વક અને મરણિયો પ્રયાસ કરે છે. પોતે ઘણો સંઘર્ષ કરીને સૅટલ્ડ થયાં હોય એવાં માતાપિતા પોતાના દીકરા કે દીકરી માટે 'વેલ સૅટલ્ડ' પરિવારોના સંબંધની શોધ કરતા હોય છે, પણ આજની પેઢીની યુવાન છોકરીઓ પણ પોતાના ભવિષ્ય વિશે પ્રમાણમાં ઘણી વધુ કૉન્ફિડન્ટ છે. છોકરાઓ તો સાવ જુદી જ રીતે વિચારે છે.

પિતાનો બિઝનેસ હોય એવા ઘણા છોકરાઓ હવે એ બિઝનેસમાં જોડાવાની ના પાડે છે. રેસ્ટોરાં, ડેરી, હોટૅલ કે ફૅક્ટરી જેવા બિઝનેસ નવી પેઢીને નથી ગમતા. એમને તૈયાર કેક ખાવામાં એટલો રસ નથી, જેટલો એમની આગવી ઓળખ ઊભી કરવામાં છે. સંઘર્ષનો એમને ભય નથી લાગતો. ઇનસિક્યૉરિટી એમણે જોઈ નથી. એટલે કદાચ એમને એ અનુભવની ખબર જ નથી, જે અનુભવનો વિચારમાત્ર એનાં માતાપિતાને કોરી ખાય છે.

માતાપિતા ઇચ્છે છે કે એમનાં સંતાન વગર મહેનતે એક સુખની, સગવડભરી જિંદગી વિતાવે—નવી નવી પાંખો ફૂટી છે એવાં સંતાન, ખાસ કરીને યુવાન પુત્રો ડિઝાઇન કરેલા રસ્તા પર હાથમાં પકડાવી દેવામાં આવેલા નકશા પ્રમાણે ચાલવા તૈયાર નથી!

બદલાતા સમય સાથે જન્મેલી નવી પેઢી એમની હથેળીમાં એમનું ભવિષ્ય લઈને જન્મી છે. માતાપિતાને એમના ભાગ્યવિધાતા થવાને બદલે એમના રાહબર થવું વધુ સહેલું પડશે...

• • •



કાળી ચૌદશ:
કકળાટ કા વાનો કોઈ ચોક્કસ દિવસ નથી હોતો

કકળાટનો જન્મ ફક્ત એક જ કારણસર થાય છે, એ છે મતભેદ, વિચારભેદ, ઈમોશનભેદ, અસ્તિત્વભેદ... ટૂંકમાં ડિફરન્સ! ભેદ! બે લોકો જુદું વિચારે, જુદું માને, જુદું ઝંખે કે જુદું જીવે એ સ્વાભાવિક છે. જ્યાં સુધી એક વ્યક્તિ બીજી વ્યક્તિને 'સુધારવા'ના પ્રયત્નમાં મશગૂલ રહે છે ત્યાં સુધી એ કકળાટનો કોઈ અંત જ નથી. સફરજન ક્યારેય નારંગી જેવું ના હોઈ શકે એટલે જે લોકો નારંગીમાંથી સફરજન કે સફરજનમાંથી નારંગી બનાવવાના પ્રયત્નમાં વ્યસ્ત છે એમના લગ્નજીવનની સમસ્યાઓ સતત વધતી રહે છે.

"**આ** શું કરે છે?"

"વડાં બનાવું છું." મધુએ તેલમાં છમકારો કર્યો, "કાળી ચૌદશ છે ને, કકળાટ કાઢવો છે" ભજિયાં તળવામાં મગ્ન મધુને ખ્યાલ જ ન આવ્યો કે પાછળ ઊભેલા અજયના હાથમાં એક પૅકેટ હતું.

"હું તારી માટે કઈ લાવ્યો છું" અજયે કહ્યું. એને હતું કે મધુ હવે તરત પાછળ ફરીને જોશે પણ મધુ ઊતરેલાં વડાં પર કંઈક વિધિ કરી રહી હતી.

"મૂકી દો ત્યાં." મધુએ કહ્યું.

"અરે, હું આટલા વહાલથી કંઈ લાવ્યો અને તું..." અજયને સહેજ ખોટું લાગી ગયું. ધનતેરસનું બોનસ મળ્યા પછી એ સીધો સાડીવાળાને ત્યાં ગયો હતો. વહાલથી સાડી પસંદ કરીને, ફૉલ લગાડાવીને મધુના દરજી પાસે ઊભા-ઊભા બ્લાઉઝ સીવડાવીને મેચિંગ ચણિયા સાથે એ એટલી લાગણીથી લઈ આવ્યો હતો કે આ સાડી મધુ કાલે જ પહેરી શકે! પણ મધુ તો કાળી ચૌદશનો કકળાટ કાઢવાની ધૂનમાં અજય સામે જોવા ય તૈયાર નહોતી, "જો તો ખરી," અજયે ફરી કહ્યું.

વિધિમાં વ્યસ્ત મધુએ પાછળ જોયા વગર હોઠ પર આંગળી મૂકીને અજયને ચૂપ રહેવાનું કહ્યું. હવે અજય અકળાયો. એણે મધુનો ચહેરો પકડીને પોતાની તરફ ફેરવવાનો પ્રયત્ન કર્યો. મધુએ ઝટકો મારીને ચહેરો છોડાવ્યો. મોટીમોટી આંખો કરીને કંઈ બોલ્યા વગર જ એણે અજયને માથું ધુણાવીને ના પાડી. આટલા

વહાલથી લાવેલું પૅકેટ અજય ત્યાં જ ફેંકીને જતો રહ્યો.

કકળાટ કાઢવાની વિધિમાંથી જ કકળાટ થઈ ગયો. એ પછી મધુએ ઘણો પ્રયત્ન કર્યો પણ દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજના દિવસો અબોલામાં જ વીતી ગયા. લગ્નની પહેલી દિવાળી કદાચ જીવનભર યાદ રહી જાય એવી કડવાશ મૂકી ગઈ...

કાળી ચૌદશનો દિવસ સામાન્ય રીતે કકળાટ કાઢવાનો દિવસ છે. આખા ભારતમાં કાળી ચૌદશના દિવસે જાતજાતનાં વિધિ-વિધાન કરવામાં આવે છે. તંત્રવિદ્યામાં વિશ્વાસ કરનારા માટે પણ કાળી ચૌદશ મહત્ત્વનો દિવસ. ક્યારેક નવાઈ લાગે કે જે દિવસે કાળી વિદ્યાની અસર ઓછી થવા માટે પણ વિધિ કરવામાં આવે એ જ દિવસે મેલી વિદ્યા અજમાવવા માટે પણ વિધિ કરવામાં આવે? કોઈની શ્રદ્ધાને જરાય ઠેસ પહોંચાડ્યા વગર ખરેખર વિચાર એ વાતનો થવો જોઈએ કે આ કકળાટ છે શું? અને ઘરમાંથી કાઢવા માટે કોઈ એક દિવસ શા માટે પસંદ કરવો પડે?

એથીયે મોટો સવાલ એ છે કે કકળાટ થાય જ શા માટે? જરા ઝીણવટથી જોઈએ તો બહુ ઓછા પુરુષો કચકચ કરવાના સ્વભાવવાળા હોય છે. જ્યાં સુધી એમની સગવડ સચવાય, જ્યાં સુધી ઝીણી વાતોમાં પડીને સમય અને સંબંધ બંને ગૂંચવવામાં મોટાભાગના પુરુષોને રસ નથી હોતો. પુરુષ પ્રકૃતિએ પ્રમાણમાં સહેજ બેદરકાર અને ચલાવી લેવાની વૃત્તિ ધરાવે છે. મોટાભાગના પુરુષો (અપવાદ દરેક જગ્યાએ હોય છે) શાંતિપ્રિય હોય છે. ઝઘડા કરવા, કચકચ કરવી, જૂની વાતો યાદ રાખવી કે ઝીણી ઝીણી ભૂલો શોધીને દરેક વખતે એ જ ભૂલોને સામે લઈ આવવાનું મોટાભાગના પુરુષોના સ્વભાવમાં નથી હોતું. આમ જોવા જઈએ તો પુરુષ કકળાટથી કાયર હોય છે એનું એક કારણ કદાચ એ પણ છે કે પુરુષ પ્રકૃતિએ જ મોજીલો અને બેફિકર હોય છે. જ્યારે સ્ત્રીઓ (મોટાભાગની) ઝીણી અને જુની વાતો યાદ રાખે છે. આજના સુખને પણ એ ગઈકાલના દુ:ખ પર કુરબાન કરી શકે છે. સ્ત્રીનો સ્વભાવ સૂક્ષ્મ દુ:ખો સાથે જોડાઈ જવાનો છે. પોતાની આસપાસ એક પીડાનું વિશ્વ રચવાની જાણે-અજાણે મોટાભાગની સ્ત્રીઓને મજા આવતી હશે? ગઈ કાલનાં દુ:ખો પુરુષને બહુ પજવતાં નથી, સિવાય કે એ દુ:ખો એની પત્ની કે પ્રેમિકાની બેવફાઈ સાથે જોડાયેલા હોય!

આમ જુઓ તો બહુ ઈન્ટરેસ્ટિંગ બાબત એ છે કે, પુરુષ પોતાના સંતાને આપેલી પીડા ભૂલી શકે છે, મિત્ર કે માતા-પિતાને માફ કરી શકે છે, પરંતુ એ જ પુરુષ પોતાના જીવનની સ્ત્રીને સહજતાથી માફ કરી શકતો નથી, એનાથી સાવ વિરુદ્ધ મોટાભાગની સ્ત્રીઓ પોતાના પ્રેમીને કે પતિને-એના જીવનના પુરુષને રડી-કકળીને માફ તો કરે છે પણ બનેલી ઘટનાઓને ભૂલી શકતી નથી! પુરુષ એકવાર "માફ કર્યું" કહે પછી સામાન્યત: એ ઘટનાને ત્યાં સુધી યાદ કરતો નથી જ્યાં સુધી એવા જ પ્રકારની કોઈ બીજી ઘટના ન બને... જ્યારે સ્ત્રીઓને દુ:ખની ઘટનાઓ સુખના પ્રસંગો કરતાં વધુ ઝડપથી અને વધુ પાકી યાદ રહેતી હોય છે એવું જોવા મળે છે. આનું કારણ કદાચ એ હશે કે સ્ત્રીના ડીએનએનો સીધો સંબંધ પીડા સાથે જોડાય છે. દર મહિને ભોગવવી પડતી પીડા, સંતાનના જન્મ સમયની પીડા, કે સ્ત્રી તરીકે જન્મ્યા હોવાના કેટલાક સીધા ગેરફાયદા સાથે જોડાયેલી પીડા...ધીમેધીમે આ પેઈન કે પીડા સ્ત્રીનું સહઅસ્તિત્વ બની જતું હશે? જ્યારે પુરુષના જન્મથી શરૂ કરીને સંભોગ કે સંતાનના જન્મ સુધીની આખીયે પ્રક્રિયા કે પ્રવાસ મુખ્યત: આનંદ અથવા પ્લેઝર સાથે જોડાયેલો છે એટલે એના ભાગે પીડા યાદ રાખવા કરતાં આનંદ કે પ્લેઝર યાદ રાખવું વધુ સહજ બનતું હશે?

કકળાટનો જન્મ ફક્ત એક જ કારણસર થાય છે, એ છે મતભેદ, વિચારભેદ, ઈમોશનભેદ, અસ્તિત્વભેદ...

ટૂંકમાં ડિફરન્સ! ભેદ! બે લોકો જુદું વિચારે, જુદું માને, જુદું ઝંખે કે જુદું જીવે એ સ્વાભાવિક છે. જ્યાં સુધી એક વ્યક્તિ બીજી વ્યક્તિને 'સુધારવા' ના પ્રયત્નમાં મશગૂલ રહે છે ત્યાં સુધી એ કકળાટનો કોઈ અંત જ નથી. સફરજન ક્યારેય નારંગી જેવું ના હોઈ શકે એટલે જે લોકો નારંગીમાંથી સફરજન કે સફરજનમાંથી નારંગી બનાવવાના પ્રયત્નમાં વ્યસ્ત છે એમના લગ્નજીવનની સમસ્યાઓ સતત વધતી રહે છે. જે વ્યક્તિ એવું સ્વીકારી લે છે કે મારા જીવનસાથી પાસે કેટલીક મર્યાદાઓ છે ને સાથે કેટલીક ખૂબીઓ પણ છે એવી વ્યક્તિઓ સામાન્ય રીતે સુખી થઈ શકે છે. મજાની વાત એ છે કે પુરુષોમાં આ સ્વીકાર પ્રમાણમાં ઘણો સહજ અને સ્વાભાવિક હોય છે. સ્ત્રીઓને એમના સર્જનની પ્રક્રિયામાં કદાચ પતિમાંથી પૂર્ણપુરુષોત્તમ બનાવવાની પ્રક્રિયા આવરી લેવાનું ગમતું હશે! કકળાટ કદાચ ત્યાંથી જ શરૂ થાય છે...

બીજી અગત્યની વાત એ છે કે, રિચ્યુઅલ્સ અથવા કર્મકાંડ કે વિધિવિધાનથી કદાચ થોડો ફેર પડતો હશે, કદાચ એમાં કોઈ વિજ્ઞાન હશે પરંતુ, ફક્ત એટલું જ કરવાથી સુખ-સમૃદ્ધિ કે શાંતિ મળતાં નથી. આપણી ભીતર વસતા એક પરમ આત્માને પણ આમાં સાંકળી લેવો પડે છે. વડાં, પૂરી કે નારિયેળ ચાર રસ્તે મૂકી આવવાથી જો કકળાટ જતો હોત તો વિશ્વના કોઈ પરિવારોમાં અશાંતિ ન રહે! આપણે આપણી ભીતર કડવાશ, કકળાટ, ક્રોધ અને કામનાઓ સંઘરી રાખીએ છીએ, વડાં અને નારિયેળ ચાર રસ્તે મૂકી આવીએ છીએ... ખરેખર આપણી ભીતરની કટૂતા, ક્રોધ અને કકળાટને ચાર રસ્તે મૂકી આવવા જોઈએ. આજનો દિવસ કદાચ ભીતરનો કકળાટ કાઢવાનો દિવસ છે અને આ વાત ઘરની ગૃહિણીએ કદાચ પહેલાં સમજવાની જરૂર છે.

• • •



પપી લવ:
ફાલતુ વાત નથી!

આપણાં બાળકો વહેલા પ્રેમમાં પડે તો એ રખડેલ, બેદરકાર, લફરાંબાજ છે એવું સર્ટિફિકેટ આપવાને બદલે એના ઈમોશનને સમજીને એને ધીરજથી પ્રતીક્ષા કરવાનો સધિયારો અને સમજ આપવાની માતાપિતા તરીકે આપણી ફરજ છે. મોટા ભાગનાં માતાપિતાની એવી ફરિયાદ હોય છે કે એમનાં સંતાનો પોતાના મિત્રો સાથે જેટલી વાતો કરે છે એટલી માતાપિતા સાથે વાત કરતાં નથી. ઘણાં માતાપિતાને એવો અફસોસ અથવા પીડા છે કે પોતે પોતાના સંતાન વિશે—એના મનોભાવો વિશે, એના વિચારો વિશે ભાગ્યે જ કશું જાણે છે, કારણ કે સંતાન એમની સાથે ખુલ્લા દિલે ચર્ચા કરતું નથી.

"**મમ્મી** ... મારે તારી સાથે વાત કરવી છે." ૧૯ વર્ષના મિથુને જ્યારે ગંભીરતાથી કહ્યું ત્યારે સંગીતાબહેનને નવાઈ લાગી. અત્યાર સુધી તોફાન-મસ્તી કરતો, મજાક કરતો મિથુન એવી તે વળી શી વાત કહેવાનો હશે!

"હા, બોલ બેટા." સંગીતાબહેને વહાલથી પૂછ્યું, "પૈસા જોઈએ છે?"

"ના. મારે એક છોકરી સાથે તારી ઓળખાણ કરાવવી છે. એને ઘેર લઈ આવવી છે." મિથુન કોઈ પચીસ વર્ષના છોકરા જેવો ગંભીર દેખાતો હતો.

"છોકરી?" સંગીતાબહેનનાં ભવાં સંકોચાયાં, આંખો ઝીણી થઈ ગઈ, "તારા પપ્પા ચીરી નાખશે. ભણવામાં ધ્યાન આપ."

"તું એક વાર મળી તો લે. મિનોલી બહુ સ્વીટ છે. તને ગમી જ જશે." મિથુન મરણિયા પ્રયાસ કરી રહ્યો હતો.

"શું રિઝલ્ટ આવ્યું આ પરીક્ષાનું? તું છોકરીની પાછળ ટાઇમ બગાડે છે એને બદલે તારા ગ્રેડ્સમાં ધ્યાન આપ, સમજ્યો?" સંગીતાબહેન ચિડાઈ ગયાં, "૧૯ વર્ષનો છે તું... છોકરી-બોકરીનાં લફરાં અત્યારમાં શું છે?"

"પણ હું અત્યારે કંઈ નથી કરવાનો. ખાલી મળી લે." મિથુનની આંખોમાં મિનોલી માટેની મુગ્ધતા સ્પષ્ટ દેખાતી હતી, "હજી તો અમે બંને જણાં અમારી કરિયર બનાવીશું. વી આર જસ્ટ કમિટિંગ અવર સેલ્વ્સ."

"મૂરખ જેવી વાતમાં મને કોઈ રસ નથી. મારે નથી મળવું કોઈને." કહીને સંગીતાબહેન ત્યાંથી ચાલી ગયાં. મિથુનની આંખો ભરાઈ આવી. એને હતું કે એની મમ્મી એને સમજી શકશે, પરંતુ સંગીતાબહેને તો હાથ ખંખેરી નાખ્યા.

આજના જમાનામાં યુવાનોમાં બે પ્રકારનો ટ્રેન્ડ જોવા મળે છે. એક એવા છોકરાઓ, જેમને કમિટમૅન્ટ શબ્દ સાથે જ કોઈ લેવાદેવા નથી. એ લવ નામના ઇમોશનને વાહિયાત—હમ્બગ—બેકાર—સ્ટૂપિડ—ટાઇમપાસ ગણાવે છે. તો કેટલાક છોકરાઓ સાવ જુદા છે. એ ૧૯-૨૦ વર્ષની ઉંમરે એકબીજાનો સાથ નિભાવવાનું નક્કી કરે છે અને એક દિશામાં એકસાથે પ્રગતિ કરવાનો પ્રયત્ન કરે છે. એકબીજાની હેલ્પ કરે છે. કારકિર્દીની પસંદગીમાં પણ ભવિષ્યને નજર સામે રાખે છે.

આની પહેલાંની પેઢીમાં આવી સમજદારી નહોતી એમ તો ના કહેવાય, પરંતુ આવી સમજદારીને પૂરી હિંમતથી પોતાનાં માતાપિતા સમક્ષ મૂકવી અને નિભાવી જાણવી એ નવી પેઢીનો નવો ટ્રેન્ડ છે.

ઘણાં માતાપિતા યુવાનોની નિષ્ઠા વિશે કાળો કકળાટ મચાવે છે. એમની જીવનશૈલી, વસ્ત્રો, સંગીત, ખોરાક બધું જ માતાપિતાને 'વિચિત્ર' લાગે છે, પરંતુ આ પેઢી એક રીતે બહુ સ્પષ્ટ અને સમજદાર છે. કંઈ પણ નક્કી કરતા પહેલાં આ 'નવી' કહેવાતી પેઢી પોતાનો સમય લે છે, પરંતુ એક વાર નક્કી કર્યા પછી આ પેઢી સામાન્ય રીતે પોતાના નિર્ણયને વળગી રહે છે એટલું જ નહીં, એને પૂરો કરવા માટે જરૂર હોય એ બધું જ કરી છૂટે છે.

પ્રેમનો ફિનોમિના આની પહેલાંની પેઢી સાથે જરા જુદો હતો. રોમાન્સની કલ્પના એ પેઢી માટે ફૂલો, સિનેમા, ભેટની આપ-લે અને મીઠા મીઠા શબ્દોની સાથે કરાતા સ્વીટ નથિંગ ટાઇમપાસથી વધુ કદાચ કંઈ નહોતી. એ સમયે સ્કૂલમાં કે કૉલેજમાં પોતાના ભવિષ્ય વિશે નિર્ણય કરવાની સમજ, આવડત અને હિંમત ભાગ્યે જ કોઈનામાં જોવા મળતી. આજના સમયમાં જે નવી પેઢી યુવાન થઈ રહી છે એમની પાસે આત્મવિશ્વાસ ભારોભાર છે. એમને પોતાના નિર્ણયમાં વિશ્વાસ છે અને જો એમને એવું લાગે કે એમનો નિર્ણય ભૂલમાં થયો છે, ઉતાવળિયો કે ખોટો છે તો પોતાની ભૂલ સ્વીકારીને નિર્ણય બદલવામાં એમને કોઈ ઈગો પ્રૉબ્લેમ પણ થતો નથી.

નવી પેઢીના કેટલાક ટીનએજર અને યુવાનો 'પ્રેમ'ના ઈમોશનમાં માનતા જ નથી. એ લોકોને લાગે છે કે આ કારણ વગરનો રોમાન્સ સમય અને સંસાધનનો વેડફાટ છે. નવી પેઢીના કેટલાય છોકરાઓ કહે છે કે, "બહુબધી ગર્લ્સ મારી ફ્રેન્ડ્સ છે, પણ ગર્લફ્રેન્ડ જેવો ખર્ચાળ અને સમય વેડફનારો સંબંધ મારે નથી જોઈતો." એની સામે સ્કૂલમાં કે કૉલેજમાં પોતાની સાથે ભણતા પોતાના ક્લાસમેટ સાથે જીવન જીવવાના કમિટમૅન્ટ કરનારા યુવાનો અને ટીનએજર પણ છે. આ એવી પેઢી છે, જે પોતાની જિંદગીની માલિક પોતે જ છે. કોણ શું ધારશે, કોણ શું વિચારશે કે કોને કેવું લાગશે—વગેરે માથાકૂટમાં પડવાને બદલે 'ધેર ઇઝ ઓન્લી વન લાઇફ, લીવ ધ ફૂલેસ્ટ' માનનારા આ છોકરાઓ પોતાની જિંદગી વિશે માતાપિતા સાથે ખુલ્લા દિલે વાત કરતાં અચકાય છે. મોટા ભાગનાં માતાપિતા એમના છોકરાઓના આવા નિર્ણયને 'છોકરમત'માં ખપાવે છે, પરંતુ આ માતાપિતાએ સમજવાની જરૂર છે કે ગઈ પેઢીના ૨૫ વર્ષની ઉંમરના છોકરામાં જે સમજ હતી એ આજે પંદર વર્ષના છોકરામાં છે. માહિતીની દુનિયા આ છોકરાઓ સામે બહુ ઝડપથી ઊઘડી જાય છે. ફિંગર ટિપ્સ પર રહેલું ગૂગલ અને એમની આસપાસની દુનિયામાં ઝડપથી થઈ રહેલો વિકાસ એમને પોતાની જિંદગી વિશે પણ વહેલા મેચ્યૉર બનાવી દે છે. આપણું સંતાન જ્યારે આવી કોઈ વાત લઈને આપણી પાસે આવે ત્યારે

એની મજાક કરવાને બદલે, એને ઉતારી પાડવાને બદલે 'ભણવામાં રસ લે' કહીને એના ઇમોશનનું અપમાન કરવાને બદલે એને ભવિષ્ય વિશે થોડો વધુ સજાગ, વધુ સાવચેત અને વધુ સિરિયસ દૃષ્ટિકોણ આપવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આપણાં બાળકો વહેલા પ્રેમમાં પડે તો એ રખડેલ, બેદરકાર, લફરાંબાજ છે એવું સર્ટિફિકેટ આપવાને બદલે એના ઈમોશનને સમજીને એને ધીરજથી પ્રતીક્ષા કરવાનો સધિયારો અને સમજ આપવાની માતાપિતા તરીકે આપણી ફરજ છે. મોટા ભાગનાં માતાપિતાની એવી ફરિયાદ હોય છે કે એમનાં સંતાનો પોતાના મિત્રો સાથે જેટલી વાતો કરે છે એટલી માતાપિતા સાથે વાત કરતાં નથી. ઘણાં માતાપિતાને એવો અફસોસ અથવા પીડા છે કે પોતે પોતાના સંતાન વિશે—એના મનોભાવો વિશે, એના વિચારો વિશે ભાગ્યે જ કશું જાણે છે, કારણ કે સંતાન એમની સાથે ખુલ્લા દિલે ચર્ચા કરતું નથી. આવી પરિસ્થિતિમાં જો સંતાન પોતાની લાગણી કે વિચારોને વ્યક્ત કરે તો એને સમજવાનો પ્રયત્ન માતાપિતાના પક્ષે પણ થવો જોઈએ. જે આજે માતાપિતા છે એ પોતે પણ ૧૮-૧૯ની ઉંમરે કદાચ કોઈ આકર્ષણ કે પ્રણયસંબંધમાં પ્રવેશ્યાં હોય એમ બને, પરંતુ એ સમયના સમાજ અને માતાપિતાના ભયને કારણે એ પોતાની વાત ખૂલીને કહી શક્યાં નહીં હોય... ઘણાં માતાપિતાને એવું લાગે કે ટીનએજમાં થયેલો પ્રેમ અથવા કાચી ઉંમરે કરેલું કમિટમૅન્ટ ટકવાનું નથી તો એ વાત કદાચ સાચી પણ છે, પરંતુ એ વાત ૧૯ વર્ષના બાળકને ન સમજાય એ પણ એટલું જ સ્વાભાવિક છે.

સંતાનની લાગણીને સાંભળીને, સમજીને, ઓળખીને એના મિત્ર બનવાનો પ્રયત્ન સૌથી મહત્ત્વનું બૉન્ડ પુરવાર થાય છે. આજે જે દીકરો કે દીકરી 'પ્રેમ' થયાની વાત કરે છે એ પોતે જ કાલે કદાચ આ સંબંધમાંથી નીકળવા માગે... એવા સમયે જો માતાપિતા એની નજીક હોય અને સંતાનનો વિશ્વાસ માતાપિતા પર હોય, એમના એકબીજા સાથે ખુલ્લીને વાત કરવાના સંબંધ હોય તો આવા બ્રેકઅપ્સ વખતે માતાપિતા એક સારા મિત્રની ગરજ સારી શકે.

આ તે કંઈ ઉંમર છે, પ્રેમ કરવાની? કહીને જે માતાપિતા પોતાના સંતાનને અવગણે છે અથવા ઉતારી પાડે છે એ માતાપિતા પોતાના સંતાન સાથેનું ઇમોશનલ બૉન્ડ પણ નબળું કરી નાખે છે. ખાસ કરીને દીકરો ભાગ્યે જ પોતાની વાત પોતાના માતાપિતા શૅર કરે છે, એવા સમયમાં જો ટીનએજ દીકરો પોતાના મનની વાત કહેતો હોય તો એને સદ્ભાગ્ય સમજીને માતાપિતાએ—ખાસ કરીને મમ્મીએ એ બૉન્ડને વધુ મજબૂત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. છોકરીઓની મજાક કરવાની અને સૅક્સની ઉંમરે જો ટીનએજ છોકરો 'પ્રેમ'ની વાત કરતો હોય તો એ સંસ્કાર અને ઉછેરનું પરિણામ છે એ વાતે માતાપિતાને ગૌરવ થવું જોઈએ. દીકરો કોઈ ગર્લફ્રેન્ડને ઘરે લાવીને ઓળખાણ કરાવતો હોય તો એના એ સંસ્કાર અને સમજને વધુ બળ કઈ રીતે આપી શકાય એનો પ્રયત્ન એક સ્વસ્થ વ્યક્તિ અને ભવિષ્યના એક સ્વસ્થ પરિવારનું નિર્માણ કરશે એટલું નક્કી છે.

• • •



'જો' અને 'તો'... લેવડ-દેવડ એ જ સત્ય છે?

પ્રશ્ન ખરેખર ફક્ત યુવા માનસ સાથેનો નથી, માતાપિતા પણ ઘણી બધી બાબતો સમજી શકતાં નથી. આ એવી ઉંમરનાં બાળકો છે કે એમને જો લૉજિકલી સત્ય સમજાવવામાં આવે તો એ સમજી જ શકે છે. સારા માર્ક લાવવા માટે, એડ્મિશન માટે કે એવી બીજી બાબતો માટે એમને પ્રોત્સાહિત કરવા એ સારી જ વાત છે, પરંતુ એને માટે ખોટાં વચન આપવાને બદલે કે અનરિયાલિસ્ટિક બાબતોને સપનું બનાવીને વેચવાને બદલે જિંદગીનાં સત્યો એમના સુધી લઈ આવવાનો પ્રયત્ન વધુ સફળ પુરવાર થઈ શકે.

"**બેટા** ! તું આપણા ઘરની સ્થિતિ સમજે છે. તારી ફીસના પૈસા માંડ કાઢું છું. એમાં તું ટુ વ્હીલર માંગે તો ક્યાંથી..." મીરાબહેનની આંખમાં આંસુ હતાં અને ચહેરા ઉપર વિષાદ. સામે ઊભેલો સની ગુસ્સામાં હતો. અદબ વાળીને, કશું નથી સાંભળવું એવી બૉડી લૅન્ગવેજ સાથે એ મીરાબહેનની સામે જોઈ રહ્યો હતો. છેલ્લા અઠવાડિયાથી આ ઘરમાં રોજ આ જ માથાકુટ ચાલતી હતી. સની કૉલેજમાં આવ્યો ત્યારથી ટુ વ્હીલરનું એનું સપનું હતું. મીરાબહેને એને વચન પણ આપેલું કે જો બારમાં ધોરણમાં સારા પર્સન્ટેજ લાવશે તો કૉલેજમાં જવા માટે એને ટુ વ્હીલર મળશે... સનીએ ખૂબ મહેનત કરી. રાત-દિવસ જાગીને એ નેવ્યાસી ટકા માર્ક લઈ આવ્યો. સારી કૉલેજમાં એડ્મિશન મળી ગયું પણ એના ટુ વ્હીલરનો જુગાડ થતો નહોતો. હવે સનીએ છેલ્લા બે દિવસથી ખાવાનું છોડી દીધું હતું. મીરાબહેન સમજાવીને થાકી ગયાં હચાં પણ સની કોઈ રીતે માનવા તૈયાર નહોતો...મીરાબહેન સિંગલ મધર હતાં. પતિના મૃત્યુ પછી એમણે બંને સંતાનોને સારી રીતે ઉછેર્યા હતા. સારી સ્કૂલ, સારું શિક્ષણ અને ખાધે-પીધે સુખી કહી શકાય એવા ઉછેર માટે મીરાબહેને ખૂબ પ્રયાસ કર્યા પણ અચાનક એક લાખ રૂપિયા ખર્ચવા એમને માટે શક્ય નહોતા. સની મહેનત કરે અને સારા પર્સન્ટેજ લાવે એ માટે મીરાબહેને વચન તો આપી દીધેલું પણ એ વચન પોતે પૂરું નહી કરી શકે એ વાતની મીરાબહેનને ત્યારે પણ ખબર હતી. હવે સની જીદે ચડ્યો હતો. એને સમજાવો મીરાબહેન માટે લગભગ અશક્ય બન્યું હતું.

"હું કઈ જાણું નહીં." સનીએ ગુસ્સામાં કહ્યું, "તેં પ્રૉમિસ કર્યું હતું." સનીએ છેલ્લી ધમકી ઉછાળી. ટુ વ્હીલર નહીં મળે તો હું કૉલેજ નહીં જાઉં. મીરાબહેન જાણતાં હતાં કે સની એના પપ્પા જેટલો જ જિદ્દી હતો.

કેન્સરની બીમારીમાં રાજેશભાઈએ દવા કરવાની ના પાડી ત્યારે સહુએ સમજાવેલા પણ રાજેશભાઈએ જીદ ન છોડી ને દવા ન કરી તે ન જ કરી. એટલે મીરાબહેનને બરાબર ખબર હતી કે સની જે કહે છે એ કરીને જ બતાવશે.

એમણે ફરીવાર સનીને સમજાવવાનો પ્રયત્ન કર્યો, “બેટા, સહેજ તો સમજવાનો પ્રયત્ન કર.”

“તું સમજ, તારે પ્રૉમિસ કરતા પહેલાં વિચારવું જોઈતું હતું.” સનીનો ગુસ્સો અને ઉશ્કેરાટ વાજબી હતો.

આ ઝઘડો લગભગ દરેક ઘરમાં થતો હોય છે. બાળકોને અમુક પ્રકારના અચિવમૅન્ટ સુધી લઈ જવા માટે માતા-પિતા કેટલીકવાર અનરિયાલિસ્ટિક પ્રૉમિસ કરતાં હોય છે. દીકરી કદાચ હજીયે માતા-પિતાની લાગણી કે તકલીફ સમજીને એની માગણી સાથે કૉમ્પ્રોમાઈસ કરે એવા ચાન્સ વધારે છે પણ કિશોરમાંથી યુવાન થઈ રહેલો દીકરો સામાન્ય રીતે એના ઈગો સાથેની નવી દુનિયામાં પ્રવેશતો હોય છે. એને માટે એના મિત્રો અને મિત્રો સામેની એની ‘ઈમ્પ્રેશન’ બહુ જ અગત્યની હોય છે. એવા સમયે માતા-પિતાએ આપેલું વચન સિરીયસલી લઈ લે છે અને એ વચન જ્યારે પૂરું નથી થતું ત્યારે એનો અહં ઘવાય છે, એને છેતરાયાની લાગણી થાય છે. સામાન્ય રીતે બારમું ધોરણ પાસ કરીને કૉલેજમાં આવતા છોકરાઓ—બૉયૂઝ અમુક પ્રકારના ‘વટ’ સાથે કૉલેજ જવા માગે છે. એમાં એમની ઇચ્છા કરતાં વધારે પીઅર પ્રેશર કામ કરે છે. એમની આસપાસની દુનિયામાં એમના મિત્રો જે પ્રકારની જિંદગી જીવતા હોય—જે પ્રકારની માન્યતા ધરાવતા હોય અથવા જે પ્રકારની મજા કરતા હોય એ બધું જ એમણે કરવું જોઈએ એવું એ માનતા થઈ જાય છે. આ એક એવી દિશા છે, જેમાં ઘરના સંસ્કાર, ઉછેર, મા-બાપની લાગણી જેવી બાબતો ગૌણ બની જાય છે.

ખાસ કરીને પુત્રસંતાન અથવા યુવાન થઈ રહેલો દીકરો મિત્રો સાથેની આવી માનસિકતામાં ઝડપથી આકર્ષાય છે, કારણ કે દીકરા ઉપર બહારના વાતાવરણની અસર વધુ પ્રમાણમાં અને વધુ ઝડપથી થાય છે. આમાં કોઈ સારા કે ખરાબના લેબલ લગાડવાને બદલે સંતાનને એના પૅર ઑફ શૂઝમાં જઈને જોવાનો પ્રયત્ન કરવો જોઈએ. મધ્યમ વર્ગનાં જે માતાપિતા પોતાના સંતાનને મોંઘી સ્કૂલોમાં ભણાવે છે એ માતાપિતા ક્યારેક એ વિશે ફરિયાદ કરતાં જોવા મળે છે. એ છોકરાઓ પોતાની સાથે ભણતા ઉચ્ચ મધ્યમ વર્ગના કે પૈસાવાળાં ઘરોનાં સંતાનો સાથે પોતાની જાતને સરખાવતા થઈ જાય છે. એમની માગણીઓ એમની સાથે ભણતા અથવા સાથે ફરતા કે રમતા બીજા છોકરાઓને જોઈને ઊભી થાય છે. મોટા ભાગનાં માતાપિતા એમને એ સમજાવવામાં નિષ્ફળ જાય છે કે આર્થિક પરિસ્થિતિ સાથે જે અનુકૂળ હોય એવી જ માગણી પૂરી થઈ શકે... મોટા ભાગનાં ઘરોમાં યુવાન થઈ રહેલા પુત્રો અને માતાપિતા વચ્ચે આર્થિક અનુકૂલન થઈ શકતું નથી... વાંક કોઈનો નથી. ટૅલિવિઝનથી શરૂ કરીને રેડિયો, છાપાં કે આસપાસની દુનિયામાં સતત એક જ પ્રવૃત્તિ પૂરા જોરશોરથી ચાલે છે, એ છે માર્કેટિંગની. દરેક પ્રૉડક્ટને હેમરિંગ કરીને બાયરના મગજમાં ઘુસાડવામાં આવે છે. યુવા અને કાચી સમજણ સાથેનું મગજ આ દરેક પ્રૉડક્ટ સાથે એક નવું સપનું ખરીદે છે. ગોરા થવાની ક્રીમ હોય કે બાઇક જોઈને ઇમ્પ્રેસ થઈ જતી છોકરી... વેચનારાને એ ખબર છે કે એમનો ગ્રાહક કઈ ઉંમરનો છે અને એ શાનાથી અભિભૂત થઈ જશે!

નવી પેઢીના યુવાનો ખોટે માર્ગે દોરાય છે એમ તો ના કહેવાય, પણ હા, એટલું સ્વીકારવું જોઈએ કે એ આવા પ્રકારના માર્કેટિંગ ગિમિક્સથી અંજાઈ જાય છે. એમને માટે મોટરસાઇકલ કે સુંદર દેખાવાની ક્રીમ, સનગ્લાસીસ કે ડીઓ વ્યક્તિના વ્યક્તિત્વમાં ઉમેરો કરી શકતા નથી એ વાત આ યુવાન થઈ રહેલા છોકરાઓને સમજાતી નથી. એમાં દેખાતા મૉડેલ્સ જેવા પોતે નહીં લાગે એ સત્ય એમના સુધી પહોંચી શકતું

નથી ને કદાચ એટલે જ આવી વસ્તુઓ માટે આ છોકરાઓ બેબાકળા થાય છે, જીદ કરે છે ને ક્યારેક ગુનો કરવા સુધી પહોંચી જાય છે.

પ્રશ્ન ખરેખર ફક્ત યુવા માનસ સાથેનો નથી, માતાપિતા પણ ઘણી બધી બાબતો સમજી શકતા નથી. આ એવી ઉંમરનાં બાળકો છે કે એમને જો લૉજિકલી સત્ય સમજાવવામાં આવે તો એ સમજી જ શકે છે. સારા માર્ક લાવવા માટે, એડ્મિશન માટે કે એવી બીજી બાબતો માટે એમને પ્રોત્સાહિત કરવા એ સારી જ વાત છે, પરંતુ એને માટે ખોટાં વચન આપવાને બદલે કે અનરિયાલિસ્ટિક બાબતોને સપનું બનાવીને વેચવાને બદલે જિંદગીનાં સત્યો એમના સુધી લઈ આવવાનો પ્રયત્ન વધુ સફળ પુરવાર થઈ શકે. મોટા ભાગનાં માતાપિતા એમ માને છે કે આ પેઢી ફક્ત વસ્તુઓ અથવા મટીરિયાલિસ્ટિક બાબતોથી જ આકર્ષાય છે. એમને ફક્ત વસ્તુ આપવાના વચનથી જ કન્વિન્સ કરી શકાય છે. ખરેખર એવું નથી અને એવું હોય તો પણ એને માટે પહેલાં માતાપિતા જવાબદાર છે. સાવ નાનાં હોય ત્યારે આ છોકરાઓને માતાપિતા લાંચ અથવા બ્રાઇબ સ્વરૂપે વચન કે વસ્તુ આપે છે. કશું સારું કરવા માટે ઇન્સેન્ટિવ આપવો એ સારી વાત છે, પણ ઇન્સેન્ટિવ બીજા પ્રકારના પણ હોઈ શકે. વસ્તુ જ ઇન્સેન્ટિવ સ્વરૂપે વપરાવા લાગે ત્યારે બાળક સમજી જાય છે કે એનાં માતાપિતા એનાં તમામ સારાં કામોને, અચિવમૅન્ટ્સને કે સારા વર્તાવને વસ્તુથી તોળે છે. ધીમે ધીમે બાળકને આ બાર્ટર આવડી જાય છે અને યુવાન થતા સુધીમાં આ બાર્ટર પાકું થઈ જાય છે. પછી એક જ વાત નક્કી હોય છે, કંઈ પણ સારું કરવા માટે કે માતાપિતાની ઇચ્છા મુજબ વર્તવા માટે 'બદલો' અથવા 'રિટર્ન' મળવું જોઈએ. જો એમ ન થાય તો બાળકને અચિવમૅન્ટ કરવામાં બહુ રસ રહેતો નથી... આ બહુ દુઃખદ અને તદ્દન અનિચ્છનીય પરિસ્થિતિ છે. ટ્વેલ્થમાં સારા માર્ક્સ બાળકે પોતાના માટે લાવવાના છે એવું જ્યાં સુધી માતાપિતા એને સમજાવી ન શકે ત્યાં સુધી જિંદગીની દરેક બાબત આવી વ્યક્તિઓ, 'બીજા માટે' અથવા 'બીજાની ઇચ્છા પૂરી કરવા માટે' કરતા રહે છે. એમને પોતાના અચિવમૅન્ટનો અહેસાસ નથી થતો કે નથી ગુમાવ્યાનું દુઃખ થતું...

આજનાં માતાપિતા ધીમે ધીમે એક એવો બાર્ટર સંબંધ ઊભો કરી રહ્યાં છે, જે ભવિષ્યમાં એમના જ માટે બહુ પીડાદાયક પુરવાર થઈ શકે.

• • •



પિયુ પરદેશ ને વાટડી જોતી...
ઉડાડતી કાગ ને ગણતી એ દા'ડા

લગ્નનો સંબંધ પ્રેમ, વહાલ, કમ્પૅનિયનશિપનો સંબંધ છે. એકબીજાની સાથે જીવવા માટે જોડાયેલાં બે જણાં જ્યારે કોઈ પણ કારણસર એકબીજાની સાથે ન જીવી શકે ત્યારે અમુક પ્રકારના ફ્રસ્ટ્રેશન આવે એ સ્વાભાવિક છે. સવાલ એ છે કે જે બે જણાંએ સુખ-દુ:ખમાં સાથે રહેવાનાં વચન આપીને સહજીવનના કોલ આપ્યા હોય એ બેમાંથી એક વ્યક્તિ પોતાની કારકિર્દી કે નોકરીને વધુ મહત્ત્વની ગણે, પોતાની પત્ની કે જીવનસાથીને પોતાનાં માતાપિતાની સેવા માટે મૂકીને ઘરની નોકરાણી કે પૈસા આપીને રાખેલી કોઈ બાઈની જેમ પાછળ છોડી દે ત્યારે પરિવારમાં ઘણી સમસ્યાઓ સર્જાય છે.

"**એવું** કેવી રીતે ચાલે?" ભાર્ગવીએ આંખમાં આંસુ સાથે પૂછ્યું, "હજી તો એક વીક થયું છે. તમે આવી રીતે..."

"સ્વીટ હાર્ટ, મારી જૉબ છે. જવું પડે." પ્રશાંતે નવી પરણેલી પત્ની ભાર્ગવીને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

"અરે પણ મહિનાની રજા હતી ને?" ભાર્ગવીએ ફરી પૂછ્યું. આંખોમાંથી ગંગા-જમુના ચાલુ જ હતાં.

"હતી, પણ કૅન્સલ થઈ. અમારી જૉબમાં એવું થઈ શકે."

"એવું ના ચાલે. તમે લખી દો તમારા સાહેબને કે હું નહીં આવી શકું." ભાર્ગવી બંને હાથ ફેલાવીને પ્રશાંતની છાતી પર માથું મૂકીને એણે જોરજોરથી રડવા માંડ્યું, "હું તમને નહીં જવા દઉં."

"એવું કેવી રીતે ચાલે?" પ્રશાંતે બહુ વહાલથી ભાર્ગવીને સમજાવવાનો પ્રયત્ન કર્યો, "અમારી નોકરીમાં એવું ન ચાલે." પણ પ્રશાંત જેમ સમજાવતો ગયો તેમ તેમ ભાર્ગવીની પકડ વધુ ને વધુ મજબૂત થતી ગઈ. ભાર્ગવીની રોકકળ વચ્ચે પ્રશાંત બીજે દિવસે સવારે એની આર્મીની જૉબ પર જવા રવાના થયો. લગભગ છ મહિના સુધી પ્રશાંત ઘરે ન આવી શક્યો. દરમિયાનમાં એક દિવસ ભાર્ગવીના પિતા પ્રશાંતનાં માતાપિતા પાસે આવ્યા.

"અમે ભાર્ગવીને લઈ જવા માગીએ છીએ."

"કેમ?" પ્રશાંતના પિતાએ સ્નેહથી પૂછ્યું.

"અમે અમારી દીકરીને તમારી સેવા માટે નથી પરણાવી." ભાર્ગવીના પિતાએ અત્યંત તોછડાઈથી કહ્યું. પ્રશાંતના પિતાએ ઘણું સમજાવ્યા છતાં ભાર્ગવીનાં માતાપિતા એને લઈને ચાલી ગયાં. એ પછીનાં બે વર્ષ ભાર્ગવી એનાં માતાપિતાને ત્યાં રહી. વચ્ચે બે વાર પ્રશાંત ઘરે આવ્યો, પણ ભાર્ગવીએ આગ્રહ રાખ્યો કે એ લોકો બહારગામ જાય, ટૂંકી રજામાં આવેલો પ્રશાંત ભાર્ગવી સાથે બહારગામ ન જઈ શક્યો એટલે નારાજ ભાર્ગવીનાં માતાપિતાએ અંતે છૂટાછેડાની નોટિસ મોકલી.

આજના સમયમાં લગ્ન, ફક્ત બે વ્યક્તિઓ વચ્ચેનો સંબંધ બની ગયો છે. મોટા ભાગની મૉડર્ન યુવતીઓને એના પતિ સિવાયનાં સગાંઓ સાથે ઝાઝી નિસબત હોતી નથી. પતિનાં માતાપિતા પણ જો સાથે રહેવા માગતાં હોય તો એ લગ્ન માટેના ક્વૉલિફિકેશનમાં માઇનસ પોઇન્ટ ગણાય છે. આજથી થોડાં વર્ષો પહેલાં લગ્ન એ બે વ્યક્તિ વચ્ચે નહીં, પરંતુ બે પરિવાર વચ્ચેનો સંબંધ માનવામાં આવતો હતો. જ્યારે લગ્ન થાય ત્યારે લગ્ન કરીને આવનાર યુવતીની જવાબદારી ફક્ત એના પતિ પરત્વે નહીં, પરંતુ પતિનાં માતાપિતા અને પતિનાં તમામ સગાંઓ પરત્વે રહેતી. હવે એવું નથી રહ્યું. પરિવાર ન્યૂક્લિયસ થતા જાય છે. એક દીકરો કે બે દીકરાના નાનકડા પરિવારમાં ઘણી વાર એવું બને છે કે દીકરાનાં લગ્ન પછી પરિવારમાં એક વ્યક્તિને ઉમેરો થવાને બદલે એક વ્યક્તિનો ઘટાડો થઈ જાય. મોટા ભાગનાં માતાપિતાને પોતાના પુત્રનાં લગ્નનો ઘણો ઉત્સાહ હોય છે. ઘરમાં પુત્રવધૂ આવવાની ઘટનાને આનંદ અને ઉત્સાહથી ઊજવવામાં આવે છે, પરંતુ એ જ પુત્રવધૂ ઘરમાં આવતાંની સાથે જ જ્યારે પરિવારના ભાગલા પાડી નાખે ત્યારે એક પુત્ર અથવા ઘરના દીકરા માટે સમસ્યા બહુ વિકટ થઈ જાય છે. એમાંય ખાસ કરીને જે લોકોની જૉબ્સ–નોકરી બહારગામ કે સરકારી કામ સાથે જોડાયેલી હોય એમના સંબંધો જરા જુદી રીતે આકાર લે છે.

માતાપિતાની સેવા કરવા માટે જો પત્નીને માતાપિતાની સાથે રાખવાનો આગ્રહ કરવામાં આવે તો પત્ની અને પત્નીના પરિવારને લાગે છે કે દીકરી ઉપર જુલ્મ કરવામાં આવે છે. પરિવારના દીકરાની–પુત્રની ઇચ્છા એવી હોય કે આખી જિંદગી જે માતાપિતાએ કષ્ટ વેઠ્યું છે એ માતાપિતા હવે જિંદગીનાં થોડાં વર્ષો નિરાંતે જીવે. ત્યારે એ દીકરો પોતાની પત્નીને માતાપિતા પાસે મૂકીને બહારગામની કે સરકારી નોકરીમાં એકલો રહેવાનો પ્રયત્ન કરે છે. એકલો રહેતો પુરુષ કંઈ સુખી નથી. દુનિયાના કોઈ પણ પુરુષને ભોજન માટે, સગવડ માટે, સૅક્સ માટે એની પત્ની એની સાથે રહે એ પરિસ્થિતિ જ અનુકૂળ હોય છે. તેમ છતાં પોતાની પ્રતિકૂળતા સહન કરીને માતાપિતાના સુખ માટે જ્યારે પુત્રવધૂ કે પત્નીને સાસરિયા પાસે મૂકીને પતિ બહારગામ–પરદેશ કે બીજી સરકારી નોકરીમાં રહેતો હોય ત્યારે પત્નીની ફરિયાદ એવી હોય છે કે પતિના માતાપિતાની સેવા મારે શું કામ કરવી જોઈએ?

આજથી થોડાં વર્ષો પહેલાં આ સવાલ કોઈને ઊઠ્યો નથી. આજથી થોડાં વર્ષો પહેલાં આ સવાલ પર વિચાર કરવાની કોઈને જરૂર જ લાગી નહીં, પરંતુ હવે જ્યારે છોકરીઓ પાસે પોતાની આગવી કારકિર્દી છે અને દીકરીનો ઉછેર પ્રમાણમાં સ્વતંત્ર અને મુક્ત રીતે કરવામાં આવે છે ત્યારે પતિનાં માતાપિતાની સેવા માટે પોતાનાં માતાપિતાને છોડીને શા માટે રહેવું જોઈએ એવો સવાલ આજની કન્યા પૂછતી થઈ ગઈ છે. આમ જુઓ તો વાત તદ્દન ખોટી પણ નથી. કોઈ પણ બે વ્યક્તિનાં લગ્ન એકબીજાની સાથે જીવવા માટે થાય છે. જે પુરુષ પોતાની પત્નીને માબાપની સેવા કરવાનું સાધન માને એ પોતાની પત્નીના સન્માનમાં અને એની સંવેદનામાં ઊણો ઊતરે છે. સ્ત્રી માટે એનો પરિવાર પતિથી શરૂ થઈને પતિ પર જ પૂરો થાય છે. પતિ સાથે રહેતો હોય અને પૂરતો સ્નેહ કે શારીરિક સુખ મળી રહેતું હોય તો કદાચ મોટા ભાગની સ્ત્રીઓ ફરિયાદ નથી

કરતી. આમ પણ લગભગ દરેક સ્ત્રી એવું સમજે છે કે પતિના પરિવારની કાળજી લેવી એ એની ફરજ છે... આ ફરજની સાથે સાથે પત્નીના કેટલાક અધિકારો છે. એ અધિકારો જ્યાં સુધી સચવાતા હોય ત્યાં સુધી કદાચ મોટા ભાગની સ્ત્રીઓ બહુ ફરિયાદ નથી કરતી, પરંતુ પુરુષ જ્યારે એની પત્નીને પોતાની ગેરહાજરીમાં માતાપિતાની સેવા માટે પ્રોક્સીની જેમ મૂકી જાય ત્યારે એ વાત હવેના જમાનાની સ્ત્રી ચલાવી લે એમ નથી.

લગ્નનો સંબંધ પ્રેમ, વહાલ, કમ્પૅનિયનશિપનો સંબંધ છે. એકબીજાની સાથે જીવવા માટે જોડાયેલાં બે જણાં જ્યારે કોઈ પણ કારણસર એકબીજાની સાથે ન જીવી શકે ત્યારે અમુક પ્રકારના ફ્રસ્ટ્રેશન આવે એ સ્વાભાવિક છે. સવાલ એ છે કે જે બે જણાંએ સુખ-દુ:ખમાં સાથે રહેવાનાં વચન આપીને સહજીવનના કોલ આપ્યા હોય એ બેમાંથી એક વ્યક્તિ પોતાની કારકિર્દી કે નોકરીને વધુ મહત્ત્વની ગણે, પોતાની પત્ની કે જીવનસાથીને પોતાનાં માતાપિતાની સેવા માટે મૂકીને ઘરની નોકરાણી કે પૈસા આપીને રાખેલી કોઈ બાઈની જેમ પાછળ છોડી દે ત્યારે પરિવારમાં ઘણી સમસ્યાઓ સર્જાય છે.

આ સમસ્યા ખાલી સંભ્રાંત કે સરકારી નોકરી કરતા પરિવારો, ટ્રાન્સફરેબલ જૉબના પતિઓ સાથે જ થાય છે એવું નથી. ઘરમાં કામ કરતા ઘરઘાટી, માળી, રિક્ષાવાળા, ધોબી, મહારાજ અને ટ્રકડ્રાઇવર જેવા લોકો પણ ગામડામાં લગ્ન કરીને પોતાની પત્નીને ત્યાં રાખે છે. શહેરનો ખર્ચો ઓછો થાય, પૈસા બચાવી શકાય એ વિચારે આવા પતિઓ એકલા રહેવાનું પસંદ તો કરે છે, પરંતુ એમાંથી લગ્ન અને સંબંધને ઘણી વાર બહુ મોટું નુકસાન થતું હોય છે, ખાસ કરીને મહાનગરમાં કમાવા ગયેલા પુરુષો સૅક્સ વર્કર પાસે જઈને એઇડ્સની બીમારી પણ લઈ આવતા હોય છે.

કહેવાનું તાત્પર્ય એ નથી કે લગ્ન બે જ જણાંનો સંબંધ છે. સ્ત્રીએ પતિના પરિવારની કાળજી ન કરવી જોઈએ... પરંતુ એટલું નક્કી છે કે સાથે રહેવા માટે જોડાયેલાં બે જણાંમાંથી એક જણ જો પોતાના અંગત કારણોસર બહાર રહે અને પોતાની પત્નીને—જીવનસાથીને પોતાનાં માબાપની સેવા કરવાનું સાધન માનીને પાછળ છોડી દે તો એ સંબંધમાં લગ્નેતર સંબંધ, લફરાંથી શરૂ કરીને બીજી અનેક સમસ્યાઓ થશે.

માતાપિતાની સેવા કરવાની જવાબદારી સંતાનની છે—પુત્ર હોય તો પુત્રીની ને પુત્રી હોય તો પુત્રીની, પોતાની ગેરહાજરીમાં પત્ની આ સારવાર કરે એવી અપેક્ષા રાખી શકાય, પણ આગ્રહ કે અધિકાર ન જ રાખી શકાય. પત્ની લગ્ન કરીને આવે છે ત્યારે એને પણ પોતાનાં સ્વપ્ન અને સુખની ઝંખના હોય છે... એ કોઈ મશીન કે પગારદાર નર્સ નથી. પતિનો પ્રેમ અને વહાલ મળે તો આ જ બધું કામ સ્ત્રીઓ હસતે મોઢે કરતી હોય છે, પરંતુ એને પોતાની સગવડનું સાધન બનાવીને પાછળ છોડી દેનારા પુરુષો અંતે પસ્તાય છે.

• • •



તલવાર: પિતાના હાથે સંતાનની હત્યા?

આપણા બધાની અંદર એક જાનવર વસે છે. કેટલાક માણસોની ભીતરનું જાનવર હાઇબરનેશનમાં ઊંઘ્યા કરે છે. કોઈને કનડતું કે નડતું નથી, જ્યારે કેટલાક માણસોની ભીતરનું જાનવર ભયાનક હોય છે. એ જાગે ત્યારે વિનાશ નોતરે છે. આવું જાનવર સમાજ માટે, પરિવાર માટે ખતરનાક છે. એક પિતા જ્યારે પોતાના સંતાનની પોતાના હાથે જ હત્યા કરી નાખે ત્યારે એ પિતાની ભીતર વસતું જાનવર કેટલું મજબૂત અને ભયાનક હશે!

"**આજ** પછી જો એ છોકરા સાથે જોઈ છે તો કટકા કરી નાખીશ." એક પિતા બરાડે છે. પિતાની સામે ઊભેલી દીકરી થરથર ધ્રૂજે છે, પણ એની આંખો નીચી નથી થતી.

એ દીકરી પિતાની આંખમાં આંખ નાખીને કહે છે, "પરણીશ તો એને જ... તમારે મારી નાખવી હોય તો મારી નાખજો." પિતા આગળ વધીને એક તમાચો મારી દે છે. દીકરીના હોઠમાં ચીરો પડી જાય છે, લોહી નીકળવા લાગે છે. એક વર્ષની દીકરી જ્યારે ચાલતાં પણ નહોતી શીખી ત્યારે એ જરાક અડબડિયું ખાઈ જાય તો પણ જે પિતા એની ચિંતા કરતાં થાકતા નહોતા એ પિતા આજે દીકરીના ચહેરા પર નીતરી રહેલા લોહીના રેલાને જોયા પછી પણ એનો હાથ પકડીને એને ઘસડીને રૂમમાં લઈ જાય છે. ધક્કો મારીને ફેંકી દે છે અને બારણું બહારથી બંધ કરી દે છે.

"ખબરદાર જો કોઈએ એને ખાવાનું આપ્યું છે તો..." કહીને એ પિતા લાલ આંખો અને વિકરાળ ચહેરા સાથે ઘરની બહાર નીકળી જાય છે.

આ દૃશ્ય કદાચ ફિલ્મનું હોત તો આપણને એટલું ડંખ્યું ન હોત, પરંતુ આ દૃશ્ય આજે આપણા દેશમાં ધર્મ, જાતિ, ભાષા કે સ્ટેટના ભેદભાવ વગર ઠેરઠેર જોવા મળે છે. એક ધર્મનું સંતાન બીજા ધર્મના સંતાન સાથે લગ્ન કરે ત્યારે કદાચ વાંધો લેનારાં માતાપિતાને થોડાઘણા પણ સમજી શકાય, પરંતુ બે જુદી જ્ઞાતિ કે ગોળના લોકો લગ્ન કરે ત્યારે પણ ધૂંધવાઈ ઊઠતાં માતાપિતાની સંખ્યા હવે આ દેશમાં ઓછી નથી. આજથી થોડાં વર્ષો પહેલાં પ્રેમલગ્ન વિશે જે માન્યતા હતી એના કરતાં આજે છૂટછાટ વધવાને બદલે માનસ વધુ સંકુચિત થઈ

ગયાં છે. પરદેશમાં વસતા ભારતીય લોકો લગ્ન કરવા માટે પોતાના સંતાનને લઈને ભારત આવે છે. અમેરિકા, કેનેડા કે ઇંગ્લૅન્ડ જેવા દેશમાં પણ જુદી જાતિના, ગામના, ગોળના જુદા જુદા સમાજ છે. આ સમાજના લોકો વાર-તહેવારે ભેગા થઈને એમના આગવા અને અંગત ઉત્સવો ઊજવે છે. પરદેશમાં રહેતા ભારતીયો પણ એક નથી. એમની વચ્ચે પણ વાડા, માન્યતાઓ, જુદાપણું અને હુંસાતુંસી છે. તો આપણા દેશમાં વસતા લોકો વિશે શું કહી શકાય?

આજથી હજારો વર્ષ પહેલાં નક્કી કરવામાં આવેલી આ વર્ણવ્યવસ્થાનું મુખ્ય કારણ વ્યવસાય અથવા માનસિકતા હતું. છેલ્લા થોડા દિવસથી છેડાયેલો ગૌમાંસનો વિવાદ ખરેખર કોઈ એક બાબતનો વિવાદ નથી, એ વર્ણવ્યવસ્થાનો વિવાદ છે. કોણ શું ખાય છે અથવા શું કામ કરે છે એ જન્મ સાથે નક્કી થતી બાબતો નથી રહી હવે. શિક્ષકનો દીકરો શિક્ષક જ બને કે વેપારીનો દીકરો વેપાર જ કરે એવી પુરાણકાળની વ્યવસ્થા હવે બદલાઈ છે. બ્રાહ્મણત્વ એ જન્મ સાથે મળતો અધિકાર નથી, વ્યક્તિ જન્મે બ્રાહ્મણ હોય, પણ કર્મે ન હોય એવું આપણે ઘણી વાર જોયું છે. જ્યારે બીજી જ્ઞાતિમાં જન્મેલા ઘણા લોકોને આપણે બ્રાહ્મણથીયે ઉચ્ચ સંસ્કાર સાથે જીવતા જોયા છે. મહાત્મા ગાંધી કે કબીર બ્રાહ્મણ નહોતા, શ્રીકૃષ્ણ બ્રાહ્મણ નહોતા, તેમ છતાં એમના જેવા શિક્ષકો આજે પણ શોધ્યા જડે એમ નથી. દુર્વાસા એ કોઈ વ્યક્તિ ન હોય એમ પણ બને. એમની સાથે વાસ કરવો દુષ્કર હોય, માટે એમને દુર્વાસા કહેવાતા હોય એમ ના બને?

વિશાલ ભારદ્વાજની ફિલ્મ 'તલવાર'માં આપણી ન્યાય વ્યવસ્થા ઉપર તલવાર વીંઝવામાં આવી છે. દિલ્હીમાં બનેલા આરુષિ હત્યાકાંડને કેન્દ્રમાં રાખીને બનાવાયેલી આ ફિલ્મ પોલીસતંત્રની મજાક ઉડાવે છે, પરંતુ ઑનર કિલિંગ તરફ આંગળી ચીંધ્યા વિના રહેતી નથી. એ પહેલાં આવેલી 'એનએચ-૧૦' કે 'આક્રોશ' જેવી ફિલ્મોમાં પોતાનાં જ માતાપિતા દ્વારા સંતાનની હત્યાના કિસ્સાને સાવ જુદી રીતે આપણી સામે રજૂ કર્યા હતા. મોટા ભાગના લોકો, જે લોકો શહેરમાં વસે છે અથવા અમુક પ્રકારના ભણેલા-ગણેલા સમાજ સાથે જોડાયેલા છે એ લોકો આવી ફિલ્મો જોઈને અમુક પ્રકારની કમૅન્ટ કરે છે. એમનું માનવું છે કે આવું બધું આજથી સદીઓ પહેલાં થતું હતું. ખરેખર આપણો સમાજ આજથી સદીઓ પહેલાં જેટલો ખુલ્લા મનનો અને સંબંધોને સ્વીકારી શકતો સમાજ હતો એના કરતાં આજે ઘણો વધારે સંકુચિત, ક્રૂર અને સંબંધોની બાબતમાં માફ નહીં કરતો સમાજ બની ગયો છે, બની રહ્યો છે.

માણસના માણસની સાથેના સંબંધોમાં આપણે વધુ ને વધુ નાના મનના થતા જઈએ છીએ. સંસ્કૃતિને જાળવવાના ઓઠા હેઠળ આપણે આપણી મૂળ સંસ્કૃતિ અથવા સભ્યતાને નેવે મૂકી છે એનું આપણને ધ્યાન જ નથી રહ્યું. સનાતન, ઇસ્લામ કે જૈનત્વ સૌથી પહેલાં તો સહિષ્ણુતા અને સ્વીકાર શીખવે છે. આપણે એ જ બાબતને સૌથી પહેલી કોરે મૂકી દીધી છે. સંતાનના જીવન વિશેનો નિર્ણય કરવાનો અધિકાર મોટા ભાગનાં માતાપિતાએ એવી રીતે લીધો છે કે જાણે સંતાનને જન્મ આપીને એમણે કોઈ મિલકત કે સંપત્તિ ઊભી કરી હોય. આજથી હજારો વર્ષ પહેલાં સ્વયંવર રચાતા હતા. દેશ-વિદેશથી રાજાઓને આમંત્રિત કરવામાં આવતા અને રાજકુમારીને સ્વયં-વર, પોતાની જાતે પોતાનો પતિ પસંદ કરવાનો અધિકાર આપવામાં આવતો. ક્વૉલિટી કન્ટ્રોલ માટે કેટલાક પિતા અમુક પ્રકારની પરીક્ષા ગોઠવતા, જ્યારે કેટલેક સ્થળે તો ફક્ત છોકરીને કે સ્ત્રીને પોતાને જ પોતાના પતિનું ચયન કરવાનો અધિકાર હતો. ન્યાતિ, જાતિ કે વાડાઓનાં કોઈ બંધન વગર આવા સ્વયંવરમાં સૌ ભાગ લઈ શકતા. સમય વીતતાં આ આખીયે માન્યતા પડી ભાંગી એટલું જ નહીં, જ્ઞાતિનો ખ્યાલ એટલો બધો સંકુચિત અને મોટો થઈ ગયો કે એ જ જ્ઞાતિનો માણસ નાનો થઈ ગયો. માણસે રચેલી જ્ઞાતિ કે વર્ણવ્યવસ્થા એની સાથે જોડાયેલી માણસાઈથી પણ મોટી થઈ ગઈ!

એક પિતા પોતાના સંતાનને જન્મ આપે, ઉછેરે, સંસ્કાર-શિક્ષણ આપે અને એનાં લગ્ન વિશે સલાહ આપવાનો કે એને યોગ્ય પાત્ર શોધવામાં મદદ કરવાનો અધિકાર પોતાની પાસે રાખે ત્યાં સુધી કોઈ વાંધો ન જ હોઈ શકે, પરંતુ કોઈ સંતાન જ્યારે પોતાની જાતે પોતાના જીવનસાથીને પસંદ કરે ત્યારે સંતાનનું સુખ વાંચ્છતા પિતા કરતાં વધારે એની ભીતર રહેલા પુરુષ કે સમાજના મોવડીનું અભિમાન મહત્ત્વનું બની જાય ત્યારે ઑનર કિલિંગના કિસ્સા ઊભા થાય છે. આપણા બધાની અંદર એક જાનવર વસે છે. કેટલાક માણસોની ભીતરનું જાનવર હાઇબરનેશનમાં ઊંઘ્યા કરે છે. કોઈને કનડતું કે નડતું નથી, જ્યારે કેટલાક માણસોની ભીતરનું જાનવર ભયાનક હોય છે. એ જાગે ત્યારે વિનાશ નોતરે છે. આવું જાનવર સમાજ માટે, પરિવાર માટે ખતરનાક છે. એક પિતા જ્યારે પોતાના સંતાનની પોતાના હાથે જ હત્યા કરી નાખે ત્યારે એ પિતાની ભીતર વસતું જાનવર કેટલું મજબૂત અને ભયાનક હશે! અમૃતા પ્રીતમની એક નવલકથા 'આક કે પત્તે'માં ઊર્મિ નામની એક છોકરીના ઑનર કિલિંગની કથા છે. એની પાછળ પાગલ થઈ જતો એનો પ્રેમી કહે છે, "પતા નહીં કૈસે લોગ અપને હી અંશ કી હત્યા કર દેતે હૈં. યહ કરતે વક્ત ક્યા ઉનકે ભીતર કુછ નહીં મરતા?"

સામાન્ય રીતે આ ઑનર કિલિંગના કિસ્સાઓ પુરુષોના હાથે થતી હત્યાઓ છે. ફક્ત શુક્રાણુ આપીને સંતાનને જન્મ આપતો પિતા કદાચ ક્રૂર થઈ શકે, સહેલાઈથી ક્રૂર થઈ શકે, પરંતુ એક મા, જેણે પોતાના પેટમાં નવ મહિના રાખીને સંતાનને જન્મ આપ્યો છે એ પણ આટલી આસાનીથી ક્રૂર થઈ શકે? 'એનએચ-૧૦'માં ગામની મહિલા સરપંચ દીપ્તિ નવલ પણ પોતાના સંતાનની હત્યામાં સામેલ છે એ વાત બહુ મોટી ચેતવણી તરીકે આપણી સામે આવે છે. પુરાણોથી શરૂ કરીને ઇતિહાસ સુધી આપણે એવું શીખ્યા છીએ કે યુદ્ધ પુરુષોએ કર્યાં છે, અત્યાચાર, અપહરણ કે છળ મહદંશે પુરુષ દ્વારા કરવામાં આવ્યાં છે. સ્ત્રી ધર્મનું, સંસ્કૃતિનું અને સભ્યતાનું વહન કરે છે. પોતાના ઉદરમાં એક જીવને સંઘરીને સ્ત્રી સર્જનહારની લગોલગ બેસે છે, પરંતુ છેલ્લા થોડા સમયમાં જે સાંભળવા-જોવા મળે છે એમાં બદલાતા સમયના અને બુઠ્ઠી થતી સંવેદનાનાં એંધાણ છે.

• • •



સ્પાઉસ કાર્ડ: બેદરદીથી પૈસા વાપરતી પત્ની

શૉપોહૉલિક અથવા શૉપિંગ સિન્ડ્રોમ ધરાવતી સ્ત્રીઓ વસ્તુઓ એટલા માટે ખરીદે છે, કારણ કે એમની પાસે કરવાનું બીજું કંઈ નથી. આખો દિવસ કમાવામાં બિઝી રહેતો પતિ પૈસા વપરાવાથી દુ:ખી થશે એવું માનતી આ સ્ત્રીઓ ખરેખર જાણીજોઈને પતિને દુ:ખ પહોંચાડવાનો ઇરાદો ન પણ ધરાવતી હોય, પરંતુ એમને એટલી ખબર છે કે આવું કરવાથી પતિનું ધ્યાન એના તરફ દોરાય છે. સામાન્ય રીતે જે પતિ એમના તરફ બિલકુલ ધ્યાન ન આપતો હોય એ પણ આવા ખર્ચ જોઈને એમની સાથે અમુક પ્રકારનો સંવાદ, ભલે તે આર્ગ્યુમૅન્ટ હોય તો પણ એ આર્ગ્યુમૅન્ટ કરવા પ્રેરાય છે.

"**ક્રેડિટ** કાર્ડનું બિલ આવ્યું છે." અમિતે બિલ છુટ્ટું ફેક્યું, "દર અઠવાડિયે શેનું શૉપિંગ કરે છે તું? શું નથી તારી પાસે?" ગુસ્સામાં અમિતે નીચે પડેલા બિલને લાત મારી. એનો ચહેરો ગુસ્સાથી લાલ થઈ ગયો હતો.

નિકિતાએ નીચા વળીને બિલ ઉપાડ્યું, "શું પ્રૉબ્લેમ છે?" નિકિતાએ બિલ ઉપર સરસરી નજર નાખી, "તું આટલું બધું કમાય છે પણ દર મહિને મારું બિલ જોઈને તારો જીવ બળે છે."

"ઈટ્સ અ વેસ્ટ ઑફ મની" અમિત અકળાયો, "તું કેટલીય વસ્તુ લાવીને કબાટમાં ભરી રાખે છે. કેટલાંક કપડાં પરથી તો ટેગ પણ નથી કાઢતી. શું કામ ખર્ચે છે આવા પૈસા?"

"અરે! તું દસ-દસ હજાર રૂપિયાની ટેલિસ્કર ને ઈમ્પિરિયલ બ્લ્યૂ જેવી વ્હીસ્કી લાવે..." નિકિતાએ દલીલ કરવાની ચાલુ કરી, "તું વાર-તહેવારે તારો મિત્રોને બોલાવીને જાત-ભાતની પાર્ટીઓ કરે ત્યારે બિલો નથી જોતો?"

"હું કમાઉં છું ને હું વાપરું છું. કોઈને મને સવાલ પૂછવાનો અધિકાર નથી." અમિતનું મગજ છટક્યું, "આખું અઠવાડિયું ગધેડાની જેમ મજૂરી કરું છું. એકાદ શનિવાર કોઈને બોલાવ્યા કે પાર્ટી કરી તો એમાં મને સંભળાવવાની જરૂર નથી. તારા બાપના પૈસા નથી વાપરતો." અમિત ઉશ્કેરાઈ ગયો, "જે કમાય એને સમજાય, તારે શું છે? તારે તો રૂપિયા ઉડાવવાથી મતલબ છે."

"કમાય?" આજે નિકિતાએ પણ નક્કી કરી લીધું હતું કે, દર મહિને ચાલતી આ કચકચમાંથી મુક્તિ મેળવી લેવી, "તું કેવી રીતે કમાય છે ને એ ખબર છે મને. તારી જેમ સાહેબ-સાહેબ નથી કરતી કોઈને. જે કરપ્શન કરે છે તું એને મહેનત કહે છે? જેવી રીતે આવે છે તેવી રીતે જાય છે તારા પૈસા સમજ્યો?"

હવે વારો અમિતનો હતો, "શટઅપ, પહેલાં દસ રૂપિયા કમાઈ આવ, પછી મારી જોડે વાત કરજે." અમિતે ઝૂંટવીને બિલ લઈ લીધું, "હવે પછી હું આવા ફાલતુ ખર્ચાના બિલ નહીં ભરું." કહીને અમિત રૂમની બહાર નીકળી ગયો.

"માય ફુટ" કહીને નિકિતાએ પગ પછાડ્યો, "તું તો શું તારો બાપ પણ ભરશે" નિકિતા અને અમિત વચ્ચે લગભગ દર મહિને થતી આ ચર્ચા ક્યાંય પહોંચતી નહીં. અમિત ખૂબ સારું કમાતો પણ મધ્યમ વર્ગના સાવ સામાન્ય પરિવારમાંથી ઉપર આવ્યો હતો. એટલે એને માટે પૈસાનું મૂલ્ય ઘણું વધારે હતું. આનંદ માટે, મજા માટે ખર્ચાતા પૈસા વિશે એ ક્યારેય કચકચ કરતો નહીં પણ ખોટી ખરીદી એને ગમતી નહીં. સાવ કારણ વગર લાવવામાં આવતી વસ્તુઓ જોઈને એનો જીવ બળતો.

કેટલાં બધા પરિવારોમાં આપણે આ સ્થિતિ નિયમિત રીતે જોઈએ છીએ. પતિ સારું કમાવવા માંડે એટલે બીજા લોકોનાં ઘરોને જોઈને કેટલીક સ્ત્રીઓ બિનજરૂરી ખર્ચા કરતાં શીખી જાય છે. વૉર્ડ રોબ ભરીને કપડાં હોય તેમ છતાં કોઈ કારણ વગર કરવામાં આવતું શૉપિંગ ઘરમાં ડૂચા ઊભા કરવા સિવાય બીજું કોઈ ફાયદો નથી આપતું.

પૈસા નહીં કમાતી અથવા ગૃહિણી તરીકે જીવતી સ્ત્રીઓ કદાચ પૈસાની કિંમત સમજતી હોય તો પણ પૈસાનું મૂલ્ય સમજી શકતી નથી, આ વાત બધાને લાગુ પડતી નથી. કેટલીક સ્ત્રીઓ સાવ વિરુદ્ધ પ્રકૃતિની હોય છે. પોતે નથી કમાતી માટે જરૂરી ખર્ચ કરતાં પહેલાં પણ એ ચાર વાર વિચાર કરે. સાદા મેડિકલ ટેસ્ટ કરાવવા માટે કે ડૉક્ટરને ત્યાં જવા માટે પણ આવી સ્ત્રીઓ ઘણી વાર પૈસા બચાવવાનો પ્રયત્ન કરે. બીજી તરફ એવી સ્ત્રીઓ છે, જે પતિના પૈસા ઉપર પોતાનો અધિકાર સમજે છે. એમાં કશું ખોટું નથી. લગ્ન પછી મારું અને તારું એવા બે અલગ શબ્દ હોતા જ નથી. બધું 'આપણું' જ હોય છે તેમ છતાં જે વ્યક્તિએ મહેનત કરી હોય એને માટે એના પૈસાનું મૂલ્ય અલગ હોય છે. કેટલીક સ્ત્રીઓને એના પતિ હિસાબ પૂછે ત્યારે એમને અપમાન લાગતું હોય છે, તો બીજી તરફ કેટલીક પત્નીઓ વગર પૂછ્યે હિસાબ આપી દેતી હોય છે. એ પરિસ્થિતિમાં પૈસા મહત્ત્વનો મુદ્દો નથી, મુદ્દો કોઈ એક વ્યક્તિનો ઈગો અથવા એનું સ્વમાન છે. પતિ પૈસા કમાય છે માટે મને વાપરવાનો અધિકાર છે, ઘરમાં વધારાના પૈસા આવે છે અને એ પૈસા ઉડાડવાની મારી પાસે આવડત અને અધિકાર બંને છે એવું માનનારી સ્ત્રીઓ ઓછી નથી! સવાલ એ નથી કે કોણ કમાય છે ને કોણ વાપરે છે—સવાલ એ છે કે પૈસા સાચા રસ્તે વપરાય છે કે નહીં... શૉપોહૉલિક અથવા શૉપિંગ સિન્ડ્રોમ ધરાવતી સ્ત્રીઓ વસ્તુઓ એટલા માટે ખરીદે છે, કારણ કે એમની પાસે કરવાનું બીજું કંઈ નથી. આખો દિવસ કમાવામાં બિઝી રહેતો પતિ પૈસા વપરાવાથી દુ:ખી થશે એવું માનતી આ સ્ત્રીઓ ખરેખર જાણીજોઈને પતિને દુ:ખ પહોંચાડવાનો ઇરાદો ન પણ ધરાવતી હોય, પરંતુ એમને એટલી ખબર છે કે આવું કરવાથી પતિનું ધ્યાન એના તરફ દોરાય છે. સામાન્ય રીતે જે પતિ એમના તરફ બિલકુલ ધ્યાન ન આપતો હોય એ પણ આવા ખર્ચ જોઈને એમની સાથે અમુક પ્રકારનો સંવાદ, ભલે તે આર્ગ્યુમૅન્ટ હોય તો પણ એ આર્ગ્યુમૅન્ટ કરવા પ્રેરાય છે. આ વાતચીત થાય એટલા ખાતર કે પછી આ ચર્ચા પૂરતો પણ પતિ એનામાં રસ લે એવું ઇચ્છતી આવી સ્ત્રીઓ પોતાની જાતને ખુશ કરવા ખાતર આવો ખર્ચ કરે છે. એમને લાગે છે કે વસ્તુઓ ખરીદવાથી સુખી થઈ શકાય છે. સત્ય એ નથી એવી ભીતર ખબર હોવા છતાં પણ જે પતિ સમય નથી આપતો એને ચીડવવા,

ઉશ્કેરવા કે એણે સમય ખર્ચીને કમાયેલા પૈસા ઉડાડી દઈને કેટલીક સ્ત્રીઓને એક વિચિત્ર પ્રકારનો સંતોષ મળે છે.

જે પત્ની પૈસા નથી વાપરતી અથવા ડરી ડરીને ખર્ચે છે એ, અને જે પત્ની બેદરદીથી પૈસા ઉડાડે છે એ બંનેના ઈમોશનલ અટેચમૅન્ટમાં ક્યાંક પ્રૉબ્લેમ છે. જે પોતાના પતિને ચાહે છે—અને પોતાને 'ઘરની નોકરાણી', 'કામવાળી' કે 'જરૂર પૂરતો સંબંધ નથી સમજતી એ સ્ત્રી પતિના પૈસા અને પોતાના પૈસા વચ્ચે કોઈ ભેદભાવ રાખતી નથી. એને આ લાગણી ત્યારે જ થાય છે, જ્યારે એનો પતિ એની સાથે કોઈ માલિક કે મુકાદમની જેમ વર્તે છે! શું કામ કર્યું ને શું નથી કર્યું એનો હિસાબ પૂછવામાં આવે છે. એને શું નથી આવડતું એ એને રોજ જણાવવામાં આવે છે. કમાતાં કેટલી તકલીફ પડે છે એ વિશેનું ભાષણ એણે રોજ સાંભળવું પડે છે ત્યારે સ્ત્રી પોતાની જાતને સંકોચી લે છે. એ પોતાના નિકટતમ વ્યક્તિથી દૂર થઈ જાય છે અને એમની વચ્ચે આર્થિક બાબતો આવી જાય છે. લાગણીના સંબંધો જ્યાં જ્યાં મહત્ત્વના હોય ત્યાં માલિક અને નોકરના સંબંધ નથી હોતા. જે સ્ત્રી આખો દિવસ ઘરમાં કામ કરે છે, પરિવારને સાચવે છે, નાના-મોટા સૌનો ખ્યાલ રાખે છે એ વ્યક્તિ ભલે કમાતી ન હોય, પરંતુ પૈસા વાપરવા માટેના અધિકારો વિશે એણે કોઈનાથી ડરવાનું કેમ? એવી જ રીતે જે સ્ત્રીઓ એના પતિના સમયના બદલામાં એના પૈસા વાપરે છે એ પણ સંબંધમાં કશું મેળવી શકતી નથી.

જવાબદારી પતિની છે, પૈસા કમાવાથી જ માત્ર પરિવારને સુખ કે પત્નીને સિક્યૉરિટી મળતી નથી. એના હાથમાં બધા પૈસા પકડાવી દેવાથી પણ પતિની જવાબદારી પૂરી થતી નથી. જે પતિ કે પુરુષ સારું કમાતા હોય એમની સૌથી પહેલી ફરજ એ છે કે એમની આવક અને ઇન્વેસ્ટમૅન્ટ્સ વિશે એના પરિવારને જણાવે—ખાસ કરીને જેને એ જીવનસાથી કહે છે એને તો આવક અને ઇન્વેસ્ટમૅન્ટની આછી ખબર હોવી જ જોઈએ. જે સ્ત્રી સાથે એમણે જીવવાનું, ઘરડા થવાનું નક્કી કર્યું છે, જે સ્ત્રી એમનાં સંતાનોની મા છે અને પરિવારની પુત્રવધૂ છે એની સાથે સમય વિતાવવો એ પ્રત્યેક પતિની ફરજ છે. બીજી તરફ પત્નીને એટલી ઇંઝી રાખવી કે પૈસા વાપરતા પહેલાં એને અપરાધભાવ કે મૂંઝવણ ન થાય.

સ્ત્રી સંસાર ચલાવી શકે છે, ઘર ચલાવી શકે છે, સરકાર ચલાવી શકે છે... પાંચ હજાર રૂપિયામાં પણ સ્ત્રી ઘર ચલાવે છે ને પાંચ લાખ આપવામાં આવે તો પણ એને એનું મૅનેજમૅન્ટ આવડે છે—અલબત્ત, એનામાં ભરોસો રાખીને એને એ મૅનેજમૅન્ટ કરવા દેવામાં આવે તો!

બેદરદીથી પૈસા ઉડાડતી હાઉસ વાઇવ્ઝ કે પૈસા ખર્ચતાં ડરતી હાઉસ વાઇવ્ઝ—બંને સ્વસ્થ સંબંધ નથી. સાચો અને સ્નેહપૂર્ણ સંબંધ એ છે, જેમાં પૈસા જરૂરી હોય, પણ સર્વસ્વ ન હોય.

• • •



...બિછડનેવાલે મેં સબકુછ થા, બેવફાઈ ન થી

કોઈ પોતાને ચાહે છે એટલા કારણસર એનો દુરુપયોગ કરી લેવો, એનાથી વધુ આસુરી તત્ત્વ બીજું કોઈ નથી. જે લોકો આવું કરે છે એ સમય જતાં પોતાના જ ખોટા કામનો ભોગ બને છે. કર્મના સિદ્ધાંતમાં માનીએ કે ન માનીએ, પણ એક વાત માનવી પડે... જેવી વૃત્તિ અને પ્રવૃત્તિ હોય એવી જ સૃષ્ટિ આપણી આજુબાજુ રચાય છે. જે પુરુષ પોતાના પ્રેમમાં પડેલી સ્ત્રીને વસ્તુ માનીને કે ફક્ત શરીર માનીને એનો ઉપભોગ કરે છે, એને છેતરે છે અથવા એને છેહ દે છે એ પોતાની જિંદગીમાં આંસુ અને અભિશાપનો હિસાબ આપવા મજબૂર થઈ જાય છે.

'**આઈ** રિયલી ડોન્ટ નો, પણ હું...' અસ્મિત ગૂંચવાયો, એના ચહેરા પર ગંભીરતા હતી, "હું તને એવી રીતે નથી ચાહી શકતો જેવી રીતે તું મને ચાહે છે."

"મારામાં શું નથી?" ઋત્વીએ ભીની આંખે પૂછ્યું, "રોજનું એક માગું આવે છે, ક્યાં સુધી ના પાડ્યા કરું?"

"ના ન પાડ." અસ્મિતે ધીમેથી ઋત્વીનો હાથ પોતાના હાથમાં લીધો, "તારે લગ્ન કરી જ લેવાં જોઈએ, તને સાચવે એવા, તને ચાહે એવા છોકરા સાથે તારી જિંદગી શરૂ કર, હું મારી જાતને આ ગિલ્ટમાંથી મુક્ત નથી કરી શકતો. મારી પાછળ વર્ષો નહીં બગાડ પ્લીઝ."

"એટલે? મારે કોને પ્રેમ કરવો અને કેટલો કરવો એ પણ તું નક્કી કરીશ?" હવે ઋત્વીની આંખમાં સચવાઈ રહેલાં આંસુ સરકવા લાગ્યાં, "એવું શું છે જે અટકાવે છે તને, રોકે છે તને... શું ઓછું પડે છે અસ્મિત?"

"કશું જ ઓછું નથી. બલ્કે તેં મને મારી હેસિયત અને જરૂરિયાતથી વધારે આપ્યું છે." અસ્મિત પોતાના હાથમાં પકડેલો ઋત્વીનો હાથ પંપાળી રહ્યો હતો, "હું બહુ રિસ્પેક્ટ કરું છું તને, તારા સુખ અને દુ:ખ સાથે કન્સર્ન છું પણ ..."

"પણ પ્રેમ નથી કરતો મને?" ઋત્વી હર્ટ થઈ ગઈ હતી.

"કરી શકતો નથી" હવે અસ્મિતની આંખમાંથી પણ આંસુ ટપકી ગયું, "પ્લીઝ ઋત્વી, મારી આશા છોડી દે."

એ રાત્રે ઋત્વી એની માને ભેટીને બહુ રડી. અસ્મિત પોતાની સાથે લગ્ન નહીં કરે એ વાતે ઋત્વી બહુ જ અપસેટ થઈ ગઈ હતી. ચૌદ-પંદર વર્ષની ઉંમરથી ઋત્વીએ પોતાના જીવનસાથી તરીકે અસ્મિત સિવાય કોઈનો વિચાર પણ નહોતો કર્યો. અસ્મિત એનો બહુ સારો દોસ્ત હતો વાત સાચી, પણ અસ્મિતે કદી ઋત્વીને પ્રેમ નહોતો કર્યો એ વાત પણ એટલી જ સાચી... ઋત્વીએ બહુ ફરિયાદ કરી. અસ્મિત વિશે પોતાનું દુ:ખ વારંવાર પ્રગટ કર્યું એ પછી એની મમ્મીએ સાવ ધીમેથી પણ વહાલથી ઋત્વીને એક વાત કહી, "બેટા! વિચારી જો...તું તો પાગલ હતી એની પાછળ, એણે જે માગ્યું હોત એ આપ્યું હોત તેં. એ છોકરાની ખાનદાની જો, એણે કોઈ દિવસ તારી લાગણીનો, તારી ઘેલછાનો, તારા પ્રેમનો દુરુપયોગ નથી કર્યો. એ કંઈ પણ કરી શક્યો હોત પણ એણે કંઈ જ ન કર્યું એ માટે તારે જિંદગીભર એનો આભાર માનવો રહ્યો."

ઋત્વી મમ્મીની સામે જોતી રહી, વાત ખોટી નહોતી. એણે કેટલીય વાર અસ્મિતને ચુંબન કરવાનો, એના પુરુષત્વને જગાડવાનો પ્રયત્ન કર્યો હતો પણ અસ્મિતે હંમેશા સ્નેહથી, આદરથી વાત ટાળી હતી!

•

પ્રેમ ન થાય એ માટે કોઈનેય બ્લેમ કરી શકાય એમ નથી હોતું. આ દુનિયામાંથી આપણને મળતા હજારો લોકોમાંથી કોઈ એકાદ વ્યક્તિ તરફ આપણે આકર્ષાઈએ છીએ. પ્રેમ રોજિંદી ઘટના નથી. સ્કૂલથી શરૂ કરીને લગ્ન સુધી આપણા જીવનમાં કેટલાય વિજાતીય લોકો આવતા હોય છે. સહાધ્યાયી, સહકાર્યકર, પડોશી કે આસપાસની દુનિયાના લોકોમાંથી કેટલા બધાને આપણે ઓળખીએ છીએ, મળીએ છીએ પણ પ્રેમ એટલી આસાનીથી થતો નથી. એનું કારણ બીજું કોઈ નથી ફક્ત કેમેસ્ટ્રી છે. મન સાથે જોડાયેલી કેટલીક બાબતો અમુક રીતે પોતાનું કામ કરે છે, જ્યાં સુધી પ્રેમનો સવાલ છે ત્યાં સુધી પ્રેમ થવો એ વ્યક્તિના હાથમાં હોતું જ નથી. પ્રેમ થતો રોકી શકવો પણ સામાન્ય રીતે માણસના હાથમાં નથી હોતું.

આપણે એક જ કામ કરી શકીએ પ્રેમની અભિવ્યક્તિ કે ઍક્સપ્રેશનને રોકી શકીએ. માણસ તરીકે આપણે કોઈને ચાહતા હોઈએ કે એના માટે આપણને અખૂટ લાગણી હોય ત્યારે એ વ્યક્તિની જિંદગી કદાચ આપણા પ્રેમ કે લાગણીને સ્વીકારી શકે એવી સ્થિતિમાં ન પણ હોય. એવું બને કે આપણે જેને ચાહતા હોઈએ એ વ્યક્તિ પરણેલી હોય, એના જીવનમાં કોઈ બીજી વ્યક્તિ હોય અને એ પોતાના જીવનસાથીને પીડા આપીને દુ:ખી કરીને, છેતરીને આવા કોઈ પ્રેમસંબંધ માટે તૈયાર ન પણ હોય. એવા સમયે એ વ્યક્તિને પ્રેમ કરવાનો આપણો અધિકાર છે પણ એ પ્રતિભાવ કે પ્રતિસાદ માગવાનો અધિકાર આપણી પાસે નથી.

ખાસ કરીને જ્યારે પુરુષની વાત કરીએ ત્યારે હવે વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક રીતે સાબિત થઈ ચૂક્યું છે કે, પુરુષને જ્યારે પ્રેમ થાય છે ત્યારે એમાં શરીરનું મહત્ત્વ પ્રમાણમાં વધારે હોય છે. આપણે એવા પુરુષને પણ ઓળખીએ છીએ જેને પ્રેમ હોય કે ન હોય પરંતુ, શરીર સુધી પહોંચવાના માધ્યમ સુધી પણ એ 'પ્રેમ' શબ્દને સાવ પરચૂરણની જેમ વાપરી નાખે છે. એની સામે એવા પુરુષો પણ છે જેને પોતાનું મૉરલ છે. કોઈને દુ:ખ પહોંચાડીને પોતાનું સારું નહી થાય એવી એમને ખાતરી છે અને શ્રદ્ધા પણ છે. આ એવા પુરુષો છે જેને પ્રેમ ન થાય ત્યાં સુધી એ સ્ત્રીના શરીરને ફક્ત વસ્તુની જેમ વાપરી લેવામાં પોતાનું પણ અપમાન સમજે છે. જાનવર અને માણસની વચ્ચે કદાચ આ 'પ્રેમ' શબ્દથી ફરક ઊભો થાય છે. ઋતુમાં આવેલું જાનવર ફક્ત શારીરિક સંતોષ ખાતર પોતાના વિજાતીય પ્રાણી સાથે સંભોગ કરી લે છે પણ માણસ માટે એ અનુભવ ફક્ત બે પગ વચ્ચેનો નહીં, બે કાન વચ્ચે (મન અને મગજ)નો અનુભવ પણ હોવો જોઈએ!

કોઈ પોતાને ચાહે છે એટલા કારણસર એનો દુરુપયોગ કરી લેવો, એનાથી વધુ આસુરી તત્ત્વ બીજું કોઈ નથી.

જે લોકો આવું કરે છે એ સમય જતાં પોતાના જ ખોટા કામનો ભોગ બને છે. કર્મના સિદ્ધાંતમાં માનીએ કે ન માનીએ, પણ એક વાત માનવી પડે... જેવી વૃત્તિ અને પ્રવૃત્તિ હોય એવી જ સૃષ્ટિ આપણી આજુબાજુ રચાય છે. જે પુરુષ પોતાના પ્રેમમાં પડેલી સ્ત્રીને વસ્તુ માનીને કે ફક્ત શરીર માનીને એનો ઉપભોગ કરે છે, એને છેતરે છે અથવા એને છેહ દે છે એ પોતાની જિંદગીમાં આંસુ અને અભિશાપનો હિસાબ આપવા મજબૂર થઈ જાય છે.

જરૂરી નથી કે આવું ફક્ત પુરુષ જ કરે છે. કેટલીક સ્ત્રીઓ પણ પોતાના ફાયદા ખાતર, કારકિર્દી કે પૈસા ખાતર કોઈ સાચા હૃદયથી ચાહતી વ્યક્તિનો દુરુપયોગ કરે છે, પરંતુ આવી ટકાવારી પ્રમાણમાં ઓછી છે એમ હું માનું છું! સ્ત્રી માટે પ્રેમ એટલે એના જીવનનું કારણ, એના અસ્તિત્વનો આધાર... ગણતરીબાજ કે કૅલ્ક્યુલેટિવ વ્યક્તિઓની વાત ન કરીએ તો સ્ત્રી સામાન્ય રીતે ફના થઈને પ્રેમ કરતી હોય છે. એની પાસે જે કંઈ છે તે પ્રેમમાં લૂંટાવી દેવું એ સ્ત્રીની પ્રકૃતિ છે. (અપવાદ બધે હોય) અગત્યનું એ છે કે મિત્રતાને પ્રેમ સમજવાની ભૂલ સ્ત્રીના પક્ષે પ્રમાણમાં વધારે થાય છે. એથી આગળ વધીને એ રિલેશનશિપને પોતાના ઈગોનું, સ્વમાનનું કે અસ્તિત્વનું કારણ બનાવીને બધું જ ફૂંકી મારવાનું પણ સ્ત્રીના પક્ષે વધારે બનતું હોય છે.

આમ જોવા જઈએ તો પ્રણયસંબંધમાં કે શારીરિક સંબંધોમાં બંને પક્ષની સહમતિ હોય જ છે, માટે જ એને સમભોગ કહેવાય છે, પરંતુ ક્યારેક એવું બને કે એ સ્થિતિને ઊભી કરવામાં ખોટાં વચનો કે ખોટી લાગણીઓનું પ્રદર્શન, ગેરસમજ દૂર કર્યા વગરનાં અધ્યાહાર વચનો કારણભૂત બને. જેને હક અને તક બંને હોય અને છતાંય જે પરિસ્થિતિનો ગેરલાભ ન ઉઠાવે એ 'પુરુષ'!

• • •



ઇન્દ્રાણી ઇન્દ્રાસનને વરે છે, ઇન્દ્ર તો 'પોસ્ટ' છે, પતિ નથી

આમ જોવા જોઈએ તો ગુનાહ બહુ ખૂબસૂરત ચીજ છે. પાપ બહુ સુંવાળું હોય છે... ને ઝેરી પણ, સાપ જેવું. સંતાઈને બેસે ને અચાનક ડંખે! જ્યાં સુધી એ ચૂપચાપ સૂતું હોય ત્યાં સુધી એની ત્વચા પર હાથ ફેરવવાનો અનુભવ બહુ થ્રિલિંગ હોય છે, પણ અચાનક જાગીને ફેણ માંડે તો એનાથી બચવું કઠિન!

"**હું** સાચે જ નથી જાણતો કે ઈન્દ્રાણીએ આવું શું કામ કર્યું?" મીડિયા મુઘલ તરીકે ઓળખાતા પીટર મુખરજીએ પોલીસ સ્ટેટમૅન્ટમાં સાવ નિર્દોષ હોવાની ઇમ્પ્રેશન આપી છે. પોતાના પહેલા પતિ સાથે મળીને, એથીયે પહેલાંના પતિથી જન્મેલી દીકરીને બેરહમીથી કત્લ કરી નાખવાનું કામ એક માએ કર્યું છે! સ્ટાર ઇન્ડિયાના પૂર્વ સી.ઈ.ઓ. પીટર મુખરજી સાથે ઈન્દ્રાણી મુખરજીનાં આ ત્રીજા લગ્ન હતાં. મીડિયાએ કરેલી શોધખોળ પ્રમાણે ઈન્દ્રાણી સોળ વર્ષની હતી ત્યારથી એને જાતજાતના પુરુષો સાથે સંબંધો રહ્યા... શિલોંગમાં ભણતી હતી ત્યારે સિદ્ધાર્થ દાસ નામના માણસ સાથે પરણી ગઈ. એનાથી બે બાળકો થયાં. શીના બોરા અને મિખાઇલ બોરા... આ બાળકોની પાછળ સિદ્ધાર્થ દાસને બદલે ઈન્દ્રાણીનાં માતાપિતાનું નામ લખાતું રહ્યું. ઇન્દ્રાણી પોતાની દીકરી અને દીકરાને ભાઈ-બહેન તરીકે ઓળખાવતી રહી.

ગૌહાતીથી કોલકાતા અને કોલકાતાથી મુંબઈનો આ પ્રવાસ દુનિયાની કોઈ પણ ઍમ્બિશિયસ—મહત્ત્વાકાંક્ષી સ્ત્રી કરે જ, એણે કરવો જ જોઈએ. સવાલ એ છે કે આ પ્રવાસ કેટલી પ્રામાણિકતાથી, કેટલી મહેનતથી, કેટલી લગન, કેટલી ઈમાનદારી અને કેટલી આવડતથી કરવામાં આવ્યો છે! સફળ થવાનો અધિકાર દુનિયાની કોઈ પણ વ્યક્તિને છે જ! સફળ થવાનાં સપનાં જોવાનો હક પણ દરેકને મળે છે—મળવો જોઈએ. પ્રશ્ન એ છે કે સફળતાના આ રસ્તામાં આવતા કાંટા, કાંકરા, પથ્થર, હર્ડલ્સ કે અવરોધોને એ મહત્ત્વાકાંક્ષી વ્યક્તિ કઈ રીતે દૂર કરે છે!

ઈન્દ્રાણી મુખરજી નામની આ સ્ત્રી પોતાના રસ્તામાં આવતા લોકોને 'વસ્તુ' બનાવીને વાપરે છે. પુરુષને સીડી તરીકે ઇસ્તેમાલ કરે છે... સફળ થતી જાય છે, આગળ વધતી જાય છે. એણે સાચું કર્યું છે, સારું કર્યું છે એવું કહેવાનો ઇરાદો નથી. જે ખોટું છે—જે ગુનાહ છે એને કોઈ રીતે સાચું ન જ ઠેરવી શકાય, પરંતુ ઇન્દ્રાણી નામની આ સ્ત્રી 'છીંડે ચડી ગઈ છે.'

આપણે સામાન્ય રીતે આવી સ્ત્રીઓ જોઈ નથી. મીડિયા સહિત સૌને આ વાતમાંથી બહુ મોટો મસાલો મળી ગયો છે. રાત-દિવસ ઇન્દ્રાણી અને ઇન્દ્રાણી સાથે જોડાયેલી વાતો—એનાં લફરાંની ચર્ચા થઈ રહી છે. સામાન્ય રીતે સ્ત્રીને સંવેદનશીલ, લાગણીશીલ, ઋજુ અને પુરુષના અત્યાચારો સહેતી એક અબળા તરીકે પોટ્રે કરવામાં આવે છે. અહીં એક એવી સ્ત્રીની કહાણી ખૂલી છે, જેણે પુરુષનો ઉપયોગ અને ઉપભોગ કર્યો છે. સ્ટારની ભૂતપૂર્વ સી.ઈ.ઓ. રહી ચૂકેલી રવિના રાજ કોહલીએ પોતાના ઇન્ટરવ્યૂમાં ઈન્દ્રાણી વિશેની ઘણી વિગતો ખોલી. પીટર મુખરજીની ભૂતપૂર્વ પત્ની શબનમ સાથે વન ટાઇમ સૅટલમૅન્ટ કરીને કઈ રીતે છૂટાછેડા લેવડાવ્યા એની વાત પણ રવિનાએ મીડિયાને કહી.

ભારતીય મીડિયા અને ભારતીય જનસામાન્ય આવી સ્ત્રીઓ વિશે વાતો કરીને આપણી સંસ્કૃતિ, સંસ્કારિતા અને સભ્યતાનાં છાજિયાં લે છે. ૧૬ વર્ષની ઉંમરથી શરૂ કરીને જિંદગીના પાંચ દાયકા વટાવ્યા ત્યાં સુધી એક પછી એક પુરુષોને ઇન્દ્રાણીએ પોતાની સફળતાના રસ્તામાં ખર્ચી કાઢ્યા, ટિશ્યૂ પેપરની જેમ એમને ડમ્પ કર્યા. એનો દીકરો પ્રેસને કહે છે કે, “મારી માને પૈસા સિવાય બીજી કોઈ વાતમાં રસ નથી.” પીટર મુખરજી કહે છે કે, “કદાચ મારું પણ ખૂન થઈ શક્યું હોત.”

આ બધાની વચ્ચે આપણે એ વિચારવું જોઈએ કે સ્ત્રીનો ઉપયોગ કરીને ફેંકી દેનારા પુરુષ માટે સમાજ કેટલી બધી દુ:ખભરી કહાણીઓ રજૂ કરે છે... પુરુષને કેટકેટલી અને કેવા પ્રકારની ગાળો દેવાય છે! દુનિયાનો દરેક પુરુષ જાણે શિકારી હોય અને સ્ત્રીની ઇજ્જત જ એનું લક્ષ્ય હોય એમ પુરુષ માત્રને વખોડી નાખવાનું આ સમાજને માફક આવી ગયું છે. ઇન્દ્રાણી મુખરજીની કથા સાથે જ આપણે એવી સ્ત્રીઓને યાદ કરવી જોઈએ, જેણે એકથી વધારે લગ્નો કર્યાં... એની જિંદગીમાં આવતા પુરુષોને એમણે સાવ કમ્ફર્ટેબલી ડમ્પ કર્યા. એલિઝાબેથ ટેલર હોય કે રેખા, પરવીન શાકિર હોય કે કમલા દાસ... સ્ત્રી પાસે એનું સ્ત્રીત્વ તો છે જ, પણ સાથે સાથે જો બુદ્ધિ કે આવડત પણ હોય તો સ્ત્રી દુનિયાના કોઈ પણ પુરુષને મહાત કરી શકે છે. પોતાની જાતને અબળા કે બિચારી કહેવડાવતી સ્ત્રીઓની સંખ્યા કદાચ વધારે હશે, પરંતુ ૨૦૧૫માં જ ઇન્દ્રાણી હોય છે એવું જરૂરી નથી. આજથી સેંકડો વર્ષ પહેલાં સુંદર અને બુદ્ધિશાળી બાળકીઓને પસંદ કરીને એમને વિષકન્યામાં રૂપાંતરિત કરવામાં આવતી. ભોજનમાં ધીમે ધીમે ઝેર આપીને એમના શરીરમાં એટલું ઝેર ભરવામાં આવતું કે આવી વિષકન્યા કોઈને બચકું ભરે કે નખ મારે તો એ વ્યક્તિનું તત્ક્ષણ મૃત્યુ થાય. આવી વિષકન્યાઓને સોળે કળાઓ શીખવવામાં આવતી. પુરુષને આકર્ષવામાં આ વિષકન્યાઓ શ્રેષ્ઠ હતી... એમનો ઉપયોગ રાજકીય શસ્ત્ર તરીકે કરવામાં આવતો!

માત્ર વિષકન્યા જ શું કામ, નૂરજહાં હોય કે જીજાબાઈ... સત્તાનું આકર્ષણ સ્ત્રીને પોતાનાથી દૂર રાખી શક્યું નથી. નેલ્સન મન્ડેલાની પત્ની વિની મન્ડેલા પણ આવી જ સત્તાલાલસાનું ઉદાહરણ છે. સામાન્ય રીતે સ્ત્રીને રડતા, કકળતા, ફરિયાદ કરતાં આવડે છે. એની પાસે એનાં આંસુનું અમોઘ શસ્ત્ર છે. રડતી સ્ત્રી ઉપર ભરોસો કરતાં આપણો સમાજ શીખ્યો છે... ક્યારેક એવો આક્ષેપ કરવામાં આવે છે કે પોતાના ભગ્ન અને દુ:ખી જીવનની ફરિયાદ કરીને પુરુષ ભોળી અને નાદાન સ્ત્રીઓને ફસાવે છે! ઇન્દ્રાણીએ પોતાના ભૂતપૂર્વ લગ્નજીવન વિશે પીટરને શું કહ્યું હશે?

એક એવો પણ આક્ષેપ છે કે સ્ત્રીઓ પોતાના પતિની ભૂલોને ઉદાર હૃદયે માફ કરી શકે છે, જ્યારે પુરુષ આવું કરતા નથી... '૭૦ના દાયકામાં પોતાની જ માના ખૂન માટે આરોપી ઠેરવવામાં આવેલી પત્નીને બચાવવા માટે લોહી અને પૈસો વહાવી દેનાર ડૉ. પંકજ દિવેટિયાને આપણે ભૂલી ગયા છીએ? પોતાની જ પત્નીને એના પ્રેમી પાસે મૂકવા નીકળેલા દેવરા આયર અને કબીરની કથાઓ આપણે જાણીએ જ છીએ ને? શશિ થરુર

હજી જૂનો નથી થયો... પરંતુ એની સામે પોતાના જ પતિને જીવતો સળગાવી દેનાર કુલજીત અહલુવાલિયાનો કિસ્સો પણ આપણે જાણીએ જ છીએ.

સ્ત્રી અને પુરુષનાં કાટલાં લઈને 'માણસ'ને તોળવા બેસતો આ સમાજ ખરેખર કેટલો ખોટો અને કેટલો અધૂરો છે! મહત્ત્વકાંક્ષા કોઈને પણ હોઈ શકે... એ માટે કોઈ પણ, ખોટું કામ કરી જ શકે. માણસ તરીકે આપણે બધા જ ક્યાંક ને ક્યાંક કાચા પડીએ જ છીએ. જુઠ્ઠું બોલવું, કરપ્શન કરવું કે નાની-નાની વાતમાં બેઈમાન થવું આપણને અનુકૂળ આવી ગયું છે હવે. મજાની વાત એ છે કે જે છીંડે ચડે છે એને 'ચોર' કહીને આપણે આપણાં કપડાં પર ઊડેલા થોડા ડાઘા સાફ કરવાનો સંતોષ લેતાં શીખી ગયા છીએ. ઈન્દ્રાણી હોય કે શશિ, કોણ ખોટું કરે છે અને કેટલું ખોટું કરે છે એની શોધખોળ કરવામાં આપણે ક્યાં ખોટા છીએ એ વાતને આપણે કમ્ફર્ટેબલી, કન્વિનિયન્ટલી અને કેરફુલી છુપાવતાં શીખ્યા છીએ, શીખી રહ્યા છીએ.

મીડિયા રોજ સવારે એક ટ્રાયલ ચલાવે છે... કોઈ ને કોઈ 'છીંડે' ચડે છે...

આમ જોવા જોઈએ તો ગુનાહ બહુ ખૂબસૂરત ચીજ છે. પાપ બહુ સુંવાળું હોય છે... ને ઝેરી પણ, સાપ જેવું. સંતાઈને બેસે ને અચાનક ડંખે! જ્યાં સુધી એ ચૂપચાપ સૂતું હોય ત્યાં સુધી એની ત્વચા પર હાથ ફેરવવાનો અનુભવ બહુ થ્રિલિંગ હોય છે, પણ અચાનક જાગીને ફેણ માંડે તો એનાથી બચવું કઠિન!

તક મળે તો આપણે બધા જ આપણી મહત્ત્વાકાંક્ષાને પૂરી કરવા માટે 'કંઈ પણ' કરવા તૈયાર થઈ જઈએ. પકડાવાનો ભય ન હોય તો 'ઈમાનદાર' રહી શકે એવા કેટલા લોકોને આપણે ઓળખીએ છીએ? કાયદા, ઈશ્વર, સમાજના ભય હેઠળ આપણે બધા 'સાચું' અને 'સારું' જીવવાનો દંભ તો કરીએ જ છીએ, પણ ખરેખર એવા છીએ ખરા? આજે, આ ક્ષણે જ્યારે આંખ મીંચીને આપણે આપણો જ ચહેરો જોવાનો પ્રયત્ન કરીએ ત્યારે એક બેદાગ, સાફ, ઇમાનદાર અને સાચો ચહેરો જોઈ શકીએ છીએ ખરા? રાજેશ ખન્નાની એક ફિલ્મ 'રોટી'માં આનંદ બક્ષીએ લખેલું એક ગીત આપણને બધાને જાત સાથે સવાલ-જવાબ કરવા મજબૂર કરી દે એવું છે, "યાર હમારી બાત સૂનો, ઐસા એક ઇન્સાન ચૂનો, જિસને પાપ ના કિયા હો, જો પાપી ન હો..."

• • •



પહેલો પ્રેમ, છેલ્લો પ્રેમ... એક જ પ્રેમ!

મનથી શરૂ કરીને શરીર, આત્મા અને ઝંખનાઓને પણ જગાડી શકે એવા સંબંધો મળવા સહેલા નથી...ને મળ્યા પછી સાચવવા એથીયે વધુ અઘરા છે. આવા સંબંધો ક્યારેક એની ઍક્સ્પાયરી ડેટ સાથે આવતા હોય છે. આવા ગુજરી ગયેલા સંબંધોની પાછળ ચૂડી તોડીને, માથું મુંડાવીને જીવી શકાતું નથી...વિધવા હોવાનો અફસોસ હોઈ શકે પણ વિધવા હોવું એ આપણા અસ્તિત્વની ઓળખ કેવી રીતે હોઈ શકે? કેટલાક લોકો માનસિક રીતે વિધવા હોય છે. ગયેલી વ્યક્તિ સંબંધ તોડીને ક્યારેક અપમાનિત કરીને, ક્યારેક છેતરીને પણ ગઈ હોય તેમ છતાં જે ગયા એ શા માટે ગયા... એના દુ:ખમાં ડૂબેલા આવા લોકો જે 'છે' એનું સુખ માણી શકતા નથી.

"**તું** કંઈ પણ કર, તું ક્યારેય માધવી જેવી નહીં લાગે" કહીને અનિકેત બાથરૂમ તરફ આગળ વધી ગયો.

નિકિતા થોડી વાર એને જતો જોઈ રહી, એની આંખોમાં પાણી આવી ગયાં.

એણે કશું કહ્યું નહીં, પણ એણે જે રીતે વાળ ઓળ્યા હતા એ ખોલીને એણે વાળ ફેંદી નાખ્યા. ટેબલ પર પડેલું ટીશ્યૂ લઈને લિપસ્ટિક લૂછી નાખી. નિકિતા રડતી રડતી રૂમની બહાર નીકળી ગઈ. આવું પહેલી વાર નહોતું થયું. કોઈ કારણ વગર અનિકેત વારેવારે નિકિતાની સરખામણી પોતાની ઍક્સ ગર્લફ્રેન્ડ માધવી સાથે કર્યા કરતો. માધવી આજે એક સફળ બિઝનેસ વુમન હતી. પૈસાવાળા પિતાનું એક માત્ર સંતાન માધવી...અનિકેત સાથે ત્રણ વર્ષના પ્રણય પછી બંને છૂટાં પડ્યાં. કારણ? માધવીના પિતા અને અનિકેતની આર્થિક અસમાનતા...માધવીના પિતાએ અનિકેતનું ભયાનક અપમાન કર્યું, અનિકેત નથી એ અપમાન ભૂલી શક્યો કે નથી માધવીને ભૂલી શક્યો.

માતા-પિતાના આગ્રહને કારણે અનિકેતે લગ્ન તો કર્યાં પણ એક પત્નીને મળવું જોઈએ એ સન્માન કે સ્નેહ અનિકેત નિકિતાને આપી શક્યો નથી...નિકિતા બહુ જ પ્રયાસ કરે છે અનિકેતને જીતવાનો, એના સુધી પહોંચવાનો. સ્વમાનને કોરે મૂકીને નિકિતા ક્યારેક માધવી જેવી દેખાવાનો કે બનવાનો પણ પ્રયાસ કરે છે. એ કોઈ પણ રીતે અનિકેતને પોતાનો બનાવવા માગે છે. અનિકેતનો સ્નેહ, અનિકેતનો પ્રેમ મેળવવા માટે એ કંઈ

પણ કરવા તૈયાર છે, પરંતુ અનિકેત એના આ પ્રયાસની નોંધ લેવાને બદલે એનું અપમાન કરે છે, મજાક ઉડાવે છે...તો ક્યારેક એને ઉતારી પાડે છે...

આ ત્યજાયેલા, તરછોડાયેલા પ્રેમીઓની એક માનસિકતા પણ સમજવા જેવી હોય છે. કોઈએ એમને છોડી દીધા કે તરછોડ્યા, એમનો તિરસ્કાર કર્યો એટલે એ દુનિયા સામે યુદ્ધે ચડે છે. જેણે તિરસ્કાર કર્યો એને તો કશું કહેવાની હિંમત નથી હોતી, પરંતુ એમની આસપાસના બીજા લોકોને એ પોતાની પીડાનો શિકાર બનાવે છે. સ્ત્રીઓ કદાચ આ સ્થિતિમાં ઓછી મુકાય છે, કારણ કે સ્ત્રીના પક્ષે લગ્ન એની સલામતી અને એના સંસ્કાર સાથે જોડાયેલી બાબત છે. એને ઉછેરમાં એવું શીખવવામાં આવ્યું છે કે લગ્ન પછી એ તન-મન અને આત્માથી કોઈની અર્ધાંગિની—અમાનત બને છે. પુરુષ કદાચ આ વાતને તાત્ત્વિક રીતે અને આત્મિક રીતે સમજી કે સ્વીકારી શકતો નથી. એક સ્ત્રી માટે રિજેક્ટ થયાની કે તરછોડાયાની લાગણી અપમાનજનક, પીડાદાયક કે જીવનભરનો ઉઝરડો આપી જનારી છે, પરંતુ એ ઉઝરડાને પંપાળ્યા કરવાને બદલે સામાન્યતઃ સ્ત્રીઓ આવા ઉઝરડા પર મલમ લગાડીને એને રુઝવવાનો, જે પ્રેમી કે પુરુષ ચાલી ગયો એને ભૂલવાનો પ્રયત્ન કરતી હોય છે. પુરુષો આ વાતને આટલી સાહજિકતા કે સ્વાભાવિકતાથી લઈ શકતા નથી... તરછોડાવાની લાગણી પુરુષ માટે ઈગો પ્રૉબ્લેમ છે, પણ જેણે તરછોડ્યા એની સાથે ઈગો પ્રૉબ્લેમ કરવાને બદલે કેટલાક અણસમજુ પુરુષો બાકીની દુનિયા સાથે વેર લેવા માટે મરણિયા થઈ જાય છે. પહેલા પ્રેમની ગ્લેમરમાં ડૂબેલા આ લોકો જેણે લાત મારી છે એને યાદ કર્યા કરે છે અને જે સાચે જ એમને ચાહે છે અથવા એમના સુખનો વિચાર કરે છે એવી વ્યક્તિને ઇગ્નોર કરીને, એનું અપમાન કરીને, એને દુઃખી કરીને પોતાના દુઃખનો ઉત્સવ ઊજવે છે!

આપણા કવિઓએ અને લેખકોએ, સિનેમાએ અને ટૅલિવિઝને 'પહેલા પ્રેમ'નો બહુ મહિમા કર્યો છે. પરંતુ સવાલ એ છે કે શું ખરેખર પહેલા પ્રેમ પછી ક્યારેય પ્રેમ થતો જ નથી? માણસને એક વાર પ્રેમ થાય-પ્રેમમાં પડે કે કોઈ છોકરી/છોકરો ગમી જાય પછી દુનિયામાં બીજી વખત કોઈ ગમે જ નહીં? જો ખરેખર એવું જ હોત તો આપણે બધા સ્કૂલના દિવસો પછી જિંદગીમાં ક્યારેય પ્રેમમાં ન પડ્યા હોત! માણસ માત્ર સર્વાઈવલ ઈન્સ્ટિંક્ટ ધરાવતી વ્યક્તિ છે. મૃત્યુ પામેલાની પાછળ માણસ મૃત્યુ પામતો નથી. બે-ચાર દિવસ ખાવાનું ન ભાવે, વર્ષે-વર્ષે વર્ષગાંઠ કે મૃત્યુ તિથિ પર માણસ યાદ આવે, સારા-નરસા પ્રસંગે આંખમાં આંસુય આવે પણ એથી પાછળ રહી ગયેલા લોકો જીવવાનું છોડતા નથી...

પ્રેમનું પણ કદાચ આવું જ છે. સાથે ગાળેલો સારો સમય યાદ આવે, શક્ય છે એટલો સારો સમય જિંદગીમાં ન ય આવે. એક વ્યક્તિ જે આપણા શરીરને ઓળખતી હતી, સમજતી હતી જેનાં ટેરવાં આપણી ત્વચા પર લખેલી ભાષાને ઉકેલી શકતાં હતાં. જેનો સ્પર્શ એક સુખમય અભાન આપતો હતો કે પછી જેની સાથે કલાકો વાતો કરી શકતા હતા જે આપણી ભાષાને અને મૌનને, બંનેને સમજતા હતા, એવી વ્યક્તિ કદાચ ફરી ન મળે એવુંય બને પણ એથી જે આજે આપણા જીવનમાં છે એને અન્યાય કરવો કેટલો યોગ્ય છે? આપણે બધા જ જે નથી હોતું એને સુખ માનીને જીવીએ છીએ. ખાસ કરીને પ્રેમમાં "વફાદારી" સાબિત કરવાનો આપણને શોખ છે. આપણને છોડીને ચાલી ગયેલા લોકો વિશે પણ આપણે કેટલા વફાદાર છીએ. આપણે કેટલા સાચા અને કમિટેડ છીએ એ સાબિત કરવામાં આપણો ઈગો મસાજ થાય છે?

પ્રેમ હોવો કે થવો એ અદ્ભુત બાબત છે, પ્રેમમાં 'પડવું' એ ઘણીવાર મને ખોટો શબ્દપ્રયોગ લાગ્યો છે. સામાન્ય વાતચીતમાં આપણે કહીએ છીએ કે, "ઍક્સ ભાઈ વાય બહેનની સાથે સૂએ છે..." અથવા "સવિતાબહેન રમણલાલ સાથે સૂએ છે"...પણ મજાની વાત એ છે કે બે લોકો એકબીજા સાથે સૂવા માટે ભેગા

નથી થતા, જાગવા માટે ભેગા થાય છે! મનથી શરૂ કરીને શરીર, આત્મા અને ઝંખનાઓને પણ જગાડી શકે એવા સંબંધો મળવા સહેલા નથી...ને મળ્યા પછી સાચવવા એથીયે વધુ અઘરા છે. આવા સંબંધો ક્યારેક એની એક્સ્પાયરી ડેટ સાથે આવતા હોય છે. આવા ગુજરી ગયેલા સંબંધોની પાછળ ચૂડી તોડીને, માથું મુંડાવીને જીવી શકાતું નથી...વિધવા હોવાનો અફસોસ હોઈ શકે પણ વિધવા હોવું એ આપણા અસ્તિત્વની ઓળખ કેવી રીતે હોઈ શકે? કેટલાક લોકો માનસિક રીતે વિધવા હોય છે. ગયેલી વ્યક્તિ સંબંધ તોડીને ક્યારેક અપમાનિત કરીને, ક્યારેક છેતરીને પણ ગઈ હોય તેમ છતાં જે ગયા એ શા માટે ગયા... એના દુ:ખમાં ડૂબેલા આવા લોકો જે 'છે' એનું સુખ માણી શકતા નથી. ખાસ કરીને આવા પ્રેમસંબંધોમાં સંબંધ તોડીને કે છોડીને જનાર વ્યક્તિ દરેક વખતે ખોટી કે લુચ્ચી જ હોય એવું જરૂરી નથી. કેટલાક લોકોની મજબૂરી પણ એમને આ પ્રણયસંબંધને પરિણય સુધી પહોંચાડવામાં નડે છે... માતાપિતાનો પ્રેમ, સમાજનો ડર, આર્થિક અસામનતાની સાથે સાથે ક્યારેક સામેની વ્યક્તિનો વર્તાવ પણ સંબંધ તોડવાનું કારણ હોઈ શકે. વધુ પડતો પઝેસિવ પ્રેમી, દાદાગીરી કરતો પુરુષ, વધુ પડતી અપેક્ષા રાખતો પ્રિયતમ કે કન્ટ્રોલ ફ્રિક બૉયફ્રેન્ડ આજના સમયમાં સહન ન પણ થઈ શકે! એવા સમયે છોકરીઓ બહુ શાંતિથી અને સમજદારીથી કહેતી હોય છે, "લેટ અસ બી ફ્રેન્ડ્સ." પરંતુ પુરુષ માટે એક જગ્યાએ પહોંચ્યા પછી પાછા વળવું સામાન્ય રીતે સરળ નથી હોતું. એને તો જેટલું મળ્યું હતું એ બધું જ અને વધારાનું એ જે ઝંખે છે અથવા માગે છે એ પણ મળવું જ જોઈએ એવો એનો આગ્રહ હોય છે. આવા જક્કી, પઝેસિવ કે તોછડા પુરુષો જ્યારે પડતા મુકાય ત્યારે એ ભાગ્યે જ પોતાની ભૂલ સ્વીકારવા તૈયાર હોય છે. મોટા ભાગના પ્રેમીઓએ સમજવું પડે, સ્વીકારવું પડે કે સંબંધો ક્યારેય પરમેનન્ટ ન હોઈ શકે. એની ઇન્ટેન્સિટી કે ઇમોશન્સ, થ્રિલ કે તરસ ક્યારેક એકસરખાં ન જ હોઈ શકે. શરૂઆતના દિવસોમાં જે લાગણી હતી એ ધીમે ધીમે ઓસરવાની છે એટલી સમજ સાથે કોઈ વ્યક્તિ પ્રેમમાં કે લગ્નમાં દાખલ થાય તો કદાચ એ પોતાના સંબંધને વધુ સરળતાથી સાચવી શકે.

જે ગયા અથવા છોડી ગયા એની પાછળ રડતા-કકળતા રહેવું, ફરિયાદો કરતા રહેવું કે છેતરાયાની–તરછોડાયાની લાગણી સાથે સહાનુભૂતિની દુનિયા ઊભી કરીને એમાં જ રચ્યા-પચ્યા રહેવું એ જ જિંદગીનો ધ્યેય હોય તો જુદી વાત છે. બાકી આપણે બધા જ આગળ વધી જનારા, સૂર્યોદય તરફ જોઈને જીવનારા માણસો છીએ. ગઈ કાલમાં હવે કશુંયે બદલી નહીં શકાય, પણ આવતી કાલ આપણા હાથમાં હોય તો આજથી જ એને બદલવાની શરૂઆત કરવી જોઈએ ને?

• • •



'સૅક્સી' એટલે સિક્સ પૅક્સ?

સ્ત્રીનું શરીર જ રસપ્રદ હોઈ શકે એ ખ્યાલને નવી પેઢીના પુરુષોએ તોડી-ફોડીને ફેંકી દીધો છે. 'હન્ક' કહેવાતા આ બધા દેખાવડા છોકરાઓ છાતી પર વૅક્સ કરાવે છે, બાવડાં અને પીઠ પર નિયમિત માલિશ કરાવે છે. ગળાથી નીચેનો ભાગ છાતી સાથે એકસરખો દેખાય એ માટે સનસ્ક્રીન અને બ્લિચ વાપરે છે... પુરુષની સુંદરતા એના પુરુષત્વમાં છે, અને આ પુરુષત્વ વાળવાળા—જંગલી દેખાતા પુરુષને બદલે ચોખ્ખા-સ્વચ્છ—સૉફેસ્ટિકેટેડ, મેનીક્યૉર, પેડિક્યૉર કરેલા છોકરાઓ—પુરુષો હવે સૅક્સી કહેવાય છે.

"**પૈસા** જોઈએ છે..." અનુજ બીજી તરફ જોઈને મૂકેશભાઈ સાથે વાત કરતો હતો.

"કેટલા?" મૂકેશભાઈ જમવા બેઠા હતા. એમણે તદ્દન નિરસ અવાજે પૂછ્યું.

"નવ હજાર નવસો નવ્વાણું." અનુજે કહ્યું, "જિમમાં ભરવા છે."

"અલ્યા, સવારે દૂધ લેવા જવાનું કે આ ડન્કિનને ફેરવવા જવાનું કહીએ તો તને જોર પડે છે ને તારે જિમ જવું છે?" મૂકેશભાઈએ હસતાં હસતાં પૂછ્યું, "જિમ જઈને શું કરીશ?"

"બૉડી બનાવીશ."

"તે આપણા ખેતરમાં જા ને... વીસ કિલૉમીટર દૂર છે. રોજ સવારે ખેતરમાં કામ કરીશ તો આપોઆપ બૉડી બનશે. આ જો..." મૂકેશભાઈએ પોતાનાં બાવડાં બતાવ્યાં, "પચ્ચા વર્ષે પણ પથરા જેવું શરીર છે મારું, હું એકેય રૂપિયો નથી ખરચતો."

"તમારે પૈસા આપવા છે કે નહીં?" અનુજ અકળાઈ ગયો.

"જિમમાં જવાના પૈસા નથી મારી પાસે." મૂકેશભાઈ પણ થાળીને સહેજ ધક્કો મારીને ઊભા થઈ ગયા, "ઘરમાં કામ કર. તારી માને મદદ કરાવ. આપોઆપ બૉડી બનશે તારું, સમજ્યો?"

મૂકેશભાઈ ત્યાંથી ચાલી ગયા. અનુજ પગ પછાડીને ઊભો રહ્યો... એને ખબર હતી કે હવે પૈસા નથી મળવાના.

અનુજ જિમમાં જવા ડેસ્પરેટ થઈ ગયો હતો. એના બધા મિત્રો પૈસા ભરી આવ્યા હતા... એમને માટે હવે 'સિક્સ પેક' એ જિંદગીનો ધ્યેય બની ગયો હતો.

છેલ્લા થોડા સમયથી 'ફિટનેસ' અથવા ફિઝિકલ પરફેક્શન બહુ અગત્યનું બનતું જાય છે. આજથી એક દાયકા પહેલાં ઍક્ટર્સ પણ આટલા બધા કૉન્શિયસ નહોતા. સંજીવકુમાર, ધર્મેન્દ્ર કે રાજેશ ખન્ના જેવા ઍક્ટર્સ પોતાના નાનકડા બેલી સાથે 'હીરો' હતા. અમિતાભ બચ્ચન પણ સૂટ પહેરીને એનું બહાર આવતું નાનકડું પેટ ઢાંકતા. બેડરૂમનાં દશ્યોમાં પણ છાતીથી નીચે હીરોને ઍક્સપોઝ કરવાની ખાસ જરૂર નહોતી પડતી.

છેલ્લા એક દાયકામાં સ્ત્રીના ફિગર જેટલું જ મહત્ત્વ પુરુષના ફિઝિકનું થઈ ગયું છે. બાયસૅપ્સ અને ચેસ્ટનાં માપ બ્રેસ્ટ અને કમર જેટલાં જ અગત્યનાં બન્યાં છે. કેટી મિર્ઝા અને પામેલા ઍન્ડરસન જેવી છોકરીઓએ સિલિકોન ટ્રાન્સપ્લાન્ટ કરાવીને જ્યારે પોતાના વાઇટલ સ્ટેટિસ્ટિક્સ બજારમાં મૂક્યા ત્યારે સંસ્કૃતિ અને સભ્યતાના ઝંડા ઊંચકીને દોડતા લોકો જરા ચોંકી ગયેલા. ઝિન્નત અમાન અને પરવીન જેવી છોકરીઓએ જ્યારે બેઝિઝક સ્વિમ સૂટ પહેરીને પોતાની શારીરિક સુંદરતાનું પ્રદર્શન કર્યું ત્યારે પહેલી વાર સ્ત્રીના શરીરના આંકડા વિશે એક કૉન્શિયસનેસ ઊભી થઈ. આશા પારેખ, નંદા, માલા સિન્હા જેવી હીરોઇનના હિપ્સ વિશે કદી કોઈ ક્વેશ્ચનમાર્ક ઊઠ્યો જ નહોતો. હેમા માલિની જ્યારે પહેલી ફિલ્મમાં દેખાઈ ત્યારે એની જે કમર હતી એ પછી એમાં કેટલાય ઇંચનો વધારો થયો. એના ચણિયાચોળીને ઘરારામાં બદલીને કે એનું પેટ ઢાંકતાં વસ્ત્રો બનાવીને લીના દરુએ કેટલાંય વર્ષો સુધી હેમા માલિનીને ટકાવી રાખી. નીતુ સિંગ, યોગિતા બાલી, રેખા કે શ્રીદેવી પણ શરૂઆતમાં આવ્યાં ત્યારે એમના ફિગર વિશે કોઈ અહોભાવ જન્મે એવા એમનાં શરીર નહોતાં જ... ગુજરાતી ફિલ્મોની વાત કરીએ તો સ્નેહલતા, જયશ્રી ટી જેવી છોકરીઓના વજન વિશે કદી ગુજરાતી ઑડિયન્સને કોઈ સમસ્યા હતી જ નહીં... પરંતુ છેલ્લા એક દાયકામાં સ્લિમ ઇઝ બ્યુટીફુલનો ખ્યાલ કોઈ ઘેલછાની જેમ ફેલાઈ ગયો છે. એની સાથે જ પુરુષના શરીર વિશે પણ એક નવો ખ્યાલ બજારમાં દાખલ થયો.

સાવ શરૂઆતની વાત કરીએ તો ધર્મેન્દ્રએ પહેલી વાર સુદઢ શરીર ધરાવતા પુરુષનો ખ્યાલ હિન્દી સિનેમાને આપ્યો. હિન્દી સિનેમાના પહેલા 'હીમૅન' તરીકે માત્ર ઓશીકું પકડીને ઊભેલા ધર્મેન્દ્રની નગ્ન કહી શકાય એવી તસવીરો જ્યારે પહેલી વાર ફિલ્મી મૅગેઝિનમાં છપાઈ ત્યારે કહેવાતા ચોખલિયાઓને ત્રાસ થઈ ગયેલો. ધર્મેન્દ્ર પછી તો નવી પેઢીના કેટલાય ઍક્ટર્સે પોતાના સિક્સ પૅક્સ દેખાડવાની શરૂઆત કરી. સલમાન, સન્ની, જ્હોન અબ્રાહમ અને ઋતિક રોશન જેવા ઍક્ટર્સની સાથે સાથે શાહરુખ ખાને પણ સિક્સ પૅક્સ કરાવડાવ્યા એટલું જ નહીં, એનો પ્રચાર પણ કર્યો! આજથી થોડાં વર્ષો પહેલાં ઉઘાડો પુરુષ એ બહુ મોટી વાત નહોતી. બલકે પુરુષને ઉઘાડો દેખાડવામાં એક જાતનો સંકોચ કે શરમ નડતા હતા. આજથી એક સદી પહેલાં બ્રિટનમાં પણ સ્ત્રીઓ પોતાનાં ક્લિવેજ કે પીઠ ખુલ્લી રાખી શકતી, પરંતુ પુરુષો સંપૂર્ણપણે ઢંકાયેલા હોવા જોઈએ એ જ સભ્યતા કહેવાતી. હવે એક નવો ટ્રેન્ડ દાખલ થયો છે. દરેક ફિલ્મમાં હીરોઇનને બદલે હીરોને ઉઘાડો દેખાડવાનો આ ટ્રેન્ડ ફક્ત સિનેમા જ નહીં, ટૅલિવિઝનમાં પણ એટલો જ પ્રચલિત છે. કૃષ્ણ, મહાદેવ, અર્જુન કે કર્ણ—બધા જ સિક્સ પૅક્સ ધરાવતા સૅક્સી હીરો હોવા જોઈએ એટલું ટૅલિવિઝને પ્રસ્થાપિત કરી આપ્યું છે. ટૅલિવિઝનના દેવો પણ 'સૅક્સી' તો દેખાવા જ જોઈએ એટલું નક્કી છે. હવે કરીનાનું

ઝીરો ફિગર જ ચર્ચામાં હોય એવું નથી, 'ન્યૂયોર્ક' નામની ફિલ્મમાં જ્હોન અબ્રાહમનાં નગ્ન દૃશ્યો કે અમુક મૅગેઝિન માટે કરાવેલા ખાસ ફોટો શૂટ્સ પુરુષના શરીરસૌષ્ઠવનું પ્રદર્શન કરતાં અચકાતા નથી.

સ્ત્રીનું શરીર જ રસપ્રદ હોઈ શકે એ ખ્યાલને નવી પેઢીના પુરુષોએ તોડી-ફોડીને ફેંકી દીધો છે. 'હન્ક' કહેવાતા આ બધા દેખાવડા છોકરાઓ છાતી પર વૅક્સ કરાવે છે, બાવડાં અને પીઠ પર નિયમિત માલિશ કરાવે છે. ગળાથી નીચેનો ભાગ છાતી સાથે એકસરખો દેખાય એ માટે સનસ્ક્રીન અને બ્લિચ વાપરે છે... પુરુષની સુંદરતા એના પુરુષત્વમાં છે, અને આ પુરુષત્વ વાળવાળા—જંગલી દેખાતા પુરુષને બદલે ચોખ્ખા-સ્વચ્છ—સૉફેસ્ટિકેટેડ, મેનીક્યૉર, પેડિક્યૉર કરેલા છોકરાઓ—પુરુષો હવે સૅક્સી કહેવાય છે. થોડા સમય પહેલાં આવા છોકરાઓ 'ચોકલેટ'ની વ્યાખ્યામાં આવતા હતા. અનિલ કપૂર, ધર્મેન્દ્ર, વિનોદ મહેરા જેવા ઍક્ટર્સ પોતાની છાતીના વાળનું પ્રદર્શન કરીને સૅક્સ સિમ્બોલ બનવાનો પ્રયત્ન કરતા હતા. એ સમયે હીરોઇનનાં ભરાવદાર સ્તન જેટલું જ મહત્ત્વ પુરુષની છાતીના વાળનું હતું... બદલાતા સમય સાથે ઝીરો ફિગરની જેમ જ પુરુષની ચોખ્ખી છાતી 'સૅક્સી'ના લેબલમાં આવી ગઈ! ફૅશન અને ફિતૂર બંને બદલાયા કરે છે. આ એવી બાબતો છે, જે ક્યારેય પરમેનન્ટ નથી હોતી. સૅક્સ સિમ્બોલની ખુરશી પર બેઠેલો માણસ—સ્ત્રી કે પુરુષ, ક્યારેય લાંબા સમય સુધી ટકતો નથી. આ એવી વ્યાખ્યા છે, જે બદલાતી પેઢી સાથે બદલાતી રહે છે.

ગ્રીક ગૉડ જેવું શરીર હોવું એ આજના સમયમાં એક બહુ મોટો ઍસેટ અથવા મોટું આકર્ષણ છે. યુવાન છોકરીઓની દેખાવડા પુરુષની વ્યાખ્યામાં હવે માત્ર ચહેરો નથી રહ્યો, શર્ટ કાઢીને ઊભો રહે ત્યારે સિસકારો નીકળી જાય એવું શરીર પણ હવેની છોકરીઓ માટે એક ઇમ્પોર્ટન્ટ ફૅક્ટર છે.

• • •



બે સ્ત્રીઓ: એકની સામે એક? કે એકને એક અગિયાર!

આપણા દેશમાં સૌથી દુ:ખની કે સૌથી પીડાની વાત એ છે કે સ્ત્રી જ સામાન્યત: સ્ત્રી માટે સમસ્યાઓ ઊભી કરે છે. અધિકારો કે ટેરિટરી વહેંચવાના સવાલો કેવી રીતે ઊભા થાય? બે સ્ત્રીઓ જો એવું સમજી શકે કે એમનાં સ્થાન, સ્નેહ પામવાના અધિકારો અને સમસ્યાઓ સાવ અલગ છે તો કદાચ ઘરની શાંતિને અકબંધ રાખી શકાય. આ દેશમાં સ્ત્રીના અધિકારો રસોડા પૂરતા મર્યાદિત કરી દેવામાં આવ્યા. છેલ્લા બે દાયકામાં સ્ત્રી આર્થિક રીતે સ્વતંત્ર થઈ, પરંતુ આ આર્થિક સ્વતંત્રતા છતાં પણ સ્ત્રી માનસિક રીતે સ્વતંત્ર નથી થઈ શકી.

'**કેટલા** વાગ્યા?' મેહુલે બગાસું ખાધું અને ચોથો પેગ પૂરો કર્યો.

'દોઢ વાગવા આવ્યો. તારે ઘરે નથી જવાનું?' અભયે ઘડિયાળમાં જોઈને કહ્યું.

'સાચું પૂછે તો મારે ઘરે જ નથી જવું... આજે, કાલે કે કોઈ દિવસ...' મેહુલે પાંચમો પેગ બનાવ્યો, એની જવાન લડખડાવા લાગી હતી, 'ઘરમાં દાખલ થવાના વિચારથી જ મને ત્રાસ થાય છે સાલા આપણે આખો દિવસ બહાર રહીએ, ટાઢ, તાપ, તડકો જોયા વિના એમના સુખ માટે કાળી મજૂરી કરીએ ને તોય સાલાં બૈરાં...' બોલતાં બોલતાં મેહુલની જીભ સ્લર થઈ ગઈ. 'કૂતરા, બિલાડાની જેમ લડે છે બેય જણા.'

'હા યાર, મારી મા તો પોરબંદર રહે છે પણ અમદાવાદ આવે ને ત્યારે અમારા ઘરમાં પણ...'

'સમજતાં જ નથી યાર...' મેહુલની આંખમાં પાણી આવી ગયાં, થોડી શરાબની અસર નીચે અને થોડો લાગણીશીલ થઈ ગયેલો મેહુલ જાતને રોકી ન શક્યો, 'મારો બાપ નથી યાર, મારી મા ક્યાં જાય? મારી બૈરી રાત-દિવસ એક જ માળા જપે છે, આપણે જુદાં થઈએ...' મેહુલ ગાળ બોલે, 'કોનાથી જુદો થાઉં? બોત્તેર વર્ષની બાઈથી જેણે મને આ ચાર બેડરૂમનો ફ્લૅટ લેવાને લાયક બનાવ્યો એનાથી જુદો થાઉં? જ્યારે તકલીફ હતી ત્યારે મારી માએ અઠવાડિયામાં ત્રણ દિવસ શાક નહીં ખાધું હોય, પણ અમારાં ટિફિન ભર્યાં છે ને હવે જ્યારે સુખ આવ્યું ત્યારે એને કાઢી મૂકું? વ્હૉટ નૉનસૅન્સ...' મેહુલ એકસરખું બોલી રહ્યો હતો ને અભયે પણ એને બોલવા દીધો, 'મારી મા પણ સમજતી નથી. કુટાવા દેવી જોઈએ મારી બૈરીને, એની રીતે... કોઈ કારણ

વગર મારી મા એની સાથે વાત કરવાનો પ્રયત્ન કરે, એને ખુશ કરવાનો પ્રયત્ન કરે ને પેલી... એ બાઈ કોઈ રીતે ખુશ થાય એમ છે જ નહીં એવું મારી માને સમજાતું જ નથી.' મેહુલની આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં. છ ફૂટનો હટ્ટોકટ્ટો, પાંત્રીસ વર્ષનો જુવાન નાના બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડવા માંડ્યો, 'ઘરમાં દાખલ થતાંની સાથે જો મમ્મી પાસે ગયો તો રાત્રે બેડરૂમમાં ઝઘડો થયા વિના ના રહે... હું શાંતિ રાખવા માટે ચૂપ રહું છું પણ હવે મારો દીકરો મોટો થવા લાગ્યો છે. તેને લાગે છે કે હું બાયલો છું.' છેલ્લા કેટલાય સમયથી મેહુલના મગજમાં ઘુંટાતી આ વાત શરાબના નશાની અસર તળે આજે આંસુ બનીને વહી ગઈ હતી.

•

ભારતીય સમાજ સંયુક્ત કુટુંબોનો બનેલો છે. મોટા ભાગના પરિવારોમાં આજે પણ માતા-પિતા એમના સંતાનોની સાથે રહેવાનું પસંદ કરે છે. બલ્કે માતા-પિતા પોતાના સંતાનને ઉછેરતી વખતે ક્યાંક ને ક્યાંક એમના મનમાં પોતાના ઘડપણના ઇન્વેસ્ટમૅન્ટનો વિચાર કર્યા વિના રહી શકતા નથી. આપણા સંસ્કાર અને આપણી પરંપરા આપણને આ વિચારમાંથી અને આ વ્યવહારમાંથી બહુ સરળતાથી છોડતા પણ નથી. ખાસ કરીને જ્યારે માતા-પિતામાંથી એક જણનું અવસાન થાય ત્યારે પુત્ર માટે બહુ અઘરી બાબત બની જાય છે. નવી પરણીને આવેલી છોકરી 'સ્વતંત્રતા'નો ખ્યાલ પોતાના મનમાં લઈને જ સાસરે આવે છે. સાસુ-સસરા હરતાં ફરતાં કે પોતાનું કામ કરી લેતાં હોય ત્યાં સુધી તો હજીયે બરાબર પણ બેમાંથી એક અથવા બંને જ્યારે પથારીવશ થાય ત્યારે એક નવી જ સમસ્યા ઊભી થાય છે. સ્ત્રી પરણીને સાસરે જાય અને સાસુ-સસરા સાથે એક પરિવાર ગોઠવાય એવું આજથી બે દાયકા પહેલાં સર્વમાન્ય અને સર્વસામાન્ય હતું. એમાં ક્યારેય કોઈએ વાંધો ઉઠાવ્યો કે એથી જુદુ વિચાર્યું તેવું ભાગ્યે જ બનતું. છેલ્લા એક-દોઢ દાયકામાં આ આખીયે પરિસ્થિતિ બદલાઈ છે એટલું જ નહીં, પરિવારો વધુ ને વધુ નાના થતા જાય છે. એક જ સંતાન હોય એવા પરિવારો માટે તો આ સમસ્યા વધુ ગંભીર છે, કારણ કે બીજાં ભાઈ ન હોય એટલે પરિવારના એકના એક પુત્ર પર માતા-પિતાની જવાબદારી સ્વાભાવિક રીતે જ આવી જાય...

આમ જોવા જઈએ તો ભારતીય લગ્નો બે વ્યક્તિઓ વચ્ચે નથી થતાં, બે પરિવારો વચ્ચે થાય છે. કોઈપણ એક લગ્નમાં ઓછામાં ઓછા છ જણાં ને તેથીય વધુ લોકો જોડાયેલાં હોય છે. સવાલ એ છે કે એક પુરુષ અથવા પરિવારનો દીકરો જ્યારે પોતાનાં માતા-પિતાને પોતાની સાથે રાખવા માંગે ત્યારે સાસુ-વહુ વચ્ચે સર્જાતી વર્લ્ડવૉર કરતાંય વધુ ભયાનક સ્થિતિમાં પતિ કે દીકરા માટે બહુ અઘરું બની જાય છે. મોટાભાગના પુરુષો આ પરિસ્થિતિમાંથી પસાર થાય છે અને રોજેરોજ બૅલેન્સ કરવી પડતી પરિસ્થિતિ એમને વધુ ને વધુ ચીડિયા અને અંતર્મુખી બનાવે છે. ઘરમાં દાખલ થતાંની સાથે સાંભળવી પડતી ફરિયાદો એમના આખા દિવસના થાક અને કંટાળાને અનેકગણો વધારી મૂકે છે. મજાની વાત એ છે કે 'મા' અને 'પત્ની' બંને એવો દાવો કરે છે કે એ બંને ઘરના પુરુષને ચાહે છે! તેમ છતાં, બંનેમાંથી એક પણ એ પુરુષની મનઃસ્થિતિનો વિચાર કેમ નથી કરતી? કોઈપણ ભારતીય પુરુષ માટે એના પરિવારનું સુખ કે સલામતી, એના સ્વજન માટે સગવડ કે સંતાન માટે સંપત્તિ સૌથી મહત્ત્વના સવાલો છે. પોતાને માટે સમાધાન કરીને પણ મોટાભાગના પુરુષો પોતાના પરિવારના સુખ કે સગવડમાં સમાધાન ન કરવું પડે એવા પ્રયાસ કરે છે. ઘરમાં ત્રણ એસી હોય કે ચાર બેડરૂમનો ફ્લૅટ હોય એમાં ઘરનો પુરુષ કેટલા કલાક ગાળે છે એવો હિસાબ લગાવીએ તો સમજાય કે મોટાભાગના પુરુષોએ એની જિંદગીમાં વધુમાં વધુ વર્ષો એના સગવડભર્યા ઘરની બહાર વીતાવ્યાં છે. પરિવારના લોકો સારું અને ગરમ જમી શકે એ માટે અઠવાડિયાના છ દિવસ 'ટિફિન' જમતા પુરુષને રજાનો એક દિવસ મળે કે સાંજે વહેલા આવવાની ઇચ્છા થાય એવી સ્થિતિનું નિર્માણ કરવાનું કામ ઘરની

સ્ત્રીઓનું છે. એક પુરુષ માટે એની મા કે પત્નીમાંથી કોઈને પણ વધારે અટેન્શન કે મહત્ત્વ આપવું શક્ય નથી. કોઈપણ પુરુષને એવી ખબર છે કે એની માએ એના માટે ઘણું બલિદાન આપ્યું છે. બીજી તરફ પત્નીના શોખ, અરમાનો કે ઝંખનાને પણ પુરુષ નથી સમજતો એવું નથી...

આપણા દેશમાં સૌથી દુઃખની કે સૌથી પીડાની વાત એ છે કે સ્ત્રી જ સામાન્યતઃ સ્ત્રી માટે સમસ્યાઓ ઊભી કરે છે. અધિકારો કે ટૅરિટરી વહેંચવાના સવાલો કેવી રીતે ઊભા થાય? બે સ્ત્રીઓ જો એવું સમજી શકે કે એમના સ્થાન, સ્નેહ પામવાના અધિકારો અને સમસ્યાઓ સાવ અલગ છે તો કદાચ ઘરની શાંતિને અકબંધ રાખી શકાય. આ દેશમાં સ્ત્રીના અધિકારો રસોડા પૂરતા મર્યાદિત કરી દેવામાં આવ્યા. છેલ્લા બે દાયકામાં સ્ત્રી આર્થિક રીતે સ્વતંત્ર થઈ, પરંતુ આ આર્થિક સ્વતંત્રતા છતાં પણ સ્ત્રી માનસિક રીતે સ્વતંત્ર નથી થઈ શકી. સ્ત્રીની લાગણીઓ સાવ સ્વાભાવિક રીતે સદીઓથી પુરુષ ઉપર આધારિત છે. દરેક સ્ત્રીને લાગે છે કે એના જીવનમાં પુરુષનું ધ્યાન જો એના પરથી ખસી જશે-એના જીવનના પુરુષ માટે જો એનું મહત્ત્વ ઓછું થઈ જશે તો કદાચ એને અત્યારે મળતાં સુખ, સગવડ, સન્માન કે સ્નેહ નહીં મળે! આ કોઈ ગઈકાલે શીખવાયેલી વાત નથી, સ્ત્રીના ડીએનએમાં સદીઓથી આ પુરુષનું મહત્ત્વ વધતું રહ્યું છે. સ્ત્રીને એવું અજાણતા જ શિખવાડવામાં આવે છે કે એનું સૌંદર્ય, એના ગુણો પુરુષને રીઝવવા માટે છે. એના જીવનના મહત્ત્વના પુરુષ ઉપર એનો કાબૂ, એનું વર્ચસ્વ હોવું જોઈએ તો જ એ સુખેથી જીવી શકશે. જ્યાં સુધી એક સ્ત્રીને આવા વિચારો સાથે ઉછેરવામાં આવશે ત્યાં સુધી આપણા પરિવારોમાં સાસુ-વહુ, દેરાણી-જેઠાણી, નણંદ-ભોજાઈ જેવા સંબંધોની સમસ્યાઓ ગુંચવાતી રહેશે.

સ્ત્રીએ શીખવાનું છે કે એ સ્વયંમાં સંપૂર્ણ છે એની પાસે બીજાને આપવા માટે ઘણું છે, સ્નેહ, સન્માન, કાળજી, કરુણા, વાત્સલ્ય જેવા ગુણો બીજાને સુખ આપી શકે છે તો સ્ત્રી જ બીજી સ્ત્રી પર આ ગુણો કેમ નથી ઢોળી શકતી? એક જ પરિવારની બે સ્ત્રીઓ જ્યાં સુધી સામસામે ઊભી રહેશે ત્યાં સુધી એ પરિવાર વિંખાયેલો અને વહેંચાયેલો રહેશે. કુટુંબના પુરુષ ઉપર કાબૂ મેળવવાના યુદ્ધને બદલે જે દિવસે પરિવારની સ્ત્રીઓ એક થઈને જો બહારના લોકો સામે પરિવારના સન્માન અને સંપ માટે યુદ્ધ કરે તો કદાચ આપણા પરિવારોની મુખ્ય સમસ્યા હલ થઈ શકે. હાર્ટ એટેક, બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ જેવી સમસ્યાઓ પુરુષને એટલા માટે થાય છે, કારણ કે એ રોજેરોજના આવા સ્ટ્રેસમાંથી પસાર થાય છે, પરિવારના પુરુષની શાંતિ અને સ્વાસ્થ્ય માટે પણ જો પરિવારની સ્ત્રીઓ સંપ જાળવી શકે તો કેવું?

• • •



અમન-ચમન ને પરસ્ત્રીગમન...

આપણી પોતાની ગરજ અથવા લાલચ. આપણે બધા જ નાના-મોટા અંશે લાલચુ અને ગરજવાન બની ગયા છીએ. આપણને બધાને આપણી હેસિયતથી વધારે મેળવવાનો મોહ વધતો જાય છે. જ્યારે આપણે ભૂખ્યા ડાંસ બનીને, મરણિયા બનીને કશું મેળવવાનો પ્રયત્ન કરીએ ત્યારે સાર-અસારનો વિવેક ચૂકી જવાય છે.

"**આવું** તે કંઈ હોતું હશે? સાલાને મારવો જોઈએ." મધુભાઈએ છાપું પછાડ્યું.

એ જ છાપું ઊંચકીને એમાં છપાયેલા સાધુના સ્ખલન વિશેના સમાચાર વાંચીને લલિતભાઈએ મોઢું બગાડ્યું, "આ બધા એકના એક... ભગવાં પહેરે કોઈ સુધરે નહીં."

"અરે ભઈ! અત્યારે તો ભગવાં એટલે ખોટું કામ કરવાનું લાઇસન્સ..." રાકેશભાઈએ તાળી માગવા માટે હાથ લંબાવ્યો, "સાધુ થઈ જાવ ને પછી જલસા કરો."

"અરે!" રાકેશભાઈના લંબાયેલા હાથમાં તાળી આપતાં અજિતભાઈએ વિચિત્ર મોઢું કર્યું, "સૂકો મેવો ખાવાનો, પૈસા બનાવવાના ને બૈરાંઓ સાથે..." અજિતભાઈએ આંખ મારી.

"અરે ભઈ! બૈરાં હોય ત્યાં સુધી તો વાંધો નથી." રાકેશભાઈએ કહ્યું, "આ તો છોકરાંઓનેય નથી છોડતા..."

ટોળે વળીને સોસાયટીના નાકે બેઠેલા આ પાંચ-છ પુરુષો સવારના છાપામાં છપાયેલા સમાચાર વિશે ચર્ચા કરતા હતા, પણ આ સંવાદ કોઈ એક સોસાયટીના નાકે, કોઈ એક પાર્ટીમાં, કોઈ એક સામાજિક પ્રસંગે થતો સંવાદ નથી. આજકાલ જ્યાં જઈએ ત્યાં આ અને આવું જ સાંભળવા મળે છે. એક તરફ ભગવાં કપડાં પહેરતા સાધુ વિશે ઘસાતું બોલવાની ફૅશન છે ને બીજી તરફ સાધુઓને પગે લાગવા માટે લાઇનમાં ઊભા રહેનારાઓની ખોટ નથી. લાલ-લીલી ચટનીના ઉપાયો બતાવતા બાબાઓથી શરૂ કરીને મિની સ્કર્ટ પહેરીને ફોટા પડાવતી માતાઓ સુધી, કૃષ્ણ બનીને નગ્ન સ્ત્રીઓને નચાવતા નારાયણ સાંઈથી શરૂ કરીને શરણમાં આવતા યુવાન છોકરાઓનો દુરુપયોગ કરતા સાધુઓ સુધીની વિવિધ કથાઓ છાશવારે અખબારોમાં છપાય છે, ટીવીમાં દેખાડાય છે, તેમ છતાં આવા આશ્રમોમાં ભીડ ઓછી થતી નથી.

'મૅસેન્જર ઑફ ગૉડ' નામની ફિલ્મનો બીજો ભાગ રજૂ થયો છે. ટીવી પર એક ઇન્ટરવ્યૂમાં ગુરમિત રામરહીમસિંઘે કહ્યું, "ફિલ્મ ચાલે કે નહીં, એમાં કોને રસ છે? મેં આ ફિલ્મ ચલાવવા માટે બનાવી જ નથી. મને ખબર જ છે કે આ કોઈ સફળ ફિલ્મ નથી, પણ આ ફિલ્મ રિલીઝ થયા પછી મારે ત્યાં ડિસ્કોર્સમાં આવતા લોકોની સંખ્યા દસ ગણી થઈ ગઈ છે. પહેલાં ૨૨૦૦ લોકો આવતા હતા, મારા છેલ્લા લૅક્ચરમાં ૧૨,૦૦૦ લોકોની સંખ્યા હતી." વાહિયાત અથવા બેવકૂફીની પણ એક ન્યૂસન્સની પણ વૅલ્યૂ હોય છે. મૂર્ખ માણસો પણ ક્યારેક રસપ્રદ પ્રદાન કરતા હોય છે. આપણે આવી મૂર્ખતાઓને માથે બેસાડવાની ભૂલ કરતા હોઈએ છીએ. "લાલ બૅગ વાપરો", "લીલી ચટણી ખાવ" કે "દિવસમાં ત્રણ વાર ગાયનાં દર્શન કરો" જેવી તદ્દન ફાલતુ વાતોને "લાગ્યું તો તીર, નહીં તો તુક્કો" બનાવીને આપણા ગળામાં પહેરાવી દેતા આ મહંતો-સંતો, બાવા-સાધુઓ અને કહેવાતા ધર્મગુરુઓ ખરેખર કશું જાણે છે કે નહીં એવો સવાલ ઊભો થાય છે. પબ્લિસિટી અને પ્રચારથી જ આ લોકોની દુકાન ચાલે છે. 'મૅસેન્જર ઑફ ગૉડ' જેવી ફિલ્મો કે રાધેમા અને આસારામ જેવા તદ્દન નિમ્નકક્ષાના માણસ કહી શકાય એવા લોકોને પૂજનીય પ્રસ્થાપિત કરીને આ સમાજનું કેટલું નુકસાન થાય છે એનો આપણને વિચાર પણ નથી આવતો?

આવા લોકો કેમ સફળ થાય છે અથવા એવું શું છે, જે આવા લંપટ અને લેભાગુ લોકોનાં ચરણમાં પડી જવા માટે આપણને મજબૂર કરે છે, ઉશ્કેરે છે, લલચાવે છે? આપણી પોતાની ગરજ અથવા લાલચ. આપણે બધા જ નાના-મોટા અંશે લાલચુ અને ગરજવાન બની ગયા છીએ. આપણને બધાને આપણી હેસિયતથી વધારે મેળવવાનો મોહ વધતો જાય છે. જ્યારે આપણે ભૂખ્યા ડાંસ બનીને, મરણિયા બનીને કશું મેળવવાનો પ્રયત્ન કરીએ ત્યારે સાર-અસારનો વિવેક ચૂકી જવાય છે. બાધા-આખડી, દોરા-ધાગા, કે ઉપવાસોથી કશું મેળવી શકાય છે એમ માનતા લોકો કદાચ પોતાના ચિત્ત સાથે અને ઈશ્વર સાથે છળ કરે છે. કંઈ પણ માંગવા માટે કોઈની ભક્તિ કે પૂજા કરવી એ બાર્ટર કે એમઓયુ નથી? આપણે બધા જ એક વિચિત્ર પ્રકારના અસંતોષથી પીડાવા લાગ્યા છીએ. આપણી પાસે જે છે તેના કરતાં આપણી પાસે જે નથી એનું લિસ્ટ વધુ મહત્ત્વનું છે... ને એથીય વધુ મહત્ત્વનું લિસ્ટ એ છે કે બીજા પાસે શું છે. જ્યાં સુધી આપણે બીજા લોકોના સુખને આપણું દુઃખ માનતા રહીશું ત્યાં સુધી આપણું સુખ આપણા સુધી નહીં પહોંચે.

મોટેભાગે બધા જ સાદી વાતોને ગૂંચવીને ઉકેલવામાં પોતાનો સમય બરબાદ કરતા હોય છે. સંબંધથી શરૂ કરીને સંપત્તિ અને સત્તાથી શરૂ કરીને સમજણ સુધીની બાબતો આપણે બીજા પર આધારિત રહીને ઉકેલવાનો પ્રયત્ન કરતા હોઈએ છીએ. આપણા બદલે બીજા વિચારે, આપણા બદલે બીજા લોકો નિર્ણય લે અને એમણે લીધેલા નિર્ણયનાં પરિણામ પણ એ જ ભોગવે એવો આપણો પ્રયત્ન હોય છે? જાતે વિચારીને જાતે જ નિર્ણય લેવાની આપણી ટેવ છૂટતી જાય છે. કોઈપણ ગૂંચવાયેલી પરિસ્થિતિની જવાબદારી આપણે બીજાના માથે નાખી દેવાનું શીખતા જઈએ છીએ. આપણી ભાગેડુ મનોવૃત્તિ ધીરે-ધીરે આપણને એવી સ્થિતિમાં ધકેલતી ગઈ છે કે આપણે આપણી જ પરિસ્થિતિને મૂલવવાનું સાહસ કરી શકતા નથી. આપણે ભૂલ કરી છે તો એને આપણે જ સુધારવી પડે...આપણાથી કઈ ગૂંચવાયું છે તો એને આપણે જ ઉકેલવું પડે... પરંતુ આપણને લાગે છે કે કોઈ ત્રીજી વ્યક્તિ આમાં આપણી મદદ કરી શકશે અને એ ત્રીજી વ્યક્તિ બીજું કોઈ નહીં પણ કોઈ બાવા-સાધુ કે કાઉન્સેલર, માતાઓ કે આવા 'મૅસેન્જર ઑફ ગોડ' જેવા માણસો છે! ભારતીય માનસિકતા આમ પણ વ્યક્તિ પૂજાની અહોભાવમાં ગદ્‌ગદ્ થઈ જવાની માનસિકતા છે. છેલ્લા કેટલાય યુગોથી પરતંત્ર રહેલા આ દેશને હંમેશા 'પારકે ભાણે જ મોટો લાડુ' દેખાયો છે. નમી જવું, ઝૂકી જવું, વ્યક્તિની એની હેસિયતથી મોટી બનાવી દેવી એ આપણી આવડત છે. આપણે ત્યાં કોઈને માથે ચડાવવાની નવાઈ નથી અને એ જ માણસને માથે માછલાં ધોવાની નવાઈ નથી. સાચા અર્થમાં સન્માન કે

પ્રણામને પાત્ર બહુ ઓછા લોકો હોય છે. આપણે જે વ્યક્તિને લગભગ ઈશ્વરની કક્ષાએ મૂકી દેતા હોઈએ છીએ એ વ્યક્તિ પાસે આપણી કેટલીક અપેક્ષાઓ હોય છે. આપણી લાલચ કે ગરજ આપણને આવા તદ્દન સામાન્ય અથવા સામાન્યથી પણ નીચે કહી શકાય એવા લોકોને પૂજનીય બનાવવાનું કામ કરે છે. થોડો વખત આવા લોકને માથે ચડાવ્યા પછી જ્યારે આપણી લાલચ કે ગરજ પૂરી નથી થતી ત્યારે આપણે એને છોડીને કોઈ નવા 'સાક્ષાત્ ઈશ્વરના અવતાર'ની શોધ આરંભી દઈએ છીએ.

આમાં પુરુષો કરતાં સ્ત્રીઓ વધુ પ્રમાણમાં બેવકૂફ બને છે, એનું કારણ કદાચ એ છે કે સ્ત્રીને 'ધાર્મિક' રહેવાનું શીખવવામાં આવ્યું છે. સ્ત્રી કદાચ ઝડપથી વિશ્વાસ મૂકે છે? અથવા તો સ્ત્રી વધુ ગરજવાન અને વધુ લાલચુ હોય છે? સ્ત્રી વધુ અસલામત હોય છે? એને લાગે છે કે એના સંબંધો અથવા એની અસલામતી બહારનો માણસ આવીને દૂર કરી શકશે... પુરુષો કદાચ થોડા લૉજિકલ હોય છે, થોડા વધુ કુટિલ અને પ્રમાણમાં ગણતરીબાજ પણ હોય છે? એમને કદાચ શઠતા અથવા છેતરપિંડી વહેલી સમજાતી હોય છે? પુરુષનો અધીરો સ્વભાવ પણ કદાચ આમાં કામ આવતો હશે, કારણ કે થોડોક સમય રાહ જોયા પછી જો 'મનોકામના' પૂર્ણ ન થાય તો પુરુષ આ મૂરખ બનાવવાના ચક્કરમાંથી બહાર નીકળી જતો હોય છે...

બીજી તરફ આવા બાવા-સાધુઓ અને શઠ પણ સંખ્યાના સંદર્ભે વધુ પુરુષો અને ઓછી સ્ત્રીઓ છે. સ્ત્રીઓ ધર્મના નામે છેતરપિંડી બહુ સહેલાઈથી કરી શકતી નથી. પુરુષ માટે સારું ભોજન, સુંદર સ્ત્રી, સંપત્તિ કે બીજી સગવડો મળતી હોય તો આવા નાના-મોટા ઢોંગ-ધતિંગ કરવાનો રસ્તો બહુ અઘરો નથી...

અગત્યનું એ છે કે આપણે જેની ચરણરજ માથે ચડાવતા હોઈએ એ લાત મારે ત્યારે એને સામે લાત ન મારીએ તો પણ ફરી ચરણરજ લેવા ઝૂકવાની બેવકૂફી ન જ કરાય.

• • •

કાજલ ઓઝા વૈદ્યનાં પુસ્તકો

નવલકથા

કૃષ્ણાયન કૃષ્ણના જીવનની ત્રણ સ્ત્રીઓ. રાધા, રુક્મિણી અને દ્રૌપદી—પ્રેયસી, પત્ની અને મિત્ર... માણસ થઈને જીવી ગયેલા ઈશ્વર સાથે પોતાના મનની વાત કરે છે. અંગ્રેજી, મરાઠી, હિન્દી ભાષામાં અનુવાદિત અને ગુજરાતીમાં પાંચ વર્ષમાં અગિયાર આવૃત્તિ જીવી ચૂકેલી ધબકતી નવલકથા.

દ્રૌપદી સ્ત્રીઓને પુરાણોનાં પાનાંઓમાંથી જગાડીને સદીઓથી એમની આંખો પર છવાઈ ગયેલાં ઊંઘનાં આવરણ હટાવીને મારે કશુંક એવું કહેવું છે, જેમાં એ સ્ત્રીઓ તો છે જ—સાથે સાથે થોડીક હું છું, થોડાક તમે છો અને થોડીક આપણી સહભાગે વહેંચાતી સમસંવેદનાઓ છે. આ દ્રૌપદી 'આજની' છે—હજી જીવે છે ક્યાંક, તમારા અને મારામાં પણ...!

મધ્યબિંદુ જે સ્ત્રીને પતિ અને પ્રેમીની વચ્ચે બે જિંદગી જીવતાં આવડે છે એવી સ્ત્રીના પ્રણયની સંવેદનશીલ અને છતાં હૃદયમાંથી નીકળતી સાચી વાત. 'દિવ્ય ભાસ્કર'ના વાચકોને સ્પર્શી ગયેલી પહેલી બોલ્ડ ગુજરાતી નવલકથા.

મૌનરાગ અંજલિ પોતે જ પોતાની કેદી છે! અંજલિ અને એની આ પીડા... સાથે સાથે વહેતા અનિરુદ્ધ અને અક્ષયની બંધ હોઠોમાં કહેવાતી લગ્નજીવનથી લંબાઈને ભૂતકાળના પ્રેમસંબંધ સુધી ફેલાતી વ્યથા-કથા.

છલ (ભાગ ૧-૨) નિયતિ અને રેવતી... એક જેવી દેખાતી બે ટ્વીન બહેનોની તદ્દન જુદી જિંદગીની રસપ્રદ વાર્તા.

પારિજાતનું પરોઢ ધર્મની ગાદી પર બેઠેલા એક એવા માણસની કથા જે ધર્મની વ્યાખ્યા ધરમૂળથી બદલવા માગે છે. 'ધર્મ પ્રેમ છે કે પ્રેમ જ ધર્મ?' એ સવાલ સૌને પૂછતી એક વિધર્મી પ્રેમીઓની સ્વધર્મ કથા.

એક સાંજના સરનામે આથમતી સંધ્યાએ પાંગરતા પ્રણયની એક એવી વાત, જેમાં પ્રેમની વ્યાખ્યા નવેસરથી લખવાનો પ્રયાસ છે. અનેક જુદાં સ્થળ અને સંવેદનોમાં જીવતી સ્ત્રીઓના મનોભાવોના તાણાવાણા ગૂંથીને બનાવેલું એક ભાતીગળ પોત એટલે નવા સમયની નવલકથા.

તારા વિનાના શહેરમાં જાતથી ભાગતી રાધિકાના પ્રવાસની એવી વાત જેમાં પડાવ તો અનેક આવે છે, પરંતુ મંઝિલ ક્યાંય મળતી નથી. પ્રેમ પામવાનો પ્રયત્ન ખરેખર આટલી બધી પીડા આપતો હશે? 'મુંબઈ સમાચાર'ના વાચકોએ વખાણેલી નવલકથા.

પોતપોતાની પાનખર (ભાગ ૧-૨) અનાહિતા અને શિવાંગી વચ્ચે જીવતા કરણને પોતાનું અસ્તિત્વ શોધવું છે. અસ્તિત્વની આ શોધમાં નીકળી પડેલા ત્રણેય જણાના રસ્તામાં સવાલોની સાથે સાથે સંબંધો અને સત્યો એવી રીતે સેળભેળ થઈ જાય છે કે ત્રણેય એકબીજામાં ગૂંથાઈને એકસાથે જીવવા મજબૂર થઈ જાય છે. સમય સાથે વહેતી સંબંધોની સંવેદનશીલ નવલકથા.

લીલું સગપણ લોહીનું શૈલરાજ અને સિકંદર... લોહી એક ને સગપણ કાંઈ નહીં! વેરમાંથી વહાલ સુધીના વિસ્તૃત પ્રવાસની વેદના એક પછી એક એવા વળાંક લે છે જેમાં માણસના માણસ સાથેના સંબંધની એક સુંદર વાર્તા સર્જાય છે. 'સંદેશ'ના પાના ઉપર વાચકોની સાથે વહેતી રહેલી નવલકથા.

સત્ય-અસત્ય (પ્રકાશ્ય) બિનજરૂરી રીતે ફક્ત શોખ માટે કે વાતને ટાળી જવા માટે જૂઠું બોલતો સત્યજીત... પ્રિયંકા અને આદિત્યની આ પ્રણયકથા સાવ જુદી રીતે આકાર પામે છે. કૃષ્ણએ મહાભારતમાં કહ્યું હતું, 'મિથ્યા અને અસત્ય વચ્ચે તફાવત છે.' સત્યજીતના સત્ય અને અસત્યને એકબીજા સાથે તાણાવાણામાં ગૂંથીને સર્જાતી એક આગવી સંવેદનશીલ નવલકથા.

સન્નાટાનું સરનામું અહીં બધાં જ પાત્રો પોતે જ પોતાની દયા ખાય છે... પોતાના દુર્ભાગ્ય પર અફસોસ કરે છે પોતાના અભાવ સાથે એકાકાર થઈને જીવે છે. ખાલીપો એમનું ભાગ્ય છે, વિફળતા એમની નિયતિ! અહમ્ અને સ્વમાન વચ્ચેની ભેદરેખા ઓળંગીને બહાર નીકળી જતી સ્ત્રીનાં સંવેદનોની એક એકલવાયી કથા.

ચહેરા પાછળ ચહેરો એક સુપરસ્ટારની જિંદગી પર પીએચ.ડી. કરવા નીકળેલો યુવાન સપડાય છે એક થ્રિલરમાં. અંડરવર્લ્ડ ડૉન અને ફિલ્મ સ્ટાર દીકરીની વચ્ચેના વમળમાં અટવાતા એક ગુજરાતી યુવાનની જિંદગીમાં આવતા ઉતાર-ચડાવની કથા.

શુક્ર-મંગળ પાને-પાને જકડી રાખતી, સંબંધોનાં સમીકરણોને ઉથલાવી-પલટાવી અને વેરવિખેર કરી નાખતી અંડર વર્લ્ડ સાથે જોડાયેલા વેર અને પ્રણયની એક જબરજસ્ત થ્રીલર.

દરિયો એક તરસનો માનસશાસ્ત્રના પ્રશ્નો પર નવલકથાઓ ગુજરાતી ભાષામાં ઓછી લખાઈ છે. 'પર્સનાલીટી ડિસઓર્ડર' ઓછાવત્તા અંશે બધામાં હોય છે. 'દરિયો એક તરસનો' વિક્ષિપ્ત-વિખંડિત-વિખરાયેલાં વ્યક્તિત્વોની એક એવી જીગ્સો છે જેના કેટલાક ટુકડાઓ ખોવાઈ ગયા છે. આપણી ઇચ્છા અને સંબંધના સત્ય વચ્ચેની ખાલી જગ્યા એટલે 'દરિયો એક તરસનો'.

યોગ-વિયોગ (ભાગ ૧-૨-૩) 'યોગ-વિયોગ' છે સંબંધોના તાણાવાણા ઉકેલતી એક કથા. 'ચિત્રલેખા'ના પાના ઉપર ૭૬ પ્રકરણ સુધી સફળતાપૂર્વક વાચકોને જકડી રાખનાર અદ્ભુત નવલકથા.

પૂર્ણ-અપૂર્ણ (ભાગ ૧-૨) જેમ માણસથી ભૂલ થાય એમ ક્યારેક સર્જનહાર પણ ગૂંચવાઈ જતો હશે. પુરુષની પૂરેપૂરી માનસિકતા ધરાવતું સ્ત્રીનું શરીર કે સ્ત્રીની સંપૂર્ણ માનસિકતા અને નજાકત ધરાવતું પુરુષનું શરીર બહુ નવાઈની વાત નાથી. આપણા સમાજનો, આપણી દુનિયાનો અને આપણે જ્યાં શ્વાસ લઈએ છીએ એ જ જગતનો હિસ્સો છે, આવા લોકો. ગુજરાતીમાં કશું નવું લખાતું નથી, રીસર્ચ થતું નથી. નાં મહેણાંને ટાળીને લખાયેલી એક ટ્રાન્સસૅક્સ્ક્સ્યુઅલ વિષયની નવલકથા.

ધુમ્મસને પેલે પાર અમેરિકાની ભૂગોળ ખૂંદવાની સાથે સાથે માણસના મનની ગલીઓમાં ભટકતાં ભટકતાં સર્જાયેલી આ નવલકથા મારા હૃદયની ખૂબ નજીક છે. છેલ્લા દસ-બાર મહિનામાં તમામ જાહેર કાર્યક્રમોમાં મને એક પ્રશ્ન અચૂક પુછાતો રહ્યો, 'આ કલ્યાણી એટલે તમે જ?' 'આ કલ્યાણીના પાત્રમાં તમે ક્યાંક તમારી જાતને જુઓ છો?' અનેક વાચકો પત્રો-ઈમેલ્સ અને એસએમએસ અને ફેસબુક દ્વારા મારામાં—કાજલ ઓઝા વૈદ્યમાં કલ્યાણીને—તો કલ્યાણીમાં લેખક કાજલને શોધતા રહ્યા...

નવલિકા

સંબંધ તો આકાશ સ્ત્રી-પુરુષના સંબંધોને આવરી લેતી બાર ટૂંકી વાર્તાઓ, જેમાં મા-દીકરાથી શરૂ કરીને લગ્નેતર સંબંધ સુધીના આકાશને કલમથી આંબવાનો એક સંનિષ્ઠ પ્રયાસ પ્રત્યેક વાર્તામાં વિસ્તરે છે.

કાજલ ઓઝા વૈદ્યની વાર્તાઓ આ ટૂંકી વાર્તાઓનો બીજો સંગ્રહ છે. ત્રણ લઘુનવલ અને બીજી ટૂંકી વાર્તાઓ સાથે આ સંગ્રહમાં જુદા પ્રકારની, જુદા અવાજની ટૂંકી વાર્તાઓ સંકલિત કરવામાં આવી છે.

હાર્ટબ્રેક પછીની એક સવાર જુદાં જુદાં સામયિકોમાં લખાયેલી ટૂંકી વાર્તાઓનો સંગ્રહ.

કવિતા

શેષયાત્રા એકમાત્ર કવિતાસંગ્રહ, જે મનની પીડામાંથી ઉદ્ભવતી સ્ત્રી-સંવેદનાની કવિતાઓને ઉજાગર કરે છે.

નાટક

પરફેક્ટ હસબન્ડ 'પરફેક્ટ હસબનડ', 'વાત એક રાતની'—ગુજરાતી ભાષાનાં બે એવાં નાટકો, જે રંગમંચ પર ધૂમ મચાવી ચૂક્યાં છે.

નિબંધો—લેખો

સર્ચલાઇટ આ લેખો અણસમજમાંથી પ્રગટેલી એક એવી સમજ છે, જે કદાચ કોઈના અંધરાઈ રહેલા રસ્તાએ ઉપર પ્રકાશ પાથરીને એમને દિશા બતાવી શકે. આ લેખો 'ફૂડ ફોર થૉટ' છે, વિચાર માટેનું અમૂલ્ય ભાથું...

એકબીજાને ગમતાં રહીએ 'સંદેશ'નાં પાનાં ઉપર 'સંબંધોનાં સમીકરણ' નામે ઉકેલાતી રહેલી સમસ્યાઓનો એક એવો સંગ્રહ, જે સુખી થવાની નાની નાની ફૉર્મ્યુલાઝ તમારા સુધી લઈને આવે છે. ગુજરાતી ભાષામાં પ્રેમ અને પરિણયની છણાવટ કરતો પહેલો મૌલિક લેખસંગ્રહ.

મોસમ એકબીજાની... જિંદગીના દરેક તબક્કે આપણે જે ઇચ્છીએ તે આપણને નથી મળતું એ સત્ય સહુ સમજે છે. વાતચીતમાં કે સલાહ દરમિયાન આ સત્યનું આપણે પુન:ઉચ્ચારણ પણ કર્યા કરીએ છીએ, તેમ છતાં આ સત્ય સ્વીકારતા નથી! માણસમાત્રને શોધ છે 'સાચા પ્રેમની'... 'સાચા સંબંધની'... શબ્દમાં વ્યક્ત થતી દરેક લાગણી સાચી નથી હોતી અને દરેક સાચી લાગણી શબ્દમાં વ્યક્ત થઈ શકતી નથી આટલું સમજી લઈએ...સ્વીકારી લઈએ તો કદાચ 'એકબીજાને ગમતાં રહીએ'. આ પુસ્તક 'દિવ્ય ભાસ્કર'ની 'મધુરિમા' પૂર્તિમાં પ્રકાશિત થતી કૉલમ 'એકબીજાને ગમતાં રહીએ'ના લેખોનો સંગ્રહ છે.

સ્નેહ એકબીજાનો... આ લેખો સાથે જીવવામાં મદદ કરે છે! કોઈ પણ બે માણસોને સાથે જીવવા માટે જે સમજદારી, સ્નેહ કે સરળતાની જરૂર પડે એ બાબતોને પોતાની અંદર રોપવામાં કે ઉગાડવામાં આ લેખો મદદ કરી શકે એવો પ્રયાસ કરવામાં આવ્યો છે. સંબંધો બાંધવા સહેલા છે, નિભાવવા અઘરા છે અને ટકાવવા તો એથીયે અઘરા છે. આ લેખો એવો પ્રયાસ કરે છે કે બને ત્યાં સુધી એકબીજાને પ્રેમ કરતી બે વ્યક્તિઓ એકબીજાથી દૂર ન થાય અને જો દૂર થવાનો નિર્ણય કરે તો પણ એમની વચ્ચે એક મિત્રતા કાયમ રહી શકે.

સમજણ એકબીજાની... જિંદગીના દાખલામાં રીતના માર્ક બધાને મળે જ છે, પણ તાળો મળે ત્યારે જ દાખલો સાચો કહેવાય છે... કેટલાકની જિંદગીમાં તાળો મેળવવાનો સમય વીતી જતો હોય છે, તો કેટલાકને પોતાની ભૂલ એવા સમયે સમજાય છે જ્યાં દાખલો ફરીથી ગણવાની તક હજી બાકી હોય છે... 'એકબીજાને ગમતાં રહીએ' એ એક એવી કૉલમ છે જ્યાં દાખલાની રીત વિશે ચર્ચા કરવાને બદલે સાચો તાળો મેળવવાનો નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરવાનું મેં નક્કી કર્યું છે!

સાથ એકબીજાનો... ક્યાં ખાડો છે, ક્યાં ટ્રૅપ છે, ક્યાં ફસાઈ શકાય અને ક્યાંથી સરળતાથી નીકળી શકાય... ક્યાં રસ્તો બંધ છે અને કયા રસ્તે જિંદગી સહેલાઈથી સામે મળી શકશે એવી સાદી વાતો 'વામા' (જન્મભૂમિ, ફૂલછાબ, કચ્છમિત્ર)ના આ લેખોમાં ઉતારવાનો પ્રયાસ કર્યો છે. આ કોઈ એક સ્ત્રી કે પુરુષને ઉદ્દેશીને લખાયેલા લેખો નથી, આ બે વ્યક્તિઓના સંબંધોમાં પડતી ગૂંચને ઉકેલવાના સહજ અને સાદા

પ્રયાસોની એક નોંધપોથી છે.

સુખ એકબીજાનું... 'વામા', 'પ્રાણવાયુ' અને 'મધુરિમા'ની સાથે સાથે લખાતા રહેલા લેખોમાંથી પસંદ કરેલા કેટલાક લેખોનો સંગ્રહ. ખરું પૂછો તો સુખ એક દોઢ ફૂટ દૂર જ સમાંતર ચાલતું હોય છે, તમારી રાહ જોતું, તમે એને હાથ લંબાવીને અડી લો—અવાર-નવાર એ માટે સતત તૈયાર ટુકડે ટુકડે ને ટીપે ટીપે માણી લેવાનું સુખને, આખેઆખું સુખ પાણીપુરીની જેમ કોઈ તૈયાર કરીને આપે ને તમે મોઢામાં મૂકીને એનો સ્વાદ લો એવું શક્ય જ નથી. આપણા બધાનો પ્રૉબ્લેમ એ છે કે, આપણને સુખ સતત જોઈએ છે, એક સરખું—અવિરત અટક્યા વગરનું, મશીનની જેમ ચાલવું જોઈએ સુખ! સુખ એટલે આ પળ....સુખ એટલે હમણાં મળ્યું તે!

સત્ય એકબીજાનું... સત્યને અનેક પરિમાણ છે. દસ દિશામાં ફેલાયેલા આકાશ જેવું અસ્તિત્વ છે એનું. પોતાપણામાંથી શરૂ થઈને પોતાના જ હોવામાં પૂરું એવું એક અસીમ, અનાદિ, અનંત અસ્તિત્વ... સત્યની શોધ જ્યાંથી શરૂ થાય છે ત્યાં જ પૂરી થાય છે! માણસની જિંદગીનાં બે સત્યો ક્યારેય બદલાતાં નથી—એક જન્મ અને એક મૃત્યુ. ખરેખર તો આ બંને બિંદુઓની વચ્ચેનો પ્રવાસ એટલે 'જિંદગી'.

શ્રદ્ધા એકબીજાની... આપણે જેટલી વાર કહીએ કે હું ખુશ છું, મજામાં છું, સ્વસ્થ છું—એ દરેક વખતે આપણે એ સાંભળતા હોઈએ છીએ. સાંભળેલી વાત મનમાં રજિસ્ટર થાય છે. એ રજિસ્ટ્રેશન સમયસમયાંતરે રિકૉલ અને રિમાઇન્ડ થાય છે. આ રિમાઇન્ડર્સ કે રિકૉલ થવાની પ્રક્રિયા આપણને ખરાબ સમયમાં 'પોઝિટિવિટી' તરીકે મદદ કરે છે.

મરજી એકબીજાની... ઘણી વાર એવું બને કે આપણી નજર સામે પડેલી વસ્તુ પણ આપણને ન દેખાતી હોય. આપણે બધું જ ઊથલપાથલ કરી નાખીએ તેમ છતાં આપણને એ વસ્તુ ન દેખાય, પણ બીજો માણસ આવીને તરત જ આપણને એ વસ્તુ શોધી આપે. હું કદાચ આવો જ પ્રયત્ન કરું છું. બધું જ ઊથલપાથલ કરી નાખ્યા પછી પણ મારા વાચકને સામે જ પડેલું જે સુખ અથવા શાંતિ અથવા મૌન અથવા એકાંત અથવા સમજ નથી દેખાતી, એ હું દાખલ થઈને એમના હાથમાં મૂકી આપવાનો પ્રયત્ન કરું છું.

સંગાથ એકબીજાનો... બે જણાંને એક જ દિશામાં જવું હોય અને સાથે સાથે ચાલી નીકળે એને 'સંગાથ' કહેવાય. આ સંગાથ એટલે સધિયારો, આ સંગાથ એટલે સલામતી, આ સંગાથ એટલે સાથે સાથે રસ્તો કાપવાની સાઝેદારી. આ પુસ્તકનું નામ 'સંગાથ' એટલા માટે છે, કારણ કે આ 'એકબીજાને'... મણકાનું દસમું પુસ્તક છે. કહેવાય છે કે દરેકનો 'દસકો' આવે છે. એ દસકામાં માણસ શ્રેષ્ઠ આપે છે ને શ્રેષ્ઠ પામે છે.

શબ્દ એકબીજાનો... આપણે સામાન્ય રીતે સાંભળવા ટેવાયેલા નથી. માત્ર કહેવું જ ગમે છે... હવે જો બંને જણ કહેવાનું જ નક્કી કરે તો કોણ કોનું સાંભળે? જ્યારે સાંભળતા નથી ત્યારે સમજતા પણ નથી... ને સમજતા નથી માટે સંબંધનું મૂલ્ય કરી શકતા નથી. આ પુસ્તક 'શબ્દ એકબીજાનો' આપણી જીભની સાથે સાથે આપણી શ્રવણેન્દ્રિયને પણ જગાડવાનું કામ કરે એવો મારો પ્રયાસ છે. અંગ્રેજીમાં 'ટુ હિયર' અને 'ટુ લીસન ટુ' આવાં બે ક્રિયાપદ છે. એક સાંભળવું અને બીજું ધ્યાનથી સાંભળવું... હું ઇચ્છું છું કે આપણે સૌ એકબીજાને ધ્યાનથી સાંભળીએ, પછી સમજવા માટે પ્રયત્ન નહીં કરવો પડે એની મને ખાતરી છે.

સંવાદ એકબીજાનો... આજના સમયમાં કમ્યુનિકેશનનાં સાધનો બહુ વધ્યાં છે. બધાં કહે છે કે દુનિયા નાની થઈ ગઈ છે. ગ્લોબલી લોકો એકબીજાની નજીક આવ્યા છે, પણ એક વાર ફરી વિચારીએ તો સમજાય કે

ખરેખર મન એકબીજાથી દૂર થઈ ગયાં છે. જેને ગઈ કાલ સુધી શેરીના નાકે રોજ મળતા હતા એને વૉટ્સઍપ કરીને બર્થડે વિશ કરીએ છીએ આપણે? પતિ-પત્ની એક જ ઓરડામાં બેસીને પોતપોતાના મોબાઇલ પર, પોતપોતાના મિત્રો કે સ્વજન સાથે વાત કરે છે, ને એકબીજા સાથે વાત નથી કરતા. આવું થાય છે? સંતાન અને માતાપિતા પોતપોતાના રૂમમાં પોતપોતાનાં ટીવી જુએ છે... ડાઇનિંગ ટેબલ પર સંતાન એના વૉટ્સઍપમાં અને પિતા એના બિઝનેસમાં બિઝી છે? તો સંવાદ ક્યાં છે? આ પુસ્તક 'સંવાદ એકબીજાનો' મારા વાચકના હાથમાં પહોંચે ત્યારે ભીતરના સંવાદની સાથે, સ્વજન સાથેનો સંવાદ પણ સાધી શકે એવી મારી શુભેચ્છા છે.

મન—માઇનસથી પ્લસ લાગણીનાં બંધનોમાં બંધાતા પહેલાં કે સંબંધમાં પ્રવેશતા પહેલાં સમજવાં જ જોઈએ એવાં કેટલાંક સત્યોની નાનકડી હૅન્ડબુક! અપેક્ષાઓના લિસ્ટની બહાર નીકળીને સંબંધને સમજવાની, ફરિયાદોના લિસ્ટને ટૂંકું કરવા માટેની સાવ સરળ, છતાં ખૂબ જ ઉપયોગી એવી નાની નાની વાતોનો એવો સંગ્રહ જે આપણે બધા જ જાણીએ છીએ; જરૂર છે તો માત્ર એને ઓળખીને આવકારવાની.

ગેટ વેલ સૂન મન સાથે જોડાયેલી કેટલીક સર્વસામાન્ય સમસ્યાઓ વિશેના લેખો. મોટા ભાગના સહુ જે વાતને જાણે છે, પણ સમજી શકતા નથી એવી સાદી વાતોની સમજણપૂર્વક કરાયેલી છણાવટ. નાના-મોટા સહુને ઉપયોગી નીવડે તેવી, સંબંધો સુધારવાની, જિંદગીને વધુ રસપ્રદ બનાવવાની સાવ સરળ ફૉર્મ્યુલા. દરેક પ્રકરણ સાથે એક એવું પ્રશ્નપત્ર જેના પ્રામાણિક જવાબો તમને એક નવા અજવાળા સાથે જોડી દેશે.

આઈ લવ યુ... દરેક વ્યક્તિ ઇચ્છે છે કે એનાં લગ્ન આદર્શ હોય. ભાંગી ગયેલા, તૂટી ગયેલા લાગતા, મૃત:પ્રાય થઈ ગયેલાં લગ્ન પણ ફરીથી નવપલ્લવિત થઈ શકે છે. જરૂર છે થોડી સમજદારીની, થોડા સ્વીકારની, થોડા પ્રયત્નની અને થોડા સમાધાનની. આ પુસ્તક જાદુની લાકડી નથી. અનુભવમાંથી જન્મેલાં સાદાં સમીકરણો છે જે લગ્નને થોડું ખાતર, થોડું પાણી, થોડો તડકો જરૂર પૂરો પાડી શકશે.

મારી મમ્મી, મારા પપ્પા (ભાગ: ૧-૨) આ પુસ્તક માતા-પિતાના મનમાં એક વિચાર મૂકવાનો પ્રયાસ છે. એવા વિષયો કે વાતો—જેમના વિશે કદાચ એમણે વિચાર્યું જ નહીં હોય એ બધું એમની સામે મૂકીને એક એવો પ્રયત્ન કર્યો છે, જેનાથી માતા-પિતા અને બાળકની વચ્ચે એક સંવાદ-ડાયલોગ સર્જાઈ શકે. બહુ મોડું થઈ જાય એ પહેલાં જો સંતાન સાથેના સંબંધોમાં સીરિયસ ઇન્વેસ્ટમૅન્ટ કરવામાં આવે તો જિંદગીનાં પાછલાં વર્ષોમાં મળતું સ્નેહ, સન્માન અને સલામતીનું પેન્શન છેલ્લા શ્વાસ સુધી અકબંધ રહી શકે છે.

અનુવાદ

પ્રેમની પાંચ ભાષા ડૉ. ગેરી ચૅપમૅનના વર્લ્ડ બેસ્ટ સેલર 'ફાઇવ લવ લેંગ્વેજીસ'નો અનુવાદ. તમારા પ્રિયજનને હૃદયની વાત કહેવાનો સાચો અને સરળ રસ્તો.

જીવનસાથી શોભા ડેના બેસ્ટ સેલર 'સ્પાઉસ'નો અનુવાદ. લગ્નસંબંધો ઉપર લખાયેલું સુંદર પુસ્તક. આ પુસ્તક એવા લોકો માટે છે જે લગ્નના નશાને જીવનભર સાચવી રાખવા માંગે છે

સંકલન

પ્રેમ - ચુંબન - પ્રાર્થના - આંસુ - સ્મિત ત્રણ ભાષામાં સંકલિત કરાયેલી સર્વપ્રથમ ફોટો બુક્સ. પરિકલ્પના અને સંકલન દ્વારા દશ્ય અને શબ્દને નજીક લાવી જીવનના વિવિધ વિષયોને એકબીજા સાથે સાંકળતી ભેટ આપવા લાયક ઉત્તમ પુસ્તિકાઓ.

પત્રો

વ્હાલી આસ્થા પિતાએ પુત્રીને લખેલા પત્રો એક નાજુક સંબંધના બદલાતા રંગોને આલેખવાનો પ્રયાસ છે. સ્ત્રીલેખકે લખ્યા હોવા છતાં આ પત્રો એક પિતાના હૃદયની લાગણીઓને વર્ષોવર્ષ વાચા આપે છે. ૭થી ૨૫ વર્ષની ઉંમર સુધી પુત્રીને સંબોધીને લખાતા પિતાના આ પત્રોમાં દરેક પિતાએ પોતાની પુત્રીને કહેવાની વાતો છે.

તને, જિંદગી... જિંદગીને સંબોધીને લખાયેલા એવાં પત્રો જેમાં આપણાં સૌની જિંદગીને ક્યાંક ને ક્યાંક વણી લેવાઈ છે. સ્વયં સાથેનો સંવાદ છે આ પત્રોમાં. 'હું'ને બદલે 'અમે' વાપર્યું છે એનું એકમાત્ર કારણ એ છે કે આ વાત ક્યાંક ને ક્યાંક, કોઈક ને કોઈક રીતે સહુને સ્પર્શે તેવી વાત છે. મહિનાના ત્રીસ દિવસના ત્રીસ પત્રોમાંથી કોઈ પણ એક પત્ર ખોલીને વાંચવામાં આવે તો એમાંથી એકાદ વાક્ય તો એવું મળી જ આવે, જેની સાથે વાંચનારનો અંગત સંબંધ સ્થપાઈ જાય.

પ્રિય નમન લગ્નની પહેલી ઍનિવર્સરીથી પચ્ચીસમી ઍનિવર્સરી સુધી પતિ-પત્નીના એકબીજાને લખાતા રહેલ પત્રો. જે સંબંધોનાં સત્યોથી શરૂ કરીને અપેક્ષાઓની પીડા સુધી વિસ્તરે છે. લાગણીઓના એવા તાણાવાણા જેમાં દરેક વાચક પોતાના લગ્નજીવનનું પ્રતિબિંબ તો નિહાળી જ શકશે, પરંતુ ક્યાંક પોતાને પ્રશ્નો પૂછીને પરિસ્થિતિ સુધારી શકશે તો ક્યાંક સંવેદનાઓના પ્રવાહમાં વહેતાં વહેતાં પોતાનાં વીતેલાં વર્ષોમાં ભીંજાશે પણ ખરાં.


CYGNET GROUP


eશબ્દ
indian-ebooks